

# અમૃતા

રઘુવીર ચૌધરી

# અમૃતા

## રઘુવીર ચૌધરી

રંગદ્વાર પ્રકાશન
અમદાવાદ

**`Amruta', Novel in Gujarati language by Raghuveer Chaudhari, 2011, Published by Rangdwar Prakashan, Ahmedabad, India**
**Edition: Tenth, E-book version**

© રઘુવીર ચૌધરી

મુખપૃષ્ઠ માટેની છબિ : શ્રી અશ્વિન મહેતાના સૌજન્યથી,
તેમના પુસ્તક (The Coasts of India)માંથી લેવામાં આવી છે.

**ISBN: 978-93-80125-02-2**

મૂલ્ય : US $4.99

પ્રકાશક : **સુનીતા ચૌધરી**
રંગદ્વાર પ્રકાશન
જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે,
અમદાવાદ - 380 009
G-15, University Plaza, Nr. Dadasahebna Pagla,
Navrangpura, Ahemadabd - 380 009, India
Tel.: 079-27913344
વેબસાઇટ: **www.rangdwar.com**
ઇમેઇલ: **rangdwar.prakashan@gmail.com**

Permission

Ekatra Foundation thanks Rangdwar Prkashan for giving permission to distribute ‘Amruta’ as ebook at no charge. Users are allowed to share the ebook as long as they credit the Rangdwar Prkashan. Users are not permitted to modify content or use it commercially. Readers can purchase original works in paper form from Rangdwar Prkashan. Ekatra Foundation (http://www.ekatrafoundation.org) is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature

મોટાભાઈ કેશવલાલ
કવિમિત્ર ચંદ્રકાન્ત
અને
સ્મૃતિશેષ
છોટુભાઈ પટેલને

# ક્રમ


| | | |
|---|---|---|
| પ્રથમ સર્ગ | પ્રશ્નાર્થ | પૃ. ૫ |
| દ્વિતીય સર્ગ | પ્રતિભાવ | પૃ. ૧૧૨ |
| તૃતીય સર્ગ | નિરુત્તર | પૃ. ૨૬૮ |
| સમીક્ષા | નગીનદાસ પારેખ | પૃ. ૪૪૦ |

# પ્રશ્નાર્થ

# એક

સપ્રમાણ ધૂમ્રપટ રચતું વાયુયાન આકાશમાં અદશ્ય થઈ ગયું અને ઉદયનની દષ્ટિ પાછી વળી. ધૂમ્રપટના આરંભવાળો છેડો આકાશમાં નિરાધાર લટકતો લાગ્યો. ખાલીપણામાં ફેલાઈ જવા માટે એ પટ પોતાનું વ્યક્તિત્વ છોડીને ધૂસરતા બનવા લાગ્યો. ઉદયનની આંખોમાં જાગેલી ધૂમ્રસેર પણ ફેલાઈ રહી.

એક નાજુક પંખી અમૃતાની સામે બેસીને પાંખો ફફડાવતું હતું. એને જોતાં જોતાં એકવાર અમૃતાની પાંપણ ફરકી ઊઠી.

અહીં એક ત્રીજી ઉપસ્થિતિ પણ હતી - 'સમુદ્ર... મુંબઇનો ? એવું કહીએ છીએ પણ વાસ્તવમાં તો કેવળ કિનારો જ મુંબઇનો. સમુદ્ર તો વ્યાપક અને અખંડ. જ્યાં ઉપર નથી દેખાતો ત્યાં ભીતર છે. સમુદ્રના એક કિનારે મુંબઇ નગર છે. અને આ નગરના દરેક છેડે સમુદ્ર છે. છે અને હશે. મુંબઇ જ્યારે સમુદ્ર બની જશે ત્યારે પણ સમુદ્ર તો...'

'શું વિચારો છો અનિકેત?'

'સમુદ્ર તો પછી પણ હશે. જેમ આકાશ હશે. આપણે બેઠાં છીએ ત્યાં એટલે કે અહીં, સંભવ છે ભવિષ્યમાં જળ ઘૂઘવતું હોય.'

'અથવા આપણી દષ્ટિના છેડા પહોંચે ત્યાં સુધી રણ ઊડતું હોય.' — ઉદયન વચ્ચે એ રીતે બોલ્યો કે જાણે એને કશું બોલવામાં રસ ન હતો પણ જે બોલાઇ રહ્યું હતું તેને કશો અર્થ ન હતો. ઉદયને પશ્ચિમ આકાશમાં નજર સ્થિર કરીને સૂર્યાસ્તનો સમય થવાથી આછી આછી ભભક લઇને જાગી આવેલા લાલ કેસરિયા રંગને પસંદ કર્યો. લઈ શકાય એટલો પોતાની આંખોમાં ગ્રહી લીધો. પોતાના વચ્ચે બોલવાથી અનિકેત રોકાઇ ગયો છે તે જોઇને એણે અમૃતા સામું જોયું અને પૂછ્યું અનિકેતને-

'તું ભવિષ્યમાં માને છે ?'

'વ્યતીત અને ભવિષ્ય બંનેમાં. કારણ કે વર્તમાન તો ભ્રમ છે. ક્ષણથી પણ નાનું સમયનું કોઈ અવિભાજ્ય ઘટક લો અને પછી વિચારી જુઓ કે એટલો સમય પણ વર્તમાન હોય તેવું અનુભવી શકાય તેમ છે? આવવાનું હોય છે તેની આપણને ખબર નથી, છતાં 'એ' આવનાર છે એમ માની લઈને આપણે જીવીએ છીએ, કદાચ એટલા માટે જ જીવીએ છીએ. પરંતુ એ આવે છે અને કેવું તીવ્ર વેગે વહી જાય છે — વિગત બની જાય છે? સ્મૃતિશેષ થઈ જાય છે! વિગતને ટેકે અને અનાગતની પ્રતીક્ષામાં જીવવાનું હોય છે. માણસનાં બે ચરણ, એક સ્મૃતિમાં બીજું શ્રદ્ધા વિશે.'

'હું વર્તમાનમાં માનું છું — ચાલુ વર્તમાનકાળમાં. મારા માટે એ કદી પૂર્ણ થતો નથી. અને જે મારી પીઠ પાછળ છે તેમાં મને રસ નથી. ભૂતકાળ છે, છે જ. પણ જે મૃત છે તેની સાથે મને નિસ્બત નથી.' સિગારેટની ધૂણીને અમૃતાની દિશા આપતાં ઉદયન બોલ્યો.

'હું સમયનું વિભાજન કરતી નથી. એમ કરવું શક્ય નથી. કારણ કે સમય તો શાશ્વત છે.'

શાંતિ, નીરવ શાંતિ નહીં, કેવળ અશબ્દ શાંતિ. કારણ કે પવન હતો. સફેદ ગુલાબનો છોડ હતો. ગુલાબના છોડને પવનનો સ્પર્શ થાય ત્યારે કેવો રવ જાગે છે તે જાણનાર જાણે છે. અમૃતા જાણે છે. અમૃતાનું મુખ પૂર્વ તરફ હતું. ઉદયન અને અનિકેત એની સામે બેઠા હતા. ગુલાબનો છોડ એ બે પુરુષો વચ્ચેના અવકાશને કારણે દેખાતો હતો, એના કૂંડા સાથે. કૂંડાનો રંગ સિમેન્ટના ઢગલાનો હોય છે તેવો હતો. કેટલાક રંગ જોતાં જ આંખને સુંવાળપનો અનુભવ કરાવે છે. કેટલાક જ રંગો? અમૃતાને પ્રશ્ન થયો. હા, બધા રંગો નહીં. નહીં તો વરણીનો પ્રશ્ન જ ન રહે.

છોડ પરનાં બે ગુલાબ અમૃતા તરફ નમેલાં હતાં. એટલું જ નહીં એ બંને અમૃતાનું ધ્યાન પણ ખેંચતાં હતાં. તેમ છતાં બંનેના અભિનિવેશમાં ભેદ જરૂર હતો. એક ફક્ત ઝૂકેલું જ લાગે, એનું મૌન સુંદર લાગે. બીજું કંઈક તિર્યક્ લાગે. વાતાવરણ તરફ એ ઉદાસ લાગે. પણ એનું લક્ષ હતું ત્યાં વ્યંગની તીખાશ પ્રગટાવે. અમૃતાએ ઇચ્છ્યું — એક ગુલાબ વીણી લઉં? બીજું હાલે નહીં તે રીતે છોડને સાચવીને

એકને ઉપાડી લઉં ? બેમાંથી આ, પણ પછી પેલું ? એ... વિચારતાં વિચારતાં એની નજર છોડના કૂંડા તરફ ગઈ. કૂંડાની ભીની કાળી માટી પર એક અપૂર્ણ વિકસિત ગુલાબ ઊંધું પડીને કરમાઈ રહ્યું હતું. એને તોડીને કોણે અહીં નાખ્યું હશે ? એણે પોતે તો તોડ્યું નથી. અને આ છોડ એનો તો વાવેલો છે. એ તો એને જાળવે છે... કોણે તોડ્યું એ ફૂલ ? નોકરને પૂછવાનું મન થયું. પ્રશ્ન હોઠ સુધી આવ્યો ત્યાં એણે જોયું કે ઉદયને છેલ્લો પફ ખેંચીને સિગારેટ નીચે નાંખી અને એને બૂટથી દબાવી. નોકરને પૂછવાનું એણે જતું કર્યું. વળી, અવાજ આ આગાશી પરથી છેક નીચે પહોંચે ન પહોંચે, એ છેક આગળના બાગમાં હોય અને શાંતિનો સમય ગાળતો હોય, અવાજ નથી ને કદાચ સાંભળે, કદાચ બીજું કોઇ કહે અને એ દોડતો આવે......એ બધું બરોબર નથી. એને બોલાવવા અને વાત કરવા દરમિયાન અનિકેત અને ઉદયનનું પણ નાહકનું ધ્યાન ખેંચાય. એનાથી તો અશબ્દ રહેવું જ ઠીક. અમૃતા અશબ્દ રહી શકે છે.

ફરી પાછી એની નજર પેલાં બે ગુલાબ વચ્ચે એકથી બીજા તરફ ખસતી રહી. એણે એ અનિર્ણયની વિમાસણમાંથી બહાર આવવા પોપચાં ઢાળીને મુખ સમુદ્ર તરફ કર્યું.

સામે બેઠેલી અમૃતાએ પોતાની દિશામાં જોયું તે જોઈને તથા એની વંકાઈ ઊઠેલી ગ્રીવા અને સહેજ ખેંચાયેલા વક્ષને જોઈને સંધ્યાના રંગો વડે પોતાના મનોજગતમાં એણે એક દેહયષ્ટિ રચી લીધી. એ એટલે અનિકેત. એને થયું કે આ કલ્પનામૂર્તિ એણે રચી છે માટે સુંદર લાગે છે કે પછી એ સ્વયં સુંદર છે ? એણે ફરીથી અમૃતા સામે જોયું. પેલી કલ્પના અલોપ થઈ ગઈ. વક્ષના સ્પર્શ માટે આતુર બનવા જતી દૃષ્ટિને એ સમુદ્ર તરફ લઈ ગયો. સમુદ્રનાં પાછાં વળતાં મોજાંના દૂરથી વરતાતા અવરોહ સાથે ભળીને અનિકેતની દૃષ્ટિ સમુદ્રમાં ભળી ગઈ. એની આંખોમાં આખો સમુદ્ર ઊછળવા લાગ્યો. બહારના આકર્ષણથી સમુદ્રનાં મોજાં ઊછળે છે કે પછી એ જુવાળમાં અંદરના વડવાનલનો પણ ફાળો હશે ?

અનિકેત તટસ્થ થઈને સમુદ્રને જોવા લાગ્યો. ક્ષિતિજની છેક નજીક એને નાની નાની નૌકાઓ દેખાવા લાગી. એ નૌકાઓના સઢ સાથેના પવનના સંપર્કથી જાગતા શબ્દને ચોતરફની શાંતિ સાંભળતી હશે. આંખો બંધ કરીને એણે એ શાંતિને અનુભવવા પ્રયત્ન કર્યો.

ઉદયન અમૃતાની પાસે જઈને ઊભો રહ્યો. એટલી સરળતાથી એ ઊભો હતો કે જોનારને લાગે કે આ જગા એના ઊભા રહેવા માટેની છે.

પોતાની છેક નજીક ઉદયન ઊભો છે તે જોઈને અમૃતાએ કંઈક બોલવું જોઈતું હતું 'શું જુએ છે?'

'સમુદ્ર! અનિકેત કહી રહ્યો હતો ને કે સમુદ્ર પછી પણ હશે! પછીની તો મને ખબર નથી પણ અત્યારે તો જોઈ લઉં કે સમુદ્ર છે કે નહીં? અને આજે દેખાય છે તે સમુદ્ર જ છે કે પછી એનો ભ્રમ કરાવતું મોટું ખાબોચિયું છે?'

'સમુદ્ર છે મોશાય, સમુદ્ર! આજુબાજુ જોયા વિના જરા સામે જુઓ. ક્ષિતિજની પેલી પાર પણ એ વિસ્તરેલો જણાશે.'

'ક્ષિતિજની પેલી પાર શું છે તેની મને ખબર નથી. શું હશે તે જાણવાની જિજ્ઞાસા નથી. મને તો મારી આજુબાજુમાં રસ છે.' ઉદયને અનિકેત અને અમૃતાને બરોબર નિહાળીને કહ્યું.

'આપણે જેને ક્ષિતિજ કહીએ છીએ તે શું કોઈ વાસ્તવિકતા છે? કે પછી આપણે કહીએ છીએ માટે એ છે? પણ અનંતને આપણે જોઈ શકતાં નથી તેથી આવી કલ્પિત સરહદો સ્વીકારી લઈએ છીએ.' અમૃતાને લાગ્યું કે એણે ઊભા થવું જોઈએ.

'અમૃતા, તારી કલ્પિત સરહદ, નામે ક્ષિતિજ, અત્યારે સંધ્યાના રંગોથી ભભકી રહી છે. થોડી વાર પછી એ સઘળી ભભક સમુદ્રના આભ્યંતર અંધકારમાં શમી જશે. અંધકાર બહાર આવશે. અને જે અલગ અલગ પદાર્થો દેખાય છે તેમના અવકાશને પૂરી દેશે. પછી જોનારને સઘળું અંધકાર રૂપે દેખાશે.'

'આપણે હવે જવું જોઈએ ઉદયન !'

'જઈએ. પણ હા, હમણાં તો વાત થઈ છે: જમવાનું અહીં નક્કી કર્યું છે ને !'

'હું તો ભૂલી જ ગયો. માફ કરજો અમૃતા !'

'તમે જવા તૈયાર થયા તે ક્ષણે, તમે જાઓ છો એ જોઈને હું પણ ભૂલી ગઈ હતી. સારું થયું, ઉદયનને યાદ આવ્યું - નહીં તો મારા આતિથ્યધર્મનું શું થાત? માનો કે એ અંગે તો તમારામાંથી કોઈ મને શાપ ન આપત; પરંતુ હું જ્યારે એકલી જમવા બેસત ત્યારે કેવી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હોત? હું જરા નીચે જઈને આવું.'

અમૃતાની ખાલી થયેલી આરામખુરસીનું કાપડ સુંદર લાગ્યું. કાપડના વણાટમાં જૂની શૈલીની ડિઝાઈન હતી. એ કપડું અત્યારે અનિયમિત હવાને કારણે કોઈકવાર કંપી ઊઠતું હતું. અનિકેતે એ જોયું. ઉદયન ઊભો થઈને એ ખુરસીમાં બેઠો. પોતાની ખાલી પડેલી ખુરસીને પગ વડે નજીક ખેંચી અને લહેજતથી બંને પગ એમાં મૂકીને ગજવામાંથી સિગારેટ-કેસ બહાર કાઢ્યું.

'લઈશ અનિકેત ?'

'તું પીએ છે એથી મને સંતોષ છે.'

'ત્યાગના સંતોષમાં અને અનુભવથી મળેલા સંતોષમાં ઘણો ભેદ છે દોસ્ત !'

'બે સંતોષની સરખામણી કરવા માટે હું સિગારેટ જેવી કડવી વસ્તુને અજમાવી જોઉં ?'

'તું કોઈ વાર મારું કહ્યું કરતો નથી અનિકેત, તું કેવો મિત્ર છે !'

'જે કરવામાં તારું હિત હશે તે કરીશ. હું નાહક મારું અહિત શા માટે કરું?'

'હિત અને અહિત, સારું અને ખોટું — આ બધો ઉપરછલ્લો ભેદ આપણને પોતાનાથી દૂર નથી લઈ જતો? એવી બધી ગણતરી કરવા જતાં હું તો મને સ્વાર્થી

લાગું છું. આપણું સમગ્ર આમ વહેંચાઈ જાય તે બરોબર નથી. આપણે પોતાના અસ્તિત્વને વફાદાર રહીએ તે જરૂરી છે.'

'મારું લક્ષ પણ વફાદારી છે. કેવળ પોતાના તરફની નહીં, સમગ્ર તરફની બલ્કે સમગ્રનું ધ્યાન રહે તો પોતાનો પણ એમાં સમાવેશ થઈ જાય છે.'

'મેં પણ એ બધું વાંચ્યું-સાંભળ્યું છે. મારે એની સાથે કંઈ લેવાદેવા નથી. તું શું કરે છે હમણાં ?'

'વાંચું છું.'

'એ તો તું કરતો જ હોય છે, બીજું કંઈ ?'

'હમણાં હું જે વાંચું છું તે મારું પોતાનું લખેલું. લખું છું અને વાંચું છું.'

'શું નિબંધ લખ્યો ?'

'ના, વાર્તા.'

'નિબંધ જેવી હશે.'

'કવિતા જેવી પણ હોય. તું આવતી કાલે મારે ત્યાં આવજે, તને સંભળાવીશ.'

'આવતી કાલે હું એક નૃત્ય જોવા જવાનો છું. એક અમેરિકન નૃત્ય - મંડળી આવી છે. ઍબસર્ડ નૃત્યના પ્રયોગ કરે છે.'

'તો આજે જ ચાલ. જોકે એ તો અહીંથી ક્યારે નીકળી શકાય છે તેના પર આધાર રાખે છે.'

'તને અહીંથી નીકળવાની ઈચ્છા થાય છે ?'

'તારે પહેલાં એ પ્રશ્ન પૂછવો જોઈએ કે અહીં આવવાની ઇચ્છા થાય છે ?'

'એ તો હું પૂછ્યા વિના પણ સમજી શકું છું.'

અમૃતા આવી. ઉદયને પોતાના પગ ઉપાડી લીધા. અનિકેત ઊભો થયો.

'કેમ ઊભા થયા ?'

'ફરવા જવાની ઇચ્છા જાગી. આ જૂહુના કાંઠે ફરવાનું મને ગમે છે; પણ એવા સંયોગ ઓછા સાંપડે છે.'

'હવે વધુ સાંપડશે. હું તારી સાથે આવીશ.'

'કોણ કોની સાથે આવે છે તે કરતાં કોણ શા માટે આવે છે તે વધારે મહત્ત્વનું છે. તો, તું બેસ. હું જરા રખડી આવું.'

અમૃતા વિમાસણમાં મુકાઈ. ઉદયન બેઠો છે. અને એને બેસવાનું તો અનિકેતે કહ્યું પણ ખરું. હવે એને અહીં મૂકીને અનિકેત સાથે નીકળવું અજીબ લાગે. કદાચ હું નહીં જાઉં એમ માનીને જ ઉદયન બેસી રહ્યો હશે.

અનિકેત દાદર ઊતરીને, મકાન વટાવીને દરવાજા સુધી પહોંચતો દેખાયો ત્યારે તો એનાથી એક ડગલું ચલાઈ પણ ગયું. એ ઉદયને જોયું. અમૃતાથી ચલાઈ ગયું તેથી એ ભોંઠી પડી જાત; પણ એણે પોતાની ગતિને બીજી દિશામાં વાળી લીધી. એણે લાઈટ કરવાનો વિચાર કર્યો જ્યાં અગાસી પૂરી થતી હતી અને પોતાના રૂમ અને એક બીજા રૂમ વચ્ચે દાદર શરૂ થતો હતો ત્યાં જવા એ આગળ વધી. વળી પાછી ઊભી રહી. એણે નોકરને બોલાવ્યો અને એ થોડીક પાછી આવીને ઊભી રહી. ડે-લાઈટ બલ્બ ઝગમગી ઊઠ્યો. અમૃતાની છાયા ઉદયનના મુખને આવરી રહી. બીજો બલ્બ સળગ્યો. તે વધુ વોલ્ટ-પાવરનો દૂધિયો બલ્બ હતો. અને ઉદયનની નજીક હતો. અમૃતાની છાયા વિદ્યુતવેગે સરકી ગઈ. પછી એણે જોયું તો પોતાની બે છાયાઓ દેખાઈ.

'શું અમૃતા ! હવે અભિનંદન આપું તો ચાલશે ?'

'પહોંચી ગયાં.'

'પણ અનિકેતને સહુથી પહેલાં કેવી રીતે ખબર પડી ?'

'પ્રયત્ન કરવાથી.'

‘યુનિવર્સિટી ગયો હશે.’

‘હું.’

‘એને બધા પ્રોફેસરો સાથે સારાસારી છે. કોઈએ કહ્યું હશે.’

‘ના, એ કાર્યાલય ગયા હતા. જાણી લાવ્યા. આમેય મને પત્ર પણ હમણાં મળી ગયો છે.

‘પણ એ કેવો માણસ ! એણે મને કહ્યું નહીં કે અમૃતા પીએચ.ડી. થઈ ગઈ. મેં તને ફોન કર્યો ત્યારે જાણ્યું. હું એને ઘેર ગયો. તો કહે છે : મેં તો ફોન પર અભિનંદન આપી દીધાં. તું જા. આગ્રહ કર્યો તો કહે કે મારે આજે ટપાલ લખવી છે. કેવા કેવા મૂરખ માણસો સાથે પણ એ પત્રવ્યવહાર કરે છે ? બહુ આગ્રહ કર્યો ત્યારે છેવટે સાંજે આવવા તૈયાર થયો. મને લાગે છે મારે એકલાએ આવવું જોઈતું હતું. હું સાચે જ આજે ઘણો ખુશ છું. અભિનંદનનો અધિકારી આજે હું હોઉં એવું મને લાગ્યા કરે છે.’

‘મારા વિકાસમાં તારો ફાળો છે જ.’

‘વિકાસ શબ્દ તો હું નહીં વાપરું. તારી જાગૃતિમાં સંભવ છે હું નિમિત્ત બન્યો હોઉં. સાવ ના પાડવાની નમ્રતા મારામાં હોત તો હું અનિકેત જેવો પ્રભાવ પાડી શકત.’

અમૃતા સાંભળી રહી. કશું બોલી નહીં. આછા આછા અંધારામાં દૂર જઈ રહેલો અનિકેત દેખાયો. અમૃતા એને જોવામાં મગ્ન થઈ. આમ એને સતત જોઈ રહેવાથી જાણે કે એની નજીક પહોંચી ગઈ. અને વિચાર આવ્યો કે અનિકેત આ તરફ નજર કરે તો મને જોઈ શકે. હું તો અજવાળામાં ઊભી છું. સ્પષ્ટ દેખાઉં. કેવી નિશ્ચિત અને ધીર ગતિથી એ ચાલે છે !

‘સરકી જવાથી આ તારો પાલવ નીચે અડી ગયો.’

‘આભાર. તું મારી ઘણી કાળજી રાખે છે.’

અમૃતાએ પાલવ ઠીક કર્યો. એણે ઉદયનના સામું જોયું નહીં. એના મનમાં તૃષ્ણા જાગી હતી. એ બોલત પણ ખરીઃ અનિકેત... એ ન બોલી. એણે ઉદયનના સામું જોયું.

'તારો એક સન્માન-સમારંભ રાખવામાં આવે તો ?'

'આમ ઉડાવ નહીં.'

અનિકેત તો સન્માન વગેરેમાં માને છે. એવા સમારંભોમાં જાય છે પણ ખરો. પણ તારા માટે એવો સમારંભ રાખીએ અને તું ન આવે તો? હા, તારી એક સુવર્ણપ્રતિમા મૂકી શકાય. એ નિષ્પ્રાણ પ્રતિમા પર તારી આભાદ્યુતિનું આરોપણ કરીને વક્તાઓ પ્રશંસા કર્યા કરે. તારા શુભેચ્છકો આજ સુધી તારા સૌંદર્યની પ્રશંસા કરતા રહ્યા છે. આ પ્રસંગે તારી બૌદ્ધિક ક્ષમતા વિશે મોટા મોટા ઉદ્ગાર કાઢવા લાગી જાય.

અનિકેત પણ ઔપચારિકતાઓનો તો વિરોધ કરે છે છતાં કોઈનું ગૌરવ કરવામાં તેને વાંધો નથી. જરૂર તારી પ્રશંસા કરે !'

'તને આવું બધું બોલવાનું કેમ ગમે છે ? તું તો કોઈનું ગૌરવ કરવામાં નથી માનતો.'

'હા, નથી માનતો. પરંતુ શું નિયમોને અપવાદ નથી હોતા ?'

'નિરપવાદ ન હોય તે નિયમ અધૂરો કહેવાય.'

'આ સૃષ્ટિમાં નિરપવાદ બહુ ઓછું છે અમૃતા !'

'જે નથી તેમાં મને રસ નથી, ઉદયન.'

'અનિકેત અત્યારે નથી.'

'ના એ છે જ. દૂર હોવાથી એનું હોવું શંકાસ્પદ નથી બની જતું.'

અમૃતાને ખ્યાલ આવ્યો કે એણે અનિકેત માટે એકવચનનો પ્રયોગ કર્યો. એની અનુપસ્થિતિમાં આમ બોલાઈ જાય તે સહજ છે. તોપણ એ પોતાના શબ્દો પરત્વે

આ રીતે સભાન કેમ થઈ ગઈ? એ ઉદયનની સામે ખાલી પડેલી ખુરશીમાં બેઠી. ઉદયને ઝીણવટથી અમૃતાનું એક અવલોકન કર્યું.

'તું ઘણી વાર નાહક અકળાવે છે ઉદયન !'

'એમ ? તને અકળાવવામાં હું સફળ થાઉ છું ખરો ! તો તો મારો તારા પર પ્રભાવ છે તેમ કહી શકાય.'

'તારે કહેવું હોય છે તે, સામાનો વિચાર કર્યા વિના તું કહી શકે છે.'

'તારી વાત સાચી છે.'

ઉદયન ખડખડાટ હસી પડ્યો. અમૃતા એના હાસ્ય પર મલકાઈ.

'જો, સાંભળ. દૂરથી મંગલ શબ્દો આવી રહ્યા છે.'

'હા, એ સ્વર અનિકેતનો જ છે.'

અમૃતા ઊભી થઈ.

*''સાગરતીરે મધુર તિમિરે વિહરે એકલતા.''*

અનિકેતનો સ્વર નિકટ અને નિકટ આવતો ગયો. અને પાછળ પાછળ અનિકેત આવતો ગયો.'એક પંક્તિ મળી.'

'લય ગમ્યો. બોલો તો-'

*'સાગરતીરે અલસ તિમિરે વિહરે એકલતા.'*

અમૃતાએ એ પંક્તિની ત્રીજી આવૃત્તિ કરી. ફરીને એ અનિકેત સાથે ગાઈ ઊઠી. ઉદયનને પંક્તિમાં રહેલું 'મધુર' વિશેષણ ગમ્યું ન હતું. આ ભૂલ બતાવવા જતો હતો ત્યાં એ આપોઆપ સુધરતાં એને બીજી ભૂલ જડી આવી-

'બે કંઠ એક થતાં પંક્તિમાં રહેલો એકલતાનો ભાવ ખંડિત થાય છે.'

'બે કંઠ એક થતા હોય તો એટલી ખોટ ચલાવી લેવાય.'

અમૃતાએ ઉદયનને પજવવા માટે જ આવો પ્રગલ્ભ ઉત્તર આપ્યો હતો પણ એની ઉદયનને અસર ન હોય તેમ એ તો બોલ્યો-

'કદાચ અનિકેત તારી સાથે સહમત નહીં હોય.'

'હા હું એમની સાથે સહમત નથી.'

અમૃતાને અનિકેતનું વાક્ય ગમ્યું નહીં, એ તરત જ બોલી ઊઠી-

'તમે પોતાની સાથે સહમત હો તો મને વાંધો નથી. એમ છે ખરું ?'

'હા પણ હું ઉદયનની સાથે પણ સહમત નથી. જેમાં કોઈના પ્રવેશનો નિષેધ હોય એવી મારી એકલતા નથી. જે મારું છે તેને હું સુરક્ષિત રાખી શકું છું.'

## બે

ઉદયન આ વર્ષે ફરી અધ્યાપનમાં જોડાયો. વચ્ચે એક વરસ પત્રકારત્વ કરી આવ્યો. તે પહેલાં પણ દોઢ વરસ એણે પત્રકારત્વ કર્યું હતું. અધ્યાપન દરમિયાન પણ પત્રકારને શોભે એવું કંઈ ને કંઈ એ લખતો રહેતો.

અત્યારે બી. એ. નો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો લઈને બેઠો છે. પાંચ મિનિટમાં બધાં પુસ્તકો જોઈ ગયો. ફરીથી વાંચવાનું મન થાય એવું એકેય ન લાગ્યું.

......આમાં પૂર્વતૈયારી શી કરવી ? ગુજરાતી ભાષા અને સાહિત્યનો હું અધ્યાપક ! ગુજરાતીમાં 'સાહિત્ય' છે ? શું ભણાવવું ? એકેએક પુસ્તકનાં છોતરાં કાઢી નાંખીશ. મારું કામ તો વિદ્યાર્થીઓને સાહિત્ય ભણાવવાનું છે. આ અસાહિત્યિક પુસ્તકોની મદદથી સાહિત્ય શું છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. સાહિત્યની મારી વિભાવના ગુજરાતી સાહિત્ય વાંચવાથી બંધાઈ નથી. મહાકવિ ન્હાનાલાલ ! નાનાલાલ 'ન્હાનાલાલ' લખે તેની સામે મને વાંધો નથી. અર્થ એકનો એક જ રહે છે, પરંતુ મહાકવિ ? હંહ્. જે ભાષામાં આવા 'મહાકવિ' હોય તે ભાષાના વિદ્વાનોમાં સાહિત્યની પ્રાથમિક સમજ પણ હોય ખરી? કહેવાનો અને હોવાનો ભેદ ક્યાં સુધી

ચાલશે? અતાર્કિક પ્રલાપ, શબ્દોની આતશબાજી, બૌદ્ધિક નિયંત્રણનો ઠેર ઠેર અભાવ અને તેમ છતાં મહાકવિ! હું કહીશ તે સાંભળીને વિદ્યાર્થીઓને બિચારાઓને આઘાત લાગશે. પણ એમની દયા ખાવા હું અસત્ય કેવી રીતે બોલું ?...

ઉદયન પડ્યો પડ્યો ઉપર પ્રમાણે વિચારતો હતો. એણે ઉશીકા પાસે મૂકેલાં પુસ્તકો નીચે ખેસવી દીધાં. બે તો ખૂલી જઈને નીચે પડ્યાં. પાંખો ફફડી ઊઠી હોય એવો અવાજ થયો. પણ એ પુસ્તકો હતાં. ઉદયનની ઉપેક્ષાથી આક્રાંત થઈને એ ઊડી શકે તેમ ન હતાં.

'પણ તેં ન્હાનાલાલને સમગ્ર વાંચ્યા છે?' તે દિવસે અનિકેતે સહેજ કડક અવાજે પૂછ્યું હતું. એ શું સમજે છે એના મનમાં? મારી ઈમાનદારી પર પ્રશ્ન કર્યો એણે! હા ભાઈ, ફક્ત વાંચ્યા જ નથી, બરોબર ભણ્યો છું અને એમના પ્રભાવને કારણે જ હું 'બ્રહ્મ' અને 'રસ' જેવા શબ્દોને વપરાશમાં લેતો નથી. એ શબ્દો એમણે કેટલી વાર વાપર્યા છે? જરા ગણતરી કરવા જેવી છે. પણ એ માટે ફરીથી વાંચવાનું સાહસ કોણ કરે? અનિકેત હમણાં હમણાં ફિલોસોફીમાં આવી પડ્યો છે અને કેટલાંક જૂનાં સૂત્રો ન્હાનાલાલે પાઠફેર કર્યા વિના પોતાની રચનાઓમાં વાપર્યા હોવાથી અનિકેતને ગમે છે. અસાહિત્યિક સામગ્રીમાં રમમાણ રહેવાની વૃત્તિને પોતાની રસવૃત્તિ કહે છે! કોઈવાર ગીતની એક પંક્તિ રચી લાવે છે! ગીત પૂરું તો કરો. તો તો તમારી સર્ગશક્તિની બલિહારી. વનસ્પતિશાસ્ત્રનો અધ્યાપક, એને બીજું શું સૂઝે! કહે છે — ન્હાનાલાલમાં કેટલુંક વૃક્ષની જેમ નિજલીલાથી ખીલી આવ્યું છે. કરો પ્રશંસા અને ચડાવો માથે, લોકશાહી છે. જે માણસ ગાંધીજી સાથે વાંધો પડતાં એમના પર લખેલું કાવ્ય રદ કરે અને તેમ કરીને પણ શાંત ન રહે તેની પોતાના તરફની નિષ્ઠા પણ કેવી?હું તોડીશ. સ્થિર થઈને અવિકસિત માનસમાં સંસ્કારરૂપે દાખલ થવા મથતાં આવાં તથાકથિત મૂલ્યોને તોડીશ. અહીં તો મહામાનવો પણ કેટલા બધા? અને દરેકના સંદેશનો ભાર વિદ્યાર્થીના માથે. વિદ્યાર્થીના સ્વયં સ્ફુટ થવા માગતા ચૈતન્યકોષોનું શું? માણસ ઉછીનું લઈને કેટલું

ટકી શકે? પોતાના અસ્તિત્વની તો કોઈને પડી જ નથી. અનિકેત કહેવાનો - હું પરંપરામાં માનું છું. સંસ્કૃતિમાં માનું છું, વારસામાં માનું છું, શ્રદ્ધા વિના હું જીવી ન શકું... એ આ યુગનો માણસ જ નથી......અમૃતા હમણાં હમણાં એના તરફ વધુ ધ્યાન આપે છે. મેં એનો અમૃતા સાથે પરિચય ન કરાવ્યો હોત તો આજ સુધી તો એ એને જોવા પણ પામ્યો ન હોત. પોતાની સ્વસ્થતાની કેવી છાપ પાડી બેઠો છે! વળી પાછો અમૃતાની સાથે નિસ્પૃહીની અદાથી વર્તે છે. એનું ચાલે તો જમીન પર પગ ન અડે એ રીતે ચાલે અને લોકોને બતાવે કે જુઓ હું ધર્મરાજ છું!

અમૃતા નાદાન છે, મુગ્ધ છે. હવે મારા તરફ ઔપચારિક બનતી જાય છે. દસ દસ વરસના પરિચય પછી આજે જાણે મને એ પોતાનો અંતરંગ મિત્ર નથી માનતી. હું એની સાથે કેટલો નિયંત્રિત રહ્યો છું, એને વિચાર પરત્વે આત્મનિર્ભર કરવામાં મારો કેટલો ફાળો છે તેની ખબર નથી. એને કદાચ હજુ મારી શક્તિની ખબર નથી. હું સમીક્ષાના ક્ષેત્રમાં નવાં મૂલ્યાંકન ઊભાં કરીશ. નવાં માનવમૂલ્ય ઊભાં કરીશ જેના કેન્દ્રમાં હશે માનવનું અસ્તિત્વ. ઉપરણાઓ અને છાયાઓથી મુક્ત એવું સ્વાધીન અસ્તિત્વ.

હું જોઈશ કે લોકો મારો અસ્વીકાર ક્યાં સુધી કરે છે? મારા રક્તમાં વહેતા વડવાનલના આખરી દાહ સુધી હું ઝઝૂમીશ...જોઉં છું હમણાં તો અમૃતાના મૌગ્ધ્યની તરંગલીલા. જોઉં છું ક્યાં સુધી એ ચાલે છે. મારી સાથે હવે તટસ્થ રહેવા લાગી છે. હું ઈચ્છતો હતો એ પોતાના પગ પર ઊભી રહે. મને ખબર નહીં એ બીજાની છાયાનો આશ્રય લેવાની નબળાઈ બતાવશે. એક દિવસ અમૃતા મારી ક્ષમતા સામે ઝૂકશે. અને નહીં ઝૂકે તો ? તો... તો હું શું કરીશ? એને નગણ્ય માનીને હું ચાલી શકીશ? એટલી તાકાત મારામાં છે? પ્રશ્નના ઉત્તરમાં એક છાયાકૃતિ બનીને વિવશતા આવી ઊભી.

ઉગ્ર અકળામણને અંતે કોઈકવાર ઉદયનને વિવશતાનો અનુભવ થાય છે.

એ બેઠો થયો. પલંગ નીચે અસ્તવ્યસ્ત પડેલાં પુસ્તકોને સરખાં કરી સ્ટીલના ઘોડા પર મૂક્યાં. પૈસા વધે તે બેંકમાં મૂકવાને બદલે એ પુસ્તકો ખરીદતો રહ્યો છે.

સ્ટીલના બે ઘોડા અડાબીડ ભરાઈ ગયા છે. આડાં, ઊભાં, થોકબંધ - જ્યાં જગા જોઈ ત્યાં એણે પુસ્તકો મૂક્યાં છે. બીજા કોઈને જોઈતું પુસ્તક શોધ્યું જડે નહીં. અને એમાં કંઈ ખોટું નથી. એણે વિચાર કર્યો કે હવે પુસ્તક ન ખરીદવાં. આ અંગે એણે નિર્ણય ન કર્યો. નિર્ણય કરવા પહેલાં એ વિચારે છે. એ જાણે છે કે સિગારેટ અને પુસ્તકો વિના એ ચલાવી શકે તેમ નથી.

પુસ્તકો મૂકીને એ પાછો વળતો હતો ત્યાં એની નજર Notes from Underground પર પડી. આ પુસ્તક વાંચ્યે ઠીક ઠીક સમય થઈ ગયો. દોસ્તોયેવસ્કીએ આ પુસ્તક દ્વારા ભવ્યતા અને મહાનતાથી શણગારેલું માણસ વિશેનું ગ્રીક કલ્પન તોડી નાંખ્યું. જે કંઈક તોડી શક્યા છે તે જ સાચા ધાર્મિકો છે, બાકીના તો બધા ટીલાંટપકાંવાળા. ઉદયનનું આ એક જાણીતું વિધાન છે.

ઉદયન પુસ્તક લઈને ખુરસી પર બેઠો. ટેબલ-લેમ્પ સળગાવ્યો. એનો આઈ-સ્પાન સામાન્ય વાચક કરતાં મોટો છે. સરેરાસ વાચક કરતાં એ દોઢી ગતિથી વાંચી શકે છે. એ વાંચતો વાંચતો અહીં આવીને અટક્યો-...... I am living out mylife in my corner, taunting myself with the spiteful and useless consolation that an intelligent man can not become anything seriously and it is only the fool who become anything. હા, જે સમજે છે તે ખામોશ છે. એને કંઈક બની બેસવામાં રસ નથી.

એણે ટેબલ લેમ્પ બંધ કર્યો. બે રૂમના ફ્લેટને તાળું મારીને એ નીચે ઊતર્યો. તાળું બંધ થયું છે કે નહીં એની ખાતરી કરવાની એને ટેવ નથી. પહેલાં ભૂખ ન હતી પણ હવે એને કંઈક લેવાની ઈચ્છા થઈ. અમૃતાને ઘેર બધું ગળ્યું ગળ્યું હતું. એને બહુ ભાવેલું નહીં.

એ કોઈ એક હોટલનો આશક નથી. જ્યારે અને જ્યાં જે હોટલ પહેલી દેખાઈ તેમાં તે જમી લે છે.

મુખ્ય માર્ગ પર પહોચતાં જ એની નજર એક મેગેન્ટા રંગની કાર પર પડી. અમૃતાની કારનો રંગ પણ આવો જ છે. ગતિ પણ એવી જ છે. પણ કાર બીજા કોઈની હશે. એ વળી, અત્યારે અહીં હોય? શા માટે હોય? શંકા થવી જ ન જોઈએ. વિચારતો એ રસ્તો ઓળંગી રહ્યો હતો. ત્યાં એક કાર બ્રેક વાગવાથી ઊભી રહી. કારનું ડ્રાઈવિંગ કરતા સજ્જને કહ્યું-

'કેમ ભાઈ, તમને ઠેકાણે મૂકી જાઉં ?'

'ના આભાર. મારે ચાલવું છે.'

'તો જરા સાચવીને ચાલોને ! બગીચામાં અને રસ્તામાં સરખી રીતે ન ચલાય.'

ઉદયનના ચિત્તમાં સૂતા ક્રોધના ભોરિંગે ફણા પછાડી.

'તમે નાગરિક છો કે ગમાર! આમ વિચારતા માણસને ડિસ્ટર્બ કરો છો? બહુ ઉતાવળ હોય તો અકસ્માત કરવો હતો. મને સાચવી સાચવીને ચાલવાની આદત નથી.'

'તોપણ ડિસ્ટર્બ તો બહુ જલદી થઈ ગયા! મન ઢીલું લાગે છે. એવું હોય તો ઘરમાં રહેવું. તમારી અસ્થિરતાને કારણે અમારે ભોગ બનવું પડે એ કેવો ન્યાય ?'

'એટલી બધી સાવચેતી રાખવી હોય તો બધા ચાલતા ફરો ને. સારું જાઓ મને સમય નથી. કોણ જાણે આવા કેટલા હશે !'

'આ મહાશયનું ઠેકાણે લાગતું નથી.' કારમાં બેઠેલા બીજા સજ્જનને સંબોધીને પેલા સજ્જને કહ્યું હતું.

'તમને ખબર નથી તમે કોની સાથે વાત કરો છો.'

'હું માનું છું કે તમે પુરુષ હશો., બાકી તો ખુદા જાણે.'

'સારું ભાઈ જા, તારા ખુદાને સાથે લઈને જા. આવા હલકા વ્યંગ સાંભળવા હું નવરો નથી. લડવાનું પણ અમુક કક્ષાના માણસ સાથે ફાવે. પણ તમે માણસ હશો તો એટલું તો સમજતા જ હશો કે આ ધરતી એકલાં વાહનો માટે નથી. તમારે જો

આમ દોડતા જવું હોય તો જે ચાલતા હોય છે તેમને જરાક ઉતાવળ કરવાનો પણ અધિકાર નથી ? સારું, હવે જાઓ. ઝઘડો કરવાથી મને માથું ચડે છે.'

'એક મિનિટ.' બાજુમાં બેઠેલા સજ્જને ઉદયનને રોક્યો.

'મારા મિત્રને તમારો પરિચય કરાવું.' એમ કહીને એમણે ટૂંકમાં બતાવ્યું કે આ છે મિસ્ટર ઉદયન. અહીંના એક નિર્ભીક પત્રકાર અને નવી શૈલીના વાર્તાકાર. એક અ ામાં ગુંડાઓને પકડવા હું ગયો ત્યારે મારી વિનંતીથી સાથે આવ્યા હતા અને એમણે સાક્ષી તરીકે સુંદર કામ કર્યું હતું. કોર્ટમાં બચાવ પક્ષના વકીલને એવો બનાવ્યો કે પૂછતો બંધ થઈ ગયો. જાણી જોઈને મેં પહેલાં પરિચય ન કરાવ્યો. મને એમ કે સુંદર ભાષણ સાંભળવા મળશે. પણ આજે એ મૂડમાં લાગતા નથી. બે વરસ પહેલાં યોજાયેલી એક મોટી વકતૃત્વ-સ્પર્ધામાં એ પ્રથમ આવ્યા હતા.'

□

છૂપી પોલીસના પેલા અમલદારોની કાર ઊપડી તે પછી ઉદયન ત્યાં ઊભો રહ્યો. એને થયું કે પેલા માણસ સામે જોવાનો પણ પોતાને વિચાર કેમ ન આવ્યો ? એનું કારણ એને જડી આવ્યું. એ માનતો રહ્યો છે કે આ શહેરમાં બધા માણસો સરખા હોય છે. જેમને ઓળખવાની ઈચ્છા થાય એવાં વ્યક્તિત્વ ક્યાં હોય છે ? જેમનામાં થોડીક પણ ખુમારી હોય એવા માણસો ક્યાં હોય છે ?

ઉદયને નાસ્તો મંગાવ્યો. ભૂખ જલદી શમી ગઈ. બિલ મંગાવ્યું. વેઈટરને નવાઈ લાગી. માણસો અહીં સમય પસાર કરવા જ આવતા હોય છે. નાસ્તો, ચા વગેરે તો એમના માટે વિષયાન્તર જેવું હોય છે. ઉદયને પોતાના રૂમનું બારણું ખોલીને તુરત જ ટેબલ-લેમ્પની સ્વિચ દબાવી. અને લખવા બેઠો- 'વિચારશૂન્ય અભ્યાસક્રમ સમિતિઓ.' કોઈ કોઈ વાર એ લખતો હોય છે ત્યારે એનું ચિત્ત વાણી બનીને લાવારસની ઉગ્રતાથી વહે છે. શિક્ષણક્ષેત્રે કામ કરતા ખ્યાતનામ મહાપંડિતોની નિરક્ષરતા વિશે એણે વિષાક્ત પ્રહારો કર્યા. લેખ પૂરો કરીને ટેબલ પર માથું મૂકીને એ ઊંઘી ગયો.

□

અનિકેત પોતાને ઘેર આવ્યો ત્યારે નોકર બારી પાસે ઊભો ઊભો ચોપાઈ ગાઈ રહ્યો હતો. અનિકેતને આવેલો જાણી એણે પોતાનો અવાજ ધીમો કરીને વાળી લીધો. અનિકેતને થયું કે એણે પ્રવેશ કરવામાં ઉતાવળ કરી છે. પોતાના આગમનથી કોઈનો અવાજ સંકોચાઈ જાય એ એને ગમતું નથી અને જ્યારે કોઈનું પ્રફુલ્લ ચિત્ત સંગીતની લહરીઓમાં આંદોલિત થઈ રહ્યું હોય ત્યારે વિઘ્નકર્તા નીવડવું એ તો ગુનો છે.

અનિકેત હવે એને ગાવાનું ચાલુ રાખવાનું કહે તો એ તો ફરમાઈશ થાય. સ્વાન્તઃ સુખાય ગાનારને આગ્રહ કરવાથી કેવું લાગે ? તેમ છતાં એણે ગાવાનું ચાલુ રાખવા નોકરને કહ્યું તો ખરું જ.

'બાબુજી, ગાવાનું હું શું જાણું ? હું તો હનુમાનજીની જેમ આપની રાહ જોતો હતો અને ચોપાઈ ગાતો હતો. આપ બહુ મોડા આવ્યા. ભોજન પણ ઠંડું થઈ જવા આવ્યું.'

'અરે, હું દિલગીર છું દોસ્ત, તને કહેવાનું ભૂલી ગયો. તને ત્યાંથી ફોન પણ કરી શક્યો હોત. આજે હું જમીને આવ્યો છું. એમ કર તારે ત્યાં લેતો જા. હાલ જ લઈને જા, જેથી બગડે નહીં. અને સવારે જ આવજે. અત્યારે મારે કંઈ કામ નથી.

... આનો પરિવાર દરરોજ પૂરતું ભોજન પામતો હશે ? અથવા ખાઈ લીધા પછી તરત ન ખાઈ શકે તેવી સ્થિતિમાં હશે ? એકવાર જઈને જોઈ આવું. એ ઝૂંપડાં, એ ભેજવાળી હવા, નાક ભરાઈ જાય તેવી વાસથી ભારે હવા... કેટલા બધા માણસો ત્યાં રહે છે ! એનાં નાનાં ભાઈબહેનો, એની બા સહુ કેવી વિકટ સ્થિતિમાં રહેતાં હશે ? આ યુવક ક્યારનો મારું કામ કરે છે છતાં એના પરિવારને એક વાર પણ મળી આવવાની મને ઈચ્છા થઈ છે ? કેમ વિશેષ પૃચ્છા પણ ન જાગી ? એકવાર થોડુંક પૂછી લીધું, પછી બસ. એની સાથે પણ કામ સિવાય કશી વાત હું કરતો નથી. આ કેવી એક-બીજાથી અણજાણ રહેવાની આદત ? અપરિચયમાં જીવવા હું રીઢો થઈ ગયો છું ? માણસને ઓળખવાનો રસ આમ કેમ લુપ્ત થઈ ગયો હશે ? આ વર્તમાન આબોહવાનો દોષ છે કે પછી મારા વ્યક્તિત્વની ઊણપ ? ઉદયન કહે

છે તેમ મારા સંસ્કારો સાચે જ સામંત યુગના છે ? એ માને છે એવો રૂઢિવાદી તો હું નથી જ.

એ કબાટના દર્પણ સામે જઈને ઊભો રહ્યો. આમ દર્પણ સામે ઊભા રહીને પોતાને જોયા કરવું એ આત્મરતિનું લક્ષણ છે? વધતા ઓછા આત્મરાગ વિના માણસ જીવી શકે? આ આત્મરતિ અને નિજમાં નિમગ્ન રહેવાની વાતમાં કેટલું અંતર હશે ?

એણે કબાટ ખોલ્યું. વિષયવાર ગોઠવેલાં પુસ્તકોનાં ફાટી ગયા વિનાનાં ફ્લૅપ પરના વિવિધ રંગો ચમકી ઊઠ્યા. જુદી જુદી સાઈઝનાં પુસ્તકો સાથે ગોઠવાયેલાં હોવાથી ઉપરની ઊંચીનીચી સપાટી આકર્ષક લાગતી હતી. પુસ્તક વાંચતી વેળા અનિકેત ફ્લૅપ ઉતારીને ટેબલના ખાનામાં મૂકી દે છે. વાંચી લીધા પછી ચડાવીને કબાટમાં યોગ્ય સ્થાને મૂકી દે છે.

એણે કબાટ બંધ કર્યું. વાંચવાની ઈચ્છા ન લાગી. ચશ્માં ટેબલ પર મૂકીને, કપડાં બદલીને, હાથપગ ધોઈને નવી સ્ફૂર્તિ સાથે એ હીંચકા પર બેઠો... મેં એ માણસને નજીકથી ઓળખવાનો પ્રયત્ન એટલા માટે નહીં કર્યો હોય કે એની ઓળખનો મને વિશેષ ખપ નથી. અન્યમાં રસ લેવાનું કારણ માણસનો પોતાનામાં રહેલો રસ હોય છે એવું કહેવામાં અતિશયતા નથી. આ જગત સ્વઅર્થોથી સંકળાયેલું છે. એ નક્કર વાસ્તવિકતા છે પણ માણસ એકલી વાસ્તવિકતાથી જીવી ન શકે. આકાશ વિના એને ન ચાલે. આકાશને ભલે કોઈ શૂન્ય અવકાશ કહે...

હીંચકાના તકિયા પર એણે પીઠ ગોઠવી, ટેકવી. ડાબા પગના અંગૂઠા વડે એક નાનો ઝૂલો લીધો પછી બંને પગ હીંચકાની ફ્રેમ ઉપર મૂક્યા. બે હાથે તકિયા પાછળના સળિયા પકડ્યા. સામેની દીવાલ પર ટીંગાડેલા ચિત્રને જોઈ રહ્યો: ગુલમહોરના પરિપાર્શ્વમાં ઉષાની આભા — હજુ પૂર્ણતયા પ્રગટ નહીં એવી આભાને જોઈને એ ગાવા લાગ્યો-

*તિમિર-અવગુંઠને વદન તવ ઢાકિ,*
*કે તુમિ મમ અંગને દાંડાલે એકાકી.*

જે રહસ્યથી આવૃત છે તે અધિક સુંદર લાગે છે. કે તુમિ ? આંદોલન શમી ગયાં. હીંચકો સ્થિર થઈ ગયો. એ સ્થિરતાને સ્પર્શ કર્યા વિના જ થોડી ક્ષણો વીતી.

એ ઊભો થયો. બાલનું એક જુલફું કપાળ પર ઝૂકી આવ્યું હતું. આ રીતે રોમાન્ટિક દેખાવું એને પસંદ નથી. બહારની હવાના સ્પર્શથી એ જુલફું પ્રસન્ન થઈ ઊઠ્યું. આજે હવા કેમ આટલી તેજ છે ? બાલ ઠીક કરી લીધા. અને પોતાની પસંદગીના પાનવાળા તરફ એ વળ્યો.

એ પહોંચ્યો. પાનઘર આગળ ગમ્મત કરતા ઊભેલા ત્રણ નવજવાનોમાં એક જણ વધુ ઉત્સાહમાં લાગતો હતો. સામેનાને તાલી આપીને એ કૂદતો પાછો પડ્યો. એની પીઠ અનિકેતના ખભે ભટકાઈ. અનિકેતે પેલા ભાઈની ક્ષમા માંગી. પેલો વધારે સંકોચ સાથે માફી માગવા લાગ્યો. અનિકેતે સ્મિત સાથે, પોતે એમની ટોળીમાંનો જ એક હોય તેટલી સહજતાથી કહ્યું-

'તમે જે ગતિએ પાછા પડ્યાા તે ગતિએ મારે પણ પાછા પડીને પોતાને સાચવી લેવો જોઈએ. પણ મારું પોતાના પર એટલું નિયંત્રણ નથી. જેથી તમારો સ્પર્શ મારે સહન કરવો પડ્યો. એનું મને દુઃખ નથી. તમને નવાઈ લાગશે કે મને એનો આનંદ છે. તમને આશ્ચર્ય થાય છે ? કારણ જણાવું ? આજે આપણી જિંદગીની સરેરાશ ગતિ મંદ લાગે છે. એને કશાય ધક્કાઓનો અનુભવ થતો નથી. તમારા જેવા પ્રફુલ્લ ચિત્તવાળા યુવકનું આમ અથડાવું આ જમાનામાં દુર્લભ થઈ પડ્યું છે. માણસોને આમ મુક્ત કંઠે હસતા જોઈને મને આનંદ થાય છે. આમાં કશો કટાક્ષ નથી. હું કટાક્ષ કરતો નથી. એ મારી પ્રકૃતિને અનુકૂળ નથી.'

પેલા યુવકોનું આશ્ચર્ય બેવડાયું. એમણે પરિચય પૂછ્યો. જાણીને એમનું આશ્ચર્ય આનંદમાં પરિણમ્યું. પ્રો. અનિકેત ! વનસ્પતિશાસ્ત્રના બીજા અધ્યાપકો પણ અનિકેતના મતને દાદ દેતા. સાહિત્ય અને અન્ય કલાઓ પર અનિકેતને વ્યાખ્યાન

માટે બોલાવવામાં આવે છે. વિજ્ઞાનના અધ્યાપક સાહિત્યની રસપ્રદ મીમાંસા કરે છે એ માન્યતા વિદ્યાર્થીઓ પૂરતી તો નિરપવાદ છે. વિદ્યાર્થી આલમમાં એક બીજા કારણે પણ એ જાણીતો છે. એના શારીરિક સૌંદર્ય માટે! સિમેટ્રી અને ગ્રેસ માટે. વિદ્યાર્થીઓમાં એક માન્યતા એવી પણ પ્રવર્તે છે કે ફલાણી ફિલ્મના હીરો તરીકે એને લેવાની ઑફર હતી. એણે ના પાડી વગેરે. આ વાત ઊડતી ઊડતી એક દિવસ અનિકેતને કાને આવેલી. એણે કશી સ્પષ્ટતા ન કરી, ફક્ત સ્મિત કર્યું.

એ યુવકો સાથે થોડી અત્ર-તત્રની વાતો કરીને એમની કૉલેજમાંના પોતાના બે અધ્યાપક મિત્રોને યાદ આપીને અનિકેત પાછો વળ્યો. આગ્રહને વશ થઈને એ લોકો તરફથી અનિકેતે પાન સ્વીકાર્યું હતું. છૂટા પડતાં પહેલાં એણે કહ્યું-

હવે ક્યારે મળીશું? આ મહાનગર તો અમાસની રાત્રિ જેવું છે. તારાઓથી ભર્યું ભર્યું. કોણ ક્યારે ક્યાં હોય—કશું કહી શકાય નહીં. માણસો મળે, પરિચય પ્રાપ્ત કરે પણ પછી ન મળી શકે. અને એ તો નિયતિનો ક્રમ છે. ચાલો, એકવાર મળ્યાનો આનંદ પણ ઓછો નથી.'

□

અભિનંદન મળવા લાગ્યાં ત્યારે અમૃતાને ખબર પડી કે સમાચાર છાપામાં પણ પ્રગટ થયા હતા. સાંજ સુધી મળતાં રહેલાં અભિનંદનોના જવાબરૂપે સહુનો આભાર માની માનીને એ થાકી ગઈ હતી. સારું થયું કે સાંજના અનિકેત અને ઉદયન આવ્યા. આનંદની એકવિધતામાંથી જન્મેલા થાકમાંથી રાહત મળી. એ ગયા તે પછી આનંદરહિત અમૃતા એકાંત અનુભવવા લાગી. છૂટા પડતાં ઉદયન કંઈક ઊંડો લાગ્યો હતો. અમૃતાએ માની લીધું કે કશીક ચિંતામાં હશે. પણ એ ચિંતા કરવામાં માનતો નથી.

... દસ વરસથી એને જોતી આવી છું. એને જોયેલો તો વહેલો. દસ વરસથી તો પરિચય કહેવાય. જ્યારે જ્યારે એને જોયો છે, કોઈ નવા પ્રશ્ન સાથે એ દેખાયો છે.

પ્રશ્નને અનુરૂપ એનું નવું રૂપ ધારીને એ આવ્યો હોય એમ લાગે છે. કેટકેટલી જિન્દગીઓ એ એક સાથે જીવે છે!

આજે વળી એ ઉમળકાભર્યો લાગ્યો. ઉમળકો પણ એના ચહેરા પર વ્યક્ત થાય છે એ મેં આજે જાણ્યું. મારી સફળતાથી એ ખુશ જણાયો. આજે કોઈ ખાસ ચર્ચા પણ એણે ન જગાવી. બાકી તો પ્રશ્નો... ચર્ચાઓ... વિસંવાદ... વ્યંગકટુ તર્કોથી વાતાવરણને ડહોળી નાંખે. ચર્ચાસ્પદ મુદ્દો ન હોય તોપણ પોતે સહુથી જુદો પડે છે તેવું માનીને બોલ્યા કરે. આજે એ મારામાં કંઈક જુદી રીતે રસ લેતો હોય એવું લાગ્યું.

અનિકેત ભાગ્યે જ આવે છે. એવું લાગે છે કે એ પોતાની ઇચ્છાથી આવ્યો નથી. ઉદયનને લાગ્યું કે મેં એની તરફ વિશેષ ધ્યાન આપ્યું. ઉદયન કશુંક કહ્યા વિના રહી શકતો નથી. જ્યારે અનિકેત? એ બહુ ઓછું બોલે છે. એ એકલો જ ફરવા નીકળી ગયો. એમ દૂર જઈને પોતાનું સ્થાન સૂચવવા માગતો હતો? 'સાગરતીરે... વિહરે એકલતા!' કઈ એકલતા? કોના તરફ નિર્દેશ હશે? શું પોતાની વાત કરતો હશે? નિરુદ્દેશે બોલાઈ ગયું હશે? દરેક શબ્દને અર્થ હોય છે... કશુંય નિરુદ્દેશે કેમ કરીને હોઈ શકે?

એ મારી સાથે અદબથી વર્તે છે. અભિજાત સૌજન્યનું જાણે કે દૃષ્ટાંત! એનો વિવેક, એનો સૌમ્ય સુંદર ચહેરો... એની વાણી, કશુંય ઔપચારિક નથી લાગતું; અનિવાર્ય લાગે છે. હૃદ્ય લાગે છે. એના સૌંદર્ય સાથે એનું વર્તન કેવું સામંજસ્ય ધરાવે છે! ઉદયન જ એને અહીં ખેંચી લાવે છે. એની હિંમત ભારે કહેવાય, નહીં તો એ એને સાથે ન લાવે. અનિકેતની હાજરીમાં વાતાવરણ પર ઉદયનનો પ્રભાવ હોતો નથી. વાતાવરણના કેન્દ્રમાં અનિકેત હોય છે.

કોઈવાર તો ઉદયન ફકરાઓ બોલી જાય તે પછી અનિકેત એકબે વાક્ય બોલે. પણ એના એ બંધ હોઠ મને ગમતા નથી. એ કેમ આટલું ઓછું બોલે છે? જેવો જેનો સ્વભાવ, હું નાપસંદ કરનાર કોણ? પણ... કદાચ એ ઓછું નથી બોલતો.

એક વાક્યમાં ઉદયન જે બધું બોલી ગયો હોય તેનો જવાબ હોય અને બીજા વાક્યમાં ઉદયનને ફરી બોલવા મજબૂર કરતી શાન્ત ઉત્તેજના હોય.

અનિકેત પ્રગલ્ભ છે, ઉદયન નિખાલસ. એક શાન્ત લાગે છે, બીજો આક્રમક. પણ સત્તામાં કદાચ બંનેને સરખો રસ છે. બંનેમાંથી એકેય પોતાને ભૂલી શકતા નથી. પણ હા, અનિકેત સામાનો વધારે ખ્યાલ રાખે છે. બે વરસ થયાં. ઓછો પરિચય ન કહેવાય. એણે પોતાના વિશે મને કશું કહ્યું નથી. મેં આમ કર્યું, હું આમ કરવા ઈચ્છું છું અને મને વિશ્વાસ છે કે — આવાંતેવાં વચન ઉચ્ચારવામાં એને લેશમાત્ર રસ નથી. શું પોતાના વિશે વાત કરવાની વૃત્તિ જ એનામાં નહીં હોય? તો ઉદયન આટલું બધું કેમ બોલે છે? પોતાનો પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરે છે? એવું ન પણ હોય. ઉદયન સાચો માણસ છે. મારે પોતાની સાથેની વાતમાં પણ એમના વિશે આવાં વિધાનો કરવાં નહીં જોઈએ. કદાચ બંનેનો પરિચય મને ઓછો છે. સંપૂર્ણ ઓળખ્યા પછી તો કોઈના વિશે કહેવાનું ભાગ્યે જ રહે. જે લોકો ઈશ્વરને નથી ઓળખતા તે જ લોકો ઈશ્વર વિશે સહુથી વધુ બોલે છે. ઉદયન એ રીતે, ઈશ્વરને નકારવા માટે પણ એનું નામ કેટલી વાર લે છે... પણ એ તે દિવસે કહેતો હતો : માણસ એકબીજાને પૂર્ણપણે ઓળખી ન શકે. જોને, આપણે દસ દસ વરસથી એકબીજાને મળીએ છીએ પણ બરોબર ઓળખીએ છીએ ખરાં?

ઉદયન ઈશ્વરમાં નથી માનતો છતાં અનિકેત એને નાસ્તિક નથી કહેતો. ઈશ્વર અંગે પોતાનો અભિપ્રાય નથી આપતો. ચર્ચામાં નથી ઊતરતો. કહે છે મેં એ અંગે ખાસ વિચાર્યું નથી. અને મારા ગજા બહારનું એ કામ છે. આટઆટલા મહાપુરુષોએ પોતાનાં જીવનકાર્યોની ફલશ્રુતિરૂપે જે કહ્યું છે તે માની લેવામાં મને વાંધો નથી. અને ઈશ્વર છે એમ સ્વીકારી લેવાથી મારો દાયિત્વનો ભાર ઓછો થાય છે. આ આવડા મોટા વિશ્વમાં પોતાને સ્થાપવાનો પ્રયત્ન કરવામાં મને રસ નથી.

પણ આ નમ્રતાનું અભિમાન ન કહેવાય?

ઉદયનનું મારા તરફનું વલણ હવે પ્રગટ અને સ્પસ્ટ છે. પણ અનિકેતના ચિત્તમાં વ્યકત થવા માગતું હોય તેવું કશું અકળાતું નહીં હોય? શું મારા તરફ એ કોઈપણ

પ્રકારની લાલચ વિના જોઈ શકતો હશે? એની વાણી તો રાગાત્મક છે. એનો જન્મ જ જાણે ચાહવા માટે થયો છે. મારો કેટલો બધો ખ્યાલ રાખે છે! તો એ અનુરાગ ન કહેવાય? એણે પિકનિક વખતે, પાછા વળતાં ઉદયનની વાતનો કેવો વિરોધ કરેલો — 'વિજાતીય આકર્ષણ અપરિહાર્ય છે.' હું પણ માનતી હતી કે આ વિધાનનો તો અનિકેત વિરોધ નહીં જ કરે. પણ એણે તો કહ્યું : સ્ત્રી અને પુરુષ એકબીજા સાથે વર્તે ત્યારે એક મનુષ્ય અન્ય મનુષ્ય સાથે વર્તે છે તેમ વર્તે, તો એ વર્તન સાહજિક છે. જાતીયતાથી અતિ સભાન રહેનાર નૉર્મલ ન કહેવાય, અસામાજિક કહેવાય, શું અનિકેત મારી સાથે સાહજિકતાથી વર્તે છે? શું જે દેખાય છે તે જ વાસ્તવિકતા છે? શું મારા સૌંદર્ય વિશે એ લાગે છે તેટલો ઉદાસીન હશે? અને વિદ્યાકીય ક્ષેત્રે મેં જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તેની એને મન ખાસ કંઈ કિંમત નહીં હોય?

મને આવા વિચારો કેમ આવે છે? હું એની પાસેથી પ્રશંસા સાંભળવા ઈચ્છું છું? એનું મૌન તોડાવામાં મને આટલો બધો રસ શા માટે?

કોઈક વાર તો એનું મૌન એટલું બધું સભર હોય છે કે સામેનાને વ્યગ્ર કરી મૂકે. પણ એ કંઈ શ્રૂડ નથી, શાલીન લાગે છે. 'પ્રણામ!' વિખૂટા પડતાં એણે મને પ્રણામ કહ્યાં. હું એને ઉત્તર આપવો ભૂલી ગઈ. ઉદયનની સામે જોઈને 'ગુડ નાઈટ' કહીને હું પાછી વળી. અનિકેતને 'પ્રણામ'નો પ્રત્યુત્તર આપવામાં મારી ભૂલ થઈ છે ? શું હું ભૂલી ગઈ હતી? કે મારું ધ્યાન—મારું સમગ્ર ધ્યાન અનિકેત તરફ હતું માટે હું ઉદયન સામે જોઈને બોલી હતી? શું મારા પક્ષે આ વંચના નથી? પણ ઉદયનને હું ક્યાં અવગણું છું? એના મારા પર ઓછા ઉપકાર નથી.

અમૃતા પોતાના એરકન્ડિશન્ડ રૂમની બહાર આવી અને નીચે ઊતરી. બંગલાની આગળના ભાગના બાગની જમણી તરફનો હીંચકો સાંજ પછી ખાલી જ હોય છે. એ ભાગના બધા ફૂલછોડ અમૃતાની પસંદગી પ્રમાણે વાવવામાં આવેલા છે. સહુ જાણે છે કે કોઈ કોઈવાર રાતના નવ-દસના ગાળામાં અમૃતા આ હીંચકા પર આવીને બેસે છે.

એ હીંચકા પર જઈને બેસે તે પહેલાં તો સૌરભથી વીંટળાઈ ગઈ. આ કયા પુષ્પની સુંગંધ ? એ ઓળખી શકી નહીં. ઓળખવાની જરુંર પણ એને ન લાગી. ઓળખવા કરતાં પામવું - અનુભવવું વધુ તૃપ્તિપ્રદ છે. એ હીંચકા પર સૂઈ ગઈ અને ડાબા પગથી હીંચકાને ગતિ આપવા લાગી. એને બ્રેસિયરમાં છાતી ખેંચાતી લાગી. હીંચકા પર આમ સૂઈ રહેવાથી ? એવું તો ન હોય. એને શાકુંતલનો પહેલો અંક યાદ આવ્યો.: 'સખી અનસૂયા, અતિશય તાણી બાંધેલા વલ્કલથી પ્રિયંવદાએ મને જકડી છે, જરી એને ઢીલું કર તો !' અનસૂયા વલ્કલ ઢીલું કરે છે ત્યારે પ્રિયંવદા નટખટ સ્મિત સાથે કહે છે: 'એમાં તો પયોધરને વિસ્તારનાર પોતાના યૌવનને જ દોષ દે ને ? મને શું કરવા દે છે ?' અમૃતાએ પોતાને શકુન્તલાના સ્થાને ગોઠવવાનો પ્રયત્ન કરી જોયો. મેળ બેઠો નહીં. યુગોનું છેટું પડી ગયું છે. ઐશ્વર્ય અને મધુર વચનથી પોતે મોહી જાય તેમ નથી. શકુંતલાએ જે તપ પાછળથી કર્યું તે પહેલાં કરી લેવું સારું છે. જાગૃતિ વિનાના સમર્પણનો શો અર્થ ?

દરવાજાની શોભા વધારતા બે દસ દસ ફીટ ઊંચા મિનારાઓની ટોચે મૂકેલા ગોળ દૂધિયા દીવા જાણે પોતાની અંદર જ પ્રકાશિત હોય તેવા લાગતા હતા. બહારની સૃષ્ટિ સાથે એ અતડા લાગતા હતા. અને છતાં બહાર અજવાળું પણ એમનું જ હતું.

ધીમે ધીમે નિશિગંધાની મહેંક વધી ગઈ. અમૃતા પોતાના દેહને શિથિલ કરીને સૌરભને અનુભવી રહી. થોડી વારમાં તો એને લાગ્યું કે પોતાનો શ્વાસ પણ મહેંકવા લાગ્યો છે. એને થયું કે પોતે પોતાને ભૂલી જઈને આ વાતાવરણમાં ભળી જઈ શકે તો કેવું સારું !

એને લાગ્યું: પોતે હવે ઊંઘી જવામાં છે. ગઈ કાલે સાંજના સાડા આઠ વાગ્યે અનિકેતનો ફોન આવ્યો ત્યારે પહેલાં તો એને વિશ્વાસ ન બેઠો. નોકરે સાંભળવામાં ભૂલ કરી હશે. ઉદયનનો ફોન હશે. અનિકેત અત્યારે ફોન ન કરે. પણ એણે અવાજ સાંભળ્યો ત્યારે એનો ચહેરો જોનાર કોઈ ત્યાં હાજર ન હતું. 'અભિનંદન...

વધામણી. બહુ આનંદ થયો, ડૉ. અમૃતા!' અતિ આનંદ પણ અસ્વસ્થ કરી મૂકે. ઊંઘ આવતી ન હતી.

એ હીંચકા પરથી ઊભી થઈ.

શયનગૃહમાં પ્રવેશી સૂઈ ગઈ.

આછા જાંબલી રંગનો નાનો બલ્બ પલંગની સફેદ રેશમી ચાદર પર સ્પર્શ- મધુર નીલિમા પાથરી રહ્યો. અમૃતાએ પડખું બદલ્યું. આંખો બીડી. સેમલના રેસાનું બનેલું એક હલકુંફૂલ ઓશીકું મોં પર દબાવ્યું. એક-બે વાર હાથ હલ્યા તે કારણે કંકણ રણક્યાં તે સિવાય એ ઊંઘી ગઈ તે પહેલાં અને પછી રૂમમાં શાંતિ હતી.

નિદ્રાધીન અમૃતાના ચિત્તમાં નિશિગંધાની સૌરભ નવા રૂપે છવાઈ ગઈ. હીંચકા પર જન્મેલો આનંદલય અહીં પણ ઉપસ્થિત થયો. એણે જોયું—

નિઃસ્તબ્ધ જ્યોત્સ્ના અને પ્રાતઃકાલીન ઉજાસ એકમેકમાં એવાં ભળ્યાં છે કે પોતાના બંગલાના પ્રાંગણમાં અલકાનગરીના કોઈ પ્રાસાદનો પરિવેશ રચાયો છે. એને નૃત્યગીત સંભળાયું. હવાની પ્રકંપિત લહરીઓ ક્યાંથી આ વાતાવરણમાં પ્રેમીઓના મિલનપ્રાપ્ત લોચનનો ઉન્માદ ખેંચી લાવી ? કોણે અમૃતાને નૃત્યાંગનાનો વેશ પહેરાવ્યો ? પગને ચંચલ કરવા ઉદ્યત થયેલાં નૂપુર એણે જોયાં - જોઈ ન શકી - સિંજારવ સંભળાયો. એ નર્તી ઊઠી. એના દષ્ટિક્ષેપમાં વિદ્યુતની ચમક હતી. એનો આ નૃત્ય-સમારંભ જોવા બે ગાંધર્વ આવતા દેખાયા. બીજો કંઈક પાછળ પાછળ આવતો હતો. એનાં ચરણમાં કંઈક સંકોચ હતો પણ ચહેરા પર તો હર્ષનો અતિરેક હતો. બંને જણા પ્રવેશ દ્વારે આવીને ઊભા રહ્યા. એમના માથા પર થઈને શ્યામલ મેઘઘટા પસાર થઈ રહી હતી. તે પણ થંભી અને ઇંદ્રધનુ રચાયું.

નૃત્ય થંભી ગયું.

નૃત્યાંગના પ્રવેશદ્વાર પાસે ગઈ. એ સાર્થકતા અનુભવી રહી હતી. જઈને એ ઊંચું જુએ છે તો ત્યાં કોઈ ન હતું.

અમૃતાએ પડખું બદલ્યું.

# ત્રણ

અમૃતાએ પડદો ખસેડીને બારી ખોલી. શીતળ અજવાળું એના રૂમમાં ધસી આવ્યું. પૂર્વ દિશા પ્રભાતમાં પરિણમી હતી. સૂર્યના આગમન પૂર્વેનો આહ્‌લાદ હવાના અણુએ અણુમાં તરવરતો હતો.

અમૃતાના શયનગૃહ પાસેનો આ બીજો રૂમ હતો. એ એરકન્ડિશન્ડ નથી. સઘળું સમશીતોષ્ણ થઈ જાય એ એને ન ગમે. બહારની આબોહવાનો પણ સંપર્ક ચાલુ રહેવો જોઈએ. દરરોજ સવારે જાગીને તરત એ આ રૂમમાં પ્રવેશ કરે છે. આ રૂમની ચારે દીવાલોમાં કબાટ છે. પૂર્વ દીવાલના કબાટમાં એને પારિતોષિક-રૂપે મળેલી વસ્તુઓ છે. દક્ષિણ તરફના કબાટમાં પ્રાચીન સમયમાં વપરાતાં વાસણોની આધુનિક આવૃત્તિઓ છે. થોડીક શિલ્પાકૃતિઓ છે.એમાં સિદ્ધપુરના રુદ્રમાળના એક અવશેષની અનુકૃતિ છે, રાધા-કૃષ્ણનું એક શિલ્પ છે. તાંબાથી બનાવેલી નટરાજની એક પ્રતિમા છે, સુવર્ણના પતરાથી મઢેલી હાથમાં અમૃતકુંભવાળા ધન્વંતરિની એક પ્રતિમા છે. પહેલાં આરસમાંથી બનેલો છે એક નાનો તાજમહાલ પણ હતો. પણ એક દિવસ એના પર ઉદયનની નજર પડી. 'તું આ કબરને ઘરમાં ક્યાં સાચવે છે ? ચાલ, હું એને અહીંથી લઈ જાઉં.' એ લઈ ગયો. તેણે એ પછી એનું શું કર્યું તેની ખબર ન હતી. અમૃતાએ પૂછેલું ખરું, પરંતુ લગભગ વરસ પછી. ત્યારે એને જવાબ મળેલો - 'પહેલાં થોડા દિવસ કોઈ કબ્રસ્તાન શોધ્યું. મૂકી આવત પણ પછી એક દિવસ સમુદ્રમાં ફેંકી દીધો.' અમૃતા એના સામું જોઈ રહી હતી. ઉદયન બોલ્યો હતો - તાજમહલને જોઈને મને શાહજહાં યાદ આવે છે, એનો પ્રેમ નહીં. એ કબરને થીજી ગયેલું આંસુ કહેવાની ભાવુકતા મારામાં નથી કારણ કે હું જાણું છું કે શાહજહાં પ્રેમી ન હતો, કામી હતો. એ યુદ્ધ પર જતો ત્યારે પણ મુમતાઝને સાથે લઈ જતો.' અમૃતાને કહેવાનું મન થયું હતું - પણ તું ક્યાં એના તંબુનો દ્વારપાળ હતો કે એના પર આવો આક્ષેપ કરવાનો અધિકાર ધરાવે ? એ કહી શકેલી નહીં. આવું કહેવાનું મન થતાં જ લજ્જાશીલ બની ગઈ હતી. અથવા એમ કહેવાવું

જોઈએ - લજ્જાશીલ તો એ છે જ. એના ચહેરા પર અતિરિક્ત લજ્જા ધસી આવી હતી.

ઉદયન મળવા આવ્યો હોય અને અમૃતા બહાર ગઈ હોય કે પછી વ્યસ્ત હોય તો ઉદયન આ રૂમમાં બેસે છે. વિન્સન્ટ વાન ઘોઘનું 'સોરો'નું ચિત્ર જોઈ રહે છે. અમૃતાએ ઘરનાં માણસોની અનિચ્છાએ એ ચિત્રને દીવાલ પર સ્થાન આપ્યું હતું તે જાણીને ઉદયને એને શાબાશી આપી હતી. એ ચિત્ર જોવા ઉપરાંત કલા-વિષયક પુસ્તકો ઉથલાવે છે. એ આ પુસ્તકોને મોંઘાં પુસ્તકો કહીને ઓળખાવે છે. ઉદયને અસ્તવ્યસ્ત કરેલાં પુસ્તકોને અમૃતા પહેલાં તો વ્યવસ્થિત મૂકે છે. પછી એને ચા-નાસ્તો લાવી આપે છે.

આજે અમૃતાને એકાએક ખ્યાલ આવ્યો કે ઉદયન ઘણા સમયથી આ રૂમમાં આવ્યો નથી. એ રૂમની બહાર નીકળી અને પશ્ચિમ તરફની ખુલ્લી અગાશી પર ગઈ જ્યાં કાલે ઉદયન અને અનિકેત સાથે એ બેઠી હતી.

સમુદ્ર તરફ મીટ માંડીને એ ઊભી રહી. એના વિપુલ અને ખુલ્લા કેશરાશિમાં જ્યાં ત્યાં અવકાશ શોધી લઈને સૂર્યનાં કિરણો કપોલ પર સ્થિર થવા લાગ્યાં. સૂર્ય તરફ વળીને એણે મનોમન પ્રણામ કર્યાં. અમૃતા બાર વરસની કન્યા હતી, ત્યારથી સૂર્યની ઉપાસિકા છે. તે પછી બેએક વરસમાં ઉદયન સાથે એનો પરિચય થયેલો. સૂર્ય તરફની શ્રદ્ધા અમૃતાને એની માતાના વારસામાં વળી છે. જેમ માતા સાથેનો એનો સંબંધ તર્કાતીત હતો તેમ સૂર્ય તરફની શ્રદ્ધા વિશે પણ કહી શકાય. આ પરત્વે ઉદયનનો કશો પરોક્ષ પ્રભાવ પણ એના પર પડ્યો નથી. પ્રણામ કરનાર માણસ અનિકેતને ગમે છે. એ પણ માણસોને પ્રણામ કરે છે. ગઈ કાલે રાત્રે વિખૂટા પડતાં એણે મને પ્રણામ કર્યાં...

એક વાર ટૅક્સીમાં વી. પી. માર્ગ પરથી પસાર થતાં અનિકેતે કહ્યું હતું — હું અહીં સિક્કાનગરમાં રહું છું. એફ, નંબર...કયો નંબર કહ્યો હતો ? હા, હા યાદ આવ્યો.

આજે ક્યાંક બહાર તો જવું જોઈએ. ક્યાં જવું તે કદાચ મનમાં તો વહેલું વહેલું નક્કી થઈ ગયું હતું પણ અમૃતા જાણે પોતાનાથી પણ કશું છુપાવવા ઈચ્છતી હતી. તેથી એ ભાષામાં તો આ પ્રમાણે વિચારવા લાગી - ક્યાં જાઉં ? ઉદયનને ઘેર જાઉં ? પણ આજે મારે નિરાનંદ થવું નથી. એ પહેલાં તો મારા આનંદને વધારે વડતો જોઈને ઓછો કરશે. આજે તો બસ આનંદ જીવવો છે. પણ એકલાં બેસી રહીને આનંદ અનુભવતાં ફાવશે નહીં. કોઈ સખીને ઘેર જાઉં ? કાં તો પાનાં રમવા બેસાડશે કાં તો આની, પેલાની, પેલાની અને પેલીની વાર્તા કર્યા કરશે. તો ક્યાં જાઉં ? અનિકેત... પણ હું ક્યાં એને તકલીફ આપવા જાઉં છું ? એ મારે ત્યાં આવે છે તો મારે પણ એને ત્યાં કોઈક વાર તો જવું જ રહ્યું. બસ, અનિકેતને ઘેર જાઉં. સાથે ઉદયનને ન લેવો. એ સાથે હશે તો પથ્થરની જેમ વર્તશે. એને આજે તો લટકતો રાખવો આ પ્રસંગને પછીથી યાદ કરી કરીને એને ચીડવી શકાશે.

કેટલાંક વરસથી ઠરી ગયેલા કિશોર ભાવો અમૃતાના ચિત્તમાં જાગી રહ્યા હતા. બસ જાઉં જ...શું પહેરું આજે ? એક દિવસ પોતપોતાની પસંદગીની વસ્તુઓ અંગે વાતો ચાલતી હતી.અનિકેતે પોતાની એક પસંદગી આ કહી હતી - શુભ્રવસ્ત્રાવૃતા સરસ્વતીનું કલ્પન.

એણે સફેદ ફૂલવૉયલની સાડી પહેરી. ડબલ મોતીની માળાનું નાનું શું ફૂમતું આગળ આવી ગયું. મોતીનાં જ બનેલાં કર્ણાભૂષણ એણે હાથમાં લીધાં. દર્પણ સામે આવી ઊભી. પ્રસાધનનું કામ પતી ગયું હતું. છતાં થોડી વાર પોતાને જોતી રહી, કારનું હોર્ન સંભળાયું. ડ્રાઈવરે કાર તૈયાર કરીને દરવાજા આગળ ઊભી રાખી હશે. અમૃતાએ એને સાંજ સુધીની રજા આપી.

અમૃતાએ આજે જુદો માર્ગ પસંદ કર્યો હતો. ઉદયન સાથે હોય ત્યારે ઘોડબંદર રોડ પછી ગોખલે રોડ અને વર્લી રોડ પરથી પસાર થવાનું રહેતું. સમુદ્રથી ઓછા અંતરવાળા રોડ ઉદયનને વધુ ગમે છે. આજે બીજા માર્ગ વટાવીને અમૃતા ગ્રાન્ટ રોડ સુધી પહોંચી ત્યારે એક વસ્તુ એના ખ્યાલમાં આવી. આજે એ બધું બે નજરે જોતી હતી. એક નજર આકાશમાંથી મુંબઈ પર ઊતરી આવી રહી હતી. બીજી

નજર કારના કાચમાંથી પસાર થઈ રહી હતી. આમ બે નજરે જોવાથી એને મુંબઈ વધારે ગમ્યું.

'યસ, પ્લીઝ !' ઘંટડી સાંભળીને અનિકેત ઊભો થવા ગયો ત્યાં એને યાદ આવ્યું કે બારણુ બંધ કરેલું નથી. એણે સહેજ મોટા અવાજે કહ્યું - 'આવો દ્વાર ખુલ્લાં છે !' અનિકેતને ખબર ન હતી એ કોને બોલાવી રહ્યો છે. ધોતિયું અને ગંજી પહેરીને આરામ ખુરશીમાં બેઠા બેઠા મહાશય એક અંગ્રેજી સામયિક વાંચી રહ્યા હતા.બારણું ખૂલતાં જાણે કે આખું મકાન એની આંખોમાં ડોલી ઊઠ્યું.

સાક્ષાત સુંદરતા ઉંબરે આવીને ઊભી છે. અમૃતા ક્ષણવાર ઊભી રહી. એણે જમણો હાથ સાખ પર મૂક્યો અને અભિરામ ગ્રીવાભંગ કરતી ઊભી રહી. એના થંભવાથી ખુલ્લા દ્વારનો અવકાશ પોતાની વચ્ચે અમૃતાને પામીને દ્યુતિસભર થઈ ઊઠ્યો છે એવું અનિકેતે જોયું.

'તો એક ક્ષણ હજુ વધુ ઊભાં રહો. પૂજાનો સામાન લઈ આવું. આ તમે જ છો, અમૃતા જ છો એ હવે તો સાચું લાગે છે, દૃષ્ટિભ્રમ નથી જ. તેથી તમારું સ્વાગત કરું.'

અમૃતા અંદર ચાલી આવી. એક અપરિચિત વિશ્વ એની સાથે સાથે પ્રવેશી આવ્યું હતું. અમૃતાનું આમ આગમન એણે કદી કલ્પ્યું પણ નહીં હોય. એને અપૂર્વ આશ્ચર્યમાં ગરકાવ જોઈને અમૃતા બોલી-

'મને જોઈને તમને આનંદ થઈ રહ્યો છે. અને તે જોઈને મને આશ્ચર્ય થઇ રહ્યું છે. મને તો એમ હતું કે તમે ગંભીરતાપૂર્વક કહેશો - આવો, પધારો ડૉ.અમૃતા !'

'હા, આવો, પધારો ડૉ.અમૃતા ! બેસો. તમારા આગમનથી અહીંનું વાતાવરણ બદલાઈને નવા રૂપે વિલસી રહ્યું છે તે હવે તમને ગમે તે શબ્દોમાં સંબોધું તોપણ છટકીને બહાર જઈ શકે તેમ નથી. એટલા માટે હવે દ્વાર આગળ ઊભાં રહીને એને રોકવાની જરૂર નથી.'

'તમે બે વાર 'આવો' કહો તેની રાહ જોતી હતી. કારણ કે હું સમય માગ્યા વિના આવી છું.'

'સમયને માગી કે આપી શકાતો નથી. એ નિરાકાર છે, વિરંગ છે. એને એક બિંદુથી શરૂ કરીને અમુક બિંદુ આગળ પૂરો કરી શકાતો નથી. એ ચિરંતન છે. તેનું એવું આદાન-પ્રદાન કરવાનું આપણા હાથમાં નથી. આપણે તો એનાથી નિરપેક્ષ થઈને જે આપણા આપણા અધિકારમાં હોય તેનું જ આદાન-પ્રદાન કરી શકીએ.'

'તમે તો તત્ત્વજ્ઞાની બની ગયા.'

'તમારા દર્શન-માત્રથી, ખરું ને ! બાકી હું ક્યાં તમારી જેમ દર્શનશાસ્ત્રનો અભ્યાસી છું ? હું તો કેવળ દર્શક છું.'

'બહુ નમ્ર થશો નહીં, નહીં તો મારે વિરોધ કરવો પડશે.'

'એમ કહીને તમે ઘણું કહી દીધું.'

અમૃતાનું સ્મિત હોઠોમાં બંધ રહ્યું નહીં. આખા ચહેરા પર લચી પડ્યું. મોતીની માળા અને કર્ણાભૂષણોની પણ એ સ્થિતિમાં શોભા દ્વિગુણિત થઈ ઊઠી.

એ હીંચકા પર બેઠી હીંચકાના આરોહ-અવરોહથી એનાં પ્રભાતરલ અંગો અનિકેતને સ્વપ્નમયતામાં ખેંચી ગયાં. આમ આવીને તરત ઝૂલવા માંડવું અમૃતાને કદાચ પસંદ ન પડ્યું. એણે હીંચકો છોડ્યો. ખાલી હીંચકો પોતાની ગતિની અર્થહીનતા સહી લેવા વિવશ બની ગયો. સામે મુકાયેલા સીસમના ઘોડા પરનાં સામયિકો જોવા અમૃતા ગઈ છે તે જોઈને અનિકેત બાજુના રૂમમાં ગયો અને રેશમી ઝભ્ભો પહેરી આવ્યો. નારીલોકની હાજરીમાં આમ ગંજી પહેરીને ન બેસાય એમ એ માનતો હશે.

'તમામ વિષયનાં સામયિકો મંગાવો છો ! તમારી રસવૃત્તિ વ્યાપક છે.'

વર્તમાન વિશ્વથી અળગાં રહીને આપણાથી કેમ જીવી શકાય ? જોકે આ બધાં સામયિકો તો પરિચય પૂરતાં જ, સંપર્ક પૂરતાં જ. એક-બે વિષયથી વધારેમાં ભાગ્યેજ ઊંડા ઊતરી શકાય. અપવાદ રૂપે કોઈક ઉદયન જેવો માણસ એ કરી શકે, જે શાંતિ વિના ચલાવી શકે તેવો હોય. પોતાના વિષયને બીજા વિષયોના સંદર્ભમાં જાણી શકાય એટલા પૂરતો જ હું આ બધાં સામયિક વાંચું છું. જ્ઞાન અને

વિદ્યાના ક્ષેત્રમાં જગત કેટકેટલું કામ કરી રહ્યું છે ? આપણે તો થોડી જાણકારીથી મન મનાવી લઈએ છીએ.'

અમૃતા રિવોલ્વિંગ ચેર પર બેઠી. અનિકેત ઊભો હતો. હવે હીંચકા પર બેઠો. હીંચકો સ્થિર રહ્યો. ટેબલના પાયાને અંગૂઠાનો ટેકો દઈને અમૃતાએ ખુરશી ઘુમાવી. પોતાને અનિકેતની સંમુખ કરીને બોલી -

'હું માનતી હતી કે......'

અનિકેતની નજર ઊંચકાઈ, અમૃતાની નજરને અધવચ્ચે મળી. પાતળા ધારદાર હોઠ સ્મિતને રોકવાનો યત્ન કરવા છતાં ખેંચાયા. અમૃતાએ નીચું જોઈ લીધું. પોતાના આનંદ પર નિયંત્રણ નથી લાવી શકાતું તે એને નથી ગમતું. મૌનનો આશ્રય લેવાથી પણ કશું પરિણામ નથી આવતું, કદાચ વિપરીત પરિણામ આવે છે તેથી એ પોતાના મનોભાવને જુદી રીતે વાળવા મથી-

'તમારું સ્મિત શું સૂચવે છે તે મને સમજાયું નહીં.'

'કશો અર્થ નહીં, કેવળ આનંદ. કાવ્યશાસ્ત્રની પરિભાષામાં ફેરફાર કરીને કહું તો બધાંય પરતત્ત્વોથી સદ્ય નિવૃત્તિ આપતો આનંદ. આનંદ, કેવળ આનંદ !'

'સાચે જ ? તો તો મારે પક્ષે ચિંતા કરવાનું કારણ રહ્યું નહીં.'

'આનંદની સૃષ્ટિમાં ચિંતાના પ્રવેશ પર પ્રતિબંધ છે. તમને નવાઈ લાગશે કે તમને જોયાં ત્યારે મને ગાલિબનો એક શેર યાદ આવ્યો. એ બે પંક્તિઓમાં રહેલું કલ્પન તમારા આકસ્મિક દર્શનથી હું અનુભવી ઊઠ્યો. કેટલાં વરસ પહેલાં યાદ કરેલી એ પંક્તિઓ આજે અનુભવવા મળી !'

'સાંભળી શકું ?'

'હા, સાંભળો. પણ પહેલાં એક ચોખવટ કરી લઉં જેથી તમને ખોટું ન લાગે. એ પંક્તિઓ કહેવામાં મને એ કહેવા સિવાય બીજું કશું અભિપ્રેત નથી. મહેમાનને કશું અન્યથા ન લાગે તેની હું ખાતરી રાખું છું. તો સાંભળો-

*વો આયે હમારે ઘરમેં ખુદા કી કુદરત હૈ,*
*કભી હમ ઉનકો, કભી હમારે ઘરકો દેખતે હૈં.*

અમૃતાએ આ પંક્તિઓ સંદર્ભરહિત માનીને જ સાંભળી હતી, પણ થોડીક ક્ષણો પહેલાંની ઘટનાએ સ્વયં સંદર્ભ રજૂ કરી દીધો. અમૃતાનું રોકાયેલું સ્મિત ક્યારે લજ્જામાં પરિવર્તન પામ્યું તેની અનિકેતને ખબર પણ ન પડી. નોકરે ચા-નાસ્તો લાવીને મૂક્યાં. ત્રીજાની હાજરીથી બંનેએ ભાવાત્મક પરવશતામાંથી કંઈક મુક્ત થવાની રાહત અનુભવી.

‘શો કાર્યક્રમ છે આજનો ? બહાર નીકળવાની અનુકુળતા છે કે નહીં ?’

‘તમે કંઈ વિચાર્યું છે ? તૈયાર થઈને જ આવ્યાં લાગો છો. પછી પૂછવાની જરૂર નથી, આદેશ બસ થશે. મારે થોડુંક કામ છે. અડધો પોણો કલાક એમાં જશે. મારા એક ગુરુજનનો અહીંની હોટલમાંથી ફોન હતો. થોડા દિવસ પહેલાં એમનો પત્ર પણ હતો. એ મને થોડુંક કામ સોંપવા માગે છે. હું ના નહીં પાડું. હું એમની અદબ રાખું છું, એમને મળીને આવું. વાંધો નથી ને ?’

‘ચાલો, હું તમને ત્યાં પહોંચાડું.’

‘એનાથી ઉત્તમ બીજું શું હોય ? પણ તમને વાંધો ન હોય તો એમ કરીએ કે તમે ઉદયનને મળી આવો અને એ ખાસ કામમાં ન હોય તો સાથે લેતાં આવો.’

‘એને ફોન કરું તો ન ચાલે ?’

‘તો એમ કરો, પણ પડોશી કોઈ કોઈ વાર એને બોલાવતાં નથી, કહી દે છે કે એ તો નથી. અને એમનો પણ દોષ નથી. ઉદયન ઘર ખુલ્લું મૂકીને બહાર ગયો હોય તેવું પણ બને છે.’

‘હું એનો સંપર્ક સાધું છું. તમે જઈ આવો.’

□

અમૃતાએ ઉદયનને ફોન કરવામાં ઉતાવળ ન કરી. આમેય અમૃતાએ ઉદયનને ફોન કર્યો હોય તેવું ભાગ્યે જ બન્યું છે. એમ થવાનું મુખ્ય કારણ ઉદયનના મળવાની

ક્ષિપ્રતા છે. અવારનવાર એ મળવા જાય, મળવા જવાની ઈચ્છા ન હોય તો ફોન કરે અને મળવાનો સમય નક્કી કરે. પછી, હવે તો નક્કી કર્યું છે માટે જવું જ રહ્યું એ કારણ આપીને મનને તૈયાર કરે. અમૃતાને ઉદયનની કોઈવાર લાંબી પ્રતીક્ષા કરવી પડી હોય તેવું બન્યું નથી. કોઈવાર અમૃતા બહારથી આવે તો ઉદયન બેઠો હોય અને એમ ન કહે કે તારી રાહ જોતો બેઠો છું. જે રૂમની આજ સવારે વાત થઈ તે રૂમમાં ઉદયન આજ સુધીમાં ઘણું બેઠો છે.

અમૃતાએ ફોન હાથમાં લીધો. અનિકેતનો ફોન કેટલો વપરાતો હશે? પણ તે સિવાય તો એ રાખે શા માટે? કે પછી મકાન બન્યું હશે તે સમયે જ ફોન માગી લીધો હશે? કદાચ અનિકેતને જ જરૂર વરતાઈ હોય.અધ્યાપકો, વિદ્યાર્થીઓ, લેખકો સાથે એને પરિચય છે. ઉદયન કહેતો હતો કે અનિકેત એની કૉલેજના આચાર્યનો વિશ્વાસુ માણસ છે. વિજ્ઞાનવિભાગનાં પુસ્તકો અને તમામ સાધનસામગ્રીની ખરીદીનું કામ એ સંભાળે છે. અનિકેત પર ઘણા માણસોને વિશ્વાસ બેસે છે કારણ કે અનિકેત વ્યાવહારિક માણસ છે... ઉદયને શા માટે અનિકેતનો એ બધો પરિચય આપ્યો હશે? અને વ્યાવહારિક હોવું તે ઉદયનની નજરે ખોટું શા માટે છે?

ઉદયનને ફોન સુધી આવતાં ઠીક ઠીક વાર થઈ.

‘કોણ અમૃતા?’

‘હા, ઉદયન.’

‘કેમ અત્યારે જગાડ્યો? એક લેખ લખવામાં મોટાભાગની રાત વપરાઈ ગઈ. ત્રણેક કલાકની ઊંઘ પછી જાગ્યો તો જોયું કે ખુરસીમાં બેઠો બેઠો હું ઊંઘ્યો છું. તેથી અસંતોષ થયો. પછી તો મેં પોતાને ઉપાડીને પલંગમાં નાંખ્યો. પછી ઊંઘી લીધું. તને ખબર છે જાણી જોઈને ઊંઘવાની પણ એક મજા હોય છે! સારું થયું, છેવટે તેં જ મારી ઊંઘ ઉડાડી. જે થયું તે, તારો અવાજ તો સાંભળવા મળ્યો! શા સમાચાર છે, કહે!’

‘હું કહું તે માનીશ ?’

‘તારી આજ્ઞા શિરોધાર્ય.’

‘ફરવા જવાનું છે, તું તૈયાર થઈને આવી જા.’

‘એટલું પૂછતી નથી કે નવરો છું કે નહીં ? સીધું ફરમાવી દે છે !’

‘કેમ ? તેં આજ્ઞા માગી હતી તે ભૂલી ગયો ?’

‘સમુદ્ર-કિનારે જવાનું હોય તો હું સ્નાન કર્યા વિના જ આવું. કોઈ હોટલમાં બેસવાનું હોય તો હું ચા પીધા વિના આવું. બજારમાં જવાનું હોય તો હું પૈસા ઘેર મૂકીને આવું. કે પછી એલિફન્ટાની ગુફાઓમાં તો નથી જવાનું ને ?’

‘હમણાં તો તું આવી જા, બાકીનું બધું પછી નક્કી કરીશું.’

‘અનિકેતને સાથે લેતો આવું ?’

‘ના.?’

‘કેમ ?’

‘એને ઘેર જ આવ. હું ક્યાંથી અત્યારે ફોન કરી રહી છું તેની તને હજુ ખબર પડી નથી.’

‘અચ્છા ! તો તું તારે ઠેકાણે નથી ? હવે સમજ્યો. તું અનિકેતને ત્યાંથી બોલી રહી છે ! ભલે !’

‘તું જલદી આવી જા.’

‘જરા અનિકેતને બોલાવ, મારે એને અભિનંદન આપવાં છે.’

‘શેનાં અભિનંદન ? એ બહાર ગયા છે.’

‘એમ ? તો ઘરનો ચાર્જ તેં સંભાળી લીધો છે !’

‘ચલ, બકવાસ પછી કરજે, શેનાં અભિનંદન આપવાનાં છે એમને ?’

'એ તને કહી શકાય તેમ નથી. અભિનંદન તારા વિશેનાં છે, આપવાનાં એને છે.'

'એટલે ?'

'તું ત્યાં દોડી આવી તે નાની વાત નથી.'

'સ્પષ્ટ કહે, તારે શું કહેવું છે ?'

'હું કહું તે પહેલાં તું સમજી ચૂકી હશે. પણ હવે હું બોલીશ તો મારી ભાષા ન સમજવાનો તું ડોળ કરશે.'

'હું અહીં આવી છું તેથી તને આટલો બધો ખેદ થયો ?'

'હા મને ખેદ થયો. હું ખોટું બોલવાનો વિવેક જાળવી શકતો નથી.'

અમૃતાએ ફોન મૂકી દીધો. આરામખુરસીમાં બેઠી. ઊભી થઈ. હીંચકા પર બેઠી. ન ગમ્યું. ઊભી થઈને સામયિકો જોવા લાગી. કશું વાંચવું ગમ્યું નહીં. સમય મંદ ગતિએ વહેવા લાગ્યો.

ઉદયન આવ્યો.

'હું તને સમજી શકતી નથી ઉદયન !'

'તારી સાથે સહમત છું. તું મને સમજી શકી હોત તો...'

'તને સમજવું એટલે તારી મહેચ્છાઓને આધીન રહેવું.'

'એ તારો ભ્રમ છે. પણ એક વાત મારે તને કહેવી જ રહી. મારા માટે આ જગતમાં બીજું કોઈ આશ્રયસ્થાન નથી.'

'કેમ તું તો આત્મનિર્ભર થવાની વાત કરે છે !'

'એ અંગે મને આ રીતે મદદ કરવા ઇચ્છે છે ? તારી મૈત્રી વિના...'

'મેં ક્યારે તારી મૈત્રીનો ત્યાગ કર્યો ?'

'તું નાહક અકળાઈ ઊઠી. ભલે, તું કહે તે સાચું.'

આ વાચચીત દરમિયાન બંનેની આંખો કાટખૂણે રહીને વર્તતી હતી. નોકર ઉદયન માટે ચા-નાસ્તો લાવ્યો. ઉદયને અમૃતા સામે ડિશ ધરી. એણે ઊંચકીને હાથ લાંબો કર્યો. એના હાથમાં નરી ઔપચારિકતા હતી. ઉદયન જલદી જલદી ચા પી ગયો. અમૃતાનો કપ પડી રહ્યો હતો. એ પણ પી ગયો.

'તેં મને આગ્રહ પણ ન કર્યો ? હવે આભાર માન. મેં તારી મુશ્કેલી ઓછી કરી.'

'બહુ કષ્ટ પડ્યું હશે ?'

'તું જે આપે તે હું પી જાઉં અમૃતા ! મને વિશ્વાસ છે કે તું આપે તે મારા માટે પેય હોય જ.'

એ વાંચવા લાગ્યો. પણ પાનાં પર મુદ્રિત થયું હતું તે એ વાંચતો ન હતો. સામયિકનું પાનું તો નીચું જોઈ રહેવાનું બહાનું હતું. એના મનમાં કંઈક ચાલી રહ્યું હતું—અનિકેતમાં એવું શું છે કે અમૃતા દોડી આવી ? લક્ષણ તો પહેલાંથી વરતાઈ રહ્યાં હતાં. હવે મારે આમના વ્યવહારનો અભ્યાસ કરવો પડશે. અનિકેતમાં એવી કઈ વિશેષ યોગ્યતા છે કે એ અમૃતાને મારી નજીકથી ખેંચી જાય ? અનિકેત તો એક દિવસ કહેતો હતો કે એ લગ્ન અંગે કશું વિચારતો નથી પરંતુ એણે એમ કહ્યું તે દિવસ સુધી એણે અમૃતાને જોઈ ન હતી. એમનો સંપર્ક વધતો ગયો. અમૃતાને હું જ એની પાસે લઈ ગયો હતો. શા માટે ? શું એમ બતાવવા તો નહીં કે જો મારી સાથે આ એક વ્યક્તિ છે જે બીજા કોઈની સાથે ન હોઈ શકે ? એમ પણ હોઈ શકે. પણ અમૃતા તો જાણે છે કે હું આજ સુધી એની સાથે તટસ્થતાથી એટલા માટે વર્ત્યો છું કે...'

'શું વાંચે છે ઉદયન ?'

'હું તારી ક્ષમા માગું છું, અમૃતા ! ક્ષમા માગવાની મારી તૈયારીનું મૂલ્ય તું સમજી શકે છે.આજ સુધી મેં કોઈની ક્ષમા માગી નથી. મારાથી જાણે અજાણે તારું અપમાન થઈ ગયું છે. તને આ રીતે વ્યગ્ર કરી મૂકવાનો મને કશો અધિકાર નથી. એથી ઊલટું હું તો કદી ઈચ્છું પણ નહીં કે મારા કારણે તારે કદાપિ વ્યગ્ર થવું પડે.'

'તું મારી ક્ષમા ન માગે એમ હું ઇચ્છું છું જેથી ક્ષમા ન માગવાનો વિક્રમ જાળવી શકે.'

'તારું વાક્ય સાંભળ્યા વિના જ હું આગળ બોલું છું. તું જાણે છે કે હું સ્પસ્ટ કથનમાં માનનારો માણસ છું. મનમાં હોય તે ભલે પ્રગટ થાય. જે અકળામણ હતી તે બહાર આવી ગઈ. હવે એમાંનું કશુંય મારા મનમાં ઘોળાશે નહીં. હવે હું જે કંઈ બોલ્યો એ અંગે તારે વિચારવાનું છે.'

'કેમ મારા સામું જુએ છે ? મને સાંભળ્યા વિના જ બોલ્યે જા.'

'હા, એમ જ કરી રહ્યો છું. મારું જીવન નિર્જન નદી જેવું છે. કોઈ વાર હું પ્રવાહમાં — મારા પ્રવાહમાં એવો વહું છું કે મારી નિકટ આવીને, છેક કાંઠે આવીને ઊભેલાને મારાથી શી ચોટ લાગશે તેની મને ખબર રહેતી નથી. હા, કાંઠે ઊભું હોય તે મારા પ્રવાહમાં ભળી જાય તો એને ચોટ ન લાગે, એને કશો ખ્યાલ પણ ન આવે.'

'તારા પ્રવાહને રોકવામાં કોઈને રસ હોય તો ?'

'પ્રવાહ નથી તો હું નથી. હું ન હોઉં એમાં કોઈને રસ હોય તો ભલે એમ કરે.'

'તું બોલતો હતો તે વધારે સારું હતું - પ્રવાહ ચાલુ રાખ.'

'હું બોલતો હોઉં છું તે લોકોને નથી ગમતું. કારણ કે હું જે કહેવા જેવું હોય તેને છુપાવવાના સાધન તરીકે ભાષાને વાપરતો નથી - અલંકૃત આવરણરૂપે વાપરતો નથી, અપ્રસ્તુત સંદર્ભોનો મોહક ઉપયોગ કરીને ભાષા દ્વારા હું કશી માયા ઊભી કરતો નથી, કારણ કે સાંભળનારને હું લલચાવવા માગતો નથી. હું અર્થોને શબ્દસ્થ કરું છું. જેની પ્રતીતિ હોય તેટલું જ બોલું છું. અને વાત સાંભળતાં માણસને કંઈનું કંઈ થઈ જાય છે.'

'તું આ બોલ્યો તેમાં 'હું' કેટલી વાર આવ્યું ?'

'હું જીવતો છું ત્યાં સુધી મારા વાક્યોના કર્તા તરીકે 'હું' રહેશે. પણ એની સામે તને પણ વાંધો છે? તારી ગેરસમજ દૂર કરવા બોલી રહ્યો છું તે સમયે પણ તું દુભાઈ રહી છે? કોઈ દુભાય માટે હું બોલતો નથી. સામું માણસ દુભાઈ રહ્યું છે કે નહીં તેની મને ખબર પાછળથી પડે છે. મારા રુધિરમાં સાબરકાંઠા અને પંચમહાલનાં અષાઢી વાવાઝોડાંનો લય છે. મુંબઈના સમુદ્રનાં ઓટસમયનાં મોજાંની મંદ ગતિ હું અપનાવી શકું તેમ નથી. અને એમ થાય તો જ સારું એવું હું માનતો નથી. મારાથી તને પહેલાં પણ કોઈ વાર ખોટું લાગતું તે મેં જોયું છે, પણ આજે તું આટલો લાંબો સમય ધૂંધવાતી રહી છે તે જોઈને હું કહી શકું કે તને ઘણું ખોટું લાગ્યું છે. હું મારી ભૂલ કબૂલ કરું છું...પણ કોઈ કોઈ વાર માણસ પોતાની જ અસંગતિથી વાકેફ થઈ જાય છે અને ત્યારે પણ એનો ચહેરો ઊતરી જાય છે. તારે પક્ષે એવું થયું હોય તો હું ભૂલ કર્યાનો ઈન્કાર કરું છું.'

'હું મારી અસંગતિઓથી વાકેફ થાઉં એ માટે તારે આટલી બધી તકલીફ ઉઠાવવાની જરૂર નથી. મારામાં અસંગતિઓ હોય તો એમને નિભાવવા હું સ્વતંત્ર છું.'

'તું પોતાની સ્વતંત્રતાને સમજી શકે તેમ છે. માટે તો હું તારી સાથે આમ વાત કરવામાં સમય બગાડું છું. બાકી, કલ્ચર્ડ મોતીની ચમકથી હું અંજાઉં તેમ નથી.'

'હવે તારું વક્તવ્ય પૂરું થાય તો સારું. હું કબૂલ કરું છું કે તારા શબ્દોથી મને ખોટું લાગે તો તે મારી નબળાઈ કહેવાય. તારા કોઈ ઉતાવળિયા ઉદ્‌ગારથી મને ખોટું નથી લાગ્યું. તને સાંભળતી હતી તે દરમિયાન હું પોતાને પણ સાંભળતી હતી. તારી સાથે વચ્ચે વચ્ચે એટલા માટે બોલતી હતી કે હું પેલા આંતરિક પ્રવાહમાંથી બચી નીકળું. તેં જે કંઈ કહ્યું તેની સામે મને વાંધો નથી.'

ઉદયન ઊભો થયો અને આંટા લગાવવા લાગ્યો. પણ રૂમમાં ટૂંકા ટૂંકા આંટા લગાવવા એને ફાવ્યા નહીં. શો-કેસમાંથી લાકડાની કેરી લઈને એનો આકાર અને વાસ્તવિકતાનો ભ્રમ કરાવતા રંગો જોવા લાગ્યો. પોતાના નખ વડે એ મિલાવટ પામેલા રંગો વચ્ચે ઊંડી નિશાની કરવાની એને ઈચ્છા થઈ જેથી લાકડું પ્રગટ થાય, રંગોની માયાજાળ ખંડિત થઈ જાય.

'હું પોતાના વિશે ખાતરીપૂર્વક કશું કહી શકું તેમ નથી, પરંતુ આજે કહ્યા વિના રહી શકતો નથી કે તને આઘાત લાગે તેનું નિમિત્ત હું ન બનું તે માટે હવેથી પ્રયત્નશીલ રહીશ. મને એક વાત હાલ જ સમજાઈ - હું તને એકવચનમાં સંબોધું અને તું આનંદ પૂર્વક સાંભળી રહે એનાથી મોટું સુખ મારા માટે બીજું શું હોય? નિયતિમાં હું માનતો નથી તેથી 'સદ્ભાગ્ય' જેવો શબ્દ વાપરવો નથી. અલબત્ત, 'સુખ' શબ્દ પણ મને અતિશયોક્તિ લાગે છે. Life is good, because it is painful.'

અમૃતા ઊભી થઈ. દ્વાર સુધી પહોંચી. પ્રવેશ કરતી વેળાએ અહીં ઊભી હતી ત્યારે અનિકેત એને જે નજરે જોઈ રહ્યો હતો તે નજરે એટલે કે અનિકેતની નજરે એણે પાછી વળતી પોતાને જોવાનો પ્રયત્ન કર્યો. સફળ ન થઈ. એણે એ દશ્યની સ્મૃતિને ખંખેરી નાખી. બોલી-

'હું ઘેર જઈને આવું. જરૂરી કામ યાદ આવ્યું છે. તમે બંને બધો કાર્યક્રમ વિચારી રાખજો. હું સમયસર પાછી આવી શકીશ તો સાથે જોડાઈ શકીશ. તો, હું જાઉં.'

'બહુ મોડું ન કરીશ. કદાચ, મોડું થઈ પણ ગયું છે.' અમૃતા જલદી સરકી ગઈ તેથી ઉદયને આ પ્રમાણે બોલવાનું જતું કર્યું.

□

ઉદયન પોતાના તરફ વધુ ને વધુ અસંતુષ્ટ થતો ગયો: આ આવેશ મને પૂર્ણવિરામથી આગળ ખેંચી જાય છે. મનમાં વિચારનું બીજુ પાસું સ્પષ્ટ થાય તે પહેલાં હું આગળના માઈલ-સ્ટોન સુધી પહોંચી જાઉં છું. પણ મારી ખામી છે તો જે મને સમજવાનો દાવો કરે છે તેણે તો ચલાવી લેવું જ જોઈએ. અમૃતાએ આજે કહ્યું - હું તને સમજતી નથી. કદાચ એ સાચું હશે, નહીં તો આમ અવગણના કરીને એ ચાલી ન જાય. અને કેવું બહાનું કાઢે છે. - મારા મનમાં બીજો પ્રવાહ ચાલે છે...હું પણ જાણું છું કે બીજો પ્રવાહ ચાલે છે. તો ભલે, હવે અનિકેતને સમજવાનો પ્રયત્ન કરી જુઓ. પૃથ્વી પર અમૃતાનો જન્મ ન થયો હોત તો શું ઉદયનના અસ્તિત્વ પર એના અભાવની કોઈ અસર પડત? આ તો એક ધારણા થઈ... આજે સ્થિતિ શી

છે ? અમૃતાના સાન્નિધ્યની અને એની અનુપસ્થિતિની મારા પર પ્રબળ અસર છે. કદાચ તેથી જ હું આજે એને ઘણું બધું કહી બેઠો. અમૃતા જતાં જતાં મીઠડી થવાનો પ્રયત્ન કરતી ગઈ...આમ છટકી જવાનું બહાનું છુપાવીને જવું એ આત્મવંચના છે.

અમૃતા અનિકેત તરફ ઢળી ચૂકી છે. તો એમ કરવાનો એને અધિકાર નથી ? બી.એ.ના પ્રથમ વર્ષમાં હતી ત્યારે એક સાંજે સમુદ્રની સામે જોઈને એણે કહ્યું હતું - 'હું તને ચાહું છું ઉદયન !' એની એ અસ્વસ્થતાને સંધિકાળની મુગ્ધતાની સૂચક માનીને, એના શબ્દોને નિખાલસ કિન્તુ ભોળા ગણીને મેં કહ્યું હતું - 'અમૃતા, પ્રેમ નહીં, સમજ. તે દિવસ મેં સાચું જ કહ્યું હતું ને ? સમજથી નજીક આવેલાં સાથે રહી શકે.' પ્રેમ તો આકસ્મિક કહેવાય છે. જે આકસ્મિક છે. જેના પર મારું નિયંત્રણ નથી તેને પામવાથી શું ? આજે એ સમજ દ્વારા અનિકેત તરફ ઝૂકી હોય તો મને શો વાંધો હોઈ શકે ? એ મને સમજે એમ હું ઈચ્છું તોપણ એ મને સ્વીકારી લે એમ તો કેવી રીતે ઈચ્છું ? અનિકેત...એને હું મિત્ર કહું છું, અને આ ક્ષણે મારો એના તરફનો ભાવ ઘૃણા-રહિત નથી. ઘૃણાના મૂળમાં ક્યાંક ને ક્યાંક સ્વાર્થ રહેલો હોય છે. જાગૃતિ અને સ્વાતંત્ર્ય માટે જીવનાર માણસનું પ્રેરક બળ સ્વાર્થ હોય તો એ જે બોલે છે તે બધી વાતો જ છે.

ઉદયનના મનમાં એવું તેવું ચાલ્યા કરતું રહ્યું. એ કશોય સંકલ્પ કરી શક્યો નહીં. અનિકેતને પોતાનો મિત્ર માનવા છતાં અમૃતાને કારણે એના તરફ જાગતા પ્રતિભાવમાં એ કશો ફેર કરી શક્યો નહીં. મનોમન અનિકેતની નિર્દોષતા કબૂલવા છતાં એ આવ્યો અને એણે પૂછ્યું કે અમૃતા ક્યાં ગઈ, ત્યારે એણે તરત જવાબ આપ્યો :

'વરમાળા લેવા.'

'તો તારે પણ લેવા જવું હતું ને ? એક વરમાળા તમે બંને પહેરશો ?'

'તું બહુ હોશિયારીથી છટકી જવા ઈચ્છે છે.'

'હું ક્યાંય છટકી જતો નથી, મારે સ્થાને છું.'

અનિકેત શરીર ઢીલું મૂકીને હીંચકા પર પડતો હોય એ રીતે બેઠો. સળિયાઓએ આંચકો અનુભવ્યો. વાતાવરણ હાલી ઊઠ્યું.

‘તું તારા સ્થાને હોય તેથી કોઈને આડે ન આવે એવું ઓછું છે ?’

‘તું અમૃતાની વાત કરે છે ને ! હું તારા ભવિષ્યમાં વિઘ્ન બનીને નહીં આવું.’

‘એવી સલામતીની કોઈ ખાતરી મારે જોઈતી નથી. હું મારા વર્તમાનથી સંતુષ્ટ છું, જેને તું ‘મારું ભવિષ્ય’ કહે છે તે તને આપી દેવા તૈયાર છું.’

‘પણ દાન સ્વીકારવા હું તૈયાર હોઉં એટલો બધો લાચાર નથી મિત્ર !’

‘મારું દાન તું ન સ્વીકારે તો પણ બીજા કોઈની માગણી તો સ્વીકારીશ ને ?’

‘હમણાં મને મારા અધ્યયનમાં જ રસ છે.’

‘એટલું જ કે અધ્યયનનો વિષય શો છે તે કદાચ તું નહીં કહે.’

‘તારા ઉકળાટનું કારણ હું સમજી ગયો છું. હવે વિલંબ વિના જે કહેવું હોય તે કહી દે.’

‘તો પૂછી લઉં છું. આ ફક્ત જિજ્ઞાસા માટે નથી પૂછતો. હું સંડોવાયેલો છું તે અંગે જ પૂછું છું. તને કોઈની સાથે પ્રેમનો અનુભવ થાય તો એને પ્રાપ્ત કરવાની તારામાં અભિલાષા જાગે કે નહીં ?’

‘તારા પ્રશ્નનો પૂરો ઉત્તર હું નહીં આપું. પણ એટલું તો કહી શકીશ કે પ્રેમ પ્રાપ્ત થતો હોય છે, અભિલાષા જાગે માટે તે અંગે કશો પ્રયત્ન કરવાનો હોતો નથી. તું માની નહીં શકે એવું પણ હું કહીશ: પ્રેમીને પ્રાપ્ત કર્યા વિના પણ પ્રેમ પ્રાપ્ત થઈ શકે. પ્રેમ અને પ્રેમી એ અવિભાજ્ય ઘટક નથી.’

‘તું વિજ્ઞાનનો વિદ્યાર્થી થઈને પ્રેમ અને શરીરને ભિન્ન ગણે છે ?’

‘હું તારી સાથે અત્યારે માણસ તરીકે વાત કરું છું. હું મારો વિશ્વાસ તને કહું છું. તેને દુનિયાનાં બધાં શાસ્ત્રો અવગણે કે માન્યતા આપે તેથી એમાં કંઈ ફેર પડવાનો

નથી. આ સમગ્ર સાથેનો મારો સંબંધ વિશ્વાસ પર આધારિત છે, કારણ પર નહીં. હું વિજ્ઞાનને છોડીને વિશ્વાસ પાસે આવ્યો છું. અને આ કંઈ મારી બાહ્યા દોડધામની વાત નથી, મારી આંતરસૃષ્ટિની વાત છે. મારી સૃષ્ટિમાં સમગ્રને સ્થાન છે. અને સમગ્રને માપવા જતાં વિજ્ઞાન અધૂરું સાબિત થઈ ચૂક્યું છે. જે તર્કાતીત અને ઇંદ્રિયાતીત છે તેને પણ હું સ્વીકારું છું.'

'વિજ્ઞાન ભલે સર્વગ્રાહી ન થઈ શક્યું હોય, વૈજ્ઞાનિક દૃષ્ટિ વિના તમે સમગ્રને સમજી નહીં શકો. તમારો વિશ્વાસ કે તમારી શ્રદ્ધા તમને ક્યાં ખેંચી જશે તેની ખબર સરખી નહીં પડે.'

'તારે એવો ભય બતાવવાની જરૂર નથી. જેનામાં વિશ્વાસ નથી તેને જ ભયનો અનુભવ થશે. પણ મારે તને નિશ્ચિંત કરવો જોઈએ. અમૃતા પ્રત્યે મને કશો સ્વાર્થ નથી., પણ હું એના સૌંદર્ય વિશે, એની સમજ વિશે, એની શાલીનતા વિશે ઊંચો અભિપ્રાય ધરાવું છું. મેં એના જેવી યુવતીઓ જોઈ નથી. જગતનો મારો પ્રત્યક્ષ અનુભવ ઓછો છે એ પણ મારો આ મત બાંધવામાં કારણભૂત હોઈ શકે. ખોટા પડવાનું જોખમ વહોરીને પણ હું કહીશ કે અમૃતા અદ્વિતીય છે. વિધાતાની આવી રચનાના સૌહાર્દનો અનુભવ થાય તેને હું મારા જીવનની ધન્યતા માનું છું. મને એના માટે આદર છે. પરિચિત-અપરિચિતના આદર-સત્કારને હું મારો વ્યવહાર-ધર્મ સમજું છું તો અમૃતાને હું કેમ કરીને નકારી શકું? એની ઉપેક્ષા કરવાનું મારામાં સામર્થ્ય નથી. અને એવું સામર્થ્ય વધે તે માટે પ્રાર્થના પણ નથી કરવાનો. અમૃતાના પરિચયથી મને આનંદ છે. એ પરિચય તેં કરાવી આપેલો તે માટે હું તારો આભારી છું. પણ મેં આગળ કહ્યું તેમ મને અમૃતામાં સ્વાર્થપરાયણ એવો કશો રસ નથી. મને અમૃતા માટે પક્ષપાત છે કારણ કે અમૃતાને જોયા પછી હું જગત અને જીવનને સૌંદર્યના સંદર્ભમાં જોતાં શીખ્યો છું. પોતાના પુરુષાર્થથી હું જે પામી શક્યો ન હતો તે અમૃતાના આગમનથી પામી શક્યો છું. હું માનું છું કે આ અંગે હવે તારે કશું પૂછવાનું નહીં હોય.'

'ઉદયન ઊભો થયો અને ચાલ્યો. એના બુશશર્ટનો કૉલર પકડીને અનિકેતે બેસાડ્યો.

'શા માટે ઉતાવળ કરે છે ? અમૃતા જરૂર આવશે. પ્રતીક્ષા કર.'

## ચાર

અનિકેતે પોતાના અધ્યાપકના પ્રસ્તાવ પર પૂરતો વિચાર કરીને નિર્ણય કર્યો. એમનો પત્ર મળ્યો તે દિવસથી એ અંગે એ કંઈ ને કંઈ વિચાર કર્યા કરતો. જ્યારે નિર્ણય કરવાનો આવ્યો ત્યારે એણે જોયું કે એક નિર્ણય કરવા સાથે બીજી કેટલી બધી બાબતો સંકળાયેલી છે !

રણનો વધતો વિસ્તાર રોકવાના પ્રયોગો માટે અનિકેતના પેલા વૃદ્ધ અધ્યાપક શક્તિશાળી અધ્યાપકોની એક ટુકડી ઊભી કરવા માગતા હતા. વનસ્પતિશાસ્ત્રના વિદ્વાન તરીકે તો અનિકેત જાણીતો છે જ. એના અધ્યાપકને એ પણ ખ્યાલ હતો કે અનિકેત સંયોજક તરીકે પણ સારું કામ આપી શકશે. આ સંશોધનની સંસ્થા એમણે મહામહેનતે સ્થાપી છે. હવે તો સરકારની પણ મદદ મળનાર છે.

અનિકેતને એની કૉલેજના આચાર્ય અને ટ્રસ્ટીમંડળના સભ્યો છોડવા તૈયાર ન હતા. ૨૦ વર્ષની ઉંમરે એ અધ્યાપક થયો. તે પછીનાં છ વરસમાં બહારની કૉલેજોનાં પ્રલોભનો આવતાં, પણ અનિકેત આદરપૂર્વક ના પાડતો. પોતાની કૉલેજના આચાર્યને પણ તે અંગે એ વાત ન કરતો. એ જાણતા જરૂર. અનિકેતના પગારમાં ઇષ્ટ વધારો કરી દેતા. એનો લાભ અનિકેતની સાથે જોડાયેલા અધ્યાપકોને પણ મળતો. એ લોકો અનિકેતની વિદ્વત્તાની પ્રશંસા કરતા અને પોતાની યોગ્યતા વધારવાની ચિંતામાંથી મુક્ત રહેતા.

ઉદયન આ સમાચાર જાણીને સ્તબ્ધ થઈ ગયો હતો. એમ થવા માટેનાં કારણ એકથી વધુ હશે. એ અનિકેતને શાન્ત અને નિષ્કંટક જિંદગી જીવનારો માનતો હતો. એની આ માન્યતા સાવ ખોટી પડી. બીજું કારણ એ કે એના માટે મુંબઈમાં

ત્રણ માણસોની વસ્તી હતી - અમૃતા, અનિકેત અને ઉદયન, બાકી તો બધું મુંબઈ હતું. એ ત્રણમાંથી અનિકેત જાય છે તેથી સહેજે ઓછી નહીં એવી ખોટ એણે અનુભવી. એક ત્રીજું કારણ પણ હોઈ શકે. પણ એ તો ખાતરી થાય પછી જ કહેવું સારું.

આ સમાચાર જાણીને અમૃતાએ કેવા પ્રકારની લાગણી અનુભવી તે અંગે ઉદયન કે અનિકેતને હજી કશી ખબર પડી નથી.

અનિકેતનું રાજીનામું સ્વીકારવામાં ન આવ્યું, એને ત્રણ વરસની રજા આપવામાં આવી. આ બધું ત્રીજી જૂને પતી ગયું. ગઈ કાલ ઉદયને અમૃતાને વાત કરીને અનિકેત જાય છે તે પ્રસંગે નૌકાવિહારનો એક કાર્યક્રમ યોજ્યો. આવતી કાલે રાતની ગાડીમાં એ ઊપડે છે.

અમૃતા હમણાં હમણાં પરિવારનાં નાનાં મોટાં માણસો સાથે સમય વિતાવતી. દરરોજ સાંજે એ પોતાના મકાનના આંતરિક બાગના ઝૂલે ઝૂલ્યા કરતી. છેલ્લા ત્રણેક દિવસમાં એણે જલકન્યા વિશે જે કંઈ મળ્યું તે બધું વાંચ્યું.

જૂહુના દરિયાકાંઠે નૌકાવિહારની વ્યવસ્થા નથી. અહીંનો સમુદ્ર ઊંડો છે તેથી અહીં જ નૌકાવિહારની સાચી લિજ્જત મળે એમ માનીને ઉદયન દૂર જઈને એક માછીમારની હોડી લઈ આવ્યો.

અમૃતાના મકાનની પશ્ચિમે દરિયો છે. શુક્લ પક્ષમાં સંધ્યાસમય પછી બદલાતું વાતાવરણ જોવાની એને ટેવ છે. સૂર્યનાં કિરણોની ચમક સમુદ્રની સપાટી પર વિદાયના રંગ જમાવી રહી હોય ત્યારે અમૃતા આગાશી પર ઊભી ઊભી નજીક આવેલા અંધકારની કલ્પના કરતી હોય. શુક્લ પક્ષમાં પણ ચાંદની છવાય તે પૂર્વે સૂર્યનો અભાવ સૂચવતી એક ઝાંખપ પોતાની મુદત સાચવી લે છે. પછી ચાંદનીનો ઉજાસ ધીરે ધીરે સંપૂર્ણ પ્રાગટ્યા પામી લે છે. શરૂ શરૂમાં તો સમુદ્ર ચાંદનીના ઉજાસથી લેશમાત્ર પ્રભાવિત ન હોય તેમ નિજમાં નિમગ્ન રહે છે. કાંઠાઓના સ્વાતંત્ર્યને અબાધિત રહેવા દે છે. પણ પછી એક એવો સમય આવે છે જ્યારે

આખો ને આખો સમુદ્ર છલકાવા લાગે છે. અમૃતાની આંખોમાં આખો ને આખો સમુદ્ર શમી જાય છે. શમી ગયેલો સમુદ્ર પોતાનું એક પણ સ્પંદન કોઈને ન સંભળાય એ રીતે વર્તે છે.

ઉદયને નાવને જેમ તેમ કરીને ટકાવી રાખી છે. અનિકેત એ તરફ જઈ રહ્યો છે. સમુદ્રના જલથી ભીની રેતી પર જઈને એ ઊભો રહે છે, દૃષ્ટિને છૂટી મૂકી દે છે. ક્ષિતિજ જોવા ઈચ્છે છે. અત્યારે ચાંદનીમાં ક્ષિતિજ ઓગળી ગઈ હોય તેવું લાગે છે. આકાશ અને ધરતીની કોઈ ભેદરેખા સ્પષ્ટ થતી નથી. સમુદ્ર જ જાણે આગળ વધીને ઊંચો થયો છે અને આકાશમાં રૂપાંતર પામીને વિસ્તર્યો છે. એકત્વના આ અનુભવને - ધરાઆભના ક્ષિતિજરહિત વિસ્તારને એ સમક્ષ રાખવા ઈચ્છે છે. પરંતુ ઉદયન એને બોલાવે છે.

ઉદયને લંગર છોડી નાખ્યું છે. નૌકા પાણી તરફ ધસવા લાગે છે. એ રોકતો નથી. અનિકેત અને અમૃતાને સજ્જ થયેલાં જોઈને એ નૌકાને પાછી વાળે છે.

‘આવી જા, અમૃતા!’

‘લંગર વિનાની નૌકા સ્થિર નહીં રહે. તારાં બે હલેસાંનો આધાર કેટલો ?’

‘લે હલેસાં મૂકી દીધાં, લાવ તારો હાથ.’

‘કદાચ બંને જણ ઢળી પડશું અને ઊંધી વળેલી નૌકા આપણને ઢાંકી દેશે.’

‘તો અનિકેત તને બચાવી લેશે. આમ ખમચાય છે શું ? ચાલ, પગ ઉપાડ.’

‘ઓહ !’

પગ મૂકતાં જ નૌકામાં અસ્થિરતા જાગી ઊઠી. અમૃતાને કંપી ઊઠેલી જોઈને ઉદયન ખડખડાટ હસી પડ્યો,-

‘આ તો કિનારો છે ભીરુ !’

અમૃતા કંઈ બોલી નહીં. નૌકા વચ્ચેની આડી બેઠક પર એ બેઠી. સંકોચ પામેલાં અંગોને સહજ સ્થિતિ પામતાં વાર થઈ. અનિકેતના મનમાં ઉદયનના મુક્ત હાસ્ય

સામે બદલો લેવાની વૃત્તિ જાગી હોય કે પછી કંઈક બીજું વિચારતો હોય, પણ એણે જે રીતે પગ મૂક્યો તે જોઈને તો એમ જ લાગે કે એણે ઘણી બેદરકારી દાખવી. સામે છેડે જઈને સમતુલા જાળવવા ઊભેલો ઉદયન ડોલી ઊઠ્યો હતો. તે જોઈને તત્ક્ષણ તો અમૃતા પણ સચિંત બની બેઠી હતી. ભૂમિ પર બેસતો હોય તેટલી સહજતાથી અનિકેત ગોઠવાઈ ગયો. એણે ઉદયન તરફ જોયું. વચ્ચે અમૃતા આવી હતી. કેન્દ્રમાં બેઠેલી અમૃતાએ જોયું - બંનેની સાથે સરખું અંતર હતું.

ગતિ.

હાથથી સ્પર્શવાનું મન થાય એવું ચાંદનીભરેલું જલ !

હવા. ગતિ અને ચાંદની. ચાંદની અને હવા. ચાંદનીમાં ગતિ. હવામાં ગતિ. જળમાં ગતિ. તેથી ચાંદની પણ જાણે કે ચંચળ. ત્રણેયના હૃદયને માધુરીનો એકસરખો સ્પર્શ. અસર જુદી જુદી.

અમૃતાએ બેસવાની સ્થિતિ બદલી. અનિકેતને પણ જોઈ શકાય એ રીતે બેઠી.

'અનિકેત !'

'હા હું અનિકેત !'

'તમે સંવેદનપ્રધાન ન કહેવાઓ. તમારામાં સ્પંદન કરતાં બૌદ્ધિક નિયંત્રણ વિષેશ વર્તાય છે.'

'એમ ?'

'મારી વાત સાચી છે ને ઉદયન ?'

'હું હા પાડીશ તો તું મને સ્પંદનશીલ કહીને બૌદ્ધિક-નિયંત્રણના અભાવવાળો કહી બેસીશ.'

'કોઈ શું કહી બેસશે એ ભયથી સાચું બોલવાનું છોડી ન દેવાય.'

અમૃતાએ અવાજમાં માધુર્ય ઉમેરીને કહ્યું, જેથી ઉદયન પ્રતિકાર કરવા માટે હલેસાં મૂકી દઈને નાવને રોકે નહીં. એ ન બોલ્યો. કદાચ એ બોલવાનું શરૂ કરે તે પહેલાં અનિકેતે કહ્યું-

'તમે સંશોધન છોડીને સમીક્ષા કરવા લાગ્યાં.'

હવે અમૃતા બોલે તે પહેલાં ઉદયન બોલ્યો-

'જે રચી ન શકે તે સમીક્ષા કરે. જોકે અમૃતાને એ પણ આવડે જ છે એવું કહેવાની હું ઉતાવળ નહીં કરું.'

'હું તો મૌન તોડવા જ બોલી હતી. પણ સાંભળનારાઓ એટલા બધા સભાન કે એમણે પોતાના મનમાં હતા તે જ અર્થ ગ્રહણ કર્યા અને પોતાને એક બાજુ લઈ જવા મારા માથે દોષારોપણ કર્યું.'

'આપણને ગમે તે અભિપ્રેત હોય, સાંભળનાર તો પ્રગટ થયેલા શબ્દોના જ અર્થ તારવે. વાસ્તવમાં આ તુલના કે સમીક્ષા એ બધાને આપણી હયાતી સાથે કશી સીધી લેવા-દેવા નથી. એ બધાં આપણાં આરોપણ છે. તુલનામાં જે કલ્પિત ભેદ સ્વીકારી લઈને ચાલીએ છીએ તે વસ્તુસ્થિતિને પામવામાં ભાગ્યે જ સહાયક બને. આપણા શબ્દો વધુમાં વધુ એટલું જ પુરવાર કરે કે આપણામાં તુલના કરવાની, વિભાજન કરવાની આવડત છે. માણસને બીજા સાથે સરખાવવાની વાત તો દૂર રહી, એના વ્યક્તિત્વમાં આપણને દેખાતાં બે ભિન્ન પાસાંની પણ તુલના કેન્દ્રથી દૂર લઈ જનારી નીવડે. તેથી નિરપેક્ષ વલણ કેળવવું પડે છે. પણ મુશ્કેલી એ છે કે નિરપેક્ષ વલણની ભૂમિકા સ્વીકારવા કેટલાક તૈયાર નથી.'

'એવી કોઈ ભૂમિકા છે જ નહીં. નિરપેક્ષ થવાની વાતમાં પણ ઉપદેશ છુપાયેલો છે. છોડો આ બધી થવાની અને બનવાની વાતો. હોવું એ તમારા માટે પૂરતું નથી ? હા, તમે તમારા હયાતને દગો દઈને ચાલો એ મને પસંદ નથી.'

અનિકેત ઉદયનને જવાબ આપવા જતો હતો કે તું ઉપદેશનો વિરોધ કરીને આગ્રહ રજૂ કરે છે. એ ન બોલ્યો કારણ કે આકાશમાં એણે એક વાદળી જોઈ.

ઉદયને અનિકેતને હલેસાં સોંપ્યાં. નૌકાનો અગ્રભાગ છેડામાં પરિણમ્યો. ઉદયન બે હાથે એક સાથે હલેસાં ખેંચતો હતો, એટલે કે કરવત ખેંચવાની રીતે. અનિકેત વલોણાની પદ્ધતિએ એક પછી એક હલેસું ખેંચવા લાગ્યો. એણે નૌકાની ગતિ બેવડી કરી દીધી. ત્યાર બાદ ગોળ ગોળ ફેરવીને એક વર્તુળ નક્કી કર્યું. એનું કેન્દ્ર નક્કી કર્યું અને પરિઘની રેખા દોરતો રહ્યો. એક આંટો પૂરો કરે ત્યાં મોટા ભાગનો પરિઘ અદશ્ય થઈ જતો હતો. એણે જોયું કે પાણી પર ચીલો પાડી શકાતો નથી. દર વખતે નવી કેડી શરૂ કરવી પડે છે અને પાછળ પાછળ ભૂંસાતી આવે છે તે માનીને ચાલવું પડે છે.

ચંદ્રના પ્રતિબિંબને કેન્દ્રમાં રાખીને એના પરિઘમાં ફરી શકાય કે નહીં? ચંદ્રનું પ્રતિબિંબ આ એક સ્થળે સ્થિર થયેલું છે એવું એ જોઈ શક્યો નહીં. ચંદ્રના પ્રતિબિંબને પણ કેન્દ્રમાં લેવું હોય તો કેવો મોટો પરિઘ યોજવો પડે? આ સાગર પણ નાનો પડે. કદાચ ના. એક નાના ખાબોચિયામાં એ પ્રતિબિંબ પડેલું હોય એની ચોતરફ સહેલાઈથી ફરી શકાય. પણ સમુદ્રની અનંતતાને કારણે જ એ સ્થાનાન્તર પામતું રહે છે.

ઉદયનનું ધ્યાન આ તરફ ન હતું. એ ઘેરાઈ આવવા માંડેલાં વાદળને રસ પૂર્વક જોઈ રહ્યો હતો.

અમૃતાએ જોયું કે અનિકેત શું કરવા મથી રહ્યો છે. એને આટલો બધો મગ્ન જોઈને એ પ્રસન્ન થઈ. એ અનિકેતની સામે સતત જોઈ રહી. અનિકેતને એનો ખ્યાલ આવ્યો. તે જોઈને અમૃતાએ નૌકા પરથી એક તરફ ઝૂકીને પોતાની હથેળીમાં સમુદ્રનું પાણી લીધું અને આંખ સામે ધરી રહી. એમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાતું હતું. અનિકેતે એ પ્રતિબિંબ જોઈ લીધું, જોતો રહ્યો. નૌકાની ગતિ મંદ પડી ચૂકી હતી.

‘તારી હથેલીમાં છે તે પાણી હું પીવા ઈચ્છું છું. આપી શકે તેમ હોય તો હાથ લંબાવ.’

'તારે પાણી પીવું છે કે પછી મારી હથેલીમાં પાણી છે તે જોઈને તું તરસ્યો થયો છે ?'

'તું કહે તે સાચું.'

'તો વૉટરબેગમાંથી પાણી હથેલીમાં લઈને તને પાઉં.'

'એ તો જો અહીં મારા પગ પાસે જ પડી છે. મને તો ખારા પાણીની તરસ લાગી છે.'

ઉદયન કેમ આમ બોલે છે તે સમજવા અનિકેત એના ચહેરાને જોઈ રહ્યો. અમૃતાએ સંકોચ સાથે હાથ લંબાવ્યો. તે ક્ષણે મેઘમાળા ચંદ્ર સુધી પહોંચી ગઈ. અમૃતાની હથેલીમાં ઢળતાં બચેલું પાણી હતું. તેમાં હવે ચંદ્રનું પ્રતિબિંબ ન હતું. એવા કોઈ પ્રતિબિંબની એને પડી પણ ન હતી. એણે તો એટલું જ જોયું કે આ અમૃતાનો જમણો હાથ છે, જે હાથે માણસ બીજાને કંઈક આપે છે. આ હાથ તો ખાલી હોય અને લંબાય તોપણ જોનાર સૌંદર્યની ઉષ્મા અનુભવી શકે. ઉદયન પાણી પી ગયો. આટલી લાલસાથી આ હાથને એણે આ પૂર્વે જોયો ન હતો. હાથ તો પૂર્વપરિચિત હતો પણ આજે એના સ્પર્શથી ઉદયને લાવણ્યનો નશો અનુભવ્યો-

'તું થાક્યાા વિના પાતી જ રહે તો હું આખો સાગર પી જાઉં.'

'સાગરને તું કોઈ રૂપકના અર્થમાં વાપરતો લાગે છે.'

'રૂપક વગેરે તો ઠીક પણ તું સમજી ગઈ હોય તો આનંદની વાત છે.' ઉદયને ઊંચે જોઈને વાક્ય પૂરું કર્યું. આકાશને ઢાંકતો કાળો પટ ચંદ્રને પાછળ મૂકીને ઠીક ઠીક આગળ વધી ચૂક્યાો હતો. હવે હવા ન હતી, પવન હતો.

બહાર નીકળી જવાની વાત કોઈએ ન કરીઃ બોલનાર સલામતી ઇચ્છે છે તેવું જાહેર થવાના ભયથી અથવા તો એમનામાંથી કોઈની બહાર નીકળવાની ઇચ્છા નહીં હોય, મૌન ઘેરાતું રહ્યું. હવે પવન પણ ન હતો - ઝંઝાવાત હતો. આકાશનો એક ટુકડો ચંદ્રની હાજરીની સાક્ષી પુરાવવા પૂરતો ઊજળો હતો પણ હવે ઢંકાઈ ગયો.

ભરતીનો સમય શરૂ થઈ ચૂક્યો હતો.

એક મોજું શમે તે પહેલાં તો બીજું ઊછળતું હતું.

ક્યારે બહાર નીકળવું તે પહેલાંથી નક્કી થયું ન હતું.

પણ હવે ? આકાશ આકાશ ન હતું, અંધકાર ઘૂઘવી રહ્યો હતો. પવને વરસાદની આગાહી કરી.

ઉદયને અનિકેતના હાથમાંથી હલેસાં લઈ લીધાં છે. એના ઉત્સાહનો પાર ન હતો. પવન પહેલાં અંજલિ છાંટે તેમ નૌકા પર બે વાર જલધારા છંટાઈ. ઉદયને બુલંદ અવાજથી ગર્જના કરી અને હલેસાં ઝડપથી ખેંચવા લાગ્યો. ઉદયનની ગર્જના અમૃતાને નિષ્ઠુર લાગી. એ આક્રાન્ત થઈ ઊઠી.

'તું કઈ તરફ હંકારી રહ્યો છે ?'

'ભરદરિયે.'

'તો પહેલાં અનિકેતને કાંઠે મૂકી આવ. પછી હું તારી શક્તિ જોવા માટે આ આંધળા સાહસમાં સાથે રહીશ. આ કાળા તોફાનમાં ઝંપલાવવામાં તું સાહસ માનતો હોય તો બલિહારી છે.'

'આમ ભયભીત શું થઈ જાય છે ? આવી નાની નાવને તો ખભે મૂકીને તરતો તરતો તમને બંનેને હું બહાર મૂકી આવી શકું તેમ છું.'

'તું વ્યાયામવીર છે તેની ખબર છે પણ કહે જો વારુ, આપણો કિનારો કઈ તરફ છે ?' - અનિકેતે પૂછ્યું.

'પૃથ્વી ગોળ છે. એને કિનારો ન હોય. દરેકે પોતાનો કિનારો સાથે લઈને ફરવાનું હોય છે.'

'ફરવા માટે પણ દિશા તો નક્કી કરવી જ રહી ને ?'

ઉદયને આ વખતે કશો જવાબ ન આપ્યો. કિનારો નજીક હોય ત્યારે ખબર પડે કે મોજાં એ તરફ ધસી રહ્યાં છે. પણ ભરદરિયે ? પવનના તીવ્રતાથી ફૂંકાવાને કારણે અને ઘનઘોર આકાશના વરસવાને કારણે મોજાંની મદદથી કિનારો જડી આવે તેમ ન હતો.

અનિકેત વિચારી રહ્યો હતો: ઉદયનની વાત સાચી છે. નાવ અહીં ઊંધી વળે તો અહીં જ કિનારો ! એ આમ વર્તી રહ્યો છે તો શું સાચે જ એનામાં અત્યારે નિર્ભયતા ઊછળી રહી છે ? કે ભયનો વિરોધ કરવાનો એ આમ પ્રયત્ન કરે છે ? મેઘગર્જના સાંભળીને સિંહ પણ સામે ગર્જના કરે છે. આખું જંગલ, ગુફાઓ પર્વત- બધું એ ઘોષ-પ્રતિઘોષની સૃષ્ટિથી કેવો આહ્‌લાદ અનુભવતું હશે? ઉદયને પણ આ તોફાનને પોતાના બુલંદ અવાજથી જવાબ આપ્યો.

અમૃતા આ માણસના ઓજસને નથી ઓળખતી ?

વીજળીના ચમકારામાં ત્રણેયે એકબીજાના ચહેરા જોયા.

'અમૃતા, તું ડરી તો નથી ગઈ ને ?'

'ના.'

'તું અનિકેત ?'

'અરે, લઈ જા દોસ્ત ! આજે તો બસ તારો કિનારો એ જ મારો કિનારો. કોઈ પણ દિશામાં લઈ જા, આ સમુદ્રને કિનારો તો હશે જ. આપણી મુશ્કેલી એ છે કે જે આપણી નજીક છે તેને જ કિનારો કહેવા ટેવાયેલા છીએ. જે દૂર છે તેને જુદી સંજ્ઞાઓથી ઓળખીએ છીએ...'

અનિકેત આગળ પણ કંઈક બોલ્યો. પરંતુ મેઘગર્જનામાં એનો ધ્વનિ ભળી ગયો.

વીજળીના ચમકારા પછી તરત જોવા જતાં સમુદ્ર ને આકાશ એકસરખાં કાળાંભમ્મર લાગતાં હતાં. તફાવત બીજા પ્રકારનો હતો. ઉપરનો અંધકાર વેગ-ભર્યો હતો. નીચેનો અંધકાર ઊછળતો હતો. નીચેના અંધકારમાં અમૃતાને નિર્દય

પ્રાણમયતાનો સંચાર અનુભવવા મળ્યો. એણે જોયું કે અનિકેત ખોબા વડે નાવનું પાણી બહાર કાઢવાને બદલે પોતાનું બુશશર્ટ અને પેન્ટ કાઢીને એમની મદદથી એ પાણીનો નિકાલ કરતો હતો.

ભયજન્ય સૃષ્ટિમાં જીવતી અમૃતાએ વીજળીના ચમકારા દરમિયાન ગંજી અને જાંઘિયામાં અનિકેતના શરીરને શોભતું જોયું હતું. એટલુ જ નહીં, કંઈક એવું અનુભવ્યું હતું જે તરત ભયમાં ભળી ગયું, નહીં તો તેને નામ આપી શકાત.

‘અરે ઉદયન ! તું કિનારે તો નથી લઈ જતો ને ?’

‘મને ખબર નથી.’

‘તો જરા ગતિ ઓછી કરીને દિશા નક્કી કરી લેવામાં શો વાંધો છે ?’

‘નાવને દિશાશૂન્ય કરી દેવામાં તારો કંઈ ઓછો દોષ નથી. વાદળ છવાઈ ગયાં ત્યાં સુધી તું શા માટે ગોળ ગોળ ફેરવતો રહ્યો ?’

‘એમ ! તો તારી સાહસવૃત્તિમાં ચિંતા જન્મી આવી ખરી !’

‘હા, હું મૂંઝાયો છું. હાથમાં થાક પણ વરતાય છે અમૃતા !’

‘લાવ હલેસાં મારી પાસે. હું કિનારા અંગે જ ધ્યાન રાખીને બેઠી હતી. હવે બાહ્ય નિશાની અને આંતર-પ્રતીતિ બંનેના આધારે ચાલી શકીશ.’ એને થયું કે નાવમાં બે જોડ હલેસાં હોત તો કેવું સારું ! આંકડા તો ત્રણ જોડ હલેસાં માટેના છે. આ એક નાવમાં અત્યારે ન હોઈએ તો અને ત્રણે જણ થોડાંક દૂર હોઈએ તો એકબીજાને જોઈ પણ ન શકીએ. કેવો ઘોર અંધકાર છે ! અમૃતાના હાથ કોઈ કોઈ વાર ભોંઠા પડી જતા હતા. મોજાં પર નાવ ઊછળે તે સમયે હલેસું ખેંચાતાં એ પાણીની બહાર રહી જતું હતું. એના હાથની બંગડીઓ રણકી ઊઠતી હતી. એનું ચિત્ત ક્ષણ માટે નિષ્ફળતાના અનુભવથી વ્યગ્ર થઈ ઊઠતું હતું.

અનિકેતે હલેસાં લઈ લીધાં. ઓછા સમયમાં ઘણું અંતર કપાયું. પાણી બહાર કાઢવાનું મને ફાવતું નથી એમ કહીને ઉદયને હલેસાં માગી લીધાં. થોડોક આરામ

મળવાથી એકઠી થયેલી શક્તિને સંકલ્પપૂર્વક બેવડી કરીને એણે નાવની ગતિ વધારી અને મોજાં પર નિયંત્રણ મેળવીને એમનો મનોમન ઉપહાસ કર્યો.

વરસાદ એવો તૂટી પડ્યો કે કોઈ સલામત માણસને ભવ્ય ઉપમાઓ સૂઝી આવે - મેઘ સમુદ્રને શત્રુ માનીને એનું મર્દન કરવા માગે છે, જ્યાંથી અમૃતકુંભ નીકળ્યો હતો, સમુદ્રના તે પેટાળમાં અમૃતાને પહોંચાડી દેવા માગે છે વગેરે.

અનરાધાર વરસાદના એકાએક વધી ગયેલા આક્રોશને જોઈને અનિકેતને કોણ જાણે કેમ પણ એવું પ્રતીત થયું કે હવે વરસાદ બંધ પડી જશે. એણે અમૃતાને કહ્યું પણ ખરું. એને આનંદ થયો.

અમૃતાએ નક્કી કરી આપેલી દિશામાં - મોજાં અને પવનની ગતિની દિશાથી વક્ર ગતિએ ઉદયન આગળ વધી રહ્યો હતો. મોજાંની એક થાપટથી નાવનો આગળનો ભાગ વારંવાર વંકાઈ જતો હતો. આખા શરીરનું જોમ એણે કાંડાંમાં એકઠું કર્યું હતું.

માની લો કે તમે કિનારે ઊભા છો.પેલાં પામ વૃક્ષોની પાસે. સર્વવ્યાપી અંધકારમાં પણ તમે ઊછળતાં મોજાં પર ઝૂલતી વિવશ નાવને જોઈ શકો છો. નાવને પાછળ મૂકી ધસી આવતું મોજું તમારી દૃષ્ટિ વચ્ચે દીવાલ બને છે. નાવ તમને દેખાતી નથી. તમે ભ્રમને વશ થઈને માની બેસો કે નાવ ગઈ. પણ ત્યાં તો પાછળથી વિના વિલંબે ઊછળતું મોજું નાવને ઊંચકે છે. એ ઊંચકાઈને પટકાઈ, એ ડૂબી...તમે માત્ર દર્શક છો છતાં વિહ્વળ બની જાઓ છો...વીજળીનો મર્મવિદારક ચમકારો તમારી આંખો બીડી દે છે. તોપણ તમે જોઈ લો છો કે ભયથી કંપી ઊઠેલી અમૃતા ‘ઓહ’ કરતી અનિકેતની પીઠને બાઝી પડે છે. નાવ ડોલી ઊઠે છે. એની અસ્થિરતામાં બેહદ વધારો થઈ જાય છે. એમ થવાના કાર્યકારણના સબંધને વીસરવા મથતો ઉદયન ફક્ત હલેસાં તરફ જ ધ્યાન આપે છે. તમે આ પ્રમાણે ધારી શકો કે ન ધારી શકો. પેલાં ત્રણ અત્યારે ચોથા કોઈની હયાતીથી વાકેફ નથી.

વરસાદ બંધ પડ્યો. એ જોઈને ઉદયનનો ઉત્સાહ વધ્યો. એણે જે જોયું અને જે જોઈને એણે કંઈક માની લીધું તે કારણે વીજળીના થોડા સમય પહેલાંના ચમકારા એને પોતાના અંતર્નાદની જ્વાળારૂપે યાદ આવે છે. ઉદયનને હજુ પણ પોતાના નિયંત્રણમાં ન રહેતી નાવ પર ક્રોધ ચડે છે. સમુદ્રમાં કૂદીને પોતાના ખભાના એક ધક્કે નાવને કાંઠે ફેંકી દેવાનું બળ પૂરું પાડે એટલો બધો ક્રોધ એ અનુભવે છે. ક્રોધ બળ નથી એવું એણે કદી સ્વીકાર્યું નથી. હાથના સ્નાયુમાં વરતાતા થાકને એ વીસરી જાય છે અને હલેસાંને વધુ ઊંડાં લેવા લાગે છે.

એક અવાજ થાય છે. એ અવાજ નાવના તૂટવાનો અવાજ છે. જમણા હાથમાંનું હલેસું તૂટી જવાથી એનો હાથ ઉદયનની છાતીમાં વાગે છે. એ હલેસું ખેંચવા જતાં જે બળ અજમાવ્યું હતું એ બળ નાવને એક તરફ નમાવી દે છે. પાણીની સપાટી સુધી ઊંચી એક ખરબચડી શીલા સાથે એનું માથું અફળાય છે. ત્રણે જણ પાણીમાં ફેંકાઈ જતાં હોય તેમ કૂદી પડે છે. અનિકેતના પગે પથ્થર અડે છે પણ એ પથ્થરનો પાણીમાં ચારેક ફૂટ નીચે રહેલો ભાગ હતો.

ત્રણે જણ એકબીજાની ખાતરી કરી લઈને નિરાંત અનુભવે છે. 'આપણે છેક આવી ગયાં, ઉદયન ! આ પથ્થર સુધી તો તું ઘણીવાર તરતો તરતો આવી ગયો છે.'

'અનિકેત, તું અમૃતાને મદદ કરજે. આ મોજાંઓની ગતિ અસહ્યા છે.' ઉદયને અમૃતાને જવાબ ન આપ્યો અને અનિકેતને આમ મદદ કરવા કહ્યું તેનું કોઈ ખાસ કારણ નહિ હોય.

અનિકેતે નજીક જઈને અમૃતાને ખભો ધર્યો. એણે આનાકાની કર્યા વિના આધાર ગ્રહણ કર્યો. આ કપડાંમાં પણ એ તરી શકે એમ હતી. ફક્ત એને આ રીતે તરવાની આદત ન હતી.

'ઉદયન !'

એનો કશો અવાજ સંભળાયો નહીં.

'ઉદયન, કેમ પાછળ પડી ગયો ?'

'હવે ઉતાવળ નથી.'

અમૃતાનો હાથ ઉદયનના ખભેથી સરકી જતાં જતાં રહી ગયો. તેથી એણે જમણો હાથ અનિકેતના ગળા નજીક મૂક્યો અને ડાબી તરફ ખસી. વારંવાર થઈ જતા અનિકેતના સ્પર્શથી અને સ્પર્શના પરિણામે એનાં અંગોમાં જાગતાં આંદોલનોથી એને લાગ્યું કે પોતે ગૌરવહીન પરિસ્થિતિમાં મુકાઈ છે. તો પછી અનિકેતનો આધાર છોડી દઈને અલગપણે તરતી કેમ નથી? શું એ સ્પર્શ સાથે અસંપ્રજ્ઞાત મનની કોઈ સમજૂતી થઈ ગઈ છે ? અથવા અનિકેતનો આધાર છોડવા જતાં એને ખોટું લાગે તો ?

'ઉદયન, તું કેટલે રહી ગયો ? કેમ કંઈ બોલતો નથી ?'

ઉદયનને પ્રશ્ન પૂછીને અનિકેત પોતાના મનને એક તરફ વાળવા મથતો હતો ? કે પછી એને ઉદયનની ચિંતા હતી?

'ઉદયન !'

'કિનારે પહોંચ્યા પછી કહીશ.'

'તારા અવાજમાં થાક વરતાય છે. તને કંઈ વાગ્યું તો નથી ને?'

'પછી કહીશ.'

અનિકેત ખમચાયો. અમૃતા પણ સમજી ગઈ હતી કે ઉદયન સરળતાથી તરી શકતો નહીં હોય.

'એને પેલો પથ્થર તો નહીં વાગ્યો હોય?' તમે એને સાથ આપો. હું સરળતાથી બહાર નીકળી જઈશ. એક મિનિટ જરા થોભજો. હું સાડીને બરાબર બાંધી લઉં.'

અમૃતાને સાચવીને નીકળી જવાનું કહીને અનિકેત પાછો વળ્યો. એણે ઉદયનને બાવડેથી પકડ્યો કે તરત એનું શરીર શિથિલ થઈ ગયું. એમની વચ્ચે બહુ વાત ન થઈ. બહાર નીકળવાનો પ્રયત્ન કરવાની સાથે સાથે ઉદયનના શરીરને સાચવવાનું

હતું. તે દરમિયાન અનિકેતે જાણી લીધું કે ઉદયનના કપાળમાંથી લોહી વહી રહ્યું છે. કપાળના જમણા ખૂણે વાગ્યું હતું. ખૂબ ઉતાવળ કરવાની જરૂર લાગી.

પગ નીચે ધરતી આવી ગઈ ! પાછાં વળતાં મોજાંમાં હવે તો બની શકે એટલું ટકી રહેવાનું હતું. બહાર ધસી આવતાં ત્રણ મોજાંના ધક્કાએ એમને કિનારા પાસે લાવી મૂક્યાં.

વાદળનું આવરણ પાતળું થવા લાગ્યું હતું.

ઉદયન રેતીમાં પગ રોપીને ઊભો રહ્યો. એ શરીરને ઊભું રાખવા માગતો હતો. પણ એક ક્ષણે એની સાવધાની શિથિલ થઈ ગઈ અને એ બેસી પડ્યો.

ચંદ્ર દેખાયો. અમૃતા કપડાં નિચોવતી થોડીક દૂર ઊભી હતી.

ઉદયનનો ચહેરો લાલ લાલ થઈ ગયો છે. અલબત્ત, ચાંદનીમાં લાલ રંગ લાલ ન લાગે; પણ વહીને કાળું પડવા લાગેલું લોહી પણ લાલ રંગનો જ વિભાવ જન્માવે. તેથી અનિકેતને ઉદયનનો ચહેરો લાલ લાગ્યો. એ પાસે બેસીને ઘા કેટલો ઊંડો છે તે જોવા લાગ્યો. ચિંતા કરવાને કોઈ કારણ નથી. એણે કહ્યું સહેજ જુદી રીતે—

'સહેજે ચિંતા કરવા જેવું નથી. બાકી એક વાત તો કહેવી પડશે દોસ્ત ! તેં નાવ પર અદ્‌ભુત નિયંત્રણ રાખ્યું. આ પ્રસંગ તો યાદ રહી જશે. માણસમાં આવું અસાધારણ શરીરબળ જોઈને પણ મને એના માટે આદર જાગે.'

'હું આગળ જઈને મારા ફૅમિલીડૉક્ટરને બોલાવું. તમે શાંતિથી આવો, પણ...' ગંજી અને જાંઘિયામાં ઊભેલા અનિકેતને જોતાં અમૃતાના ચહેરા પર હાસ્ય છુપાયું નહીં.

'તું કશી ધમાલ ન કરતી. અનિકેતના એક મિત્ર ડૉક્ટર છે. એમને અમે બોલાવીશું.'

'તો તમે કૉર્નર પર આવો. હું ત્યાં સુધી કાર લઈ આવું છું.'

એક ફર્લાંગ જેટલું અંતર હતું. ઉદયન ઊભો થઈને ચાલવા લાગ્યો. વીસેક ડગલાં ચાલીને થંભી ગયો.

'તને વાંધો ન હોય તો હું તને ઉપાડી લઉં.'

'હજુ મને થોડો પ્રયત્ન કરી જોવા દે. ચાલતાં ચાલતાં પડી જાઉં તો ઊંચકી લેજે.'

'પોતાની સાથે આમ ક્રૂરતાથી કેમ વર્તે છે?'

'ભાનમાં હોઉં ત્યાં સુધી મારે ઓછામાં ઓછું મારું વજન તો ઉપાડવું જોઈએ ને!'

'એ અંગે વધારે પડતું ભાન રાખવાની જરૂર નથી. હું સહેલાઈથી તને ઉપાડી લઈશ. એક વાર પિકનિકમાં ગયેલા અને એક વિદ્યાર્થી ઝાડની ડાળ તૂટતાં પડ્યો. બીજું કશું સાધન હાજર ન હતું. હું એને લગભગ અડધા માઈલ સુધી ઉપાડીને દોડવાની ગતિએ ચાલ્યો હતો.'

ઉદયન કશુંય બોલ્યા વિના ઊભો રહ્યો. અનિકેતે એને ઉપાડી લીધો.

'અલ્યા! તારું વજન દેખાય છે તેથી ઓછું લાગે છે.'

'ગઈ સાલ એકસો પાંત્રીસ રતલ હતું. તે પછી વધવાને કશું કારણ નથી. તારું હમણાં હમણાં વધ્યું હશે! ભલે વધો.'

'તારી શુભેચ્છાનું રહસ્ય સમજી શકું છું. એકસો પચાસની આસપાસ રહે છે. હું તારાથી શરીરની સંભાળ વધુ લઉં છું એ તું જાણે છે. તેથી મારા માટે એ ગૌરવપ્રદ તો ન જ કહેવાય.'

'આ તેં બાંધેલો હાથરૂમાલ ઢીલો થઈ ગયેલો લાગે છે. માથામાં સણકા આવે છે. જરા ખેંચીને બાંધ ને.'

અનિકેતે ઉદયનને નીચે ઊતાર્યો. બંને સામસામા ઊભા હતા. રૂમાલ ટૂંકો પડતો હતો. ગાંઠ બરોબર વળી શકતી ન હતી તેથી થોડી વાર થઈ. ઉદયને જોયું કે પોતાની ઊંચાઈ અનિકેત કરતાં લગભગ એક ઈંચ ઓછી હશે. એણે અનિકેતનો ચહેરો આજે રસપૂર્વક જોયો. અર્જુનના એક ચિત્રમાં ચિત્રકારે આવો જ ચહેરો રચ્યો હતો. કશું કહ્યા વિના જ અનિકેત એને ઉપાડીને ચાલ્યો. અમૃતાએ કારનું હૉર્ન વગાડ્યું. હજુ સો ડગલાંનું છેટું હતું.

‘ભાઈ જરા ધ્યાન રાખ ને! આ રૂમાલમાં થઈને મારા બરડા પર તારું લોહી ટપક્યું. તું ત્યાં હાથ રાખે તો શું ખોટું ?’

‘હું એવો કાયર નથી’

‘તો આ રીતે તારી નિર્ભીકતાની મારા પર કોઈ છાપ નહીં પડે. સલામતીની કાળજી લેવામાં કાયરતા ક્યાંથી આવી ગઈ ?’

ઉદયને માથે હાથ મૂક્યો. એ પછી બંને કશું બોલ્યા નહીં. અમૃતા આટલી વારમાં કપડાં બદલીને કાર લઈને આવી ગઈ! દોડતી ગઈ હશે.

બંને પાછળની સીટ પર બેઠા. અમૃતા કાર ચાલુ કરે તે પહેલાં અનિકેત બોલ્યો.

‘તમને વાંધો ન હોય તો હું ડ્રાઈવિંગ કરું. તમે ઉદયનની સાથે બેસો.’

‘હા, મને એ ગમશે.’ અમૃતા તુરત બહાર આવી ગઈ. ઉદયનને અડીને બેઠી. એના માથે હાથ મૂકીને જોવા ગઈ. ‘ઓહ્ હજુ લોહી વહે છે !’

આંચકા સાથે કાર ઊપડી. પાછળ બેઠેલાંએ અંદાજથી માન્યું કે ઝડપ સાઠ અને સિત્તેરની વચ્ચે હશે.

તમે બંને ધીમે ધીમે દાદર ચડો હું ડૉકટરને ફોન કરી લઉં. ત્રણ ત્રણ પગથિયાં કૂદતો અનિકેત ઉપર ચડી ગયો. બારણું ઉતાવળથી ખોલવાને કારણે ખખડ્યાું. એ દાદર ચડી રહેલાં બંનેએ સાંભળ્યું.

ડૉકટરને જાગીને ફોન પર આવતાં વાર થઈ. ‘જલદી આવો, હું અનિકેત. ઉદયનને માથામાં વાગ્યું છે.’ એટલું કહીને એણે ફોન મૂકી દીધો. ઉદયન સોફા પર જઈને બેઠો ત્યાં સુધી અમૃતા ઉદયનની ભુજા પકડી રહી હતી.

‘હવે તો મૂક ! આને એમ છે કે આના ટેકાથી હું આટલે સુધી પહોંચ્યો છું. આને મારા દસમા ભાગનું વાગ્યું હોત તોપણ હજુ સુધી મૂર્છા વળી ન હોત !’

‘કેમ મારો ટેકો તને સદી ન શક્યો?’

‘અરે હું તો એવું ઇચ્છું કે આવું મને રોજ વાગ્યા કરો. તમારું બંનેનું અને ખાસ તો તારું ધ્યાન અત્યારે મારા તરફ કેટલું બધું છે ! તને મારી આમ ચિંતા કરતી જોઈને હું હસું છું.’

‘ચાલ, અંદર આવ. કપડાં બદલીને સૂઈ જા.’

પાણી ગરમ કરવા મૂકી દીધું હતું. ડૉકટર આવ્યા ત્યાં સુધીમાં માથું ધોઈને અનિકેતે ઉદયનને પલંગ પર સુવાડી દીધો હતો. ડૉકટરે બે ઈંજેકશન આપ્યાં. પાટો બાંધ્યો. કેટલું લોહી વહી ગયું હશે તે પ્રશ્નના ઉત્તરમાં ડૉકટરે કહ્યું કે ચિંતા કરવાને કોઈ કારણ નથી. આરામની જરૂર રહેશે. બનતાં સુધી તો ઘા પાકશે નહીં. બીજે કયાંય બેઠો માર ? ખાસ વાગ્યું નથી ને ?

‘આ જે વાગ્યું છે તે પણ કયાં ખાસ છે ? તમને મધરાતે જગાડ્યા તે માટે અફસોસ પ્રગટ કરવો કે તમારો ખૂબ આભાર માનવો ?’

‘કાલે બપોરે હૉસ્પિટલ પર આવો. સ્ક્રીનિંગ કરી લઉં. પછી આભાર માનજો.’

‘મારે આમ સૂઈ રહેવું જરૂરી છે?’

‘ખાસ જરૂરી.’

ડૉકટરના ગયા પછી ઉદયને પાનાં રમવાની દરખાસ્ત મૂકી પણ બહુમતીથી ઊડી ગઈ. અનિકેતે કહ્યું કે અમૃતાએ હવે જવું જોઈએ. બહુ મોડું થયું છે.

અમૃતા ઘેર પહોંચી ત્યારે દીવાનખાનામાં બ્રીજ રમતાં એનાં ભાઈ-ભાભી અને મહેમાનો બેઠાં હતાં. એમની સાથે થોડું બેસવાની ઇચ્છા થઈ. દ્વાર સુધી પહોંચતાં એણે પોતાનો સંદર્ભ સાંભળ્યો. એ અટકી ગઈ. દાદર તરફ વળી અને પોતાના શયનગૃહમાં પહોંચી ગઈ.

આ સ્થિતિમાં ઉદયન અનિકેતને ઘેર જ રોકાયો. અલબત્ત, અનિકેત એને રોકી રાખે માટે. બાકી ઉદયનનું તો ભલું પૂછવું.

# પાંચ

ઉદયનને લાગ્યું કે દર્દનો અંત ભાગ જ એ અનુભવી શક્યો. સણકો ત્વરાથી વીતી ગયો. કોઈ ઝેરી સુંવાળું સાપોલિયું અડકતું સરકી જાય પછી જ એનો પૂરો ખ્યાલ આવે એમ સણકો પૂરો થઈ ગયો ત્યારે જ એનાથી જ્ઞાત થવાયું. પોતાના મસ્તકમાં જાગી ઊઠી હતી તે વેદનાને સમજવા માટે પણ એને હવે કલ્પનાનો આશ્રય લેવો પડ્યો. એ બીજા સણકાની રાહ જોવા લાગ્યો. એ ઈરાદાથી કે આ વખતે તો દર્દને સામટું અનુભવી લેવું - સાદ્યંત જાણી લેવું. સણકાના માધ્યમથી પોતાના અસ્તિત્વમાં તરવરી ઊઠતી ચેતનાને જાણવાની આજે તક મળી છે એવું માનીને એ બીજા સણકાની રાહ જોવા લાગ્યો.

બીજો સણકો. એ પણ છેતરી ગયો. સામટા દર્દનું સ્વરૂપ અજાણ્યું રહી ગયું. સભાનતા ખપ ન લાગી. દર્દ સભાનતાને ભેદીને પાર નીકળી ગયું. ટકાવી રાખેલી જાગૃતિ વેડફાઈ ગઈ. જે દર્દ અને એનું કારણ પોતાના શરીરમાં છે તેને પૂર્ણપણે જાણી લેવાની શક્તિ મારામાં નથી ? ઉદયન અકળાયો. પેલા ઘાને મસ્તકમાંથી છૂટો પાડીને આંખ સામે લાવવાની ઇચ્છા જાગી. પોતાના હાથની મદદથી એવું કરી શકાતું હોત તો કેવું સારું !

સણકાને સમજવા એણે ઈતર આશ્રય શોધ્યા. નાનપણમાં એણે સાંભળેલું - ફલાણા માણસને ધનુર ધાયું છે. એ લાકડાં કાપતો હતો ત્યાં કુહાડો ફંટાયો અને એનો અડધો અંગૂઠો કપાઈ ગયો. એને તાણ આવી. શરીરની બધી નસો ખેંચાવા લાગી હતી. એ મરી ગયો. કિશોરાવસ્થામાં થોડા ઘણા ઘા તો ઉદયનના શરીર પર થયેલા. એને કેમ એવું નહીં થયેલું ? આજે પણ સણકાઓની ઝડપ વધી જાય તો એ ધનુરમાં પરિણમશે ? પણ ડૉક્ટરે ઈન્જેક્શન તો આપ્યું છે. ઈન્જેક્શન આપ્યું તે પહેલાંથી જ અસર શરૂ થઈ ગઈ હોય તો ? પોતાના શરીરને શું થાય, શું ન થાય તે વિશે હું કેટલું ઓછું જાણું છું ! મારે શરીરવિજ્ઞાન અને તબીબીવિદ્યાનાં પુસ્તકો વાંચવાં જોઈએ. આજ સુધી એ અંગે કેમ ખાસ કંઈ વાંચી શકાયું નહીં ? પણ વાંચવાથી શું વળશે ? એકનો એક રોગ માણસના શરીરમાં પ્રવેશીને નવું સાયુજ્ય

પામે છે. જેમ દર્પણે દર્પણે અલગ પ્રતિબિંબ તેમ માણસે માણસે રોગનું વિશિષ્ટ સ્વરૂપ. તોપણ લોકો વ્યાખ્યા કરે છે, નિયમો તારવે છે. વળી, રોગ અને ઘા એ બે તદ્દન જુદી જ રીતે કામ કરે છે. કશું સમજી ન શકાય. આ વિવશતા તો અસહ્યા કહેવાય. એક વખત એક રેલવે-અકસ્માત જોયેલો. કામ કરનારો માણસ ભારખાનાના ડબ્બા અને રેલવે એન્જિનની વચ્ચે ઊભો ભીંસાઈ ગયેલો. એના પેટમાં લોખંડના કેવા કેવા આકારો ઘૂસી ગયા હતા ? એન્જિન અને ડબ્બાની વચ્ચે ઉપર તરફ એ માણસનું ધડ દેખાતું હતું. એ ભાનમાં હતો. વાત કરી શકતો હતો. ડબ્બાને અને એન્જિનને અલગ કરીને એને બહાર કાઢવા ગયા - શરીર સાથે એકરૂપ થઈ ગયેલા લોખંડને અલગ કરવા ગયા. એક તસુ પણ જગા નહીં થઈ હોય ત્યાં તો પેલાની આંખો ફાટી ગઈ. એ પ્રસંગ ઉદયન માટે મૃત્યુની એક અનુભૂતિ બની ગયો. આજે કેટલાંક વરસ પછી એ પ્રસંગ એને યાદ આવ્યો ! તે દિવસ જોતાં જોતાં એ પ્રસંગને પોતે જીવી શક્યો હતો તેથી વધુ તો આજે જીવી શક્યો. આજે એણે પોતાને એન્જિન અને ડબ્બાની ભીંસમાં મૂકી જોયો... પણ ઓહ ! આ સણકો... શું પેલા માણસના મૃત્યુથી આ સણકો મોટો છે ? તો પછી કેમ એ પેલા પ્રસંગને ભુલાવીને મને ખેંચી ગયો ?

પડખું બદલીને એણે ઊંઘવાનો પ્રયાસ કર્યો. બે હાથને ઉશીકા પર લઈ ગયો. હાથના સ્નાયુ દબાવી જોયા, અક્કડ થઈ ગયા છે. તો શું સવારમાં દુઃખવા લાગશે ? એણે ફરીથી હાથના સ્નાયુ અને ખભા દબાવી જોયા. હલેસાં ચલાવવાના તો અનેક અનુભવ છે, પણ આ રીતે ?

એકાએક નદીના અને સમુદ્રના પાણીની ઘનતાનો ભેદ એની ચામડીએ અનુભવ્યો. એને એક બીજી ઘટના યાદ આવી. પિતાજીએ ત્યારે શિક્ષકનો ધંધો છોડી દીધો ન હતો. એ સાથે સાથે લાકડાંનો વેપાર કરતા. એમની સાથે એ ભિલોડાથી શામળાજી તરફ ગયેલો. શરદ પહેલાંના કે ભાદરવા માસના આરંભના દિવસો હતા. મેશ્વો નદીમાં ઠીક ઠીક પાણી હતું. એક આદિવાસી કિશોર નદીમાં નાહવા પડવાની તૈયારી કરતો હતો. ઉદયન એની સાથે વાતે વળ્યો. પેલાએ કહ્યું કે હું સામે પાર

નીકળી જાઉં તો શું આપવું છે? ઉદયને જવાબ આપ્યો - આપું શું? હું પણ તારી સાથે, બનતાં સુધી તારી પહેલાં સામે પાર નીકળી જાઉં. બંને- એ હોડ બકી, ભોરિંગની ગતિએ દોડતી મેશ્વોમાં ઉદયને ઝંપલાવ્યું. એણે સામે પાર નીકળી જવાની ઉતાવળ ન કરી. પ્રવાહમાં ઊછળવાની અને પાણી સાથે ગેલ કરવાની મજા આવી. પેલો કિશોર પ્રવાહ સામે ઝઝૂમી રહ્યો હતો. એને શું થયું કે એના મોંમાંથી ચિત્કાર નીકળી ગયો. હવે તો એ ડૂબી ન જાય એ માટે મથતો હતો. ઉદયને થોડીકવાર ખેલ જોયો. પછી એને પકડી લીધો.

આ ઘટના સ્મરણમાં પૂરી થઈ ત્યાં એને એ ભૂમિનું તરબતર ચોમાસું યાદ આવ્યું. ભીની જમીન પર ઠેર ઠેર પડી ગયેલા વહેળા, ફણગાઈ ઊઠેલું ઘાસ, વરસાદ રહી ગયા પછી ઝાડ પરથી ચૂતું પાણી, પવનના ઝોકાથી પાંદડામાં જાગી ઊઠતો ભીનો ભીનો મર્મર, ભાતભાતના ઘાસ પર ડોકાઈ ઊઠેલાં રંગબેરંગી નાનકાં ફૂલ, બાજરીનાં લચેલાં ખેતર અને મકાઈનાં ડોલતાં ડૂંડાં... એણે પડખું બદલ્યું.

વિજયનગર મહાલમાં શિયાળાના અંત ભાગે ખીલી ખીલીને પલાશ બની ઊઠતા ખાખરા...વાંકાં કેસૂડાંનો રંગ...સાગની ઝાડી...

અનિકેતે લાઈટ કરી. એક હાથમાં ગોળીઓ અને બીજા હાથમાં પાણી ભરેલું પ્યાલું લઈને એ ઊભો હતો. ઉદયન બેઠો થયો. અનિકેતના હાથ ખાલી કર્યા. સૂઈ ગયો. એના હાથ અને લમણે અડકીને એણે લાઈટ બંધ કરી. ગયો.

કૉલેજકાળ દરમિયાન તરવાની હરીફાઈઓમાં ઉદયને ઘણી વાર ભાગ લીધેલો. એક હરીફાઈ વખતે એના હરીફો બહુ પાછળ રહી ગયેલા. એ સહેજ થંભ્યો. બધાને પાસે આવવા દઈને પછી એ ઊપડ્યો. પ્રેક્ષકોએ તાલીઓના ગડગડાટથી એને નવાજ્યો હતો. બહાર આવીને છૂટાછવાયા ઊભેલા હરીફોનું એણે સિંહાવલોકન કર્યું હતું. પ્રેક્ષકોમાં અમૃતા પણ હતી, બલ્કે અમૃતા પ્રેક્ષકોમાં મુખ્ય હતી. એ જૂના પ્રસંગનું ગૌરવ તાજું કરવામાં ઉદયન આ ક્ષણે ન ફાવ્યો. આજે જે થયું તે કલ્પના બહારનું છે. અનિકેત એવી કોઈ હરીફાઈમાં નંબર લાવ્યો નથી. એ હરીફાઈ યોજવાની પદ્ધતિને જ અશૈક્ષણિક માને છે પણ તેથી શું થયું? વિજેતા

તરીકે એ જાણીતો નથી. મને પણ એ ખબર નહીં કે એ આટલું બધું સામર્થ્ય ધરાવે છે. અમૃતાએ પણ એ આજે જાણ્યું હશે. એને કેવી વળગી રહી હતી! પણ મેં અનિકેતની મદદ ન લીધી હોત તો શું થઈ જાત? જે થવાનું હોત તે થાત પણ એ મારા માટે સારું હોત. પોતાનું મનોબળ આજે ઢીલું પડી ગયું અને એ કબૂલવું પડ્યું તે માટે એને અફસોસ થયો. એ પોતાના પર સખત નારાજ થયો.

આવો પ્રસંગ પોતે જ ઊભો કર્યો. દૂરથી હોડી લઈ આવ્યો. વજ્રાઘાત કરતાં મોજાં પર હોડીને તરતી રાખી ત્યાં વચ્ચે પથ્થર આવ્યો. પથ્થર ભલે આવ્યો. પણ અનિકેત ન હોત તો સારું. એની મદદ મળી શકે તેમ હતી માટે જ મારું મનોબળ ઢીલું પડી ગયું. મદદ હાજર ન હોત તો બધું વેઠી લેત. આજ સુધી શું નથી વેઠ્યું? પોતાના તરફ અમૃતા તો અનહદ આકર્ષણ અનુભવતી હતી તે દિવસોમાં, મુક્ત કરેલું પંખી ઊડી ઊડીને પાછું પાંજરામાં આવી ચડે એમ મલકાતી, આંખોને છલકાવતી આવતી અમૃતાને એણે રક્ષણ આપ્યું છે. પોતાના હિંસ્ર આવેગોથી એણે રક્ષણ આપ્યું છે. કારણ કે ત્યારે અમૃતા કન્યા હતી - મુગ્ધા હતી, યુવતી ન હતી. આજે અમૃતા મને ટેકો કરી ગયાનો દેખાવ કરી ગઈ. પોતે આયોજન કરીને પરિસ્થિતિ ઊભી કરી હતી તેમાં શાન વધે તેમ હતું. પરંતુ નીચું જોવું પડ્યું.

ઉદયને એ રીતે પડખું બદલ્યું કે પલંગ હાલી ઊઠ્યો. એના સાંધા હચમચી ઊઠ્યા. અમૃતાને સ્મરણમાંથી ખસેડી દેવા એણે આંખો ખોલી. નાઈટ લેમ્પના આછા આછા અજવાળામાં એણે કશું ન જોયું. ન જોવું એ જ એનો ઈરાદો હતો. ફરીથી આંખો બંધ કરી.

એ ચર્ચાસભામાં ઉદયને ભાગ લીધો ન હતો. પોતે અગિયારમી શ્રેણીમાં હતો. અમૃતા નવમી શ્રેણીમાં. એ ચર્ચાસભામાં અમૃતા પ્રથમ આવી. એને અભિનંદન આપ્યાં પછી ઉદયને થોડાક મુદ્દા કહ્યા, અવતરણ કહ્યાં. અમૃતા છક થઈ ગઈ. તે વર્ષે થોડા દિવસ પહેલાં જ ઉદયન એ ઝોનની શાળાઓનો વ્યાયામવીર બન્યો હતો. અમૃતાએ એને જોયો હતો. એ પણ રમતોમાં, તરવામાં, રસ લેતી. અલબત્ત, નિબંધ, ચર્ચા આદિ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા શિક્ષકો એને સમજાવી શકતા. પછીથી

એને સમજાવવાની જરૂર રહી નહીં. અમૃતા પણ ઉદયન જોડાયો હતો તે જ કૉલેજમાં દાખલ થઈ. હવે કશો અંતરપટ ન હતો. કોઈ પણ બાબતે એ વાત કરી શકતાં. ત્યારે એ અંધેરીમાં રહેતો, માશીને ઘેર. એમને સંતાન ન હતાં.

દરેક વિષય હું અમૃતાને શીખવતો રહેતો તેથી જ એ પ્રથમ વર્ગની કારકિર્દી બનાવી શકી, પ્રતિષ્ઠા પામી. મારી મદદ વિના એ આટલી આગળ આવી હોત ? પણ આ બધું તો એ જ કહે છે. વારંવાર કહે છે કારણ કે આભાર માની લઈને ઋણ ચૂકવી દેવું છે. હવે અનિકેતને જોયો છે !

એ દિવસો આસમાની હતા. ત્યારે ભવિષ્યમાં ન માનવાનો પ્રશ્ન ઊભો થયો ન હતો. પ્રત્યેક મુગ્ધ માનસની જેમ ઉદયન પણ ભવિષ્ય વિશે રંગબેરંગી મનસૂબા રચતો. સ્વપ્નસૃષ્ટિમાં ગરકાવ થઈને એ વર્તમાન પરિસ્થિતિઓને વીસરી જતો. અમૃતાના સંપર્કનો પોતાની કામનાઓને અનુકૂળ અર્થ તારવી લેતો અને કલ્પિત દામ્પત્યજીવનના આનંદનો નશો અનુભવતો એ હેંગિંગ ગાર્ડન સુધી પહોંચી જતો. એક સાંજે એણે નિર્ણય કરેલો કે અભ્યાસ પૂરો થયા પછી નોકરીની સાથે સાથે થોડાક અનુવાદો કરી નાંખીને એ પૈસા ભેગા કરી લેશે; જેથી પાઘડી આપીને એ મલબાર હિલ પર દોઢ-બે રૂમનો નાનો શો પણ સ્વતંત્ર લાગે એવો ફ્લૅટ કોઈ મકાનના ઊંચામાં ઊંચા મજલે પસંદ કરશે, જેથી આખા મુંબઈ પર સહેલાઈથી નજર રહે.

એ દિવસોની જ વાત છે. બી.એ.ની પરીક્ષા આપ્યા પછી નોકરી શોધતો હતો. છેલ્લાં ચારેક વરસ એક અંગ્રેજી પ્રિન્ટિંગ પ્રેસનાં પ્રૂફ જોવાનું એ કામ કરતો હતો. એને ભૂલો સહેલાઈથી જડી આવતી. સ્પેલિંગ પહેલાંથી સારા હતા તેથી એનું કામ વખણાતું. પણ હવે પ્રેસનું કામ છોડી દીધું હતું. એ પ્રેસમાં હવે ટેકસ્ટબુક છપાવા લાગી હતી.

એક બાજુ બેકારી અનુભવતો હતો, બીજી બાજુ વાંચવામાં બેહદ રસ પડ્યો હતો. એને લાગ્યું કે વાંચવા જેવું તો આ જ હતું. કારણ કે મનુષ્યને કેન્દ્રમાં રાખીને આ બધું લખાયું હતું - પૂર્વનિશ્ચિત આદર્શો અને ઉપરછલ્લી આચાર-સંહિતાઓનું

આક્રમણ માણસને ગૂંગળાવી નાખે છે...આ બધા રૂઢિગ્રસ્ત સમાજોનાં જડ ચોકઠાંમાં ફેંકાયેલો માણસ પોતાની સ્વતંત્રતાના હક વિશે સભાન થાય તો જીવી પણ ન શકે...આ માણસ જેને જીવે છે એ જીવન છે ? સહુની સાથે સમાધાન કરીને અને પોતાની સાથે બેવફા થઈને માણસે જીવન સામે આંખ આડા કાન કર્યા છે. આ કાયરતા છે... પોતાના પ્રશ્નોને ખુદ સમજીને એમનો ઉકેલ શોધવાને બદલે, સ્વતંત્ર વિચાર કરવાનું પોતાનું દાયિત્વ છોડી દઈને બોધક કથાકીર્તનોનો આશ્રય લેનાર અંધશ્રદ્ધાની છાયામાં ભલે સુખી થાય, એ પરમ આત્મવંચક છે... કહેવાયેલું બધું માની લેવું એ બૌદ્ધિક પરાધીનતાનું લક્ષણ છે, બલ્કે એ બૌદ્ધિક પ્રવૃત્તિ પણ નથી. એ તો ગાડરિયાંનો પ્રવાહ છે...પોતાના અસ્તિત્વથી નિરપેક્ષ હોય એવી કોઈ વાસ્તવિકતા માણસને ખપની નથી... ઈશ્વરના નામે જમા કરાવેલાં એ બધાં અંતિમ સત્યોને માણસના અસ્તિત્વ સાથે કશી લેવાદેવા નથી. અંત પહેલાંના સત્ય — જિંદગી સાથે જ માણસના અસ્તિત્વને નિસ્બત છે - જીવતી વાસ્તવિકતા સાથે નિસ્બત છે...અનંતનાં તત્ત્વજ્ઞાન બહુ ચાલ્યાં. હવે તો પોતાના અસ્તિત્વનું જ્ઞાન - સાન્તનું તત્ત્વજ્ઞાન એણે પ્રાપ્ત કરવું રહ્યું અને તે પણ બીજા કોઈનું માર્ગદર્શન લીધા વિના. માર્ગદર્શકો ભલે પોતાના માર્ગે ચાલ્યા જાય. એ લોકો પણ ચાલ્યા જાય છે તો એમના હઠાગ્રહોનું ભારણ જીવનારાના માથે શા માટે ?

તે વૅકેશનમાં ઉદયને જે વાંચ્યું તેની ટૂંકી અનુક્રમણિકા પણ અહીં આપી શકાય તેમ નથી. ફક્ત દિશાસંકેત કરી દીધો. આ વાંચન એની રહેણીકહેણીમાં ભળી ગયું, પાણીમાં ક્ષાર ભળી જાય તેમ. અમૃતા પરિવાર સાથે મહાબળેશ્વર ગઈ હતી. એણે આવીને જોયું તો ખૂબ સિગારેટ પીવાથી ઉદયનના હોઠ કાળા પડી ગયા હતા.

એણે નક્કી કર્યું હતું - હવે અમૃતાને નહીં કહું કે હું તને ચાહું છું. ‘તને સમજું છું.’ એવું કહી શકવાની સજ્જતા કેળવી લઈશ તે પછી એને કહીશ કે સમજની ભૂમિકા પર જ આપણે મળી શકીએ.

આજે અમૃતા એનાથી દૂર જઈને ઊભી છે. એને દૂર જોઈને આકાંક્ષા જાગે છે. એના અંગસૌષ્ઠવથી નજર એટલી બધી પ્રભાવિત થાયછે કે વિશ્લેષણ કરવાની

સ્વસ્થતા ટકાવી શકતો નથી. એના અતૃપ્ત ભીતરમાં અરેબિયાના ઉષ્ણ પવનો સૂસવવા લાગે છે.

હવે એ વાત કરશે જ.. પહેલાં જેની કિંમત અવગણી હતી તેવું કોઈ સૌરભભર્યું એકાન્ત મળે... એના દષ્ટિક્ષેપમાં સદ્યજાત ઋજુ સ્પંદનની સુષમા હું જોઈ લઉં કે બસ...હાથ લાગશે બે ઉત્સુક ક્ષણોનો સંયોગ? એના અમર્દિત વક્ષનું ગુમાન મારાં અંગેઅંગમાં શોષી લઉં તે સમય આવશે? અલબત્ત, એ માટે હું એને પ્રાર્થના તો નહીં જ કરું. એણે સમજવું જોઈએ કે મારી ઝંખના...

અનિકેત તો કહેતો હતો કે અમૃતા પ્રત્યે એ નિરપેક્ષ છે. સાચો માણસ છે. એ સાચો ન હોત તો? ઉદયનને અમૃતા પર ક્રોધ આવ્યો. એને કોઈ કેટલી સહેલાઈથી ફસાવી શકે? પરંતુ આજેય એનું વર્તન કોઈ વિદગ્ધ માણસને શોભે એવું છે? એ અનિકેતને ભૂલી જશે? આજે તો એનું વર્તન કેટલું સંદિગ્દ છે? આ સંદિગ્ધતા લંબાતી જ રહેશે? તો મારે ક્યાં સુધી સંશયમાં રહેવાનું?

અનિકેત મુંબઈ છોડે છે. સારા કામે જાય છે. રણનો વધતો વિસ્તાર રોકીને વનસ્પતિ દ્વારા કેમ કરીને સમૃદ્ધિ વધારી શકાય તે અંગે શોધ અને અધ્યયન કરવા જાય છે. એનું પગલું સ્તુત્ય છે. કંઈક નક્કર કામ મૂકીને આવશે. પાછો આવશે? ભલે ને આવે. કોણ કહે છે કે જાય? જો એ વચ્ચેથી ખસી જવાનો વિચાર કરીને જતો હોય તો એ મને સમજતો નથી. એની અવેજીમાં મારે કશું મેળવવું નથી. મારી પોતાની હોય એટલી જ શક્તિઓથી મળેલો વિજય મને ખપે, નહીં તો અંત બહેતર છે. હું ઉપકૃત નહીં થાઉં, સંઘર્ષ કરીશ. અમૃતા વરણી કરવામાં જાગ્રત રહી શકશે તો અનિકેત જોશે કે એના માટે ત્યાગ કરવાનો પ્રશ્ન જ ઊભો ન થયો, ઉદયન જીતી ગયો. વિજય ખપે મને, ઉપકાર નહીં. અને હું એની સામે હારીશ તો વાંધો નથી. હાર પછી જીવવાનું હું ગોઠવી લઈશ. પણ હું અનિકેત વિશે શંકા શા માટે સેવું છું? એ વચ્ચેથી નીકળી જવાનો આદર્શ લઈને જતો ન પણ હોય. એ રાષ્ટ્રિયતામાં માને છે. દેશની ધરતી માટે એના હ્દયમાં અનુરાગ છે. વધતા રણવિસ્તારને આંબી લેવા કશુંક કરી છૂટવાની શુદ્ધ દાનતથી જ એ જતો હશે. અને

એના પેલા ઘરડા ઠૂંસ અધ્યાપકની પણ ઇચ્છા હતી. એ જે કામે જાય છે તે સિવાય બીજું કશું એના મનમાં નહીં હોય...

અનાયાસ એનો હાથ કપાળ પર ગયો. કશીક ખંજવાળ આવી હતી. પાટા પર હાથ ગયો. એને ખ્યાલ આવ્યો કે સણકા ક્યારનાય બંધ થઈ ગયા છે. અનિકેત એટલા માટે જ ગોળીઓ આપી ગયો હતો ?

આ શરીર કંઈક ગરમ કેમ છે ? પેલાં ઈન્જેકશન લેવાથી તો આ અસર નહીં થઈ હોય ? પણ શ્વાસ કંઈ ખાસ ગરમ નથી.

આમાંથી લાંબી બીમારી ચાલે તો ? બીમારી સામે એને સખત વાંધો છે. આમ ફરજિયાત કોણ પડી રહે ! ભલે પોતાની મરજીથી કલાકો સુધી સમુદ્રકાંઠેના ધુમ્મસમાં બેસીને દૂરના આકારોને ધૂંધળા થતા જોઈ રહીએ. ભલે આંખોને આકાશમાં મૂકીને જોઈ રહીએ કે સમુદ્રની સપાટી પર વિશાળકાય એક મગર પડ્યો છે. ભેજમાં રહેલા ક્ષાર અને ધૂણી એની ઉપરની ચામડી સાથે એકરૂપ થઈ ગયાં છે. મલબાર હિલના પશ્ચિમ છેડેનો રાજભવન પછી પૂરો થતો ભાગ અને સામે કોલાબા પોઈન્ટ, એ બે મુખ વકાસીને પડેલા મગરનાં નીચે અને ઉપરનાં જડબાં છે. મરીનડ્રાઈવ રાત્રિના અંધારામાં સળગતા દીવાઓને લીધે 'મહારાણીના નવલખા હાર'નો ભ્રમ કોઈને ભલે કરાવે. એ તો મગરના ખુલ્લા મોંના દાંત છે - ચાવવાના અને છુપાવવાના બંને પ્રકારના દાંત છે. એક કવિને આ સૂઝયું ખરું પણ એ આ 'પુચ્છ વિનાની મગરી' નું નક્કર કલ્પન ન આપી શક્યા, પછી આડ વાતે ચડી ગયા. હું લખીશ. પહેલાં જરા સજ્જ થઈ જાઉં પછી મારી હથેલીમાં હાંફતી ગરોળીનું કલ્પન બનીને આ નગર આવી પડશે. હું કહીશ - હે માણસો, તમને માણસો કહેવામાં હું સાહસ કરતો હોઉં તો મારી ભૂલ માફ કરજો પણ એક વાત તો તમારે માનવી જ પડશે - આ ઝેર છે. યંત્રોએ જોડી આપેલા સાંધાઓથી તમે એક નહીં થઈ શકો. તોડી નાંખો આ બધા સાંધા અને પાછા ચાલ્યા જાઓ વતનમાં. આ ભેજભર્યા ઝાંખા હવામાનના પવનરહિત બફારામાં ઢીલું મોં કરીને કેમ બેસી રહ્યા છો ? જાઓ, હજુય, મોડું નથી થયું. ખેતરને શેઢે ધરોના અંકુરોને

ચમકાવતો કુમળો તડકો તમારી રાહ જોઈ રહ્યો છે પણ ક્યાં સુધી એ થોભશે? તમે સહુ જાઓ, હું તમારી પાછળ પાછળ આવીશ. પછી આ સૂના નગરમાં અમૃતા એકલી ભલે રહે. હવે તો અનિકેત પણ જાય છે...

વિચાર, સ્મરણ અને ચિંતાના પ્રવાહ મંદ પડતાં પડતાં પરોઢ થઈ ગયું. ઊંઘ આવી રહી છે તે જોઈને એણે નાઈટલેમ્પની પણ સ્વિચ ઑફ કરી. અંધારું. પણ એને અધૂરું નથી ગમતું.

□

અમૃતાએ મકાનમાં પ્રવેશ કરતાં જે ટીકા સાંભળી તે એની કલ્પના બહારની હતી. એને ચેન ન પડ્યું. સૂઈ ગયા પછી પંદરેક મિનિટ સુધી ઊંઘવાનો પ્રયત્ન કરતી રહી. છેવટે હારીને બહાર આવી. અગાશીની પશ્ચિમ સરહદને પકડીને ઊભી રહી. આકાશમાં અહીં તહીં થોડાં વાદળ રહી ગયાં હતાં. નિરાવરણ ચંદ્ર પાસે એક નાની વાદળી રહી ગઈ હતી. એના કલંકના રંગ જેવી ઝાંખી. ચંદ્ર ખસી ગયો કે એ ખસવા લાગી કે પછી બંને સાથે દૂર જતાં ગયાં, જે થયું હોય તે, પેલી વાદળી બીજાં વાદળાં જેવી જ હવે દેખાવા લાગી. ચંદ્ર પરિવેશની બહાર ચાલ્યો જતાં એની વિશેષતા અદૃશ્ય થઈ ગઈ.

ધ્યાન આપવાથી મોજાંનો ફીણમય ધ્વનિ અમૃતા સાંભળી શકી. દરેક વખતે અધૂરી રહી જતી કામના પછીના મોજામાં કેવી પ્રગટ થયા કરે છે! કિનારા પર મોજાં કેવાં પટકાય છે! સમુદ્ર જાણે એકત્રિત પૌરુષ છે અને આ ધરતી છે નારી. સમુદ્રના ખોળામાં ધરતી. ચારેગમ સમુદ્ર છે. એવું શું ખૂટે છે બંનેમાં કે એ સતત અન્યમાં શોધ્યા કરે છે? કેવી છે આ શાશ્વત અતૃપ્તિ! કવિએ વર્ણન કર્યું છે, ધરતી તરફ ધસી આવતાં સમુદ્રનાં આક્રમક મોજાંનું, પાછો ઝોલો ખાતાં અને શ્વાસ લઈને આગળ ધપી આવતાં એ મોજાંની ક્દયલીલાની આ બૃહદ્ સૃષ્ટિ રતિકર્મનાં કેટલાં દૃશ્યો પૂરાં પાડે છે ! અરોહ અને અવરોહ... પોતાનાં અભુક્ત અંગોનો હવે એને ભાર લાગે છે. પણ પ્રેમ વિના તો શું? પહેલાં પ્રેમની પ્રતીતિ, પછી વરણી, અને પછી... પ્રતીક્ષા તો કરવી જ રહી.

અભિનંદનોની વર્ષા પછી બધાંના વલણમાં એકાએક ઓટ આવી ગઈ છે. ઘરમાં સહુની સાથે અતડું લાગે છે. એના તરફ તાકતી સર્વ આંખોમાં જાણે કે પ્રશ્નાર્થ છે, સ્નેહનો વિશ્વાસ નથી. કે પછી પોતાના મનોભાવોનું એ બીજાંની આંખોમાં આરોપણ કરે છે? એનું પોતાનું ચિત્ત પણ ક્યાં ઓછું સંશયગ્રસ્ત છે? ગમે તે હોય, પરિવારના વાતાવરણમાં આજે સૌહાર્દનો અભાવ છે.

હમણાં હમણાં કશી પ્રવૃત્તિ પણ નથી. પ્રવૃત્તિના અભાવે પણ કંટાળો વધે. આ વર્ષે ક્યાંય બહાર પણ ન ગઈ. ઘરમાંથી સહુ પોતપોતાની રુચિ પ્રમાણેના સ્થળે બબ્બે અઠવાડિયાં વિતાવી આવ્યાં. પોતાને પણ જવાનું તો ગમત. પણ કોની સાથે?

હું ઘરનાં માણસો સાથે સમય નથી ગાળતી એ એમને ગમતું નહીં હોય? દૂર રહેનાર વિશે શંકા જાગતી હોય છે. હવે મારે ભળવું જોઈએ, કોઈને કોઈ કામમાં, તો હું ઉપયોગી થઈ શકું. પ્રવૃત્તિમાં મન જોડાઈ જતાં એકલું નહીં લાગે.

અમૃતાની થાકેલી આંખોએ ફરીથી જોયું. વરસાદ પછી જાણે ચાંદની વધુ નિર્મલ બની હતી. ધરતીનો આકાશમાં ચડી ગયેલો ઉકળાટ ચાંદનીમાં વરસાદ પહેલાં ભળેલો હશે. હવે તો તે પણ ધોવાઈ ગયો હોય. હવાની શીતળતા તંદ્રાપ્રેરક હતી.

એ શયનગૃહમાં ગઈ. નીચે બેઠેલાંના ખડખડાટ હસવાનો અવાજ એના સુધી પહોંચ્યો. એણે પથારી પર લગભગ પડતું મૂક્યું. મનમાં જે ઘૂમરાઈ રહ્યું હતું તેને સાગર પરના અનંત અવકાશમાં ખેસવી દેવા સમર્થ બની શકી ન હતી. છતાં સાવ નિરાશ થઈને પાછી આવી ન હતી. સમય એવું પરિબળ છે જે ઉત્તર આપ્યા વિના પણ આગળ જતાં પ્રશ્નની તીવ્રતા ઓછી કરી શકે છે. અનિકેત કે ઉદયન? આ વરણી કેવળ અભિરુચિ પર અવલંબતી હોત તો કેવું સારું! સાથે સાથે મને નૈતિક કર્તવ્યનો બોધ ન થતો હોત તો કેવું સારું હોત? કર્તવ્યના બોધથી નિરપેક્ષ એવી વરણી કરી શકાય? તો તો વરણી કરવી સરળ હોત. તેથી એનું કશું ગૌરવ પણ ન હોત. ઉદયન મારી પાસે અમુક અપેક્ષા રાખે તો તે સમજી શકાય એમ છે. પણ એની અપેક્ષાને સંતોષવા મારે નિર્ણય કરવાનો?

ઉશીકું ખસતાં એને કવર દેખાયું. એના હ્રદયના ધબકારા વધી ગયા. પત્રમાં શું છે તેની ખબર નથી તોપણ હ્રદય કેમ ધબકી ઊઠ્યું? માણસ નિર્દોષ અને નિઃસંશય હોય તો કશાયનો ડર શાનો? આ પત્રમાં બીજું તો શું હોય? અત્યારે હાલ જ જઈને નીચે બેઠેલાંને હું મારી નિર્દોષતા વિશે વાત કરી આવું? પણ આ કવર અહીં ક્યારે મૂકવામાં આવ્યું હશે? કોણે મૂક્યું હશે? અક્ષર ભાભીના છે. એણે કવર ફાડ્યું-

'બે પુરુષો સાથે તમારો આ પ્રકારનો સંપર્ક આપણા પરિવારની પ્રતિષ્ઠાને છાજે તેવો નથી. ભલે તમારા અતિ આધુનિક માનસને એમાં કશું અજુગતું લાગતું ન હોય, તમે આ અંગે વિચાર કરશો તો અમારા ઉપર ઉપકાર થશે. એમ કરવા વિનંતી છે.'

પત્ર વાંચતાં વાંચતાં જ અમૃતા છળી ઊઠી. એ બેઠી થઈ ગઈ. ભાભીની આટલી બધી હિંમત! ખરીદી કરવા સિવાય બીજા કશામાં ગતાગમ તો પડતી નથી અને મને ઉપદેશ આપવા નીકળી પડી? એણે શા માટે આ પ્રમાણે લખ્યું? મારી સાથે વાત કરતાં એના હોઠ સિવાઈ જવાના હતા?

માનો કે એણે ફક્ત લહિયાનું કામ કર્યું હોય. બધાંએ મળીને લખવાનું કહ્યું હોય. તોપણ એની ફરજ છે મારા વતી વાત કરવાની. એની સાથે અવાર નવાર વાતો થયેલી છે. 'શુદ્ધિ'નો એ લોકોનો વિભાવ પણ મારી બાબતે સચવાયો છે. મારા શરીરની હજુ હું જ માલિક છું.. આ લોકો મને કયે આધારે વિચલિત માની બેઠાં? મારા શીલ વિશે એમને કેમ શંકા ગઈ? એમને શંકા ન જાય તેની ખાતરી પણ મારે રાખવી જોઈએ? માણસ પ્રામાણિક હોય એટલું પૂરતું નથી, એણે પ્રામાણિક દેખાવું પણ જોઈએ! પણ આ પ્રામાણિકતાનો દેખાવ જ સમાજને કુરૂપ બનાવી રહ્યો છે તેની કેમ કોઈને ચિંતા નથી? માણસોને બાહ્યા પુરાવા પૂરતો જ રસ છે. તેથી જ મોટે ભાગે આચાર બનાવટનું રૂપ ગ્રહણ કરે છે. પણ આ લોકોને સંતોષવા હું કંઈ બનાવટ કરવા બેસવાની નથી. જેણે જે સમજવું હોય તે સમજે. અને અહીં કોણ કોને સમજે છે? કોઈને સમજવા મથે છે પણ કોણ? બીજાઓનો સારો અભિપ્રાય મેળવવાની ગણતરીથી મારે મારા વર્તનને નિયત કરવું નથી. મારું ભવિષ્ય બીજાના

ગમાઅણગમાઓ પર નિર્ભર રહે એમ હું ઈચ્છતી નથી. મારા ભવિષ્યનું નિર્માણ હું મારી સ્વતંત્ર ઇચ્છાશક્તિથી કરીશ. એમાં હસ્તક્ષેપ કરવાનો કોઈને અધિકાર નથી, ઉદયનને પણ નહીં... અનિકેતને ? અનિકેતને પણ નહીં.

'તમારો આ પ્રકારનો સંપર્ક' - શું કહેવા માગે છે આ લોકો ? જ્યાં રોશની જોઈ ત્યાં ઊડતી પહોંચી જતી તિતલીઓ જેવી છું હું ? એ લોકો એવું માને છે પણ ખરાં કારણ કે એમના સંસ્કાર જ એવા છે. જે સમાજમાં એ જીવે છે તેના માનદંડ જ રોશની અને સાજસજ્જા છે. મેં સંપત્તિને કદી મૂલ્ય માની નથી. નહીં તો ઉદયન જેવા ખભે ઘર લઈને ફરનાર તરફ વળત નહીં. અને અનિકેતનાં કુળધન વિશે પણ મેં કદી કશું જાણવા ઇચ્છયું નથી. મેં તો એટલું જ જાણ્યું છે કે એ બંને પોતાના આધાર પર ઊભા છે. આજે હું એમને સમજવા યોગ્ય વ્યક્તિ માનું છું. બીજા કોઈ રૂપે એમને જોતી નથી, એમના સંપર્કનો આ લોકો આવો અર્થ ઘટાવવા કેમ લાગી ગયાં ? અભિલાષાઓ નથી જાગતી એમ નહીં, પણ આજ સુધી હું એમને રોકી રહી છું. પોતાના સુખને રોકી રાખનાર માણસને આ સામાજિકો આવો બદલો આપશે ?

આ લોકોએ પહેલાં વસ્તુસ્થિતિને જાણવાનો થોડોક પણ પ્રયત્ન કર્યો હોત તો મને આટલો બધો રંજ ના થાત. કશીય ખાતરી કર્યા વિના મારા સંપર્ક સામે લાલ બત્તી ધરી. અને આ અંગે ચિંતા કરવાની એમને જરૂર કેમ લાગી ? થોડુંક કામ અને બાકીનો સમય આમોદપ્રમોદ. છે બીજું કંઈ એમના જીવનમાં ? લેખકો-કલાકારોનાં ચારપાંચ નામ જાણે, અને છાપાંના સમાચારોની ચર્ચા કરે. કશી બૌદ્ધિક પ્રવૃત્તિમાં રસ લીધો છે એ લોકોએ ? કોઈ નાનાસરખા પ્રશ્નને પણ સમજવાની નિષ્ઠા બતાવી છે એ લોકોએ ? એમના દૈનિક આયોજનમાં કશો ફેરફાર થાય છે ? આરામ, રમતો, સિનેમા, બાગ, બજાર હોટલો... આ સિવાય બીજા કશા સાથે એમને શી નિસ્બત ! બહુ બહુ તો પ્રવાસ. અને ત્યાં પણ પૂરતાં સાધન-સંપન્ન થઈને જશે. સઘળો પ્રપંચ સાથે ઘસડી જશે.

ઉદયનને આ લોકો શું સમજે ? અનિકેતને ક્યાંથી ઓળખે ? હમણાં સુધી મારી પ્રશંસા કરતા રહેતા. દરરોજ આવતાં અભિનંદનોનો સરવાળો કરી મને કહેતાં.

પણ મારા વિષયના શીર્ષકનો અર્થ પણ એમનામાંથી કોઈ ભાગ્યે જ જાણતું હશે. પ્રશંસાનો નિત્યક્રમ છોડીને એકાએક ઠપકાની દરખાસ્ત લઈ આવ્યાં. એમની આવી બાલિશ સલાહ હું માની લઈશ એવું એ માનતાં હશે? આ ચિઠ્ઠી વાંચતાં મારામાં કેવી પ્રતિક્રિયા જાગશે એનો કોઈએ વિચાર કર્યો હોત તો આવું સાહસ કરત?

એમની સાથે હું વાત નહીં કરું. લેખિત જવાબ આપીશ. એમની સામે પણ નહીં જોઉં.

અમૃતા ઊભી થઈ. કાગળ-પેન લઈને લખવા બેઠી-

'તમારામાંથી કોઈ એકને સંબોધન કરીને હું ઉત્તર લખતી નથી. તમે બધાંએ સમૂહ તરીકે મને ચિઠ્ઠી, બલ્કે જાસાચિઠ્ઠી લખી છે. તેથી પણ મારે તમારી આખી ટોળીને સંબોધવી જોઈએ. તે ઉપરાંત તમે બધાં મારા માટે સરખાં છો. ભાઈઓ અને ભાભીઓનો બૌદ્ધિક સ્તર એકસરખો છે. એ બાબત હું પહેલાંથી જાણતી હતી, આજે એની પાકી પ્રતીતિ થઈ. તમે જે સલાહ મને આપી છે તેમાં તમે બધાં એકસરખું અને એક સ્તરનું વિચારતાં હશો તેવું સાબિત થાય છે.'

આટલું લખીને એ થંભી. લખેલું વાંચી ગઈ. આમાં વધારે પડતી તીખાશ આવી ગઈ. વાંચતાં એમને કેવું લાગશે? હું આજ સુધી કોઈની સાથે લડી નથી. મા કહેતી ગઈ છે.....માની યાદ આવતાં અમૃતાનો આક્રોશ ગળાઈ ગયો. એણે કાગળ ફાડી નાખ્યો. બેસી રહી. પછી અનિચ્છાએ બીજો કાગળ લીધો:

'તમે સર્વાનુમતે આપેલી સલાહ માટે આભારી છું. પણ તમારી આ કે બીજી કોઈ સલાહ મને ઉપયોગી થઈ શકે તેમ નથી. મારે શું કરવું કે શું ન કરવું તે બધા નિર્ણયો અંગે હું સદા સ્વાવલંબી રહેવા માગું છું. જેમ તમારામાંથી કોઈને હું કદી કોઈ પણ પ્રકારની સલાહ આપતી નથી તેમ તમે કે તમારામાંનું કોઈ મને સલાહ આપવાનું કષ્ટ ઉઠાવે તે પણ હું ઈચ્છતી નથી. એમ કરવામાં તમારો નાહક સમય બગડશે તે હું આજે જણાવી લઉં. વળી, બીજા કોઈને સલાહ આપવામાં ખપ લાગે એવી સમજ તમારામાંથી કોઈનામાં હશે કે કેમ તે અંગે મને શંકા છે. અત્યારે મારે

તમને એટલું જ કહેવાનું છે કે પોતાની રુચિ-પ્રવૃત્તિના આધારથી બીજાને સમજવાનો પ્રયત્ન કરવામાં ઘણું બધું જોખમ રહેલું છે. આવી તેવી કશી સલાહ આપવાનો ઉત્સાહ તમે હજી પણ બતાવશો તો હું એનો જવાબ આપવા તમારી સાથે નહીં હોઉં. 'છાયા' છોડી દઈશ ને બીજે રહેવા જઈશ. નોકરી કરીશ. એમ કરવામાં મને શરમ નહીં આવે. અને એમાં શરમ શેની? એ જ ગૌરવભર્યો માર્ગ છે. કંપનીના ભાગીદારોમાં મારું નામ મા ઉમેરતી ગઈ છે તે પણ રદ કરજો. મારે સંપત્તિ નથી જોઈતી, સ્વતંત્રતા જોઈએ છે.'

આ વખતે માના સ્મરણથી અમૃતાની આંખો સજળ થઈ ગઈ. માના મૃત્યુને ચાર વરસ થવા આવ્યાં. પહેલી વાર એ આ રીતે યાદ આવી. આ વિશાળ મકાનનું નામ 'છાયા' એણે જ પાડેલું. એ મારા શિક્ષણમાં કેટલો બધો રસ લેતી? એને સંગીતમાં કેવો ઊંડો રસ હતો! મને નૃત્ય શીખવા એણે આગ્રહ કર્યો. હું શીખી રહી હતી. પણ એક સમારંભમાં નૃત્ય રજુ કર્યા પછી પ્રેક્ષકોની અશિક્ષિત આંખો જોઈને નૃત્યની તાલીમ લેવી છોડી દીધી. નૃત્યને નહીં, નર્તકને જોનાર પ્રેક્ષકોની દુનિયાનું મનોરંજન મારાથી નહીં થાય તો એમાં કલાદેવતાની સેવા જ થશે. અને એક માણસ કેટકેટલું કરી શકે? નૃત્યમાં દીક્ષિત થઈ ગઈ હોત તો શું હું પીએચ.ડી. થઈ શકી હોત? અને ઉદયન તો નૃત્યને વાસ્તવિકતામાંથી પલાયન કરાવનારી માયા માને છે. મા ઉદયન તરફ સદ્‌ભાવ રાખતી. એને પાસે બેસાડીને કલાકો સુધી એની વીતક વાતો સાંભળ્યા કરતી. એને પણ પૂછતી - 'અમૃતાનો અભ્યાસ કેમ ચાલે છે?' હું પાસે હોઉં તો જરા કડક અભિપ્રાય આપતો. તેથી એ પ્રશ્નનો ઉત્તર હું સંતાઈ સંતાઈને સાંભળતી. ત્યારે ઉદયનનો અભિપ્રાય મારા માટે આખરી અભિપ્રાય હતો.

માના મૃત્યુ પછી એ પહેલી વાર આવ્યો ત્યારે શૂન્યમનસ્ક બેસી રહ્યો. મને સાથે લઈને માના બેઠક રૂમમાં ગયો. જ્યાં બેસીને સાંજ વેળાએ એ વાંચતાં રહેતાં ત્યાં જઈને નીચું જોઈને ઊભો રહ્યો. મારી આંખમાં આંસું આવી ગયાં. એણે જોયાં કે

તુરત લૂછી નાખ્યાં. 'અમૃતા, રડીને વેદનાને ઓછી કરવી એ કાયર માણસોનું કામ છે. વેદના તો આપણી કરોડરજ્જુ છે.'

આજે મને દુઃખના પ્રસંગે માતાનું સ્મરણ થયું. કશીક અસહાયતા અનુભવી કે એમાંથી બચવા મેં એના સ્મરણનો આશ્રય લીધો. મેં એને યાદ કરી તે પણ મારા સ્વાર્થે. આવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ ન હતી ત્યારે મને એનું સ્મરણ કેમ ન થયું? એના માટેનું મારું મમત્વ ક્યાં ગયું હતું? તો શું આપ્તજનના મૃત્યુથી આપણને દુઃખ થાય છે તેનું કારણ આપણો સ્વાર્થ છે? એમ જ હશે. થોડેક અંશે મમત્વ અને મહદઅંશે સ્વાર્થ એમાં રહેલો છે. તેથી જ કંઈક ગુમાવ્યું એવો અનુભવ થાય છે. સ્વાર્થ ન હોય તો માણસ રડે શા માટે? પ્રેમ હોય તો એના માટે પ્રાર્થના ન કરે? પણ એવું કોઈ બિન્દુ પણ હશે જ્યાં પ્રેમ અને સ્વાર્થ સંધિ પામે છે. મૃત્યુ પામેલા માણસને યાદ કરવું એ ભલે આપણી મર્યાદા હોય. આ મર્યાદાઓ જ માણસને ઓળખવામાં મદદ કરનારાં લક્ષણો છે.

પોતાની સાથે નિર્મમ બનીને જ્યાં સુધી હું નહીં વિચારું, નહીં વર્તું, મારે બીજાંનો આશ્રય લેવો પડવાનો, અને આશ્રયથી મળતું સુખ મને પરાધીનતાની યાદ આપ્યા કરશે. તો શું કરું? ઘર છોડી દઉં? આ પત્ર એમને આપું? ઓહો, રાતના ત્રણ વાગી ગયા?

એણે પત્રની સુધારેલી આવૃત્તિ પણ ફાડી નાખી. આવી લડાયક ભાષા વાપરવામાં મારી અસ્વસ્થતા પ્રગટ થાય છે. એમને મળીને શાંતિથી વાત કરીશ. એમને આમ અવગણી દેવાં અને એમની વાતમાં કશું તથ્ય ન હોય એમ માની લેવું એ બરોબર નથી. આ વલણ પાછળ અહં કામ કરે છે. હું એમના કથનનું તાત્પર્ય સમજીશ. એમણે લખેલા પત્રમાં એમને અભિપ્રેત હોય તે યથાર્થ રીતે વ્યક્ત ન પણ થયું હોય. ભાષાના માધ્યમ પર સંપૂર્ણ ભરોસો રાખી ન શકાય.

□

અનિકેતે મોડી રાત સુધી જવાની તૈયારી કરી હતી. શું શું સાથે લઈ જવું? લઈ જવા જેવું લાગે છતાં એને છોડી શકાય એવું હોય તો છોડતા જવું. હા, છોડતા જ જવું. ફક્ત સામગ્રી જ નહીં, સંવેદન પણ.

ઉદયને મારી ખાતર નૌકા-વિહાર ગોઠવ્યો. પણ એને વાગ્યું. એને ઘણું વાગ્યું કહેવાય. કાલે ડૉક્ટર કહેશે કે ચિંતા કરવા જેવું નથી, તો જ જઈશ. આટલું બધું લોહી વહી ગયું છતાં કેવો બેદરકાર! સાંજ સુધીમાં એના ઘાનો ઈલાજ કેવા પ્રકારનો હશે તે જાણી શકાશે. જો ફક્ત ઈન્જેકશનથી જ એ રુઝાઈ જાય એમ હશે તો કશી ચિંતા નથી. એક્સ-રે લેવાય પછી જ ખ્યાલ આવે.

અહીંથી જઈને પહેલાં તો એ પાલનપુરમાં રહેવાની વ્યવસ્થા કરી લેશે.પછી કચ્છ જઈ આવશે. અવાર નવાર રાધનપુરમાં પણ રોકાશે. સખત ગરમીના આ દિવસોમાં આબુ પર રહેવાનું પણ ગમે, પરંતુ અત્યારે તો ત્યાં અમદાવાદ વસ્યું હશે. પહેલાં એકવાર જેસલમેર પણ જઈ આવવું જોઈએ. પાલનપુર રહેવાનું અનુકૂળ નહીં લાગે તો જોધપુર જઈશ. સંસ્થાની મુખ્ય ઑફિસ જોધપુરમાં શરૂ કરી શકાય તો સારું.

રણ !

આજ સુધી એને જોવાની ઇચ્છા પણ કેમ ન થઈ?

વેરાન! રેગિસ્તાન! મરુભૂમિ! દરેક નામ એક જ પ્રદેશ માટે વપરાય છે, છતાં દરેકની અર્થચ્છાયા જુદી. આ અર્થોની દરેક છાયાને અનિકેત પ્રવાસ દરમિયાન ચકાસી જોશે. રણનું અસ્તિત્વ ભૂંસી નાખવા એ જઈ રહ્યો છે. તેથી જેને ભૂંસવું છે તેને પહેલાં જાણશે.

રણની સરહદો ભેદીને પ્રવેશ કરીશ ત્યારે ત્યાં નિર્જન બનીને વિલસતા અનંતનો કયારૂપે મને સાક્ષાત્કાર થશે? એ શૂન્યમાં હું મારા અનંતને પામી શકીશ? પરિણામ મારા હાથમાં નથી. હું પુરુષાર્થ કરીશ. રણના છેડા પ્રલ્લવિત કરીને પાછો આવું તો તે પણ ઓછું નથી. અરવલ્લીની શિખરમાળા યુગોથી ઊભી ન હોત તો

રણ ક્યાં સુધી પહોંચી ગયું હોત? એ પર્વતની વનરાઈમાં લહેરાતા લીલા રંગને નીચે ઉતારીશ. પ્રકૃતિને રણમાં જીવન મળે એથી વધારે મારે કશું શોધવાનું નથી. અને એ શોધવું સહેલું પણ નથી. પ્રશ્ન જીવનનો જ - પાણીનો જ છે. અને પાણી ત્યાં નથી એવું પણ નથી. દેખાતું નથી. અને જે છે તેને દેખાવામાં રસ પણ ક્યાંથી હોય? કારણ કે એ ખારું છે. ખારાશને જુદી તારવીને જળને ગ્રહણ કરે તેવી વનસ્પતિનાં બીજ એકઠાં કરીશ અને માણસોને બતાવીશ. જો એટલું કરી શક્યો તો મારો ભવિષ્યકાળ મને સંતોષ અનુભવવાની છૂટ આપશે. પુરુષાર્થ કરવાની કેવી મોટી તક મળી છે! ઉદયન કહે છે કે પુરુષાર્થી માણસો સામે જડ અવરોધ ઊભા કરીને પ્રમાદી દુનિયા કુંભકર્ણની નિદ્રા સેવી રહી છે. એને જગાવવા માટે આઘાત કરવા પડશે. એ ઉદયનનો મત છે. દુનિયા જેવી હોય તેવી ભલે રહી. એ મારી દુનિયા છે. એનો એક છેડો હું છું. હું પોતાનાથી પ્રારંભ કરું છું. અને હું ઊંઘતો નથી તો એ મારા માટે પૂરતું છે. બીજાની ઊંઘમાં ખલેલ પહોંચાડીને હું શું સિદ્ધ કરી શકવાનો છું? મારે એકલા તો એકલા પણ આગળ જવું જ રહ્યું. જે આગળ જાય છે તેનાં પગલાં કોઈકને તો પાછળ આવવા પ્રેરતાં જ હોય છે.

પ્રવાસમાં અનિકેતને કિશોરાવસ્થાથી રસ છે. એણે આચાર્યશ્રીને આજે પત્ર લખ્યો તેમાં પોતાના વિદ્યાર્થીઓ જોગ પણ થોડુક લખ્યું. અત્યારે કૉલેજ ચાલુ હોત તો એમનાથી આમ છૂટા પડવાનું એને જરૂર દોહ્યાલું લાગત. વહેલા નીકળી જવાનું નક્કી કર્યું તે ઠીક થયું. એણે લખ્યું હતું - 'હું ત્રણ વરસની રજા લઈને પ્રવાસે જાઉં છું. અને પ્રવાસે જનાર કદી ખાલી હાથે પાછો આવતો નથી. પ્રવાસ શિક્ષણને ઉપકારક થઈ શકે છે. હું શિક્ષક એટલા માટે થયો કે વિદ્યાર્થી તરીકેની મારી જિજ્ઞાસાને ટકાવી રાખીશ એવો મને વિશ્વાસ હતો. તમારે યુવકોએ આ ત્રણ વસ્તુઓ ન ભૂલવી; પ્રવાસ, ઇતિહાસ અને ધર્મ. પ્રવાસ બૃહદ્‌ની ઝાંખી કરાવે છે. નિસર્ગના સાહચર્યમાં સંવેદન વ્યાપક બને છે. ઇતિહાસ-જગતનો અને જગતમાં વિકાસ પામેલાં વિજ્ઞાનો, માનવવિદ્યાઓ અને કલાઓનો ઇતિહાસ માનવપ્રવૃત્તિની ફલશ્રુતિ રજૂ કરે છે. ઇતિહાસના પલ્લાની સામે એક બીજું પલ્લું ભરવાની

આપણામાં આકાંક્ષા જાગે છે. એ પલ્લાને આપણે આપણા ભવિષ્યથી ભરી દેવા ઉદ્યત થયા હોઈએ ત્યારે ધર્મના અધ્યયનથી પ્રાપ્ત વિવેક સમતુલા જાળવે છે. પ્રવાસથી જાગતી ક્રિયાત્મકતા, ઇતિહાસથી જાગતી આકાંક્ષા અને ધર્મથી આવતી જાગૃતિ વિદ્યાર્થી માટે ઉપાસ્ય છે. આ વાત મેં વિદ્યાર્થીની હેસિયતથી કરી છે.'

પ્રવાસની તૈયારી પૂરી કરીને અનિકેત સૂઈ ગયો ત્યારે એને એક પ્રશ્ન થયો - અમૃતાએ મારા નિર્ણય અંગે કેમ કશું પૂછ્યું નહીં ? મને લાગતું હતું કે એ નાખુશી વ્યક્ત કરશે. ઉલટાવી ઉલટાવીને મારા આ કામનું પ્રયોજન પૂછશે, હું રણપ્રદેશમાં જાઉં છું તેથી કંઈક ચિંતા વ્યક્ત કરશે અને છેવટે શુભેચ્છા આપશે. એ કશું જ ન બોલી.

એ યોગ્ય જ થયું કે એ કશું જ ન બોલી. મેં માની લીધો એટલો બધો રસ એને મારી પ્રવૃત્તિમાં શા માટે હોય ? એની સાથે જ્યારે જ્યારે મળવાનું થયું છે, એની ઉષ્મા અનુભવી છે. આંખોએ એના સ્વસ્થ સૌંદર્યનો હૃદ્ય પ્રભાવ ઝીલ્યો છે. એની સંનિધિમાં કશું અપૂર્ણ લાગ્યું નથી. વાતાવરણ એને પામીને સભર થઈ ગયું છે. એ પણ મારી હાજરીથી પ્રસન્ન હોય તેવું લાગતું રહ્યું છે. મારી પ્રવૃત્તિમાં એને રસ ન હોય તેમ કહી શકાશે ખરું ? તો પછી એ કેમ ન બોલી ? એણે કશો સંકેત પણ કેમ ન કર્યો ?

સમુદ્રનાં છલ્લાતાં મોજાંમાં આગળને આગળ વધી રહ્યો હતો ત્યારે પીઠને થઈ જતો અમૃતાના સ્કંધનો સ્પર્શ...એના વક્ષનો સ્પર્શ અનિકેતને યાદ આવી ગયો. પોતાની પીઠ સાથે જોડાયેલી સૃષ્ટિને ભૂલીને તર્યા કરવું દોહ્યાલું લાગતું હતું તે યાદ આવ્યું. અને એકવાર તેના હોઠ મારા ગળાને અડકી ગયા હતા તે શું મોજાના આઘાતની અસર હતી કે પછી ઇંગિત ? કવિ શૈલીએ ઇટાલીના પશ્ચિમ- સાગર તીરે નૌકા-વિહાર કરતાં કરતાં જ બીજા જગતમાં પ્રવેશ કર્યો હતો પણ એના જેવા માટે એ જલસમાધિ હોય, મારા જેવા માટે ડૂબવું હોય. કામના ક્યાં ક્યાં ખેંચી જાય છે !

ઉદયનના રૂમમાંથી ઝાંખું ભૂરું અજવાળું એકાએક લુપ્ત થયું. એણે લાઈટ બંધ કરી. તો શું હજુ સુધી એ જાગતો હતો ?

હવે તો ઉદયન અને અમૃતાથી દૂર. અમૃતાથી દૂર-સુદૂર. એ યાદ આવશે તો મનને કહીશ કે એ તો સૌન્દર્યની પ્રતિમા બનીને સાક્ષાત્ થયેલું એક સ્વપ્ન હતું, સ્વપ્ન હતું. સ્વપ્નરૂપે જ એના અસ્તિત્વને પ્રમાણીશ. એને મરીચિકા માનીશ...એને મરીચિકા માનવામાં તો એનું અપમાન થાય. હું એનું અપમાન નહીં કરી શકું. એના સ્મરણની શુદ્ધિ જાળવીશ......અનિકેતને લાગ્યું કે એ ચાલતો ચાલતો એક રણદ્વીપ સુધી પહોંચી ગયો છે. નાળિયેરીનાં થડને અઢેલીને એ બેઠો છે. નીરવ શાંતિમાં હવા ઋજુ પગલીએ પ્રવેશે છે. એની પાછળ પાછળ એક સંગીતમય સ્વર વહ્યો આવે છે. અંગાંગને મૃદુલ સ્પર્શ થઈ રહ્યો છે. પોતે રણ વચ્ચે છે તે વાસ્તવિકતાનું ભાન ઓસરતું જાય છે. જાગૃતિ તુરીય અવસ્થામાં રૂપાંતર પામે છે અને સ્વપ્નરહિત નિદ્રાનો પ્રારંભ થાય છે.

## ૭

અનિકેત જાગ્યો. ઉદયન ઊંઘતો હતો. એના માથે હાથ મૂકીને ખાતરી કરી કે તાવ છે કે નહીં. પછી હાથ ગળા નીચે છાતી પર લઈ ગયો. અનિકેતના બુશશર્ટમાં ઉદયન કંઈક જુદો લાગતો હતો. એનું શરીર તાવ હોય એટલું ગરમ ન હતું. એની પાસે થોડુંક ઊભો રહીને એ પલંગ પર બેઠો. ઉદયન ભરનિદ્રામાં હતો. એને શાલ ઓઢાડીને અનિકેત પ્રાતઃકર્મોમાં રત થયો.

પરવાર્યા પછી કબાટ ખોલ્યું. સાથે લઈ જવા જેવું કોઈ પુસ્તક રહી જતું તો નથી ને ? પોણા નવ વાગ્યા હતા. એમ તો બધાં પુસ્તકોને સાથે લઈ જવાનું મન થાય. જ્યાં રહેવાનું થશે ત્યાં પુસ્તકો વિના અતડું લાગશે. વનસ્પતિશાસ્ત્ર, ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્રને લગતાં થોડાંક અંગ્રેજી પુસ્તકો તો એણે ગઈ કાલે રાત્રે જ બહાર

કાઢીને એક ટ્રંક ભરી લીધી હતી. એમાં પાંચ કવિતાસંગ્રહ મૂકી શકાય એટલી જગ્યા હવે ન હતી. સૂટકેસમાં જગા હતી.

ઉદયન જાગ્યો, આળસ મરડીને એણે બગાસું ખાધું. સવારમાં પણ આ માણસ બગાસાં ખાય છે તેની અનિકેતને ખબર ન હતી તેથી એને સહેજ આશ્ચર્ય થયું.

'ગુડ મૉર્નિંગ ઉદયન !'

'મંગળ પ્રભાત મિત્ર ! આંખ ખૂલતાં હું તો ગભરાઈ ગયો કે મારું મકાન આવડું મોટું કેવી રીતે થઈ ગયું ? એક રૂમ આ બાજુ, એક રૂમ માથા તરફ. આવડા મોટા મકાનમાં તું નાનો નથી પડતો ? આજુબાજુ આટલી બધી જગા રહે તો હું તો ગોઠવાઈ ન શકું.'

'આ મકાન મેં ક્યાં બનાવ્યું છે ? હું તો ફક્ત વારસદાર છું.'

'હા તું તો વારસામાં માને છે.'

'માનીએ કે ન માનીએ ભોગવ્યા વિના છૂટકો નથી.'

'કેમ છે તારી તબિયત, ગઈ કાલે હું તને તો પૂછવાનું ભૂલી જ ગયો. તમે બધાંયે મારી કેટલી બધી કાળજી લીધી પણ મને તો એક પ્રશ્ન પૂછવાનું પણ સૂઝયું નહીં. માણસો કેવા સ્વાર્થી હોય છે ! પોતાના દર્દમાં ગરકાવ થઈને સહુને ભૂલી જાય છે.' બોલીને એ છત સામું જોઈ રહ્યો. અનિકેત પુસ્તકો મૂકીને હસતો હસતો ઉદયન હતો તે રૂમમાં આવ્યો. એના પલંગ પર બેઠો. હાસ્ય ટૂંકાવી લઈને ગંભીરતાપૂર્વક બોલ્યો-

'કેમ છે તબિયત ? શરીરમાં કશી અશક્તિનો અનુભવ તો નથી થતો ને ?'

'તું પણ ખરો છે યાર ! આટલાથી હું બીમાર પડી જાઉં એમ માની ગયો કે પછી તારી એવી શુભેચ્છા છે ? અથવા તો આટલી બધી કાળજી લઈને તું મને સગીર સાબિત કરવા માગતો હોઈશ. બોલ, શો ઈરાદો છે ?'

ઉદયનના ચહેરા પર સ્મિત જોઈને અનિકેતને સંતોષ થયો. જનાબ ખુશ છે તે જોઈને અનિકેતે જવાબ આપ્યો-

'તને સગીર સાબિત કરવાનો પ્રયત્ન કરવો પડે એમ ક્યાં છે? જે સ્પષ્ટ છે તેને સાબિત કરવાની જરૂર ખરી?' અનિકેતની દૃષ્ટિમાં એટલો સ્નેહ તો અવશ્ય ઝલકતો હતો જેથી ઉદયનનો તર્ક દબાઈ જાય. આગળ થયેલી 'વારસા'ની વાત અહીં પૂરી થાય છે એમ સમજીને એ બેઠો થયો. દીવાલ તરફ ઉશીકાં ફેંકીને પછી એમનો ટેકો લઈને એ આરામથી બેઠો-

'આજ સુધીમાં ઘણા મહાનુભાવોએ મને, હું મારું દાયિત્વ ન સંભાળી શકું એવો ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે. અને એટલે જ અટક્યાા નથી. એમની વાત મને ઠસાવવા પણ જહેમત ઉઠાવી છે. હું માન્યો નથી તેથી એમણે નિરાશ થયા વિના કહ્યાા કર્યું છે - ઉદયન અવિવેકી છે, અપરિપક્વ છે, અધીર સાહસિક છે, પરપીડક છે, એ સામા માણસનો તેજોવધ કરે છે, મૂલ્યોનો છેદ ઉડાડવાની વાત કરીને એ અરાજકતાને પોષે છે, સાચું પૂછો તો એ મૉર્બિડ રોમાન્ટિક છે.'

'તારી સમીક્ષા કરનારા એ મહાનુભાવોમાં તો તું મને સ્થાન આપતો નથી ને? કારણ કે મેં પણ તને કોઈ દિવસ કંઈક કહ્યું હશે. અલબત્ત હું માનું છું કે કોઈના વિશે ઉતાવળિયો અભિપ્રાય આપવો એ અનૈતિક પ્રવૃત્તિ છે. તને પામી શકું એટલો હું તારી નજીક આવ્યો નથી કે કશો અભિપ્રાય આપી દેવાની ઉતાવળ કરું, ખાસ કરીને નાસ્તિમૂલક અભિપ્રાય.'

'તું મને પામી શક્યો નથી! શું હું પામી શકાઉં એવો નથી? અભિપ્રાય તો દૂર રહ્યો, આ તો આક્ષેપ થયો.'

'કેમ જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ કરીને તું કહેતો હોય છે કે બે માણસ એકબીજાને પૂર્ણતયા પામી ન શકે... એ ભૂલી ગયો કે પછી તારો સિદ્ધાંત ખોટો છે ? પણ જવા દે એ બધું. આપણે આ સંવાદ બંધ કરીએ, નહીં તો એ વિસંવાદ તરફ ખેંચી જશે.

કટાક્ષના રવાડે ચડી ગયા પછી શબ્દ રમકડું બની જાય છે. એ સ્થિતિમાં હું પોતાને રોકું છું.'

ચા આવી. અનિકેતે ઉદયનને સાથ આપ્યો.

ઉદયન ઊભો થઈને આંટા લગાવવા લાગ્યો. પુસ્તકો મૂકેલી ટ્રંક પર એની નજર રોકાઈ. બેસીને એણે ટ્રંક ખોલી-

'અલ્યા, ફરવા જાય છે કે વાંચવા ?'

'વાંચતો વાંચતો ફરીશ.'

એક પુસ્તક લઈને ઉદયન પાનાં ફેરવવા લાગ્યો. એક ચિત્ર નજરે પડ્યું. કાળાં વસ્ત્રમાં શોભતા એક ખડતલ સહરાવાસી પુરુષની એ તસવીર હતી. ઓઢેલી શાલ હીંચકા પર નાખીને ઉદયન ઊભો થયો. સાડા નવ વાગ્યા હતા. પેલી ટ્રંક ખુલ્લી રહી ગઈ હતી, એણે બંધ કરી, બંધ કરીને ફરી ખોલી. એક એટલાસ અને બીજાં બે પુસ્તકો લઈને હીંચકા પર સૂઈ ગયો. એટલાસ જોવામાં એને રસ પડ્યો. નવું ખરીદેલું પુસ્તક હતું. સૂર્ય અને ગ્રહમાળાનો નકશો ખોલીને, એટલાસને છાતી પર ટેકવીને જોવા લાગ્યો.

'આ નકશો જોતાં તો એમ જ લાગે કે We are nowhere.'

'No, my friend! We are everywhere if we are nowhere. આપણે જેટલા દેખાઈએ છીએ અને જ્યાં દેખાઈએ છીએ, તેટલા અને ત્યાં જ પોતાને માનીએ છીએ. જે દેખી શકાતું નથી છતાં હયાત છે તે સર્વત્ર અને શાશ્વત છે. આપણે આખરે તો એ છીએ.'

'મને પ્રત્યક્ષ જગતમાં રસ છે. એક બાબતમાં હું માર્કસ મુનિ સાથે સહમત છું કે આપણી ઇન્દ્રિયોથી પ્રમાણી શકાય તે જ સાચી દુનિયા છે. - તેટલું જ વાસ્તવિક જગત છે.'

'વાસ્તવિક લાગે તે સત હોય એમ માની શકાય નહીં, વાસ્તવ અને સતમાં અંતર છે.'

'એ તો બધી તત્ત્વજ્ઞાનની વાતો છે.'

નોકર નાસ્તો લાવ્યો.

'મને આ નાસ્તામાં રસ છે કારણ કે એ વાસ્તવિક છે. તારા સત વિના મને ચાલશે, આના વિના નહીં ચાલે.'

'આ તે કંઈ દલીલ છે ! ઉદયન તું વાર્તા લખવાનું હમણાં બંધ રાખીને એકાંકી નાટક લખ. તું એમાં વધુ સફળ થઈશ.'

'તારી સલાહનું તાત્પર્ય સમજી ગયો છું. એક બાબતે મારે તને પૂછવું છે - તું જે સંશોધન કરવા માગે છે તેમાં એ પ્રદેશને જોવાં જરૂરી છે એ તો હું સમજી શકું છું પણ વચ્ચે વચ્ચે અહીં આવીને રહેવાનું રાખે તો શું વાંધો ?'

'અહીં આવું તો દૂર પડી જવાય. રણ નજીકનાં શહેરો, કસબાઓમાં રહીશ. બની શકે એટલું રખડવા ધારું છું. હવે નીકળ્યો જ છું તો એ પ્રદેશનો થઈને રહું. હું ગમે ત્યાં જાઉં મને તો વતન જેવું લાગે છે. તું જાણે છે કે વરસમાં ત્રણેક માસ હું મુંબઈ બહાર હોઉં છું.'

'પણ હું નથી માનતો કે તને મુંબઈ બહાર બહુ ફાવે. ચાર પાંચ માસ થયા પછી તો આવજે. મારી જેમ તું કાંટાઓ ઉપર ચાલીને મોટો થયો નથી. મેં કેટલી વાર કહ્યું પણ તું મારી સાથે ભિલોડા એકેવાર આવ્યો નહીં. પોતે જ્યાં જાય ત્યાં વતન રચીને આવે છે પણ મિત્રનું વતન જોવામાં તને રસ નથી.'

'તું હમણાં ગયો હતો ?'

'હમણાં તો નથી ગયો. ઠીક ઠીક સમય થયો. હવે એક વાર જઈ આવવાની ઈચ્છા છે. થોડાંક મકાન, એક ઘર અને ચાળીસ વીઘાં જમીન છે. હવે એ બધું શું કામમાં

આવશે ? ઘર રાખીને બાકીનું બધું વેચી દઉં. જે કાંઈ ઉપજે તે. પિતાજી કંઈ પૈસા તો મૂકી નથી ગયા.'

'મારું માને તો એ બધું હમણાં છે તેમ જ રહેવા દે. નહીં તો હાથમાં આવશે તે બધા પૈસા તું ફૂંકી મારશે.'

'પણ જમીન તો હું ન વેચું તોપણ જવાની છે. કાયદા થઈ રહ્યા છે.'

'તો એ વધારે સારું. કાયદેસર થતું હોય તે થવા દે. બીજાઓને બોધપાઠ મળે.'

'કાયદાથી પણ વધારે ન્યાય મળે એ રીતે વાવનાર ખેડૂતોને જમીન આપી દઉં તો ?'

'તો આપી દેજે.'

'અલ્યા, બહુ સુંદર. એક યુક્તિ સૂઝી. જમીનને ભૂમિદાનમાં આપી દઉં તો કેવું સારું ? એક કાંકરે બે પક્ષી ઉડાડી દઉં ! એક તો જમીન વેચવાની લપ જાય અને બીજું પૈસા વાપરવાનો સમય બચે. એક ત્રીજો ફાયદો તને થાય. મને ઉડાઉગીરનો ઇલકાબ તારે આપવો ન પડે.'

'હું એવા દાનમાં નથી માનતો. જે વાવતા હોય તેમને એ જમીન મેળવવાનો અધિકાર છે. દાન આપનાર આપણે કોણ ? આમ તો દાન આપવું પડે એટલું બધું એકઠું કરવું એ પણ એક પ્રકારનું પાપ છે અને દાન આપવા માટે બીજા માણસ ઉપર, માણસ થઈને આપણે દયા ખાઇએ, એ તો વળી સવાઈ પાપ છે. દયા ખાવી એ અધમ મનોભાવ છે.'

'અલ્યા તું તો બુદ્ધિશાળી લાગે છે.'

'તને બીજાઓમાં સમજણ પડવા લાગી એ સારું ચિહ્ન છે.'

ઉદયન કાંડા પરથી ઘડિયાળ કાઢીને ચાવી આપવા લાગ્યો. ચાવી આપતાં આપતાં એણે જોયું કે સ્પ્રિંગ ખેંચાતાં સેંકંડ કાંટાની ગતિ ઓછી થઈ જાય છે. આમ ધીમી ગતિએ પૂરી થયેલી પચાસ સેકંડ પછી એણે અનિકેતના સામું જોયું. એ જવાબની રાહ જોતો હોય એવું લાગતાં એ બોલ્યો-

'મને બીજાઓમાં સમજણ નથી પડતી કે રસ નથી પડતો એવું તો નથી જ. વાત એટલી જ છે કે બધું પ્રગટ નથી કરતો. તેથી મારે મિત્ર નથી. અલબત્ત, તું આ બાબતે અપવાદ છે. મેં તને ચાહવાનો દેખાવ નથી કર્યો છતાં તું મારી સાથે અનુબંધ અનુભવે છે.. તારી લાગણી, તારી મૈત્રી મારા માટે હજુ રહસ્ય છે. અનિકેત, એક પ્રશ્ન પૂછું? તું મુંબઈ છોડીને જાય છે. જવાનો જે સ્થિતિમાં તેં નિર્ણય કર્યો છે તે અંગે મને જે લાગે છે તે સાચું છે કે નહીં તેટલું જ તારે કહેવાનું છે. કહીશ ને?'

'અવશ્ય. પ્રશ્ન સમજાશે તો હું ઉત્તર જરૂર આપીશ.'

ઉદયનના હોઠ ખૂલ્યા નહીં. કારણ કે એને વિશ્વાસ હતો કે અનિકેતનું મુંબઈ છોડવાનું,પોતાને જે સૂઝ્યું છે તે કારણ સાચું છે. આવી સ્વયં સ્પષ્ટ બાબતમાં એને પૂછવાની કશી જરૂર નથી. હું એ અંગે પૂછીશ તો એને લાગશે કે અત્યાર સુધી આ માણસના મનમાં એક જ વસ્તુ ઘૂંટાયા કરતી હતી.

'કેમ બોલ્યો નહીં? પૂછી લે ને!'

'પછી કોઈ વાર.'

'તેં તો મને કેવળ પ્રશ્નાર્થચિહ્ન આપ્યું. પ્રશ્નને અધ્યાહાર જ રાખ્યો. જેવી તારી મરજી. પછી કોઈ વાર પૂછજે, યાદ રહે તો. યાદ રાખવાનો પ્રયત્ન ન કરતો. કેટલાક પ્રશ્નો સમય જતાં સ્વયં શમી જતા હોય છે. સમય બહુ મોટું પરિબળ છે.'

ડૉક્ટર આવ્યા. અનિકેત ઊભો થયો.

'આભાર ડૉક્ટર, અમે તમારી કન્સલ્ટિંગ ઑફિસે અગિયાર વાગ્યે આવવાના જ હતા. એક્સ-રે કરાવી લીધા પછી નિશ્ચિંત રહેવાય.'

'તો ચાલો હું લેતો જાઉં, સાથે કાર છે.'

'હું હજુ તૈયાર થયો નથી.'

'આવીને તૈયાર થજે.'

'પણ...'

'તો તૈયાર થઈ જા. પાછો ભૂલી ન જાય કે જવાનું છે.'

અનિકેતને યાદ આવ્યું કે એકવાર એ ઉદયનને મળવા ગયેલો. એ બાથરૂમમાં હતો. દસ વાગ્યે એ પહોંચેલો. ઉદયન સાડા દસે બહાર નીકળ્યો. 'અરે !! હું તો ભૂલી જ ગયો કે તું આવીને બેઠો છે. માણસો કેવા ભુલકણા હોય છે !' ઉદયન કોઈ કોઈ વાર પોતાના પરથી નિયમ તારવે છે.

'ડૉક્ટર, વાંધો ન હોય તો ચા લો.'

'ભલે.'

'અરે, ઉદયન ! પાટો છોડીને માથું ન પલાળતો.'

'અલ્યા, ડૉક્ટર બેઠા છે. મારી એટલી તો લાજ રાખ. આમ આદેશ શું આપે છે ? તારો મહેમાન છું. સ્નાન કરવાની જરૂર એટલા માટે છે કે દરિયાના પાણીના ક્ષાર વળગી જવાથી ચામડી વૂલન લાગે છે.'

ડૉક્ટર હસી પડ્યા. બોલ્યા-

'કેવો વિરોધાભાસ છે ! વાર્તાઓમાં પૅથેટિક અને વર્તનમાં સાર્કૅસ્ટિક !'

'ના ડૉક્ટર, સમજદાર માણસના હાસ્ય-કટાક્ષના પેટાળમાં ગમગીનીનો એક સ્રોત—ઓછામાં ઓછો એક સ્રોત વહેતો હોય છે.'

□

'તમે થોડાંક વહેલાં હોત તો કેવું સારું ! ઉદયન હમણાં જ ગયો.'

અનિકેતે પૂર્વ દીવાલ પરનાં ઇલેક્ટ્રિક ક્લોક તરફ જોયું. અમૃતાને આવતી જોઈને એ બારણા તરફ ગયો હતો.

બરોબર પાંચને પાંત્રીસે અહીંથી નીકળેલો. સવારમાં જ એ સ્વસ્થ થઈ ગયેલો. હું વિમાસણમાં હતો કે જવું કે ન જવું. એક્સ-રે લીધા પછી જાણ્યું કે ચિંતાને કોઈ કારણ નથી. અને તમે તો છો જ.

એણે કહ્યું કે નક્કી કર્યા પ્રમાણે જવું જ જોઈએ. એને કારણે કોઈનો નિર્ણય તૂટે એ એને ગમતું નથી. વળી, ફરીથી રિઝર્વેશન મળતાં વાર થાય. માનસિક રીતે તો હું મુંબઈની બહાર નીકળી જ ગયો છું. હવે એને ઠીક છે તે જોતાં મારે આજે જ જવું જોઈએ. કામ શરૂ કરી દેવું જોઈએ. તમે કેમ થાકેલાં લાગો છો ? શરદી થઈ ગઈ છે ? આંખો કંઈ વધારે ઝૂકેલી લાગે છે. શું કોઈ વેદનાનો ભાર તો નથી ને ? તમારે આરામ કરવો જોઈતો હતો. આ સ્થિતિમાં પણ તમે ઉદયનની ચિંતા કરીને આવ્યાં તે તમારા તરફ સદ્‌ભાવ જગાવે તેવી બાબત છે. બેસો ને ! કેમ ઊભાં છો ? તમારા આમ ઊભા રહેવાથી આખું વાતાવરણ અધ્ધર શ્વાસે લાગે છે. બેસો બેસો. કોઈ પણ આસનને અલંકૃત કરો.'

'મને એમ કે તમે બોલી રહો પછી બેસું.'

'ઓહો ! હું બોલું છું એ તમને ગમતું નથી તેની ખબર ન હતી.'

'તમે તો ખોટું લગાડી બેઠા.'

'તમારા વચનથી ખોટું લગાડાય ખરું ? તમે તો મહેમાન છો. તમે ગમે તે બોલો, તમારો અવાજ સાંભળવો મને ગમે છે. તમારા અવાજમાં એક મધુર કંપ છે. નિબિડ સ્પર્શની......'

'મારા અવાજનું વૈજ્ઞાનિક થઈને કાવ્યાત્મક પૃથક્કરણ ક્યારે કરી રાખ્યું હતું ? આ એક નગણ્ય વ્યક્તિના અવાજને......'

'વિજ્ઞાનનો માણસ પૃથક્કરણ જ કર્યા કરે એવું નથી. એ સંકલન પણ કરે. એ લોકો બધું જુદું નથી પાડતા, કશુંક મેળવે પણ છે. અલબત્ત એ માટે તટસ્થ રહી શકે તો. કવિની જેમ એને વચ્ચે પ્રવેશવાનો અધિકાર નથી. અને હું કવિ નથી, સુંદરનો તટસ્થ ભાવક છું.'

'તમને આટલા સાંભળ્યા પછી હું નક્કી કરી શકી છું કે મારે ક્યાં સ્થાન ગ્રહણ કરવું. તમારી સાથે આ હીંચકા પર બેસીશ જેથી તમારાં વાક્યોના આરોહ-અવરોહમાં ઝૂલ્યા કરું.'

'કોઈના શબ્દના લયમાં ઝૂલ્યા કરવું એ કદાચ સુખદ પરંતુ એક અભાન પરાધીનતા છે. તમે તો સ્વાતંત્ર્યનાં ઉપાસક છો.'

અમૃતાને યાદ આવ્યું કે અનિકેત સામે એ પોતાના સ્વાતંત્ર્યને, સ્વાતંત્ર્યના એ વિચારને પણ ભૂલી જાય છે. આમ કેમ ? જેને લોકો પ્રેમ કહે છે તે......એને ગઈ કાલ રાત્રે 'છાયા' પહોંચ્યા પછીની ઘટના યાદ આવી. જેમની સાથે આટઆટલાં વરસ વીત્યાં છે, તેમની સલાહ સામે મેં સ્વતંત્રતાની દાદ માગી. એ માટે એમની સાથે લડી લેવા તૈયાર થઈ. જ્યારે અનિકેત સાથેની વાતચીતમાં પણ પોતાના શબ્દો એનું શાસન સ્વીકારવા માટે જ પ્રગટતા હોય તેમ લાગે છે. ચહેરો તો વારંવાર લજ્જા અનુભવીને અણજાણ પરવશતા અપનાવી લે છે. આ બધું સહજતયા થાય છે. હું સભાન પ્રયત્ન કરતી નથી. પેલી સ્વતંત્રતાની વાત અને આ પરવશતાની સ્થિતિ વચ્ચે કેવો વિરોધાભાસ છે ! એણે દીવાલ તરફ જોયું. ઘડિયાળના સેંકન્ડ કાંટાનો આશ્રય લઈને એની દૃષ્ટિ ખસવા લાગી. એક વર્તુળ પૂરું થયું. આ પૂરા થયેલા વર્તુળના પરિઘનો આરંભ કયાંથી માનવો ?

'તમને સ્ટેશન પર મૂકવા આવું ?'

અમૃતા કોઈ ગંભીર પ્રસ્તાવ મૂકતી હોય એટલી સાવધાનીથી બોલી હતી.

'કેમ મને બહાર મોકલવામાં બહુ રસ છે ?'

'હું મૂકવા ન આવું તેથી તમે અહીં રોકાઈ જતા હો તો મને તમને મૂકવા આવવામાં રસ નથી.'

'તમને ઘણી તકલીફ પડે. અહીંથી તમે ઘેર જાઓ. ત્યાંથી પાછાં આવો, અને અહીંથી પાછાં મને મૂકવા સ્ટેશને આવો... એ તો બધું વધારે પડતું કહેવાય.'

'તો એમ કરું? અહીં જ રહી જાઉં. તમને સ્ટેશન પર મૂકીને પછી જ ઘેર જઈશ. બરોબર?'

'હા, બરોબર, ગાડી ચૂકી ન જવાય તો.' અનિકેતથી સ્મિત રોક્યું રોકાયું નહીં. એના સ્મિતની ઝાંય અમૃતાના ચહેરા પર પડી. અમૃતા અનિકેતને સંબોધે ત્યારે એ સ્મિતવતી ન હોય તેવું તો ભાગ્યે જ બને.

'કદાચ હું તમારા વાક્યનો મર્મ સમજી નથી.'

'હું એમ કહેતો હતો કે તમે અહીં બેઠાં હો અને હું પ્રવાસે નીકળું - ઘર બંધ કરીને બહાર નીકળું એ કેવું અવિવેકી કહેવાય!'

'તમે પ્રવાસે જાઓ છો કે દેશવટે?'

'પાછો આવીશ, જો સરહદબંદી કરવામાં નહીં આવે તો.'

અપેક્ષાથી વધારે સારું વાક્ય સાંભળીને અમૃતાને વ્યક્ત ન કરી શકાય એવી વ્યાકુળતાનો અનુભવ થયો. વ્યાકુળતા આનંદજન્ય પણ હોઈ શકે અને એવી વ્યાકુળતા અનિકેતની ઉપસ્થિતિમાં અમૃતાએ અનુભવી છે જેનાથી આ તદ્દન ભિન્ન હતી. અનિકેતનો ઉત્તર સાંભળીને આનંદ થાય તે ક્ષણે જ ઉદયનનો ગમગીની અને તિરસ્કારનો સંમિશ્ર ભાવ વ્યક્ત કરતો ચહેરો અમૃતાને યાદ આવી ગયો. પલક ઊંચી કરવાથી એ ભૂંસાયો નહીં, કિન્તુ એણે જ્યાં જ્યાં જોયું ત્યાં ત્યાં એ એકસરખો વ્યાપેલો દેખાયો. તો શું પોતાના દૃષ્ટિપથમાં ઉદયનની છાયા ફેલાયેલી જ રહેવાની છે? એની છાયાથી રહિત એવું ભવિષ્ય રચવા એ સમર્થ નથી? પણ પ્રશ્ન કેવળ સામર્થ્યનો હોત તો એ વિજયી થવા મથત. અનિકેતને કહી દેત કે...

'કેમ કશું બોલ્યાં નહીં?'

'શું બોલું? જે વળાંક આગળ આવીને આપણે ઊભાં છીએ તે જો નિયતિકૃત હોત તો શ્રદ્ધાભર્યા અવાજે હું તમને કહેત કે સરહદો તોડીને તમે આવજો. હું તમારી પ્રતીક્ષા કરીશ. પરંતુ અહીં તો તમે સમય સાથે હોડ બકીને પોતાના સંકલ્પને ભવિષ્યમાં પરિણમતો જોવા ઇચ્છો છો. ભવિષ્યનાં સૂત્રો પોતાના હાથમાં લઈને

નીકળવા સજ્જ થયા છો. તમારો સંકલ્પ સિદ્ધ થાય એમ ન ઇચ્છું એવી હું આત્મરત નથી પરંતુ મારે આ અંગે કશુંક કહેવું છે. જે સાંભળીને તમને આશ્ચર્ય થાય તેવો સંભવ છે. તમે ભલે ભવિષ્ય અંગે નિર્ણય કરી બેઠા હો પણ ભવિષ્ય કદીય કોઈના માટે પારદર્શી બનતું નથી. આપણી હઠ સાથે એને કોઈ સહાનુભૂતિ નથી. એ અકલ્યાણકારી છે એવું કહેવાનો આશય નથી, પણ એ અકલ્પ્ય છે. તેથી તમે આવો ત્યારે તમે શું જોશો તે ધાર્યા વિના જ જાઓ. તમે આવશો તેની મને ખબર છે પણ તમે આવશો ત્યારે હું શું હોઈશ તેની મને ખબર નથી. અત્યારે તો હું એટલું જ જોઈ શકું છું કે તમે જુઓ છો. તમે જાઓ છો એ એક મોટી ઘટના છે. ભલે, જાઓ. મારી શુભેચ્છા છે કે તમારું કામ પૂરું થાય ત્યાં સુધી તમે મુંબઈ બહાર રહી શકો.' હીંચકો સહેજે હાલે નહીં એ રીતે ઊઠીને એ એક ખુરશીમાં બેઠી.

અમૃતાની આંખોમાં તપોવનકાલીન શાંતિ ચમકતી હતી. અને એ શાંતિ એણે પહેરેલી માળાનાં પ્રત્યેક મોતીમાં પ્રતિબિમ્બિત થઈ રહી હતી. અમૃતાએ હવે નીચું જોયું હતું. એનું નતવદન પોતાની સંમુખ થાય તેની પ્રતીક્ષા કરતો અનિકેત બેસી રહ્યો. એ બેસી રહ્યો એમ કહેવામાં આંશિક સત્ય હતું. કારણ કે એની દૃષ્ટિ એક અનાવિલ સૌન્દર્યનું પાન કરી રહી હતી. અમૃતાએ દક્ષિણ કરાંગુલિ વડે મોતીની માળાને ગ્રહીને વક્ષથી કંઈક ઊંચે લીધી હતી. અનામિકા પરની વીંટીનો ગુલાબી હીરો પેલાં શ્વેત મોતીની વચ્ચે કેવો લાગે છે તે અમૃતા જોઈ રહી હતી. એ પ્રમાણે જોઈ રહેલી અમૃતાને અનિકેત જોઈ રહ્યો હતો. દર્શનની આ ક્ષણોને પોતાના અંતરંગમાં કાયમ કરી લેવા માગતો હોય તેમ અનિકેત જોઈ જ રહ્યો. સ્થિર હીંચકા પર તકિયાનો આધાર લઈને બેઠેલો અનિકેત એટલો નિમગ્ન હતો કે અમૃતાએ એની સામે જોયું તેની એને કંઈ અસર ન થઈ. ખુરશી પર મૂકેલા હાથની હથેલીમાં ચિબુક ટેકવીને એ ફરી નીચું જોઈ રહી. તર્જની વડે કંકણને ધીરે ધીરે ફેરવવા લાગી. વધુ સમય સુધી એ એમ કરી શકી નહીં-

'કેમ બોલ્યા જ નહીં ?'

'મારા અવાજના કોલાહલ વડે એક અપૂર્વ સૌન્દર્યની અનુભૂતિને હું ઢાંકી દેવા ઈચ્છતો ન હતો. થોડીક ક્ષણોને મૌન વડે સંચિત કરી લેવા માગતો હતો. એ ક્ષણોને શબ્દોનો સંસર્ગ કરાવવા જતાં કશુંક ઓછું થઈ જશે એવો ભય લાગતો હતો.'

'પ્રત્યેક શબ્દ કશુંક ઉમેરતો હોય તેવું તમે તો બોલો છો. તમને સાંભળીને તો હું તૃપ્તિ અનુભવું છું. ઓછું શું થઈ જાય તે જણાવશો ?'

'મૌનથી નિકટતાનો અનુભવ થાય છે. શબ્દ પ્રગટતાં ત્રીજી ઉપસ્થિતિની સાવધતા આવી જાય છે.' અમૃતા સાંભળી રહી હતી. એને થયું કે અનિકેતના ઉછંગમાં ઢળી પડું અને મધુપાત્ર બની જાઉં. એ પી જાય. બુંદ બુંદ પી જાય. હું હું ન રહું. અવિભક્ત બની જાઉં. એણે અનિકેતની આંખોમાં જોયું. અનિકેતે એક છલોછલ અને પારદર્શી સુરાહી જોઈ. એ અટક્યો હતો ત્યાંથી આગળ વધ્યો-

'ત્રીજી ઉપસ્થિતિ...અને આમેય આપણી વચ્ચે ત્રીજી ઉપસ્થિતિ તો છે જ. જે નગણ્ય નથી. એટલું જ નહીં આપણે મળીએ છીએ ત્યારે હું એની સાપેક્ષતામાં જ વિચાર્યા કરું છું. એને બાદ કરીને હું આગળ વધી શકું તેમ નથી.'

અમૃતાનો ચહેરો બદલાઈ ગયો. અવાજ પણ બદલાઈ ગયો હોત, પણ એ બોલી નહીં,

અનિકેત પોતાને રોકી શક્યો નહીં-

'તમે મારા પ્રતિ કેવું સંવેદન અનુભવો છો અને તમને જોઈને મારા ક્દયમાં કેવી લાગણીઓ ગતિ પામે છે તે અંગે આપણે આ પહેલાં વાત કરી ન હતી. એ અંગે આપણે પહેલાં વાત કરી શક્યાં હોત, કોઈનો સ્વરભંગ ન થાય તેની મને ખાતરી છે કારણ કે મૌગ્ધ્યના પ્રથમ પૂરના સામે કાંઠે આપણે નીકળી ગયાં છીએ. આજે પણ એ અંગે વાત કરવાની જરૂર ન હતી પણ થઈ ગઈ. ભાષાનો આશ્રય લીધા વિના પણ જે સમજી શકાય છે તેને શબ્દોના કોલાહલમાં શા માટે ખેંચી લાવવું ? ભાષાની અનિવાર્યતા ન હતી ત્યાં આજે એ પ્રયોજાઈ. ભાષા દ્વારા પોતાને રજૂ

કરવા જઈએ છીએ ત્યારે કોઈક વાર તો ભ્રાન્તિ પણ સર્જાય છે. પણ આજે જ્યારે હું બોલ્યો જ છું તો પૂરું બોલી લઉં: અમૃતા, હું તમને ચાહું છું. કર્તવ્ય અને વિવેકના નિષેધોથી હું પોતાને રોકી ન શક્યો. તમારા સૌંદર્ય અને સૌહાર્દ સામે મારા તમામ નિષેધો હતપ્રભ બની ગયા. એક જ હકીકત છેવટે પ્રતીત થઈ કે હું તમને ચાહું છું. પણ આટલું કહીને હું અટકી જતો નથી, જાઉં છું. કેવળ અધ્યયન માટે નથી જતો, અહીંથી દૂર પણ જાઉં છું.'

એકેએક શબ્દમાં પોતાનો સ્વીકાર જોઈને અમૃતા ધન્યતા અનુભવી રહી. એના ચહેરા પર ઊપસી આવેલી આર્દ્ર આભા આંખોમાં એકત્રિત થવા લાગી. એ ઊભી થઈ, બાજુના રૂમમાં ગઈ અને પલંગ પર સૂઈ ગઈ. ઉશીકા વડે એણે પોતાનો ચહેરો દબાવી રાખ્યો. આંસુમાં તે એવું શું છુપાવવાનું હશે? એ તો અમૃતા જાણે. એ આંસુ અનિકેતે જોયાં ન હતાં. અમૃતા બાજુના રૂમમાં કેમ ગઈ તે જોવા એ ઊભો પણ થયો ન હતો. એનો હીંચકો ઝૂલવા લાગ્યો હતો. અસહજ લાગે એટલા વેગે એ ઝૂલી રહ્યો હતો.

અમૃતા આવી. ભીનાશ લુછાયા પછીની સુરખી એના કપોલ પર તરવરતી હતી. એના સ્મિતમાં છતો થતો નિર્વેદ અનિકેતે પારખી લીધો. એ કંઈ બોલ્યો નહીં. અમૃતા પહેલાં બેઠી હતી તે જ સ્થાને - ટેબલ પાસેની ખુરશીમાં બેઠી.

'તમારા કથનનું તાત્પર્ય એ સમજાયું કે તમે જાઓ છો ત્યાં અહીંથી આવવાની કોઈને છૂટ નથી.'

'હું રણમાં જાઉં છું અને ત્યાં પણ એક જગ્યાએ સ્થિર રહેવાનો નથી. હું ના તો કેવી રીતે પાડી શકું? પણ કોઈ આવે તો ક્યાં આવે? અને એ પ્રદેશમાં કોઈ આવે તો ઉચિત પણ નથી. મારી એક માન્યતા વારંવાર વિચારતાં દૃઢ થઈ છે. અને તે એ છે કે રાગાત્મકતા અનુભવ્યા પછી પણ એમાંથી મુક્ત થઈ શકાય. આપણી બંનેની લાગણીઓ આજે જે સ્થિતિમાં છે તે જોતાં એવું લાગે છે કે એ પરસ્પર અનુકૂળ થઈને આગળ વધે અને ભવિષ્યને કોઈ એક નિશ્ચિત દિશા આપે તેનો સંભવ છે. પણ એ પરિણામ મારા માટે વર્જ્ય છે. જે ગુમાવવાનું છે તેનો અભાવ જીરવીને હું

મારા મનને વાળવા મથીશ. મારી નિયતિ શું છે તે જાણ્યા વિના હું આટલું નક્કી કરી બેઠો છું. અહીં નિયતિ સામે હોડ બકવાનો મારો ઈરાદો નથી. કારણકે સમગ્રના સંદર્ભમાં હું પોતાને નહીંવત્ માનું છું. વળી, આવો નિર્ણય કરીને હું ઉદયન પર ઉપકાર કરવા ધારું છું તેવું પણ નથી. તેમ થઈ શકે પણ નહીં. હું પામ્યો છું તે એવી કોઈ સ્થૂલ પ્રાપ્તિ નથી કે જેની લેવડદેવડ થઈ શકે. આપણા પરસ્પર વિશેના ભાવ આગળ વધીને સ્થૂલ પ્રાપ્તિની કામના કરે તો નવાઈ નહીં, પરંતુ આ ક્ષણે મારો તમારા તરફનો જે ભાવ છે તેમાં અભિલાષાને સ્થાન નથી. અભિલાષાના સંસર્ગથી એ ભાવ દૂષિત ન થઈ જાય તેની મેં કાળજી લીધી છે. તમારા વિશે આ ક્ષણે હું જે અનુભવી રહ્યો છું તેને સ્નેહની સંજ્ઞા આપીને વાત આગળ લંબાવું તો એટલું જ કહીશ કે સ્નેહસિક્ત સૌંદર્ય મારા માટે પવિત્રતાનો પર્યાય છે. એના વિશે કશી આશા જન્મે એ તો સ્વાર્થ કહેવાય. વાત પાછી ગૂંચાઈ જવા આવી. બીજા શબ્દોમાં કહું: આજની વિદાયને નિઃસ્વાર્થી બની જવાના સાધન તરીકે, આત્મોન્નતિ કરી લેવાના પગથિયા તરીકે હું પ્રયોજવા માગતો નથી. નિઃસ્વાર્થ અને આત્મોન્નતિ જેવા શબ્દો બોદા ખખડતા હોય તો માફ કરજો. મારે એ અંગે કશો બચાવ કરવાનો છે નહીં. હું તો જે કંઈ કરવા માગું છું તેને ધર્મ્ય સમજું છું.'

શ્વાસ લઈ શકાય એટલો સમય થંભીને, અવાજને મંદ કરીને એ બોલ્યો-

'આજે તો તમે ઉદયનથી દૂર નથી. થોડાક સમય પહેલાં તમે મારાથી વિશેષ ઉદયનની નિકટ હતાં. આજે હું જાઉં છું તે બીજો વળાંક બની શકે તો સદ્ભાગ્ય. મને પ્રતીતિ છે કે ઉદયન તમને ચાહે છે બલ્કે વાંછે છે. એક દીર્ઘ સંપર્ક અને સમજપૂર્વકનો પરિચય પણ છે. આખી દૂનિયા ભલે ઉદયન વિશે ગેરસમજ કરતી રહે તમે કદાપિ નહીં કરો. ઉદયનની જિજીવિષા મારાથી વધુ પ્રબળ છે. એની શક્તિઓ અને એ શક્તિઓને પ્રયોજવાનું સાહસ પણ એનામાં વધારે છે. સામાજિક અન્યાયના અને જાહેર વંચનાના પ્રતિકાર માટે પોતાનાં સુખોથી વંચિત રહી શકે એટલો એ સાચો છે. અન્યાયથી સાંપડેલું દુઃખ તો એના માટે દુઃખ પણ

નથી, એને એ પચી ગયું છે. હવે તો એના માટે એક જ અભાવ દુઃખ બની શકે તેમ છે. તમને એ પ્રાપ્ત નહીં કરી શકે તો...તો એ એટલો સાચો છે - દુઃખને પૂરી સચ્ચાઈથી ભોગવે એવો છે કે એ સ્થિતિમાં એ ભાંગી જશે. અને ભાંગી પડે તો એના મિત્રોનું ભવિષ્ય પણ ખંડિયેરની સ્થિતિમાં મૂકતો જાય. એના મિત્રોની ચિંતા હું કરતો નથી પણ અમૃતા, તમે જાણો જ છો કે હું ઉદયનને ચાહું છું. અમે સમકાલીન છીએ એનો મને આનંદ છે. ઉદયન પોતાના જમાનાને કેવો નિષ્ઠાથી જીવે છે ! હું તો માત્ર જોઉં છું.'

અમૃતાનાં ફરકી ફરકીને શમી જતાં સ્મિતમાં ખરી રહેલાં પુષ્પોની નિઃસ્પૃહતા હતી. અનિકેતના વાક્યે વાક્યે એ સ્મિતનું પૂર્ણવિરામ મૂકતી હતી પણ અનિકેત બોલ્યે જતો હતો. હવે તો એ બધાં સ્મિત અને અનિકેતનાં વાક્યે રૂમના અવકાશમાં શમી ગયાં છે. હા, પર્સની ચેન ખોલવી અને બંધ કરવી એ ક્રિયા હજુ એણે બંધ કરી નથી.

'તમને સાંભળીને મને આશ્ચર્ય થયું નથી.તમે આવું કંઈક કહેશો તે હું ધારતી હતી. મારા હ્રદયમાં શું ચાલી રહ્યું છે તે પણ તમે જાણી લીધું હોય એ રીતે તમે બોલ્યા. મારે સ્વીકારવું જોઈએ કે તમે મારે વિશે કહ્યું તેમાં સત્યના અંશો હતા. તમને મેં જોયા તે પહેલાં હું મારા ભવિષ્ય અંગે વિચારતી, ત્યારે મારી એ ભાવસૃષ્ટિના કેન્દ્રમાં ઉદયન હતો. તે પછી પણ ઉદયન મારી સૃષ્ટિની બહાર કદી નીકળી ગયો નથી. તેથી જ તો તમારા પરિચય પછી હું દ્વિધાગ્રસ્ત રહી છું. મેં જોયું કે વરણી કરવી એ એક દુષ્કર કાર્ય છે. કારણ કે એમાં દાયિત્વ પણ સંભાળવાનું છે. તમે તમારી વિદાયને બીજો વળાંક કહીને જે સૂચવો છો તે અંગે તો હું કશું કહી શકું તેમ નથી. તમારામાં છે એવી નિર્ણયશક્તિ મારામાં નથી, પણ મને એક વિચાર આવ્યો છે તે તમને કહું : 'એકલાં રહેવાનું હોય તોપણ શું ?'

'તમને જે વિચાર આવ્યો તે વરણી કરવાના દાયિત્વમાંથી પલાયન નથી સૂચવતો ? એક બાજુ છટકી જવાથી પણ પેલી ભાવસૃષ્ટિ તો બદલાઈ જવાની નથી. આપણે બદલાઈએ એ જ એક માર્ગ છે.'

'બદલાઈ જવા માટે શું કરવું ? એક સંકલ્પ કરીને એને જીવવા મથવું ? તમે ઇચ્છો છો તેવો સંકલ્પ કરું ?'

'હું આદેશ ન આપી શકું. દરેકની અંગત સ્વતંત્રતાને હું સ્વીકારું છું. એટલું જ કહી શકું કે સંકલ્પ વિશે મારો અનુભવ શો છે. મેં એકાદ સંકલ્પ કરેલો કે અધ્યાપક થયા પછી પિતાજીની કોઈ મદદ નહીં સ્વીકારું. પણ આ વારસામાં મળેલું મકાન વાપરું છું એટલું જ નહીં બે ગૃહસ્થો નીચે રહે છે તેમનું ભાડું પણ મારા ખાતામાં જમા થાય છે. હા, એ પૈસા હું નથી વાપરતો તે જુદી વાત, પણ સંકલ્પ તો ખતમ થઈ ગયો ને ! કેટલાક સંકલ્પ આવેગના આવિષ્કાર હોય છે, સમજનું પરિણામ નહીં. એ તૂટે છે. અને સંકલ્પ તોડવો એ તો કરોડરજ્જુની નબળાઈ વધારવા જેવું કામ છે. ઉદયન માટે મને એટલા માટે માન છે કે......'

'હા, એનામાં કેટલીક અસામાન્ય શક્તિઓ છે. એ સંકલ્પ કર્યા પછી ફેરવિચાર નથી કરતો પણ......'

'પણ ?'

'એ વાક્ય ભલે અધૂરું રહ્યું. એનામાં સંબંધ નિભાવવાની નિષ્ઠા છે. એ કશાયથી બચીને ચાલવા માગતો નથી. મારી સૃષ્ટિમાં એટલા માટે જ એને સ્થાન છે...કોઈ અકસ્માત થાય અને સહાનુભૂતિ જન્મે, સહાનુભૂતિ વ્યક્ત કર્યા કરવાથી સંપર્ક વધે, સંપર્કમાંથી સંવેગ જન્મે અને...વગેરે વગેરે અમારા સંબંધમાં થયું નથી. એક દાયકાનો પરિચય છે. મારા શૈક્ષણિક વિકાસમાં ઉદયનનો ફાળો છે. મારો આત્મવિશ્વાસ દઢ કરવામાં એણે ઉદ્દીપન વિભાવનું કામ કર્યું છે. ઘણાંએ એની ઉપેક્ષા કરી છે તે સ્થિતિમાં પણ હું એની શુભેચ્છક રહી શકી છું. પણ...'

'પણથી શરૂ થતું આ બીજુ વાક્ય ભલે એનાથી અટકે.'

'હા, ભલે અટકે. હું એની શુભેચ્છક છું માત્ર એટલું જ નથી. અને તેથી જ તો આ બધી વિસામણ છે, બલ્કે યાતના છે.'

'ઓહો, તો હું કેટલોબધો સુખી છું! તમને બંનેને ચાહું છું. અને એમ કહી પણ શકું છું.'

'અભિનંદન. તમે કહી શકો છો તે હું નહીં કહી શકું કારણ કે હું નારી છું.'

કામ પરવારીને બાજુના રૂમમાં ગયેલા નોકરે રેડિયોગ્રામ પર રેકર્ડ મૂકી. અનિકેતે એને અવાજ વધારવા કહ્યું. એનું પ્રિય ગીત હતું. ગીત સાંભળવા તરફ એનું ધ્યાન હોય એમ બેઠેલો એ લાગતો હતો. એ ગીતના લયમાં ભળી ન શકે એવો એક પ્રશ્ન એના મનમાં ઘોળાયા કરતો હતો: તો શું પુરુષ અને સ્ત્રી માટે સ્વાતંત્ર્યનો અર્થ એક નથી?

સમય થયો છે તે જોઈને નોકરે કહ્યું કે ભોજન તૈયાર છે. બીજી રેકર્ડ અધૂરી ઉપાડી લઈને અનિકેત અમૃતાને દોરતો ડાઈનિંગ ટેબલ પાસે ગયો.

'આવો. તમને અને ઉદયનને જમવા નિમંત્રવાનું હું આજ સુધી કેમ ભૂલી ગયો? આશા રાખું છું કે ભવિષ્યમાં એ માટે યોગ્ય પ્રસંગ મળી આવશે.'

અમૃતા નેપકિનથી હાથ લૂછતી બેસી રહી

ખાલી પડેલા બેઠક-રૂમમાં હવે ફક્ત પંખાની ગતિ હતી અને અહીં ઉપર ફરતા પંખાની ગતિ સંભળાતી હતી. જમતાં જમતાં કંઈ વાત થઈ નહીં. નોકરની ઈચ્છા હતી કે આજે બાબુજીને બહુ આગ્રહ કરી કરીને જમાડશે. અમૃતાની હાજરીથી એની ભાષા કદાચ સંકોચ પામી હતી. એ વિશેષ આગ્રહ કરી શક્યો નહીં. એ બંને જમ્યાં તે પ્રસંગ ઔપચારિક બની ગયો.

જમ્યા પછી પંદરેક મિનિટ જેટલો સમય નીરવ વીતી ગયો. નોકર અનિકેતના સામાનને એક તરફ ગોઠવવા લાગ્યો હતો. બધું આવી ગયું કે નહીં તેની ખાતરી કરી લેવા એણે અનિકેતને પૂછ્યું. 'બરોબર.' તે પછી એ બધો સામાન ધીરેધીરે કારમાં ગોઠવી આવ્યો.

હજુ સમય હતો, પણ કંઈ વાત થઈ નહીં.

અનિકેતે નોકરને બોલાવીને ત્રણ માસનો વધુ પગાર આપ્યો. અને અમૃતાનું સરનામું આપ્યું જેથી નોકરી ન મળી આવે તો અમૃતા મદદ કરે. ઉદયનને તો એ સારી રીતે ઓળખે છે. નોકરે એટલો બધો વધારાનો પગાર લેવાની ના પાડી. અનિકેત ઊભો થયો. એને છાતી સરસો ચાંપીને એના પહેરણના ગજવામાં પૈસા મૂકી દીધા. બંને જણ બહાર નીકળ્યા તે પછી નોકરે બારણું બંધ કર્યું. વતન છોડીને જતો હોય એમ થોડી વાર ઊભો રહ્યો. એણે અનિકેતના હાથમાં ચાવી આપી. નમીને પ્રણામ કરવાની આદત અનિકેતે એને બંધ કરાવી હતી. પણ આજે તો એ નમી જ પડ્યો. કાર ઊપડી ત્યારે એની આંખો સાવ ખાલી થઈ ગઈ. તે પછી ધીરે ધીરે એની આંખો ભરાઈ ગઈ. આંખોને લૂછ્યા વિના જ એ પોતાના રસ્તે વળ્યો.

ડ્રાઈવિંગ અમૃતા કરી રહી હતી. અનિકેત બાજુમાં બેસી રહ્યો હતો. એ ઇચ્છતો હતો કે અમૃતા જ ભલે એને સ્ટેશન સુધી પહોંચાડે. રસ્તામાં રાજસ્થાન અંગે, પછી દેશ અંગે અને વિદેશો અંગે વાતો થઈ. રસ્તો ટૂંકો હતો તેથી દૂરની વાતોમાં પોતાને રોકી રાખવું સહેલું હતું.

પ્લેટફૉર્મ પર પહોંચ્યા પછી અનિકેતની બેઠક શોધી કાઢવામાં, સામાન ડબામાં બરોબર ગોઠવાઈ જાય તે બાબતે અમૃતા વધુ સક્રિય રહી. અનિકેતને કોઈ ઉતાવળ, કશી ચિંતા હોય તેવું લાગ્યું નહીં. ગાડીની વ્હિસલ વાગી ત્યાં સુધી એ પ્લેટફૉર્મ પર ઊભો હતો. હવે ડબાના બારણે જઈને ઊભો. એણે અમૃતા સામે જોયું.

વિદાયના અનુભવની ઉત્કટતા આંખો જ સવિશેષ વ્યક્ત કરી શકે. અમૃતાએ જોયું કે અનિકેતની સ્મિતભરી દૃષ્ટિમાં મૃગજળ લહેરાઈ રહ્યાં છે. મુંબઈની ચોપાસનો દરિયો પણ જાણે મૃગજળ બની ચૂક્યો છે. આખું મુંબઈ લઈને અનિકેત કંઈ જતો ન હતો છતાં અમૃતાને તો એવું જ લાગ્યું. હવે એ પાછી વળશે, માણસોની ભીડથી આચ્છાદિત અરણ્યમાં. એક માણસને બાદ થતો જોતી વેળા આટલું બધું ખૂટતું લાગશે તેની અમૃતાને કલ્પના ન હતી.

હું આજે જે કંઈ બોલી તે બધું જ વીસરી જજો. હું...હવે અહીં તો કેવી રીતે કહું? પણ...તમારી પ્રતીક્ષા કરું?'

ઉદયનનો અવાજ આવ્યો. એ દોડતો આવતો હતો. અનિકેતે હાથ ઊંચો કર્યો. ગાડીનાં ચક્રોમાં ગતિ જન્મી. ઉદયન પહોંચી ગયો. ચાલતી ગાડીએ અનિકેતનો હાથ પકડીને એણે શુભેચ્છા આપી. માથેથી પાટો છોડી નાખીને ઉપર કાશ્મીરી ટોપી પહેરીને એ આવ્યો હતો. પોતાના ઘાને ઢાંકીને ફરવામાં આત્મવંચના નથી થતી એવું એ માને છે.

'અચ્છા! ગુડ-બાય!'

'આવજો.' એક ડગલું આગળ વધીને અમૃતાએ દૂરથી જ કહ્યું.

'આવજો.' અનિકેતે બંનેને કહ્યું.

'આવજે.'

'અલવિદા ઉદયન!'

ગાડી પ્લેટફૉર્મ છોડી ગઈ. ઉદયનને અનિકેતનું 'અલવિદા' ન ગમ્યું. એ ઉચ્ચારણમાં એને ત્યાગનો નશો વર્તાયો અને વિદાય લઈ રહેલો એનો હાથ ગર્વોન્નત લાગ્યો. અમૃતા પાછી વળી ગઈ હતી. સ્વજનોને, પરિચિતોને મૂકવા આવેલાં સહુ પાછાં વળી ચૂક્યાં હતાં. હા, ગાડીના સરકી જવાથી કોઈ કોઈ પાટા ઊપર ઊભા થયેલા અવકાશ તરફ મુખ કરીને ઊભાં હતાં. અવકાશને નીરખવા માટે અમૃતાએ એવો કોઈ દશ્યમાન આશ્રય લીધો ન હતો. એ નીચું જોઈને ચાલતી હતી. એણે ગતિ ઘટાડી દીધી જેથી ઉદયન પહોંચી જાય. વહેલાં પાછાં વળેલાં અને છેવટે પાછાં વળેલાં એક પ્રવાહમાં ભળી ગયાં. દૂરના પ્લેટફૉર્મ તરફથી એન્જિનની લાંબી વ્હિસલ સંભળાઈ. બાજુના પ્લેટફૉર્મ પાસે એન્જિનના ધક્કાથી ગાડીના ડબ્બા ખખડ્યા. પછી એન્જિન એમને મૂકીને ચાલવા લાગ્યું - ભક્ભખ્ ભક્ભખ્...ઉદયન પહોંચી ગયો. અમૃતાએ ટોપી ઓળખી લીધી. એણે જે ભેટ આપેલી તે જ. એ ઉત્તર ભારતના પ્રવાસે ગયેલી ત્યારે વળતાં દિલ્હીથી ખરીદતી

આવેલી. કેટલાં વરસ થયાં ? ત્રણ કે ચાર ? એ આંકડો ત્રણનો હોય કે ચારનો તેથી અમૃતાએ આ ભેટ આપી છે તે હકીકતમાં કશો ફેર પડી જતો નથી. અહીં એટલું જ નોંધવાનું છે કે આંકડો અમૃતાને ચોક્કસ યાદ નથી.

□

'અચ્છા અમૃતા, હું જાઉં. તું અહીંથી સીધી જ જઈશ ને !'

'હું તને મૂકવા આવું છું. તને મૂકીને જઈશ.'

'તું ડ્રાઈવિંગ કરે અને હું બાજુમાં બેસી રહું તે તો મને કઠે.'

'તો પાછળ બેસજે. નહીં તો તું ડ્રાઈવિંગ કર. મને નહીં કઠે. પુરુષોના મનમાંથી હજી નારીનું રક્ષણ કરતા રહેવાનો ફાંકો ગયો નથી. આ તમારું સ્ત્રીદાક્ષિણ્ય અને રક્ષણ કરતા રહેવા તત્પર એવું ઔદાર્ય એક પ્રચ્છન્ન સ્વામીત્વવૃત્તિ સૂચવે છે.'

'હું તો એ વૃત્તિ પ્રગટ કરી ચૂક્યો છું. પ્રચ્છન્નતાનો આશ્રય લેનારાઓમાં હું નથી.'

અમૃતા સમજી કે ઉદયનની ટકોર અનિકેત વિશે જ છે. સ્ટિયરિંગ ઉપરથી એનો ડાબો હાથ ઊપડ્યો. ઉદયનના બરડા પર એક ધબ્બો મારવાની ઈચ્છા થઈ હતી, એ સાવ નજીક બેઠો ન હતો છતાંય. એને માથે વાગેલું છે તે જોઈને એ ખમચાઈ કે પછી બીજી જ પળે જાગેલા વિવેકથી એ અટકી અથવા બંને કારણો- એ એક સાથે કામ કર્યું. પણ તે પછી એને લાગ્યું કે પોતે આવી હાસ્યાસ્પદ ચેષ્ટા કરતાં બચી ગઈ તે સારું જ થયું. આર્ય નારીને શોભે એવું એ વર્તન ન હોત. એ કેવું બરછટ લાગત ? ઉદયનનો એક પત્રકાર મિત્ર ધી ગેટ વે ઑફ ઈન્ડિયા પાસે બંનેને રોકીને એક દિવસ વાતે વળ્યો હતો. એ કહેતો હતો કે રશિયામાં સ્ત્રીઓ પુરુષોની જેમ જ બધાં પરિશ્રમપ્રધાન કામો કરે. ગૃહકાર્ય એમના હાથમાંથી લગભગ છટકી ગયું છે. નારીસુલભ સંકોચ અને લજ્જા એમનામાં દેખાતાં નથી. પુરુષોના સંપર્કના સાતત્યના કારણે અને રુક્ષ-શુષ્ક કાર્યોમાં જોતરાઈ રહેવાને કારણે આ પરિણામ આવ્યું છે એવું તારણ કાઢી શકાય...પોતે મોટેભાગે કૉલેજકાળની પોતાની સખીઓથી દૂર જ રહી છે. એમાંની મોટા ભાગની તો પરણી ગઈ છે. એમની

ફરિયાદ છે કે અમૃતાને પુરુષોનો સંપર્ક વધુ ગમે છે. અમૃતાને એમની વાતોમાં રસ ન પડતો. તેથી એ એમનાથી કંઈક દૂર થઈ ગઈ હતી. ભાઈ-ભાભીઓએ ટકોર કરી તો એમાં શું ખોટું થઈ ગયું? પુરુષોનો આટલો બધો સંપર્ક પેલું બરછટ વર્તન કરવાની ઇચ્છા જગાવવામાં કારણભૂત હોય તો નવાઈ નહીં.

'અમૃતા, આ તરફ લઈ લે ને. મારે પ્રેસ-બિલ્ડિંગમાંથી થોડી સામગ્રી લેવાની છે. હમણાં જ થોડા લેખના જલદી અનુવાદ કરી આપવાની ઑફર આવી હતી. આવતી કાલે જવાનું હું કદાચ ભૂલી જઈશ. પૈસા સારા એવા મળે એમ છે.'

અમૃતાએ રસ્તો બદલીને કહ્યું-

'અત્યારે ત્યાં કોણ હશે?'

'સાડા દશ સુધી મારી રાહ જોશે એવો સંદેશ હતો.'

ઈમારતના પ્રવેશદ્વાર પાસે અમૃતાએ કાર રોકી. એ કારમાં જ બેસી રહી પણ ઉદયને એને સાથે લીધી. લિફ્ટવાળો લિફ્ટને ખુલ્લી મૂકીને ક્યાંક બાજુમાં ગયો હશે. ઉદયન અંદર ગયો. અમૃતા પણ એને અનુસરી. ઉદયને સ્વિચ દબાવી. લિફ્ટ ઊપડી. ઉદયન ખુશમિજાજ લાગ્યો. બોલ્યો-

'આ લિફ્ટ તૂટી પડે તો કેવો તીવ્ર અનુભવ થાય?'

'મને એવો વિચાર આવ્યો કે લિફ્ટ અટકે જ નહીં અને ઉપર અને ઉપર બસ ચાલી જ જાય, ચાલી જ જાય તો કેવું?'

'એવું બેત્રણ દિવસ સુધી ચાલ્યા કરે તો રણમાં પહોંચેલો અનિકેત આપણને જોઈ શકે. કારણ કે એની નજર મુંબઈ તરફ જ રહેવાની.'

'અનિકેત એટલે દૂરથી ઓળખે?' લિફ્ટ અટકી ગઈ હતી.

'ન ઓળખે તો એમ માને કે વિશ્વામિત્રનો પેલો કૃપાપાત્ર ત્રિશંકુ ધરતીની કોઈ પરીને સાથે લઈને સ્વર્ગ તરફ ઊપડ્યો છે. વચ્ચે પહોંચીને અટકશે.'

ઉદયને દરવાજો ખોલ્યો.

'પણ આપણે વચ્ચે ક્યાંય ન અટકીએ અને બસ ઉપર ને ઉપર આગળ વધ્યા જ કરીએ તો ?'

'તો છેવટે નરકનું તળિયું અડકે પછી તો લિફ્ટ રોકાય કે નહીં ? અમૃતા, આ તારાં સ્વર્ગ અને નરકમાં નીચે કયું છે ? કે પછી બંને એક જ સપાટી પર આવેલાં છે ? મને લાગે છે નરક એ સ્વર્ગનું ભોંયતળિયું હશે.'

'આપણે ઘણા દિવસ પછી આજે મૂર્ખતાપૂર્ણ વાતો કરી.'

'મૂર્ખતાપૂર્ણ તો નહીં પણ અર્થહીન વાતો. એવી અર્થહીન વાતોમાં હું જોડાઉં છું ત્યારે જ મને લાગે છે કે હું આજે જોવા મળતા જીવનની નજીક છું.'

ઉદયન સામગ્રી લઈ આવ્યો. બંને પાછાં વળ્યાં. ઉદયને દાદર પર કોઈનો પગરવ સાંભળ્યો. એણે નમીને જોઈ લીધું. બંને લિફ્ટમાં ઘૂસી ગયાં. પેલો માણસ લિફ્ટવાળો હતો. એ પાસે આવે તે પહેલાં તો લિફ્ટ નીચે ઊતરવા લાગી ગઈ હતી.

'આ બધાં યંત્રોને આપણે રમકડાંની જેમ વાપરવાં જોઈએ.'

'પણ પેલો બિચારો દાદર ચડીને ઉપર આવ્યો, હવે નીચે ઊતરશે. તને એની જરાય દયા ન આવી ?'

'એનું કામ લિફ્ટ ચલાવવાનું છે. આપણી જેમ રખડવાનું નહીં.'

'સારું. હવે મલબાર હિલ કે પછી કોઈ હોટલમાં ? તને ક્યાં મૂકતી જાઉં ?'

'કેમ બહુ ઉતાવળ છે ? એટલી બધી ઉતાવળ હોય તો અહીંથી ડાબી બાજુ લઈ લે અને મને પારસીઓના ટાવર ઑફ સાઇલેન્સમાં ધકેલીને ચાલી જા.'

અમૃતાથી ચીસ પડાઈ ગઈ. પારસીઓના શબ ધકેલી દેવાના ટાવરની એક દિવસ ઉદયન ચોરીછૂપીથી મુલાકાત લઈ આવ્યો હતો અને પછી એણે અમૃતા આગળ પોતાના એ અનુભવનું સવિસ્તર વર્ણન કર્યું હતું. અમૃતા સાંભળતાં સાંભળતાં અકળાઈ ઊઠી હતી. તે દિવસથી ઉદયન કોઈ કોઈ વાર એ શાંતિના ટાવરનું સ્મરણ કરાવે છે.

સવા દસ થયા હતા.

‘અરે, સારું થયું કે યાદ આવ્યું. બેએક વરસ પહેલાં આપણે તારા નાના ભત્રીજા માટે સ્પુટનિક અને આગબંબાનાં રમકડાં ખરીદ્યાં હતાં. તે આજે સાંજના મને મેજના નીચેના ખાનામાંથી જડી આવ્યાં છે, લેતી જા.’

‘હવે તો તું રમજે. એ બાબો તો મોટો થઈ ગયો. પણ ચાલ, દસ-પંદર મિનિટ બેસું. જોઉં, તારા રૂમના શા હાલહવાલ છે ?’

રૂમમાં પ્રવેશ કરતાં જ ચિરકાલીન અસ્તવ્યસ્તતાએ અમૃતાને આવકારી. પલંગ પર થોડાંક સામયિક પડ્યાં હતાં. એમની વચ્ચે ખુલ્લી ફાઉન્ટનપેન પડી હતી. રાઇટિંગ ટેબલ પર બૂટ પડ્યા હતા. નીચે મોજાં પડ્યાં હતાં. દવાના રંગ વાળો પાટો આરામખુરશીમાં પડ્યો હતો. પલંગના ઉશીકા પાસે મૂકેલી ખુરશીમાં ઍશટ્રેની બાજુમાં સિગારેટનાં કચડી નાખેલાં ઠૂંઠાં પડ્યાં હતાં.

‘તું આરણ્યક સંસ્કૃતિનો પુરસ્કર્તા શા માટે છે તે તારા રૂમમાં પગ મૂકનાર કોઈ પણ માણસને સમજાઈ જાય એવું છે.’

‘બે મિનિટમાં બધું વ્યવસ્થિત થઈ જશે. ત્યાં સુધીમાં તું આ પત્ર વાંચી લે.’

સત્ર ઊઘડતાં ઉદયન જોડાવાનો છે તે કૉલેજના આચાર્યનો પત્ર હતો. અભ્યાસક્રમ સમિતિ ઉપર પ્રગટ થયેલો ઉદયનનો લેખ પ્રચાર પામ્યો હતો. આ પત્ર એ લેખને અનુલક્ષીને હતો. આ બધું આપણા કાર્યક્ષેત્ર બહારનું છે અને અભ્યાસક્રમ સમિતિ ઉપર અધ્યાપક જેવા જવાબદાર માણસથી આટલી હદે પ્રહાર ન થાય. તમે ખુલાસો આપો કે કોઈને ખોટું લાગ્યું હોય તો હું દિલગીર છું વગેરે વગેરે, મધુર ભાષામાં લખેલું હતું.

‘કોણ છે તારા આચાર્ય ?’

‘મોટા માણસ. વિદ્વાન કહેવાય છે. એમણે ઘણાં પુસ્તક લખ્યાં છે. શિક્ષણજગતના એ એક જાણીતા માણસ છે’

'પણ એમનું માનસ તો સામંતયુગનું લાગે છે. માફી માગવાનું સૂચવે છે. તને એમની સાથે ફાવશે ?'

'આવતી કાલે મળી આવીશ એમની ગેરસમજ દૂર થશે તો જ એમની કૉલેજમાં જોડાઈશ.'

'મને તો તારો લેખ ખૂબ ગમ્યો હતો.'

'તને ગમે એટલે સહુને ગમે એવું ઓછું છે ? તારી માન્યતા સર્વોચ્ચ ન કહેવાય.'

'તારા પૂરતી પણ નહીં ?'

'તને ખોટું ન લાગે માટે સ્વીકારી લઉં છું. બાકી તેં એ પછી પ્રગટ થયેલું એક ચર્ચાપત્ર વાંચેલું ? એમાં મારી ભાષાને હિંસક કહેવામાં આવેલી.'

અમૃતાએ ઉદયનના માથેથી ટોપી લઈ લીધી. ઘા પરની પટ્ટી ઊખડી ગઈ ન હતી. તે જોઈને એને આનંદ થયો. એણે પેલો પાટો લઈને બાંધી દીધો.

'નોકરીએ જોડાવાની ના પાડશે તો ?'

'તો શું ? એક મહિનાનો પગાર તો આપશે ને ? એટલો પગાર પૂરો થઈ જશે ત્યાં સુધીમાં નવી નોકરી શોધી કાઢીશ. અને અનુવાદનું કામ તો મળ્યા જ કરવાનું. એ પણ કોઈની ભલામણથી બંધ થશે તો ભિલોડા જઈને લાકડાંનો વેપાર કરીશ. કોલસા પાડીશ. એ ઉદ્યોગનો હું નિષ્ણાત છું. ભઠ્ઠી કરીને લાકડાં અંદર નાખવાનાં. પછી સળગાવીને બહાર નીકળતી એમની ધૂણી જોઈ રહેવાની. નોકરી માટે નમી પડે એ બીજા. જવા દે એ વાત. આજે તો કંઈક મધુર વાતચીત થવી જોઈએ. અમૃતા, સાચું કહું છું, તું ગરીબ ઘરની કન્યા હોત તો કેવું સારું ?'

'કેમ ?'

'હું તને અપનાવી લઈને તારા પરિવાર ઉપર ઉપકાર કરત.'

'ઉપકાર કરત કે સ્વાર્થ સાધત ?'

'આપણા સમાજમાં તો ઉપકાર પણ એ રીતે થતા હોય છે કે એમનાથી તો સ્વાર્થ વધુ નિર્દોષ લાગે.'

'પણ તારો આ સ્વાર્થ જોઈને મને તો ડર લાગે છે. તું એકાએક મને અપનાવી લે તો મારી પસંદગીનું શું ? હું હવે તને મળવા નહીં આવું.'

'તો હું આવીશ. મેં તારું ઘર ક્યાં જોયું નથી ? "છાયા" જેવું રૂપાળું નામ છે જેનું !'

'તું મળવા આવે તે તો હું માની શકું છું પણ મારા મુરબ્બીઓને એ ગમતું નથી. ગઈ કાલે રાત્રે ચિઠ્ઠી મળી છે કે આ રીતે પુરુષોના સાહચર્યમાં રહેવું કુલીન યુવતીને શોભે નહીં.'

'એ લોકો સાથે હું સહમત થાઉં છું. પહેલાં તું મને એકલાને ઓળખતી હતી ત્યારે કોઈએ કેમ કંઈ કહેલું નહીં ? બે પુરુષો તરફ એક પ્રકારની લાગણી જાળવવામાં જોખમ છે એ સામાન્ય માણસ પણ સમજી શકે તેવી વાત છે. હા, તારે ક્લિયોપેટ્રા થવું હોય તો જુદી વાત !'

'તેં જ મને અનિકેતનો પરિચય કરાવેલો. તું જ એ પરિચયને વધારતો રહ્યો. આજે તું જાણે છે કે અનિકેત તરફ મને વિશેષ સદ્‌ભાવ છે. એટલું જ નહીં હું તારી સાથે તો મિત્રના સમાન હકથી વર્તી શકું છું પણ અનિકેત સામે સદા નાની લાગું છું.'

'મને તમે બંને નાનાં અને નાદાન લાગો છો. અનિકેત મહાશય જે રીતે આપણી વચ્ચેથી ખસ્યા છે તે મને સહેજે પસંદ પડ્યું નથી. જાણે કે બીજા કોઈને વારસો મળે માટે વનવાસ જતા હોય એવું ગૌરવ એમના ચહેરા પર હતું. ભલે ભાઈ ! જે સંશોધન કરવાનું છે તે માટે રણમાં રખડવું અનિવાર્ય છે ખરું પણ ત્યાં રહેવું અનિવાર્ય નથી. આ વસ્તુનો ખ્યાલ આવ્યા પછી એની અધ્યયનનિષ્ઠા વિશે- નો મારો આદર ઘટ્યો છે. અને એ મને સમજે છે શું ? એક દિવસ મેં થોડાક વ્યંગ કર્યા તે સહન ન થતાં મહાપુરુષ બની બેઠો ? એની આ ઉપકારવૃત્તિનું પ્રદર્શન મારાથી સહન થયું નથી પણ દૂર જતા માણસને કડવાં વચન કોણ કહે ? હું એની સાથે તને

પ્રાપ્ત કરવાની સ્પર્ધામાં ઊતરવા તૈયાર હતો. મારે પોતાની યોગ્યતા પુરવાર કરીને વિજેતા બનવું હતું. અને મને વિશ્વાસ હતો કે...'

'તું તો એવી રીતે વાત કરે છે કે જાણે તમારા બંનેની સ્પર્ધા માટે હું માત્ર નિમિત્ત હોઉં. એક નિમિત્તથી વિશેષ મારી જાણે કે સત્તા જ ન હોય. તમારા બંનેની ચડસાચડસીમાં મારા માટે વરણની સ્વાધીનતા જેવું કશું હોય જ નહીં! ઉદયન! તું ભલે આધુનિક માનવનાં મૂલ્યોનો પ્રવર્તક બનવા માગતો હોય, સંભવ છે ભવિષ્યમાં નવાં મૂલ્યોના સ્થાપકોની સૂચિમાં તારું નામ કોઈને વાંચવા મળે પણ મને તારું માનસ પછાત લાગે છે. તારામાં સ્વામિત્વવૃત્તિનાં દૂષણો ઓછાં નથી. તું તો મને એક નિર્જીવ નિમિત્ત માનીને વાત કરે છે.'

'તને અધિકાર છે જે કહેવું હોય તે કહે.'

'એટલી છૂટ આપીને પણ તું તારો અધિકાર સૂચવવા માગે છે. તો ભોગવ અધિકાર આ રૂમની શાશ્વત અરાજકતા પર. હું જાઉં છું. લે આ અનિકેતના મકાનની ચાવી. એણે તને આપવા કહ્યું છે.'

'ચાવીને હું શું કરીશ? તારી પાસે જ રાખ ને. તો શું ચાવી મોકલાવીને આખું ઘર મને સોંપતો ગયો હોય તેવો સંકેત એને અભિપ્રેત હશે? તું પાંચ-દસ મિનિટ બેસ અમૃતા, હું થોડુંક બોલી લઉં. પછી એકલો પડી જઈશ. હું બોલીશ તે તને ગમશે. એ અનિકેત વિશે છે: હું એને ચાહું છું એ કરતાં એ મને વધારે ચાહે છે. હું જાણું છું કે હું માગું તો એ પોતાનું ભવિષ્ય પણ મને આપી દે. આગળ વધીને હું એમ પણ કહી શકું અને એ તારે માની લેવું પડશે કે કોઈ અજાણ્યો માણસ આવીને માગે તોપણ અનિકેત એને પોતાનું ભવિષ્ય આપી દે. એના ભવિષ્યને વેડફી દેવાની બીજા કોઈની વૃત્તિ ન હોય તે બીજી વાત, પણ અનિકેત એટલો સજ્જ છે એ મારે તને કહેવું હતું... તારો પરિવાર અમીર છે. તેથી તું અમીર કહેવાય. એના પરિવારને ફક્ત અમીર કહીએ તો તારો પરિવાર તો મધ્યમ વર્ગમાં સમાવેશ પામે. અમે બંને કૉલેજમાં સાથે હતા તે વર્ષે અનિકેતના પિતાજી મુંબઈ આવેલા. કૉલેજના આચાર્યે એમને વ્યાખ્યાન આપવા બોલાવેલા. જાણે કે ઈરાનનો શાહ-સોદાગર, એમના પ્રૌઢ

ચહેરા પર ભૂમધ્ય સમુદ્રની શાંતિ. એક વાક્ય આજેય મને યાદ છે - અમે આફ્રિકામાં વેપાર કરીને સંપન્ન બન્યા છીએ, અમારા કાર્યને કદાચ ઈતિહાસ ન્યાય ન પણ ઠરાવે, અમે ત્યાં જઈને કશું નિર્માણ નથી કર્યું, પરિસ્થિતિનો લાભ લીધો છે.' એમણે ત્યાંના વેપાર-રોજગાર પર સારી ચર્ચા કરી હતી. એમની પેઢીનું ત્યાં ઘણું મોટું નામ છે. એકવાર અનિકેતની વર્ષગાંઠ પ્રસંગે એમણે લખ્યું હતું - 'તારા માટે મર્સિડિસ કારનો ઓર્ડર નોંધાવી દીધો છે. નજીકના સમયમાં તને મોકલાવી દઈશ.' અનિકેતે ફોન જોડીને ના પાડી દીધી. ફોન જોડતાં કેટલો સમય લાગેલો ! પણ ના પાડ્યા પછી જ એને શાંતિ થઈ. એણે પછી મને કહ્યું હતું - 'કાર સાચવવામાં સમય બગડે. અને છાત્રોનું ધ્યાન ખેંચાય તેથી એમનો પણ સમય બગડે. અધ્યાપક જેવા માણસને કાર ખપતી નથી. એનો નાનો ભાઈ અહીં ભણતો હતો પછી ઈંગ્લેન્ડ ચાલ્યો ગયો. સાવ લહેરી અને એટલો જ બુદ્ધિશાળી. કદાચ હવે તો પેઢીના કામમાં જોડાઈ ગયો હશે. અનિકેત સાથે અદબથી વાત કરે...આ બધી બાબતો કદાચ તને નગણ્ય પણ લાગે પરંતુ હું કહેવાની ઇચ્છાને રોકી ન શક્યો. આવો માણસ એશઆરામ છોડીને રણ પ્રદેશમાં રહેવા જાય તો એનો ત્યાગ સાર્થ છે. મેં આગળ એના વલણને નાપસંદ કર્યું તે જુદા જ અર્થમાં છે તે તું સમજી શકીશ. હવે તું જઈ શકે છે.'

'હા, હું જાઉં. ઘેરથી ક્યારની નીકળી છું ! બધાં શંકિત નજરે મારી પ્રતીક્ષા કરતાં હશે.'

'કોઈને કંઈ સમજાવવાની જરૂર હોય તો મને કહેજે, આવી જઈશ.'

'તારા સમજાવવાથી તો ગેરસમજ વધશે. મારે મારા વર્તનથી જ એમને સમજાવવું રહ્યું...વર્તનથી હું એમને જરૂર સમજાવી શકીશ પરંતુ તે દરમિયાન પરાધીનતા ભોગવ્યાની વેદના મને થશે. મારાથી કોઈની શંકા સહન થતી નથી. બે પુરુષોના સંપર્કનો એ લોકો શો અર્થ તારવતાં હશે ? હું પોતાની રીતે પોતાને અને અન્યને સમજવા સ્વતંત્ર નથી ? ઘરનાં માણસો પ્રતિષ્ઠાના એક છીછરા ખ્યાલમાં અભિરુચિ અને વરણીના મારા અધિકારને દબાવવા ઇચ્છે છે. જે સમાજને તું આત્મવંચનાના

પાયા પર રચાયેલો કહે છે. તેમાં પણ તારા અને અનિકેત જેવા માટે જેટલી સ્વતંત્રતા છે તેટલી પણ મારા માટે તો નથી જ. હું તુલના નથી કરતી પણ મારી સ્થિતિને સમજી રહી છું. હું તો એમ પણ કહીશ કે ઉદયન અને અનિકેત પણ મારા સમગ્ર વ્યક્તિત્વને સ્વીકારવાને બદલે મને મુખ્યત્વે નારીરૂપે જ ઓળખતા - જોતા રહ્યા છે. તારા ઉમળકામાં અને અનિકેતની સ્વસ્થતામાં પણ મને કશુંક એવું ઉપસ્થિત લાગે છે જે મને બેચેન બનાવી મૂકે છે. કેમ મારા નારીરૂપથી જ તમે આટલા સભાન છો ? (અહીં ઉદયન બોલવા જતો હતો કે તારા સૌંદર્યને દોષ દે. પણ એ ન બોલવું જોઈએ એમ સમજીને ન બોલ્યો. અમૃતા આગળ વધી ચૂકી હતી.) તું જ કહે, પુરુષ તરીકે નહીં પણ મનુષ્ય તરીકે તું આત્મનિર્ણયનો હક ભોગવે છે એ સ્થિતિમાં મને મૂકી શકે તેમ છે ? તારી સામે પણ મારે એક વાત કહેવાની છે. તું મને ચાહે છે એવું કહીને અને પ્રગટ કરીને શું ઉપયોગિતા-પ્રેરિત આત્મવંચનાનો આશ્રય નથી લેતો ? અને એમ હોય તો બતાવ મારી સ્વતંત્રતા પછી ક્યાં સલામત છે ? હવે આપણે મળીશું ત્યારે આ પ્રશ્નનો ઉત્તર તારી પાસે હશે ?'

ઉદયન કંઈ જ બોલ્યો નહીં. પાંદડાં ખરી ગયેલા વૃક્ષની એક છબી દીવાલ પર લટકતી હતી. જોયા વિના પણ એને એ દેખાઈ. અમૃતા ઊભી થઈને ચાલી તે ક્ષણે એની નજર દીવાલ પરના એ ફોટોગ્રાફ પર સ્થિર થઈ. અમૃતા બારણા બહાર પહોંચી ગઈ. એ ઊભો થયો. એ બારણા સુધી પહોંચ્યો તેટલામાં તો અમૃતા દાદરના બંને વળાંક ઊતરી ચૂકી હતી. દાદર પરના વાતાવરણમાં રહી ગયેલો એનો પદરવ પણ શાન્ત થવા લાગ્યો હતો. એકાએક અવાજ થયો. કાર ચાલુ થવાનો એ અવાજ હતો. અમૃતાની ગતિની નીરવતા અનુભવતો ઉદયન ઊભો હતો. હવે તો એ નીરવ ગતિ પર પણ અવાજનો આઘાત થયો. છેવટે કાન અને આંખો દ્વારા પોતાના ચિત્તમાં નિઃશેષ અવકાશ ભરીને એ પાછો વળ્યો.

# પ્રતિભાવ

येन अहं न अमृता स्याम् किम् अहम् तेन कुर्याम्...

**मैत्रेयी**

# એક

મિથ્યા !

ન્યાય માટેના સંઘર્ષની ફલશ્રુતિ શી ?

પરાભવ !

એક સર્વાશ્લેષી ભૂકંપની જરૂર છે. જીર્ણ બુનિયાદ પર નવી ઈમારતની રચના શક્ય નથી. ઉદયને તાળું ખોલ્યું. બૂટથી બારણાને ધકેલ્યું. કમાડ ખખડી ઊઠ્યાં. એણે દૂરથી જ ટેબલ પર પુસ્તકો ફેંક્યાં. પુસ્તકો સાથે પકડેલાં ગોગલ્સ પણ ફેંકાયાં. તે ટેબલ પરથી ઊછળીને નીચે પડ્યાં. જમણો કાચ ફૂટી ગયો. એણે જોયું કે કાચ સદા અનેક ટુકડાઓમાં ફૂટે છે. ફક્ત બે કે ત્રણ ટુકડા થવામાં કાચનું ફૂટવું જાણે કે પૂરું થતું નથી. એક બાજુ કાચ અને બીજી બાજુ કાચ વિનાની એટલે કે અવકાશવાળી ફ્રેમ એણે પહેરી. એમ કરવાથી જે દેખાયું તે જોઈને એ હસી પડ્યો. હસી લીધા પછી એ ગંભીર થઈ ગયો. એને ગંભીર થયેલો જોનારને તો એમ જ લાગે કે આ માણસ જિન્દગીમાં એકેયવાર હસ્યો નહીં હોય.

એણે ખંડિત ચશ્માં ટેબલ પર મૂક્યાં. વિચાર આવ્યો કે આ રંગીન કાચ મારી અને અમૃતાની વચ્ચે છે. અનિકેતની અને પોતાની વચ્ચે કોઈ કાચ નથી. અથવા આ પ્રમાણે વિચારવું એ વિચારવું જ નથી. બહુ બહુ તો તરંગલીલા કહી શકાય.

પણ મને આવો બાલિશ વિચાર કેમ આવ્યો ? આ જગતમાં અમૃતા અને અનિકેત એ બે પ્રાણી જ છે એવું નથી. હું પણ છું. અને હું છું તો આખું જગત કંઈ નાનું નથી. રસ્તામાં ચાલતાં દર વખતે નવા અને નવા જ ચહેરા જોવા મળે છે.

એ ચહેરાઓને ઉદયન જોતો રહે છે. કંઈક નવું, કંઈક અજાણ્યું એને એ ચહેરાઓમાં જોવા મળે છે. વિવિધ અણજાણપણાનો જ એને પરિચય થાય છે. એ જાણે છે કે પોતે પણ એમના માટે અજાણ્યો છે. આ પરસ્પરનું અજાણ્યાપણું તોડીને આગળ વધવાની એને જરૂર લાગતી નથી. કારણ કે આ ચહેરાઓ ચાલે છે

તે ભૂમિ પણ બદલાવી જોઈએ. એકસામટી ઊથલપાથલ થવી જોઈએ. તે પછી સમગ્રનું રસાયણ થવું જોઈએ. પછી જ એમાંથી નવા અંકુર જન્મશે. જેમને જોવા એ ઊભો હશે.

ક્યાં ? એને વિચાર આવ્યો. પેલા રસાયણમાં તો એ પણ નિઃશેષ થઈ ગયો હશે. તો જે પરિવર્તન જોવા ન મળે તે થાય કે ન થાય તેની સાથે નિસ્બત શી ? આ તર્કને એણે દાબી દીધો. પોતાની હયાતીમાં, પોતાની સમક્ષ જ એ પરિવર્તન થાય, પોતે તટસ્થ દર્શનની અદાથી ઊભો રહે, એટલું જ નહીં, અમૃતા પણ એની પાસે ઊભી રહે. અને અનિકેત ? હા. એ પણ ઊભો હોય પણ સહેજ દૂર. જેથી એની છાયામાં અમૃતા ઢંકાઈ ન જાય. અને ઉદયન વિજેતાના રૂઆબથી અનિકેતના સામું જોઈ શકે, કોઈને કદાચ લાગશે કે ઉદયનમાં વિજેતા થવાની વૃત્તિ ઉન્માદની કક્ષાએ પહોંચી શકે એવી છે. પણ એવું નથી. હિટલરમાં અને ઉદયનમાં એટલો બધો ભેદ છે કે એ ભેદને સમજાવી શકે એવો કોઈ આંકડો ગણિતશાસ્ત્ર પાસે નથી. ઉદયન હમણાં જે અને જે રીતે વિચારતો હતો તે એક ઘટનાનું પરિણામ છે. ઉદયનની પ્રતિક્રિયાઓ ભારે તીવ્ર હોય છે. સાંસારિક માણસો આંખ આડા કાન કરી લે તેવી નાનીસરખી ઘટના માટે ઉદયન આકાશપાતાળ એક કરવા લાગી જાય છે. આખી સૃષ્ટિની પુનર્રચના કરવાનું દાયિત્વ પોતાનું છે એમ માની બેસે છે. શાસ્ત્રોના કહેવા પ્રમાણે તો એ કામ બ્રહ્માજીએ સર્વ પ્રથમ કરેલું. એ બ્રહ્માજીને કે એમની અવેજીમાં કામ કર્યું હોય તેવા કોઈ વિધાતાને ઉદયન સ્વીકારતો નથી તેથી સૃષ્ટિ રચવાનો કે સૃષ્ટિની પુનર્રચના કરવાનો બીજા કોઈનો અધિકાર એ ઝૂંટવી લે છે એવું વિધાન થઈ શકે તેમ નથી. ઉદયન પોતાના પગ પર ઊભા રહેવામાં માનનારો માણસ છે. અત્યારે એને જે વિચાર આવ્યા તેનું કારણ તપાસવા પેલી ઘટના ખપની છે-

કૉલેજ, એની આગળનું સિચ્યુએશન સહુએ કલ્પી લેવું, ખાસ ફેર નહીં પડે. રજાઓ હોવાથી વિદ્યાર્થીઓ નથી. નજીકના માર્ગ પર યુવક-યુવતીઓની અને વાહનોની અવરજવર પણ ખાસ નહીં. તમે ભણતા હતા કે ભણાવો છો કે જુઓ છો તેવી કોઈ કૉલેજ જેવી આ કૉલેજ છે. એમાં આચાર્યની ઑફિસ તરફ ઉદયન

જઈ રહ્યો છે. 'રજા લઈને પ્રવેશવું' એવું પાટિયું વાંચે છે. આવાં ઘણાં પાટિયાં એણે વાંચ્યાં છે. વળી, અહીં તો એને બોલાવવામાં આવ્યો છે તેથી રજા લેવાની જરૂર નથી. એ અંદર જઈને ઊભો રહે છે. નજર મળે છે. 'આવો.' એ બેસે છે. વાતચીતની શરૂઆત થાય છે.

'તમારું ગદ્ય સારું છે.'

'શું મારી કોઈ વાર્તા વાંચી ?'

'તમે વાર્તા પણ લખો છો ?'

ઉદયન અકળાય છે. આ માણસને ખબર નથી કે હું વાર્તાકાર છું !! ઈન્ટરવ્યૂ વખતે એણે કહ્યું હતું - તમારા જેવા નિર્ભીક નવોદિત સાહિત્યકારોને મારી કૉલેજમાં અધ્યાપકરૂપે મેળવતાં મને ઘણો આનંદ થશે. તે વખતે 'નવોદિત' વિશેષણમાં રહેલી એક પ્રકારની અસ્વીકૃતિ જોઈને એ અકળાયો હતો પણ મોં નીચું રાખીને સાંભળી રહેલો. આજે આ માણસ પૂછે છે - તમે વાર્તા પણ લખો છો ? તો એ વખતે મને સાહિત્યકાર કહેવામાં એણે જુઠ્ઠાણાનો આશ્રય લીધો હતો ? અથવા એમ માનીને કહી દીધું હશે કે ગુજરાતીના અધ્યાપક તરીકે પહેલાં કામ કરેલું છે એટલે કંઈ ને કંઈ લખતો તો હશે જ. આ ક્ષણે મનમાં ઊઠતાં મોજાંને અવગણીને ઉદયને કહ્યું-

'જી સાહેબ. હું વાર્તાઓ લખું છું. પણ આપ કદાચ મારા પેલા ચર્ચાપત્ર વિશે વાત કરવા માગતા હશો.'

'હા. એ અંગે જ. જોકે મેં તો એ ચર્ચાપત્ર પૂરું વાંચ્યું નથી. સમય જ ક્યાં મળે છે ? પણ સાંભળ્યું ઘણું. જે થોડુંક વાંચી શકેલો તેમાં મેં જોયેલું કે તમારા ગદ્યમાં ગજબનો ફોર્સ છે.'

પૂરું વાંચ્યા વિના આ માણસ અભિપ્રાય આપે છે ! કેવો અપ્રામાણિક ! એને શું કહેવું ? ચાલ બીજી વાત કરું-

'પરંતુ સાહેબ, એમાં મારા ગદ્યની પ્રશંસા કરવા જેવું કંઈ નથી. સભાનતાથી લખેલું એ ગદ્ય નથી.'

'મારે પણ એ જ કહેવાનું છે. આવા લેખ વધારે સભાનતાથી લખવા જોઈએ.'

ઉદયને આચાર્યશ્રીના સામું જોયું. એમના હોઠ પર જે સ્મિત રમતું હતું તે એને ચારેકોરથી વક્ર લાગ્યું.

'હું સર્જક તરીકેની સભાનતાથી વાત કરતો હતો જેમાં શબ્દને નવું પરિમાણ આપવાનું હોય છે. આપ સૂચવો છો તે સભાનતા તો મારા એ ચર્ચાપત્રના વાચકોએ કેળવવાની હતી.'

આચાર્યશ્રીની ખુરશી સહેજ હાલી. ટેબલ પર મૂકેલાં ચશ્માં હાથમાં લઈને એ બોલ્યા-

'જુઓ ભાઈ ઉદયન, હું કદાચ તમારા જેટલો પ્રતિભાશાળી નહીં હોઉં, પણ અનુભવી છું. તમે જે કહ્યું તે બીજી રીતે પણ કહી શકાત. તમે મને બહુ આક્રમક લાગ્યા. અભ્યાસક્રમ સમિતિ પર તમે લેખ લખો તેમાં કોઈને વાંધો ન હોઈ શકે, ચર્ચાઓ થવી પણ જોઈએ. મારે તો એટલું જ કહેવું છે કે કોઈને ઉતારી પાડવા કંઈ લખવું એ અધ્યાપકને ન છાજે.'

'એટલે કે મારે ચર્ચાપત્રમાં પહેલાં તો અભ્યાસક્રમ સમિતિની પ્રશંસા કરવી જોઈતી હતી. એમની યોગ્યતા સ્વીકાર્યા પછી જ લખવું જોઈતું હતું કે આ એક બે મુદ્દા મારા નમ્ર મત પ્રમાણે વિચારવા જેવા છે. અને છેવટે એમ પણ લખવું જોઈતું હતું કે મારી વિચારણામાં દોષ હોય તો કોઈ સુધારે. ખરું ને ?'

'હું એવું કશું કહેવા માગતો નથી. અત્યાર સુધી આ બધા એમ જ લખતા આવ્યા છે. અત્યારે હાલ તો હું તમને એવું કશું કહી શકું પણ નહીં, કારણ કે હજુ તો તમે કામે જોડાયા નથી. મને આશા હતી કે મારો મુદ્દો તમે સમજશો. તમે જે કેટલાક ઉગ્ર પ્રહારો કર્યા છે તે વિના પણ તમે અભ્યાસક્રમ સમિતિની ખામીઓ બતાવી

શક્યા હોત. એમની અવમાનના ન કરી હોત તો વધારે સારું. કારણ કે સંભવ છે એ માણસો આપણા કરતાં વધુ સમજુ હોય.'

'એ એકરારમાં હું આપની સાથે જોડાઈ શકું તેમ નથી.'

આચાર્યશ્રી હસ્યા. હાસ્યના પડઘા શમી ગયા તે પછી આચાર્યશ્રીના ચહેરા પર ઊપસી આવેલી તૂરાશ જોઈને ઉદયન છળી પડ્યો.

'શું એ સમિતિના કોઈ માણસનું દબાણ આવ્યું છે કે જેથી આપ મને સમજાવવાનો પ્રયત્ન કરવા ધારો છો?'

'તમે મારા પર આક્ષેપ કરી રહ્યા છો.'

'હું તો કાર્યકારણ-સંબંધ સમજી રહ્યો છું, આક્ષેપ કરતો નથી.'

'તમારા શબ્દોમાં તો એ જ વસ્તુ પ્રગટ થાય છે.'

'તો એમ માનવા આપ સ્વતંત્ર છો.'

'મને મારો હક સમજાવવાની જરૂર નથી મિ.ઉદયન. તમે શું આચાર્ય અને અધ્યાપકના વ્યવહારમાં અદબની કોઈ ભૂમિકા સ્વીકારવા તૈયાર નથી?'

'સ્વીકારું છું, અનિવાર્યપણે સ્વીકારું છું અને બંને પક્ષે સ્વીકારું છું.'

'તો એનો આરંભ ક્યાંથી થાય તે સમજી લો.'

'હું પણ એમ જ કહીશ. જે માણસ પહેલો બોલે તે...'

'તો સાંભળી લો. શિક્ષણના ક્ષેત્રમાં હું બેઅદબી અને ઉપેક્ષાનું ગૌરવ કરવા માગતો નથી.'

'એ માન્યતા વરસો સુધી ભોગવેલા દાસત્વનો વારસો છે. એ બધી સાહેબશાહીની પરિભાષા છે. આજનું શિક્ષણ અંદરથી ખાલી માણસોના ખોખરા ઘમંડનું પોષક છે. એ તૂટવું જોઈએ. વિનયવિવેકને બહુ પોષ્યા, એથી અમને કંઈ મળ્યું નથી.'

'ઉપેક્ષા અને ઉદ્દંડતાથી મળવાનું તો દૂર રહ્યું, ઊલટાનું ગુમાવશો.'

'બધું ગુમાવીને પણ સત્ય પ્રાપ્ત થશે તો સંતોષ છે. જેની સાથે, હું માનું છું કે આપના જેવા મોટા માણસોને કંઈ લેવાદેવા નથી.'

'તમારી આંખે જોઈએ તો જ સત્ય દેખાય, કેમ ?'

'હું એમ કહેતો નથી. પણ જે લોકો પોતાની આંખે સત્ય જોવા માગે છે એમને જીવવા દો. એમને આપ સલાહસૂચનો આપી આપીને રૂંધશો નહીં. તમારી શિક્ષણયોજનામાં સ્વતંત્રતા અને સમાનતાને કશું સ્થાન નથી. કઠપૂતળીઓ તૈયાર કરવામાં તમને રસ છે અને આવડત પણ છે. વિદ્યાર્થીના સ્વતંત્ર વ્યક્તિત્વને પોષક વાતાવરણનું નિર્માણ કરવામાં તમને લેશમાત્ર રસ નથી. આમ ને આમ વિદ્યાર્થીઓની મૂળભૂત શક્તિઓને પણ તમે કુંઠિત કરી રહ્યા છો. આ દમન છે. ભયંકર દમન છે કારણ કે કોઈને દેખાય નહીં એ રીતે તમે કરી રહ્યા છો, હું આ બધું ચલાવી નહીં લઉં.'

આચાર્યશ્રીએ ડાબી બાજુ પડેલી ફાઈલ ઉપાડીને જમણી તરફ મૂકી. હોલ્ડરને ખડિયામાંથી ખેંચ્યું અને ટેબલ પર મૂકી દીધું.

'તમે મારાથી વધારે સમજદાર છો. મારા હાથ નીચે કામ કરવાથી તમારી પ્રતિભા કુંઠિત નહીં થઈ જાય ?'

'તમારો જવાબ સાંભળવાની તૈયારી સાથે જ હું આવ્યો છું. તમે મને વિના સંકોચે છૂટો કરી શકો છો. એ વિશે ચર્ચાપત્ર નહીં લખું તેની ખાતરી આપું છું.'

'હું કોઈ અધ્યાપકને કદી છૂટો કરતો નથી. આ સંસ્થામાં માણસોને નભાવી લેવાની પરંપરા છે. તમને અન્યત્ર સારું કામ મળી જાય તો તમે તમારો વિકાસ અહીં ન રૂંધાય માટે સ્વેચ્છાએ છૂટા થઈ શકશો.'

'આપની દયાનો લાભ કોઈ બીજાને ભલે મળો. હું તો જાઉં છું. તમારી આ દીવાલો તરફ હું ફરીથી નજર કરનાર નથી.'

ઉદયન ઊભો થયો. ખુરશી એક તરફ ખસીને સહેજ પછડાઈ. એ ચાલ્યો. આચાર્યશ્રીએ ઊભા થઈને હાથ લંબાવ્યો હતો તે એમ જ રહ્યો. હાથ મિલાવવા પણ આ માણસ ઊભો ન રહ્યો ?

'ઊભા રહો, નવજુવાન મિત્ર! મારી વાત તો તમે પૂરી સાંભળી પણ નથી. તમે આમ શત્રુ બનીને શા માટે જાઓ છો ?'

આચાર્યશ્રી બહાર આવ્યા. ઉદયન થંભ્યો.

'સાંભળનાર મળી આવશે. અને તમારી વાત સાંભળીને કશુંક અપૂર્વ સાંભળ્યાની ધન્યતા અનુભવશે. પછી આભારવર્ષા કર્યા કરશે. આપનું કામ વિના વિઘ્ને સંવાદિતાથી ચાલ્યા કરશે. અને ચિંતા ન કરતા, હું કોઈનો શત્રુ નથી. તમે મને લાંબો સમય યાદ પણ નહીં રહો.'

સામું જોયા વિના જ ઉદયન બોલ્યો હતો. આચાર્યશ્રી બસ જોઈ જ રહ્યા. ઉદયન ઝડપથી પગ ઉપાડતો ચાલ્યો ગયો. કૉલેજના કમ્પાઉન્ડની બહાર નીકળી ગયો. રસ્તા પર સીધો ને સીધો ચાલ્યો ગયો. એક કારે બ્રેક મારીને એને જવા દીધો. દૂર જતો ગયો તેમ એનો આકાર નાનો થતો ગયો. દૂર ને દૂર એ જતો ગયો. એનો આકાર એક ટપકા જેવો દેખાવા લાગ્યો. તે પણ અદ્રશ્ય થઈ ગયો. વાદળછવાયા આકાશમાં ધૂંવાંપૂવાં થતો ચંદ્ર આખરે દેખાવો બંધ થાય ત્યારે જોનાર આંખો ફેરવી લે છે...

ગોગલ્સના કાચના ટુકડા વીણી લઈને ઉદયને કચરાપેટીમાં નાંખ્યા. શું કરવું ? કંઈ સૂઝયું નહીં. સૂઈ ગયો. એને થયું કે પોતે પલંગમાં બેકાર પડી રહ્યો છે. ઊભો થઈને એ પેન શોધવા લાગ્યો. પેન ગજવામાં જ હતી. એ વાર્તા લખવા બેઠો. છેલ્લી સિગારેટ ફૂંકી લીધા પછી વાર્તાને અધૂરી મૂકીને એ સૂઈ ગયો. અત્યારે બપોરના બે વાગ્યા છે. સ્નાન કરવાનું બાકી રહી ગયું છે. પણ સ્નાન કરવા પહેલાં ઊંઘી લેવું જોઈએ. ખૂબ થાક્યા પછી જ એને ઊંઘ આવે છે. લક્ષ્મી આવે ત્યારે મોં ધોવા ન જવું એ સિદ્ધાન્તમાં એ માને છે. માણસોને લક્ષ્મીમાં હોય છે એટલો ઉદયનને

ઊંઘમાં રસ છે, કારણ કે ઊંઘને એ દૂર્લભ માને છે. આ દુનિયામાં માણસ શાંતિથી ઊંઘી શકે તેમ નથી. ઘણી વાર પાંપણ સુધી આવેલી ઊંઘ અદશ્ય થઈ જાય છે. ગઈ કાલે મોડી રાત સુધી એણે અમૃતાના પ્રશ્નનો ઉત્તર શોધ્યો હતો. હવે ઊંઘ નહીં જ આવે એમ માનીને મહાભારતનાં પાનાં ઉથલાવવા લાગેલો. યુદ્ધપર્વના અંશો વાંચવામાં એને રસ પડ્યો. શાંતિપર્વ સુધી એ પહોંચે તે પહેલાં સવાર પડી ગઈ. ઘેરી અને ઝાંખી સવાર. આઠ વાગ્યા અને એ કૉલેજ જવા ઊપડ્યો.

અત્યારે સાંજના છ વાગ્યા છે. ઉદયન જાગીને હાલ જ સ્નાન કરવા બાથરૂમમાં ગયો છે. કોઈ દિવસ નહીં અને આજે એ ગાવા લાગ્યો છે. બાથરૂમમાં એક અવાજ પાણીનો અને બીજો અવાજ ઉદયનના ગાવાનો. બંનેમાં સંગીતગુણ સરખો. ઉદયન જે ગાતો હતો તેના બોલ હતા-

*તૌબા કો તોડ તાડકે થર્રા કે પી ગયા,*
*બેકૈફિયોં કે કૈફ સે ઘબરાકે પી ગયા.*

એકાએક એનો હાથ માથે ગયો. પેલા ઘાની પટ્ટી નીચે પાણી ઘૂસી જતું લાગ્યું. પાણીનો સ્પર્શ તદ્દન જુદો જ અનુભવ કરાવતો હતો. એને થયું કે આ ઘા ધીમે ધીમે ઊંડો ઊતરતો જાય, ઊંડો ઊતરતો જાય અને છેક મગજના કેન્દ્ર સુધી પહોંચી જાય, મારી વિચારશક્તિનો નાશ કરી દે અને છતાં હું જીવતો હોઉં તો શું કરું? કોઈ બલીવર્દની જેમ વાડો કૂદતો કૂદતો, આડે આવનારને ભેટાં મારતો મારતો, દીવાલોને પાછલા પગે પાટાં મારી છાપરાં ધ્રૂજાવતો, ગામ આખાની વચ્ચે ધડબડ ધડબડ દોડતો જાઉં અને સહુને જગાડી દઉં. પછી તળાવમાં જઈને ચત્તો થઈને તર્યા કરું. કોઈ પોતાનું નહીં, કોઈ પારકું નહીં. આ વિચારશક્તિ ન હોત તો હું સંપૂર્ણ પશુ હોત. આ વિચારશક્તિને લીધે જ પશુત્વ ઓછું થયું છે. આ વિચારશક્તિ ન હોય તો જીવવાની મજા આવે. કોઈ હૃષ્ટ-પુષ્ટ પાગલ ક્યાંક રસ્તા પર બેઠો હોય છે ત્યારે એનાં સુખ અને સ્થિતપ્રજ્ઞા માટે કેવું માન થાય છે. કાં પશુ થવું કાં પાગલ. જે મહાપુરુષો થયા તે પાગલ બની શક્યા હતા. તેમના સિવાય જે સુખી છે તે બધા વિભિન્ન પશુસમાજ છે. આ બે વર્ગોમાં જેમનો સમાવેશ કરી ન

શકાય એવો એક ત્રીજો વર્ગ પણ છે, જેની યાતનાનો પાર નથી. એનું સ્થાન સદા અનિશ્ચિત રહ્યું છે.

એણે પટ્ટી દબાવી દીધી અને શરીર લૂછવાનું શરૂ કર્યું. આ ઘા ઊંડો ઊતરતો જાય... કહે છે કે અખંડ ખોપરી વિના પણ અશ્વત્થામા જીવતો હતો. મહાભારતનાં બાકીનાં પાત્રો ભલે કલ્પિત હોય પણ અશ્વત્થામા, ભીમ, શકુનિ અને દ્રૌપદી તો સાચાં લાગે છે. ખોપરી તૂટી ગયા પછી પણ અશ્વત્થામા જીવતો રહ્યો. એનું માથું નીતરતું રહ્યું. લોહી અને પરું દૂઝતાં રહ્યાં. અને છતાંય જીવતો રહ્યો. કહે છે કે આજેય એ અભેદ્ય જંગલોમાં ફર્યા કરે છે. પોતાની તૂટેલી ખોપરીનું ભિક્ષાપાત્ર બનાવીને એ અહાલેક જગાવતો ફર્યા કરે છે. કહે છે કે યાદ કરો અઢારમી રાતને. મારું પ્રાયશ્ચિત પૂરું થાય તેમ નથી. મારા જેવી ભૂલ ન કરતા... તો શું અશ્વત્થામાને એ સ્થિતિમાં અમર રહેવાનો શાપ મળ્યો છે? તો એની અમરતા વાર્તાનો વિષય કેમ ન બની શકે?

અધર્મ-યુદ્ધ કરવા બદલ મહાકવિએ અશ્વત્થામાને ચિરંતન યાતના ભોગવતો બતાવ્યો. મારા જમાનાના માણસ સામે અશ્વત્થામાનું ઉદાહણ છે તેથી એ અઢારમી રાતની પુનરાવૃત્તિ નહીં કરે. એ હવે મુસોલિની કે હિટલર નહીં બને... સાચે જ નહીં બને? હા, જમાનાઓ પછી આગ્નેયાસ્ત્ર વાપરી જોવાનું પરિણામ એણે જોઈ લીધું છે. ભોગવી લીધું છે. હીરોશીમા પાયલોટ અથર્લીએ અશ્વત્થામાની યાતના ભોગવી લીધી છે.

ઉદયન એક વિચાર જાગતાં નિશ્ચિંત બની ગયો. પોતે ઈચ્છે ત્યારે મરણને વરીને છુટકારો મેળવી શકે તેમ છે. મરણનું આશ્વાસન ન હોત તો માણસ કઈ આશાએ આ જિન્દગીનો બોજો ઘસડ્યા કરત? અનેક વળાંક વટાવીને આ યુગ સુધી આવી પહોંચેલો માણસ વરદાન અને શાપની સ્થિતિમાંથી મુક્ત થઈ ગયો છે. હવે કોઈ ઋષિ બીજાને શાપ આપવાની શક્તિ કેળવવા તપ કરતો નથી. હવે તો એ પોતાના જીવનને સત્યના પ્રયોગો દ્વારા ઓળખવા મથે છે. હા, એ જ આ જમાનાનો ઋષિ જે કોઈ ઈશ્વરનો વહાલસોયો થવા ન ગયો પણ પોતાના અસ્તિત્વના સત્યને પામવા

મથ્યો, પોતાના પર નિર્ભર રહેવા એણે પુરુષાર્થ કર્યો. પણ હું બીજાઓની જેમ એનું નામ વટાવીને પ્રતિષ્ઠિત થવાનો પ્રયત્ન નહીં કરું... આજે તો બલિદાનનો મહિમા પણ ન રહ્યો. તોફાન જોવા ટોળે વળેલાઓને નાસતાં ન આવડે અને ગોળી વાગે એટલે એ શહીદ! એ શહાદતથી તો આત્મહત્યા સારી. ચારે કોર આ જે બધું ચાલી રહ્યું છે તે જોઈને કદાચ ઘણાને આત્મહત્યા કરવાની ઇચ્છા થતી હશે. આત્મહત્યાને પાપ તરીકે ઓળખવામાં ન આવત તો જે સાચા ધાર્મિકો છે એમણે જરૂર એ માર્ગ લીધો હોત. આચાર્યશ્રીએ કહ્યું - બેઅદબીનું હું ગૌરવ કરવા નથી માગતો. અહીં તો સાચું બોલવું એ જ સૌથી મોટી બેઅદબી છે - આક્રમક વૃત્તિ છે. અભ્યાસક્રમ સમિતિના કોઈ સભ્ય સામે મને શો વાંધો હોય? આ સ્તર ક્યારે સુધરશે... કયાં સુધી અજ્ઞાન શ્રદ્ધાનો પર્યાય રહેશે... કયાં સુધી મારા જેવા માણસો અધ્યાપનક્ષેત્રની બહાર રહે તેવી જોગવાઈ ચાલુ રહેશે... અમૃતા ન હોત તો પોતાને આત્મહત્યા કરવાનું કેટલું વહેલું સૂઝયું હોત?

તો, ઈન્જેકશન લઈ આવું, પાટો બંધાવી આવું. અમૃતા ઇચ્છે છે કે હું મારી કાળજી લઉં. પણ અમૃતાનો પ્રશ્ન...

આચાર્યશ્રી સાથેની વાતચીત, અમૃતાનો પ્રશ્ન અને અશ્વત્થામાનો દૂઝતો વ્રણ. એ મનમાં ફર્યા કરતા ચક્રના ત્રણ આરા હતા. એ ટેક્સી કરીને પોતાના ઘાના ઉપચાર માટે ગયો. એ પતી ગયા પછી ફૂટપાથ પર ચાલતો રહ્યો. આ પહોળી સડકોની ઊંચાઈ વીજળીનાં દોરડાંથી અવરોધ પામી રહી છે. સડક પરથી નજર ઉપાડીને ઊંચે જુઓ, બસ વીજળીનાં દોરડાં. વિદ્યુત ગ્રહણ કરતી ટ્રામ પસાર થાય છે, ત્યારે વીજળીનાં દોરડાં પર તણખા ખરે છે. ટ્રામનાં પૈડાંનો અવાજ ઉદયનને ગમતો નથી. ધરતીની રીઢી થઈ ગયેલી ચામડી પર આ ચક્રોના કાયમી ખસરકાઓથી ચચરી ઊઠે છે. ધરતીને હવે એની વેદના રહી નથી. એનું હાર્દ સપાટીથી ઘણું ઊંડે ઊતરી ગયું લાગે છે. ક્યાં છે? ધરતી તો આ નવા પથ્થર-યુગમાં સાવ ઉપેક્ષિત બની ગઈ છે. જોવા મળે છે કેવળ પથ્થરિયો વિસ્તાર. ઉદયન ચાલ્યો જતો હતો.

એની બાજુમાં થઈને પસાર થતી ટ્રામને બ્રેક વાગી. પેસેન્જરો હાલી ઊઠ્યાં. ટ્રામ સાથે એક યુવક સહેજ અથડાઈ ગયો હતો. એનાં ચશ્માં તૂટી ગયાં હતાં. એ શાંતિથી ડ્રાઈવરને ધમકાવતો હતો. ડ્રાઈવર પણ કર્તવ્યપાલન કરતો હોય તેમ સાંભળી રહ્યો હતો. ત્યાં પેસેન્જરોમાંથી બહાર આવીને એક યુવકે ખુમારીપૂર્વક અકસ્માતનો ભોગ ન બનેલા પેલા યુવકને કહ્યું. - 'ચાલ્યો જા, ભાઈ, બ્રેક ન મારી હોત તો આ ઝઘડો કરવામાંથી તું ઊગરી ગયો હોત. અમને અંદર બેઠેલાંને તો એવું લાગ્યું કે તું આત્મહત્યા કરવા ઇચ્છતો હતો પણ ડ્રાઈવરે તને મદદ ન કરી.'

'તમારે એની સાથે સારાસારી હશે તો તમને મદદ જરૂર કરશે, જાઓ પોતાની જગ્યાએ જઈને બેસો.' ઉદયન બોલ્યા વિના રહી ન શક્યો. ટ્રામ ઊપડી ગઈ. પેલા યુવકનો હાથ પકડીને ઉદયન ચાલવા લાગ્યો.

'સવારે મારાં ચશ્માં પણ તૂટી ગયાં, ચશ્માં નહીં પણ ગોગલ્સ. સારું થયું. હવે બીજા કોઈ માધ્યમ વિના પોતાની આંખે જ જોવાનું રહેશે. તમે મારી સાથે ભલે સહમત ન હો, મને તમારા તરફ સહાનુભૂતિ છે. બોલો, કઈ તરફ જવું છે ? ચાલો, ચા પીએ.'

નજીકમાં એક નાની હૉટલ હતી. ઉદયન એનાં પગથિયાં ચડ્યો. પેલો યુવક અનિચ્છાએ પાછળ પાછળ આવ્યો.

'તમને આ હૉટલ ન ગમી ? નાની છે માટે ? પણ જો કોઈ જ ન જાય તો આ હૉટલ કેવી રીતે ચાલે ? વળી, સામાન્ય અને નાનું મકાન હોય તેથી ચા સારી ન મળે એવો કોઈ નિયમ નથી. મારો અનુભવ તો એમ કહે છે કે...'

'તમે મિલમજૂર મંડળના કાર્યકર્તા લાગો છો. સામ્યવાદી છો ?'

'ના ભાઈ. મજૂર ધારીને મેં તમારામાં રસ લીધો નથી. આપણે એક જ નગરના રહેવાસી છીએ. એકબીજામાં રસ ન લઈ શકીએ ?'

'તમારી ભાષા તો કોઈ કાર્યકર્તા જેવી લાગે છે.'

'હા, મને એવો થોડો અનુભવ જરૂર છે. એકવાર મેં મજૂર મંડળના કાર્યકર્તાઓને સાથ આપ્યો હતો. તમે ભૂલી ગયા ન હો તો જબરજસ્ત હડતાલ પાડવામાં આવી હતી. ગોદી કામદારો પણ એમાં ભળેલા. મેં ત્યારે એક સુંદર યોજના ઘડેલી. બધા મજૂરો મુંબઈના પૂર્વ દરિયાકિનારે એક લાઈનમાં ઊભા રહે. આખો કિનારો છવાઈ જાય. પછી એમને સૂચના આપવામાં આવે. 'એક' - અને બધા દરિયામાં કૂદી પડે. 'બે'- અને બધા જોરથી કાંઠાને ધક્કો મારે અને મુંબઈને પાણીમાં નવડાવી દે. 'ત્રણ' - મુંબઈને ફરીથી ઠેકાણે લાવી દેવામાં આવે. 'બે' અને 'ત્રણ' બોલવાની વચ્ચે તો બધા શેઠ શાહુકારો, માલિક-મૅનેજરો માની ગયા હશે. કારણ કે એ સમજતા હોય છે. જે ડૂબવા બેઠું હોય તેને વહેંચી આપવામાં એમને વાંધો નથી હોતો. મારી આ યોજના તમને કેવી લાગી ? છે ને શુદ્ધ યોજના ! જેનો અમલ ન થઈ શકે તેવી તદ્દન શુદ્ધ યોજના ! પણ હડતાલોથી તો ચોક્કસ સારી.'

'તમારું નામ ?'

'ઉદયન'

'અટક ?'

'પહેલાં હતી પછી મેં ભૂસી નાંખી છે. પિતાનું નામ પણ હું સાથે લખતો નથી.'

'હું ધારું છું કે તમે લેખક-બેખક હશો.'

'તમારા જેવા માટે હું બેખક છું, બાકી લેખક. વાર્તાઓ લખું છું.'

'મેં શ્રી ઉદ્યાનની એક અંગ્રેજી વાર્તા વાંચેલી.'

'ઉદ્યાન નહીં પણ ઉદયન. લેખકનું નામ વાંચ્યું એ રીતે જ આખી વાર્તા વાંચી ગયા હશો.'

'હમણાં નોકરી શોધવી છે તેથી છાપાં ખરીદું છું. વૉન્ટેડ વિભાગ વાંચું છું, પણ તમારી વાર્તા પણ વાંચી ગયેલો. તમારી એ વાર્તાને અંત ન હતો. ખરું ને ?'

'આરંભ હતો એટલું પણ તમે સ્વીકાર્યું માટે આભાર.'

'પણ તમે વાર્તાકાર તરીકે નિરાશાવાદી લાગ્યા. કારણ કહેશો ?'

'અનુભવ વધતાં કારણો આપમેળે સમજાઈ જશે. કેટલું ભણેલા છો ? બી.એ. થયા છો ?'

'ના એમ.એ. થયો છું. ગુજરાતી સાથે.'

'તો તમને એક સરનામું આપું. કૉલેજમાં આજે જ જગા થઈ છે. જરા નમ્ર માણસની જરૂર છે.'

'અરે નમ્ર શું વિનમ્ર થઈશ. તમે મને સરનામું આપો ને.'

ઉદયને સરનામું આપ્યું અને કહ્યું કે કોણે મોકલ્યો છે તે ન કહેવું. એ આચાર્યશ્રીના કોણ ઓળખીતા છે તે શોધીને એમની ભલામણ લઈને જવું. પરિચય ન હોય તોપણ કહેવું કે આપની પ્રશંસા સાંભળીને આવ્યો છું, તરત ચિઠ્ઠી લખી આપશે. અચ્છા, હું જાઉં. હવે મળીએ ન મળીએ.

પેલા યુવકની ઈચ્છા હતી ઉદયન સાથે ખૂબ ખૂબ વાતો કરવાની. પણ ઉદયન ઊભો થઈને ચાલી નીકળ્યો. અશ્વત્થામા પેલું પાપ કરવા કેમ પ્રેરાયો તેનું કારણ એને જડી આવ્યું હતું. પોતાના પિતાના શ્રાદ્ધકાર્યમાંથી પરવારીને અશ્વત્થામા પાછો આવ્યો અને એણે જોયું કે સમ્રાટ દુર્યોધન ઘાયલ પડ્યો છે. ભીમના અન્યાયી ઘાથી ઉરુભગ્ન દુર્યોધનને એણે જોયો અને એ ક્રોધથી ગર્જી ઊઠ્યો... ઉદયનના રક્તમાં પણ ઉગ્ર ગતિનો સંચાર થયો. આ બધા ધર્માત્માઓમાં પહેલાંથી જ કંઈકને કંઈક ખૂટતું આવ્યું છે. બધા અધૂરા છે... એ ઊભો થઈને ચાલી નીકળ્યો. નહીં તો પેલા યુવક સાથે વાત કરવા એ પણ ઇચ્છતો હતો. એવા શ્રોતાઓ પણ ક્યાં મળે છે ? એનાં નામ-ઠામ પૂછવાં રહી ગયાં.

જૂના ઐશ્વર્યથી પ્રતિષ્ઠિત એક હોટલના દરવાજા પાસેથી એ પસાર થઈ રહ્યો હતો. દ્વારપાલે સ્વાગત-વચન કહ્યાં. ઉદયન અંદર વળ્યો. એની માનસિક અનિશ્ચિતતાને પેલા દ્વારપાલે વળાંક આપ્યો તે ઉપરાંત એણે જમવું પણ જોઈએ. આ હૉટલમાં

ઓછું આવવાનું બને છે એ વાત ખરી. હા, અહીં આવવા સામે એને કોઈ પૂર્વગ્રહ નથી.

જમ્યા પછી કશાય રસ વિના એ લોકોને જોઈ રહ્યો. ડાઈનિંગ હોલ ભરચક હતો. યુવક-યુવતીઓ, પ્રૌઢાવસ્થાને છુપાવવા યૌવનને અનુરૂપ પ્રસાધન અને અલંકરણ કરીને આવેલી સ્ત્રીઓ. અવસ્થાનો ભેદ દૂર કરતી સઘળી આંખોની સમાન તૃષા, આવનાર અને જનારની આડંબરપ્રચુર ગતિ, નોકરોની ભાષામાં અને હાવભાવમાં લચી પડતો વિવેક - ઉદયન સિગારેટની ધૂણીની આરપારની એ દુનિયાને જોતો રહ્યો. એના ટેબલની સામેની સીટ હજુ સુધી ખાલી પડી રહી હતી. ત્યાં એક બાનુ ગોઠવાયાં. એમના આગમાન પછી ચોતરફની નજરો એ ટેબલ પર એકઠી થઈ. ઉદયને પણ જોયું. બાનુએ નકલી એરિંગ પહેર્યાં હતાં. એમની સાડી વારંવાર ખભા પર ઠીક કરવી પડે એવી સુંવાળી હતી. એમણે જે બ્લાઉઝ પહેર્યું હતું તેની સિલાઈ પ્રયોગાત્મક લાગતી હતી. ઉદયન નવી ફેશનોનો બહુ ખ્યાલ રાખી શકતો ન હતો. આ અવસર મળતાં એણે કાળજીથી નિરીક્ષણ કર્યું. અંગસૌષ્ઠવને નિરાવરણ રીતે પ્રગટ થવા દેવાની એમાં સગવડ હતી.

ઉદયને બીજી વાર દષ્ટિક્ષેપ કર્યો ત્યારે એમના ચહેરા પર કશુંક અપાકર્ષક તત્ત્વ ઝબકી ઊઠયું હોય એવું એને લાગ્યું. સ્મિત પણ ભાતભાતનાં હોય છે.

'મેં આપને પહેલાં પણ જોયા છે. આપનું નામ જાણી શકું ?'

'ઉદયન.'

'જાણીતું નામ છે. સુંદર પણ. મને યાદ નથી આવતું પણ આપણે પહેલાં કયાંક મળેલાં છીએ.'

'કંઈ વાંધો નહીં.'

આ માણસ આમ કેમ બોલ્યો ? એના આ વાક્યની પ્રશંસા કરીને વાત કેવી રીતે આગળ ચલાવવાની એ એમને સમજાયું નહીં. એ નીચું જોઈને બેસી રહ્યો.

ક્ષણેકની શાંતિ પછી ઉદયને પોતાના પગે સ્પર્શ અનુભવ્યો. તુરત જ એના મનમાં એક સંવાદ રચાવા લાગ્યો—

‘શું થયું ?’

‘જડતાનો સ્પર્શ.’

‘સ્પર્શ નહીં, એને તો પ્રેમ કહે છે.’

‘એને પ્રગટ કરવા માટે કોઈ પશુસંગ્રહાલય વધુ ઉચિત સ્થાન હોઈ શકે.’

‘માફ કરજો હું તો તમારી આંખોમાં અકળાતી તરસથી પ્રેરાઈને બોલી હતી. મેં આવો અવિવેક કદી જોયો નથી.’

‘તમારે માફી માગવી પડી તે માટે હું દિલગીર છું. પણ મારી આંખોમાં જે તરસ અકળાય છે તેનું આલંબન તમે નથી.’

‘પણ એ કામનાની રોનક છે એમાં મને શંકા નથી.’

‘હા એ રોનક જરૂર છે પણ એ એક સળગતા ઉપવનની રોનક છે. તમે બહુ બહુ તો તટસ્થ પ્રેક્ષક બની શકો.’

આ સંવાદ પોતાના મનમાં ક્યાં સુધી ચાલ્યા કરશે ? ઉદયને બીજી સિગારેટ સળગાવી. બિલ મંગાવ્યું. ચૂકવીને પાકીટ બાજુ પર મૂક્યું.

એ ઊભો થઈને, કશું ભૂલતો નથી એ રીતે ચાલ્યો. એના ઊઠવાની ખાસ નોંધ લેવાઈ નહીં. ખાલી થયેલી સામી બાજુને પેલાં બાનુ જોઈ રહ્યાં. એમને અચાનક ખ્યાલ આવ્યો કે પેલા સજ્જનનું પાકીટ અહીં રહી ગયું છે. એક આંચકે એ ઊભાં થયાં અને ઝડપથી ચાલ્યાં. ઉદયન દરવાજા બહાર નીકળીને ડાબી તરફ વળે છે ત્યાં તો પાછળથી પહોંચી જઈને બાનુએ એનો હાથ પકડી લીધો.

‘આ આપનું પાકીટ રહી ગયેલું.’

‘હું ભૂલી ગયો ન હતો પણ તમે પાછું આપો છો તો લઈ લઈશ.’

'તમે મને સમજવામાં ભૂલ કરી બેઠા છો. મને યાદ આવે છે કે તમારી સાથે બે દિવસ મેં સર્વિસ કરી છે. તમે લખેલા ઉત્તર મારે ટાઈપ કરવાના હતા. હું બે દિવસથી જ જોડાઈ હતી. ટાઇપ કરવામાં એટલી બધી ઝડપ ન હતી કે પાંચ સુધીમાં બધું કામ પૂરું થાય. મેનેજરે કહેલું કે સાત વાગે તોપણ એ ટાઈપ કરીને જાય એ તમારે જોવું. તમે ના પાડી. વધારાના સમય માટે તમે વળતર આપતા નથી. અને આમેય પાંચ પછી કોઈને રોકવા હું દબાણ કરી શકું નહીં. તમારે મેનેજર સાથે બોલાચાલી થઈ. રાજીનામું લખીને ચાલ્યા ગયા. ઘણાં વરસ થયાં હશે. તમને કદાચ હું યાદ નહીં હોઉં, કારણ કે તમારી નજર તો ટેબલની હદ બહાર જતી જ નહીં.'

'હા, ત્યારે હું એમ. એ. માં અભ્યાસ કરતો હતો અને પાર્ટટાઈમ સર્વિસ કરતો હતો. મારી સ્મરણશક્તિની આ ક્ષતિને માફ કરજો.'

'ના, ના, એમ થવું જ સહજ છે. તમે ઉતાવળમાં લાગો છો. અચ્છા જાઓ મળશું કોઈવાર.'

'મળશું તો જરૂર થોડુંક સાથે બેસશું. હું તમને સમજવાનો પ્રયત્ન કરીશ.મને સ્ત્રીઓની સમસ્યાઓ સમજવામાં રસ છે. હું લેખક છું. અચ્છા, આભાર !'

'આવજો, ગુડનાઈટ !'

વાતાવરણમાં ઉકળાટ હતો. એ ટેકસી કરીને રૂમ પર પહોંચી ગયો. સ્વિચ દબાવી. અજવાળું ન થયું. લાઈટર સળગાવીને એ ફ્યૂઝ તપાસવા લાગ્યો. ખંડિત થયેલો પ્રવાહ પાંચેક મિનિટમાં ચાલુ થઈ ગયો. રૂમને વધારે પડતો પ્રકાશિત જોઈને એણે ફરી અંધારું કર્યું. એને લાગ્યું કે અત્યારે અંધારું વધુ અનુકૂળ છે. સ્મરણને અંધારા સાથે વધુ ફાવે છે. આ મકાનને ઘર બનાવવાની ત્યારે એ અભિલાષા સેવતો. પોતાના એકાકી જીવનમાં અમૃતા પોતાનું સમગ્ર જાગ્રત નારીત્વ લઈને આવશે અને પોતે ત્યારે હળવો ફૂલ થઈને અમૃતાના અંકુરિત વક્ષનો ધબકાર અનુભવતો

એના પાલવમાં ઢંકાઈ જશે... ત્યારે પ્રતિબિંબ બની જઈને અમૃતાનાં મદિર લોચનોમાં આશ્રય મેળવી લેશે. અને વિશાળ શૂન્યતામાંથી મુક્ત થઈ જશે.

તે દિવસો વચ્ચેની એક સાંજે એ કમલા પાર્કના પગથિયે બેઠો હતો. અમૃતા હજુ આવી ન હતી. એ વાયવ્ય દિશાના મુંબઈ પર નજર બિછાવીને બેઠો હતો. એકાએક એને લાગ્યું કે અમૃતા પાસે આવીને ઊભી છે.

'અરે ! તું એકાએક કેવી રીતે પ્રગટ થઈ ? અહીં સુધી અંતર્ધાન થઈને આવી હતી ?'

'દૂરથી આવી છું જ ક્યાં ? તારા હૃદયમાંથી જ પ્રગટ થઈને અહીં ઊભી છું.'

અમૃતા ઉદયનની પાસે બેસી ગઈ. એણે બેસવાની સાથે ઉદયનના ખભા પર માથું ઢાળી દીધું. શ્વાસમાં સૌરભ ભરીને એ બોલ્યો—

'કેમ અમૃતા, આમ અકલ્પિત અમૃતવર્ષાથી મને હેરત પમાડવા માગે છે, કે પછી તારો કોઈ સંકલ્પ તો આ રીતે નથી સૂચવતી ને ?'

'કેમ તારા ખભા પર કોઈ અણધાર્યો બોજો તો નથી વધી ગયો ને ? એવું હોય તો સીધી બેસું.'

'એવું તે હોય ? અનુભવીએ કહ્યું છે ને કે ઈસ બોઝ સે ઠીક ચલા જાતા હૈ ! અને તું તો સંજીવની છે.'

'જેમની તું ઠેકડી ઉડાડે છે તેવાં વિશેષણ કેમ વાપરે છે ? અપ્રતીતિકર લાગે એવું ન બોલ. તારી વાસ્તવિક ભાષામાં જ બોલ.'

'પ્રેમ એક મોહક અવાસ્તવિકતા છે. એનો સંભ્રમ અનુભવવા મળે છે ત્યારે વાયવ્ય વિશેષણો સૂઝે છે. ખોટું ન લગાડતી અમૃતા, તું મને સદા અવાસ્તવિકતાની પ્રતિમૂર્તિ જેવી લાગે છે. તું જાણે કે અતિશયોક્તિ અલંકારનું ઉદાહરણ છે. હું તને હકીકતરૂપે પામી શકીશ તે બાબતે મને વહેમ છે.'

'હવે તારો સ્વભાવ વાચા પામ્યો. સાંભળ ત્યારે, સાચી વાત કહી દઉં. માથું ચડયું હતું તેથી મેં તારા ખભાનો ટેકો લીધો. હવે માથું વધુ દુઃખે એવું તું બોલવા લાગ્યો તેથી હું માની શકીશ કે હું ઉદયન જોડે બેઠી છું.'

'તો તેં એટલા માટે મારી શાંતિને આંદોલિત કરી મૂકી હતી? હું એક ભ્રમજન્ય સ્વર્ગમાં રુઆબભેર પહોંચી ગયો હતો. ઈંદ્રાસન પર બેસીને મુકુટ હાથમાં લેવાની તૈયારીમાં હતો ત્યાં તેં મને આ પગથિયાં પર ઉતારી દીધો.'

અમૃતા સહેજ દૂર ખસીને બેઠી. ઉદયનના શબ્દોમાં 'એ અક્કડ બેઠી.' એ બોલ્યો પણ ખરો. અમૃતા વધુ ચિડાઈ. તે જોઈને ઉદયને એનો જમણો હાથ પકડી લીધો અને અનામિકા પર નખ બેસાડયા.

'રાક્ષસ.'

'તારા વરદાનથી રાક્ષસ બની જાઉં તો કેવું સારું! તને ઉપાડીને જમાનાઓથી ખાલી પડી ગયેલી અસુરપુરીમાં ચાલ્યો જાઉં. પછી કોની મગદૂર છે કે તને છોડાવી લાવે?'

'પણ તને ખબર નહીં હોય. જે વરદાન આપે તે શાપ પણ આપી શકે.'

'અરે, જોજે એવું કંઈ કરી બેસતી. હમણાં મથીને થાળે પાડ્યો છું. નોકરી છૂટી જશે તો પાછો ક્યાં શોધતો ભટકીશ? તને મળવાનું ભૂલી જઈશ.'

અમૃતા ઊભી થઈ. ફ્રોકની કિનાર પકડીને ઉદયને એને રોકી.

'કેવો બેશરમ છે તું? કોઈ જુએ તો?'

'કોઈ અહીં હાજર લાગતું નથી, નહીં તો જુએ જરૂર. કેમ ચાલી?'

'આવતી કાલે મારી જન્મતારીખ છે.'

'સારું છે તારી જન્મતારીખ દર વરસે આવે છે. મારી જન્મતારીખ તો ભૂતકાળનો વિષય બની ગઈ. ફકત એક વાર આવેલી. ઇ.સ. ૧૯૩૧માં. સારું ઊજવો, જરૂર

ઊજવો. શુભેચ્છા આપું? અત્યારે જ આપી દઉં. આવતી કાલે બીજાઓની લાઈનમાં આવીને હું ઊભો નહીં રહું.'

'સારું, અત્યારે જ આપી દે.'

'તો હું શુભેચ્છા આપું છું કે તારી ઇચ્છા હોય ત્યાં સુધી તું જીવી શકે. ઓછામાં ઓછું હું જીવતો હોઉં ત્યાં સુધી તો જીવે જ.'

'વાહ! આવી શુભેચ્છા તો બીજું કોઈ મને નહીં આપે. ઉદયન, એક વાત પૂછું. તું તારી જન્મતારીખ કેમ નથી ઊજવતો?'

'હું પોતે એ તકલીફમાં શા માટે પડું? એનાથી સરળ માર્ગ તો એ છે કે હું મહાપુરુષ બની જાઉં, પછી લોકો યુગો સુધી મારી જન્મતારીખ અને મૃત્યુતારીખ ઊજવ્યા કરે!'

'આમ બકાવ નહીં. સાચું કારણ કહે.'

'મને મારા જન્મનો આનંદ નથી. જીવવા માટે મારે કેવાં ફાંફાં મારવાં પડે છે! મને લાગે છે કે હું આ પૃથ્વી પર ફેંકાઈ ગયેલો એક જીવ છું જે ના છૂટકે જીવ્યા કરશે. આ અસીમ સૃષ્ટિમાં મારો જન્મ એક નગણ્ય અકસ્માત છે. એ અકસ્માત છે તેથી નિરર્થક છે. અને મારે નિરર્થકતામાં જ વહેલામાંડા પાછા જવાનું છે.'

'તો પછી મારું હોવું પણ એક અકસ્માત જ કહેવાય.'

'કોણ જાણે કેમ પણ તું મને કાયમી લાગે છે, આકસ્મિક નહીં. અને તેથી જ તું છે એ વસ્તુ ઘણીવાર મારા માન્યામાં નથી આવતી.'

'ઉદયન!'

'શું?'

'હું તારી સાથે હોઉં એટલો સમય પણ તારો ચહેરો પ્રસન્ન રહી શકે તેમ નથી?'

'ના.'

'કેમ ?

'તારી હાજરીમાં પણ મને બીજું ઘણું ઘણું યાદ આવતું રહે છે. અનેક પ્રશ્નો મને ઘેરી રહે છે. હું એમનો ઉત્તર પોતાની પાસેથી જ મેળવવા ઇચ્છું છું. મને કશુંય ઉછીનું ખપે તેમ નથી. હું આત્મનિર્ભર રહેવા મથીશ એ દુનિયાને ગમશે નહીં. અત્યાર સુધી તો નથી જ ગમ્યું. ભવિષ્યમાં પણ મારે એમની અપેક્ષા ઝીલવાની તૈયારી રાખવી પડશે. એક ઉપેક્ષિત માણસની મૂડીમાં કેટલી પ્રસન્નતા હોય તેનો તું જાતે જ હિસાબ ગણી લે.'

'મને મેળવવી હોય તો તારે પ્રસન્ન થવું જ રહ્યું.'

'બસ, સીધી ચેતવણી ? આને તું પ્રેમ કહે છે ? સારું છે કે એ શબ્દને વાપર્યા પછી પણ હું એને છેંકતો રહ્યો છું. અમૃતા, તારી ધમકી કે ચેતવણી તો મને પ્રસન્ન નહીં કરી શકે પણ કદાચ તારું મિલન મને પ્રસન્ન કરી શકે. હા એ પણ મારી ધારણા છે.'

તે દિવસે અમૃતાને ઉદયનની વાત સમજાઈ ન હતી તે આજે ઉદયનને સમજાયું. અમૃતા વારંવાર કહેતી રહી કે આ ઉદાસીનતાને છોડ અને એમ કહીને દૂર ને દૂર જતી ગઈ. એને સ્મિત વિના ચાલતું નથી. સ્મિત વિના જાણે કે એનો ચહેરો સૂનો પડી જાય, એકલો પડી જાય.

એ ઘટનાને આજે સાડા ત્રણથી ચાર વરસ થઈ ગયાં. પછી તો પ્રસન્નતાની શિલ્પાકૃતિ સમો અનિકેત ! સૌમ્ય, અભિજાત, અજાતશત્રુ, સ્વસ્થ રસવૃત્તિવાળો... શબ્દકોશનાં બધાં જ પ્રિય લાગે તેવાં વિશેષણ જેના માટે વિના સંકોચ વાપરી શકાય બસ. અમૃતાને ખપતું આલંબન મળી ગયું.

ઉદયનના હોઠ પર વ્યંગભર્યું સ્મિત પ્રગટ થયું. રૂમમાં અત્યારે અંધારું હતું તેથી કોઈ દર્પણે એ જોયું નહીં.

મોડી રાત્રે એ વાંચવા બેઠો. પુસ્તક બંધ કરીને બાજુમાં મૂકી દેવા એક પંક્તિ એને મળી. એ ધીમે ધીમે બોલતો રહ્યો

And every attempt
is a wholly new start
and a different kind of failure

□

આશ્રય અથવા સ્વતંત્રતા.

બીજો કોઈ માર્ગ નથી.

આ લોકો કમાય છે. હું એમની કમાણીમાંથી ખર્ચ કરું છું. તેથી જ એમણે મને સલાહ આપી. મારી સ્વાધીનતા એમને કબૂલ ન હોય તો હું સ્વાશ્રયી થઈશ. એમના વિરોધમાં હું સ્વાશ્રયી થાઉં તે કરતાં તો સ્વાશ્રયી થવું એ કર્તવ્ય છે એમ સમજીને આ આશ્રય છોડું. ભવિષ્યમાં મારા વિચારો કે મારા વર્તન અંગે એ લોકો દબાણ ન લાવે તોપણ એમનો આશ્રય તો હવે વર્જ્ય છે. મને મારી રીતે જીવવાની એ લોકો છૂટ આપે તો એ તો એમની ઉદારતા થઈ, મારો હક નહીં. હક હોય એટલું જ જીવવું રહ્યું... પણ મારો જે હક છે તે પણ શું આ સમાજમાં સલામત છે? જ્યાં જઈશ ત્યાં શંકિત નજરોની ખોટ નહીં હોય. અને હવે તો અનિકેત અહીં નથી. એ કયારે આવશે તેની ખબર પણ નથી. બે પુરુષોના સંપર્કની એમની ચિંતા તો આપમેળે જ ટળી ગઈ... પરંતુ આ રીતે વિચારવું એ સમાધાનવૃત્તિ સૂચવે છે. અનિકેત અને ઉદયન સાથેના મારા સંપર્કમાં કશુંય ખોટું ન હતું, ન હોઈ શકે. એ લોકો માનશે કે એમણે ગેરસમજ કરી હતી તો જ હું અહીં રોકાઈશ. દુનિયામાં કેટકેટલાં માણસ એકલાં જીવે છે ? તે શું જીવન નથી?

ઉદયનની ઉદાસીનતા મને ગમતી નથી. પણ એનાં કારણો સુધી પહોંચીને એ ઉદાસીનતાને દૂર કરવા મેં કદીય પ્રયત્ન કર્યો છે ખરો? એનામાં મારો રસ ઉપરછલ્લો જ હતો? કદાચ એમાં મારો દોષ નથી. અનુભવ્યા વિના એની ગમગીનીને હું ન સમજી શકું. હવે સમજી શકીશ. સહન કરવાનો જેમ જેમ વધુ લાભ મળશે તેમ તેમ હું એને વધુ ને વધુ સમજી શકીશ. એને તો દુર્ભાગ્ય સાથે

પનારો પડ્યો છે. દસે દિશાઓ એને વિપરીત પડઘા સંભળાવે છે. તે દિવસ નૌકાવિહાર વખતે છેવટે તો એ વિવશ સ્થિતિમાં મુકાઈ ગયો. કૉલેજના આચાર્યને મળવા જવાનો હતો. મળી આવ્યો હશે. જે માણસે એક ચર્ચાપાત્ર માટે એને સલાહ આપી તે ઉદયનની વ્યંગકટુ ભાષા શાંતિથી સાંભળી શકશે? હવે પાછો લાંબા સમય સુધી બેચેન રહેશે. પણ કદાચ સારું પરિણામ પણ આવ્યું હોય. સલાહ આપવામાં એ આચાર્યને બીજું પણ કંઈક અભિપ્રેત હોય. વિના જાણ્યે મારે એમના વિશે શા માટે અશ્રદ્ધા સેવવી? અને આટલા અનુભવ પછી સંભવ છે ઉદયને પણ સંવાદરસ ઓછો કરી નાખ્યો હોય. અત્યાર સુધી એણે જે જે નોકરી છોડી, તે તમામને છોડવાનાં કારણો એકઠાં કરીને કોઈ ઉદયન વિશે મત આપવા જાય તો જરૂર એ મત એના પક્ષે જ આપે.

એને મળવા જાઉં? ઘરમાં જે હાજર હશે તે બધાંની નજર ખેંચાશે. અત્યારમાં ક્યાં ચાલી? આ તો બધું અસહ્ય છે. તો એમની સાથે પહેલાં વાત કરી લઉં.

મોટાભાઈના બેઠકરૂમમાં જઈને એણે ભાભીને બોલાવીને ચિઠ્ઠી અંગે પૂછ્યું. જવાબ મળ્યો કે એ તો ચારે જણનો મત છે. બધાંને બોલાવવામાં આવ્યાં. સહુ કુતૂહલવશ જલદી આવી ગયાં.

'શું મોં મીઠું કરવા જેવા સમાચાર છે?'

એક ભાભીએ પૂછ્યું.

'તમે સહુ પોતપોતાની મેળે જ મોં મીઠું રાખતાં હો છો તેથી મારે એવી પરિસ્થિતિ ઊભી કરવાની જરૂર નથી.'

'એનાથી ઊલટું કરવામાં તમને રસ છે?' બીજી ભાભીએ પૂછવાની સાથે મોં દબાવીને હસી લીધું.

'અમૃતા સાથે અદબથી વાત કર' બીજી ભાભીના પતિએ કહ્યું.અમૃતા બોલી—

'મને બે દિવસ પહેલાં જાણવા મળ્યું કે તમને બધાંને મારા અમુક વર્તન સામે વાંધો છે—'

કોઈ કંઈ બોલ્યું નહીં. અમૃતા આગળ બોલી -

'તમને એવી સલાહ આપતાં સંકોચ ન થયો ?'

હવે એક જણ બોલ્યું —

'લોકો વાતો કરે તે પહેલાં સાવધ થઈ જવામાં કશું ખોટું નથી.'

'એટલે તમને મારા પર અવિશ્વાસ તો આવી જ ગયો.' 'તમારા પર કોઇને અવિશ્વાસ નથી આવ્યો, કદી આવે પણ નહીં. પરંતુ દુનિયા એવી છે કે અમુક વસ્તુ જોઈને વાતો કરવા લાગી જ જાય. લોકો પર વિશ્વાસ રાખી શકાય એમ નથી કે એ શાંત રહેશે.'

'લોકો એટલે કોણ ?'

'આડોશી-પાડોશી, દૂરનાં - નજીકનાં, તારી બહેનપણીઓ — કોઈ પણ વાત કરે. અને એક વાર વાત ફેલાઈ ગઈ પછી એનો આરો નથી.'

'તમને એવો ભય હોય તેથી મારે નજરકેદ ભોગવવી ? મને લાગે છે તમને મારા વિકાસમાં રસ નથી, મારું સારું દેખાય એમાં રસ છે. એટલું જ નહીં મારા કારણે તમારું સહુનું સારું દેખાય એમાં રસ છે. તમને મારા સંતોષની પડી નથી, પોતાની પ્રતિષ્ઠાની પડી છે. તમે જેને પ્રતિષ્ઠા માનો છો એ તો બનાવટ છે, તેથી પ્રતિષ્ઠા એ ભ્રમ છે.'

'ભણીને તું અમને આમ સમજાવવા બેસશે તેની ખબર ન હતી.' — મોટા અથવા નાના ભાઈએ કહ્યું.

'હું તમને સમજાવી શકું તેમ નથી કારણ કે એમ કરવા માટે પહેલાં તો મારે તમે જે કંઈ સમજો છો તે ભૂંસવું પડે, જે શકય નથી. અને તમને સમજાવવાનો મને કશો ઉમળકો નથી કે નથી અધિકાર. જો હોય તો ફકત પોતાને જ સમજાવવાનો, બલ્કે સમજવાનો.'

'પોતાને સમજવાનો પ્રયત્ન કરવા માટે બીજા બે જણની જરૂર ખરી?' પૂછનાર ભાભીની આંખોમાં કટાક્ષની નિમ્ન સ્તરની પ્રવૃત્તિ હતી. અમૃતા કુપિત થઈ ગઈ. એણે જવાબ ન આપ્યો. એણે બાજુમાં જોઈને કહ્યું—

'હું આ ઘરમાં સહુથી નાની છું. આજ સુધી તમારી સાથે તમારો સદ્ભાવ પામીને રહી છું. પણ આ છાયા જ મારા માટે સીમા બની રહે એમ ઇચ્છતાં હો તો એનો ત્યાગ કરીશ.'

'એટલે?' બે જણના કંઠમાંથી એક સાથે સચિંત સ્વર નીકળ્યો.

'એટલે હું નોકરી શોધીને અલગ રહેવા ચાલી જઈશ, જેથી આ વિશાળ મકાનમાં સચવાઈ રહેલી તમારી પ્રતિષ્ઠાને મારે કારણે કશી આંચ ન આવે.'

'અત્યાર સુધી તમારા કારણે અમારું સારું જ દેખાયું છે. અને અમે તમારું માન પણ જાળવ્યું છે.' એક ભાભીએ ગંભીર બનીને કહ્યું.

'મને માનથી નહીં જાગૃતિથી, વિચારપૂર્વક જીવવાથી સંતોષ છે. તમે વિચાર કરતાં ડરો છો. હું જે નિર્દોષ સ્ત્રી-પુરુષ સાહચર્યને સહજ માની શકું છું તે તમારી કલ્પનામાં પણ નહીં આવે. એ અંગે તમારી સઘળી ધારણાઓ મારાથી જુદી હોય તેવો સંભવ છે.કારણ કે રૂઢિઓ પાસેથી એ તમે સહુ અનાયાસ શીખ્યાં હશો.જે સાહચર્યમાં ઈચ્છા અને કામનાને સ્થાન છે તેમાં આત્મનિર્ભરતા અને તટસ્થતાને સ્થાન નથી. મારો અનિકેત અને ઉદયન સાથેનો સંપર્ક જીવન અંગેની અમારી સમાન સમસ્યાને કારણે વધ્યો છે. કોઈ કૃતક સંયમની મદદથી અમે શીલવાન છીએ એમ કહેવા કરતાં જાગૃતિથી મળેલું આત્મ-નિયંત્રણ અમારી સહુની અલગ સત્તાને ટકાવી રહેલ છે. મારા ઉદયન અને અનિકેતના સાહચર્યથી તમને અપકીર્તિનો ભય લાગ્યો. મને એમનાથી કશો ભય નથી લાગતો. હું એમની સાથે તમારા કરતાં વધુ નિકટતા અનુભવી શકું છું કારણ કે...'

'બંને સાથે નિકટતા?' વચ્ચે જ પ્રશ્ન આવ્યો.

'એ નિકટતાનો તમે શો અર્થ લીધો હશે તે હું સમજી શકું છું. મને લાગે છે આપણી વચ્ચે ઘણું અંતર છે તેથી સાથે રહેવું શક્ય નથી. એક યુગ પૂરો થયો નથી અને બીજો યુગ શરૂ થઈ ચૂક્યો પણ એ બે યુગના સાંધા મળતા નથી. બંને વચ્ચે અવકાશ છે... એ અવકાશ પૂરવાનો પ્રયત્ન વ્યર્થ જશે. તેથી હું થોડા દિવસમાં ઘર છોડી દઈશ... મને તમારામાંથી કોઈની સામે રોષ નથી, કશો વાંધો નથી. હું જો એમ માનતી હોઉં કે મને મારી રીતે જીવવાનો અધિકાર છે તો તમને પણ તમારી રીતે - તમારી ધારણાઓને સુરક્ષિત રાખીને જીવવાનો અધિકાર છે.'

'આ ઘર તમે છોડવાનાં તો હતાં જ... અમે એ ગૌરવભર્યા પ્રસંગની રાહ જોતાં હતાં પણ અમારા ભાગ્યમાં એ લખેલું નહીં હોય. બાએ મને કહેલું...'

એટલું સાંભળતાં જ અમૃતા ઊભી થઈને દોડી ગઈ. પોતાના રૂમમાં ગઈ એવી એણે પલંગ પર પડતું મૂક્યું. બાની યાદ — આંસુ અને ધ્રૂસકાં.

બધાં જાણતાં હતાં કે અમૃતા જે નિર્ણય જાહેર કરે છે તેમાં ફેરફાર થઈ શકતો નથી. બધાં નિરાશ થઈને એકબીજાનો દોષ કાઢવા લાગ્યાં.

હવે ઘર છોડવાનો નિર્ણય જાહેર થઈ ગયો. નિર્ણય જાહેર કરવા પહેલાં નહોતો આવ્યો તે વિચાર આવ્યો. વિચારવું અને વિચારેલું પ્રગટ કરવું બંનેમાં તાત્ત્વિક ભેદ કંઈ નથી છતાં અમૃતાએ ઘણો મોટો ભેદ અનુભવ્યો. એકલતા તો પહેલાં પણ અનુભવી છે. પણ ઘરરહિત સ્થિતિની એકલતા ! આ અનુભવ કેવળ એકલતાનો જ ન હતો, એકાકી હોવાનો પણ હતો.

સમુદ્ર તરફ અપલક દૃષ્ટિ માંડીને બૃહદ રિક્તતાને એ જોઈ રહેતી, રંગવિહીન સંધ્યાની અંતિમ ચમકના તિરોધાન પછી કશીક રહસ્યમય વેદના એના શ્વાસમાં ભળી જતી, ઝૂલે બેઠાં બેઠાં રાતરાણીની ગંધનો ભાર એની મુકુલિત અભિલાષાઓને સતેજ કરીને ફલિત કરવા મથનારા કશાક અસ્ફુટ દર્દની રમણા જગાવી જતો, ભાઈના શિશુની ઋજુલ આંખોમાં ટમટમતી ઉષ્મા પોતાના અસ્પૃષ્ટ સ્તનપ્રદેશ પર અંકિત થતાં કોઈક વાર તો એ જે અનુભવતી તે ભાવને હજુ શબ્દનું

રૂપ આપી શકાયું નથી... આ બધા અનુભવોમાં એકલતા અભિનવ રૂપે પ્રગટતી... પરંતુ વિચાર કરીને એ વેદનાને વિસારે પાડતી. વિચારના સહારે એ સ્વીકારી શકતી કે આ તો પ્રત્યેક નારીની અનુભવસૃષ્ટિ હશે. પણ આજે નિર્ણય કર્યા પછી જેનો સાક્ષાત્કાર થયો તે વેદના નહીં, દુ:ખ છે. વેદનાનો સામનો કરવો પડતો નથી, એ તો અંતરંગને સમૃદ્ધ કરે છે પણ દુ:ખ? એનો સામનો કર્યા વિના ટકી શકાય નહીં. વેદનામાં તો કશીક માધુરીનો સ્પર્શ હોય છે. આ દુ:ખ હતું જે શ્રદ્ધાને ક્ષીણ કરી નાંખે છે, જેનાથી અનંત વિવશતાનો અનુભવ આરંભાય છે. આ દુ:ખ સૌંદર્યથી વિમુખ કરે છે.

પોતે જ પસંદ કરેલી પરિસ્થિતિ આવી રહી છે. આ પોતાની સ્વાધીનતા- પ્રેરિત પ્રથમ વરણી. તો શું વરણી સુખદ નથી? એ જાણતી હતી કે સ્વતંત્ર થવાના પ્રયત્નમાં સાહસ રહેલું છે. સાહસ સ્વાભિમાનને પોષે છે અને સ્વાભિમાન ગમે તેવું જોખમ ખેડવાની તમન્ના જગાવે છે. તો શું એકાકી બનવાના સાહસમાં જોખમ રહેલું છે? કદાચ, સાહસ એટલે જ જોખમ... ઘરવાળાં માનશે કે પેલા બે જણા આને ખેંચી ગયા. અનિકેત અહીં નથી તેની એમને ખબર નહીં પડે. એ જ્યારે જ્યારે અહીં આવ્યો છે, ભાભીઓએ કોઈને કોઈ બહાનું કાઢીને એને જોઈ લેવાની તક ઊભી કરી છે. એમાં એમનો દોષ પણ નથી. અનિકેતને સતત જોઈ રહેવાનું મન થાય એમ છે. અને એને જાણ્યા પછી તો...હું ઘર છોડીને જઈશ પરંતુ મારા શુભાશયમાં એમને વિશ્વાસ નહીં બેસે. એ લોકોને ખબર નથી કે અમૃતા તો અહીંથી એકાકી બનીને જાય છે. અનિકેત અહીં નથી. એ હોત તો ઘર છોડવા અંગે હું એની સલાહ જરૂર લેત. પણ એ નથી, ઉદયન છે. અને એ એવો તો વિખેરાયેલો રહે છે કે એને એક કરવા બીજા કોઈએ એની ચોતરફ છવાઈ જવું પડે. એને એક કરવા હું એને અપનાવું તે તો બરોબર નથી. મારો હેતુ શુદ્ધ રહે. અને એના માટે પોતાને વિલીન કરવાથી પણ શું પરિણામ આવશે? પોતાની ધરીને નષ્ટ કરીને એ શૂન્યતારૂપે વિસ્તરવા મથી રહ્યો છે. અને છતાં હું સમજી શકતી નથી કે કેમ એ મને પામવા દુર્નિવાર વ્યગ્રતા અનુભવી રહ્યો છે? એના ચિત્તમાં કદાચ

વિજેતા થવાની વૃત્તિ કામ કરી રહી છે અને મને દૂર ખસતી જોઈને આ પ્રકારે એનો પ્રતિભાવ વ્યકત થઈ રહ્યો છે. એ ઈચ્છે છે તે હું એને આપી શકતી નથી. એ માગે તે આપી દેવું એ તો દાન થયું, અર્પણ જ એક માત્ર માર્ગ છે. અને હું એને અર્પણ કેવી રીતે કરી શકું, જ્યારે મારું કંઈક અનિકેત કને ચાલ્યું ગયું હોય ?

અનિકેત માગતો નથી. જે અપાઈ ગયું તે અપાઈ ગયું. હવે નિરપેક્ષ થઈ ખસી જવા ઇચ્છે છે. એ ખસી ગયો એટલે શું હું પણ દૂરત્વ અનુભવી શકીશ? મારી અભિલાષાઓ અતંત્ર બનીને એના ભણી ધસી જાય છે. એ મારાથી દૂર ખસ્યો, પણ તારી અવહેલના ન થાય તેની કાળજી રાખીને. હવે એ ભલે અશબ્દ રહે, એણે એક વાર તો કહી જ દીધું... પ્રેમનો જય કબૂલીને એણે પોતાને નાનો થવા દીધો... મને પામ્યા વિના પણ એ પ્રસન્ન રહી શકશે ? હા, એ પ્રસન્ન જ રહેવાનો. એની આ પ્રસન્નતા જ મને અકળાવે છે. તેથી જ કોઇ કોઇ વાર ઇચ્છા જાગે છે કે મારું નારીત્વ હોડમાં મૂકીને એને ચંચલ કરી મૂકું. મારા સાન્નિધ્યમાત્રથી એ અસ્વસ્થ થઈ બેસે એવી સ્થિતિની ઝંખના જાગે છે. હ્દયપ્રદેશે રંગદીપ્ત ફુવારાઓની જેમ કામનાઓ ઊછળી આવે છે, પણ એ તો દૂર જઈને ઊભો છે કોઈક હિમાચ્છાદિત શિખરની જેમ. નદી ભલે તળેટીમાંથી જ વહી જાય, ભલે આગળ વધીને કોઈ રેતાળ રણમાં ભળીને શમી જાય. એ તો પર્વતશિખરની જેમ જ દઢબંધ રહેવાનો. સાગર બનીને એ ઘૂઘવવા નહીં લાગે, ઊછળવા નહીં લાગે, ઉદગ્ર મોજાંથી ધસી આવીને સામે આવેલી નદીને પોતાની તપ્ત ખારાશમાં શોષી નહીં લે. તો શું એ હિમશિખરનું ધવલ ગૌરવ અનુભવતો રહેશે ? નદીની ગતિના દર્પને મર્દિત કરવા તૈયાર નહીં થાય ? એની નક્કર સ્થિરતાને એક વાર વિચલિત થતી હું જોઈ શકું તો બસ... એવો પ્રસંગ એ ઊભો નહીં જ થવા દે. સાવધ માણસ છે. પોતે વિજય મેળવ્યો છે એવું વ્યક્ત કર્યા વિના જ એણે મને પરભવનો ઊંડો અનુભવ કરાવ્યો... જતાં જતાં સલાહ આપી. ઉદયન માટે ભલામણ કરી. ઉદયનની પ્રશંસા કરી. જાણે કે ઉદયનને એ મારાથી વધારે ઓળખતો ન હોય !

હું એકને ચાહું છું અને બીજાને નકારી શકતી નથી. આવા કોઈ અંતર્દ્વન્દ્વમાંથી પસાર થયા વિના જ જે નારી પોતાના સમગ્રનું સમર્પણ કરી શકતી હશે તે કેવી ભાગ્યશાળી હશે! આવતા જન્મમાં પણ 'ત્વમેવ ભર્તા'નું વચન ઉચ્ચારનાર નારીએ એની આખી જિન્દગીમાં મન, વચન અને કર્મથી શું એક જ પુરુષને પુરુષ તરીકે જોયો હશે? જો એમ જ હોય તો પોતાના અસ્તિત્વ પ્રત્યેની એની સભાનતા નહીંવત્ હશે. અથવા તો એ કાળમાં મનાતો આદર્શ ગાઈ લઈને પોતાને ભૂલીને કેવળ ગૌરવ વધારવા એણે એવું કહ્યું હશે? કદાચ હું ભૂલ કરતી હોઉં. હું જે દ્વિધા અનુભવું છું તેમાં મારી નબળાઈ પણ કારણભૂત હોય. અલબત્ત, એ સૂત્રો પર મારાથી અવલંબી શકાય તેમ નથી. અહીં તો મંદોદરીને પણ સતી માનવામાં આવી છે જેણે ઉત્તરાવસ્થામાં અન્યને સેવ્યો. દ્રૌપદી જાણતી હતી કે કર્ણ એનો વિજેતા બની શકે તેમ હતો. જીવનભર એ કર્ણને ભૂલી શકી નહીં હોય જ્યારે એ એકલા અર્જુનની પણ ન રહી શકી. અર્જુન પણ પાંચ હકદારમાંનો એક. નારીને કાયા માનીને જ એ લોકો ચાલ્યા. અને દ્રૌપદીએ પ્રતિક્રિયાવશ થઈને શું નું શું કરાવ્યું? કાવ્યો અને શાસ્ત્રોમાં આ જે બધું સુષ્ઠુ સુષ્ઠુ કહેવાયું છે તે ફરી તપાસવા જેવું છે. ઉદયન સાચું જ કહે છે, જાગ્રત થવાનું મૂલ્ય ચૂકવવું પડશે— absurdity અને despair વહોરીને પણ. ધર્મ, દર્શન અને સંસ્કૃતિમાં પૂરો વિશ્વાસ મૂકી દો એટલે તમારે તો કશુંય નક્કી કરવાનું જ નહીં. બીજાઓના રૂઢ થઈ ગયેલા આદેશો પ્રમાણે ચાલવાનું, સ્વતંત્ર વિચારની જરૂર જ ન રહી. મૂલ્યોનો નિર્ણય કરવાની જવાબદારીમાંથી પણ તમે મુક્ત, બધું જ તૈયાર! આપણો વારસો કેવો મહાન છે એમ કહો એટલે તમે શ્રદ્ધાળુ તો કહેવાઓ, વિદ્વાન પણ કહેવાઓ. જાતે તપાસ કરવા આજે કોણ તૈયાર છે. અધ્યાપકો અને ખ્યાતનામ વિદ્વાનો પણ પારકાં અવતરણો વિના વાત કરી શકતા નથી. આ બધી વારસાગત આત્મવંચનાઓ છે. ઉદયન આ બધું પામી ગયો છે. મેં આજે જે એકાકીપણું અનુભવ્યું એ તો એને કોઠે પડી ગયું છે. અનિકેત વારસાનો અસ્વીકાર કરતો નથી. ઘણી બાબતો વિશે એ ઓછું બોલે છે. સાચે જ એ ઓછું બોલે છે કે એની પાસેથી વધુ સાંભળવાની મારામાં ઇચ્છા જાગ્યા કરે છે? કે એ રહસ્યાત્મક લાગે છે તેથી જ એના તરફનું

મારું આકર્ષણ કોઈ કોઈ વાર અદમ્ય થઈ ઊઠે છે ? ઉદયન પ્રગટ છે. મત ન આપનાર મૌનને પણ એ વંચનાનો એક પ્રકાર માને છે. ભીતરમાં જે જાગી ઊઠે છે. તેને છુપાવવા એ હોઠ બીડી રહેતો નથી... મુશ્કેલી એક જ છે કે પાછો વળીને જોતો નથી. એનાં વલણોમાં અતિશયતા છે. એ અંતિમો પર જીવે છે. એના મારા તરફના વલણમાં પણ મને કવચિત્ એના સ્વાર્થની ગંધ આવે છે તેનું કારણ એનું જક્કી વલણ હશે. નહીં તો એણે ક્યારે મને મજબૂર સ્થિતિમાં મૂકવા માટે સક્રિય રસ લીધો ? કર્તવ્ય કહે છે કે ઉદયન,... અભિરુચિ કહે છે કે અનિકેત... રુચિ અને કર્તવ્ય એક હોત તો કેવું સારું !

આ અનિર્ણયજન્ય વ્યથામાંથી હું કયારે ઊગરી શકીશ ? અનિકેત સ્પષ્ટપણે સલાહ આપતો ગયો કે હું ઉદયનને વરું. એ એવી સલાહ કયા અધિકારે આપી શકે ? એ કંઈ મારા સમગ્રનો સ્વામી નથી. નથી જ. નથી ? એમ ન હોત તો નકારવા જતાં પણ ‘સ્વામી’ શબ્દ કેમ મને સુખદ અર્થચ્છાયા આપતો ગયો ?

ઉદયનની એક પ્રિય પંક્તિ અમૃતાને એકાએક યાદ આવી—

Between the emotion
And the response
Fall the shadow

ભાવ અને અનુભાવ વચ્ચે પડતા ઓછાયાને ઉદયન અનિકેતના પ્રતીક તરીકે તો નહીં વાપરતો હોય ને ? અમૃતાના ઉદાસ હોઠ પર સહેજ સ્મિત ફરક્યું.

□

અક્ષાંશ અને રેખાંશની આડીસીધી રેખાઓમાં અંદાજેલી પૃથ્વી પર તો નજર ક્ષણમાત્રમાં પોતાની યાત્રા પૂરી કરી લે છે પરંતુ ચરણ ધરતી પર પોતાની ગતિ આરંભે છે ત્યારે તો પેલી નકશામાં જોયેલી ધરતી કાગળનો માત્ર ટુકડો બની રહે છે. ધરતી તો એના કણેકણમાં અભિનવ છે. એની સુંદરતા પગે ચાલનારા મુસાફરને જ અનુભવવા મળે. ક્ષિતિજની વર્તુલાકાર રેખા તો આંખ સામેથી ખસે જ

નહીં. જોનાર સમજતો હોય કે પોતાની નજર ક્ષિતિજ નામની એક કલ્પિત કેડી પર યાત્રા કરી રહી છે. છતાં એ પોતાને રોકી શકતો નથી. એ જાણે છે કે પોતાની દષ્ટિ ક્ષિતિજ સુધી જ વિસ્તરી શકે છે. માણસની દષ્ટિઓના છેડાઓથી ક્ષિતિજ રચાયેલી છે નહીં તો જે આરપાર જોઈ શકે તેને તો ક્ષિતિજ શું કે આકાશ શું? હે અનંત! મારી દષ્ટિના અંત સાથે જ તું આરંભાય છે. મારે વિસ્તરવું હશે તો તારો આશ્રય લેવો જ રહ્યો.

હવે થોડાક દિવસમાં ખડીર જવું મુશ્કેલ બનશે. સમુદ્રનાં પાણી ધસી આવશે, ધરતીના અંતરમાંથી પણ પાણી ફૂટી આવશે અને કચ્છના મોટા રણનું દશ્ય સમુદ્રનો આભાસ ધારણ કરશે. કેવી વિચિત્ર ઘટના છે! માનવીના હૈયાની જેમ કાલાન્તરે રણ સાગર બની જાય અને સાગર રણ બની જાય! મુંબઈ છોડ્યું ત્યારે માનતો હતો કે રણના કોઈ રેતાળ પટમાં ભરબપોરે ઊભો હોઈશ, મારી છાયા પણ પગ નીચે લપાઈ જવા મથતી હશે ત્યારે સાર્વત્રિક એકલતા અનુભવી રહીશ. પરંતુ અહીં નથી તો રોતાળ રણની દોડી આવતી ડમરીઓ કે નથી તપ્ત ધરિત્રીનો વિનાશક ફુત્કાર. આ ગરમીને સહેલાઈથી સહી શક્યો. મુંબઈમાં ગરમી નથી અનુભવી, ફક્ત ઉકળાટ અનુભવ્યો છે. અહીંના લોકો તો મારી જેમ સવાર બપોર સાંજનો ખાસ ભેદ કરતા નથી, કામ કર્યે જાય છે. પીપરાળાથી આડેસર વચ્ચે પહેલી વાર રણ જોયું. શું આને જ રણ કહે છે? તો તો રણવાસી બનવું દુષ્કર નથી. હા, રાપર અને જેસડા થઈને પસાર થતાં વચ્ચેનો પંદરેક માઈલનો વિસ્તાર એની નિર્જનતાને કારણે મરુભૂમિ સમો લાગ્યો. કાળી માટીમાં ભળેલી ખારી ધોળાશ જોઈ. પણ ખડીરનો ડુંગર જોયા પછી અમરાપર થઈને પ્રાંથડ તરફ વળ્યો ત્યારે પાછો ભૂલી ગયો કે હું રણપ્રદેશમાં ફરી રહ્યો છું. માણસોની હાજરીમાં રણ આભાસી બની જાય છે. લોદ્રાણીથી વ્રજવાણી ગયો. વ્રજવાણીમાં વીતેલો સમય યાદ રહી જશે.

વ્રજવાણીના પુરાણા અવશેષોની પાર્શ્વભૂમિમાં નીલવાની લઘુ પર્વતમાળા જોતાં એવું લાગ્યું કે પર્વતમાળા પેલા જીર્ણ અવશેષો પર છાયા ધરવા વિહ્વળ છે છતાં નિવારી

ન શકાય એવી દૂરતા જીરવી રહી છે. ધૂળમાં ઢબુરાયેલ પથ્થરના ટુકડાઓમાં પુરાણું શિલ્પ જોઈને આંખો ત્રસ્ત થઈ ગઈ. મહાકાળ કેવો નિર્મમ વિજેતા છે! નમતી સાંજે તળાવને કિનારે જઈને ઊભો રહ્યો ત્યારે બાવળ અને પીલુની સઘન વનરાઈ જોઈને આંખો ઠરી. બસ એક જ કામના છે. જ્યાં જાઉં ત્યાં વનરાઈ જોવા મળે. અને જોવા ન મળે તો મારા પ્રયત્નો ભવિષ્યમાં વનરાઈરૂપે ફલિત થાય.

અહીં વડ પણ છે. એક પાંગરેલી વડવાઈને પકડીને ઝૂલી લેવા સુપ્ત બાળપણ થનગની ઊઠ્યું. પરંતુ કેટલું સાવધ રહેવું પડે છે ! ઉમંગને આમ નિર્બાધપણે છતો થવા દેતાં કોઈ પાગલ કહી બેસે તો? પાગલ હોવું એટલે શિસ્તજન્ય આવરણોમાંથી મુકત થઈ જઈને સહજ સ્થિતિ પ્રાપ્ત કરવી, નિર્ભેળ સચ્ચાઈનો રણકો જાગવો. પછી જોનાર કે સાંભળનાર શું કહેશે તેની પરવા જ નહીં. સાવ નિરપેક્ષ વલણ. પણ આ નિરપેક્ષતા બીજા છેડાની. તમામ સાપેક્ષતાઓ વચ્ચે કેળવેલી નિરપેક્ષતા અને પાગલની નિરપેક્ષતા તદ્દન જુદી. પાગલતાનો આનંદ મને ઇષ્ટ નથી કારણ કે સમષ્ટિને અવગણીને હું જીવી શકું તેમ નથી. હું ફકત પોતાના માટે જીવતો નથી. સમગ્રના સંદર્ભમાં જીવું છું. જીવનના સકલ સંદર્ભો વચ્ચે જ મારે મારા અસ્તિત્વની નિર્ભ્રાન્ત પ્રતીતિ કરવાની હોય. પાગલતા તો એ પ્રતીતિમાંથી પલાયન છે. બનાવટ કહો કે સજાવટ, બંનેને આત્મવંચના કહી શકો પણ વ્યવસ્થિતિનો સ્વીકાર કરનાર સર્વથી વિમુખ એવી પાગલતામાંથી પ્રાપ્ત થતી નિરપેક્ષતાને વર્જ્ય ગણશે. બાળપણને ફરીથી જીવવાનું નથી, હું બાળક હતો એટલું યાદ રહે તે શું ઓછું છે? ઉદયન ભલે પાછા વળવાની વાત કરે.

પીલુ અને બાવળ ભગવાન શંકરના દૂત જેવાં વૃક્ષો છે. તેથી જ તો એમનો ઉચ્છેદ કરવામાં ન આવે તો એ મહાલયોના પ્રાંગણમાં પણ ખીલી શકે અને ઉજ્જડ અરણ્યમાં પણ એટલી જ ખુમારીથી ટકી શકે. કયાંક કયાંક એમના ફણગા નાના છોડવાઓ જેવા લાગે, કયાંક કયાંક એ ઘટા રચીને ઊભાં હોય. આ તળાવને તીરે નિર્મોહીની શાંતિ ધારણ કરીને બાવળ અને પીલુનાં વૃક્ષ ઊભાં છે. સહેજે પરાયાં નથી લાગતાં. તળાવની આ ઊંચી પાળ પરની ઝાડી જોઈને અમૃતાને જરૂર આનંદ

થાત. અમૃતા અહીં હાજર હોત તો ? અથવા એવું કેવી રીતે કહી શકાય કે એ અહીં હાજર નથી જ ? એના શરીરમાં જ શું એના અસ્તિત્વની સમગ્રતા આવી જાય છે ? એમ નથી. તેથી જ તો કાલિદાસ અને રવીન્દ્રનાથ નથી એવું હું માની શકતો નથી. સ્મરણ બનીને અમૃતા મને સાથ આપી રહી છે. આ ચિત્તમાં સંક્રમણ પામતો સમય વર્તમાન મટીને પ્રતિપળ વિગત બની રહ્યો છે. જે વિગત છે તે બધાને અમૃતા આવરી લે છે. મારું સમગ્ર વિગત જાણે કે અમૃતાના સાનિધ્યથી સ્પંદિત છે. તેથી જ તો એનું સ્મરણ કેવળ ચિત્તમાં જ નહીં, અંગેઅંગમાં, રુધિરમાં ધબકી ઊઠે છે. સમુદ્રમાં તરવાનો એ અનુભવ કેટલી વાર યાદ આવશે ? એના કપોલના આકસ્મિક સ્પર્શની મુદ્રા મારી ત્વચા પર કાયમી થઇ ગઈ છે. ભલે દેખાય નહીં. દેખાય એટલું જ વાસ્તવિક હોય તેવું કંઈ ઓછું છે ? લજ્જાથી અશબ્દ રહેવા વિવશ બનેલા એના અધર એ ઋજુલ સ્પર્શ દ્વારા ઓછું કહી ગયા હતા ? અરે, એ યાચના પણ હતી. એથી મોટું સદ્‌ભાગ્ય હોઈ શકે ? મન વશમાં રહે તેમ ન હતું. વરસાદ અને સમુદ્રનાં મોજાંના સંયુકત તોફાનમાંથી બચી નીકળવાનું વિસારીને થંભી જવાનું મન થતું હતું. તે ક્ષણ પછી કોઈ પડકાર કરતું રહ્યું છે... સાહસ હોય તો રોકાઈ જા, જઈ રહ્યો છે તે તો સાહસ નથી, પલાયન છે. રોકાઈ જા... આ દિવસો પાછા આવવાના નથી, યૌવનની ઉષ્માની વસંતલ સૃષ્ટિને શરણે જા. પાછો આવે ત્યારે એ ન પણ હોય, કારણ કે એ શાશ્વત નથી... આ જગતમાં અમૃતા એક જ છે. ભલે ઉદયન.. પણ... એ તો કહેતો હતો કે પોતાના નિર્માણમાં એ બીજા કોઈની સહાયતાને વર્જ્ય ગણે છે... હું રોકાયો હોત તો એના આત્મવિશ્વાસને જરૂરી જવાબ મળી જાત... ઉફ, આ વિચાર મને કેમ આવ્યો ? પૂરતો વિચાર કરીને જે પગલું ભર્યું છે તે હવે આગળની દિશા જ બતાવશે. એમ જ થશે. હા, એમ જ થશે કારણ કે મેં સંકલ્પ કર્યો છે. હું દૂર રહીશ તો અમૃતા ઉદયનની નજીક જરૂર જશે. ઉદયનને મન મૈત્રીનો અર્થ ભલે ગમે તે હોય, મારી મૈત્રીમાં ત્યાગને સ્થાન છે.

તરસ લાગે છે પરંતુ પાણી ભાવતું નથી.

તળાવને કાંઠે આવડમાતાનો મઠ આવેલો છે. વૃદ્ધજનોએ કહ્યું કે પહેલાં અહીં સુંદર મંદિર હતું. અવશેષો પરથી લાગે છે કે એ મંદિરની શિલ્પકળા ઉત્તમ હોવી જોઈએ. તળાવ ખોદાયું ત્યારે જે પથ્થરો નીકળ્યા તેમના પર નર્તકીઓની આકૃતિઓ કોતરાયેલી હતી. લોકોએ એ પથ્થરો પૂજવા શરૂ કર્યા ! અમૃતાને પુરાતત્ત્વમાં ઘણો રસ છે. પણ અહીં એ આવી નથી. કદાચ આ બધા વિશે જાણતી હશે જ. ‘કચ્છની લોકસંસ્કૃતિ’ નામનું પુસ્તક એક દિવસ એના હાથમાં હતું. આ ગામ વિશે એમાં નોંધાયેલી ઘટના અંગે મેં મારા યજમાનને પૂછ્યું. એમણે એ ઘટનાનું સવિસ્તર વર્ણન કર્યું. વાર્તા કહેવાની એમની લઢણ, એમનો લહેકો આત્મસાત્ કરી લેવાની મને ઇચ્છા જાગી. ગામમાં આવ્યો ત્યારે તો એ પ્રૌઢપુરુષને પહેલવહેલા જોયા હતા, પણ બે ઘડીના સંગ પછી હવે ભવોભવના વત્સલ સ્નેહી લાગે છે. પેલો પ્રસંગ યાદ આવે છે ત્યારે ત્યારે એમનો ચહેરો પણ યાદ આવી જાય છે. ઉદયન મળશે ત્યારે આ પ્રસંગ એને ભેટ આપી શકીશ, જેના પરથી એક સુંદર વાર્તા રચી શકશે. અત્યારે ટૂંકમાં નોંધી રાખું.

વ્રજવાણી ગામ. ઉપર પૂનમની રાતનું આકાશ. નાની નાની ધોળી વાદળીઓ પણ ચાંદનીમાં ગળી ગઈ હતી. તળાવના દખણાદા પાદરની રેત કોઈ પણ ઉતાવળા પથિકને પોતાના શીતળ સ્પર્શથી રોકી શકે એમ હતી. ઉગમણી ગમથી એક ઢોલી આવી રહ્યો હતો. એના હાથમાં એક વાંકડિયો ડંકો હતો. ખભે પટ્ટો ભરાવીને ઢોલને જમણી બાજુ લટકાવ્યું હતું. એ પટ્ટાનાં ફૂમતાં ચાંદનીમાં પણ પોતાના જુદા જુદા રંગો ચમકાવતાં હતાં. ઢોલ પર કોઈ કોઈ વાર એની આંગળીઓ અડકી જતી હતી અને ત્યારે થતો અવાજ સાંભળવા શાંતિ બેચેન થઈ જતી હતી. એક ક્ષણે એની આંગળીઓ જરાક વધુ અડકી જાય છે. ઢોલી થંભી જાય છે. એના જમણા હાથનો ડંકો એક વાર હવામાં ઊછળે છે અને એ ઢોલને અડે ન અડે ત્યાં તો ચાંદની કંપી ઊઠે છે. એક ડંકો, બીજો ડંકો અને ત્યાં તો આખા વ્રજવાણી ગામનાં બારણાં ખૂલી જાય છે. અહીરાણીઓ દોડી આવે છે. ઢોલીના હાથમાં જાણે સંમોહક શકિત છે. એકસો ને વીસ અહીરાણીઓનાં યૌવનમત્ત ચરણ પળવારમાં રાસની

તાલબદ્ધ ગતિમાં બંધાઈ જાય છે. વણસૂણ્યું જોબનગાન ઢોલીને ઘેરી વળે છે. અહીરાણીઓના કંઠમાંથી વહી આવતો ઘેરો રાગ ઢોલીની આંખોને ઘેઘૂર બનાવી દે છે. એ પણ ઝૂમવા લાગે છે. આખું ગામ આવીને ટોળે વળી ગયું છે. જોનારાંની આંખો પણ ચકચૂર બની જાય છે. સહુ પોતાને ભૂલીને એ અપૂર્વ દશ્ય જોવામાં મગ્ન થઈ ગયું છે.

ત્યાં દક્ષિણ દિશામાંથી કાળા ઘોડે બેસીને એક વહીવંચો આવે છે. એના ચોપડામાં આખા ગામનો ઇતિહાસ લખેલો છે. ઉંબરે ઉંબરાનું નામ લખેલું છે, દરેક આંગણાની ધૂળથી એણે પોતાના ચોપડા પરની તાજી શાહીના અક્ષરો કોરા કર્યા છે. એ આવે છે એવો જોનારાંની વચ્ચે ઘોડાને લઈ જાય છે. નીચે ઊતરે છે. એક છોગાળા જુવાનના ખભે હાથ મૂકે છે. પેલાની જવાનીને વખાણીને પહેલાં તો અકળાવે છે. પછી એના રુદિયામાં ઈર્ષાનો તણખો પેટાવે છે. ‘જોબનમ્હોર્યા રૂપને આમ એક ઢોલી મ્હાલે ?’ જુવાનના હાથની કડિયાળી ડાંગ તરફ વહીવંચો જોઈ રહે છે. જુવાનના કાંડામાં પ્રચંડ જોમ એકઠું થાય છે. એના પગ ઊછળે છે અને એક કૂદકે એ ઢોલીની પાસે પહોંચે છે. ડાંગના એક ઘાથી ઢોલીનું માથું ફાટી જાય છે. લોહીનો ધોધ ઢોલને રંગી દે છે. અહીરાણીઓના પગ થંભી ગયા છે. એમના હાથ એક સાથે ઊંચા થાય છે. પોતપોતાના સૌભાગ્યને સાચવતાં બલ્લૈયાં એમના કપાળ પર પછડાય છે. અને ઢોલીની પાછળ એકસો ને વીસ અહીરાણીઓ ઢળી પડે છે.

કાળો કેર વર્તાઈ ગયો. બધા આહીરો ગામ છોડીને ચાલ્યા ગયા. આજે અહીં એકસો ને વીસ ખાંભીઓ અને એક પાળિયો છે. આ સ્થળને ઢોલી થરનો ઢોળો કહે છે. અહીં કસમયે કોઈ જતું નથી.

મારા યજમાને કહ્યું કે ત્યાં અંધારી રાતે જનારને બીક લાગે છે. જવાન ઢોલી ભવાં ખેંચીને ડંકો કરે છે અને એકસોવીસ અહીરાણીઓનાં બલ્લૈયાંનો રણકો થાય છે. એકસોવીસ ગોરા વાન ઝૂમી ઊઠે છે અને એમનું જોબનગાન આરંભાય છે. એ સાંભળતાં જ ત્યાં જનારના રૂંવે રૂંવે ભય ફૂટી આવે છે.

રાત્રે ઊંઘ મોડી આવી. લગભગ બારેક વાગ્યે ઇચ્છા થઈ આવી કે ઢોલી- થરના ઢોળામાં જઈને ઊભો રહું. જોઉં, શું થાય છે. પ્રેતસૃષ્ટિનો પરિચય નથી. જોવા મળે તો જોઈ લઉં. ઊભો થઈ શકયો હોત તો જરૂર જાત. ઊંટ પર બેસીને અને ચાલીને દિવસો પસાર થઈ રહ્યા હતા. આદત ન હોવાથી થાક લાગ્યો હતો.

સ્ત્રી-પુરુષ એકબીજા પ્રત્યે સંવેગના બળે પ્રેરાય છે, સમજ કે બુદ્ધિથી નહીં. આ સંબધોમાં સમજથી તો કેવળ નિષેધો ઊભા કરી શકાય. અનુભવ્યા વિના કશું પ્રતીત ન થઈ શકે. પ્રતીત કરવાની વાત પણ પછી આવે. પહેલાં જરૂર છે અનુભવની. હું અનુભવથી વંચિત પુરુષ છું, તેથી જ કદાચ સ્વપ્નમાં આવીને અમૃતા મારી અતૃપ્ત કામનાઓને વારંવાર ઢંઢોળી જાય છે. કેવળ એક સ્વપ્ન પણ મારા નિરધારની કૃતકતા સિદ્ધ કરી જાય છે.......

તાપમાં ફરવાથી આ રીતે થોડું દર્દ થાય તે સમજી શકું છું. ખબર ન પડી કે પેશાબમાં આવું પરિવર્તન કેમ થઈ ગયું અને અસહ્ય દર્દ થવા લાગ્યું. નિરુપાય બનીને ડૉકટરને મળ્યો. જાણવા મળ્યું કે મૂત્રાશયની ત્વચામાં થઈને આમ પિત્ત ઝમતું હોય છે અને તેથી દરદીને લાગતું હોય છે કે પેશાબમાં લોહી છે. પહેલાં અસહ્ય થઈ ઊઠતું દર્દ જીરવી રહ્યો હતો પછી ચિંતા પણ જન્મેલી. ચિંતા એટલે શરીરને સાચવવાનો મોહ... નિરપેક્ષ થવાની વાત કરવી કેટલી સરળ છે ! ઘણાં ઉદાહરણ આપીને એ પ્રશ્નને સમજાવી શકાય. સમજાવવું સહેલું છે, સમજવું મુશ્કેલ છે. હું અમૃતાને સમજાવતો આવ્યો છું. એને સમજાવી શક્યો ત્યારે મને પોતાના વિશે પણ માન થયેલું. પણ જીવ્યા વિના જે બધું સમજીએ તે અધૂરું જ છે.

ડૉકટરે ખૂબ પાણી પીવા કહ્યું. કચ્છની રખડપટ્ટી દરમિયાન પાણી ખૂબ ઓછું પીતો હતો તે યાદ આવ્યું. પીવાની ઈચ્છા ન હતી એમ નહીં, ભાવતું ન હતું. હવે તો પિત્તપ્રકોષ શમી જશે. હમણાં તો પડ્યો જ રહું છું. પ્રવાસમાં તૂટેલી આહાર-વિહારની નિયમિતતા હવે સદી જશે. વ્યવસ્થિત થઈ જવાની કશી ઉતાવળ નથી. પ્રમાદ પણ એક અનુભવ છે.

રણ રોકવાનો પ્રયત્ન પ્રકૃતિ જ કરી શકે. માણસ તો એમનો આશ્રિત છે. છતાં એ વૃક્ષોને કાપે છે. એ આજનો જ વિચાર કરે છે. વર્તમાનને પણ સીમિતરૂપે જ જોઈ શકે છે... ઉદયન પોતાને વર્તમાન ક્ષણોનો ભોક્તા માને છે. કવિતા એ ભાગ્યે જ વાંચે છે. કહે છે કે બહુ ઓછી કવિતા એને ફોર્સનો અનુભવ કરાવી શકે છે. એલિયટની 'વેસ્ટ લૅન્ડ' અને 'હોલો મૅન' એની પ્રિય કૃતિઓ છે. 'મરુભૂમિ' અને 'ખાલી કલેવરો!' 'ફોર કવાર્ટિટ્સ,માંથી થોડુંક જ સ્વીકારે છે. કદી નહીં ને એક વખત એણે લેટરપેડ છપાવેલું. પ્રાણાલિકા પ્રમાણે એણે એક સૂત્ર પણ છપાવેલું. I said to my soul be still, and wait without hope. પરંતુ આશા વિના રાહ જોવી એટલે શું? કવિ તો કંઈક બીજું જ સૂચવે છે.. જે છે તેથી એને સંતોષ નથી. અર્થાત્ હોવું જોઈએ તે નથી. અને ટૂંકી આશા રાખવાથી એ મળી આવે એવું નિકટ પણ નથી. તેથી ફળની આશા રાખ્યા વિના એ રાહ જોવાનું કહે છે. ગીતાનો સ્વર એલિયટની વાણીમાં ભળ્યો છે! જગત કેવું મોટું અને કેવું એક છે, કવિ પાસે! સમય કેવો અપરિમેય છતાં અખંડ છે, કવિ પાસે! એ તો પ્રારંભમાં જ કહે છે— વર્તમાન અને વિગત, બંને કદાચ ભવિતવ્યમાં ઉપસ્થિત છે. ભવિતવ્ય વ્યતીતમાં સમાવિષ્ટ છે... સઘળો સમય અનંતપણે ઉપસ્થિત હોય તો સઘળો સમય અ-નિવાર્ય છે, ન બચાવી લેવાય તેવો છે. અર્થાત્ એ સમયથી બચી શકાય તેમ નથી. તેથી રાહ જોવી જ રહી. ઉદયન રાહ જોતો નથી, અમૃતાને ઇચ્છે છે. અને નારી તો રાહ જુએ જ છે. વરણી પહેલાં વ્રત કરે છે... ઉદયનને પત્ર લખવો જોઈએ.

પ્રિય ઉદયન,

તને પત્ર લખવાની ઇચ્છા પહેલાં પણ થયેલી. કારણ કે મારે તને કંઈક કહેવું હતું. પરંતુ એ સલાહના પ્રકારનું હતું. તેથી નહીં કહું. આજે પત્ર લખાવો શરૂ થયો જ છે તો તને મારા ભ્રમણ અંગે થોડું લખીશ.

તું જેને શૂન્ય કહે છે તે અહીં છે. રેત, લૂ, વંટોળ, આંધી... વિભિન્ન રૂપે અહીં શૂન્ય વિલસે છે. પાંચ-સાત ફૂટ દૂર ઊભેલો માણસ પણ દેખાય નહીં એવો 'ધંધુકાર'

પરમ દિવસ છવાઈ ગયેલો. અને તે જ દિવસની રાત રમ્ય હતી. કાલિદાસે ગ્રીષ્મના દિનાન્તને રમ્ય કહ્યો છે તે કદાચ તને યાદ નહીં હોય. પણ પરમ દિવસની સાંજે કાલિદાસની સાથે મને તું યાદ આવેલો. જેસલમેરમાં ડાક-બંગલા આગળ ખુરશી મૂકીને બેઠો હતો. સ્થળના વિસ્તાર અને કાળની ચિરંતનતા વિશે વિચારી રહ્યો હતો. મોડી રાતે ચંદ્ર પણ ઊગી આવ્યો. ચોતરફનો વિપુલ અવકાશ શુભ્ર બની ગયો. આ પુરાણી નગરી પર ચંદ્ર જાણે આત્મીયતા ઝમી રહ્યો હતો. ચંદ્રની જેમ નિકટતા અનુભવવા હું પણ શુભ્ર અવકાશ બનીને આ નગર પર છવાઈ શક્યો હોત તો કેવું સારું! પરંતુ લાગ્યું કે નિગલન શક્ય નથી. પોતાપણામાંથી મુકત થઈને હર્ષશોકથી પર એવી કોઈ અનુભૂતિનું સંધાન મને પ્રાપ્ત થયું નહીં. સાર્વત્રિક ચાંદનીમાં હું એક ટાપુની જેમ અવકાશ અનુભવતો બેસી રહ્યો. પોતાના કેન્દ્રનો ભાર ઓછો થયો નહીં, હું ઊડી શકયો નહીં... હું જાણું છું કે તને મારા આ ઉદ્‌ગારો વાચાળ લાગશે. કદાચ તું ખીજાશે. પોતાના કેન્દ્રને સહેજે આંચ ન આવે તે અંગે તું સભાન રહે છે. હું આ સકલમાં કેન્દ્રરહિત વ્યાપ્તિ શોધી રહ્યો છું. તને નવાઈ લાગશે કે હું હમણાં ગતિ અને સ્થિતિનો ભેદ ભૂલવા લાગ્યો છું. અવિકસિત પુષ્પમાં કે વૃક્ષની લચી પડેલી ડાળમાં, કેન્દ્રહીન પાષાણોમાં કે પર્વતોની ધૂસર આકૃતિઓ પાછળ બંધાતી ક્ષિતિજમાં, દોડતા અશ્વની ખરીમાં કે કાચબાની અચંચલ પીઠ પર, ઊંડી ખાઈમાં લુપ્ત ઝરણાની વિરતિમાં કે સામે ધસી આવીને છાવરી લેતા વંટોળમાં હું એક તત્ત્વ એવું જોવા લાગ્યો છું જે સર્વત્ર સમાન છે. એ બધામાં પ્રવર્તિત પ્રાણમયતા વિશે હું વિચારી રહું છું. સૂર્ય સાથેનો મારો સંબંધ અહીં ગાઢ બનતો જાય છે. અહીં સૂર્ય છે, ચંદ્ર છે, માણસો છે. શું નથી ? જે અખિલ સૌંદર્યની હું કામના કરું છું તેને સિદ્ધ કરવા પહેલાં તો હું નિજત્વનો સમગ્રમાં વિસ્તાર અનુભવવા મથી રહ્યો છું. તમારી શુભેચ્છાઓ મને ફળી. તારી સાથે બીજા કોઈને યાદ કરું તો તેમાં તને વાંધો નહીં હોય.

તું દિવાળીના વૅકેશનમાંથી થોડો સમય મારી સાથે ગાળવા માટે અનામત રાખજે. જોધપુરથી જોસલમેરની મુસાફરી તને ઘણી ગમશે. ૧૪૦ માઈલ જેટલો આ માર્ગ

કાપતાં આજુબાજુની સૃષ્ટિ જોવામાં તને રસ પડશે. જોધપુરથી પોકરણ સુધી આગગાડી ચાલે છે તેથી માણસો હશે એટલું તો તું સમજી શકશે. રેગિસ્તાનમાં પણ માણસની જીવૈષણા મંદ પડી ગઈ નથી, કદાચ વધુ તીવ્ર છે. શાં શરીર છે અહીંના લોકોનાં! હિન્દુ કે મુસલમાન (ઓળખાય નહીં) સહુનાં શરીર કદાવર, સુંદર પણ લાગે.

બસ-મુસાફરીનો એક પ્રસંગ છે. સવારના અગિયારનો સમય. બસનું એન્જિન ગરબડ કરવા લાગ્યું. ડ્રાઈવર અને કંડકટર મથી રહ્યા. કંઈ વળ્યું નહીં. તાપ વધતો ગયો. પાણી ન હતું. પવન હતો. પવનમાં ઊડતી રેત પણ ગરમ હતી. એક તરફ બેઠેલા પેસેન્જરોના ટોળામાંથી ત્રણ જણ ઊઠયા. ન દેખાય એટલા દૂર ચાલ્યા ગયા. પાછા આવ્યા. એક હરણ મારી લાવ્યા હતા. થોડાંક ઝાંખરાં ભેગાં કરીને સળગાવ્યાં. હરણને શેકવા લાગ્યા. હું ત્યાંથી ઊભો થઈને ઉત્તર દિશામાં આવેલી એક પિલુડી ભણી ગયો. એની ઘટા જમીન સુધી ઘેરાયેલી હતી. હું થડને અઢેલીને બેસી ગયો. નજીકની પિલુડીની છાયામાં બે ગાયો બેઠી હતી. કયાંક કયાંક સૂકું ઘાસ જોવા મળે છે. અહીંનાં પ્રાણીઓ માટે એના અવાજ સિવાય બીજું કોઈ સંગીત નથી.

સામેથી એક બસ આવી. એમાંથી સામગ્રી મળી અને અમારી બસ ચાલુ થઈ. રસ્તાની દક્ષિણે હરણનાં ભીનાં હાડકાં પડ્યાં હતાં, માણસો બરોબર ચૂસી શક્યા ન હતા. અહીં ગીધ ન હતાં, તેથી માણસોએ છોડેલાં પેલાં હાડકાં એમ જ પડી રહ્યાં. બસ ઠીક ઠીક દૂર પહોંચી, પરંતુ હરણનાં બે રૂપ મારા મનમાંથી ખસતાં ન હતાં. એક તો ત્યાં હાડકાં બનીને પડ્યું હતું. બીજું હજુ દોડતું હતું. એના ભગ્ન અવશેષો એક થઈને પાછળથી દોડી આવતા હતા અને બસની સાથે એની ગતિ પણ અનુભવાતી હતી. બસ મોડી હતી તેથી એની ગતિ વધારે હતી. હરણની ગતિમાં આર્તનાદના ધક્કા હતા. હું આંખ બંધ કરું તો હરણનો ચહેરો મને દેખાતો હતો. એની આંખો સાવ માનવીય હતી. એ આંખો એવી ભયાતુર હતી કે જોનાર પણ બેચેન થઈ જાય. હું એ હરણને ભૂલવા મથતો. ભૂલું ન ભૂલું ત્યાં તો ઘણા

પાછળ પડી ગયેલા અસ્થિખંડોમાંથી એ ઊભું થઈને અમારી બસને પહોંચી વળતું, અને આગળ થઈ જતું. બસમાંથી ઊતર્યા પછી જ એને ભૂલી શકાયું,

મુંબઈના સમાચાર લખજે. અમૃતાને મારા વતી યાદ કરતો નહીં, હું જ એને પત્ર લખીશ. હવે બે માસ જેટલો સમય પાલનપુર રોકાવાનો છું. સરનામું સાથે મોકલું છું. હું યાદ આવું તો લખજે.

અનિકેત

એક જીપ ખરીદી હોય તો? દિવાળી સુધીમાં આવી જશે? મોડું થાય તો પણ શું? ત્રણ વરસ અહીં ફરવાનું છે, ઉપયોગી થશે. પિતાજીને લખું. મોકલી આપે અથવા જે કંઈ વ્યવસ્થા કરવાની હોય તે કરે.

હાઈસ્કૂલના આચાર્યશ્રીએ સારું થયું કે વર્ગો લેવા હા પાડી. મારાથી પહોંચી ન વળાય, નહીં તો પહેલી શ્રેણીથી છેક સુધી એક જ અધ્યાપક પોતાનો વિષય ભણાવે તો સમય સાથે રહી શકાય. વિજ્ઞાનોમાં તો જે ખોટું પડી ચૂક્યું હોય તે ભણાવાતું હોય છે. હવે એકલું નથી લાગતું. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ વધુ લાગી. કદાચ એમનામાં અહોભાવ અને મુગ્ધતા પણ હોય.

અમૃતાને પત્ર લખું? ભૌગોલિક માહિતીમાં એને રસ પડશે? પ્રયત્ન કરી જોઉં.

ઉદયનનો તાર છે. આવે છે. અમૃતા તો સાથે નહીં હોય ને? એ ન હોય તો સારું. ઉદયનને લેવા માટે સ્ટેશન પર જઈશ. સમય એણે લખ્યો નથી, ભલે! એકબે ધક્કા ખાવા પડશે. એ રાહ જોતો નથી પણ બીજાને રાહ જોવડાવે છે. અમૃતા સાથે નહીં જ હોય, નહીં તો સમયની ચોકસાઈ જરૂર જળવાય. વળી અમૃતા સાથે હોય તો ઉદયન તાર કરે જ નહીં, ભૂલી જાય. સ્ટેશન પર વહેલો પહોંચી ગયો હશે અને આકસ્મિક રીતે સૂઝી આવ્યું હશે. એટલે તાર કરી બેઠો હશે. તે દિવસ મને વળાવવા છેવટે પણ સ્ટેશન પર આવી પહોંચ્યો હતો. મને વળાવવા કે અમૃતાને લેવા? આવે છે તો જોઉં કેવો છે એનો વર્તમાનકાળ? એના ચહેરા પરથી તો નજીકનો ભૂતકાળ પણ વાંચી શકાશે.

# બે

અનિકેતને ઉદયન દેખાયો. એણે એ પણ જોયું કે અમૃતા નથી. એ સામે ગયો. આરામના અભાવે વરતાતો હોય છે તેવો થાક એના ચહેરા પર હતો. પછી એ થાકની છાયામાં હાસ્ય ભળ્યું, તે જોઈને અનિકેતને લાગ્યું કે ઉદયન હસવા મથીને અંતર્નિહિત વિરતિમાંથી મુકત થવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ગાડીની પંદર-સોળ કલાકની મુસાફરીને લીધે ઉદયન આવો દેખાય તે માની શકાય છે પણ અનિકેત પણ ઉદયનને એવો જ દેખાયો. સ્વાગત કરી રહેલા સ્મિતમાં આવેગશૂન્ય શાંતિ હતી.

'શું સાથે કંઈ નથી લાવ્યો ?'

'એકલો જ છું.'

અનિકેત ફક્ત સાંભળી રહ્યો. ઉદયન આગળ બોલ્યો કારણ કે એને લાગ્યું કે અનિકેત હજી સાંભળવા માગે છે.

'સાથે એક નાની સૂટકેસ હતી. સુરતથી વડોદરા વચ્ચે, મેં મેળવેલી જગ્યા છોડી. ત્રણ રૂપિયા મહેનતાણું આપીને સૂવાની જગા મેળવી હતી. નીચે ભાતભાતના માણસો બેઠા હતા. મેં એકબે વાર નીચે નજર કરી. એક કિશોરી અને એના પ્રૌઢ પિતા અને બીજાં નાનાંમોટાં માણસો મને દેખાયાં. હું જોઈ રહ્યો. પછી મને વિચાર આવ્યો કે એ છોકરીને મારે જગ્યા આપી દેવી જોઈએ. હું બેઠો બેઠો ઊંઘી શકીશ. અને મારા તરફ જોઈ રહેવાની કોઈને જરૂર નહીં લાગે. મેં જગા આપી અને એને તો જાણે વરદાન મળ્યું. આજુબાજુ બેઠેલા આંખો બીડીને ઊંઘવા લાગ્યા, જાણે કે એ લોકો ઘણા સમયથી ઊંઘે છે એવું પ્રગટ કરવા એ મથતા હતા. હું થોડું થોડું ઊંઘવા લાગ્યો. તું એને અર્ધનિદ્રા પણ કહી શકે.'

'ટિકિટ ?'

અનિકેત સાંભળતો સાંભળતો ટિકિટ એકઠી કરનારા અમલદાર પાસે આવીને ઊભો રહ્યો. ઉદયનને થયું કે ટિકિટ આપવાની શી જરૂર છે ? એ હસી ને બોલ્યોઃ

'તમારા હાથમાં કેટલી બધી એકઠી થઈ છે ? હવે જગા પણ નથી. એક ન લો તો નહીં ચાલે ? ક્યાં પડી હશે ? પણ તમે હાથ લંબાવી રહ્યા છો તો શોધી આપું.'

પેન્ટ અને બુશશર્ટનાં બધાં ગજવાંમાંથી પાકીટ અને કાગળિયાં કાઢ્યાં. બધાં કાગળિયાં લોચા જેવાં હતાં. પાકીટની ઉપલી ધારમાંથી ખૂણા વળી ગયેલી દસ દસની નોટો ડોકાઈ રહી હતી. બધી સામગ્રી ઝડપભેર ફેંદી લઈને અડધી વળી ગયેલી ટિકિટ એણે શોધી કાઢી. એને સીધી કરીને આપતાં આપતાં એ બોલ્યો —

'જુઓ,આપણો સહુનો કેટલો સમય બગડયો ?'

'તમારે ટિકિટ હાથમાં રાખવી ન જોઈએ ?'

'અરે ભાઈ, મિત્રને મળ્યો છું ત્યારે પણ આ રીતે જવાબદારીનું ભાન કેમ કરાવો છો ? હું ટિકિટ ન લઉં એવો માણસ છું ? ચહેરો જોઈને તમને માણસનો ખ્યાલ નથી આવતો ?'

'ચહેરા પરથી તો તમે મોટી લાઈનના એન્જિનના ડ્રાઈવર જેવા લાગો છો.'

'કેમ તમારી બાજુ ડ્રાઈવર રૂપાળા હોય છે ?'

'બસ. તમારા જેવા.'

'સારું કર્યું કે તમે મને ટિકિટ એકઠી કરનારાઓ સાથે ન સરખાવ્યો.'

ત્રણે જણ હસી પડ્યા. અનિકેત સ્ટેશન પર ફરવા આવતો. અહીંના માણસો સાથે આછી આછી ઓળખ થઈ ચૂકી હતી. તેથી અનિકેત પણ સહજ ભાવે હસી શક્યો. ઉદયન માટે સહજ અસહજનો ભેદ કરવાની જરૂર નથી. એણે ખડખડાટ હસતાં હસતાં પાલનપુરમાં પ્રવેશ કર્યો. એણે ચાલવાનું પસંદ કર્યું હતું.

'અલ્યા પેલું શું છે ?' સ્ટેશનરોડની અનેક દુકાનો આગળ લટકાવેલ બિજોરું જોઈને એણે પૂછ્યું.

‘એ લીંબુની એક જાત છે. દવા તરીકે વપરાય છે. જો પેલું પોણો ફૂટ જેટલું લાંબુ છે ને, એમાં લોખંડની ખીલી ખોસેલી હોય છે. નીચેના છેડેથી ખીલી ઓગળી રહી હશે.’

‘શું કહે છે ? લોખંડને ઓગાળી દે છે ? તો તો તારે માનવું જ પડશે કે એમાં રસ નહીં હોય, તેજાબ હશે.’

‘તારા વ્યક્તિત્વ સાથે મળતું આવે ખરું.’

‘તેજાબની સાથે મને સરખાવે છે યાર ! હું તારા માટે કયારે જલદ નીવડ્યો ?’

ઉદયનને અનિકેતનો ઉદ્‌ગાર ગમ્યો ન હતો અને અનિકેતને ઉદયનનો વળતો ઉદ્‌ગાર ન ગમ્યો.પણ કોઈએ અણગમો વ્યકત કર્યો નહીં. બંને જણ શાન્ત ચાલતા રહ્યા. ઝબકી ઊઠ્યો હોય તેમ ઉદયન એકાએક બોલી ઊઠ્યો —

‘અરે યાર ! સૂટકેસમાં મારી એક વાર્તા હતી. ઉફ્, એ પણ ગઈ.’

‘તારી પાસે એની નકલ તો નહીં હોય.’

‘હા, નથી. તું જાણે છે કે એક વાર લખેલાને હું ફરીથી અડકતો નથી.’

‘ફરીથી લખી શકશે કે નહીં ?’

‘નિરાશ એટલો બધો થઈ ગયો છું કે એને ખોવાના આઘાત માત્રથી હવે નહીં લખી શકું. પણ હા, અમૃતાને એ વાર્તા સંભળાવેલી. એને ગમી ન હતી તેથી અમે ચર્ચા કરેલી તેથી એને તો ઠીક ઠીક યાદ હશે.’

‘હવે ફરીથી લખીશ તો કદાચ અમૃતાને ગમશે.’

‘પણ એણે સૂચવેલો સુધારો હું સ્વીકારી શકું તેમ નથી. એણે અંત બદલવાની વાત કરી હતી અને હું અંત જડે તે પછી જ વાર્તા લખતો હોઉં છું.’

‘કેટલુંક ન સ્વીકારીએ તોપણ સમય જતાં આપણું દષ્ટિબિંદુ બદલાઈ જતું હોય છે. તું એ વાર્તા હવે લખી જો.’

'તો તો હું એ વાર્તા નહીં જ લખું. સારું થયું ખોવાઈ ગઈ. તેથી એના નિમિત્તે મારે પોતાનું દૃષ્ટિબિંદુ બદલવું નહીં પડે. મને આશા હતી કે તને એ વાર્તા ગમશે, તેથી સાથે લાવી રહ્યો હતો. તને ગમત તે પછી હું અમૃતાને કહેત કે અનિકેતને એ ગમી છે. તે પછી પોતાના અભિપ્રાય પર ફરીથી વિચારવા એ તૈયાર થાત. અને એને ગમત.'

'તું અમૃતાને શું સમજે છે ?'

'નિરપવાદ સ્ત્રી !'

'એટલે ?'

'સંપૂર્ણ સ્ત્રી !'

'એટલે !'

'તું નથી સમજતો તે.'

'હવે સમજ્યો.'

'શું ?'

'And what you do not know is the only thing you know' અનિકેતના મકાનમાં પ્રવેશ કરતાં ઉદયને જવાબ આપ્યો —

'And where you are is where you are not.'

ઉદયનને મકાન ગમ્યું. બે ઓરડા અને એક રસોડું હતું. ત્રણે સીધી લાઈનમાં હતાં. આગળના ઓરડાને અને રસોડાને બારીઓ હતી, પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં. ઉપર પતરાં હતાં પણ વચ્ચે સિલિંગ હતું. હીંચકો પણ હતો. ઉદયને વિચાર્યું કે હીંચકો ન હોત તોપણ અનિકેત વસાવત. એ હીંચકા પર સૂઈ ગયો. ત્રાંસો ધક્કો વાગતાં હીંચકો ખળભળી ઊઠયો હતો.

'શું ચાલે છે મુંબઈમાં ?'

‘આખા મુંબઈને શા માટે યાદ કરાવે છે. સીધું જ પૂછ ને?’

‘મેં પૂછ્યું તે જ મને અભિપ્રેત હતું. છતાં તારું તાત્પર્ય સમજીને એને અનુરૂપ પૂછું છું — કહે, અમૃતા શું કરે છે ?’

‘તને યાદ કરે છે.’

‘એ શું કરે છે એમ પૂછી રહ્યો છું.’

‘તને યાદ કરે છે.’

‘પ્રવૃત્તિ અંગે પૂછું છું.’

‘તો શું યાદ કરવું એ પ્રવૃત્તિ નથી ?’

‘સીધો ઉત્તર આપ ને ભાઈ !’

‘કેમ કહ્યું તો ખરું કે તને યાદ કરે છે.’

‘યાદ કરે છે. યાદ કરે છે... ભલે યાદ કરે. અને કેમ યાદ ન કરે ? તું ભલે મને સંતાપવા કહેતો હોય કે એ યાદ કરે છે. પરંતુ હું સાચું માનું છું કે એ મને યાદ કરે છે. આ કબૂલાત પછી હવે પૂછું છું કે આજકાલ એ શી પ્રવૃત્તિ કરે છે ?’

‘પ્રવૃત્તિ તો શોધે છે. કૉલેજમાં અધ્યાપિકા બનવા ઇચ્છતી હતી પણ ક્યાંય જગ્યા ન મળી. અને જગ્યા હોય તોપણ એવી સુંદર સ્ત્રીને કોણ અધ્યાપિકા બનાવે ? છાત્રો સાંભળવાનું ભૂલીને જોઈ જ રહે. હવે એને નોકરી મળી છે. એણે ઘર છોડી દીધું છે.’

‘કેમ ?’

‘તારી જેમ આદર્શવાદી બનવા ઇચ્છે છે.’

‘તારી ટેવ કોઈક વાર તો સાચે જ ખટકે છે. ચિંતા કરવા જેવી બાબતે પણ તું વક્ર વચન ઉચ્ચારે છે !’

'આ બાબત તને ચિંતા કરવા જેવી લાગે તે હું સમજી શકું છું. એના વિશે પછી વિગતવાર વાત કરીશું. એક કલાક ઊંઘી જવા દે. કંઈક ખાવાનું મંગાવી રાખ. પછી ચિંતા કરવા જેવું મારી પાસે ઘણું બધું છે, એમાંથી થોડુંક કહીશ.'

'તો, પેલા પલંગમાં સૂઈ જા.'

'એક કલાક ઊંઘવા માટે હીંચકો વધુ યોગ્ય છે. પછી સાવ ઊંઘી જાઉં તો ખાવાનું રહી જાય.'

અને જોતજોતામાં એ ઊંઘી ગયો. ચારેક વાગ્યે એ જાગ્યો. કેટલો સમય પોતે ઊંઘ્યો તેની ગણતરી એણે કરી નહીં. એણે જોયું કે અનિકેત રસોડામાં છે. બંધ થતા સ્ટવનો અવાજ સાંભળીને એ રસોડામાં ગયો.

'તેં શા માટે તકલીફ લીધી ?'

'તકલીફ ક્યાં છે ? આ તો કામ થયું.'

'તું જાતે રસોઈ બનાવે છે ?'

'ના ના, બપોરે અહીં નજીકમાં રહેતાં એક ડોશીમાને ત્યાં જમું છું. વૃદ્ધા બહુ મમતાળુ છે. પાસે બેસીને જમાડે છે. સવાર-સાંજ જરૂર અને ઈચ્છા પ્રમાણે નાસ્તો બનાવી લઉં છું.'

'આ બધામાં સમયનો વ્યય થતો હોય એવું તને લાગતું નથી ?'

'હજી સુધી તો નથી લાગ્યું.'

'તારી રુચિનું રહસ્ય મને સમજાતું નથી.'

'આવી નાની નાની બાબતોમાં રહસ્ય શોધવાનું હોય નહીં.'

ઉદયન અનિકેતની સામે પડેલા નાના ટેબલ પર બેસીને ખાવા લાગ્યો. એને ચિંતા થઈ કે અનિકેત હાથ-મોં ધોવાનું કહેશે તો પાછા ઊભા થવું પડશે. પણ અનિકેત

તો પ્રસન્ન મુખે સામે બેસી જ રહ્યો. ઉદયનને આ સુખદ વિરોધાભાસથી એક ઘટના યાદ આવી —

એક દિવસ સવારમાં એ ઊઠ્યો એવો સિક્કાનગર પહોંચી ગયો. બાલ વચ્ચે વિરોધલય પ્રવર્તી રહ્યો હતો. અનિકેતે કાંસકો અને દર્પણ લાવી આપ્યાં. એણે હાથમાં લીધાં અને ચૂપચાપ બાલ ઠીક કરી લીધા.

એક તરફ બધું બદલવાની વાતો કરવી અને બીજી બાજુ પોતાના વ્યકિતગત આચરણમાં સાવ અતંત્ર રહેવું એ બાબત સામે અનિકેત અનેક વાર સંકેત કરી ચૂક્યો હતો. પોતે જે કંઈ છે અને જે રૂપે છે તે બરોબર છે. એવી માન્યતા ઉદયનમાં ઘર કરી ગઈ છે તેથી એ કોઈનું સાંભળતો નથી એવું અમૃતા અને કોઈવાર અનિકેતને લાગતું. એ બંન્નેની માન્યતાઓથી ઉદયન વાકેફ છે.

પોતાની ટ્રંકમાંથી એક જોડ કપડાં કાઢીને સ્નાન કરવા માટેની ચોકડી ઉપરની ખીંટી પર લટકાવ્યાં. પાણી અને સાબુ પણ મૂક્યાં. ઉદયન નાસ્તો પૂરો કરીને બેસી રહ્યો હતો. ઊભો થયો અને સ્નાન કરવા લાગ્યો. બોલ્યો —
'તને ખબર છે કે હું બેકાર છું ?'

'હેં ? કયારથી ?'

'સત્રની શરૂઆતથી જ.'

'મને તમારો કોઈનો પત્ર મળ્યો નથી. અમૃતાને પણ મેં એક પત્ર લખેલો. એણે પણ મૌન પાળ્યું.'

'એને કયા સરનામે પત્ર લખેલો ?'

'એના ઘરના.'

'જોકે પત્ર તો એને પહોંચ્યો હશે જ. વચ્ચે એ બે-ત્રણ દિવસ ખુશ દેખાઈ હતી. બીજું કંઈ કારણ ન હોઈ શકે.'

'એણે ઘર કેમ છોડ્યું ?'

'ઘરવાળાંએ એને ઠપકો આપ્યો હતો. આમ બે પુરુષો સાથે હરવું ફરવું —'

'ઓહ !'

'એમાં "ઓહ" કરવા જેવું શું છે ? અમૃતા હવે વધુ સુખી છે. કારણ કે સ્વતંત્ર છે.'

'સ્વતંત્ર એટલે એકલી, ખરુ ને ?'

'એટલી તો જ્યાં એ હતી ત્યાં પણ હતી અને હવે હશે ત્યાં પણ હશે — Man is alone in the Universe!'

'That is not the final reality, my friend! માણસ વિશ્વમાં એકલો છે તે તો અમુક અનુભવોમાંથી જાગતો એક સંભ્રમ છે. એ આખરી વાસ્તવિકતા નથી. માણસ એકલો નથી, એ સમગ્ર સાથે સંકળાયેલો છે.અનેક પરનું એનું અવલંબન અપરિહાર્ય છે. અમૃતા પોતે સમજાવે તે પહેલાં તું એને આવુંતેવું મનાવી બેસીને તો એનું અહિત કરી રહ્યો છે.'

'મારે શું શું કરવું તે બધું તું મુંબઈ છોડતાં પહેલાં નક્કી કરતો નથી આવ્યો એ એક મોટી ભૂલ થઈ ગઈ છે.'

'મારી ભૂલો વિશે હું સભાન છું... હું ત્યાં હોત તો એ ઘર ન છોડત... ઘરવાળાંને શંકા ગઈ હોય તો એ શંકાને મૂળથી દૂર કરવામાં પણ આપણા વ્યક્તિત્ત્વનો વિકાસ છે. બધું છોડીને ચાલ્યા જવાથી અભિમાન પોષાય છે... અભિમાનનો ભાર વધતાં અવિચારી સાહસ કરતાં આપણે ખમચાતાં નથી. પછી ગૌરવ ઊભું કરવા દંભનો આશ્રય લઈએ છીએ. એ સ્થિતિમાં આવી પડતાં દુ:ખોને સહન કરી લેવાનો શોખ કેળવીએ છીએ અને ખબર નથી પડતી એ રીતે નાસ્તિક બની જઈએ છીએ.'

'પરિસ્થિતિઓનો સામનો કરતાં કરતાં હું શું થઈ જઈશ તેની મેં કદી પરવા કરી નથી. તારી જેમ ગણતરી કરીને ચાલવામાં મને રસ નથી. એમાં જિંદગી નથી. કારણ કે કોઈ પણ પ્રકારની ગણતરી કરવાની વૃત્તિના મૂળમાં ભય રહેલો છે. અને ભયાતુર માણસ પલાયનવાદી બની જાય છે, તારી જેમ. અહીં પાલનપુર રહીને રણની પ્રકૃતિ અને ત્યાંના લોકજીવનનું તું અધ્યયન કરી રહ્યો છે ? આ રણપ્રદેશ

છે? પાલનપુરમાં રહી શકાય છે તો મુંબઈમાં રહીને પણ તું તારું કામ કરી શકત. પરંતુ હું સમજી ગયો છું કે અમૃતા વિશે તારી અને મારી વચ્ચે જે સ્થિતિ પેદા થઈ રહી હતી તેનો પૂર્ણ સાક્ષાત્કાર કરીને, એને સચ્ચાઈથી અનુભવીને ઉકેલ લાવવા કરતાં તું બાજુ પર ખસી ગયો. આમાં કંઈ તારું ઔદાર્ય નથી કે નથી ત્યાગ, પલાયન છે મિત્ર, પલાયન ! અમૃતા વિના આ એક જીવન તો શું, ઉદયન તો સહરા પર વીત્યા છે એટલા યુગ જીવી શકે તેમ છે.'

અનિકેતના હોઠોએ ઉત્તરને દબાવી રાખ્યો. પોતે જે કર્યું તે જ ઉકેલ છે એવું એ માને છે. એણે જવાબ ન આપ્યો. ઉદયન આગળ બોલ્યો —

'હું જાણું છું કે અમૃતાને મારી અમુક ભાષા, મારુ અમુક વર્તન વગેરે વગેરે નથી ગમતું. એને ગમું તેવો થવામાં મને વાર લાગે તેમ નથી પરંતુ હું છું તેમ જ રહીશ. એને ગમવા માટે હું મારામાં પરિવર્તન લાવું એ તો બજારુ સમજૂતી થઈ. એ શક્ય નથી.'

'સારું. સ્નાન કરી લે. સ્નાન દરમિયાન પણ તું ઠંડો નથી રહી શકતો ?'

'તેં વાત તોડી. આ પણ તારું પલાયન છે.'

બંને જણ હસી પડ્યા. અનિકેત રસોડાની દીવાલની એટલે કે પછીતની બારી બહાર જોઈ રહ્યો. બાલમંદિરમાંથી છૂટેલાં બાળકો હસતાં-કૂદતાં ઘેર જઈ રહ્યાં હતાં. એને થયું કે અત્યારે એ નીચે રસ્તા પર હોત અને એમની સાથે ચાલતો હોત તો કોઈકને ઊંચકીને ચૂમી લેત.

'જો અનિકેત ! સુધારા, આદર્શ, ઉપદેશ એ બધાના આશ્રયે આપણે આજ સુધી જીવતા આવ્યા. હવે પોતાના અસ્તિત્વને પ્રમાણવાનું છે. એમાં બહારથી આરોપિત કશુંય ઉપયોગી થવાનું નથી. શિક્ષકો, મુરબ્બીઓ, વારસો કે સંસ્કૃતિ—કશુંય આપણી રક્ષા કરી શકવાનું નથી. જો આપણે પોતાને નહીં સમજીએ તો આપણે પણ જડવત્ છીએ. પોતાની સમસ્યાને જીવીને સંઘર્ષ કરવાના સામર્થ્યથી જ એનો ઉકેલ નહીં લાવીએ તો નિયતિની મહેરબાની પર ટકી શકવાના નથી. આશ્રય

છોડ્યા પછી કોઈ અમૃતાને બે દિવસ સૂનું સૂનું લાગે અને એની વેદનાની કલ્પનાથી બીજા કોઈ સંવેદનશીલને કવિતા રચવાની લાગણી થઈ આવે તો એટલામાત્રથી જે પગલું ભર્યું હોય તેના પર ફરીથી વિચાર થઈ ન શકે. અમૃતાને મેં કહ્યું હતું કે વિચાર કર, તું લાગણીવશ થઈ જશે તો વિચાર કરતાં ડરશે. એણે વિચારીને નિર્ણય લીધો. હવે તો પુરાતત્ત્વ-મંદિરમાં એને સારી એવી નોકરી પણ મળી ગઈ છે. અને રહે છે તારા ફ્લૅટમાં જ. એ તો મકાન શોધતી હતી. મેં થોડા દિવસ શોધવા દીધું. પછી તારા મકાનની ચાવી ધરી. એનો હાથ ઊપડતો ન હતો. મેં કહ્યું કે કોઈ વાર અનિકેત આવશે. એણે બાજુ પર જોયું. એની આંખોમાં આંસુ હતાં... પછી મેં કહ્યું કે એ હવે અહીં કદાપિ નહીં આવે. મારા શબ્દો સાંભળતાં જ એની આંખોમાં રોષની લાલિમા ચમકી ઊઠી. તે દિવસ પહેલી જુલાઈનો હતો. ઘેરથી કંઈ પણ લાવવા એ તૈયાર ન હતી. એના નામે જે રકમ હતી તે તો બૅન્કમાં હતી તેથી મૂકીને આવવાનો કે સાથે લાવવાનો પ્રશ્ન ઊભો ન થયો. કપડાં, પુસ્તકો અને બીજી થોડીક સામગ્રી એ સાથે લાવી. કાર લઈને ડ્રાઈવરને પાછો મોકલી દીધો. બીજે દિવસે નીચે ઊતરી તો જોયું કે કાર પડી છે. આજેય કાર એમની એમ પડી છે. હું માનું છું કે એણે એકેય વાર ઉપયોગ કર્યો નહીં હોય. એક દિવસ સવારે હું ગયો ત્યારે ટેબલ પર માથું મૂકીને રડતી હતી. લખેલો કાગળ આંસુથી ભીંજાઈ રહ્યો હતો. કોને કાગળ લખ્યો છે તે ટેવ પ્રમાણે મેં જોયું નહીં. દૂર જ ઊભો રહ્યો. થોડીક વાર ઊભો જ રહ્યો. પછી ચાલ્યો ગયો. મારી હાજરી એનાં આંસુ પણ ન રોકી શકે તો પછી હું ત્યાં કેવી રીતે ઊભો રહી શકું? હું નીચે ઊતરીને રોડ પાસેના પેલા ટચુકડા ટાવર સુધી પહોંચું ત્યાં તો બારીમાંથી હાથ લાંબો કરીને અને ઊંચા અવાજે કામવાળી બાઈ મને પાછો બોલાવતી હતી. એ બાઈને જોઈને મને આનંદ થયો. એના જૂહુ પરના બંગલે કામ કરતી હતી તે બાઈ હતી. તેથી મને લાગ્યું કે અમૃતાને ફાવતું હશે.

આ વખતે હું પહોંચ્યો ત્યારે એ હીંચકા પર બેઠી હતી. એણે મને હસતે મોંએ બોલાવ્યો. હું પણ હીંચકા પર બેઠો. બાઈ સમાચાર લાવી હતી કે અમૃતાએ ઘર

છોડ્યું તે પછી ત્યાં બધાં ઉદાસ રહે છે. બાળકો રમવાનું ભૂલી ગયાં છે. મોટાં ભાભી તો એટલાં ગંભીર છે કે કોઈની સાથે બોલતાં પણ નથી. બધાંના કહેવાથી એમણે અમૃતાના કાને વાત પહોંચાડવાનું માથે લીધું હતું. પણ પછી એમને લાગ્યું કે પોતે એ કામ શા માટે માથે લીધું? પોતાને અવિશ્વાસ ન હતો છતાં? વળી, મામાનો પત્ર હતો. એ સમાચાર જાણ્યા ત્યારે એ જમતા હતા. એમણે ડાઈનિંગ ટેબલ પર મુક્કો માર્યો. ટેબલ પરનો કાચ ફૂટી ગયો. એમણે પત્ર લખીને બધાંની ધૂળ કાઢી નાખી. પછી મામા અમૃતાને સમજાવી, છેવટે પોતાને ઘેર લઈ જવા આગ્રહ કર્યો. અમૃતા ન માની. પછી એમણે અમૃતાને પૂછ્યું. એણે પોતાના વિચારો કહ્યા મામાના ગળે એની વાત ઊતરી ગઈ. એટલું જ નહીં, એમણે તો એમ પણ કહ્યું કે દરેક માણસની સમજ આ કક્ષાએ વધે તો સમાજ 'આદર્શ' બની જાય. એ આશીર્વાદ આપીને હસતે મોંએ વિદાય થયા. અમૃતા પ્રસન્નતાપૂર્વક એમને વળાવી આવી અને આવ્યા પછી રડી પડી. મેં એને પૂછયું કે આજ સુધીમાં કેટલી વાર રડી છે તો એણે કહ્યું - સાત વાર! બહુ ન કહેવાય, ખરું ને અનિકેત ?'

'તારામાં પરપીડક વૃત્તિ છે. અમૃતા રડે એ તને હાસ્યાસ્પદ લાગે છે ?'

'હા, ભલે કોઈ પણ રડે, રડવું એ હાસ્યાસ્પદ ઘટના છે. હું નિર્બળતાને તિરસ્કારું છું. કોઈનાં આંસુ લૂછવા મેં હજી સુધી હાથ લંબાવ્યો નથી.'

'તને એકાદ વાર રડવાનું સાંપડે તો તું જાણે કે એ અનુભવ કેવો તીવ્ર હોય છે, કેવો અનન્ય હોય છે. હું ઈચ્છું છું કે તારી આંખોમાં અશ્રુની સ્રોતસ્વિની કદીક તો પ્રભવે.'

'તારી શુભેચ્છા તને જ મુબારક. મારા શરીરમાં એને સ્થાન નથી. અને નથી ને કદાચ હું રડીશ તો તું જોશે કે મારી આંખોમાંથી લોહી ટપકતું હશે.'

'મોટાં રણોમાં Fierce Looking, ગરોળીની જાતનું પણ શિંગડાંવાળું એક સંતોષી પ્રાણી હોય છે. એ ત્રણ ઈંચ લાંબું હોય છે. ડરી જાય છે ત્યારે એની આંખમાંથી લોહી ટપકે છે.'

‘તારી પાસે એનું ચિત્ર છે ?’

‘હા, એક પુસ્તકમાં એનું રંગીન ચિત્ર છે. તને આપું.’

અનિકેતે પુસ્તક ખોલીને એ ચિત્ર બતાવ્યું. ઉદયન જોઈ રહ્યો. માથા પર નાનાં શિંગડાં, નાજુક છતાં બરછટ. આંખ એવી દયામણી લાગે કે જાણે હાલ જ રડી પડશે અને એની આંખમાંથી લોહી ટપકવા લાગશે. ઉદયને પાન ફેરવીને એને સમભાવપૂર્વક સંતાડી દીધું. બીજાં પ્રાણીઓના ફોટા જોવા લાગ્યો. અનિકેત સમજી ગયો કે હવે આખું પુસ્તક ફેંદી લીધા વિના એ છોડશે નહીં. અને વાંચવાનું શરૂ કરશે તો પૂરું કર્યા વિના મૂકશે નહીં. એણે બીજુ પુસ્તક લીધું અને વાંચવા બેઠો. પેલું પુસ્તક એક તરફ મૂકીને ઉદયને અનિકેતના હાથમાં હતું તે ખેંચી લીધું.

‘મારે ત્રીજી તારીખે દિલ્લી પહોંચવાનું છે. ઈન્ટરવ્યૂ છે. અગ્નિએશિયા અને જાપાનના ખબરપત્રી તરીકે લેવાઈ જાઉં તેવી આશા છે. સ્કેલ બહુ સારા છે.’

‘અત્યાર સુધી શું કર્યું ?’

‘અનુવાદ કર્યા કરતો હતો. ભિલોડા જઈને જમીન-જાયદાદનો નિકાલ કરી આવ્યો. ઘર રાખીને બધું કાઢી નાંખ્યું. સ્મશાન નજીક હોવાથી એ ઘર મને પ્રિય છે. ભિલોડામાં છાત્રાલય માટે એક મકાન આપી દીધું. મુંબઈ પહોંચીને પહેલવહેલું બૅન્કમાં બૅલેન્સ ઊભું કર્યું. નોકરી નહીં મળે એવું હું માનતો નથી.’

‘પાછો કયારે આવીશ ?’

‘સાતમી કે આઠમી તારીખે ત્યાંથી નીકળવા ધારું છું. વળતાં પણ અહીં ઊતરું એમ તું ઇચ્છે છે ?’

‘તને યાદ આવે અને અહીં ઊતરે તો સારું. નજીકમાં બાલારામ જવા અને જોવા જેવું સ્થળ છે. અહીં આવ્યા પછી બે વાર હું જઈ આવ્યો.’

‘તો તો અમૃતાને પણ લખી દે ને ! એ આઠમી તારીખ સુધીમાં અહીં આવી જાય. આપણે બધાં બાલારામ જઈએ. એને ત્યાં પણ કશુંક પુરાતત્ત્વ શોધી આપીશું. તું

પત્ર લખી દેજે… તારા ઘરને સરનામે ! અથવા રહેવા દે. તું ધર્મસંકટમાં મુકાશે. હું જ લખી દઉં છું. મારે જ એને લખવું જોઈએ. મેં આગ્રહ કર્યો હોત તો એ સાથે જ આવત. પણ મેં આગ્રહ ન કર્યો. એને કદાચ એમ લાગે કે સાથે લઈ જવાનો આને મોહ છે. પણ હવે હું લખી શકીશ. એ કદાચ માની બેઠી હોય કે એ તને મળે એમ હું ઇચ્છતો નથી તેથી આવવા આગ્રહ ન કર્યો. હું એને સાથે લાવ્યો હોત તો સારું હતું. મારી વાર્તા ન ખોવાત, એટલે કે સૂટકેસ ન ખોવાત. પ્રથમ વર્ગમાં મુસાફરી કરવાનું બનત. સહયાત્રીઓ મારી સાથે આદરથી વાત કરત. મને લાગે છે કે લાંબી મુસાફરી પ્રથમ વર્ગમાં કરવી વાજબી છે. અરે, આ પાછું મને ક્યાંથી યાદ આવ્યું ? સૂટકેસમાં કૅમેરા પણ હતો. બે નબળી કૃતિઓના અનુવાદ કરવાનું સ્વીકારીને મેં એ કૅમેરા ખરીદ્યો હતો. કૅમેરા ખોવાયો. યોગ્ય પરિણામ આવ્યું. દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં. કહેવત સાચી નીકળી. તું શું કહેવા જતો હતો ? હું કદાચ સમજી ગયો છું : મારે પહેલાંથી વિચારવું જોઈએ, ભવિષ્યમાં માનવું જોઈએ… બરોબર ? તું એ જ કહેવા જતો હતો ને ? મેં જ કહી દીધું. હવે તારે બોલવું નહીં પડે.'

□

'અમૃતા !'

પ્લૅટફૉર્મ પર પગ મૂકતી અમૃતાને અનિકેતે દૂરથી સંબોધી. ઉમળકાભર્યા અવાજે એનાથી બોલી જવાયું હતું. ગોગલ્સથી શોભતો ચહેરો અનિકેત ભણી વળ્યો અને ગૌર વર્ણ — ચંપકગૌર વર્ણ પર આકસ્મિક સુરખીનું પ્રભુત્વ છવાઈ ગયું. કૂલીએ સૂટકેસ ઉપાડી લીધી હતી. અનિકેતે પાસે જઈને અમૃતાના હાથમાંની ઍટેચી તરફ નજર કરી અને હાથ લંબાવ્યો. અમૃતાનો ખાલી હતો તે હાથ લંબાયો અને બે હાથના નિબિડ સ્પર્શથી બંનેનાં અંગાંગમાં આનંદનો પ્રતિધ્વનિ ગુંજી ઊઠ્યો.

'મેં ઍટેચી માગી હતી.'

'પણ મળ્યો હાથ.'

'એ મારાથી નહીં સચવાય, મને ઍટેચી આપો.'

‘એને તો હું પણ સાચવી શકીશ.’

‘બસ હવે, લાવો.’

અમૃતા બહુ જક્કી નથી.

‘કહો, મુસાફરી કેવી રહી ?’

‘પ્રતીક્ષાનો સમય આનંદમાં જ વીતે છે. અમદાવાદ સુધી તો હું આકાશમાર્ગે આવેલી.’

અનિકેતને થયું કે અમૃતા એક નહીં પણ બે હોત તો કેવું સારું ! પણ આ પ્રકારનો તરંગ કરવા પાછળ પોતાની લાલસા રહેલી છે, અમૃતાને વહેંચી લેવાની કામના રહેલી છે, એવું એને તરત સમજાઈ ગયું.

‘શું, કામકાજ ફાવે છે ? નોકરીનો આ પ્રથમ અનુભવ હોવાથી બધું નવું નવું લાગતું હશે.’

‘હવે તો બધુ સદી પણ ગયું. સર્વિસ-ટાઈમ તો બહુ સહેલાઈથી પસાર થઈ જાય છે, પણ...’

‘પણ ?’

‘પછી ઘેર નથી ફાવતું.’

‘એમ ?’

‘હા. ઝીણી ઝરમર વરસી રહી હોય, હવાની લહરીઓ ફુહાર બનીને સામે ધસી આવતી હોય અને ઘેર પહોંચું ત્યારે કેવો અનુભવ થાય છે કહું ? બારીબારણાં બંધ થયા પછી લાગે છે કે આ મકાનની દીવાલોની પેલી પાર મારું એક રૂપ વસે છે અને હું ઘરના જડ અસબાબ વચ્ચે સલામતીથી બંધાઈને જડવત્ પડી છું.’

‘મને લાગે છે તમે પણ વહેલાંમોડાં સાહિત્યમાં પદાર્પણ કરશો.’

‘તે પહેલાં જીવનમાં તો પદાર્પણ થાય.’

અનિકેતે ઘોડાગાડી રોકવા તરફ લક્ષ વાળ્યું. એક સારી જોઈને ઘોડાગાડી રોકી. ઘોડાગાડીવાળાએ અભિમાનપૂર્વક ફૂમતાંવાળો ચાબુક હવામાં છેક ઊંચે ઉછાળ્યો અને ઘોડાના માથે શોભતી કલગી નાચી ઊઠી. ગાડીનાં પૈડાંનું અને ઘોડાના ડાબલાનું સંમિલિત સંગીત શરૂ થયું. આખો માર્ગ એમને જોતો હતો. કોઈ બેધ્યાન હોય તો આજુબાજુનું કોઈ એને સજગ કરતું. લોકોની સાશ્ચાર્ય દૃષ્ટિમાં આનંદ પણ ઊછળી ઊઠતો હતો.

એક તોફાની કિશોર ઘોડાગાડી દૂર પહોંચી તે પછી બોલી ઊઠયો — 'હુશ્નબાનુ' અમૃતાએ ગસ્સે થવા પ્રયાસ કર્યો પણ અનિકેત સાથે આંખો મળતાં એ બેહદ શરમાઈ ગઈ. બેએક મિનિટ પછી એણે ફરીથી ઊંચું જોયું ત્યારે અનિકેતની આંખો એને મળી. લજ્જાના ગૌરવથી ઝુકી પડેલા ચહેરાને એ જોઈ જ રહ્યો.

'ત્રીસેક હજારની વસ્તીવાળા આ શહેરમાં બાગ ઘણા છે. અહીંથી સુગંધિત પુષ્પોની નિકાસ થાય છે. અહીં ચંપા અને કેવડાનું અત્તર બને છે. તમને અહીં રોકાવું ગમશે.'

'ઉદયન આવે ત્યાં સુધી, ખરું ને ?'

'એ આજ સાંજે ન આવી શકે તો કાલ સવાર સુધીમાં તો આવી જ જશે, તે પછી આપણે બાલારામ જવાનો કાર્યક્રમ ગોઠવશું.'

'તમે કહો તેમ.'

ઘોડાગાડીવાળાને વિદાય કરીને અનિકેતે દાદરનું તાળું ખોલ્યું. લાકડાના દાદર પર અમૃતાનાં ચરણ ધીરે ધીરે મુકાતાં હતાં તેથી ધીમો ધીમો અવાજ થતો હતો. દાદરાનો ઢાળ ઓછો હતો. અમૃતા ઉપર પહોંચી તે પછી પલકમાત્રમાં સૂટકેસ લઈને એ ઉપર પહોંચી ગયો.

સ્નાનાદિ માટેની બધી વસ્તુઓ અનિકેતે મૂકી આપી. પછી એણે નમ્ર ભાવે કહ્યું કે અહીં તો બાથરૂમ પણ રસોડાનો અંતર્ગત ભાગ છે. માફ કરજો, તમને થોડી પ્રતિકૂળતા નડશે. અમૃતાએ ભ્રમર ખેંચીને સસ્મિત સાંભળી લીધું. પછી કહ્યું કે

એક તરફ આવી સુંદર ચોકડી છે પછી શું? અને તમે કંઈ ઓછા આ મકાનના ઈજનેર છો કે એની રચના માટે તમારો દોષ કાઢી શકાય? આવાં બીજાં પણ થોડાંક મધુર વચન કહીને એણે રસોડાનું દ્વાર બંધ કર્યું. સ્નાન કરીને એ બહુ ઓછા સમયમાં તૈયાર થઈ ગઈ. નિર્બંધ કેશરાશિ, આનત કર્ણાભૂષણ અને શ્વેત મોતીની માળા, એટલું જ નહીં, મધ્યયુગીન અશ્વર્યનો ખ્યાલ આપતી કિનખાબની સાડી પહેરીને એણે દ્વાર ખોલ્યું ત્યારે પ્રથમ નજરે તો અનિકેતને વાસકસજ્જા સુંદરીનું સ્વપ્ન દેખાયું. પછી તુરત જ એને ખ્યાલ આવ્યો કે આ તો અમૃતા છે અને અમૃતા સામે એણે અદબથી જોવાનું હોય છે.

બંને જણ સાથે જમ્યાં. બંને એકબીજાને પીરસતાં હતાં. મહેમાન-યજમાનનો ભેદ રહ્યો નહીં. અમૃતાએ જાણ્યું કે આ રસોઈ અનિકેતે બનાવી છે ત્યારે ખભો એળંગીને ગ્રીવા નીચેની ગૌર ચમકને ઢાંકવા આવેલી ચમકદાર લટને એ જોઈ રહી હતી. એ લટને અવાન્તર સ્થિતિએ મૂકીને હાથ મલકાવતી એ આશ્ચર્ય વ્યકત કરી રહી. આશ્ચર્ય વ્યકત કરવામાં કંકણના રણકારે પણ સાથ આપ્યો હતો.

નાસ્તો બનાવવાની ટેવનો વિકાસ થતાં કેવી રીતે ધીરે ધીરે રસોઈ બનાવવાનું આવડી ગયું તે બધું એણે સવિસ્તર કહ્યું. એ જાણતો હતો કે રસોઈ બનાવવાના કામને સ્રૈણ પ્રવૃત્તિ કહીને અમૃતા વ્યંગ કરી બેસે એવી સામાન્ય રસવૃત્તિ ધરાવતી નથી. તેથી અમૃતાની પ્રશંસા સાંભળીને એને સાચે જ આનંદ થયો.

'આરામ કરો.'

'આરામ જ છે.'

હીંચકા પરના તકિયાનો આધાર ગ્રહણ કરતાં અમૃતાએ પગ પણ હીંચકા પર લઈ લીધા. અનિકેત પાંચેક ફૂટ દૂર અથવા નજીક પડેલી ખુરશીમાં બેઠો. છત તરફ, દ્વાર તરફ, એ જોતો રહેતો હતો.

'અહીંથી ઉત્તર દિશામાં મલાણા નામનું ગામ છે. ત્યાંના તળાવમાં કમળ થાય છે.' અમૃતાના ચરણયુગ્મને જોઈને એ બોલ્યો.

'મને તો એમ હતું કે મારા બાલ ખુલ્લા છે તેથી અત્યારે તો એમને તમારા ગુણાનુરાગી કવિત્વનો લાભ મળશે.'

'એ અંગે મને નવું ઉપમાન સૂઝતું નથી. કોઈ જૂની ઉપમા વડે નવાજવા જતાં એ વિપુલ કેશરાશિની મુલાયમતાને, ચમકને, અપૂર્વદષ્ટ તાજગીને અન્યાય થઈ જાય એવો વહેમ છે. છતાં કૃષ્ણપક્ષના મદિર અંધકાર સાથે તુલના થઈ શકે. પણ રહેવા દો, જે કવિ છે તેવા જીવનાનંદ દાસના શબ્દોમાં જ કહું —

*ચુલ તાર કબેકાર અન્ધકાર બિદિશાર નિશા,*
*પાખિર નીડેર મતો ચોખ તુલે નાટોરેર વનલતા સેન.*

'અનુવાદ કરી આપો.'

*'તવ કેશરાશિ છે જૂની વિદિશાની અંધારી નિશા,*
*લોચન જાણે પંખીના નીડ સમાં, હે નાટોરની વનલતા સેન !'*

'કોણ છે આ વનલતા સેન ?'

'પ્રકૃતિની નારીરૂપે કલ્પના.'

'જેમ અમૃતા તમારા માટે કલ્પના છે.'

અનિકેતે અમૃતા સામે જોયું. જોવા જોવામાં ફેર હોય છે, ભલે આંખો એક હોય, એ અમૃતાએ જોયું. અનિકેતની તત્પર આંખોમાં ગહન તૃષાની ચમક હતી. અમૃતાએ એકાએક પોપચાં ઢાળી લીધાં. એના મસ્તક પર મેઘાચ્છાદિત ગગન ખળભળી ઊઠ્યું હતું. એના ક્દયમાં એકાએક ભૂકંપની તીવ્ર કસક છવાઈ ગઈ.એ વેદનાની માધુરીને સંતોષી દેવા એણે આંખો વધુ બીડી. અને હવે અનિકેતની દષ્ટિ નવ પલ્લવશા સંમોહક અધરસંપુટ પર સ્થિર થઈ. એ બંધ હોઠથી રોકાયેલા અમૃતસ્રોતને નિર્બંધ કરવા માગતી એના પૌરુષની અભીપ્સા રોકી રોકાય તેમ ન હતી. તેથી જ એ બોલ્યો —

'અમૃતા !'

આંખો ખૂલી તો અધિક ચમકી ઊઠી. અશ્રુની પ્રથમ છાલકના સિંચનથી જ આંખોની ચમક વધી છે તે સ્પષ્ટ થઈ ગયું.

'અમૃતા ! તમે આવ્યાં એ પ્રસંગ નાનોસૂનો નથી. પરંતુ હું નહોતો ઇચ્છતો કે કસોટી થાય એવી પરિસ્થિતિમાં આપણે મુકાઈએ. હું ના પાડી શકયો નહીં અને ઉદયને પત્ર લખી દીધો. એ મારો પરાજય જોવા ઇચ્છતો હોય એવું લાગે છે. મારો અથવા તમારો પરાજય, એમાં ઝાઝો ભેદ નથી... આપણો સંકલ્પ ચલિત થયો તે દિવસે કદાચ સહુથી મગરૂર એ હશે. અને પછી હું તો તારી—-તમારી સામે આંખ ઊંચી કરીને જોઈ નહીં શકું. તારા વિનાની મારી જિન્દગીની તું કલ્પના કરી શકે છે અમૃતા ! પણ એ જિન્દગીને જ હું મારું ભવિષ્ય બનાવવા ઈચ્છું છું.'

અમૃતા બોલી નહીં. આંખો બીડી લેવા સિવાય — બીજો ઉપાય ન સૂઝયો. પરંતુ આંખો બીડી લીધા પછી કશું ન દેખાય એવું નથી. બલ્કે એને લાગ્યું કે છલકાતા વેદનાસ્રોતની ઘૂમરીઓમાં આ તો તરવાનાં ફાંફાં મારવા જેવું છે. એટલું જ કે ન બોલવાથી રાહત મળે છે. અને મૌન કદાચ ઉગારી પણ લે. અલબત્ત, ચહેરાની રેખાઓમાં પ્રગટવા ન દઈને મૌનને નિતાન્ત નીરવ રાખી શકાતું નથી. તેમ છતાં અમૃતાએ એ માટે પ્રયત્ન કર્યો. અનિકેત પણ એને સહાયરૂપ થવા માગતો હોય તેમ ઊભો થયો અને બાજુના ઓરડામાં ગયો. જતાં જતાં એનો હાથ અનાયાસ હીંચકાના સળિયાને અડકી ગયો. હીંચકો કંપી ઊઠયો. અમૃતાની સંગોપિત સૃષ્ટિ અંધ પંખીની જેમ ફફડી ઊઠી. હીંચકો સ્થિર થતાં વાર લાગી. પછી ખાલી થયેલા રૂમમાં મુકિત અનુભવવા એણે આંખો ખોલી. ઊભી થઈ. બાલ ખેંચીને ગાંઠ વાળી અને પલંગ પર જઈને સૂઈ ગઈ. થોડીવારમાં જ પલંગમાં નીરવ શાંતિએ સ્થાન ગ્રહણ કરી લીધું.

અનિકેત લખવા બેઠો.

'પ્રિય અમૃતા !... 'પ્રિય' શા માટે ? હું 'અમૃતા' લખું છું ત્યારે એ સંબોધનમાં જ મને ઉદ્દિષ્ટ પ્રગટ થઈ જતું હોય છે. એક વધારાના વિશેષણની જરૂર શી ?

ઉપર લખેલું છેકીને નવેસરથી સંબોધન કરવા ગયો ત્યારે એનાથી આ પ્રમાણે લખાઈ ગયું —

'દેવી અમૃતા !

તમને 'દેવી' કહેવામાં મને શું અભિપ્રેત છે એ પહેલાં સ્પષ્ટ કરું. દેવત્વ મનુષ્યત્વના વિકાસનું દ્યોતક છે. એ આધારે. દેવી કહીને હું તમને ગુરુતર ગૌરવથી સંબોધવા માગુ છું એવું તમને લાગશે. એમ લાગે તો તેની સામે મને વાંધો નથી કારણ કે એ અર્થ, મને સાવ અનભિપ્રેત છે એવું તો નથી જ. તેમ છતાં મારે કહેવું છે તે કંઈક આ પ્રમાણે છે —

મારે મન માનુષી યથાર્થ છે, દેવી કલ્પના છે. હું તમને યથાર્થ રૂપે જોઉં છું, અનુભવું છું, પણ સ્વીકારી શકતો નથી. તેથી મને લાગે છે કે તમે મારા પૂરતાં તો 'કલ્પના' જ છો, અપાર્થિવ છો. તમે પોતે પાર્થિવતાને સમગ્રભાવે પામી શકતાં હશો, એમાં તમારી કશી અશક્તિ છે કે હશે એવું કહેવાનું હું સાહસ ન કરું. પરંતુ મારા પૂરતાં તો તમે પાર્થિવ નથી, માંસલ નથી, સૌંદર્ય છો. તમારા નારીત્વના બળનો હું થોડી ક્ષણો પહેલાં દ્દષ્ટા, સાક્ષી, બલ્કે અનુભવી રહી શક્યો છું. એ એકરાર પછી આજે જે છે તેને પણ નકારવા હું ઉદ્યત થયો છું — સાહસ કરવા બેઠો છું.

કલ્પના અને યથાર્થ વચ્ચે અંતરાલ છે તેમ, અનુભવ નહીં પરંતુ વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે તમારી અને મારી વચ્ચે એક અંતરાલ છે. હું કબૂલ કરી ચૂક્યો કે અનુભવની ક્ષણોમાં એ અંતરાલ મને કદીય પ્રતીત થયો નથી, પ્રતીત થાય છે વિચાર કરતાં. અને તમે જાણો છો કે વિચારવું એ પ્રતીતિ નથી. તેથી અંતરાલ પ્રતીત થાય છે એમ કહેવા કરતાં મને એ સ્વીકાર્ય છે એમ જ કહીશ.

તમારા સાહચર્યમાં હું વિચાર કરી શકતો નથી. તર્કાતીત અનુભવ-જગતમાં સરી જાઉં છું. અને તેથી જ અત્યારે હું તમારી સ્વર્ગીય ઉપસ્થિતિનો અનાદર કરીને થોડો દૂર ખસી આવ્યો છું.

શરીર અંતે તો અવાસ્તવિકતા છે, હા, એ માયા કે ભ્રમ છે એવું કહેનારાઓ સાથે હું સહમત નથી. પરંતુ એમના કહેવાનું એક તાત્પર્ય આ પણ હોઈ શકે કે શરીરને વાસ્તવિકતા માનીને ચાલવા જતાં વાસ્તવિકતાનો અર્થ સીમિત થઈ જાય છે. 'વાસ્તવિક' શબ્દનો આશ્રય છોડીને તેથી હવે 'યથાર્થ' શબ્દનો પ્રયોગ કરીશ. તો, સંપૂર્ણ યથાર્થ જે છે તેમાં શરીરનું સ્થાન સામયિક છે. અને જે સામયિક છે, તત્કાલીન છે તે સંપૂર્ણ યથાર્થ નથી. હું 'અમૃતા' સંજ્ઞા પર આધારિત એક વાક્ય બોલું છું ત્યારે અમૃતા મારા માટે એક માત્ર એક શરીર નથી પણ એક જિન્દગી છે. કદાચ 'અમૃતા' માટે 'એક જિન્દગી' એ પણ પૂરતો પર્યાય નથી.

હમણાં હું તમારી નિકટ બેઠો હતો એમ કહેવાને બદલે લાવણ્યથી સ્પંદતા એક પરિવેષમાં હતો એમ કહીશ. તમારા અસ્તિત્વમાં હું મારા સંસ્કારોમાં સંચિત નારીનું દર્શન કરું છું. તમારા હોવામાં હું નારીની સાધનાને દિશાસંકેત આપવા કવિઓએ પ્રસ્તુત કરેલું કલ્પન જોઉં છું. તેથી મારે મન તમારું અસ્તિત્વ પ્રમાણવું એટલે એક એવા સૌહાર્દ અને ઔદાર્યને પ્રમાણવું જેની છાયામાં ઉદયનને જિન્દગીનું પુનર્દાન મળે. હું જોઈ શકું છું કે ઉદયન જિન્દગીથી નાસી છૂટવાના પ્રયત્ન શરૂ કરવાની તૈયારીમાં છે. કદાચ હું એ અંગે ખોટો પણ હોઉં. આ તો જે લાગ્યું તે કહ્યું.

ઉદયનના ભવિષ્યનું દાયિત્વ હું તમારે માથે શા માટે નાંખું છું તે અંગે સ્પષ્ટતા કરવાની પણ ધૃષ્ટતા કરી લઉં. તમારો ભૂતકાળ અને ઉદયનનો ભૂતકાળ એકબીજાથી અલિપ્ત નથી. મને લાગે છે કે એમાં કેટલુંક ન ઊકલી શકે એ રીતે ગૂંથાઈ ગયું છે. ક્ષમા માગીને એ પણ કહી દઉં કે વીતેલા સમયમાં મારી સ્થિતિ પણ જલકમલવત્ રહી નથી. જલમાં જ કમલ ખીલે છે પછી જલકમલવત્ કહેવાથી શું ? આપણે અપૂરતું જ કહીએ છીએ. તમારા વિના હું... હવે કહેવાનું ક્યાં બાકી છે ? છતાં ફરીથી એકવાર કહું છું કે તમારી ઉપસ્થિતિની સાપેક્ષતામાં જ મેં આ જીવનમાં કેટલુંક પહેલી વાર અનુભવ્યું છે, જે નિતાન્ત મધુમય છે. અને મને વિશ્વાસ છે કે તમારા દૂર જતાં પણ એ મધુમયતા ક્ષીણ થશે નહીં. આ કોઈ

મગરૂરી નથી કે નથી કોઈ નિર્મમ હૃદયનો પ્રતિઘોષ. આ તો પ્રાપ્તિનો એકરાર છે. હવે મને તમારી પાસેથી કંઈ ન મળે તોપણ તમે જે આપ્યું છે એ પર્યાપ્ત છે. એથી આગળ વધીને એમ પણ કહું કે મારું અમૃત અમૃત જ રહેશે, તમે તિરસ્કારો તોપણ, જે શક્ય નથી.

મેં શું પ્રાપ્ત કર્યું ? એવો પ્રશ્ન કૃપા કરીને મને પૂછશો નહીં. 'કલ્પના' શબ્દનો જે અર્થ રૂઢ થયો છે તે મને અહીં સ્વીકાર્ય નથી. જેમ તમે કલ્પના છો તેમ મેં પ્રાપ્ત કર્યું છે તે પણ કલ્પના છે. મારા માટે જે કલ્પના છે તે જ હવે યથાર્થ બની રહો. આ અંગે તમારું મૌન જ ભલે ઉત્તર આપે. કારણ કે તમને જોયા પછી લાગે છે કે આ સૃષ્ટિમાં કેટલુંક તર્કાતીત છે. કારણોનું ચાલ્યું હોત તો મેં પોતાને બહુ વહેલો રોકી લીધો હોત. મને લાગે છે હજી પણ વિલંબ થયો નથી.

પ્રણામ, અમૃતા ! તમે ગમે ત્યાં હશો, એ નાનીસૂની વાત નથી કે તમે આ સૃષ્ટિ પર હશો. તેથી મારા માટે આખી સૃષ્ટિ સુંદર હશે, મધુમય હશે.'

પત્ર પૂરો થતાં અનિકેતે મુક્તિ અનુભવી, એક યાત્રા પૂરી થતાં વિસામો દેખાય એમ. એને લાગ્યું કે આ વિસામા પછી પથ વંકાય છે. એ અમૃતા પાસે ગયો. બારીમાંથી આવતો પ્રકાશ સૂચવતો હતો કે હવે સૂર્યનો અસ્ત થશે. આ નાના શા શહેરમાં સાંજ વેળાએ લોકોની ગતિવિધિ કંઈક વધે છે. નિદ્રાને અત્યારે એકલી અમૃતા કને જ વિશ્રાંતિ મળી હશે. એ હીંચકા પર બેઠો. અમૃતા તરફ પીઠ કરીને પોતે બેઠો છે એ બરોબર નથી એમ લાગતાં એણે બેસવાની દિશા બદલી.

પડખે સૂતેલી અમૃતાનો ચહેરો ડાબા હાથનું આલંબન ગ્રહીને નિશ્ચિંત હતો. જમણો હાથ પલંગની સીમા સુધી લંબાયેલો હતો, જેની અનામિકા પરની લઘુ મુદ્રિકાના રત્નમાં ચમકતી નીલિમાએ અનિકેતનું ધ્યાન ખેંચ્યું. અમૃતા એ રીતે સૂતી હતીકે જેથી એક સૌમ્ય અને સરુચિપૂર્ણ છબી પલંગ પર ઊપસી રહી હતી. એની નિદ્રામાં પણ એક વ્યવસ્થિતિ હતી, સૌષ્ઠવ હતું. ધીમે રહીને લેવાતો શ્વાસ, પછી કંઈક વધુ ગતિથી પ્રગટતો ઉચ્છ્‌વાસ, શ્વાસ અને ઉચ્છ્‌વાસ વચ્ચે આવતો મૃદુલ યતિ — આ બધું પોતાની સૃષ્ટિ પાછળ વિધાતાએ આપેલા સૂક્ષ્મ અવધાનનું સૂચક છે એવું

સમજતો અનિકેત શ્વાસોચ્છ્વાસની દ્રુતવિલંબિત રમણા નિહાળી રહ્યો. હીંચકાએ ગતિ મેળવી.

અમૃતાનો જમણો હાથ એના મુખ પાસે ગયો. વક્ષ પરના બ્લાઉઝની કિનારી પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ સાથે કંપ અનુભવતી હતી. કદાચ તેથી જ હાથ ત્યાં ગોઠવાયો. થોડો પણ સમય વીત્યો છે કે કેમ તેની ખબર પડે તે પહેલાં તો અમૃતાએ પડખું બદલ્યું. તેથી હવે અનિકેતને અમૃતા અડધી અનુપસ્થિત લાગી. ક્યારે પગ પ્રવૃત્ત થયા અને હીંચકો બરોબર ઝૂલી ઊઠ્યો તેની એને ખબર ન રહી, પરંતુ તરત જ રૂમની હવાની સ્થિરતા વિશૃંખલિત થઈ ગઈ, શાંતિ આંદોલિત થઈ ઊઠી અને અમૃતાએ વળી પડખું બદલ્યું. આંખો ખૂલી. એટલું ઓછું હોય તેમ એ બેઠી થઈ. અનિકેતે જોયું કે અમૃતાનાં નાજુક નાજુક એરિંગ કંપી ઊઠ્યાં છે છતાં પારિજાતના ફૂલની જેમ શોભી રહ્યાં છે. ચહેરા પરની ઉદાસીનતાને આનંદ સૂચવતી સુરખીમાં પરિણમતાં વાર લાગી.

પાણી લાવી આપવા અનિકેત ઊભો થયો. અમૃતા એને અનુસરી. હાથ મોં ધોઈને બહાર આવી અને હીંચકા પર બેઠી. ગાંઠ છોડીને કેશ ખુલ્લા કર્યા પછી એમનું બે ભાગમાં વિભાજન કર્યું.

ત્યાં એની નજર કાગળ આપવા માટે પ્રતીક્ષા કરતા અનિકેતના હાથ તરફ ગઈ.

‘શું કોઈ રચના છે ?’

‘ના, પત્ર છે.’

‘અચ્છા, હું તો કંઈક સાંભળવા મળશે એવી આશા ધારણ કરી બેઠી.’

‘પત્ર તમારે જ વાંચવાનો છે, લો.’

એણે પત્ર હાથમાં લીધો. અડધો વાળેલો તો હતો જ, એણે બેવડો વાળીને પત્ર બ્લાઉઝમાં ઉપરથી મૂક્યો. કાગળની કિનારી બહાર રહી ગઈ.

'તમને આશ્ચર્ય થયું? અમે સાચવવા જેવી વસ્તુ અહીં મૂકીએ છીએ. કોઈને આ પદ્ધતિ જુનવાણી લાગે, તમને નહીં લાગે એ હું જાણું છું. અત્યારે હું એ પત્ર નહીં વાંચું, અહીંથી ગયા પછી વાંચીશ. અત્યારે તો તમે સામે જ છો ને?'

એક વેણી ગૂંથાઈ ચૂકી હતી. બાકી રહેલા કેશના ત્રણ ભાગ કરીને આનત ચહેરે એ ગૂંથવા લાગી.

'ફરવા જશું?'

'ક્યાં લઈ જશો?'

'જાહેરમાં.'

'તો નથી આવવું. જ્યાં કોઈ ત્રીજું ન હોય ત્યાં લઈ જાઓ.'

'પણ ત્યાં પહોંચવા માટે માર્ગ તો કાપવો જ પડશે ને? અને જાહેર માર્ગે ચાલવામાં વધુ નિરાંત હોય છે. પોતાની જવાબદારી હળવી થઈ જાય છે, સલામતી અનુભવાય છે. સમાજ વચ્ચે આપણે પોતાનાથી પણ સલામત રહી શકીએ છીએ.'

'માફ કરજો, તમારો આ "સલામતી" શબ્દ મને ગમતો નથી.'

'કોઈ પર્યાય શોધી કાઢીશ.'

'પર્યાયથી નહીં ચાલે. અર્થ બદલાય એ ઈચ્છું છું.'

'એ માટે મજબૂર છું.'

'મજબૂર રહેવા માટે તમે સ્વાધીન છો.'

'આભાર.'

'ચાલો.'

ચાલતાં ચાલતાં બંને સ્ટેશન સુધી પહોંચી ગયાં. સ્ટેશનની દક્ષિણના ક્રૉસિંગને ઓળંગીને એ સૂર્યાસ્ત તરફ વળ્યાં. વાદળ હતાં. તેથી સંધ્યા સમગ્રપણે દીપી ઊઠી હતી. વાદળ વિરતગતિ લાગતાં હતાં. ધરતી પણ તૃપ્ત લાગતી હતી. રેત સુકાઈ ને

હજી ઊડવા લાગી ન હતી. શરદ ઋતુના આરંભિક દિવસોની આ સાંજ અમૃતાને આકર્ષી રહી. અહીંની મોકળાશના સંદર્ભમાં એને મુંબઈ યાદ આવ્યું. મલબાર હિલ અને સિક્કાનગરની ચોતરફની મકાનપ્રધાનતા એને યાદ આવી. ઊંચાં અને ઓછાં ઊંચાં મકાનોની છાયાઓ પણ સંકડાશ અનુભવીને એકબીજામાં કેવી ગૂંથાઈ જાય છે? જૂહુ કિનારાની લાંબી પટ્ટી કે ચોપાટીનો અર્ધ ગોળાકાર ટુકડો બચી રહેલી જગ્યા અને ત્યાં ટકી રહેલી મોકળાશનો ખ્યાલ આપે છે, પરંતુ એ સ્થળ એટલાં બધાં જાહેર છે. અને ભરબપોરે પણ ત્યાં કોઈ ને કોઈ જોડું-કજોડું એ રીતે બેઠું હોય છે કે એ સ્થળોની સઘળી મોકળાશ ખાનગી બની જાય છે. દરિયો નાહક ઘૂઘવે નહીં.

અહીં આંબા અને લીંબડાનાં વૃક્ષોથી ખેતરોને વ્યકિતત્વ મળતું હતું. અનિકેતે જોયું કે અમૃતાના ચહેરા પર અંકિત થવા મથતા સંધ્યાના રંગ એમની દીપ્તિને લીધે સામંજસ્ય વ્યકત કરતા હતા. એમને અલોપ થતાં વાર ન થઈ.

સ્ટેશનની ત્રણ ફર્લાંગ જેટલું પશ્ચિમ ભણી ચાલ્યા પછી પાછાં વળવાની ઈચ્છા થતાં વાર ન લાગી. પાછાં વળ્યા પછી પણ તેઓ ધીરે ધીરે ચાલતાં હતાં. સંતોષની ભાષાની ગતિ મંથર હોય છે કારણ કે એ શબ્દ અને મૌન બંનેથી વ્યકત થતી હોય છે. અનિકેત અને અમૃતાની ગતિ સંતોષી લાગતી હતી.

હજુ અંધારું થયું ન હતું. બંનેના કદય-પ્રદેશમાં પણ ઉજાસ હતો. ત્યાં વાડ નીચેના ઘાસમાંથી નીકળીને સામે જતું ભંફોડી કે ચિતળિયા જેવું સાપોલિયું અમૃતાને એકાએક દેખાયું. ભયનો માર્યો એનો પગ છેક એની નજીક મુકાઈ ગયો. નાદાન ફુત્કાર કરતું એ વાડ તરફ પાછું નાસી ગયું પણ તેને ઊછળતું જોતાં જ અમૃતા ચીસ પાડી ઊઠી, એટલું જ નહીં, ભય-વિહ્વળતાની અભાન સ્થિતિમાં એ અનિકેતને બાઝી પડી. અનિકેતમાં વસતો અલ્લડ અને બેદરકાર પુરુષ એકાએક મગરૂરી સાથે પ્રગટ્યો. અને આશ્રય શોધતી આર્ત અમૃતાને પોતાની દઢ ભુજાઓમાં સમાવી લીધી. અમૃતાનું હૃદય એટલું બધું ધબકી રહ્યું હતું કે એનો ધબકાર સ્પર્શ દ્વારા અનિકેતના રક્તમાં ઊતર્યો. પણ એ માત્ર અમૃતાના હૃદયનો

ધબકાર જ ન હતો, વિકાસપ્રાપ્ત સ્તનયુગ્મનો નિબિડ સ્પર્શ પણ હતો. અનિકેતના રુધિરાભિસરણનો નિયમિત પ્રવાહ વિચલિત થઈ ઊઠ્યો. અમૃતાના વિહ્વળ અને નિઃશેષ આલિંગનથી તત્ક્ષણ તો અનિકેતના સમગ્ર શરીરમાં કોઈ મોટા ધનુષ્યની કડક પ્રત્યંચા ઝણઝણી ઊઠી. એ તીવ્ર કંપ અપૂર્વ હતો. એક અપરિચિત સંવેગનું બળ એણે અનુભવ્યું. એ અનુભવ ધીરે ધીરે આનંદમય બની જવા લાગ્યો. અમૃતાના કટિપ્રદેશે વીંટળાઈ રહેલો એનો હાથ હવે ત્વચાનો ઋજુલ સ્પર્શ અનુભવવા લાગ્યો હતો. અને એના સુદીર્ઘ વક્ષ પર ટેકવાયેલો અમૃતાનો દક્ષિણ કપોલ હજી પણ નિકટતા ઓછી પડતી હોય તેમ વધુ ભીંસાતો હતો. અમૃતાના મસ્તકને અનિકેતની ચિબુક અડકી ચૂકી હતી... સૃષ્ટિમાં આ બે હ્દય-ધબકાર સિવાય અન્ય કશું નથી એવી સ્થિતિ જન્મે તે પહેલાં, એક ઉદ્ધત આલિંગનમાં અનિકેત અમૃતાને જકડવા જાય છે ત્યાં તો બ્લાઉઝમાં મુકાયેલા પત્રનો અવાજ સંભળાયો. એ અવાજ સાંભળનારને અપ્રિય લાગ્યો. પણ એ અવાજ વિલીન થઈ જાય તેવો ન હતો. અનિકેતના ચિત્તમાં ગુંજી ઊઠ્યો. આંખોને તુરત જ દિશા વરતાઈ. બે હાથે સહેજ ઊંચકીને, મસ્તક ચૂમીને એણે અમૃતાને બાજુ પર સ્થિરતા આપી. બંનેએ ચાલવાનું શરૂ કર્યું.

અમૃતાનાં ચરણમાં નિર્બળતા પ્રવેશી ચૂકી હતી. ચાલવાનો પ્રયત્ન કરવો પડતો હતો.

અનિકેત ચાલતો હતો, પણ વચ્ચે એનો ગતિલય તૂટી જતો હતો. એનો નિર્ણય વારંવાર અનિર્ણય બની જતો હતો. એના ચિત્તમાં અનિર્ણય જ અત્યારે પ્રભુત્વ ભોગવી રહ્યો હતો. અનિર્ણયની યાતનાથી એ સાવ અસ્વસ્થ બની રહ્યો હતો.

નિબિડ આશ્લેષ પછી સભાનતાથી પ્રેરાઈને વચ્ચે ઊભા કરેલા અંતરને જોઈને અમૃતાને દુઃખ ન થાય એ ખ્યાલ રાખીને એ સાવ કૃતક ગતિથી ચાલી રહ્યો હતો. અજુગતું ન લાગે અને નિકટતા પ્રતીત થાય એ રીતે એણે થોડાંક ડગલાં સુધી અમૃતાનો હાથ પોતાના હાથમાં લીધો.

અમૃતા ધીરે ધીરે સ્વતંત્ર થઈ રહી હતી.

'થાક લાગ્યો હશે.'

'હા, આપણે બહુ આગળ નીકળી ગયાં હતાં.'

અમૃતાના અવાજે હવે યથાવત્ સ્થિતિ પ્રાપ્ત કરી હતી.

'હું દિલગીર છું અમૃતા, હું માનતો હતો તે કરતાં મારી નિર્બળતાઓ વધુ મોટી નીવડી.'

'એ ઘટનાનું શ્રેય તમે એકલા જ કેમ લો છો ?'

'ના. હવે તો મને લાગે છે કે મારો નિર્ણય નહીં, અમૃતા જ મને બચાવી શકે.'

'મારે એથી જુદું કહેવાનું નથી.'

અને એ હસી પડી. અનિકેતના ચહેરા પરની ગંભીર રેખાઓ જોઈને એનું હાસ્ય વીખરાઈ ગયું.

અમૃતાને નિવાસ સુધી પહોંચાડીને અનિકેત ફળ અને નાસ્તો લેવા ગયો.

□

પત્ર હાથમાં લીધો. વાળેલા પત્ર પર એક કરચલી પડી ગઈ હતી. વાંચવાની ઇચ્છા થઈ આવી, પણ એક વાર ખોલીને એણે પત્ર વાળી દીધો. સૂટકેસમાંથી પર્સ કાઢી. તેમાં મૂકી દીધો. સૂટકેસ બંધ કરીને ઊભી થાય છે ત્યાં તો એને અન્ય ઉપસ્થિતિનો ખ્યાલ આવ્યો. પોતાના તરફ ચોર પગલે સરી આવતો પડછાયો એણે જોઈ લીધો. પાછી વળીને જોવા જાય છે ત્યાં તો પાછળથી આગળ વધેલા બે હાથ એની આંખોને દાબી ઊઠ્યા. અનિકેત હશે એમ માનવું એ કેવળ ભ્રમ હોઈ શકે છતાં એણે એવું માનવા પ્રયત્ન કર્યો. પરંતુ આખરે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ પડ્યો.

'બસ હવે, બહુ થયું.'

હાથ ખૂલ્યા નહીં. હથેલીઓ નીચે બંધ થઈ ગઈ હતી તે આંખો ખૂલી. પણ અંધારું જ દેખાયું. રૂમમાં લૅમ્પની રોશની હતી તે એને દેખાતી ન હોવાથી એ અંધારામાં જ રહી.

'હવે મૂકી દે. તારા શ્વાસ થકી સિગારેટની કડવાશ મારી ચારે તરફ પ્રસરી ચૂકી છે.'

'ગાડી ચાર કલાક મોડી પડી. એન્જિન બગડ્યું હતું. મને થયું કે ધકકા મારીને એન્જિનને ચાલુ કરી દઉં. તને મળવાની તીવ્ર ઇચ્છા થઈ આવી હતી. અને કેમ ન થાય ? મેં માન્યું હતું કે તું પાલનપુર આવી ગઈ હશે તો આષાઢની તપ્ત ધરતીની તરસથી તારી આંખો મારી પ્રતીક્ષા કરતી હશે.'

'જાણે તારા વિરહમાં બળીને ખાખ થઈ જવાની ન હોઉં ! એમ થવાનું હોત તો બધું બહુ વહેલું પતી ગયું હોત. ચાલ, હવે મારી આંખોને ખૂલવા દે.'

'એમ વાત છે ! પણ મને આશ્ચર્ય થવું ન જોઈએ.'

ઉદયને અમૃતાની આંખો પરથી હાથ લઈ લીધો. કેડ પર હાથ મૂકીને ઊભો ઊભો અમૃતાને નખશિખ જોઈ રહ્યો.

અમૃતા ખસીને એક તરફ ચાલી. ત્યાં તો એને શું સૂઝયું કે એક આંચકે એણે અમૃતાને પોતાના તરફ ફેરવી દીધી. એના બંને ઢળતા ખભા એણે પકડી લીધા. એટલા બધા બળપૂર્વક પકડ્યા કે અમૃતાને લાગ્યું આ તો હિંસ્ર પશુના પંજા છે. ઉદયનના કોપને એ સમજી ન શકી. જોઈ જ રહી.

ઉદયને પોતાના પંજા ભીંસ્યા. મુઠ્ઠીઓ વાળીને એ માંસલ સૌંદર્યને જાણે કે એ ચૂર્ણ કરી નાખવા માગતો હતો. એણે જોરથી અમૃતાને ધ્રુજાવી મૂકી, હચમચાવી મૂકી. અમૃતાના પગ લથડી ગયા. એ પડતાં પડતાં રહી ગઈ.

'આટલી બધી નિર્બળ છે ?' એટલું કહેતાંની સાથે એણે અમૃતાને મૂકી દીધી. અને જોરથી અમૃતાના જમણા ગાલ પર તમાચો માર્યો. અમૃતા નીચે પટકાઈ પડી. એના ડાબે હાથે પહેરેલી બધી બંગડીઓ ફૂટી ગઈ. કાચના બે ટુકડા એના હાથ પર ભોંકાયા. ત્યાં લોહીની ટશરો ફૂટી આવી.

'કેવી પાજી છે તું અમૃતા! કેવી નાદાન! મેં તો મજાક કરી હતી. પત્ર મળતાં જ દોડી આવી? રાહ જોઈને જ બેઠી હશે. કોને મળવા દોડી આવી? ખબર ન હતી કે તું આટલી બધી કમજોર હશે... હું માનતો હતો કે સમય જતાં તારામાં વૈચારિક પરિપક્વતા આવી જશે, પણ તારામાં તો હજી એટલી જ મુગ્ધતા છે.'

અમૃતા પડી પડી સાંભળી રહી હતી. એ કશો વિરોધ નથી કરતી તે જોઈને ઉદયને એક હાથે એને પકડી અને ઊભી કરી. ક્રોધથી કંપતા અવાજે બોલ્યો —

'તારા જેવી અનિશ્ચિતતાઓમાં જીવતી સ્ત્રીઓને તો ફક્ત એક જ અધિકાર છે, અને તે રડવાનો... આજે એમ થાય છે કે તારી છાતી ચીરીને જોઉં કે તારા ક્દયમાં કોનું પ્રતિબિંબ છે? કે પછી તારે ક્દય છે કે નહીં!'

અને એ આગળ વધ્યો. બે હાથે પકડીને એણે અમૃતાનું બ્લાઉઝ ચીરી નાખ્યું. બ્રેસિયર ખેંચાતાં એના સ્તન વિશે તીવ્ર દર્દ જાગી ઊઠ્યું. સહી શકાય એવું ન હતું પણ એના કંઠમાંથી વેદનાનો કશો ઉદ્ગાર નીકળ્યો નહીં. જાણે ગળું સુકાઈ ગયું હતું. આ અકલ્પ્ય ઘટનાના આઘાતથી જાણે એની વાચા હરાઈ ગઈ હતી. એ એમ જ ઊભી રહી. ઉદયનના સામું જોઈ રહી. એની આંખોના ખૂણા પણ ભીંજાતા ન હતા. એ રસોડામાં ગઈ. એક છરી લઈ આવી. અને ઉદયનના હાથમાં મૂકીને બોલી:

'આટલો બધો તું આગળ વધી શક્યો છે તો આ છરી વડે તારા બળની અને મારી નિર્બળતાની તુલના કરી જો. તને વિશ્વાસ હોય કે તારામાં તાકાત છે તો એનો ઉપયોગ કર. કેમ કંપી રહ્યા છે તારા હાથ? ક્યાં ગઈ ક્ષણ પહેલાંની તારી બહાદુરી? વાસ્તવમાં એ બહાદુરી જ ન હતી, કાયરતા હતી. તું બહાદુર હોત તો મને ઠોકર મારીને ક્યારનોય દૂર નીકળી ગયો હોત... કેમ પડી ગઈ તારા હાથમાંથી છરી? મારી હત્યા કરી શકે એટલો તું બળવાન નથી. પણ હત્યા તો કાયર માણસ પણ, અરે કાયર માણસ જ કરી શકે છે. તું એ જરૂર કરી શકે. તારી યોગ્યતા એ કક્ષાએ પહોંચી હોય તો મને નવાઈ નહીં લાગે. પણ હું જાણું છું કે તું મારી હત્યા નહીં કરી શકે, કારણ કે તું સ્વાર્થી છે. તું મને જીવતી જોવા ઇચ્છે છે. હું જીવું એમાં

તારો સ્વાર્થ છે. પરંતુ અમૃતા પાસે તો પોતાને બચાવી લેવા આત્મ-વિલોપનનું કવચ છે જ !'

ઉદયન ખુલ્લી આંખે સાંભળી રહ્યો, એની આંખો કંઈક મોટી લાગતી હતી.

'મને રડતી જોવા ઈચ્છે છે ? નિષ્ઠુરતાથી આક્રાન્ત થઈને નારી કદી રડતી નથી. બીજાએ આપેલા દુઃખથી એ રડતી નથી, રડવા માટે એનું પોતાનું દુઃખ પૂરતું હોય છે. કોઈ ક્રૂર આઘાતથી એ ચીસ નહીં પાડે. તને હજુ એના સામર્થ્યની ખબર નથી,'

ઉદયન કંઈક કહેવા માગતો હતો પણ વાણી એને સાથ આપતી ન હતી. કારણ કે અમૃતાને ઉત્તર આપવો કે પછી પોતાની ભીતર ઊભા થયેલા દુર્નિવાર સંઘર્ષને શાન્ત કરવો ? એનાથી કંઈ જ થઈ શક્યું નહીં. એ જોઈ રહ્યો અથવા સાંભળી રહ્યો. જોવું અને સાંભળવું એક સાથે થઈ શક્યું નહીં હોય. પિત્તળની પ્રતિમાને કાચની સદા ખુલ્લી આંખો હોય તેવી આંખે ઉદયન જોઈ રહ્યો હતો.

અમૃતાએ હાથ પર ફૂટેલું લોહી, ચિરાઈ ગયેલું બ્લાઉઝ કાઢીને લૂછી નાંખ્યું. પછી બ્લાઉઝને વ્યવસ્થિત વાળીને સૂટકેસમાં એક તરફ મૂકી દીધું, અને બીજું પહેર્યું, એ જ રંગનું. કોઈને બીજું હોય તેવો ખ્યાલ ન આવે.

કશું જ ન થયું હોય એમ એ રસોડામાં ગઈ. ઉદયન માટે જલપાત્ર ભરી લાવી. ઉદયન તરફ એણે છલકતું પાત્ર લંબાવ્યું ત્યારે એની આંખોમાં અને એના ચહેરા પર જે ભાવ હતો તેનો અર્થ એવો થઈ શકે કે જાણે ઉદયન હાલ જ બહારથી આવીનો ઊભો છે અને અમૃતા એને આ પ્રમાણે આવકાર આપી રહી છે.

પાણી પી લઈને એટલે કે પ્યાલું મોંમાં ઠાલવી દઈને હાથ વડે મોં લૂછતો ઉદયન ધબાક દઈને હીંચકા પર બેઠો.

'હું શું છું તે તેં જોયું ને અમૃતા !'

'કેમ, તારે એ અંગે દિલગીરી વ્યકત કરવી છે ?'

'હા.'

'તો, એવી સ્પષ્ટતા કરીને બચાવ કરવાની જરૂર નથી. તું દિલગીરી વ્યકત કરે કે ક્ષમા માગે તેથી કશું વળતું નથી. અને તું મારી ક્ષમા માગે એવી અપેક્ષા રાખનાર હું કોણ ? પરંતુ એક વાત તું જોઈ શક્યો હશે. તેં મારું વસ્ત્ર ચીરી નાખ્યું ત્યારે મારા ચહેરા પર લજ્જા છવાઈ ન ગઈ એ ઘટનામાં તું પુરુષ તરીકેની તારી સહુથી મોટી નિષ્ફળતા જોઈ શકે છે.'

'લજ્જાની કોઈ જરૂર નથી, એથી ઊલટું હું તો ઇચ્છું છું કે લજ્જા ટળે. કારણ કે લજ્જા તો આવરણ છે, અસલિયતને ઢાંકે છે. તેથી એ એક પ્રકારની વંચના છે. માણસને પોતાના સંવેગની વંચનારહિત પ્રતીતિ થાય એમ હું ઇચ્છું છું.'

'પ્રતીતિ... સંવેગની ખુલ્લી પ્રતીતિ, કેમ ? પશુસહજ, ખરું ને ?'

'હા, પશુ માણસ જેવાં હોશિયાર નથી એટલે છુપાવવાની કળા શીખ્યાં નથી. પણ માણસમાં અને એમનામાં બુદ્ધિ સિવાય અન્ય બધું સમાન કક્ષાનું છે. પોતાની વંચક બુદ્ધિથી ભાતભાતની વ્યવસ્થાઓ ઊભી કરીને પશુસહજ કર્મોને છુપાવવા સલામત અંધકારની સગવડ કરી છે. એ અંધકારને હું વિદીર્ણ કરવા માગું છું.'

'બીજાના ભોગે, કેમ ?'

'હા, મારા સંવેગ પ્રબળ હશે તો તારો ભોગ લેશે જ. તારા પર નિયંત્રણ ભોગવશે. પ્રેમમાં બીજાની સ્વતંત્રતા જોખમાય છે જ.'

'તારા મોંમાં મુકાતાં "પ્રેમ" શબ્દ જોખમમાં છે. તું જે શબ્દનો અનેક વાર ઉપહાસ કરી ચૂકયો છે તેનો હવેથી મારી સાથેની વાતમાં કદી ઉપયોગ કરતો નહીં.'

## ત્રણ

ઉદયન સાથે આજે ચર્ચા કરતી અમૃતાને જોઈને અનિકેતને લાગ્યું કે અમૃતા વિશેની પોતાની ધારણા ભ્રામક હતી. અથવા એણે અમૃતા વિશે જે અમુક ધારી લીધું હતું તે જ બરોબર થયું ન હતું. પૂર્વનિશ્ચિત ધારણાથી કોઈને સમજવું બરોબર

નથી. એના વર્તનથી જ સાચો પરિચય મળી શકે. પરંતુ વર્તન તો પ્રાસંગિક હોય છે. તેના પરથી વ્યક્તિત્વનાં સાતત્ય ધરાવતાં પાસાંનો પરિચય મળી શકે ? એમ ન થઈ શકે તો વર્તન પણ ભ્રામક છે. ધારણા પણ ભ્રામક... અનુભવ પણ ભ્રામક... તો સાચું શું ? પરંતુ સત્ય પણ ધારણા છે ને ? ધારણા વિના હું ચલાવી નહીં શકું.

જે નીરસતાથી, જે ઉગ્ર લાપરવાહીથી, જે કટુ તર્કોથી એ ઉદયનને જવાબ આપી રહી હતી તે જોતાં અનિકેત સંવાદમાં નિષ્ક્રિય બની ગયો અને તટસ્થભાવે સાંભળી રહ્યો. એ તટસ્થતાને પણ એ જીરવી ન શક્યો એણે આગ્રહપૂર્વક ચર્ચા બંધ કરાવી.

ઉદયન ઉત્તરોત્તર ઉદાસ થતો ગયો. એના ચહેરા પર ગુનો કર્યાની ઝાંખપ પ્રગટ થવા લાગી.

અનિકેતના આગમન પછી જે માધુરી રૂમના વાતાવરણમાં સ્થાન ગ્રહણ કરવા લાગી હતી તે ઉદયનના અસ્તિત્વને પ્રતિકૂળ લાગી નથી. નાસ્તો પૂરો કર્યા વિના જ એ ઊભો થઈ ગયો હતો. આ બંનેથી વારંવાર દૂર ખસી જતો એ પોતાને જોઈ રહ્યો હતો.

સિગારેટ સળગાવીને એ હીંચકા પર બેઠો ત્યારે એને પ્રશ્ન થયો હતો કે અમૃતાને આમ પીડવાનો મને શો અધિકાર છે ? અમૃતાએ તે દિવસ પોતાના સ્વતંત્ર્ય અંગે મને જે પ્રશ્ન પૂછ્યો છે તે પણ હજુ નિરુત્તર જ રહ્યો છે, ત્યાં મને આ શું સૂઝયું ? કેમ સૂઝયું ?

એની અશાંતિ વધી ગઈ હતી. ત્યાં તો એકાએક અમૃતાએ બંધ થયેલી ચર્ચા શરૂ કરી દીધી —

‘ધાર્યું ન થતાં ઘણા માણસો આત્મહત્યા કરે છે, ઘણા નહીં તો કેટલાક તો ખરા જ.’

આ વખતે ઉદયને જ ચર્ચા રોકવા ઇચ્છ્યું —

‘બસ અમૃતા, મહેરબાની કર. એ ચર્ચા હવે રહેવા દે. આજે હું તારાથી પરાભવ પામ્યો છું.’

'પરાભવ પામ્યાનો એકરાર કરીને એનું પણ ગૌરવ ન લે તો પછી ઉદયન, ઉદયન નહીં.'

મુખવાસ સામે ધરતાં અનિકેત બોલ્યો. અમૃતા હસી પડી. એ જોઇને ઉદયન ખડખડાટ હસી પડ્યો. મહમદ બેગડાનો અભિનય કરતાં રંગભૂમિ પર એ હસતો હતો એ રીતે—વાદળની ગર્જના સમું એ હસી પડ્યો. ઉદયનના આ બુલંદ ખડખડાટ પર અનિકેત મલાકાયો. ઉદયન તો અમૃતાને ભોંઠી પાડવા હસ્યો હતો પણ એને તો વિપરીત ઉત્તર મળ્યો. અનિકેતના ઊંડા મલકાટથી એ વધુ અકળાયો.

શાંતિ. શાંતિ એટલે કે અવાજનો અભાવ તેથી વાસ્તવમાં તો અશાંત શાંતિ.

'ઈન્ટરવ્યૂનો જવાબ મળી ગયો કે બાકી છે ?'

'મળી ગયો.'

'શું ?'

'નોકરી.'

'અભિનંદન.'

'આભાર.' એણે જોયું કે અમૃતા કંઈ બોલી નહીં.

'તારા કામનો પ્રકાર કેવો રહેશે ?'

'છ માસ ભારતમાં, છ માસ જાપાન, ઈન્ડોનેશિયા, સિલોન, બ્રહ્મદેશ વગેરેમાં ગાળવાના. જ્યાં સળગતું હોય ત્યાં જોવા દોડી જવાનું અને તેના પર લખવાનું. ફોટા પણ પાડવાના.'

'તેં જવાબ આપ્યો ?'

'મેં કહ્યું છે કે ઑક્ટોબરથી જોડાઈ શકીશ. વચ્ચે એકાદ મહિનો બેસી રહેવાની ઇચ્છા છે. જોઉં છું તે વખત ઇચ્છા થઈ તો જોડાઈ જઈશ.'

'અત્યારથી નિર્ણય લેવામાં શો વાંધો છે ?'

'મને દેશપાર કરવામાં તને રસ લાગે છે.'

'તારે મન તો ક્યાં દેશ અને વિદેશ ભિન્ન છે? હું તો માત્ર નિર્ણય લેવાનું કહું છું. હા કે ના, જે કહેવું હોય તે અત્યારે જ કહી દે, જેથી એ લોકોને તો અનુકૂળતા થાય.'

'એમની અનુકૂળતાની ચિંતા તું શું કરવા કરે છે ભલા? અમૃતાને એકલી મૂકીને મુંબઈ છોડવું મને ગમે કે કેમ તે પ્રશ્ન છે.'

'એને સાથે લઈ જજે.'

અમૃતા હાલી ઊઠી. માથું ઊંચું કરીને એ બોલી —

'હું એની સાથે ન જાઉં. મને ક્યાં ખોઈને આવે એની એને ખબર ન રહે.'

'એવું તે હોય અમૃતા! તારે ખાતર હું આખું પૂર્વ એશિયા ખોવા તૈયાર છું.' ઉદયને એ રીતે કહ્યું કે અનિકેતને સાચું લાગે.

'ચાલો, પાનાં રમીએ.' ઉદયન ઊભો થતાં બોલ્યો.

'ક્યાં છે પાનાં? હું તો રાખતો નથી.'

'મેં આજે ગાડીમાં ખરીદ્યાં હતાં. ત્રણ છોકરીઓ ફાટેલાં પાનાંથી રમતી હતી. મને લાગ્યું કે આ બરોબર થતું નથી. એક સ્ટેશન પર ઊતરીને દોડતો પત્તાંની નવી જોડ ખરીદી લાવ્યો. એમને આપવા લાગ્યો. લોકો કેવાં હોય છે! એકે જણી અડી પણ નહીં. મને ગુસ્સો ચડ્યો. થયું કે હવે કોઈ સારું સ્ટેશન આવે કે તરત ત્રણેયને પ્લેટફોર્મ પર ઉતારી દઉં અને બારણું બંધ કરી દઉં. પછી કહું કે જગ્યા નથી, બીજા ડબ્બામાં જાઓ. અથવા જ્યાં જવું હોય ત્યાં જાઓ, મારે શું? એ પ્રમાણે વિચારતો હતો ત્યાં ઉપરના પાટિયે સૂતો એક જૈફ મને દેખાયો. એ ઊંઘતો હતો છતાં વચ્ચે વચ્ચે જાગીને છાનોમાનો એ છોકરીઓની ગણતરી કરી લેતો હતો.

મેં પાનાં ધર્યાં તે પછી પેલીઓ જૂનાં પાનાથી પણ રમી શકતી ન હતી. એમને પાન ખાવાની એવી ટેવ હતી કે સ્ટેશને સ્ટેશને પાન મંગાવે. બીજી ટેવ પણ હતી. એવી કે હસતાં હસતાં હોઠ દાબીને એક બીજી સાથે ઘૂંટણ ભટકાવે અને કોઈક વાર તો

કમર પાછળ હાથ લઈ જઈને ચૂંટલી ભરે... એમાંની એક જણીએ મને પાન આપ્યું. મેં ખાઈ લીધું. એ કંઈક શિક્ષિત લાગતી હતી. તે મારી પાર્ટનર થઈ અને અમે રમવાનું શરૂ કર્યું. અડધા કલાક સુધી હું એમની સાથે ધ્યાનથી રમ્યો અને જીતતો રહ્યો પણ પછી એ લોકોના પારસ્પરિક કેટલાક ચાળા જોઈને કંટાળ્યો. જોયા વિના પાનાં નાંખતો ગયો અને જીતતો ગયો. પાછળથી ખબર પડી કે સામા પક્ષવાળી પોતાનો હાથ થયો હોય તોપણ મારી ઢગલીમાં ગોઠવી દેતી હતી. હું એમની એ સ્વૈચ્છિક હારથી કંટાળ્યો. બીજા ડબ્બામાં જઈને બેઠો. મને થયું સ્ત્રીઓ કેવી હોય છે ! મને એવો ક્રોધ ચડયો કે અહીં આવીને અમૃતાને સ્ત્રી જોઈને મેં એક તમાચો લગાવી દીધો.'

'સાચી વાત છે, અમૃતા ?'

'એને આગળ બોલવા દો. બોલ, પછી શું થયું ?'

'પછી અનિકેત આવ્યો. ચાલો જવા દો એ વાત. મને પાનાં રમવાનો સંતોષ થયો નથી. તમારી ઈચ્છા ન હોય તોપણ રમીએ. એક બાજુ તમે બંને અને એક બાજુ હું. ડમી રમીએ. દર વખતે સર હું બોલીશ. તમે બંને મળીને મને હરાવી જુઓ.'

'અને હારી ગયો તો ?' અમૃતાએ પૂછ્યું.

'હું હારી શકું જ નહીં. પાનાં રમવાની બાબતમાં હું કૂટનીતિજ્ઞ છું. આ એક જ ચીજ એવી છે જેમાં સત્યાસત્યનો ભેદ બાજુ પર રાખીને હું આગળ વધી શકું છું તમારા લોકોની ભાષામાં કહું તો હું આ ક્ષેત્રમાં અનીતિ કરીને વિજેતા બની શકું છું. બાકી તમે લોકો જાણા છો કે જીવનમાં તો આપણે પરમ નીતિવાન પુરુષ રહ્યા. આધ્યાત્મિક વ્યક્તિ, વ્યકિત નહીં વિભૂતિ...'

'શા માટે એ શબ્દોની મશ્કરી કરે છે ?'

'તને શબ્દો પર દયા આવી ?'

'ના, તારા પર.'

'મારા પર દયા! હે મમતામયી દેવી! તમારો કૃપાપ્રસાદ મને ન ખપે. અને હું આ શબ્દોની મશ્કરી કરું છું તેનો અર્થ પણ મારે આપને સમજાવવો પડે છે એ જોતાં તો આપ જ દયાપાત્ર કહેવાઓ. એ અને બીજા એવા શબ્દોની હું મજાક ઉડાવતો રહીશ. કારણ કે હું જીવું છું તે સમાજમાં તો દંભ ઉપર છત્રછાયા ધરીને એ શબ્દો ઊભા છે. હું એમનો મૂલોચ્છેદ કરી દેવા માગું છું.'

'હું વચ્ચે બોલું?'

'આપણી ચર્ચામાં આને ભાગ લેવા દઈશું અમૃતા?'

અમૃતાએ નહોતું હસવું પણ એનું ચાલ્યું નહીં.

'કહે છે કે સ્ત્રીઓનું મૌન સંમતિસૂચક હોય છે. તો તું બોલી શકે છે અનિકેત, તને વચ્ચે પડવાની છૂટ છે.'

'આભાર. તો સાંભળઃ આ સમાજ અને આ વિશ્વ તને નથી ગમતાં તેનું કારણ તું પોતે છે. પહેલાં પોતાને ઓળખવાની જરૂર છે કારણ કે આ તારું બહિર્વિશ્વ પણ તારા અંતર્ગત વિશ્વનો વિભાવ છે. તેથી સાચું વિશ્વ તો તારી ભીતર વસે છે. પોતાનાથી વિખૂટું પાડેલું એવું આ બહારનું તું જે જુએ છે તે તો માત્ર ભ્રમ છે.'

'દાખલા તરીકે અનિકેત અને અમૃતા મારા માટે ભ્રમ છે. ખરું ને?'

'હા, અમે તારા માટે ભ્રમ જ રહીશું જો તું પોતાને નહીં ઓળખે તો!'

'હું પોતાને ઓળખું છું. હું ઉદયન છું પુરુષ છું. મારામાં પોતાનું એવું પ્રચંડ બળ છે. હું કોઈ પણ વંચકને માફ કરતો નથી. હા, હું ઉદાર પણ છું અને તેથી તો તમારા જગતમાં જીવું છું.'

'પછી?'

'સાંભળવું જ છે?'

'હા.'

'તો સાંભળો. કાન ખોલીને સાંભળો. મને અત્યાર સુધી બે માણસ પર વિશ્વાસ હતોઃ અમૃતા અને અનિકેત પર. પરંતુ એ પણ સહુના જેવાં નીકળ્યાં. ઊંડાં, ચતુર... વ્યભિચારી.'

અનિકેતની આંખમાં રકિતમ જ્વાળા પ્રગટી. એનું રુધિર પ્રજ્વલિત થઈ ઊઠ્યું. એના જમણા હાથની નસો ખેંચાઈ ચૂકી હતી. પણ એણે ખુરશીનો હાથો પકડી રાખ્યો હતો. હાથને છૂટવા ન દીધો. ખુરશીનો હાથો બાજુ પર નમવા જતાં તૂટી ગયો. એ અમૃતાએ જોયું. ઉદયને પણ જોયું. બંનેએ જુદું જુદું અનુભવ્યું.

કશુંક એવું છે જે અનિકેતને ઉતાવળ કરતાં રોકી શકે છે. હા, એવું છે જ. જે એને રોકી શકયું. અનિકેતને પ્રતીત થયું કે એવું કંઈક છે જ.

એ દાદર ઊતરીને નીચે પહોંચી ગયો. આંટા લગાવવા લાગ્યો. આગળ વધ્યો. પાનવાળાની નજર પડી.

'સાહેબ, પાન નહીં લો ?'

'ભલે. ત્રણ પાન આપો.'

પાન લઈને અનિકેત પાછો વળ્યો. એ દાદર ચડી રહ્યો હતો ત્યારે એની કલ્પનાસૃષ્ટિમાં એક અનિકેત વૈતરણી પાર કરી રહ્યો હતો.

ઉદયન જોરથી હીંચકા ખાઈ રહ્યો હતો. એને પાન આપવા અનિકેત નજીક ગયો. એના પગને ભટકાઈને હીંચકો રોકાયો.

અમૃતા બારી બહાર નજર કરીને ઊભી હતી. અનિકેતના આવ્યા પછી પણ એ એમ જ ઊભી રહી. તેથી અનિકેત એની પાસે જઈને ઊભો રહ્યો. પાન આપ્યું. અને પાછો વળ્યો. ઉદયનની પાસે, અડીને એ હીંચકા પર બેઠો. બોલ્યો —

'આજે મેં તને માફ કર્યો.'

'આભાર.'

'એવી કોઈ ભૂલનું પુનરાવર્તન ન થાય.'

'જેવી આજ્ઞા.'

અનિકેતે સામે જોયું. એની ખેંચાયેલી કાળી સુદીર્ઘ ભ્રમર જોઈને ઉદયન નીચું જોઈ ગયો.

'માણસનો વ્યવહાર બે દિશામાં છે. એક પોતાના તરફનો અને બીજો અન્ય તરફનો. પહેલી દિશામાં વર્તન પરત્વે તું સ્વતંત્ર છે. બીજી દિશા ગ્રહણ કરી હોય ત્યારે અન્ય સકળના સ્વાતંત્ર્યને પણ સ્વીકારવાનું હોય છે. હું પોતાના માટે સ્વાતંત્ર્ય માગું છું તેની સાથેસાથે વિશ્વ સમગ્રનો સ્વાતંત્ર્યનો હક સ્વીકારી લઉં છું. તું મને અને અમૃતાને હમણાં જે ઈલકાબ આપી બેઠો તેનું કારણ આ બીજી દિશામાં તું ધ્યાન નથી રાખતો એ છે. હું જોઈ રહ્યો છું કે વિવેકના અભાવે તારી પ્રતિભાનો ક્ષય થવા લાગ્યો છે. તું સાવધ નહીં થાય તો... તો... પરિણામ વખતે તારો એકમાત્ર મિત્ર પણ કદાચ આંસુ નહીં સારે.'

'પરિણામોની ચિંતા કરવાની મને આદત નથી મિત્ર !'

'કારણ કે એ પોતાનાં પરિણામોનો નિયંતા પોતાને માને છે.' આવતાં આવતાં અમૃતાએ કહ્યું.

'હું પરિણામમાં નહીં, કર્મમાં માનું છું. Self-made destinyમાં માનું છું.'

'ફકત માનવાથી ન ચાલે. પ્રતીત પણ થવું જોઈએ, અનુભવ દ્વારા.'

'મારું અનુભવ-જગત તારા કરતાં ઘણું મોટું છે. મેં દુનિયા જોઈ છે, જાણી છે. હું અનુભવેલું બોલું છું. તારી જેમ ઉછીનાં મૂલ્યોને ઉચ્ચારવામાં જીભ ઘસતો નથી. મને આ જગતનો અનુભવ થઈ ચૂકયો છે. મને એનો સારાંશ સમજાઈ ચૂક્યો છે.'

'અત્યારથી તેં સારાંશ પણ તારવી લીધો ? પોતાના માટેની આશા છોડી દીધી ?'

'એટલે, તું મને શું પૂછે છે ? હું કંઈ સંન્યાસ લેવાનો નથી.' સાંભળીને અનિકેત અને અમૃતા બંને હસી પડ્યાં.

‘એટલું જ નહીં., હું જીવવાનો પણ છું. મારી સામે પ્રલયનાં મોજાં ધસી આવતાં હશે તો એમનાથી ભયભીત થઈને બાજુ પર ખસી નહીં જાઉં, એમને જીવીશ. પ્રલયના છેલ્લા મોજાની છાલક સુધી જીવીશ અને ત્યાં સુધી તારા આ સાગરની ખારાશ પિવાશે એટલી પીતો રહીશ. હું ઉપર તરીશ, મને મોતીની કામના નથી તેથી એ સાગરમાં નીચે ઊતરવા પોતાનું સ્થાન છોડીશ નહીં. હા, એની ખારાશ પીતો રહીશ.’

અનિકેત ઊભો થયો. કબાટમાંથી પુસ્તક લઈને વાંચવા બેઠો. અમૃતા ઉદયનને સંબોધીને બોલી —

‘તને તો હળાહળ પી જનારા શંકરની કક્ષાના વિચારો આવે છે.’

’પણ હું શંકરની જેમ પ્રતિષ્ઠિત થઈને કૅલેન્ડરોમાં મારા ફોટા છપાવવા ઇચ્છતો નથી.’

‘તું કંઈ ઓછો શંકરની જેમ સ્માર્ટ છે? તું તો જાણે કે કોઈક ગોરો યમરાજ! વેજીટેબલ ઘીવાળા પણ તારા ફોટા છાપીને કશું ખાટી ન જાય.’

‘મારો કૅમેરા ખોવાઈ ગયો અમૃતા. હવે તારો વાપરવો પડશે. મુંબઈથી આવતાં આખી સૂટકેસ જ કોઈક ઉપાડી ગયું, મારો ભાર હળવો કર્યો. પેલી વાર્તા પણ ગઈ. કેમ આ સમાચાર સાંભળીને તું દુઃખી ન થઈ ?’

‘તારો કૅમેરા હવે કોઈ તારાથી સારી દૃષ્ટિવાળા માણસના હાથમાં આવે તો આનંદની વાત છે. અને વાર્તા તો આમેય કોઈ છાપે તેવી ન હતી.’

‘શું હતું વાર્તામાં ?’ અનિકેતે પૂછ્યું.

‘અરે ખાસ કંઈ નહીં, ફકત ભાષા. આખી વાર્તા નિચોવતાં એમાંથી આટલું નીકળે — એક પુરુષ અને એક સ્ત્રી. ચાલતાં ચાલતાં સાપ બની જાય છે. અને તળાવના કાદવમાં છુપાઈને અદૃશ્ય બને છે.’

'તેં કરી આપેલો અર્થ સાંભળીને તો મને વાર્તા લખવાનું છોડી દેવાનું મન થાય છે. પણ ના હું તો લખીશ જ. પેલી વાર્તાને નવ અવતાર અપીશ, જેમાં એક સાપ અને એક સર્પિણી મનુષ્યનો અવતાર ધારણ કરશે. શહેર સુધી આવી પહોંચશે. ત્યાં ડામરની સડકો પર નોળવેલની શોધ કરતા એક નોળિયાને પકડશે અને બંને જણ બે બાજુથી એને ગળવા લાગશે. તે પછી...'

'અંતથી પણ તું તો વાર્તાને આગળ લઈ ગયો.'

અનિકેતની ટીકા ઉદયને સાંભળી નહીં. અમૃતા બોલી -

'નોળિયો તો સાપ અને સર્પિણી બંનેને પહોંચી વળે. તારી વાર્તાનો અંત પ્રતીતિજનક નથી.'

'બોલી ઊઠી : પ્રતીતિજનક નથી ! અરે મુગ્ધે ! એ જ તો મારી વર્તાની ચમત્કૃતિ છે. જરા વિચાર તો કરવો હતો, ડામરની સડક પર નોળિયો નોળવેલ કયાંથી લાવે ? હવે સાપનો જ વિજય છે, સમજી ? કોઈ અકવિએ કહ્યું છે ને- સમય સમય બલવાન હૈ...'

'ચાલો હવે આ ચર્ચાનું સમાપન કરીએ. આવા હાસ-પરિહાસને અંત પણ નથી. કારણ કે એમાં સામાને ન સમજવો એ જ એકમાત્ર લક્ષ્ય હોય છે. બોલો, બાલારામ જવા સવારે કેટલા વાગ્યે નીકળવું છે ? ત્યાં સાંજ સુધી રોકાશું. બરોબર ?

'કાલની વાત કાલે. અત્યારે શું છે ?' — ઉદયન.

'મારી ઈચ્છા નથી, તમે બંને જઈ આવો. હું અહીં જ રોકાઈશ.'

'એવું ન ચાલે, નહીં તો હું તારું હરણ કરીશ. એવું ખોટું નહીં લગાડવાનું, નહીં તો મુંબઈમાં એકલી પડી જશે.'

'મુંબઈ આવું જ નહીં તો ?'

'તો શું તું એમ માને છે કે મુંબઈ અહીં આવશે ? કેવી મૂરખ છે ! હું તને પ્રસન્ન કરવાની ચાવી જાણું છું. અનિકેત, તું ગીત ગા. તારા અતિથિવિશેષ તરીકે મારી

માગણી છે કે ગીત ગા. 'અતિથિ દેવો ભવ' એ સૂત્ર તને યાદ હશે જ તેથી તું ના પાડી શકે તેમ નથી.'

'તું સાંભળશે કે સમજશે ?'

'સાંભળીને ઊંઘ આવી જાય એટલું બધું એ મધુર હોવું ન જોઈએ અને સમજતાં વૈરાગ્ય આવી જાય એટલું બધું પ્રેરક હોવું ન જોઈએ. આ શરત તું પાળશે તો હું સાંભળીશ પણ ખરો, સમજીશ પણ ખરો. પણ હા, ફકત આજનો જ દિવસ, પછી નહીં. તું જાણે છે ગીત મને સદતાં નથી.'

'તો સાંભળ, સાંભળો -

*આપો મુજને અધિક વેદના*
*એ જ આપણી પ્રીતિ.'*

ઉદયન સાંભળી રહ્યો હતો, અમૃતા સમજી રહી હતી. ઉદયનને સમજાતું ન હતું એમ નહીં, પણ એને આમાં સમજવા જેવું કંઈ લાગ્યું નહીં.

ત્રીજા પ્રહરની રાત વહી રહી હતી. ગીત પૂરું થયું ત્યાં સુધી ઉદયન શિસ્તબદ્ધ બેસી રહ્યો, પછી ઝડપથી બગાસાં ખાવા લાગ્યો. ગીત સાંભળતી વેળા એ સદા ઉદાસીન શ્રોતા બની રહે છે. એનું માનવું છે કે વર્તમાન વિશ્વમાં ગીતની રચના શક્ય નથી. તેથી ગીત લખવાં ન જોઈએ. જે લોકો ગીત લખે છે તેઓ લાગણીવશ માણસો છે. તેમને સુવર્ણયુગના પ્રતિનિધિ તરીકે જ જીવવાનો અધિકાર છે. વર્તમાન વાસ્તવિકતા સાથે એમને કંઈ લેવાદેવા નથી. ગીતમાં જો કંઈ પણ સાંભળવા જેવું હોય તો માત્ર એનો લય, જેથી ભૂતકાળની — જેનો વિનાશ થયો છે તેની યાદ આવે અને વર્તમાનથી પૂરતા હતાશ થઈ શકાય. થયા વિના આપણાથી હવે કશું થઈ શકે તેમ નથી. આજે આપણે સંશયાત્માઓ છીએ. પણ અર્જુન જેવા નહીં. એની પાસે તો પથપ્રદર્શક હતા, ગીતાકાર હતા. આપણે આપણા સંશયનો ઉકેલ સ્વયં મેળવી લેવાનો છે. ગીતાકારનું લાંબું વકતવ્ય સાંભળવાનો આપણી પાસે સમય પણ નથી. વળી, અહીં સામે ઊભેલાનો સંહાર કરવાની જરૂર પણ નથી,

જરૂર છે પોતાનામાં પ્રવેશીને કાયમ થઈ ગયેલાં મુગ્ધતા અને વ્યામોહનાં તત્ત્વોને દૂર કરવાની; જરૂર છે આરોપિત શ્રદ્ધાઓ અને સંસ્કારોનાં કવચ ઉતારી નાંખવાની. એ કવચ આપણા શરીર સાથે એકરૂપ થઈ ગયાં હોય તો એમને ઊતરડી નાંખવાનાં છે. એમને ઊતરડી નાખતાં જરાય વેદના ન થાય એવો મક્કમ નિરધાર કરીને પોતાને નિર્ભ્રાંત કર્યા વિના ચાલે તેમ નથી. સામે છે તે સકળની સંવિત પામવાનો પુરુષાર્થ કરવાનો છે. વિરોધીઓ હવે સામો પક્ષ છોડીને આપણા કોઠામાં પ્રવેશી ચૂક્યા છે. અભિમન્યુ જેવા અનેક પુરુષાર્થો સાતમા કોઠે પડી ભાંગે તો તેથી નિરાશ થઈ જવાનું નથી. સંશયનો સચ્ચાઈથી ઉકેલ નહીં શોધીએ તો વિનાશ થવાનો છે. અર્થાત્ હવે તો સાચા સંશયાત્માઓ જ જીવશે. જેનામાં સંશય છે તે જ સમસ્યાને મૂલતઃ સમજી શકશે. પોતાની જિજ્ઞાસા તુષ્ટ ન થાય ત્યાં સુધી એ મથ્યા કરશે. જે સંશયાત્મા નથી, અબોધ શ્રદ્ધાળુ છે તે તો વ્યામોહ પામીને ગુરુ કને નતમસ્તક ઊભો રહેશે. આપણે ગુરુ પાસે જવાના નથી. આપણાથી મોટો એટલે કે ગુરુ હવે કોઈ બચ્યો નથી. આપણા રક્તમાં ભળી ગયેલી પરંપરાગત અશુદ્ધિઓ કોઈ પરંપરા કે સંસ્કૃતિની પ્રેરણાથી દૂર થવાની નથી. અનેક અનુભવો થયા છતાં હીરોશીમા અને નાગાસાકીની રમત હજી કેમ રમ્યા કરીએ છીએ એ તપાસવાનું છે. કારણ કે હીરોશીમા અને નાગાસાકી આપણા વર્તમાનની સિદ્ધિઓનાં પ્રતીક છે અને એ પ્રતીક એવાં છે. જે સ્વયં ઘટના પણ છે. વર્તમાનની સમગ્ર જવાબદારી આપણે માથે છે. આ જવાબદારી જે ન સમજે તે જ ગીત રચી શકે. તે જ સીમિત લીલાક્ષેત્રમાં રમમાણ રહી શકે. આખા ગીતમાં માત્ર એક ધ્રુવપંક્તિ જ આલાપાતી હોય છે. એ આલાપ પાછળ ખર્ચવાનો સમય હવે આપણી પાસે નથી. આપણે તો પ્રત્યેક શબ્દમાં આગળ વધવાનું છે. આવર્તનો સાંભળવાથી કશું વળવાનું નથી. ગીત લખવાથી કશું બચવાનું નથી... ગીત પોતે પણ નહીં બચે. કારણ કે એ કેવળ ઉદ્‌ગાર છે, મુગ્ધ ઉદ્‌ગાર. આપણે તો વિધાન કરવાનું છે...

આ વિચારો ઉદયન પહેલાં પણ પ્રગટ કરી ચૂકયો છે. અનિકેત અને અમૃતા આ વિચારોથી વાકેફ છે. તેથી આજે મનમાં ફરી જાગી ઊઠેલા આ વિચારો એણે વ્યક્ત

કર્યા નહીં. અને એમ ન કરવા એ બંધાયેલો પણ હતો. આખું ગીત સહન કરી લેવાની એણે પહેલાંથી તૈયારી બતાવી હતી.

... વેદના માગે છે ! વેદના માગે છે કે અમૃતા ? માગવાથી તો કશું નહીં મળે. એ માટે સંઘર્ષ કરવો ઘટે. ધૂળ. હવા, અને ઝાંખરાંનું નાનું તોફાન રોકવા — રણ રોકવા નીકળ્યા છે ! એનું રણ માત્ર ભૌગોલિક છે. ભીડમાં પડછાયાઓ હોય તેવું અડાબીડ કાળું રણ માણસના હૃદયમાં ફૂંકાઈ રહ્યું છે. તેને રોકવામાં રસ નથી. જે એક અમૃતાને પૂર્ણપણે છોડી શકતો નથી તે વેદનાને શું સમજવાનો, શું પામવાનો ?... ઉદયન ઊભો થયો અને પલંગ પર જઈ બેઠો. પછી સૂઈ ગયો. અમૃતા અત્યાર સુધી સાચવી રાખેલા મૌન સાથે બાજુના રૂમમાં ગઈ. અનિકેત વાંચી રહ્યો છે.

## ચાર

જીપમાંથી સામાન ઉતારીને મંદિર પાસેની ધર્મશાળાની ઓરડીમાં મૂક્યો. જીપ પાંચ વાગ્યે લેવા આવશે. અહીં નવ કલાક જ રોકાવાનું છે ? બાલારામના નિસર્ગ સાથે પ્રથમ નજરે જ મમતા બંધાઈ ગઈ. તેથી અમૃતાને અહીંથી નીકળવાનો સમય નક્કી થઈ ગયો તે ગમ્યું નહીં. એનો અનુભવ છે કે જ્યાં ઓછું રોકાવાનું હોય તે સ્થળ સાથે જલદી મમતા બંધાઈ જાય છે. પછી ભલે એ પાલનપુર હોય કે બાલારામ.

ધર્મશાળાથી નદીના ઢોળાવ તરફ ત્રણે જણ વળ્યાં. અમૃતા સહુની આગળ હતી. એ ઊભી રહી. ડાબી તરફની ભૂમિ પર દોઢેક ફૂટ ઊંચું લીલુંછમ ઘાસ પોતાની પાંદડીઓ પર ટકાવી રાખેલાં રમ્ય ઓસબિંદુઓ દ્વારા અમૃતાને આકર્ષી રહ્યું. ઉર્દૂ કવિઓ આ જળબિંદુઓને 'શબનમ' કહે છે, અને કહેવાનું સૂચવે છે. અમૃતાને શબનમની ચમક સાથે પ્રીતિ છે, એની ક્ષણિકતા માટે લાગણી છે, એના આકાર સાથે આત્મીયતા છે. શિશુના અશ્રુ જેવો શબનમનો આકાર એને સદા નિર્દોષ ને નિર્મલ લાગ્યો છે. એણે ઘાસનું નામ પૂછ્યું. અનિકેતે કહ્યું કે એને 'ચીડો' અથવા

'ચીયો' કહે છે. પાણી હોય તો એ ગમે ત્યારે ઊગી શકે છે. અમૃતા રસ્તો મૂકીને એ ઘાસ વચ્ચે જઈ ઊભી હતી તેથી એણે ઘાસ સાથે અંતર અનુભવ્યું. એ બેસી ગઈ. સફેદ સુરવાલને અડતાં જ કેટલાંક ઓસબિંદુ વસ્ત્રના તારેતારમાં ત્વરાથી એકરૂપ થઈ ગયાં. અનિકેતે કૅમેરા ખોલ્યો. કૅમેરાના લેન્સમાં દેખાતી અમૃતાને એના પરિવેશ સાથે જોઈ રહ્યો. ઘાસની પાંદડીઓ પરથી ઉપાડીને શબનમને એ પોતાની હથેલીમાં ગોઠવવા લાગી હતી. એક, બે, ત્રણ... દરેકનું વ્યક્તિત્વ સચવાઈ રહે એ અંગે પૂરતી કાળજી રાખતી હતી. એક શબનમનું અમૃતાના હાથમાંથી સરકી જવું અને એનું એકાએક 'ઓહ્' બોલાઈ જવું અનિકેતે કૅમેરાના કાચમાં જોયું. ઉદયનનું અડધું શરીર પણ દેખાયું. એ અમૃતાની નજીક જઈ રહ્યો છે. એક છબી ખેંચી લીધી. ઉદયન નીચો નમ્યો. એણે ધીરેથી અમૃતાની હથેલી નીચે પોતાની હથેલી ગોઠવી અને ઘાસ પર ઘૂંટણ ટેકવીને બધાં ઓસબિંદુઓને પી ગયો. અનિકેતે કળ દાબી અને ગતિશીલ છબી ઝીલી લીધી.

ઉદયન ઊભો થયો. અમૃતા ફરીથી ઓસબિંદુ વીણવા લાગી હતી એને હાથથી પકડીને ઊભી કરી. પછી સરળતાથી એના ખભે હાથ મૂકીને બોલ્યો —

'યસ સર, રેડી !'

અનિકેતે ત્રીજી છબી લઈ લીધી.

કયા કયા પોઝ ઝિલાયા છે તે જાણીને ઉદયન ખુશખુશાલ થઈ ગયો. એ એકાએક ગાજી ઊઠયો.

'દસ્તાવેજી પુરાવો'

'શેનો ?'

'પ્રેમનો.'

'છટ્, નાદાન.'

અમૃતાએ એવો તો ધક્કો માર્યો કે પોતાને પડતો બચાવવા ઉદયનને ઢાળ તરફ કૂદવું પડ્યું. સામેથી સ્નાન કરીને આવતા એક ભલા માણસને એ ભટકાઈ પડયો. બધાં હસી શક્યાં.

અનિકેતે જોયું કે અમૃતાએ ઉદયનને ધક્કો માર્યો તેમાં ઘૃણા તો ન જ હતી. તો શું હતું ? એણે અમૃતાના મુખ સામે જોયું. હાસ્યની નિશાનીઓ હજી ભૂંસાઈ ન હતી. પંજાબી વેશભૂષામાં એનું લાવણ્ય ખીલી ઊઠ્યું હતું એનું અંગસૌષ્ઠવ વ્યકત થતું હતું. એ વેશભૂષામાં પણ એણે અમૃતાની અભિરુચિનો સ્પર્શ જોયો. શ્વેત રંગ, કટમાં નાવીન્ય. આ પરિધાનમાં એ કંઈક નાની લાગતી હતી. નારી જાણે કન્યા બની ગઈ હતી. સિલાઈ કરનારે કયાંય અવકાશ છોડ્યો ન હતો. વસ્ત્ર જાણે કે વક્ષને રૂંધતું હતું અને એના જવાબ રૂપે વસ્ત્ર નીચેનો પ્રફુલ્લ વસંતનો વૈભવ પોતાનું વ્યકતિત્વ વધુ તીવ્રતાથી પ્રગટાવતો હતો. બાલારામની સઘન વનરાઈની પાર્શ્વભૂમિમાં સંચરતી શ્વેતવસ્ત્રાવૃતા કદમ કદમ પર અભિનવ સ્પંદ જગાવી રહી હતી, જે સ્પંદ એક હૃદયમાં સ્વપ્નિલ માધુરીરૂપે અને અન્ય હૃદયમાં જલદ તીખાશરૂપે જાગતો હતો. એક જ નિમિત્તનાં બે પરિણામ — એક આલંબનવાળા સ્પંદના આ દ્વિવિધ રૂપાંતરથી અમૃતા સાવ અજ્ઞાત હોય તેવું તો ન બને. પરંતુ અત્યારે પોતાની ગતિને એ રોકી શકે તેમ ન હતી.

ત્રણે જણ નદીતીરે આવીને ઊભાં રહ્યાં. નદીના બાંધેલા કાંઠાને જોઈ રહ્યાં નદીને જોઈ રહ્યાં, નદીને એટલે કે ગતિશીલ જળને જોઈ રહ્યાં. ઊભાં હતાં ત્યાંથી થોડે દૂર પૂર્વ તરફ નદી વચ્ચે એક બંધ બાંધેલો હતો. બંધ મોટી દીવાલ જેવો હતો. એની વચ્ચેના ભાગમાં રોકાતા જળને આગળ જવા માટે માર્ગ કરી આપવામાં આવ્યો હતો. ત્યાંથી નાનો સરખો ધોધ પડી રહ્યો છે તેવું લાગતું હતું. આખી નદીની અવરોધ પામેલી ગતિ ત્યાં દોડી આવતી હતી.

અત્યારે આ નદીનો યૌવાનકાળ વહી રહ્યો છે. પૂર્વમાંથી વહી આવતો એનો પ્રવાહ અહીં ઊભાં ઊભાં પણ દૂર સુધી દેખાય છે. અહીં આવીને નદી દક્ષિણ કાંઠે બાંધેલા વળાંકને સ્પર્શતી વાયવ્ય દિશામાં વળી જાય છે. બંધની પૂર્વ તરફ જળની

સપાટી ઊંચી અને પશ્ચિમ તરફની સપાટી નીચી, દક્ષિણ કાંઠે વક્રાકારે બંધાયેલો, બંને બાજુ વૃક્ષો અને વિવિધ વનસ્પતિનો વૈભવ. અમૃતાને લાગ્યું કે આ સ્થળ પ્રાકૃતિક સૌંદર્યનું દૃષ્ટાંત છે.

ઉદયનની નજર ઉત્તર-પશ્ચિમ ક્ષિતિજની આ બાજુ ફરી રહી હતી. વાયવ્ય દિશામાં નદી નજીક એને એક ઈમારત દેખાઈ. એ અંગે એણે તરત પૂછી લીધું અને જાણ્યું કે એ તો મહેલ છે. કહેવાય છે કે કોઈ નવાબે બંધાવ્યો હતો. નવાબોના ઉલ્લેખ માત્રથી ઉદયન અકળાતો હોય છે.

'આવાં સ્થળોએ પણ એ લોકો ડખલ કર્યા વિના રહ્યા નથી. નિસર્ગ-નિર્મિત શાંતિમાં આવું વ્યવધાન ઊભું કરવાનો એમને શો અધિકાર હતો? અહીં પણ વિલાસની સામગ્રી?'

એ તરફનાં ઘટાદાર વૃક્ષોની ડાળીઓ પર ટકી રહેલ જૂના માળાઓમાં અનાઘ્રાત કળીઓના ચિત્કાર ઝૂરતા હશે. એને લાગ્યું કે મદિરાપાત્રના રણકાર એ મહેલનાં ઝુમ્મરો નીચે હજુ પણ હિજરાતા હશે. એ બોલ્યો —

'એ મહેલ ખંડિયાર હોત તો હું એને જોઈને આનંદ પામત.'

'એક સુંદર રચનાને નાશ પામેલી જોવામાં તને આનંદ થાત?'

'વિલાસનાં સાધનોને હું સુંદર કહેતો નથી. કોણ જાણે આજે પણ એ ઈમારતનો શો ઉપયોગ થતો હશે?'

'તારી સાશંક દૃષ્ટિને એવું જ સૂઝ્યું કરશે.' અમૃતાએ કહ્યું.

'એના વ્યવસ્થાપકો ભલા છે. માગણી કરવાથી રહેવાની વ્યવસ્થા કરી આપે છે.'

'તમારે લોકોએ એવી વ્યવસ્થા મેળવવી જોઈએ. પ્રકૃતિસૌંદર્યનું રસપાન પણ કરી શકો અને એશઆરામની સગવડ પણ મેળવી શકો. હું તો આવાં સ્થળોએ નદીની ભીની રેતમાં કે કોઈ પથ્થરની બરછટ છાતી પર પડી રહેવાનું વધુ પસંદ કરું. હું તો પ્રકૃતિને જોઈને આદિવાસી બની જાઉં છું.'

'તેં તારા વિશે કહ્યું તે પણ ખોટું અને અમારા વિશે કહ્યું તે પણ ખોટું.' અમૃતાએ વિશ્વાસપૂર્વક કહ્યું અને વૃક્ષના થડને અઢેલીને ઊભી રહી.

ઉદયને બુશશર્ટ કાઢ્યું, પેન્ટ પણ. ગંજી અને નાનીશી ચ ીમાં એણે પોતાને એકવાર જોઈ લીધો. થોડાંક ડગલાં પાછો ગયો અને જોરથી નદી તરફ દોડ્યો. એ કિનારા સુધી પહોંચે તે પહેલાં તો અનિકેત વચ્ચે આવી ગયો. રોકાવું પડયું.

'અહીં તો નીચે બહુ પાણી નથી. કોઈ પગથિયા સાથે અથડાઈશ તો તારી ચિતાની સામગ્રી લેવા માટે મારે પેલા મહેલ ભણી જવું પડશે, જે તને ગમશે નહીં.'

'જે માણસો ડરે છે તે બીજાઓને પણ ડરાવે છે.'

'ના, જે માણસ સુરક્ષા ઇચ્છે છે તે બીજાની સુરક્ષાની પણ કાળજી લે છે.'

'જે માણસ પોતાને યથાર્થભાવે ચાહે છે તે બીજાની જિંદગીને પણ ચાહે છે.'

અમૃતા આટલે જ ન અટકી —

'એક ઉદયન જ એવો છે જે કેવળ આત્મરત છે.'

'હું તને ચાહું છું અમૃતા ! અલબત્ત, તને ચાહવી એ પણ મારો એક પ્રકારનો આત્મરાગ જ છે. આ નદી અને એના કિનારાની સાક્ષીએ આ એકરાર કર્યો છે તેથી હવે મને સ્નાન કરવા માટે અહીંથી કૂદવાની છૂટ મળવી જોઈએ. જેનો એકરાર કર્યો છે તેના ઉપર નાહી નાખું.'

'આમ પૂર્વ તરફ ચાલ. જો, પેલા તટ-સ્થ વૃક્ષ નીચે કપડાં મૂકવાની અનુકુળતા છે.'

'તમે બંને કિનારે રહેશો ?'

'પ્રવાહમાં પ્રવેશવાની અમૃતાની ઇચ્છા છે કે નહીં તે હું નથી જાણતો.'

'હું પણ અહીં જ બેસું છું.'

એ ઘાસ પર બેઠી. તરણાં એના હાથનો સ્પર્શ પામીને સ્પંદિત થઈ ઊઠ્યાં. એણે જોયુંઃ વૃક્ષની આહ્‌લાદક છાયા વચ્ચે ક્યાંક ક્યાંક પ્રવેશ મળવાથી તડકો કોમળ

બની ગયેલો છે. ભૂમિ ઘાસ બનીને મહોરી ઊઠી છે. ઊંચાનીચા ઘાસ પર તેજ-છાયાનું મિલન આંખોને રોકી રાખે છે. આ હરિત સૃષ્ટિમાં અનિકેત પોતાની હયાતીથી અભાન લાગે તેમ બેઠો છે, અદબથી હાથ વાળીને બેઠો છે. હા, લીલવર્ણી પ્રાણમયતા વચ્ચે એ તેજના ટાપુ જેવો લાગે છે. એની આંખોમાં તૃપ્તિપ્રદ દર્શન પછી જાગતી શાંતિ છે. એની ઢળેલી પાંપણો પર નિઃસ્પૃહા અંકિત થઈ ઊઠી છે.

અમૃતાને ઘાસ પર ઢળી પડવાનું મન થયું. પણ એ અજુગતું લાગશે એ વિચારે ભૂમિ પર હાથની કોણી ટેકવીને, હથેલી પર મુખ ટેકવીને વિસ્તારથી બેઠી, સૂઈ ન ગઈ.

નદીના પ્રવાહ સાથે તોફાન કરતા ઉદયનને દસેક મિનિટ જોઈ રહ્યા પછી અનિકેત બોલ્યો —

‘પેલા બંધ વચ્ચેથી વહેતા ધોધ જેવો લાગે છે આ માણસ.’

‘ધોધ જે નિર્મલ નથી અને નિકટ ભવિષ્યમાં જેની નિર્મલતા કલ્પી શકાય તેમ નથી.’

‘નિર્મલતાની વાત તો ખરી, પરંતુ ગતિનું ગૌરવ ઓછું આંકી શકાય તેમ નથી.’

‘ગતિ જે દિશાશૂન્ય છે.’

‘એ દિશાને સંજ્ઞા આપવા માગતો નથી એટલું જ, બાકી દિશા વિના તો ગતિ સંભવે જ કેમ કરીને ?’

‘હું.’

શ્વેત દુપટ્ટો ઘાસ પર મુકાયેલા અનિકેતના ડાબા હાથ પર આવી ચડ્યો. ઘડિયાળ ઢંકાઈ ગયું. સેકંડ કાંટો જોઈને પ્રમાણાતી સમયની ગતિને ઢાંકવા આવી ચડેલું એ મુલાયમ આવરણ અનિકેતનું ધ્યાન ખેંચી રહ્યું. એણે નજરને ફરીથી નદી તરફ વાળી. દીવાલ જેવા એ નાના બંધ પર ઉદયન ચાલી રહ્યો હતો. પશ્ચિમ તરફના પાણીની નીચી સપાટી પર એનો પડછાયો તરવરતો હતો. ધોધ પાસે જઈને એ

કૂદ્યો. સ્પ્રિંગનો ધક્કો વાગતાં સરકસનો ખેલાડી કૂદે એટલી સહજતાથી એ કૂદ્યો. થોડી વાર સુધી દેખાયો નહીં. અમૃતા બેઠી થઈ ગઈ. અનિકેતના હોઠ પર સ્મિત ફરક્યું. એ અમૃતાએ જોયું. ઉદયન હજી દેખાયો નહીં. અમૃતા ઊભી થઈ. દુપટ્ટાનો છેડો અનિકેતનાં ચશ્માંની ફ્રેમને સ્પર્શતો ઊંચે ગયો. અનિકેત જાણે છે કે ઉદયન તો છેક નીચે પહોંચી ગયો હોય તોપણ આ બંધને ભેટું મારીને તોડીને આ બાજુ નીકળી આવે એવો છે. આટલા પાણીમાં એ ખોવાય એવો નથી. તે દિવસ જૂહુના તોફાની દરિયા સાથે એ જે રીતે વર્ત્યો છે તે ભૂલ્યું ભુલાય એમ નથી.

'અરે ! કેટલે દૂર નીકળી ગયો ! અડધા ફર્લાંગ જેટલું અંતર એણે પાણીમાં જ કાપ્યું. મેં તો નિરાશ થઈને દૂર જોયું અને એ ત્યાં દેખાયો !'

ઉદયન પહોંચ્યો હતો તે ભાગમાં નદી વચ્ચે નાનીમોટી અનેક શિલાઓ પડી હતી. એક શિલા પર બેસીને ઉદયન તડકો ખાવા લાગ્યો હતો. એને નવાઈ લાગી — મને જોવા અમૃતા ઊભી થઈ છે! હસતા મોંએ એ એને જોઈ રહ્યો. પણ એટલે દૂરથી તો માત્ર શરીર ઓળખાય. ચહેરા પર અંકિત થયેલી હાસ્યની રેખાઓ ન દેખાય એ ખ્યાલ આવતાં એણે હસવાનું બંધ કર્યું.

ઉદયન દેખાયો તે પછી એ જલવિસ્તાર વચ્ચે અમૃતાની દૃષ્ટિને કેન્દ્ર મળ્યું હતું. એ કેન્દ્રની ચોતરફ ચમકતું જલ અને એ જલની ફરતે લહેરાતો પ્રકૃતિસભર પરિવેશ અમૃતાની આંખોમાં સમગ્રપણે સમાવેશ પામ્યો.

પણ ઉદયને કેન્દ્ર તોડ્યું. એ સામા પ્રવાહે તરતો તરતો આવી રહ્યો હતો. અનિકેતે નોંધ લીધી કે ભાઈસાહેબ કેવળ નિજાનંદ માટે જ આ પ્રવાહ સાથે સ્પર્ધા કરી રહ્યા નથી. છાપ પાડવા એનું ચિત્ત અજ્ઞાતપણે પ્રવૃત્ત હોય તો નવાઈ નહીં. જે હોય તે. અનિકેતને વિજયી થવા મથતા માણસનો ઉદ્યમ જોઈને આનંદ થાય છે.

'હે તટસ્થ દર્શકો, આવી જાઓ. આ પ્રવાહ વહી જાય છે. એમાં પ્રવેશ્યા વિના, જે વહી જાય છે તેનો ખ્યાલ નહીં આવે. જોવાથી તો તમને માત્ર તરલ સપાટી દેખાશે. ગતિને તો જોઈ શકાતી નથી, અનુભવવાની હોય છે. તેથી મારા આમંત્રણનું

સ્વાગત કરો. તમે તણાઈ નહીં જાઓ તેની હું મારી ઉદ્દંડ ભુજાઓ વતી ખાતરી આપું છું. અને આ નદીના ધીર કિન્તુ મગરૂર પ્રવાહ વતી તમને પડકાર આપું છું. તમે કેવળ મૌનથી જ પ્રતિકાર કરશો અને મારું આમંત્રણ નહીં સ્વીકારો તો હું માનીશ કે તમે લોકો જિન્દગીથી બચી બચીને ચાલવા માગો છો.'

'અમૃતા, આપણા વતી જવાબ આપો.'

'એક જિન્દગી કિનારાની પણ હોય છે જે વહી જનારને આર્દ્ર નજરે જોઈ રહે છે.'

'લે. તારી નજરને બરોબર આર્દ્ર બનાવું.'

નજીક આવીને અમૃતાના મોં પર પાણી છાંટ્યું. એની છાતી પણ ભીંજાઈ ગઈ.

'હે દુષ્ટ, આ કંઈ કાલિન્દી નથી.'

'પણ જરા નેત્ર વિસ્ફારિત કરીને નીરખ, સામે પલાશવાન છે અને તારા માથે કદંબની નહીં તો બીજા કોઈ વૃક્ષની છાયા છે. એ વૃક્ષનું નામ... અનિકેતને પૂછી જો. એ વૃક્ષોને વધારે ઓળખે છે.'

'આ અર્જુન વૃક્ષ છે.'

પાછળના વૃક્ષની ઊંચાઈને આંખોમાં સમાવવા જતાં અમૃતાનો ચહેરો આકાશોન્મુખ થયો. એ તકનો લાભ લઈને ઉદયને પાણી છાંટ્યું.

'તને એક વાર તો કહ્યું. પાણી ન છાંટ. આમ છોકરમત શું કરે છે ?'

પોતાને બચાવવા એણે બાજુમાં પડલાં ઉદયનનાં કપડાં હાથમાં લઈને આગળ ધર્યાં. એ યુક્તિ પણ કારગત ન નીવડતાં ઉદયનના પેન્ટમાંથી સિગારેટ કેસ ખોલીને આગળ ધર્યું.

'એ પ્લીઝ, એમાંથી એક સિગારેટ મારા મોંમાં મૂક ને !'

'લે.'

અમૃતાએ આખું સિગારેટ-કેસ ખુલ્લું ઉદયન તરફ ફગાવ્યું., કૂદકો મારીને એણે પકડી લીધું. એકે સિગારેટ પાણીમાં પડી નહીં. સિગારેટો પર એક રેશમી સૂત્રનું બંધન હતું. પોતાની ભીની આંગળીઓની છાપ સિગારેટો પર પડી એ જોઈને ઉદયન ગુસ્સે થયો.

અનિકેતે પ્રવાહમાં પગ મૂકયા હતા. એ સ્નાન કરવા આગળ વધી રહ્યો હતો.

ઉદયન કિનારે ગયો. નાસવા માગતી અમૃતાને પકડી પાડી. પાણી નજીક લાવીને એણે અમૃતાને ક્રૂર ધક્કો માર્યો.

અનિકેત ઊંડા પ્રવાહ સુધી પહોંચી ગયો હતો. એનો સ્કંધપ્રદેશ પણ જળમાં પ્રવેશી રહ્યો હતો.

ઉદયનના ધક્કા સાથે જ અમૃતાએ કૂદકો લીધો, નહીં તો એ કદાચ પાણી પર એ રીતે પટકાત કે એની છાતી પર પાણીની સપાટી સખત વાગત. એ પોતે લીધેલા કૂદકાથી બચી ગઈ એટલું જ નહીં એને એક આકસ્મિક લાભ મળ્યો. એના હાથને અનિકેતની પીઠનો આધાર મળ્યો. એના હાથ હારની જેમ વીંટળાઈ ગયા.

'આ શોભાસ્પદ ન કહેવાય, ઉદયન ! કોઈ અજાણ્યું માણસ જુએ તો તારા વર્તનની આ અરુચિકર વિચિત્રતા જોઈને વ્યગ્ર થઈ જાય.'

અનિકેતને વીંટળાઈ વળેલી અમૃતાને જોઈને મોં નીચું કરીને એ બોલ્યો —

'આ બધા રોમાંચક પ્રસંગો આપણા લગ્નજીવનમાં જડતા આવશે તેવા સમયે યાદ કરવા ખપ લાગશે.'

'હજુ તું જોઈ શકતો નથી ? જો આંખો ફાડીને જોઈ લે. સ્પષ્ટ શબ્દોમાં સાંભળી લે. હું અનિકેતને ચાહું છું, અનિકેતને જ, તને નહીં.'

અને એટલું બોલતાંની સાથે જ આવેશવશ એણે અનિકેતના ખભા પરથી મુખ આગળ લીધું અને એના જમણા ગાલ પર ચુંબન કર્યું. એ ક્રિયા એટલી સત્વર થઈ કે એને પહોંચી વળવા નારીસુલભ લજ્જાની ગતિ પણ ઓછી પડે.

પોતાના પ્રતિભાવ છુપાવવા અનિકેતે પાણીમાં ડૂબકી મારી. અમૃતાનો ચહેરો જલ બહાર રહી ગયો. કમળ જલ બહાર દેખાતું હોય છે એ કારણે એની અમૃતાના ચહેરા સાથે સરખામણી થઈ શકે નહીં. એટલું તો નદીના બંને કાંઠાની વનરાઈ પણ કબૂલ કરે, જેની કુંપળે કુંપળ અમૃતાના હોઠની જેમ હમણાં સ્પંદિત થઈ ઊઠી હતી.

દૂર જઈને તરી રહેલો અનિકેત ગંભીર સ્વરે બોલ્યો —

‘બોલવામાં બહુ ઉતાવળ થઈ ગઈ અમૃતા. બોલાઈ ગયેલું ફેલાઈ ગયું હોય છે, એને પાછું ખેંચી શકાતું નથી. તેથી પછી વિચારશૂન્ય જાહેરાતને યાદ કરી કરીને રિબાવું પડે છે. તમે આ પ્રકૃતિની સાક્ષીએ પ્રતિક્રિયાને વશ થઈ જઈને તમારું જ અપમાન કર્યું છે. ઉદયન તો તમારો આ પરાભવ જોઈને હવે વધુ ખુમારીથી વર્તશે.’

‘એક તોફાનને તમે વધુ પડતું મહત્વ આપ્યું અનિકેત. એ માટે તમે અફસોસ કરો એ હું સમજી સકું છું. પણ એક વાર જે બોલી ગઈ છું, જે વર્તી બેઠી છું તે માટે સહન કરવાનું હશે તો સહન કરીશ. તમને ખાતરી આપું છું કે એનું પુનરાવર્તન નહીં કરું. હું જાણું છું કે તમે મારાથી વધુ ઉદયનને ચાહો છો.’

‘હું એ માનવા તૈયાર નથી. એ મારાથી વધુ પોતાના વિચારોને ચાહે છે. હું આશા રાખું છું કે એ પોતાના વિચારોને જીવી બતાવશે.’

અનિકેત સામા કિનારા તરફ ખસી રહ્યો હતો. ઉદયનને સાંભળ્યા પછી એને ઉત્તર આપવાની જરૂર ન લાગતાં એ દૂર ખસી ગયો.

ઉદયને અમૃતા સામે જોયું. અમૃતાની પલકો ઝૂકી પડી. એમ થવામાં નારાજગી હતી, શરમ હતી કે વિવશતા હતી તે સમજાયું નહીં.

‘અમૃતા, આ પ્રકૃતિના નિર્દોષ સાહચર્યનો અનાદર કરીને, દૂર ખસેલા છતાં ઉપસ્થિત લાગતા અનિકેતને અવગણીને, સૂર્યના તેજની ઉપેક્ષા કરીને મારું પુરુષત્વ — મારું તિરસ્કૃત અસ્તિત્વ એના અંતર્ગત જ્વાળામુખીનો વિસ્ફોટ ઈચ્છે છે. તારી ખુમારીભરી સ્વાધીનતા અત્યારે મારા માટે અસહ્યા થઈ ઊઠી છે. બાહુપાશમાં

ભીંસી દઈને તારી મરજાદી નિર્ણયશકિતને ચૂર્ણ કરવા માગતો મારા રકતનો વેગ આ નદીના જળથી સાવ અસ્પૃષ્ટ બની ગયો છે... તું દૂર ખસી જા, નહીં તો તારા વક્ષમાં આજ લગી સંગોપિતા રહેલી સુધાને મારી આગ એક ક્ષણમાં કાલકૂટ બનાવી દેશે. તારા સ્નાયુઓ પરથી તારું નિયંત્રણ ચાલ્યું જશે... ઓહ !... તને મુગ્ધા માનીને આ પહેલાં અનેક પ્રસંગોએ તને બચાવી રાખવામાં મેં કેવી ભૂલ કરી છે ? તારી ચંચળતાથી ગુંજતા અનેક પ્રસંગોએ મેં મારી કામનાઓને કેટલી નિયંત્રિત રાખી છે એ કદાચ તું જાણતી નહિ હોય. તારા અનેક નિખાલસ સ્પર્શને મેં ધારી દિશા આપી હોત પણ નારીની મુગ્ધતાનો લાભ લેવામાં હું પોતાને અપ્રામાણિક લાગીશ એ ભય હતો... મેં અનિકેતને પણ આપણા સંબંધોનું રહસ્ય જલદી જણાવ્યું નહીં, કદાચ મારો અહં મને નરડ્યો. પરંતુ યાદ કરી જો તારા એ સંધિકાળના ભોળા આવેગોને, એ પરિસ્થિતિમાં આજે પોતાને મૂકી જો, અને પછી જે માટે તું સજ્જ થઈ છે તે — મારી ઉપેક્ષા કરવાની હિંમત કરી જો. હું મારા સંવેદન સાથે નથી વર્ત્યો એટલી નિષ્ઠાથી તારી સાથે વર્ત્યો છું... હું પણ પેલાં બધાં જીર્ણ સુભાષિતો જાણું છું — સાચો પ્રેમ નિરપેક્ષ હોય છે. સાચો પ્રેમ ત્યાગપરાયણ હોય છે. પણ પ્રેમની આજુબાજુ 'સાચું' કે 'નિરપેક્ષ' કોઈ વિશેષણ શોભતું નથી. વિશેષણો ઘણાં વાપર્યાં પણ એ શબ્દ બચી શકયો નથી. એને ફરીથી અર્થ આપવાનો છે. તું એમ કરી શકે એટલી જાગ્રત થાય એ હું ઇચ્છતો હતો. આજે હું તારો ત્યાગ કરવાનું સામર્થ્ય ધરાવું છું પણ ત્યાગ કરીને પ્રેમનો શહીદ થવાની શુભાકાંક્ષા મને ઘેલછા લાગે છે અને પ્રથમ દૃષ્ટિને પ્રેમ માનીને સમર્પણ કરવું એ પણ એક ઘેલછા છે. હવે હું તારો ત્યાગ કરું તે આજ લગી તારા કૌમાર્યને બચાવી રાખવામાં મેં જે ત્યાગ કર્યો છે તેની તુલનામાં કંઈ નથી, અને છતાંય આત્મગૌરવની કોઈ તીવ્ર ક્ષણે તને સદા માટે છોડી દેવાની વૃત્તિ જન્મે છે. પણ હું એમ કરું એમાં તારું હિત નથી... મુશ્કેલી એ છે કે હું હોઉં અને અનિકેત તને અપનાવે એ સ્થિતિ ઊભી થવાની શક્યતા નથી. શક્યતા એક જ સ્થિતિની છે. અને તે એ કે તું એકલી હોય... એમ હોવું ખોટું છે એમ હું કહેતો નથી. કેટલીક સ્ત્રીઓ મૃત્યુની ક્ષણ સુધી એકલતા જીરવી શકે છે પરંતુ એ જુદી સ્ત્રીઓ હોય છે.

તારું એ ગજું નથી... હું મજબૂર હતો અમૃતા, આ કડવી વાત મારે તને કહેવી પડી. વહેલીમોડી એ કહેવી પડે એમ હતી. આજે તેં જ એ માટે તક ઊભી કરી. તું મારી નજરે પોતાને જોઈ શકે તો સમજી શકે કે એક સુંદર નારીના મુકત સાંનિધ્યમાં પોતાને નિયંત્રિત રાખવામાં કેવો મોટો પુરુષાર્થ કરવો પડે તેમ હતો. પોતાને નિયંત્રિત રાખીને તારી સ્વાધીનતાને વિકસાવીને તારા નિર્માણમાં મેં શો ફાળો આપ્યો છે તે અંગે વિચારી જો. વિચારી શકશે તો જણાશે કે તું જેને નાસ્તિક કહીને ચીડવે છે તેના અંતરંગમાં કેટલું વિધેયાત્મક બળ પડયું છે. પણ આ યુગ જ કંઈક એવો છે કે પોતાના વિશે વાત કરવી જ પડે છે. કોઈને બીજાનામાં પડી નથી... તને તારા નારીત્વની નિર્ભ્રાન્ત પ્રતીતિ થાય અને મારી મૈત્રીની અનિવાર્યતા તું સ્વસ્થ સમજ દ્વારા પ્રમાણે તેવી સ્થિતિ સર્જાય તે પછી જ આપણે જોડાઈએ એમ મેં માન્યું હતું. પણ ખેર, તારી મુગ્ધતા ચિરંતન નીકળી. મેં એની અવહેલના કરવા માંડી તે પછી એણે અનિકેતનો સૌમ્ય આશ્રય ગ્રહણ કર્યો. અને અનિકેત મુગ્ધતાને દોષ માનતો નથી. મુગ્ધતાને એ શ્રદ્ધાની જેમ વિધેયાત્મક માને છે. અનિકેત મારો મિત્ર ન હોત તોપણ કેવું સારું ! મારી ધૃતિને કારણે ઊભી થયેલી સમસ્યાનો અંત આવી ગયો હોત. અનિકેત તને નહીં સ્વીકારી શકે. હું તને ભૂલી નહીં શકું.'

છેલ્લું વાક્ય એણે કિનારા તરફ વળીને પૂરું કર્યું હતું. પાણી બહાર નીકળીને અમૃતાના દુપટ્ટાથી પોતાનું શરીર કોરું કર્યું. ટુવાલ ન હતો. એક તરફ ઝાડીમાં જઈને એ કપડાં બદલી આવ્યો. ગંજી અને ચ ી નિચોવીને સૂકવ્યાં. ધર્મશાળાની ઓરડીમાં જઈને ટુવાલ અને અમૃતાની બીજી સામગ્રીવાળી થેલી લઈ આવ્યો.

અમૃતા ઉદયનને સાંભળી રહી હતી ત્યારે પ્રતિપળ એની તરવાની શકિત ક્ષીણ થઈ રહી હતી. પોતે આ પ્રવાહમાં તણાઈ જશે કે શું, અને એની પણ પોતાને`ખબર રહેશે કે નહીં... ઉદયન સાંભળવા સહેજ પણ તૈયાર લાગતો ન હતો. એ બોલ્યે જ ગયો. અમૃતા કંઈ પણ બોલે તેની ઉદયન જાણે જરૂર જોતો ન હતો. અને એ બોલી રહ્યો ત્યારે તો વિમુખ થઈને ચાલ્યો ગયો.

હવે એ કિનારે બેઠો હતો. શું જોતો હતો ? કંઈ નહીં. 'કંઈ નહી.' ને જોતો હતો. એક પછી એક સિગારેટ ફૂંકયે જતો હતો. બહાર નીકળવાની અમૃતા ઇચ્છા કરી શકતી ન હતી. પ્રવાહમાં પોતાને ટકાવી રાખવાનું ભૂલીને વહી જવાય એમ વહી જવાની વૃત્તિ જાગતી હતી. પરંતુ એમ પણ કરી શકતી ન હતી. ઉદયન કિનારેથી ખસીને દૂર ચાલ્યો ગયો. વનરાઈ પાછળ અદશ્ય થઈ ગયો. તે પછી અમૃતા બહાર નીકળી.

ત્રણ કલાક પછી. એ ત્રણ કલાક માત્ર વીતેલા છે, જિવાયેલા નહીં.

પોતાનાથી કંટાળેલો ઉદયન જાગૃતિને સદંતર લોપીને વિસ્મૃતિના નશામાં ડૂબી જવા મથતો હતો.

અનિકેત માનસિક અવસ્થામાંથી માર્ગ શોધીને કાગળ પર વક્રસીધી રેખાઓ દોરી રહ્યો હતો.

અકલ્પ્ય દુર્ઘટનાથી માણસ કશુંક ગુમાવે અને પછી ગુમાવેલાને અનુભવતું રહે એ સ્થિતિમાં મુકાયેલી અમૃતા બેઠી હતી તે સ્થળેથી ત્રણ વાર ઊભી થઈ હતી. એ ત્રણે વાર દૂર છતાં સામે બેઠેલા ઉદયનનાં ગોગલ્સમાં અમૃતાનું પ્રતિબિંબ પડયું હતું. ગોગલ્સ સ્થિર હતાં. ગોગલ્સ પાછળની આંખો ખુલ્લી હતી.

સ્થિરતા અને જડતા વચ્ચે પણ કોઈક સ્થિતિ હોવી જોઈએ. ઉદયનને એ સ્થિતિમાં મૂકી શકાય. અલબત્ત, આ ક્ષણે પણ એ પોતાના સમગ્ર ઇંદ્રિયબોધ સાથે ઉપસ્થિત હતો. ભેદ એટલો જ હતો કે એને જે બોધ થઈ રહ્યો હતો તે પ્રત્યક્ષ સૃષ્ટિનો ન હતો, સ્મરણશેષ સૃષ્ટિનો હતો. ઘણા સમય પછી આજે એ આટલા નિબિડ ભાવે સ્મરણને વશ થયો હતો. એના પિતા કહેતા — ઉદયન નાનો હતો ત્યારે એકલો રહેતો. કોઈની સાથે રમતો નહીં. તેથી એ કોઈની સાથે લડતો નથી. કોઈની સાથે એણે મારામારી કરી હોય તેવું બન્યું, હોય તોપણ એમની જાણમાં ન હતું. ઉદયનની મા કંઈક જુદું કહેતાં — એના મનમાં સદા હરીફાઈનો ભાવ રહે છે. તેથી જ એ પહેલે નંબરે પાસ થાય છે. પણ તેથી કરીને આ કંઈ ભણતર કહેવાય ? છોકરું સહુમાં હળેભળે બીજાને અનુકૂળ થતાં શીખે તેમાં જ એનું ખરું ભણતર છે.

આ પહેલાબીજા નંબરની પ્રથા બહુ ખરાબ છે. ઉદયનની માની તબિયત સારી ન રહેતી. એમને હિસ્ટીરિયા હતો. એ સુશિક્ષિત હતાં. કોઈ શરાબ પીએ તે એમને ગમતું ન હતું અને ઉદયનના પિતા ફક્ત શરાબ જ પીતા એવું ન હતું, એ લાકડાંનો વેપાર તો પહેલાંથી જ કરતા પણ પાછળથી એમણે શિક્ષકપદું પણ છોડી દીધું. પછી તો કમાતા રહ્યા અને છૂટથી ખર્ચતા રહ્યા. એક દિવસ એ લથડિયાં ખાતા બારણામાં પ્રવેશ્યા. કોઈકનું નામ લઈને કંઈક બબડતા પણ હતા. ઉદયનની મા દાદર ઊતરી રહ્યાં હતાં. હિસ્ટીરિયા તો એમને હતો જ, આજે તમ્મર આવ્યાં. પડ્યાં. એમનું માથું નીચે આવી ગયેલું. માતાના શ્રાદ્ધ પછી અઠવાડિયું થયું હતું. ઘરને આગ લાગી. ઉદયન દૂર જઈને એક ઝાડ નીચે બેઠો. એ રસપૂર્વક જોઈ રહ્યો. ઘર કેવી રીતે સળગે છે! એણે આજે નક્કી કર્યું કે એ પિતાનું શ્રાદ્ધ નહીં કરે. વૅકેશન પછી એમને સમજાવી-પટાવીને મુંબઈ ચાલ્યો જશે. માશીએ કહ્યું છે. મુંબઈથી એ પિતાજીને પત્ર લખશે. મળવા નહીં આવે. પિતાના મૃત્યુ વખતે એ રડશે નહીં. કદાચ હવે પછી જીવનમાં રડવાનું રહેશે જ નહીં. એણે જોયું: સળગતા ઘરને હોલવવા માણસોનાં ટોળેટોળાં દોડી રહ્યા છે. પાણી છંટાઈ રહ્યું છે. એને લાગ્યું કે પોતાના ઘર પર આ તો ત્રાસ ગુજારાઈ રહ્યો છે.શા માટે આટલા બધા લોકો મારું ઘર હોલવવા મથી રહ્યા છે? શું એટલા માટે કે એ બધા અડોશીપડોશી છે? હા, એટલા જ માટે. એ પડોશમાં રહે છે તેથી આગ એમના ઘરને પણ નહીં છોડે. પોતાની સલામતી માટે જ એ દોડી આવ્યા છે. પણ બોલશે ઉપકારની ભાષામાં. પોતાનું ઘર સળગતું જ રહે એમાં એને રસ હતો પણ લોકોએ હોલવી નાંખ્યું. તે જોઈને એ તપાસવા ગયો. કેટલું સળગી શક્યું છે?

અમૃતા ઊભી થાય અને બેસે તેનું પ્રતિબિંબ ફક્ત ઉદયનનાં ગોગલ્સમાં જ પડી શકે તેમ હતું, આંખોમાં નહીં. પોતાનો અને પોતાની આજુબાજુનો વર્તમાનકાળ એના માટે અત્યારે જડવત્ હતો. એને થયું કે ભૂતકાળ એટલે અપરિવર્તનશીલતા, જેમાં હવે ગતિસંચાર ન થઈ શકે. જે ઘર અધૂરું હોલવાઈ ગયેલું તેને ફરીથી સળગાવીને પૂરેપૂરું સળગી ચૂકેલું જોઈ ન શકાય. ભૂતકાળ એટલે...

એણે બગાસું ખાધું. નદીના પ્રવાહ પર થઈને પસાર થવાને કારણે વિમલ બનેલી, વૃક્ષોની છાયામાં થઈને સરી આવવાને કારણે શીતળ થયેલી હવા ઉદયનને કશો સ્પર્શ કરી શકી નહીં.

એણે ઘાસ વચ્ચે પડેલા એક પથ્થર તરફ જોયું. એને દેખાયું કે પથ્થર ઉપર ઘાસ ઊગ્યું નથી.

અનિકેત ઍરબૅગમાંથી એક પાતળી ચોપડી લઈ આવ્યો. વાંચવા લાગ્યો. એ વાંચતો હતો. અને સાથે સાથે વિચારતો હતો. સરવાળે એ વાંચતો પણ ન હતો અને વિચારતો પણ ન હતો.

અમૃતા સમયની મંદ ગતિથી ત્રાસી ઊઠી હતી. એને સમય સાવ નિસ્સંગ લાગ્યો. મનોવેગની ગતિએ સમય કેમ વીતતો નથી ? પોતે શા માટે આજે પાનેતરને મળતી સાડી લેતી આવી ? તે દિવસે પણ એણે આ સાડી પહેરી હતી. એ ઉદયનને મૂકીને આવતી હતી અને રસ્તામાં અનિકેતને જોઈને સાથે લઈ લીધો હતો, આગ્રહ-પૂર્વક. કારના કાચમાં બંનેને એકબીજાનું પ્રતિબિંબ દેખાતું હતું પણ સાથે નહીં. અનિકેતે કહ્યું હતું —... ! આજે પણ એ એટલી જ સુંદર લાગતી હોવી જોઈએ.

જે સુંદર હોય તે ઉદાસ થઈ ગયા પછી અસુંદર લાગે એવું તો નથી જ. પાનેતર અને પાનેતર સાથે સંકળાયેલી બીજી પ્રસાધન-સામગ્રી અમૃતાને યાદ આવી. અને છેલ્લે એને દેખાયું મંગલસૂત્ર... એ ઊભી થઈ ગઈ... મંગલસૂત્ર એને મેઘધનુષ્ય જેવું આકર્ષક છતાં અવાસ્તવિક લાગ્યું. એ ફરીથી બેઠી. એને લાગ્યું કે પોતે કોઈ સજીવ સત્તા નથી જે સમગ્રને જુએ અને અનુભવે. અહીંની સંતર્પક સૃષ્ટિ અને એની વચ્ચે એક રિકત અવકાશ વ્યાપી ગયો હતો. અહીંની વૃક્ષઘટાઓ, નદીનો પ્રવાહ, લોકોની અવરજવર, પંખીઓનો કલરવ... બધું જ હતું. પણ અમૃતા એ બધાંને જોતી ન હતી. સંભવ છે એ બધું અમૃતાને જોતું હોય.

સ્મરણ પણ એને સાથ આપતાં ન હતાં. કંઈક યાદ આવે અને થોડીકવારમાં તો તૂટી જાય...પોતે બીમાર હતી. એક દિવસ મોડી સાંજના આવીને ઉદયને માથે હાથ

મૂક્યો. એનો સ્પર્શ કેવો પવિત્ર હતો!... હા, ઉદયનની વાત સાચી છે. એણે મારી મુગ્ધાવસ્થાનો લાભ ઉઠાવ્યો હોત તો? તો પ્રશ્નનો ઉત્તર આપવાની તૈયારી કરવા જતાં જ એનું હૃદય અશાંત થઈ ગયું. ચિત્તનું ખાલીપણું ફરી વિસ્તર્યું.

અનિકેતને એકાએક પ્રવાસ દરમિયાન જોયેલો એક પ્રસંગ યાદ આવ્યો. એક પાગલ જમીન પર માથું મૂકીને નમસ્કાર કર્યા કરતો હતો. હા, એ અંગે એણે અમૃતાને પત્રમાં કંઈક લખેલું. પાગલ માણસના નમસ્કાર! પણ હા એ નમસ્કાર તો કહેવાય જ.

કદાચ હું મારા અમૃતાના સંબંધો પરત્વે હજુ પૂરતો સભાન થયો નથી. અમૃતાના દૃષ્ટિક્ષેપ સાથે મારાં સ્પંદનોને અને મારા દૃષ્ટિક્ષેપ સાથે અમૃતાનાં સ્પંદનોને સંબંધો છે જ. હું પોતાને રોકી શકયો નથી. આજ સુધી મેં કેવી મોટી ભૂલ કરી છે! પ્રેમનો સપ્રેમ ઈન્કાર થઈ શકે ખરો? હું સપ્રેમ ઈન્કાર કરતો રહ્યો તેથી એ ઈન્કાર કરતાં પ્રેમ વધારે છે. નરી નિઃસ્પૃહતા અથવા તો ઘૃણા. ઘૃણા ન કરી શકાય તો શાંત ઉપેક્ષા. હા, એ જ એક માત્ર માર્ગ છે.

એણે જોયું: સવા ચાર વાગ્યા હતા. પોણો કલાક વચ્ચે છે. આ લોકોને પૂર્વ દિશા તરફ ફરવા લઈ જાઉં. મૌન જેટલું વહેલું તૂટે એટલું સારું.

એ આગળ થયો. એને અનુસરનારને રસ્તો તૈયાર મળતો હતો. ઉદયન આજુબાજુના કાંટાઓ પર જોઈને પગ મૂકતો હતો. જરૂર ન હતી પણ કાંટા ભાંગતાં થતો અવાજ એને સાંભળવો ગમ્યો.

નદીતીરના આ ભાગની સૃષ્ટિ આરણ્યક હતી. એક વડની છેક નીચે સુધી લંબાયેલી વડવાઈઓ જોઈને ઉદયને હીંચકા ખાવાનું શરૂ કર્યું. એણે એક પાતળી વડવાઈ પકડી. જોરથી ઝૂલવા લાગ્યો. છતાં વડવાઈ તૂટી નહીં. એને આશ્ચર્ય થયું.

ઉદયનને એ રીતે ઝૂલતો જોઈને અનિકેતે અમૃતાના ચહેરા તરફ જોયું ત્યારે તે મનોમન બોલી ઊઠ્યો — And to imagine is only to understand oneself.

## પાંચ

સાંજનો અને ઉદયનની હાજરી વિનાનો સમય વીતી રહ્યો. હજી કેમ ન આવ્યો? શહેરમાં આંટા લગાવવા ગયો છે. નિરુદ્દેશે ભ્રમણ કરવા ગયો છે પણ 'મુગ્ધ ભ્રમણ' કરવા નહીં. દોઢેક કલાક થયો. હજી આવ્યો નથી તેથી એની વાત નીકળી:

'મુંબઈમાં તોફાનો થયાં ત્યારે એક ટોળામાંથી ઉદયન મને બહાર લાવ્યો હતો એ લોકો મારી પાસે કબૂલ કરાવવા માગતા હતા કે મુંબઈ એમનું છે. હું કહેતો હતો કે જે રહે છે અથવા જે રહેવા આવશે તે સહુનું મુંબઈ છે. મારી પાસે તમે પોતાની ઇચ્છા પ્રામાણે કબૂલ કરાવશો તેથી કંઈ ફેર નહીં પડે. એ લોકો મને છોડવા માગતા ન હતા. હું એમની સાથે લડવા માગતો ન હતો. એટલામાં ઉદયન આવ્યો. એણે ટોળાની માતૃભાષામાં વાત શરૂ કરી અને સમજાવ્યું કે મુંબઈ તો શું, આખો દેશ તમારો છે એમ અમે બંને માનીએ છીએ. જાઓ, પ્રચાર કરો.'

'મારી મમ્મીને ઉદયન વિશે સારો ખ્યાલ હતો.'

'એ તો સારું કહેવાય.'

'એમનું એમ માનવું હતું કે ઉદયનની મદદ છે માટે જ હું પરીક્ષામાં સારા ગુણ મેળવું છું. ટ્યુશન આપનાર શિક્ષકોથી બાળકોને કશો લાભ થતો નથી, ફક્ત એમની સાથે હરવા-ફરવાનું જ વધે છે. અમારા પરિવારમાં અભ્યાસ અંગે દરેક જણ સરખું પરિણામ લાવતું. મને અભ્યાસમાં રસ છે, તેનું કારણ ઉદયન છે એવું મારાં મમ્મી સમજતાં. એ એમની અદબ જાળવતો.... પણ તમે જાણો છો કે એ એના પિતાજીને તો અવગણતો જ રહ્યો.'

'એ હું નથી જાણતો.'

'ગયા વરસે એ મરણ પામ્યા.'

'એ તો હું જાણું છું.'

'મરણના સમાચાર જાણીને એ ઘેર ગયો. એને જાણવા મળ્યું કે એક ભીલ છોકરીએ એમના માથામાં પથ્થર માર્યો હતો. મૃત્યુ પછીની વિધિ પતાવ્યા વિના એ પાછો આવ્યો. હમણાં જઈને બધું વેચી આવ્યો છે. એક મકાન રહેવા દીધું છે. વચ્ચે કંટાળ્યો ત્યારે ત્યાં - ભિલોડા જઈને રહેવાની વાત કરતો હતો.'

અનિકેત ઊભો થયો. બારી બહાર જોયું. એના જોવાનો અર્થ એ હતો કે ઉદયને હવે આવવું જોઈએ. કેમ ન આવ્યો તેનાં કારણ તો અનેક હોઈ શકે અથવા કશુંય કારણ ન હોય. સંભવ છે કોઈ બાગમાં બેઠો હોય અને પાંદડાં ફરકાવીને આવતા પવનના સ્પર્શથી ઊંઘી ગયો હોય અથવા સ્ટેશનરોડની કોઈ નાની હોટલના બાંકડે બેસીને એક પછી એક સિગારેટ ફૂંકતો હોય અને કોઈ મળ્યું હોય તો એની સાથે અલકમલકની વાતો કરતો હોય.

અમૃતા અને અનિકેત હજી ઉદયન અંગે વાત કરવા ઈચ્છતાં હતાં. ઉદયન વિશે કલાકો સુધી વાત કરી શકાય. પરંતુ એની વાત કરતાં કરતાં ક્યારે પોતાની વાત શરૂ થઈ જાય એ કહેવું મુશ્કેલ હતું.

પુસ્તક લઈને બેસવું એ તો કેવળ બનાવટ બની જાય એમ હતું. ગીત ગાવા માટે અત્યારે અવાજ ન હતો. અમૃતા અનિકેતના સામું જોઈ શકતી ન હતી અને અનિકેત હવે જે દૃષ્ટિથી અમૃતાને જોવા ઈચ્છે તે દૃષ્ટિ એ હજી કેળવી શક્યો ન હતો. વાત ન કરવાની સ્થિતિમાં બંને જણ એકબીજાની હાજરીથી અતિ સભાન થઈ જતાં. ત્યારે અમૃતા પોતાની અનામિકા પરથી મુદ્રિકા કાઢીને જોઈ રહેતી, પહેરી લેતી, ફરી કાઢતી, જોઈ રહેતી. અનિકેત ઘડિયાળના સેકંડ કાંટા પર દૃષ્ટિ મૂકીને બેસી રહેતો. એની દૃષ્ટિ એ કાંટાની સાથે ખચકા અનુભવતી ગોળગોળ ફર્યા કરતી. પૂર્વઘટિત ઘટનાઓના સ્મરણનો ભાર એમનાથી ઝીલી શકાય એમ નહીં હોય કે પછી બીજું કોઈ કારણ હશે પણ કોઈ અન્યની હાજરી એ વાંછતાં હતાં.

એ બોલવું ન પડે એમ ઈચ્છતાં હતાં. બોલવાનું ન બોલવાથી સહન કરવું પડતું આંતરિક દબાણ એમણે સહન કરી લેવા નિરધાર કર્યો હોય એમ લાગે છે. કારણ કે એ જાણતાં હશે કે એમની વાત શરૂ થાય પછી એને યતિ નથી. અને એ વાત

માનો કે પૂરી થાય તોપણ પૂરી થઈ જાય તે પછી પણ ભીતરને મોકળાશનો અનુભવ થશે તેવી ખાતરી નથી.

ઉદયન નથી આવ્યો.

શું ઉદયન નથી આવતો ?

તો શું કરવું ? અનિકેત બાજુના રૂમમાં જઈને આંટા લગાવવા લાગ્યો. પછી એને પાછો આવતો જોઈને અમૃતાને એકાએક બોલવાનું સૂઝયું

‘તમારા મકાનનું મારે ભાડું આપવાનું છે.’

‘આપવું જોઈએ મારે તમને, હા, એને ભાડું ન કહેવાય.’

‘હું સમજી નહીં.’

‘મારું મકાન અત્યારે તમારા સંરક્ષણમાં હોવાથી, તમે એના પર સાર્વભૌમત્વ ભોગવો છો તેથી મારે તમને ખંડણી ભરવી જોઈએ.’

બોલતાં બોલતાં અનિકેતને લાગ્યું કે સવારે નકકી કર્યું હતું તેથી ભિન્ન કક્ષાએ જ ભાષાનો ઉપયોગ થયો. કેમ એની સાથેની વાતમાં શબ્દે શબ્દમાં સ્પૃહા જન્મી આવે છે ?

અમૃતાએ હીંચકાનો સળિયો પકડતાં કહ્યું —

‘આજે ઈચ્છા થઈ આવી છે કે સ્વજનો સાથે રહેવા ચાલી જાઉં. મારે સ્વાતંત્ર્ય નથી જોઈતું, સંવાદિતા જોઈએ છે, સ્નેહ જોઈએ છે.’

‘મેં પહેલાં જાણ્યું હોત તો તમને ઘર છોડવા ના પાડત. અને હવે તમે ત્યાં રહેવા જાઓ તે બરોબર થશે એમ કહી નહીં શકું. હવે તમે ‘છાયા’ માં રહેવા જાઓ તો તમે ઘર છોડ્યું તે દિવસ અને પાછાં જાઓ તે દિવસ વચ્ચેનો ગાળો મોટો ન હોવા છતાં જલદી પુરાય નહીં. કદાચ તમને ફાવે પણ નહીં. કદાચ પરાજિત થઈને પાછાં ગયાની તમને લાગણી થાય. આ તો મને જે પ્રાથમિક વિચાર આવ્યા તે કહ્યા. વધુ

વિચાર કરતાં કંઈક બીજુ પણ લાગે. છેવટે તો તમને લાગે એ સાચું. તમને લાગે એ જ સાચું.'

'એ તો મનેય લાગે છે કે ત્યાં હવે રહેવા જઈશ તો સહુની સાથે વિચ્છેદ અનુભવીશ.'

'છો ત્યાં નહીં ફાવે ?'

'ત્યાં પણ ચારેકોર અવકાશ છે. હવે તો લાગે છે કે જ્યાં જઈશ ત્યાં ચારેકોરના અવકાશને મારે વહેવો પડશે.'

'એક જ માર્ગ છે. અને એ એ કે તમારો અવકાશ બીજા કોઈને અર્પી દેવામાં આવે અને પછી એ બીજા કોઈના સજીવ સ્પર્શથી એ અવકાશ સભરતામાં પરિણમે.'

'આજે તો હું એટલી આશાવાદી બની શકતી -નથી.'

શું કહેવું તે ન સૂઝતાં થોડો સમય નિરુપાય શાંતિ સહન કર્યા પછી અમૃતાની અનુમતિ લઈ અનિકેત ઉદયનને શોધવા નીકળ્યો.

સ્ટેશન તરફ વળ્યો. દરવાજા બહાર નીકળતાં એને વિચાર આવ્યો કે તળાવ તરફ પણ એ ગયો હોય. માનસરોવર ! ખરું નામ છે નાનકડા તળાવનું ! ત્યાંની નિર્જન શાંતિ એને સદી હોય તો કદાચ ત્યાં જ બેસી રહ્યો હોય. એના માટે નિર્જનતા અસહ્યા નથી.

ત્યાં બેઠેલો એ પકડાઈ જશે તો કહેશે શૂન્યના સંગે જીવતો હતો ! પણ તળાવ તો છે જ. અંધકાર હશે. અંધકારભરી હવા હશે. હવાભર્યો તળાવનો કાંઠો હશે. પછી એનું રિકત શૂન્ય એને કેવા રૂપે વરતાશે ? નિઃશેષ રિક્તને એ કેમ કરીને અનુભવી શકતો હશે ? નિઃશેષ રિકત કેમ કરીને સંભવે ? એ પોતે તો હશે જ ને ! અને માણસ એકલો પણ હોય તો એ કંઈ નાનીસૂની વાત છે ? પછી રિકતતા શેની ?...આ ઉદયનની મનઃસ્થિતિ છે કે મારી ?

□

સિગારેટ સળગાવીને ખાલી ખોખું હાથમાં મસળીને એક તરફ ફેંકી દેનાર આકૃતિ જોઈને અનિકેત થંભ્યો. ધારણા સાચી નીકળી. અનિકેત વાત સાંભળી શકે એટલો નજીક પહોંચતાં જ એ બોલ્યો —

'આ દુનિયા ઝાઝી નહીં ચાલે.'

'તારી વાત સાચી છે. જ્યાં સુધી આપણે છીએ ત્યાં સુધી જ દુનિયા આપણા માટે છે, અને આપણે ઝાઝા ટકવાના નથી.'

'આ ફિલોસૉફી તો મારા ગામનો દરેક ભગત જાણે છે. હું કંઈક બીજું કહેતો હતો. એ મારે તને સવિસ્તર સમજાવવું પડશે. સાંભળ — આ જે એક ગોળો છે ને, જેને આપણી પૃથ્વીના નામે ઓળખીએ છીએ, તેમાં હવે ઘણી તરડો પડી ગઈ હોવી જોઈએ. એની સપાટી પર ફરનારાઓનાં અનેક ઝેર ઊંડે ઊતરી ગયાં હશે એ અસર કર્યા વિના નહીં રહે. માણસનો દુરાશય મને લાગે છે કે ઉગ્રતમ ઝેર છે. મને કોઈએ કહ્યું હતું તે ગપ્પું હોય તોપણ સાચું માનીને તને કહું છું કે એક એવું ઝેર આવે છે જે શરીરમાં પ્રવેશ કરે કે તુરત જ માણસ ગાંડિયા ટેટાની જેમ ફૂટી જાય. માણસના દુરાશય અને આત્મઘાતનું ઝેર પૃથ્વીના કેન્દ્રમાં પૂરતું એકઠું થઈ ચૂક્યું છે. એનો હવે પરમાણુ બોમ્બની જેમ વિસ્ફોટ થશે. થશે જ, અને ત્યારે સૂર્ય પણ એનો ચિત્કાર નહીં સાંભળે.'

'તું જે ઘટનાનો ઉપસંહાર કરી રહ્યો છે તે ઘટના વિશે હવે મારામાં જિજ્ઞાસા જાગી ચૂકી છે. એનું સવિસ્તર વર્ણન કર જેથી રસ્તો ટૂંકો થાય.'

'હું સ્ટેશન નજીક ફરતો હતો અથવા ઊભો હતો. ત્યાં જાણ્યું કે પોલીસે એક યુગલને પકડ્યાં છે. સમાચાર લાવનાર અને સાંભળનારના કુતૂહલ અને આનંદનો પાર ન હતો. કેટલાંક તો વાત કરતાં કરતાં તાલીઓ આપવા લાગ્યાં. 'આબુ ગયાં હતાં ! હનીમૂન કરવા ! હવે ખબર પડશે ! આવા તેવા ઉદ્‌ગારો સાંભળીને હું બેચેન બની ગયો. પેલાં બે જણના સુખ તરફ આટલા બધા માણસો કેમ ઈર્ષા અનુભવતા હશે ? મેં એ પ્રશ્નમાં સક્રિય રસ લેવાનું નક્કી કર્યું.

પોલીસને આ સમાચાર છોકરીના બાપે આપ્યા હતા. આ ગાડીમાં એ લોકો અમદાવાદ જઈ રહ્યાં છે. અહીં જ એમને છૂટાં પાડીને છોકરીનો કબજો લઈ લેવાય એવી માગણી એણે કરી હશે. ભીડ જામી ગઈ હતી. છોકરી તો મોં નીચું કરીને ઊભી હતી પણ છોકરો હોશિયાર હતો. એણે પોલીસને સાફ સાફ કહી દીધું કે અમે સિવિલ મૅરેજ કરેલાં છે. અમને આ રીતે રોકી શકાય નહીં. પણ સાંભળે તો જમાદાર શેના? એમણે કાગળિયાં જોવામાં પણ સમય ન બગાડ્યો. ગજવા ભેગાં કરી દીધાં અને બંનેને બહાર લાવીને જીપમાં બેસાડી દીધાં. છોકરાના ચહેરા પર રોષ હતો. ઓ, સૉરી મારે એને 'છોકરો' નહીં, 'યુવક' કહેવો જોઈએ. હાં, તો યુવકના ચહેરા પર રોષ હતો. એ જોઈને મને આનંદ થયો. જીપ ઊપડી. ઘોડાગાડી કરીને હું પાછળ પાછળ ગયો.

પહોંચીને જોઉં છું તો પેલા યુવકની દલીલનો ઉત્તર તમાચાથી આપવામાં આવી રહ્યો છે. મને થયું - જોઉં, એ કેટલા તમાચા ખાઈ શકે છે. પોતાની પ્રેયસીના, બલ્કે પત્નીની હાજરીમાં પેલાથી આ અપમાનજનક ત્રાસ સહન થતો ન હતો પણ એ પોતાની સ્થિતિ સમજી ગયો હતો. લાલ ચહેરે ઊભો હતો. બોલ્યો —

'સારું, હું એને સોંપીને જાઉં છું, મને પેલાં કાગળિયાં આપો.'

એક તરફ બે પોલીસ પેલી બાઈની ચોકી કરતા ઊભા હતા. વારંવાર એના તરફ જોઈને ખાતરી કરી લેતા હતા કે એ છે. અને એ છે એમ લાગતાં એના તરફ જોઈ રહેતા હતા. કદાચ એની સ્થિતિ દુઃસહ હતી.

યુવકે જમાદાર ઓછું સાંભળતા હશે એમ માનીને ઊંચા અવાજે ફરીથી કાગળિયાં માગ્યાં.

'એ નહીં મળે તારે જવું હોય તો જા. તને જવા દઉં છું એટલું ઓછું છે કે પાછો કાગળિયાં માગે છે?'

'નહીં મળે.? સારું, હું જોઈ લઈશ.'

'શું જોઈ લેવાનો હતો તું?'

યુવકની પીઠ પર દંડો પડ્યો. એથી અવાજ થયો.

હું બીજા એકબે પ્રેક્ષકોનો સાથ છોડીને ઝડપથી પગથિયાં ચડીને અંદર ઘૂસી ગયો. મારા આગમાનની નોંધ લેવાય તે પહેલાં જ મેં અલાઉદ્દીનના સ્વરમાં કહ્યું —

'એ પશુ, આ કંઈ જંગલ છે કે મરજી પ્રમાણે વર્તે છે? તું તે જમાદાર છે કે ગુંડો? કાયદોબાયદો કંઈ જાણે છે? આવા કેસમાં દંડો વાપરતાં વિચાર પણ નથી કરતો?'

જમાદારના સહુથી મોટા મદદનીશનો અધિકાર ભોગવતો હોય એ રીતે એક પોલીસ મને સાંભળીને એના સાહેબના હાથમાંથી દંડો લેવા ગયો. મેં એને શાંતિથી કહ્યું —

'જો તારી કેડ પર જાડા ચામડાનો પટ્ટો છે ને, તેમાં એ દંડાને લટકાવી રાખવાની વ્યવસ્થા છે. મને બતાવવાની જરૂર નથી. એ દોઢફૂટનો દંડો જોઈને હું નહીં ડરું, મેં મોટાં મોટાં ઝાડ જોયાં છે.'

પછી એ પોલીસ તરફ પીઠ કરીને જમાદારના ટેબલ સામે પડેલી ખુરશી પર હું બેઠો, અને બોલ્યો —

'જુઓ જમાદારસાહેબ, આમ તો હું તમારા માટે એકવચન વાપરત પણ કેટલાક પોલીસ સારા હોય છે તેથી એમના માનને ખાતર તમારા માટે બહુવચન વાપરું છું. તમે કાયદાનો ભંગ કર્યો છે અને ગંભીર ગુનો કર્યો છે. આજ સુધીમાં પૂરતું કમાઈ લીધું ન હોય અને હજુ નોકરી કરવી હોય તો પેલા કાગળ આપી દો અને એ લોકોને માનપૂર્વક વિદાય આપો. આ યુવકની હિંમત જોઈને જ તમને લાગવું જોઈએ કે કાયદો એની સાથે છે. એણે તમને કાગળ આપ્યા છે તે મેં જોયા છે, કોઈ બહાનું કાઢીને તમે બચી નહીં શકો.'

જમાદારસાહેબ બે ત્રણ વાર 'ગેટ આઉટ, ગેટ આઉટ' બોલ્યા. પછી મેં એમને થોડુંક અંગ્રેજી સંભળાવ્યું. અને યુવકને કહ્યું કે જા, મોટા થાણે જા અને કહે કે વાર્તાકાર અને પત્રકાર ઉદયન બોલાવે છે. ત્યાં કોઈ ન સાંભળે તો કલેકટરને મળજે. એ મને ઓળખે છે. ચિંતા કર્યા વિના જા, તારી પત્નીનું હું રક્ષણ કરીશ.'

'જુઓ સાહેબ, તમે આખો કેસ જાણતા નથી. આ છોકરીની બીજે સગાઈ થઈ હતી અને આ માણસ ઉઠાંતરી કરી ગયો છે. પણ તમે સાક્ષી થતા હો તો છોડી મૂકું.'

'તમારી ગરજે છોડશો. હું તો તમે જે વર્તન કર્યું છે તેનો સાક્ષી છું. બોલો, કેટલી આવક થઈ છે આ કેસમાં ?'

'તમે કેવી વાત કરો છો ? એવું તે થતું હશે ? અમારે તો ફરિયાદ સાંભળવાની.'

'ફરિયાદનાં કાગળિયાં ક્યાં છે ?'

'અરે સાહેબ, છોડો ને એ બધી લપ ! તમારો સમય શા માટે બગાડો છો ? ચાલો, આમને છોડી મૂકું છું.'

એ લોકોને હું સ્ટેશન સુધી મૂકી આવ્યો. રસ્તામાં છોકરીએ કહ્યું કે એના બાપા એક પ્રૌઢ શ્રીમંત સાથે કરાર કરી ચૂક્યા હતા. ત્રણ હજાર તો લઈ પણ લીધા હતા. બે હજાર એને પરણાવ્યા પછી મળવાના હતા.

સાંભળીને મારી વિચારશક્તિ બહેર મારી ગઈ. આજે આ સ્વાતંત્ર્યયુગમાં પણ માણસો આ કક્ષાએ જીવે છે !'

'જમાદાર સાથે તું ઘણી છૂટથી વર્ત્યો.'

'એ ન માનત તો એથી પણ વધુ છૂટ લેત.'

'પણ માની લે કે કાયદો એના પક્ષે હોત તો ?'

'જો, આમાં પણ પાછો ગણતરી કરવા બેઠો ? કાયદો એના પક્ષે હોત તો હું કાયદાને ખોટો સાબિત કરત. તું કેમ ભૂલી ગયો — હું એલએલ.બી. થયેલો છું તે ! વકીલાત એટલા માટે ન કરી કે કોર્ટમાં બધા કાયદાઓ ખોટા પાડી શકે એવા સમર્થ વકીલો છે. આપણે તો ફક્ત ખોટી વસ્તુને જ ખોટી પાડી શકીએ, અને એ તો સામાન્ય માણસ પણ કરી શકે. પછી વકીલ થવાનો શો અર્થ ?'

'હું.'

'શું ? કેમ બોલ્યો નહીં ?'

'વિચાર કરું છું.'

'એ વળી કયારથી શરૂ કર્યું ?'

'તે બંધ કર્યું ત્યારથી.'

'તો તું વિચાર્યા કર, હું ધમાલ કર્યા કરીશ.'

'હું તારી ધમાલ અંગે જ વિચારું છું.'

'કહે.'

'તું મુંબઈમાં રોકાઈ જા. એક સમાચાર-પત્ર શરૂ કર. પાંચેક વરસ એની પાછળ લાગ્યો રહેશે તો સ્થિર થઈ જશે. મૂડીરોકાણની અને ખાધ ન આવે તેની વ્યવસ્થા હું સંભાળીશ. મેં પિતાજીને વચન આપ્યું છે કે જરૂર ઊભી થતાં પૈસા લઈશ. એમણે પ્રયોગશાળા શરૂ કરવા મને સૂચવેલું, પણ મેં કહ્યું વાર છે. તું જાણે છે કે એમની ઈચ્છા દાનવીર થવાની નથી. તેથી આવી પ્રવૃત્તિમાં તારા જેવા દ્વારા પૈસા વેડફાય તો તે એમને ગમશે. હમણાં પચીસ-ત્રીસ લાખથી કામ શરૂ કરીએ.'

'જેમ તેં એમને કહ્યું ને કે વાર છે, એમ મારા માટે પણ વાર છે. અને તારા સમ, હું એવી મોટી જવાબદારી સંભાળવા યોગ્ય પોતાને માનતો નથી. હમણાં તો રખડી લેવાની ઇચ્છા છે. આ મળે છે એ નોકરી ફાવે એવી છે. સ્વીકારી લઈશ. હમણાં અનુભવાર્થી રહેવું ઠીક છે.'

'તું મુંબઈ રહે તો વધારે સારું.'

'તું તારી રણયાત્રા પૂરી કરી લે. પછી હું પણ આવી જઈશ. નોકરી ચાલુ રહેશે તોપણ ત્રણ વરશથી વધુ તો હું એમાં નહીં જ રહી શકું. એક નોકરી હું વધુમાં વધુ કેટલો સમય નિભાવી શકું છું તે તું જાણે છે.'

'હું તને સ્થિર થવાની વાત કરું છું અને તું બેપરવાહીથી હસી કાઢે છે.'

'હા ભાઈ, મને સ્થિરતા ગમતી નથી.થોડાક ધક્કા ન હોય, થોડીક ઉત્તેજનાઓ ન હોય, આઘાત-પ્રત્યાઘાતનાં આંદોલન ન હોય તો પછી જીવવાનું શું? આપણી આબોહવા સદા સ્પંદનશીલ રહેવી જોઈએ, છાતી ધબકતી રહેવી જોઈએ, લોહી લયાન્વિત રહેવું જોઈએ. અનિકેત, સ્થિરતા તો કેવળ શૂન્ય અવકાશમાં જ સંભવે. હું તો પૃથ્વી સાથે અહર્નિશ ગુરુત્વાકર્ષણ અનુભવતો રહું છું.'

બોલી રહીને એણે અનિકેતના ખભા પર હાથ મૂક્યો. એને હચમચાવી મૂકવાનો બળવાન પ્રયત્ન કરી જોયો. પણ અનિકેતની દૃઢ ગતિ ડોલી નહીં. એણે ઉદયનના સામું પણ ન જોયું.

□

આગગાડીનો પ્રથમ વર્ગનો ડબ્બો.

બારી બહારનું સ્થળ, મહેસાણાથી આંબલિયાસણ તરફનું. કલાકના ત્રીસેક માઈલની ગતિએ બહારની સૃષ્ટિ પાછળ સરકતી હતી. ખેતરો, ખેતરો ને વાડ, વાડમાં ખૂણે અને કયાંય કયાંક ખેતરો વચ્ચે વૃક્ષો, બાજરી, નીઘલી હતી. ખેતરો પાંચ-પાંચ છ-છ ફૂટ ઊંચાઈ પામ્યાં હતાં. વચ્ચે વચ્ચે પડતર જમીન આવે. જે કંઈ આવે તે બધું પાછળ સરકી જાય. નજીકનું જલદી સરકી જાય, દૂરનું આંખમાં સમાવી શકાય.

મધ્યમ વાતાવરણ.

ઉદયને પણ વાંચવાનું બંધ કર્યું.

'મને એમ હતું કે કદાચ તું મારી સાથે નહીં આવે.'

'તારી વાત સાચી છે. હું તારી સાથે નથી આવતી.'

'તો શું, મારી સામે છે એ કોઈનો પડછાયો છે? અમૃતા નથી?'

'હું છું. તું ઈચ્છે તે રીતે ઓળખી શકે. હું અમદાવાદ રોકાવાની છું તેથી કહું છું કે તારી સાથે નથી આવતી.'

'મારી સાથે ન આવવા માટે તું અમદાવાદ રોકાતી હોય તો હું પાછો જાઉં. તું જા.'

'અમદાવાદમાં એક હસ્તપ્રત ઉપર કામ કરવાનું છે. અમારા નિયામકશ્રીએ કહ્યું છે કે એ તરફ જાઓ છો તો આટલું કામ કરી લાવવું.'

'ક્યાં રોકાવાની ?'

'હું ક્યાં રોકાવાની છું તેની પણ તારે નોંધ રાખવાની છે ?'

'હા, એટલા માટે કે નથી ને તું એકાએક યાદ આવે તો તને તારા સરનામા સાથે કલ્પી શકું ને ? વિશિષ્ટ સ્થળ-કાળ સાથે કલ્પેલું ચિત્તમાં વધુ ટકી રહે છે.'

'કલ્પવી જ પડે તો મને એકલી જ કલ્પવી.'

'કેમ, અત્યારે આ ડબ્બામાં કોઈ નથી ?'

'તને ઓછું લાગતું લાગે છે. હું તો છું.'

'હું તારી સામે જોતો નથી, બાકી જોઉં તો જરૂર લાગે કે તું છે.'

'ઉદયન, આ પૃથ્વી પર કેટલા બધા માણસો છે ? અથવા એમ કહેવું જોઈએ કે કેટલા બધા હશે ?'

'વસ્તીગણતરી થઈ શકતી નથી કારણ કે એ આંકડો બોલી રહીએ ત્યાં સુધીમાં તો બદલાઈ જાય.'

'આ સૃષ્ટિના આદિ અને અંત વિશે તને વિચારો આવે છે ?'

'અંત વિશે વિચારો આવે છે. એના આદિ વિશે તો ઈતિહાસની બાળપોથીમાં લખેલું જ છે ને ! પણ તે વિશે વિચાર આવે કે ન આવે, બધું સરખું છે. આપણા જન્મ અને મૃત્યુની જેમ એ આકસ્મિક છે.'

'કશુંય આકસ્મિક નથી, બધું ક્રમિક છે.'

'તો હું તને ઉપાડીને બહાર ફેંકી દઉં ?'

'સરસ્વતી નદી તો ગઈ. હવે સાબરમતી આવે એટલે ફેંકી દેજે.'

'પછી અનિકેત પૂછે તો હું શો જવાબ આપું ?'

'મને વિશ્વાસ છે કે હવે મારા વિશે એ તને કશુંય નહીં પૂછે.'

'સીધું તને જ પૂછતો રહેશે ?'

'ઉદયન ! તું મને અત્યારે બહાર ફેંકી દઈશ તો આભારી થઈશ. થોડોક સમય તો મને મારા હાલ પર છોડી દે !'

ઉદયને ફરીથી વાંચવાનું શરૂ કરી દીધું.

સ્ટેશન આવ્યું.

અનેક કંઠ ગરમ ચાની જાહેરાત કરી રહ્યા હતા. માટીના પ્યાલામાં ચા મળે છે તે જોઈને ઉદયનને પીવાની ઇચ્છા થઈ. એ નાનો હતો ત્યારે એક વાર તરત પાણી ભરવામાં આવેલા કોરા મોરિયાના કાના ખાઈ ગયેલો. ગરમ ચા સાથે કોરા પ્યાલાની સુગંધ પીવાની એને ઈચ્છા થઈ.

'ચાવાળાએ ઉત્સાહપૂર્વક બે પ્યાલા ભરી આપ્યા. બીજો પ્યાલો હાથમાં લેતાં એ બોલ્યો —

'એ નહીં પીએ, એને એના હાલ પર છોડી દો.'

આ લોકો સિનેમાની ભાષામાં વાત કરે છે એવું માનીને ચાવાળો પોતાના એક સહકાર્યકરને બોલાવી લાવ્યો. કઈ અભિનેત્રી છે એ અંગે એ લોકો નામ યાદ કરી રહ્યા હતા. ઉદયન એમની વિમાસણ સમજી ગયો.

'અભિનેત્રી તો નથી પણ અભિનય જાણે છે.'

અમૃતા ખિજાવા ગઈ પણ હસી પડી. ઉદયને એની સામે ચાનો પ્યાલો ધર્યો.

'ગરમ છે ?'

'હા, ગરમ છે, પીવા યોગ્ય પાણી જેટલી.'

ગાડી ઊપડી. પૈસા ?'

'લે.'

'છૂટા નથી, સાહેબ.'

'નિરાંતે કરાવી લેજે.'

અમૃતાનું હાસ્ય ગોગલ્સના રંગના વિરોધમાં મનોરમ બની ઊઠે છે. એને પ્રસન્ન જોઈને ઉદયન આરામથી વાંચવા લાગ્યો.

પરંતુ વીજળીનો પ્રવાહ તૂટતાં અંધારું થઈ જાય એમ એકાએક અમૃતા ગમગીન બની ગઈ.

એણે અનિકેતે આપેલો પત્ર ગઈ કાલે રાત્રે વાંચ્યો હતો. આમ તો એ પણ એણે હમણાં ન વાંચવાનો નિર્ણય કરીને રાખી મૂકેલો પણ અનિકેત ઉદયનને શોધવા નીકળ્યો ત્યારે એ એકલી રહી શકી નહીં. પત્રથી અલગ રહી શકી નહીં.

પોતે તો એક જ છે, છતાં આ બે માણસોનાં તદ્દન વિરોધી લાગે એવાં વલણ એ કેમ અનુભવે છે? કે પછી એ વિરોધ વાસ્તવમાં વિરોધ નથી? અથવા એ વિરોધ હોય તો તેનું કારણ કોણ? હું પોતે પણ હોઈ શકું. એણે જોયું — ઉદયન મોં પર પુસ્તક ઢાંકીને ઊંઘવા મથે છે.

ઉદયનને ઊંઘને સ્થાને વિચાર આવ્યો કે ફર્સ્ટ કલાસમાં જ મુસાફરી કરવી જોઈએ. આરામ રહે. કે પછી અમૃતા સાથે છે માટે ફર્સ્ટ કલાસ ફર્સ્ટ કલાસ લાગે છે? હવેથી એની યાદમાં ફર્સ્ટ કલાસમાં જ મુસાફરી કરવી. પણ આ માત્ર ઈચ્છાનો સવાલ નથી. પૈસા પણ જોઈએ. પરંતુ ગાડીમાં બધાં મુસાફરો માટે સરખી સગવડ કેમ ન હોય? એમ થાય તો પછી જે લોકો લાંબી મુસાફરી કરે છે તેમની ઊંઘનું શું? મોટા ભાગના માણસો તો એવા છે કે ઊંઘતા ઉપર આવીને બેસે.... બધું સરખું કર્યે ન ચાલે. સમાજવાદ શક્ય નથી ? વાદ તરીકે શક્ય નથી. વિવેક તરીકે બરોબર છે.

'અમૃતા!'

'શું?'

'ખુશખબર.'

'એ કહેતાં તું કેમ ખુશ દેખાતો નથી ?'

'એ ફક્ત તારા પૂરતી જ ખુશખબર છે.'

'કેમ ?'

'હું હવે મોટે ભાગે મુંબઈ બહાર રહેવાનો.'

'એ તો ફક્ત ખબર થઈ, એમાં ખુશ થવા જેવું શું છે ?'

'કાલિદાસે સ્ત્રીઓ વિશે સાચું જ કહ્યું હતું.'

'શું કહ્યું હતું ?'

'મને યાદ નથી, પણ કંઈક કહેલું ખરું.'

'કાલિદાસે ફક્ત સ્ત્રીઓ વિશે જ કહ્યું નથી. સ્ત્રીઓના પગે પડતા નાયકો વિશે પણ કહ્યું છે. પરંતુ એ શાશ્વત હોય તો તારા જેવા ક્ષણવાદી માટે તો શા ખપનું ?'

'દરેક ક્ષણની પીઠ પર સમગ્ર ભૂતકાળનો ભાર હોય છે. હા, એ ક્ષણ પછી આવનાર બીજી ક્ષણની મને ખબર નથી. અને તેમ છતાં હું જીવું છું તો તમારી જેમ જ. હું ભવિષ્યમાં નથી માનતો તેમ છતાં કહે જો વારુ મેં તને કેમ પચાવી ના પાડી ?'

'એ કંઈ તારી એકલાની મહેચ્છા પર ઓછું નિર્ભર છે ?'

'તું અત્યારે બોલે છે તે સાચે જ સાચું છે ?'

'હા.'

'તો હું તને ઓળખી શકતો નથી. કદાચ અથવા અવશ્ય હું તને ઓળખી શકવાનો નથી. સારું થયું કે અનિકેત એક વૅકેશન શાંતિનિકેતનમાં ગાળી આવ્યો અને બંગાળી શીખી લાવ્યો નહીં તો હું પેલી બે પંક્તિઓ કેવી રીતે જાણત ? 'હે નર, હે નારી, હું તમારી પૃથ્વીને કોઈ દિવસ ઓળખી શકતો નથી, હું અન્ય નક્ષત્રનો જીવ

નથી.' મારા પહેલાં જીવનાનંદ દાસનો પણ આવો જ અનુભવ હતો. તેથી મને આશ્વાસન છે. અમૃતા ! આજે હું જાહેર કરું છું કે હું તને ઓળખી શકતો નથી. એ સાચા માણસે મારી ખાતર જ લખ્યું છે—

*હે નર, હે નારી,*
*તોમાદેર પૃથિવીકે ચિનિના કોનોદિન,*
*આમિ અન્ય નક્ષત્રેર જીવ નઈ.*

## ૬૭

લોકો !

ન સમજાયેલો એક શબ્દ, લોકોને.

મારે મન તો લોકો એટલે કેટલીક પ્રણાલિકાઓ, કપડાંલત્તાં, કેટલીક ઔપચારિકતાઓ, સમૂહમાંથી માણસને બાદ કર્યા પછી વધે તે.

કહે છે કે હું લોકોની અવગણના કરું છું ! માણસ જ ગેરહાજર હોય ત્યાં ગણના શેની કરવી ? ઉદ્દંડ, અ€હંનિષ્ઠ, અસ્વસ્થ, નાસ્તિક... માણસને ડામવા માટે લોકોવાળા લોકો પાસે શબ્દોનો ટોટો નથી. એમના તરફથી ભેટ મળતા આ બધા શબ્દો હું સહજભાવે સાંભળી રહું છું તે પણ એમને નથી ગમતું. એમને સાંભળીને મારે ઉત્તેજિત થઈને પોતાનો બચાવ કરવો જોઈએ અને ક્ષમાયાચના કરવી જોઈએ. તો જ આક્ષેપ કરનારાઓને પોતાની સફળતાનો એહસાસ થાય. અને જો હું ઉશ્કેરાઈને જવાબ આપું તો કહેવાના — આટલું પણ સહન નથી કરી શકતો ? કેવો આળો માણસ છે. એ સહુને સંભળાવે, પણ સાંભળવાનો વારો આવે ત્યારે કેવો અકળાઈ ઊઠે છે ? પણ હું અકળાયો હોઉં અને બહારથી સૌમ્ય બની રહ્યો હોઉં તેવું તો બન્યું નથી... જે લોકો મને વિરોધી માની બેઠા છે એ તો હું કંઈ પણ બોલું, કંઈ પણ લખું તોપણ ચારેકોરથી આંતરતા રહેવાના. એમના એકેએક અવિશ્વાસ પર મારે પોતાની કેફિયત રજૂ કરતા રહેવાનું. એમ થાય છે કે ભૂગર્ભમાં ચાલ્યો

જાઉં અને બધા મને ભૂલી જાય પછી જ પ્રગટ થાઉં. પણ એ તો પલાયન થયું. આપણને ન ફાવે. હું કંઈ અનિકેત નથી.'

એક પરિચિત પત્રકાર પૂછે છે — તારે અને અમૃતાને કેવા પ્રકારના સંબંધ છે? એને શો જવાબ આપું?

પોતાને મારા મુરબ્બી માનતા એક લેખકે મારી વાર્તા વાંચી હતી. તમે આવું બધું લખો છો, તો પછી સમાજમાં નથી માનતા? મેં એમને પૂછ્યું — સમાજ એટલે શું? એમણે જે ઉત્તર આપ્યો તે પરથી તો લાગે કે સમાજ એટલે એ, એમનો પરિવાર અને લાગતાંવળગતાં. એમની સાથે વાર્તાની શી ચર્ચા કરું?

એક જૂની વિદ્યાર્થિની પત્રો લખે છે. હમણાં એનો ચોથો પત્ર આવ્યો. ન જાણે એ શું લખે છે! કહે છે હું કેમ ઉત્તર આપતો નથી? કોણ જાણે એ ઉત્તરરૂપે શું વાંચવા ઈચ્છતી હશે! અને પોતાને ગણાવે છે વિદ્યાર્થિની!

એક લાંચરુશ્વત ખાતાનો અમલદાર સાક્ષી તરીકે લઈ ગયો હતો. માણસો પકડાયા. હવે અમલદારસાહેબ મને કહે છે કે સાક્ષી તરીકે માટે ફરી જવું. પેલા માણસો ખતરનાક છે. તમને હેરાન કરશે! એને મારી કેટલી બધી ચિંતા છે! કોણ ખતરનાક અને કોની ચિંતા?

એક જૂના સહકાર્યકરને ઘેર ગોષ્ઠી હતી. એ પોતાને ગઝલકાર માને છે. ત્યાં મહેફિલમાં સહુએ એક સવાલ પૂછ્યો — હું inhibitions માં નિષેધોમાં નથી માનતો તો પછી શરાબ કેમ નથી પીતો? મેં કહ્યું કે તમને આવું કંઈ વળગણ હોય તેથી હું તમને ઓછા અંદાજતો નથી પણ એવું કોઈ વળગણ મને હોય તો પોતાની આંકણીમાં એવી બાબતનો ખ્યાલ હું જરૂર રાખું. એક શાયર બોલી ઊઠ્યા — દકિયાનુસ! મેં કહ્યું — આપને મેરે મુંહકી બાત છીન લી. એ સમજી શકે એ પ્રમાણે સમજ્યા. કદાચ પ્રોત્સાહન મળ્યું અને જામને છાતી સરસો ચાંપીને બોલ્યા — 'પીના હરામ હૈન પિલાના હરામ હૈ, પીને કે બાદ હોશ મેં આના હરામ હૈ! વાતાવરણ 'વાહ વાહ' થી ઊભરાઈ ગયું. એમનો જામ ખાલી થયેલો જોઈને હું

બોલ્યો — પીનેવાલે એક દો હોતે હૈં, મુફ્ત સારા મૈકદા બદનામ હૈ!' એક-દોમાં જ પેલા જનાબ પોતાને મૂકતા હતા. મારે કહેવું પડયું — એ 'એક-દો' આવું વાસી પ્રવાહી પીનારાઓમાંના નથી. હું મહેફિલને સલામ કરીને ચાલ્યો આવ્યો.

તમે સહુને સાચવવા જાઓ, સહુને સંતોષવા જાઓ તો લોકપ્રિય થાઓ. પછી એ લોકપ્રિયતા ટકાવી રાખવા તમારે શું શું કરવું પડે! એ તો સરળતાથી સમજી શકાય એમ છે. મિત્રો! (છો કોઈ?) 'લોક' શબ્દથી સાવધ રહેવું, જો તમારે 'રહેવું' હોય તો. બાકી, બની જવું હોય તો જુદી વાત છે. એમ કરવા સહુ સ્વતંત્ર છે. સહુની સામે પેલો પ્રશ્ન તો છે જ — to be or not to be.

લખતાં લખતાં ઉદયનને પ્રશ્ન થયો: મેં શા માટે આ બધું લખ્યું? આ કંઈ લેખ નથી કે લોકો સુધી પહોંચે... આ કંઈ પત્ર નથી કે મિત્ર એનો ઉત્તર આપે... તો શું હું જ મારો શ્રોતા અને હું જ મારો મિત્ર? મિત્ર એટલે શું? મિત્ર એટલે અનિકેત? પણ આ તો ઉદાહરણ થયું. અને અનિકેત વળી મિત્ર બની રહેવા કયાં રાજી છે? એ તો મારો સંરક્ષક બનવા ઈચ્છે છે.

મેં શા માટે આ પ્રમાણે લખ્યું? પોતાને જ કહેવા? એમીબા જેવા એકકોશી પ્રાણીના કંઈક ગુણધર્મ માણસમાં પણ હોવા જોઈએ. એમ હોય તો હું મારા જ કલ્પિત અર્ધ સાથે વાતે ચડી ગયો હતો. પોતાના અર્ધને શંકરની જેમ કોઈ વિજાતીય બનાવી શકે તો કશી કમી ન રહે. નિજમાં નિમગ્ન રહી શકે... એ અર્ધનારીશ્વરનું પ્રાતીક શું આત્મરતિનું સૂચક નથી? અમૃતા કહેશે — એ તો અદ્વૈતનું પ્રતીક છે. પણ એવા કલ્પિત અદ્વૈતથી મને સંતોષ નથી. અને સંતોષ થાય તોપણ વૈચારિક સંતોષથી શું? સંતોષ નહીં, તૃપ્તિ થવી ઘટે. Satisfaction અને fulfilmentમાં ઘણું અંતર છે.

મોડી રાત સુધી ઉદયન ઊંઘી શક્યો નહીં. એને અંધકારમાં વધુ દેખાય છે. રતાંધળા માણસથી એની સ્થિતિ સાવ વિપરીત છે. એને રાત્રે જ વધુ સૂઝે છે.

પશ્ચિમ તરફની બારી પાસે ખુરશી લઈ જઈને, બારીમાં હાથ પર માથું ટેકવીને એ જોવા લાગ્યો.એ નક્ષત્રો જોતો ન હતો. નક્ષત્રોની ઉપરનીચેનું આકાશ પણ એને દેખાતું ન હતું. દેખાતો હતો માત્ર અંતરાલ. એ અંતરાલ નીચે તરફ સમુદ્ર સુધી વિસ્તર્યો હતો. સમુદ્ર અત્યારે નક્કર અંધકાર બનીને ઉદયનને દેખાયો.

ઉદયને જ્યારે જ્યારે આ બારી બહાર નજર કરી છે ત્યારે ત્યારે એને સર્વપ્રથમ સમુદ્ર દેખાયો છે. સમુદ્ર દેખાયો છે એનો અર્થ એ નથી કે સમુદ્રરૂપે જ દેખાયો છે. કોઈક વાર રંગ બનીને, કોઈક વાર વિસ્તાર બનીને, કોઈક વાર સભરતારૂપે, કોઈક વાર અવાજરૂપે, કોઈક વાર શૂન્યરૂપે... સમુદ્ર સાથેનો એનો સંબંધ અનાદિ છે

અત્યારે સમુદ્રનો ખ્યાલ એને અંતરાલ દ્વારા આવ્યો.

સમુદ્ર પરથી એ ફરી પાછો અંતરાલમાં પહોંચી ગયો.

અંતરાલમાં એની દૃષ્ટિને આધાર મળ્યો... એ આધાર એની દૃષ્ટિમાંથી જ જન્મ્યો હોવો જોઈએ. એ આધારે ઉદયનને કશીક અભાન — અકૃત્રિમ જાગૃતિમાં પહોંચાડ્યો.

અવકાશના કેન્દ્રમાં એક કમલપત્ર ચમકી ઊઠ્યું. જાણે કે ચમકતા નીલરંગી કાચમાંથી એ રચાયું ન હોય ! એમાં રોશની ન હતી. તેજ હતું.

તે પછી કેસરિયા રંગનો એક ફુવારો કમલપત્રના કેન્દ્રમાંથી ફૂટ્યો. એ ફુવારો ચાર ફૂટ ઊંચો ઊછળીને ધીરે ધીરે મંદ પડતો ગયો અને ગોળાકારમાં વિખેરાતો ફેલાવા લાગ્યો. ફુવારો સંકોચાતો ગયો અને સઘન થતો ગયો. એક અબોધ પળે એનું પદ્મમાં રૂપાંતર થઈ ગયું.

બંધ પદ્મ વિકસવા લાગ્યું, ખીલવા લાગ્યું. એ માત્ર ચાર પાંદડીઓરૂપે જ ખીલ્યું. એ પાંદડીઓ ચાર દિશાઓ સૂચવવાને બદલે, ચાર ખૂણા સૂચવતી હતી.

વાયવ્ય તરફની પાંદડી પર એક અભિરામ આકાર પ્રગટ થયો. તે શિશુ હતું.જાણે કે અનાવિલ શૈશવ. એ તો શિશુથી પણ વધુ સ્વૈરાચારી અને તેથી સંમોહક. પાછા વળીને ભૂતકાળની અનંત ખાઈમાં કયાંક અટવાઈ ગયેલું પોતાનું શૈશવ જોવાની

અભિલાષા જાગી. એણે રોકી રાખી. એને જોવા જતાં અત્યારે જે સામે છે તે પણ અલોપ થઈ જાય તો ? અને એટલું વિચારતાં તો થયું પણ એમ જ. વિચારમાંથી મુક્ત થઈને જોવા જાય છે ત્યાં તો પેલું શિશુ વિસ્તાર પામીને કેવળ આકારવત્ થઈ ગયું. એ આકાર પોતાનું તેજ ઘટાડી રહ્યો હતો. વધુ વિસ્તાર પામતાં એ મંદ અને સ્ફીત બની ગયો. એને લાગ્યું કે મીણની મૂર્તિ જેવો એ ઘાટ પોતાના બંધારણને મળતો આવે છે. એને છાયા નથી, વેદનાનો પરિવેશ છે. એ વેદનાને ઓળખવા મથ્યો, આત્મસાત્ કરવા ગયો ત્યાં તો પેલો આકાર ઓગળીને ટપકવા લાગ્યો. એક એક ટીપું નીચે આવતાં આવતાં વાદળ બની જતું હોય તેવું લાગ્યું.

આ ભ્રમ છે કે શું ? કેમ કે વાદળ તો સમુદ્રમાંથી જન્મે.

વિચારની આ સભાનતાને છોડીને એ જોવા જાય છે ત્યાં તો અગ્નિખૂણા તરફની પાંદડી પર અંગૂઠો મૂકીને એક વિશાળકાય પુરુષ આવી ઊભો છે. તેના ખભેથી સહેજ ખસેલો, કેડ સુધી ફરકતો શ્વેત ખેસ સરસ્વતીમંદિરના ચંદરવા તરીકે ખપ લાગે તેવો હતો. એ પુરુષનું ધોતિયું કલાત્મક પાટલીને કારણે ભગવાન કૌટિલ્યની યાદ આપે છે. હાથમાંનાં પુસ્તકો પતંજલિની સાવધાનીથી પકડાયાં હતાં. દક્ષિણ હસ્તમાં પકડાયેલી આમ્રમંજરી કાલિદાસની ટેવ પ્રમાણે પકડાયેલી હતી. ઉદયનને લાગ્યું કે આ તો પોતે જ છે. પોતાનું આ રૂપ જોઈને એ મગરૂર થઈ ગયો અને અભિમાનપૂર્વક બીજી પાંદડી પર પગ મૂકવા ગયો. બીજી પાંદડીને એનો સ્પર્શ થવા જાય છે ત્યાં તો એની પાર્થિવતાનો અને સ્વમાનવૃત્તિનો ભાર એ પાંદડી સહી ન શકી. એ પાંદડી બરડ ન હતી. તેથી તૂટી નહીં. નમી ગઈ. ઉદયન પડ્યો નૈઋત્ય ખૂણામાં. અગસ્ત્યમુનિ પી ગયા તે પછીનો ખાલી સૂકો પડી ગયેલો દરિયો કકળતો હતો. ઉદયન ધીરે ધીરે પડી રહ્યો હતો. એને લાગ્યું કે પોતે પડી નથી રહ્યો પણ ઊતરી રહ્યો છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ તીવ્ર ન હતું છતાં એના અનુભવથી એને આનંદ થયો. છેક નીચે પહોંચતાં રણ જેવો દરિયો જોઈને એ ક્રોધે ભરાયો. એક વાર તો માણસોની અદમ્ય તરસે સમુદ્રનાં રણ બનાવી દીધાં છે અને ફરીથી વળી આ સ્થિતિ કોણે સર્જી ? એનો ક્રોધ વધતો ગયો અને, ક્રોધમય બની ગયા પછી એ

વિશ્વામિત્ર બનીને અગસ્ત્ય મુનિને સારું ખોટું સંભળાવવા લાગ્યો! એણે જ આ યુક્તિ શોધી કાઢેલી. દરિયો પી જઈને એણે જ સર્વપ્રથમ રણ ઊભું કરેલું. શું સમજતો હતો એના મનમાં? લોપામુદ્રા જેવી વિદુષીને મૂકીને ચાલ્યો ગયો. પ્રવંચક! વિંધ્યાચળને વધતો રોકીને ગયો પછી પાછો જ ન આવ્યો. આ બધા જરઠ બુઢ્ઢાઓ વિકાસશીલ યુવકોને — પર્વતની જેમ ગર્વોન્નત મસ્તકવાળા યુવકોને વચનથી બાંધી લઈને છેતરે છે. અગૂંઠા કાપીને ગુરુપદું સાચવે છે. શિખંડીઓને આગળ રાખીને એમને ઓથે લડનારા પરાક્રમી બની બેસે છે... છોડો એ બધી વૈરાગ્યની વાતો. વાતો છોડો અને જીવો... વાતો છોડો અને જીવો... આ સૂત્ર બોલતાં બોલતાં એ વિશ્વામિત્રમાંથી ચાર્વાક બની ગયો. અને એ તીવ્ર વેગે ઈતિહાસને ખૂંદતો આગળ વધવા લાગ્યો. કીર્તિસ્તંભ કયાંય દેખાય તો રસ્તો બદલીને એ તરફ વળીને એ ડાબા પગથી ઠોકર મારતો હતો. સ્તંભના ટુકડા રવડતા રવડતા ઊંડી ખાઈઓના અંધારામાં જઈ પડતા હતા. હાથ લાંબા કરી કરીને વિજયલેખ ભૂંસી નાખતો હતો. કીર્તિગાથાઓને સાચવી રહેલા પુસ્તક-ભંડારોને ફૂંક મારીને ભસ્મ કરી નાખતો હતો. ક્ષણે ક્ષણે એ અટ્ટહાસ્ય કરી ઊઠતો હતો. માર્ગમાં આવતા પર્વતો એને શંકરની સમાધિ ધારણ કરીને બેઠેલા લાગતા હતા. એ જોઈને એના ચરણનું બળ વધતું હતું. વિજયલેખ... કીર્તિગાથાઓ... માણસનું લોહી વહાવીને વિજયી થનારની વળી કીર્તિ-ગાથા? એના અંતસ્તલમાંથી શબ્દ ઉદ્‌ભવ્યો. મેઘગંભીરઘોષથી એ બોલ્યો — 'હે માનવજાતિ! યુદ્ધ એ આત્મહત્યા નથી તો શું છે ?' એનો સ્વર વીખરાઈ ગયો. સામેથી કોઈ પ્રતિઘોષ જાગ્યો નહીં. કોઈ સાંભળનાર ન હતું. કારણ કે ઈતિહાસમાં કોઈ હાજર હોતું નથી, ફકત ઇતિહાસ હોય છે. તે પણ અનેકોના ભ્રમના સમુચ્ચયરૂપે. કશો પ્રતિશબ્દ ન થયો તેથી એ ચારે તરફ જોવા લાગ્યો. ઈશાન ખૂણા તરફ જોયું તો એકાએક કાળાં વાદળ સળગી ઊઠયાં. આગ, ધૂણી અને હવાએ કેવું રૂપ ધારણ કર્યું હતું? જ્યાં પોતાનો વર્તમાન કાળ હવે ઇતિહાસ બની ગયો છે તે, માનવજાતિના સહુથી મોટા સ્મશાન — હીરોશીમા તરફ ગયેલી પોતાની દૃષ્ટિની પાછળ પાછળ એ દોડી ગયો. પણ રસ્તામાં દેખાતાં અનેક સ્મશાનોને એ અવગણી શક્યો નહીં. કુરુક્ષેત્રમાં ઠરેલી

રાખની ચપટી ભરીને એણે પોતાની ડાબી ભ્રૂકુટિ રંગી અને ત્યાં તો એ સંપૂર્ણ ઉદયન બની ગયો. એ ધરતી પર પગ મૂકીને ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં એ સૂનકારના રાજમાર્ગ પર પહોંચી ગયો. એના અસ્તિત્વમાંથી એકાએક ઉગ્ર રિક્તતાભરી અહાલેક જાગી. ત્યાંથી એ આગળ વધ્યો. અંધકારના પહાડોની તળેટીમાં એ ઊતરી રહ્યો હતો કે કોઈ અતલાન્ત ખાઈમાં, તેની એને સમજ ન પડી. આ દિવસ છે કે રાત તેની એને ખબર ન પડી. બધું જ ધૂમિલ અને ઝાંખું હતું. ત્યાં સમતલ ભૂમિ સુધી એ પહોંચી ગયો. અંધકારમાં પણ એને થોડા આકારો દેખાવા લાગ્યા. એ વૃક્ષો હતાં. આગળ વધતાં વૃક્ષોનાં ઝુંડ આવ્યાં. બે દિશામાંથી એક સાથે હવા આવી રહી હતી. પશ્ચિમ તરફથી ભીની લવણ શીતળતા ભરેલી હવા આવતી હતી. એકના સ્પર્શમાં નશો હતો, અન્યના સ્પર્શમાં સ્ફૂર્તિ હતી. એ પુલકિત થઈ ઊઠ્યો. એની આંખોને સંલગ્ન વૃક્ષોની નિબિડ છાયાના અપારદર્શી અંધકારમાં તરતા આગિયાઓની પાંખોનો ચમકાર જોવા મળ્યો. એ ચમકારાઓની ક્ષણિકતાથી એને આશ્વાસન મળ્યું. એ આગળ વધ્યો.

હવે એક મૃત પર્વત સમક્ષ આવીને એ ઊભો હતો. એ પર્વતના નિર્જન અને કાળમીંઢ ખડકોના કેન્દ્રમાં એને પોતાના સમકાલીન માણસની આંખો જકડાઈ ગયેલી લાગી. એણે શબ્દના વજ્રાઘાત કર્યા. એના શબ્દ તૂટ્યા પણ ખડક નહીં. વૈફલ્યના પ્રત્યાઘાતથી એનું ગુમાન પ્રજ્વલિત થઈ ઊઠયું. એની શિખા રોષથી કંપી ઊઠી. એના હોઠ પર અંગારાની ચમક આવી ગઈ. એના બાહુમાં અંધ ધૃતરાષ્ટ્રનું બળ આવી ગયું. આ બધા ખડકોને બાથમાં લઈને પીસી નાંખવાની એનામાં વૃત્તિ જાગી. પણ એને લાગ્યું કે કોઈ દૂરની વસાહત એને બોલાવી રહી છે. એ પોતાને રોકી શકે એમ ન હતો.

હવે એની ગતિમાં ભગવાન નૃસિંહનો આક્રોશ હતો. એની આંખોમાં પરશુરામની સંકલ્પશક્તિ હતી. હવે એના ભાલ પર વિદ્રોહનું તામ્રપત્ર જડેલું હતું. આ તામ્રપત્રમાં પોતાનું પ્રતિબિંબ જોઈને માર્ગમાં આવતાં ગામનાં ગામ ધ્રૂજી ઊઠતાં હતાં. એ સકળ જનપદોનો ત્યાગ કરતો કરતો આરણ્યક ભૂમિ સુધી પહોંચી ગયો.

સૂકા મહાસાગરોનો નિરાશ્રિત વડવાનલ એના વક્ષના કવચને ભેદીને બહાર ઊછળી આવવા માગતો હતો. એની આંખોની કીકીઓના સ્થાને હવે બે શનિચર ઘૂમતા હતા. વેરાન ખડકોથી છવાયેલી ભૂમિ પસાર કરતો કરતો, લચેલાં ખેતરોના દશ્યથી વિશ્રાંતિ અનુભવતો, આંબાવાડિયાં અને ચીકુની વાડીઓ જોઈને મૃત ખડકોને એ માફ કરી શક્યો. એને ખ્યાલ આવ્યો કે પોતે જેના પર ગુસ્સે થયો તે તો મૃત સૃષ્ટિ છે. આવી પ્રાથમિક બાબતે એ ભ્રમમાં પડ્યો! અને એ પાગલની શક્તિએ હસી પડયો. એના હાસ્યનાં બરછટ મોજાં સામેના અરબી સમુદ્રની ઓટમાં ખેંચાઈ ગયાં. કદાચ સમુદ્ર એને આવેલો જોઈને પાછો પડી ગયો હતો. પણ ના, સમુદ્ર તો સમુદાર છે. એ પોતાનાં મોજાંમાંથી શીકર ઉછાળી ઉછાળીને ઉદયનના નિર્વેદને સંતર્પવા લાગ્યો. એણે જોઈ લીધું હતું કે આ માણસ એકલો છે, સહુથી અલગ છે. અત્યારે આ મરીન ડ્રાઈવના બાંધેલા કાંઠા સાથે અફળાઈને ઊછળતી મોજાંની છાલકથી બચવા સહુ કોઈ કંઈક દૂર દૂર ચાલે છે, જ્યારે આ માણસ તો પોતાના પડછાયાને પાણીમાં નાખીને બેઠો છે. ભીંજાવા સામે એને મના નથી.

ઉદયન બેસી જ રહ્યો. એક બાજુ કૃતક રોશની અને બીજી બાજુ ઊછળતો આર્દ્ર અંધકાર, બંનેનું ભેદક ચિહ્ન બનીને એ બેસી રહ્યો. રડવાના અનુભવના સદંતર અભાવથી એની આંખોની રિક્ત શુષ્કતા અમાસની રાત્રી થી પણ વધુ રાત્રિમય હતી. એ રાત્રિમયતાને નિહાળી રહ્યો હતો. ત્યાં સામેથી એક સુંદર છાયા જલ પર ચાલતી ચાલતી એની નજીક આવવા લાગી. એ છાયાના માનમાં સમુદ્રનાં મોજાં સમતલ થઈ ગયાં હતાં. એ છાયા માત્ર છાયા ન હતી, કોઈક અસ્તિત્વનું રહસ્યમય રૂપ હતું. એણે સંબોધન કર્યું — આખા યુગને અમાસ માની બેઠેલા ચક્રવાક! આ તારો નિર્વેદ નથી, અસંતોષ છે, તેથી વિલાપ છે. ઊભો થા. અનેક વિદ્રોહી સર્જકોનાં આ ધરતી પર અળપાઈ ગયેલાં સ્વપ્ન તારી પ્રતીક્ષા કરે છે. એ સ્વપ્નોની વેદના હજી શબ્દ પામી નથી. તારો શબ્દ એમના માટે છે. તું ક્યાં શબ્દને શસ્ત્ર માનવા લાગી ગયો? તારી સામે છે એ તો માત્ર એક સીમિત પાર્થિવતા છે. તારા

શબ્દના બ્રહ્માંડમાં સોળ સોળ સૂર્ય ભાસમાન છે. ત્યાં કશું બાધિત નથી, બધુંય પૂર્ણ છે, વિપુલ છે. અનંત છે. તારી પ્રતીક્ષા ત્યાં થાય છે. ઊભો થા, જાગૃત થા...

જમણા હાથ પરથી મસ્તક નમી જતાં ઉદયન જબકી ઊઠ્યો. એના હાથને ખાલી ચડી હતી. જડવત્ બની ગયો હતો. એને લાગ્યું કે આ નિદ્રામાં પણ એની આંખો ખુલ્લી રહી ગઈ હતી. કદાચ એ ઊંઘ્યો જ નથી. આ બધો તો જાગૃતિનો જ વિહાર, સર્જકતાના અણુઓની લીલા.

એ ઊભો થયો. એને લાગ્યું કે પૂર્વ દિશામાં અત્યારે એક પૂંછડિયો તારો ઊગી આવ્યો હશે. પણ આ મકાનને પૂર્વ દિશા જ નથી. એ અકળાઈને બેસી રહ્યો. અને વિચારવા લાગ્યો કે અત્યારે જે અનુભવ્યું તેનો સામગ્રી તરીકે ઉપયોગ કરીને એક લાંબી વાર્તા લખી શકાય. એ વાર્તાના બે ખંડ રાખવા. પહેલા ખંડના અંતે હીરોશીમાનું વર્ણન કરવું અને પછી તરત મધ્યાન્તર આવે. આ મધ્યાન્તર પછી વાર્તા આગળ કેટલી ચાલે છે તે જોવું. અંત વિના જ વાર્તાને રહેવા દેવી. વાચકો પોતપોતાને અનુરૂપ અંત મૂકી શકે. જે લોકો ભવિષ્યમાં માનતા હોય તે અંતને દૂર સુધી ધકેલતા જાય. ભવિષ્ય! ક્યાં છે ભવિષ્ય? જે છે તે તો વર્તમાન સુધી વિસ્તરેલો ભૂતકાળનો અજગર! વર્તમાનરૂપે પ્રગટતી પ્રત્યેક ક્ષણને પોતાના શ્વાસ ભેગી ખેંચી લઈને એ અજગર પોતાના પેટાળમાં પહોંચાડી દે છે. સહેલાઈથી સમાવી લે છે. થોડુંક એની જીભ પર રહી જતું હોય છે તે અમુક સમય સુધી જોઈ શકનારને દેખાતું રહે છે.

સિગારેટ સળગાવીને પલંગમાં જઈને એ સૂઈ ગયો. એને લાગ્યું કે આ પલંગ ઘણો મોટો છે, તેથી આટલો બધો ખાલી ખાલી લાગે છે.

ઉદયન બહુ ઊંઘી શક્યો નહીં. સવારના દશ વાગ્યે એ જાગ્યો. પલંગ પરથી નીચે પગ મૂકતાં જ એને લાગ્યું કે અમૃતા હવે તો આવી ગઈ હશે. બે અઠવાડિયાં જેટલો સમય વીતી ગયો. એ તૈયાર થઈ ગયો. લિફ્ટનું બટન દાબ્યું. પણ ઉતાવળ અનુભવતાં એ દાદર ઊતરવા લાગ્યો. ટેક્સી મળી ગઈ. 'સિક્કાનગર' અમૃતાને મળવા જતો હતો તેથી રસ્તામાં એ બીજું કંઈ જોતો ન હતો.

બારણું ખુલ્લું હતું.

'અમૃતા આવી ગઈ ?'

'જી, અંદર રસોઈ બનાવે છે.'

'એ શા માટે રસોઈ બનાવે છે ?'

'કામમાં મન પરોવવા માગે છે.'

'તો પછી તમે શું કરશો ડોશી ?'

'ઘણાં કામ છે. ખરીદી, સફાઈ, મહેમાનોની ખાતર-બરદાસ્ત, તમને પાણી લાવી આપું ?'

'જરૂર નથી. અમૃતાને કહો કે હું આવ્યો છું.'

'જી, કહું છું. કદાચ એમણે તમારો અવાજ સાંભળ્યો હશે.'

ડોશી રસોડામાં જઈ આવ્યાં. અમૃતા આવી નહીં તે જોઈને ઉદયને પૂછ્યું:

'શું કહ્યું એણે ?'

'કહ્યું — "સારું"!'

બેસી રહ્યા પછી એ પુસ્તકો ઉથલાવવા લાગ્યો. પુસ્તકો જોતાં જોતાં એ અનુભવી રહ્યો કે આ અનિકેતનું મકાન છે.

પુસ્તકો જોઈ રહ્યા પછી એ બાજુના રૂમમાં ગયો.

બાજુના રૂમમાં જઈ આવ્યા પછી એ હીંચકા પર બેઠો.

હીંચકા પર બેઠાં બેઠાં એણે સિગારેટ સળગાવી. એક પૂરી થઈ ગઈ, બીજી પૂરી થઈ, ત્રીજી સળગાવી અને એ ઊભો થયો. નીચું જોઈને પગથિયાં ઊતરવા લાગ્યો.

કાર તરફ નજર ગઈ. આગળના ડોરનો કાચ બંધ કરવા છતાં પણ ત્રણેક ઈંચ ખુલ્લો રહી ગયો હતો. એણે ધીમે રહીને હૉર્ન વગાડ્યું. ડોશીએ બારીમાંથી નીચે નજર કરી.

'આ કાચ બંધ નથી.'

ડોશીએ શો ઉત્તર વાળ્યો તે સ્પષ્ટ સંભળાયો નહીં પણ એ અર્થ સમજી શક્યો. બાજુના રૂમની બારીમાંથી અમૃતાનો ચહેરો ડોકાયો. નજર મળતાં જ એના પગમાં ગતિ જન્મી. રોડ પર ફૂટપાથ પાસે ટેક્સી પડી હતી. એ બેસી ગયો.

'ક્યાં જશો સાહેબ ?'

'તમારી ઇચ્છા કઈ તરફ જવાની છે ?'

'આપ કહો નહીં તે સિવાય અમને તો ક્યાં જવું તે સૂઝે જ નહીં.'

'ચાલો, ઉપાડો તો ખરા.'

ઉદયનને યાદ આવ્યું: 'ક્યાં જશો ?' જવાબ આપ્યો: 'ભાગ્ય લઈ જાય ત્યાં.' મારે હવે કહેવાનું રહે છે: 'યંત્ર લઈ જાય ત્યાં.'

હોટલ જોઈને એણે કાર રોકી. જમ્યો. ચાલવા લાગ્યો. પુસ્તક-વિક્રેતાની દુકાને પહોંચી ગયો. પેપરબૅકમાં આવેલાં નવાં પુસ્તકો ખરીદ્યાં. સંતોષ થયો ન હોય તેમ એ ફરીથી પુસ્તકો જોવા લાગયો. એક ઊંચાં યુવતી આવીને એકી સાથે ઘણાં પુસ્તકો પર નજર ફેરવવા લાગ્યો. ઉદયને એમને જોયાં અને ધ્યાન આપ્યું કે કેવાં પુસ્તકો ખરીદે છે જોઈએ. હાં, એ જ છે. લેકચરર હતાં. આજે શું હશે, ખબર નહીં. એ પુસ્તકો તરફ નજર કરીને વાત કરતાં હતાં, પૂછવું હોય તે પૂછતાં હતાં. પોતાને અતડાં રાખીને ગૌરવશીલ બની રહેવા માગતાં હતાં. એ કીર્કેગાર્ડ, દોસ્તોયવસ્કી, નિત્શે, હેડેગર, સાર્ત્ર અને કાફકાનાં પુસ્તકો માગતાં હતાં. ચારેક પુસ્તકો નીકળ્યાં. બાકીનાં મંગાવી આપીશ એવું વિક્રેતાએ વચન આપ્યું. પણ એ વિદુષી તો ચાર દિવસ પછી 'અસ્તિત્વવાદ' પર એક કલબમાં બોલવાનું વચન આપી ચૂક્યાં હતાં. એમણે વિગતવાર વાત કરી. ઉદયન એમના તરફ પીઠ કરીને એમને સાંભળી રહ્યો

હતો અને મલકાઈ રહ્યો હતો. એણે ન કહ્યું કે હે દેવીજી, જે વિશે વાંચ્યું ન હોય તેના વિશે બોલવાનું વચન કોણ આપે? આ પરથી તો બોલવાનું આમંત્રણ આપનારાના સ્તરનો પણ ખ્યાલ આવે છે.

અફસોસ કરતાં કરતાં એ ચાર પુસ્તકો અને બાકીનાનું સૂચિપત્ર લઈને જવા લાગ્યાં.

'મારી પાસે એ બધાં પુસ્તકો છે. પણ તમારે જોઈએ છે એનાથી વધારે છે. યાસ્પર્શ, માર્સલ અને કામુનાં પુસ્તકો પણ છે. તમારે જોઈતાં હોય તો...'

'તમને જોઈને પૂછવાનું મન થયું હતું જ મિ. ઉદયન. તમારો ઘણો ઘણો આભાર. તમારી વાર્તાઓ હું વાંચું છું.'

'આભાર.'

'તો...' ઉદયન સાથે નજર મળતાં એ વધુ બોલી શક્યાં નહીં.

'તમને પુસ્તકો ક્યારે પહોંચાડું?'

'મારી પાસે કાર છે. હું અત્યારે જ આવીને લઈ જાઉં, તમને વાંધો ન હોય તો.'

કારમાં બેઠાં પછી ઉદયન કશું બોલ્યો નહીં. એને થયું કે થોડુંક પણ બોલીશ તો પછી આ મિસ કે મિસિસ સંવાદ લંબાવ્યા જ કરશે.

'મારી એક વિનંતી છે.'

'મારા જેવા નાના માણસને વિનંતી કરવાની ન હોય.'

'નાના દેખાતા તો નથી.' એમણે ખાતરી કરી લીધી કે ઉદયન નાનો તો નથી જ. 'મારે બદલે તમે બોલો તો કેવું સારું!'

'એ કલબ આગળ તો તમે બોલો એ જ ઉચિત છે. ત્યાં તો તમે પણ વાંચ્યા વિના બોલશો તો એ લોકોને વધુ સમજાશે.'

એ સમજ્યાં કે ઉદયને મારી પ્રશંસા કરી. એમણે સ્મિત કર્યું, પછી જિહ્વાગ્રથી હોઠ કોરા કર્યા અને બરોબર બીડી લીધા.

માનવમંદિર રોડ આવી ગયો.

‘હાં અહીં જ કાર રોકો. તમારે બહુ પ્રતીક્ષા નહીં કરવી પડે. હું પાંચેક મિનિટમાં આવી પહોંચું છું.’

એમને ખોટું લાગ્યું. એમણે કારને ફૂટપાથ તરફ વધુ દબાવી.

બે ડોલ ભરીને એ પુસ્તકો લાવ્યો. પાછળની સીટ પર એણે ડોલ ખાલી કરી દીધી. અને બંને ડોલ એક હાથમાં પકડીને બોલ્યો :

‘બોલવું ન બોલવું તો ઠીક પણ રસ પડે તો વાંચજો. પાંચ-છ માસમાં સરળતાથી વાંચી શકશો. અને વાંચ્યા પછી બોલવાનાં હો તો કહેજો. હું સાંભળવા આવીશ. જોકે બરાબર વાંચી લીધા પછી તમને પણ “અસ્તિત્વવાદ” પર બોલવાની ભાગ્યે જ ઇચ્છા રહેશે.’

‘તમે તો ઘર પણ ન બતાવ્યું.’

‘મારું ઘર કોઈ તંદુરસ્ત અને સંપન્ન યુવતીને જોઈને અકળાય છે. આપનું યોગ્ય સ્વાગત ન થઈ શકે તો મારો અતિથિ-ધર્મ દોષમાં પડે.’

‘તો આ પુસ્તકો તમને પરત કરવા ક્યારે આવું ? એમને લેવા પણ તમે અહીં રાજમાર્ગ પર જ આવશો ને ? હું એકાદ માસમાં તો વાંચી લઈશ. કેટલાંક તો મેં વાંચ્યાં પણ હશે.’

કયાં કયાં વાંચ્યાં છે ? પૂછવાનું મન થયું પણ એણે મનોમન હસી લીધું.

‘હું થોડા દિવસ પછી બહાર જવાનો છું. તમે પુરાતત્ત્વ મંદિરમાં અમૃતાને પહોંચાડજો.’

‘અમૃતા ! સુંદર નામ છે.’

‘સમગ્રપણે સુંદર છે. એને મળશો તો એના પ્રેમમાં પડશો.’

‘ઓહ ! આભાર, આભાર... આવજો.’

કાર ઊપડી. ઊપડતાં પહેલાં બે ફૂટ પાછી પડી... બિચારીને થોડુંક તો વાંચવું પડશે... ડોલો હલાવતો એ ચાલવા લાગ્યો. કાર વળીને પાછી આવી.

‘તમે ક્યારથી બહાર જવાના છો ?’

‘નક્કી નથી. જવાનો છું એ નક્કી છે.’

‘હું તમને જ પુસ્તકો પહોંચાડીશ. અમૃતાને નાહક ચિંતા થાય કે આ વળી કોણ...’

‘ના, એ તો રાહત અનુભવે... ઍની વે, તમને યોગ્ય લાગે તે. પુસ્તકો પાછાં નહીં આપો તોપણ ચાલશે. અચ્છા આવજો.’

આને વળી ક્યાં મેં પુસ્તકો આપ્યાં ? પ્રચાર કરશે કે ઉદયને મને પુસ્તકો આપ્યાં છે. પહેલાં પૈસાદાર હોવાનો કેવો ડોળ કરતી હતી ? હવે કોણ એને ડિસ્ટર્બ કરે, બાકી પંદર દિવસમાં સાન ઠેકાણે લાવી દઉં. એમને ખબર પાડી દઉં કે તેઓશ્રી કેટલામાં છે ! વિદ્યાને નામે પણ ફૅશન... વાંચન અને વ્યક્તવ્યને પણ વ્યસન લેખે સ્વીકારે... વંચના કેટલી સહજ થઈ ગઈ છે !

અને વાર્તાનો જન્મ.

□

કોઈ અજાણ્યાને નજીકથી પસાર થતાં સ્થિર ઊભેલાની આંખમાં ક્ષણિક કુતૂહલ જન્મે તે બાબત ન સમજી શકાય એવી નથી. અમૃતા સમજી શકે છે કે વિજાતીયને જોઈને યુવાન આંખમાં જાગૃતિ આવે પણ આ કૉલેજો આગળ ઊભેલાં ટોળાંમાં એને જોઈને મચેલા તરખાટનો શો અર્થ લેવો ? કેવી બેજવાબદાર ચંચળતા ! જાણે નાના પિરામિડો પર વીજળી પડી. બે કૉલેજો આગળ એક સરખો અનુભવ થયો. તો શું આ અંગે અહીં તાલીમ આપવામાં આવે છે ? એ ચાલતી ચાલતી પસાર થઈ

હતી. પેલાઓનાં વાચિક અને આંગિક નખરાં જોઈને એ સ્તબ્ધ થઈ ગઈ. તો શું આ મુંબઈ અને અમદાવાદનો ભેદ પ્રગટ કરતાં લક્ષણ છે ?

અમૃતાને ખેદ થયો. એ જાણતી હતી કે અહીં તો કોઈ યુવતી પસાર થાય અને તેના ગમનને આ પ્રમાણે રિસ્પોન્સ મળે તો નારાજ થવાને બદલે એ પોતાના સૌંદર્યની અપીલની સ્વીકૃતિ જુએ.

બીજી કૉલેજમાં એ વ્યાખ્યાન આપવા ગઈ હતી. એની સહાધ્યાયિની ત્યાં અધ્યાપિકા હતી. ટેક્સીની રાહ જોતી એ ટાઉનહૉલ આગળ ઊભી હતી, પણ પછી બસ મળી જતાં એ એમાં બેસી ગયેલી. અહીં આવ્યા પછી એ રિક્ષામાં એકવાર બેઠી હતી. રિક્ષાનો અવાજ અને પછડાટ એને ત્રાસજનક લાગ્યાં.

બસમાંથી ઊતરીને એ ચાલતી ચાલતી કૉલેજ સુધી ગઈ. પ્રવેશદ્વાર સુધીનો રસ્તો એણે નીચી નજરે પસાર કર્યો. એણે કશી ફરિયાદ કરી નહીં. એનું સ્વાગત થયું. સમય થતાં એને સભાગૃહમાં લઈ જવામાં આવી. આચાર્યશ્રી પ્રમુખ હતા. અમૃતાની અધ્યાપિકા મિત્રે પરિચય આપ્યો —

‘કુમારી અમૃતાનું નામ મુંબઈ શિક્ષણ જગતમાં તો ભાગ્યે જ કોઈથી અજાણ્યું હશે. એમની કારકિર્દી ઉજ્જવળ હતી. પણ ફક્ત એટલા માટે જ એ જાણીતાં છે એમ હું કહી શકું તેમ નથી. એકવાર તરવાની હરીફાઈમાં એ વિજેતા બનેલાં ત્યારે બાથ ઉપર લેવાયેલી એમની તસવીરની નકલો કાળા બજારે વેચાયેલી.’

અમૃતા સહુની સાથે હસી શકી નહીં. પ્રશંસા સાંભળીને શરમાઈ પણ નહીં.

‘મેં એનો અભિનય જોયો છે. આજેય મને યાદ છે “વેણીસંહાર”ના ભજવાયેલા કેટલાક અંશ. કર્ણ તરીકે શ્રી ઉદયનનો અભિનય અને દ્રૌપદી તરીકે કુમારી અમૃતાનો અભિનય હજીય મારા ચિત્તમાંથી ખસ્યો નથી.

‘આ તો માત્ર ઉપરછલ્લો પરિચય થયો. એમનો સાચો પરિચય એ છે કે એ વિદુષી છે. પારિવારિક સુખસગવડોનો એમણે અધ્યયનમાં જ ઉપયોગ કર્યો છે. ખાસકરીને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; પુરાતત્ત્વ અને સંસ્કૃત ભાષા-સાહિત્યનું એમનું અધ્યયન

લેખોમાં અછતું રહેતું નથી. એ અંગ્રેજીમાં પણ લખે છે. એ સફળ વક્તા છે, જે વિશે મારે કહેવાનું હોય નહીં. એ અંગે તમે સહુ જાણો છો એમ માની લઉં છું. નહીં તો આટલી મોટી સંખ્યામાં તમે બીજા કયા કારણે ઉપસ્થિત થઈ શકો? હું એમને પોતાનું વ્યાખ્યાન શરૂ કરવા વિનંતી કરું છું. "પ્રાચીન ભારતીય સાહિત્યમાં નારી" એ વિષય પર બોલવા એમને વિનંતી કરેલી છે.'

અમૃતા ઊભી થઈ કે તત્ક્ષણ શ્રોતાઓ આમૂલ દ્રષ્ટા બની ગયા. સહુને સંબોધીને એ બોલી —

'આટલી મોટી સંખ્યામાં આપ સહુ મને સાંભળવા હાજર થયા છો તે માટે આભાર માનું છું. અને સાથે સાથે આટલી મોટી સંખ્યા જોઈને હું મારા પર વહેમાઉં છું કે હું અભ્યાસી છું કે કેમ! કારણ કે કોઈ અભ્યાસી વ્યક્તિને સાંભળનારાંની સંખ્યા કેટલી હોય તે હું જાણું છું... તમારી ઉપસ્થિતિનું રહસ્ય હું જાણું છું. એની સ્પષ્ટતા કરવાની જરૂર નથી. અહીં તમારો અનાદાર પણ મને અભિપ્રેત નથી.'

શ્રોતાવર્ગના હોઠ પર વિભિન્ન મલકાટ હતો. બાલિકાઓના કોર્નરમાં થોડીક ગુપચુપ ઈશારત પણ થઈ ગઈ.

'પ્રાચીન ભારતીય નારી' વિશે બોલવાનો આરંભ અહીં જ થઈ જાય છે. પુરુષે એ નારીને સાંભળી નથી, જોઈ છે. જાણી નથી, સાચવી છે. નારીને ઓળખવામાં એ પુરુષને રસ ન હતો તેથી એને પરમ રહસ્ય કહીને એને નવાજી છે, વાસ્તવમાં તો ગૌરવ કરવાના બહાને એની સત્તાની ઉપેક્ષા કરી છે. આ મુદ્દા પરત્વે આજે પણ કશુંક જુદા પ્રકારનું કહેવાનું પ્રાપ્ત થતું નથી.'

શકુન્તલાને અનાઘ્રાત પુષ્પરૂપે જોઈને સૌંદર્યપિપાસુ દુષ્યંતને ભારે ચિંતા થઈ હતી — વિધાતા કોને આનો ભોક્તા નિયુક્ત કરશે? ભોગ્યા અને ભોક્તા — નારી અને નર માટે વપરાયેલાં એ વિશેષણો તે કાળે વ્યત્યય પામેલાં પણ જોવા મળશે. નારી પણ ભોક્તા છે. અહીં યમ-યમીનો સંવાદ યાદ કરવા હું કહેતી નથી. એ કાળે જાતીય સંબંધો પરત્વે પુરુષ કે સ્ત્રી—કોનું વર્ચસ હતું તે નક્કી કરીને નારીનું સ્થાન

સમજવાનો પ્રયાસ કરવાનો હોય નહીં. કારણ કે એ તો સ્વીકારીને ચાલવાની બાબત છે. એ તો સામાન્યમેતદ્ છે. એ મુદ્દો સંશોધનનો વિષય થઈ શકે નહીં. પરંતુ આજે તે યુગની નારી વિશે વિચારતાં અભ્યાસીઓ જાતીય સંબંધની ચર્ચાને અગ્રસ્થાન આપે છે કારણ કે સ્ત્રીપુરુષના અસ્તિત્વને સમજવાનો દષ્ટિકોણ હજી સીમિત છે, વિશેષતઃ સ્ત્રીને સમજવાનો દષ્ટિકોણ. પ્રાચીનકાળમાં પણ આવી સ્થિતિ જ પ્રવર્તતી હતી. વિચાર કરો, સ્પષ્ટ થશે કે મહાકવિએ પણ એક મુદ્રિકાના પ્રતીકમાં સમાવી શકાય એટલું જ શકુન્તલાના સ્મરણને આંક્યું! દુષ્યંતના પ્રતાપી નામ વાળી મુદ્રિકા જલમાં સરકી ગઈ અને શકુંતલાનું સમગ્ર અસ્તિત્વ ભૂંસાઈ ગયું. એ વીસરાઈ ગઈ. મૂળ કથાનકમાં તો દુષ્યંતે શકુન્તલાને ભૂલવા મુદ્રિકાનું બહાનું પણ શોધ્યું નથી. એ કાળમાં પુરુષની સમષ્ટિભીરુતાએ નારીને અન્યાય કર્યો છે.

નાટકોમાં સ્ત્રી પ્રાકૃત બોલે છે. સંસ્કૃત અને પ્રાકૃતમાં સંસ્કૃત ચડિયાતી ભાષા અને પ્રાકૃત ઊતરતી ભાષા એવું આજનો ભાષાતત્ત્વવિદ નહીં કહે. પરંતુ નાટકકારો તો તે યુગની માન્યતાને વશ હતા કે સ્ત્રી સંસ્કૃત બોલે એ એના અધિકાર બહારનું છે.

સ્ત્રીના ભાગ્યનો નિર્ણય કરવા બેઠા ત્યારે મનુ ભગવાને સ્વાતંત્ર્યને તો બાજુ પર જ રાખ્યું. એટલું જ નહીં એમણે તો સ્વાતંત્ર્યનો નિષેધ પણ ચીંધ્યો. ભલે એને પૂજવાની વાત કરી. પૂજ્ય બનવા કરતાં સ્વતંત્ર થવાનું નારી વધુ પસંદ કરે પણ એને પૂછે કોણ?

આમ્રપાલી એટલી બધી સુંદર હતી કે એને સામાજિક સંપત્તિ બનાવવામાં આવી — નગરવધૂ બનાવવામાં આવી. નારી પોતાના સૌંદર્યની જાહેરાત નથી ઇચ્છતી, કોઈક હૃદયમાં પ્રતિષ્ઠાન ઈચ્છે છે અને તે પણ સમર્પણ દ્વારા. અને પછી પોતાના પ્રેમનું વાત્સલ્યમાં રૂપાંતર ઈચ્છે છે. પ્રાચીન યુગમાં કોઈક નારીએ અશ્રુની સહાયથી આ બધું સિદ્ધ પણ કર્યું છે પરંતુ અપવાદ રૂપે. હું તો એમ પણ કહેવા તૈયાર છું કે પ્રેમ અને સમર્પણમાં પણ નારીની સમગ્રતા આવી જતી નથી. એને પણ જિજ્ઞાસા હોય છે, આકાંક્ષા હોય છે. મૈત્રેયી શું પૂછે છે? યાદ કરો. એને તો ઉત્તર મળ્યો પરંતુ

ગાર્ગીને તો સાંભળવું પડેલું કે તું આટલા બધા પ્રશ્ન ન કર, તારું માથું ફાટી જશે. આ કંઈ નાનું અપમાન નથી. પંડિતોએ આવી બાબતોમાં નારીહૃદયની કોમળતાનો મુદ્દો ઉપસ્થિત કરીને વિચારના ભારમાં એને દબાઈ જતી બચાવી છે. આ પણ એક પ્રકારનો નિષેધ છે. આ બાધિતપણું નારીને આત્મનિર્ણયના માર્ગે વધતાં અટકાવતું રહ્યું. એ જ કારણે પ્રાચીન સાહિત્યમાં નારીનું અસ્તિત્વ સમગ્રતાથી અભિવ્યક્તિ પામ્યું નથી એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

મહામાનવોના સંશય દૂર કરવા અગ્નિપરીક્ષા આપવાથી પણ નિર્દોષતા પુરવાર થઈ શકી નથી. છેવટે ધરતીમાં માર્ગ શોધવો પડ્યો છે. અને એ અગ્નિપરીક્ષા લેનારની ઉદારતા પણ કેવી? પણ એ તો ભગવાનનો અવતાર! બધા અવતાર ભગવાને પુરુષરૂપે જ લીધા છે! એક અર્ધનારીશ્વરની કલ્પના એમાં અપવાદ છે, પરંતુ એનો તો અભ્યાસીઓ શો અર્થ કાઢતા હશે તે પ્રશ્ન છે.

કર્ણથી વંચિત દ્રૌપદીની સર્વાનુમતે શી દુર્દશા થઈ તે તમે જાણો છો. વાસવદત્તા અને વસંતસેના લેખકોની સહાનુભૂતિ પામી હતી, જે તે યુગની નહીં.

એ યુગના સમાજનો વિચાર કરતાં મને લાગે છે કે સ્વાધીન થવા માગતી નારી અને આધિપત્ય છોડવા ન માગતા પુરુષ વચ્ચે વિરોધ છે. પણ એ વિરોધ સાહિત્યમાં ક્યાંય નિઃશેષ અભિવ્યક્તિ પામ્યો નથી.

અહીં નારીની સ્વાધીનતાની વાત કરીને લગ્નજીવનમાંથી મુક્ત કરવાની હું વાત નથી કરતી. નારીની સ્વાધીનતા એટલે શું એ હું છેવટે કહીશ. હવે એક પછી એક યુગ લઈને મારા મુદ્દાની સ્પષ્ટતા કરું —

અમૃતાનું વ્યાખ્યાન એક કલાક ચાલ્યું. સભાખંડમાં અપૂર્વ શાંતિ રહી હતી. પ્રમુખશ્રીને થોડાક સંસ્કૃત શ્લોક આવડતા હતા. એ બધા બોલીને એકબે સ્થળે એમણે અમૃતા સાથે નમ્રતાપૂર્વક અસહમત થવાનો પ્રયત્ન કર્યો હતો. છેવટે અમૃતાની ફરી પ્રશંસા કરીને એમણે મધુરેણ સમાપન કર્યું હતું.

ત્રીજે દિવસે અમૃતાને વિદાય આપવા કેટલીક છાત્રાઓ આવેલી. અમૃતાના વ્યાખ્યાનના પ્રભાવમાંથી હજુ એ મુક્ત થઈ ન હતી. અમૃતાએ એમના સ્નેહ બદલ આભારવચન કહીને સૂચવ્યું કે મારા તરફની તમારી આ પ્રકારની મુગ્ધતા વસ્તુતઃ માનસિક પરાધીનતાની સૂચક છે. આ રીતે એમને સજાગ કરવા જતાં અમૃતાને ઉદયન યાદ આવ્યો. એને ભાન થયું કે પોતે બોલી તે ભાષા તો ઉદયનની છે.

એ મુંબઈ આવી તે પછી બે દિવસ વીતતાં ઉદયન આવ્યો. એ રસોડા સુધી આવશે એમ માનીને એ બેસી જ રહી હતી. કદાચ સામેથી જઈને એનો સાક્ષાત્કાર કરવાની એનામાં તૈયારી ન હતી. ઉદયન બહાર બેસી રહ્યો હતો. એ કેમ નથી આવતો? એને રોકવા માટે ક્યાં કોઈને બેસાડી રાખ્યું છે? અને કોઈ રોકનાર હોય તોપણ એ ક્યાં રોક્યો રોકાય તેમ છે? હા, એ રોક્યો રોકાય તેમ નથી. ચાલ્યો ગયો. કોણ જાણે મનમાં કેટલી આંધીઓ ભરીને ચાલ્યો ગયો હશે! અવાજ સાંભળીને નીચે જોયું તો નજર મળતાં જ પ્રલયકારી દૃષ્ટિક્ષેપ કરતો ચાલ્યો ગયો.

એને ખોટું લાગે તેવું મેં શું કર્યું છે? બાલારામમાં એ જે કંઈ બોલ્યો, જે રીતે વર્ત્યો તે માટે દિલગીર થવા જેવું તો એને છે. એમાં મારો શો દોષ? મારાથી જે પ્રતિક્રિયા વ્યક્ત થઈ તે માટે પણ એ જ જવાબદાર છે. પણ અનિકેતે મારો પક્ષ લીધો નહીં.

અનિકેતે કહ્યું કે ઉદયન સાથે મારો ભૂતકાળ એ રીતે ગૂંથાઈ ગયો છે કે... તો શું ઉદયન વિના આજે હું જે છું તે ન હોત? તો મારી નિરપેક્ષ હયાતીનું શું? ઉદયન ન હોત તોપણ અમૃતા તો અમૃતા જ હોત, કદાચ અમૃતાની છાયા ભિન્ન હોત... એ નિમિત્ત ન બન્યો હોત તો હું છું ત્યાં સુધી પહોંચી શકી ન હોત? એના સંપર્ક વિના પણ મારું સત્ત્વ તો એનું એ જ હોત. ઉદયન સત્ત્વને નહીં, અસ્તિત્વને પ્રધાન્ય આપે છે. સત્ત્વને પ્રધાન્ય આપવા જતાં નિયતિનો સ્વીકાર કરવો પડે. એની વાત કવચિત્ પ્રતીતિ પણ જન્માવે છે. માણસ અસ્તિત્વથી ઓળખાય છે. હું નૃત્યકાર થઈ હોત તેમાં અને અભ્યાસ તરફ વળી તેમાં ઓછું અંતર નથી. એ હજુ મને મુગ્ધા માને છે... એ મારા વિશે શું માને છે તેની મેં સદા પરવા કરી છે. એના તરફ હું બેપરવા બની શકું તેમ નથી. તો શું કરું? આજ સુધી એનો મને સાથ મળ્યો છે તે નાનીસૂની

વાત નથી. તો શું એના સાથનું મારે લગ્નરૂપે વળતર આપવાનું? મને સાથ આપવામાં એણે કશી ગણતરી કરી નહીં હોય? અનિકેત આ બાબતે એનાથી જુદો પડે છે. એ ન હોત તો? ના. અનિકેત ન હોય તેવો સંભવ નથી. એ મને મેળવવા ઇચ્છતો નથી, ચાહે છે. કહે છે કે જે પામ્યો છું તે પણ ઓછું નથી. એ શું પામ્યો હશે? મારી જેમ એ તૃષાતુર નહીં હોય? તો શું એનો ત્યાગ માત્ર પોઝ હશે? ના. એના ત્યાગમાં પ્રેમીની નિરપેક્ષતા છે, ત્યાગીનો ડોળ નથી. કશી ઉપેક્ષા પણ નથી. તેથી જ એનું સ્મરણ અભિલાષા જગાવે છે... હૃદયમાં મધુર તૃષા છવાઈ જાય છે. અંગાંગમાં પરવાના થવાની કામના જાગે છે... એના સાંનિધ્યમાં કેમ મેં કદી સ્વતંત્રતાની વાત કરી નથી? કદાચ એની સમક્ષ એવી જાગૃતિ રહેતી નથી. સ્વતંત્રતા નહીં, સ્નેહ... એમ પણ નહીં. સ્નેહમાં સ્વતંત્રતા સમાવિષ્ટ હશે. એનું વર્તન જોઈને તો એમ જ લાગે કે સામાની સ્વતંત્રતાનો સંપૂર્ણ સ્વીકાર એટલે જ સ્નેહ. જ્યારે ઉદયન? એ તો સ્નેહને સ્થાને વિચારને મૂકે છે. કહે છે વિચારની ભૂમિકા ઉપર જ આપણે નિકટ આવી શકીએ. પ્રેમ નામનું કોઈ શાશ્વત સૂત્ર નથી જે પોતાની ઉપસ્થિતિની આજીવન પ્રતીતિ કરાવતું રહે. પ્રેમ તો એક ઘટનામાં જે રૂપે હોય છે તે રૂપે અન્ય ઘટનામાં હોતો નથી. સમાન લાગતી અન્ય ઘટનાનો અનુભવ પણ ભિન્ન હોય છે. વિભિન્ન ઘટનાઓમાં પ્રવર્તતું હોય એવું પ્રેમ જેવું કોઈ વ્યાવર્તક તત્ત્વ નથી. એ કહે છે કે અનિકેત તરફનું મારું વલણ પ્રેમનું નહીં મુગ્ધતાનું ઘોતક છે. પ્રેમ તો છે જ નહીં અને મુગ્ધતા એક ભ્રામક તત્ત્વ છે. પોતાની અને પોતાની સંવિતની વચ્ચે મુગ્ધતા રંગીન આવરણ બને છે. અનિકેત તરફના મારા આકર્ષણનું કારણ પેલું રંગીન આવરણ છે. જે મારી મનોસૃષ્ટિમાંથી જ જન્મ્યું છે, જે અપરિપક્વતાનું સૂચક છે. તેથી મારે વિચાર કરવો જોઈએ. શું છે આ 'વિચાર'? હું એના વિના નહીં જીવી શકું? તો શું જીવવું એ પ્રયત્ન કરવાનો વિષય છે? વિચાર અને પ્રેમ... વિચાર કે પ્રેમ? આ વિભાજનો અને વિકલ્પોની સૃષ્ટિમાં સમગ્રને પામવું શક્યા છે?

એ ખરીદી કરવા નીકળી. શિખાઉ હોય તે રીતે હવે તે કાર ચલાવે છે. ઝડપ ઘટી ગઈ છે, બ્રેકનો વધુ ઉપયોગ કરે છે. એને લાગે છે કે સીધા રસ્તાને બદલે ક્રોસિંગ વધારે છે. આજે શું ખરીદવાનું છે ? દુકાનો જોઈને જ નક્કી કરીશ..આ જૂની આદત છે. ખપ પડે તે ખરીદવું એમ નહીં, ગમે તે ખરીદવું.

આ આદત બરોબર નથી. હવે પગારને ધ્યાનમાં રાખીને જ ખર્ચ કરવું જોઈએ. થોડુંક બચાવવું પણ જોઈએ. સારા માઠા પ્રસંગોએ ખપ લાગે. માઠા પ્રસંગો તો ઘણા આવી શકે કારણ કે એ આકસ્મિક હોય છે. સારા પ્રસંગો વિશે ચિંતા કરવાની જરૂર નથી. હમણાં એવો કોઈ પ્રસંગ ઊભો થાય તેમ નથી.

એક વસ્ત્રભંડારમાં રાખોડી રંગના ઊનના ગુચ્છા તરફ એની નજર ગઈ. આ રંગ અનિકેતને પ્રિય છે... હવે ઠંડીના દિવસો આવશે. રણ-પ્રદેશમાં મુસાફરી દરમિયાન એ મારું ગૂંથેલું સ્વેટર પહેરે — હું મોકલીશ તો એ જરૂર પહેરશે. એ પહેરે તે મને પણ ગમશે.

એણે ભાઈઓનાં બાળકો માટે રમકડાં ખરીદ્યાં. બાળસાહિત્ય ખરીદ્યું. જૂહું ઊપડી. 'છાયા' ના દરવાજા પાસે અજાણ્યા મહેમાનની જેમ કાર ચાલુ રાખીને થંભી. નોકરને વસ્તુઓ આપી, કોઈનું સંપેતરું પહોંચાડતી હોય તેમ. કાર ઊપડી. એણે નજર કરી. એટલી વારમાં લિંકનરોડ આવી ગયો ? સમય અનુભવરહિત રાખીને વહી જાય છે.

મોડી રાતે એને અનિકેતનો પ્રથમ પત્ર યાદ આવ્યો. જે એને બેઅઢી માસ પહેલાં મળ્યો હતો. વાંચવા બેઠી—

'પ્રિય અમૃતા,

પ્રણામ.

હું તમને પત્ર લખતાં ખમચાયો નહીં. આશ્ચર્ય થશે તમને ? મને આશ્ચર્ય છે કે હું તમને પત્ર લખવા નિસ્સંકોચ બેસી ગયો છું, નિર્ણયથી વિરુદ્ધ જઈને. મારી આ ચોખવટ કરવાની ટેવથી તમને ખોટું લાગે તો ક્ષમા કરજો.

અંતરમાં કશુંક અનિર્વચનીય ગુંજ્યા કરે છે. એ એવું લાગે છે કે એને ભાષાના માધ્યમમાં ઝીલવા જતાં શબ્દ શબ્દ વચ્ચેના અવકાશ થકી એ છટકી જાય. એક શબ્દ લખ્યા પછી બીજા શબ્દ સુધી જતાં અવકાશ પાર કરવો પડે છે. જ્યારે અનિર્વચનીય છે તે તો અખંડ છે. કહેવા જતાં એ ગળાઈ જવાનું. નાનાલાલાનું પેલું ગીત છે ને — ‘ફૂલડાં કટોરી ગૂંથી લાવ ! અંજલિમાં અમૃત નહીં ઝીલું રે લોલ... ઝીલું ઝીલું ને ઝરી જાય...’ વ્યવહારમાં બેકાળજીથી વપરાઈને દૂષિત થઈ ગયેલી ભાષામાં મારી અનુભૂતિ ઝીલી શકાશે ખરી ? શબ્દસ્થ થયા પછી એ સંતર્પક રહેશે ખરી ?

અંતર રહસ્યથી સભર છે. એના સ્પર્શથી આનંદ છે. આંખો નમ્ર છે. પેલું રહસ્ય અંતર્‌બહિર — સર્વત્ર છવાઈને બૌદ્ધિક જાગૃતિથી દૂરના કોઈ નિસ્તબ્ધ અંચલમાં ખેંચી જાય છે. કોણ છે એ ? એ તમે છો એમ નથી કહી શકતો, તો એ તમે નથી એમ પણ નથી કહી શકતો. એ કોણ છે એટલું પામવા વાણીનો આશ્રય લઈને તમારા સુધી આવી રહ્યો છું.

અનુજ્ઞા માગ્યા વિના આવી રહ્યો છું. તમે સમુદાર છો. મારી એક યાચના સ્વીકારશો ? મને પાછો વાળજો. હું પોતાને રોકી શકતો નથી. એટલું કબૂલ કરીને હું હળવો થવા ઈચ્છું છું. ‘મારું મારા પર નિયંત્રણ છે, હું મને તમારાથી દૂર રાખી શકીશ’ એવી એષણામાં હું પોતાના સંવેદનની સચ્ચાઈને અવગણીને પોતાને ભારે-ખમ બનાવી શકું તેમ નથી. કેવો અબોધ બનીને હું તમારે દ્વારે દોડી આવું છું એ મારે તમારી સામે સ્પષ્ટ કરવું છે, અને તે પછી યાચના નિવેદિત કરીને કહેવું છે કે મને પાછો વાળજો. તમે યાચો અને હું વિમુખ હોઉં એ સ્થિતિને બદલે હું યાચું અને તમે વિમુખ થાઓ એ સ્થિતિ વાસ્તવિક હોય એમ હું ઈચ્છું છું.

આજે મારું વાતાવરણ પ્રસન્ન છે. આંગળીનાં ટેરવાં પર નિખાલસતા ફરકી રહી છે. સાચું કહી દેવાની ઘેલછા જાગી છે — હું તમને ત્યાગીને અહીં આવ્યો એવું ભવિષ્યમાં કોઈ જાણે અને મને તમારાથી મોટો માને તો એ નર્યું અસત્ય હોય. મારા પક્ષે કેવી મોટી વંચના પોષાય ? તેથી જ તો એમાંથી બચવાનો મેં આજે માર્ગ ગ્રહણ કર્યો. હે મમતામયી, મને પાછો વાળજો. તમે નાનાં ન બની જશો. અને તમે નાનાં બની પણ કેવી રીતે શકો ? તમે તો આભ શાં અનંત છો. મને વિસ્મૃતિના વાદળનો આશ્રય ધરજો. એની છાયા ઓઢીને હું નતમસ્તક પાછો ફરીશ. મને ઉત્તર ન આપશો.

ઉપર પ્રમાણે લખ્યા પછી આગળ લખાવું અટકી ગયું હતું. વચ્ચે કામ આવી પડ્યાં અને પછી આગળ લખવા માટે લખેલું ફરી વાંચી ગયો તો લાગ્યું કે આ તો ઘેલછા છે. મારી દૃષ્ટિમાં દર્પ ભળ્યો અને મેં લખેલું ફાડી નાંખવા વિચાર કર્યો. ત્યાં તો ગઈ રાતનું સ્વપ્ન યાદ આવ્યું. મને લાગ્યું કે સ્વીકાર કરવામાં શરમ શી ?

ઉપર કહ્યું તે સાચું જ છે. એની પુનરુક્તિ કરીશ પણ વિસ્તાર નહિ કરું. પત્રમાં કંઈક બીજું લખીશ, જે આપણી વચ્ચેના ભૌગોલિક અંતરને છતું કરે, જે પ્રતીત કરાવે કે હું તમારાથી કેટલે દૂર આવી પડ્યો છું.

મુંબઈના રેલવે-સ્ટેશન પર આપણે છૂટાં પડ્યાં. ત્યાંથી જ મારા ચિત્તમાં કંઈ ને કંઈક ઉમેરાવા લાગ્યું. એ બધું પત્રમાં નહીં લખું, નહીં તો આખો પત્ર તમારા વિશે થઈ જશે. જ્યારે હું તો આ પત્રમાં પોતાને મૂકવા માગું છું.

અહીંની out space એકત્રિત અને અવગુંઠિત કામનાઓને મુક્તિ આપે છે. આંતરસૃષ્ટિ નજરના ટેકે શુભ્ર વાદળ સુધી પહોંચે છે. રાહતનો અનુભવ થાય છે. તમે જાણો છો કે આકાશ મને પ્રિય છે.

આપણે જેની દેવ તરીકે પ્રતિષ્ઠા કરી તે અગ્નિ સમુદ્રમંથનમાંથી ઉદ્ભવ્યો હતો. એટલે કે અગ્નિદેવનું વતન ભીતર રહ્યું છે. હું મારા ચિત્તને સમુદ્રમંથનમાંથી

રાજસ્થાનની આ out space માં લાવ્યો ત્યારે જાણ્યું કે એનું સાદશ્ય તો આ રણપ્રદેશમાં પણ જડી આવે છે.

મારા આંતરવિશ્વમાં પહેલાં સમુદ્ર હતો, હવે રણ છે.

ઇતિહાસ કહે છે કે સેંકડો વર્ષ પહેલાં રાજસ્થાનની આ ભૂમિ પર ટેનિસ સાગર ઘૂઘવતો હતો. આજે પણ આ મરુભૂમિની નક્કર વાસ્તવિકતાને ઉવેખીને કોઈ સાગરનાં મોજાંનો ઉન્મત્ત નાદ હું સાંભળી રહું છું. ધીરે ધીરે સાગર ખસી જાય છે. ભૂમિ પ્રગટે છે. બાજુમાંથી આવનાર એ ભૂમિ પર વસવાટ શરૂ કરે છે. આવનાર કોઈ એક નથી. એ એક તો છે જ, એની સાથે સકળ છે. હું તમને પ્રાર્થું છું કે તમે કોઈ એક ન રહેતાં મારા માટે સકળ બની રહો.

અહીં જે રેતી છે તે સમુદ્રની રેતીને મળતી આવે છે. ફરક એટલો જ કે સમુદ્રની રેતી વારંવાર ભીંજાઈ જતી હોય છે. ભલે આજે આ પ્રદેશ સમુદ્ર ન હોય, સમુદ્રના છૂટાછવાયા અંશ અહીં જરૂર છે. ભારતનું ખારા પાણીનું સૌથી મોટું સરોવર સાંભર આજે તો સમુદ્રની સપાટીથી બારસો ફૂટની ઊંચાઈ પર આવેલું છે પણ પહેલાં એ સમુદ્રનો ભાગ હતું. અમૃતા ! કેટલી સરળતાથી ઇતિહાસ કહી દે છે કે આ અને એ એક જ છે. વિભિન્નરૂપે વિલસતું સમસ્ત એકનું જ રૂપાંતર છે. તેથી આપણે પ્રદેશો કે દેશોનો ઇતિહાસ જાણવાને બદલે પૃથ્વીનો ઈતિહાસ જાણીએ તે જરૂરી છે. પૃથ્વીનો ઈતિહાસ, સૂર્યનો ઈતિહાસ, નિખિલનો ઈતિહાસ આપણે જાણીએ તો લાગે કે આદિ અને અંત વચ્ચેનો ઈતિહાસ તો એક તત્ત્વનાં રૂપાંતરોની લીલા છે. તેથી આપણે તે એકને પામીએ તે જરૂરી છે. આપણે એકબીજાના નિમિત્તે પ્રેમને જાણીએ તે જરૂરી છે. કારણ કે આપણે નહીં હોઈએ તોપણ એ તો હશે. પ્રાણવાયુ ક્યારે ન હતો અને ક્યારે નહીં હોય ? અમૃતા, પ્રેમને ખાતર આપણે એકબીજાની સીમાને ઓળંગી જઈએ, એકબીજાને પરસ્પર મદદ પણ કરીએ. એમ કરવું જ રહ્યું. તમે તો જાણો છો કે જગત માત્ર બે માણસોનું બનેલું નથી.

આપણે એને જાણીએ છીએ. દુન્યવી શબ્દાવલીનું સર્વોત્તમ વિશેષણ એના માટે વાપરવા હું તૈયાર છું. અનેક યુગલો એને પામ્યાં છે અને પામતાં રહેશે કેમ કે એ

ચિરંતન છે. અનેકોનું એણે ઉન્નયન કર્યું છે કેમ કે એ પરિશુદ્ધ છે. પણ આપણે? સંભવ છે એના નામે આપણે એને ભૂલી જઈએ અને સંવેગોને વશ થઈએ. એ તો સૂક્ષ્મ છે, છટકી જશે. બે શરીરધારી આભાં બનીને ઊભાં રહેશે. મને વારંવાર પ્રતીત થયા કરે છે કે આ સમગ્ર પૃથ્વીના સંદર્ભમાં બે માણસોનું હોવું નહિવત્ છે, એ કેટલા બધા સીમિત સ્થળકાળને જીવે છે! આ તો પૃથ્વીની તુલનામાં મેં વાત કરી. વિશ્વ સમગ્રને તો નાના નકશામાં પણ હજી પૂર્ણપણે ઓળખ્યું નથી. જો આપણે માત્ર પ્રેમી જ રહીએ અને પ્રેમ ન બની શકીએ તો લઘુતા જ આપણા જીવનની ફલશ્રુતિ હશે. તેથી પોતાનું કેન્દ્ર જાળવવા છતાં સમગ્ર સુધી વિસ્તરવાની જરૂર છે.

હું તમને કહેવા બેસી ગયો. સુજ્ઞને કહેવાનું ન હોય. પણ સુજ્ઞને જ કહેવાની ઇચ્છા થતી હોય છે. કહેવું ન જોઈએ તે જાણું છું અને ન કહેવા માટે જરૂરી નિયંત્રણ નથી. કમલતાલની લહરીઓ પર તરતા રાજહંસની જેમ અનિશ્ચયને કારણે એ નથી જઈ શકતો, નથી સ્થિર રહી શકતો. અશ્વઘોષે નંદ માટે સાચું જ કહ્યું છે. ન યયૌ ન તસ્થૌ... કાલિદાસે પણ કહ્યું છે.

ચાલો, વાતો છોડીને ગતિ આરંભું. વાતોથી કોઈક વાર ભ્રમ પણ જન્મે છે. ગતિથી જીવન અનુભવાય છે.

જોધપુરથી જેસલમેર જઈ રહ્યો હતો. સવારના દસથી સાંજના છ સુધીનો સમય ગાડીમાં વીત્યો, જોધપુરથી પોકરણ સુધી. જોધપુર દૂર પડતું ગયું તેમ લીલોતરી ઘટતી ગઈ, નિર્જનતા વધતી ગઈ. આ પ્રદેશ ફક્ત રેતાળ નથી, પથરાળ પણ છે. રેતાળ લાગે તેવા ભાગ ઓછા છે. પણ આવો તેવો ભેદ કરવાની જરૂર નથી. કારણ કે અહીં જે રેત ઊડે છે તે પથ્થરમાંથી જ બનેલી છે. રેત એટલે પથ્થરના અણુ. રેત બનીને પથ્થર નિર્જીવ રહેવાના શાપમાંથી ઊગરી જાય છે. રેતને ગતિ મળે છે, જલનો નિબિડ સ્પર્શ થાય છે. અને ત્યારે એનામાં અવ્યક્ત રહેલી ગંધ પ્રગટ થાય છે. એ જલસિકત સુગંધથી બીજ અંકુરાય છે. અરે, હું તો પાછો વાતે ચડીને રણની બહાર નીકળી ગયો!

અહીં જ્યાં રેત છે ત્યાં માત્ર રેત નથી, પવન પણ છે. પવન ગતિ આપે છે. રેતની યાત્રા ચાલ્યા કરે છે. માણસને સ્થાને રેત જીવે છે. અહીં પ્રકાશ પણ છે. આ પ્રકાશે અહીં માર્ગ ચીંધવાનું કામ માથે લીધું નથી. ગમે તે દિશામાં જાઓ. તમારો પંથ રોકવા કોઈ આવનાર નથી. હા, પવન પગલાં ભૂસી નાખે ખરો. પ્રકાશ જોતજોતામાં તાપ બની જાય છે. આગ વિનાની જ્વાળાઓની શિખાઓને સ્પર્શીને આવતી લૂ. ફક્ત લૂ નહીં, આંધી. ચહુદિશ વ્યાપી વળતો ધંધુકાર ! અહીંના માણસો વંટોળને 'ભૂતેલા' કહે છે. કહે છે કે અધૂરા મનસૂબા લઈને મરી ગયેલા માણસો ભૂત બને છે. વંટોળમાં ભૂતના પ્રાણ હોય છે. તેથી તે અકળવિકળ ફર્યા કરે છે. વંટોળમાં માણસના અસંતોષનું—અતૃપ્તિનું બળ હોય છે. અહીંના વંટોળ એવા પ્રચંડ હોય છે કે રણમંથન માટે કેન્દ્ર નક્કી કરવા જાણે મેરુ પર્વતના દૂત ધસી આવતા ન હોય !

રણમંથન ! શું પ્રાપ્ત કરીશ હું ? સમુદ્રમંથનમાંથી અમૃત પ્રાપ્ત થયું તે પૂર્વે કાલકૂટ નીકળ્યું હતું. ઉદયન શું કરે છે હમણાં ? કાલકૂટ અને અમૃત... એને અમૃત મળો. કારણ કે એણે મંથન કર્યું છે. ઉદયન વિશે હું તો શું લખું ?...

એક પાગલ માણસ છાયાચિત્ર બનીને હજીય મનોભૂમિ પર ફર્યા કરે છે. ફલૌડી નામનું સ્ટેશન હતું. બપોરના ત્રણેક વાગ્યે એ આવેલું. ગાડી કંઈક વિશેષ થંભી હતી. પ્લેટફૉર્મ પર લીંબડીનું એક વૃક્ષ હતું. એ વૃક્ષની છાયાને કિનારે કિનારે પ્રૌઢ અવસ્થાનો, કૃશકાય એક પાગલ ફરતો હતો. એ ત્વચાથી ઢંકાયેલા અસ્થિપિંજર જેવો દેખાતો હતો છતાં હું એને માણસ કહું છું. જે પાગલ હોય છે તે સંપૂર્ણ માણસ હોય છે. એનું સમગ્ર કેન્દ્રિત થઈને વ્યક્ત થતું હોય છે. આ પાગલ ભરપૂર પ્રસન્ન હતો. જાણે કે પ્રસન્ન મુખમુદ્રાવાળી કોઈક કાષ્ટમૂર્તિ સ્થિર હોય, આ માણસ ફર્યા કરતો હતો. એના જમણા હાથમાં પતરાનું એક નાનું સરખું ડબલું હતું. જેમાં થોડુંક પાણી હતું. એ ચાલતાં ચાલતાં બેસી જાય, થોડુંક પાણી હાથમાં લે, કપાળ પર, હાથ પર, પગના ઘૂંટણ પર એ પાણી લગાડે. પછી સંપૂર્ણ નમીને ધરતી પર માથું અડકાડે અને પ્રણામ કરે. ઊભો થાય, ચાલે, બેસી જાય, પાણી લગાડે,

પ્રણામ કરે. પાણીના સ્પર્શની ક્ષણે એની પ્રસન્નતા અમર્યાદ બની જાય. પાછો ઊભો થાય પાણી ખૂટી ગયું હોય તો એની ભીખ માગે. કોઈક એના એ નાનકડા ડબલામાં થોડુંક પાણી રેડે તો એની પ્રસન્નતામાં ભરતી આવે. આશ્ચર્ય થાય કે આ માણસ આટલી બધી પ્રસન્નતાને કેમ કરીને જીરવી શકતો હશે! મારી પાસે પાણી ભરેલી એક સુરાહી હતી. મેં એને થોડું પાણી આપ્યું. એની આંખોમાં સ્વર્ગ ચમકી ઊઠ્યું. એના આનંદની તુલના કરું ? પહેલી વાર મારા ઘરને દ્વારે તમને જોયાં ત્યારે મારી આંખોમાં પણ સ્વર્ગ ઝૂમી ઊઠ્યું હતું. તે દિવસ તમે આવેલાં તે ઘટનાને સમય પણ ભુલાવી નહીં શકે. તે દિવસ તમે જાતે જ આવેલાં. તેથી સંપૂર્ણ આવેલાં. ઓહો ! કેવી મોટી ઘટના છે એ ! એથી મોટી ઘટનાની મને અપેક્ષા નથી. મને યાદ છે તમે તે દિવસ નેપુર પહેર્યાં હતાં. કિંકિણીનો સિંજારવ સાંભળવા વાતાવરણ કાન માંડીને બેસી રહ્યું હતું... કદાચ કંઈક અઘટિત પણ કહેવાઈ જાય. મને માફ કરજો... હું સૌરભથી સંતુષ્ટ છું. પુષ્પને અધિકારમાં લેવાની ઉત્કંઠા સેવતો નથી. અહીં તમે ન પૂછો તેવા એક પ્રશ્નનો ઉત્તર પણ આપું. ઉદયન ન હોત તો ? તો તમારા તરફ મારું વલણ શું હોત ? જે છે તેનો અભાવ કલ્પીને હું કદી તર્ક કરતો નથી છતાં કહું છું કે તે સ્થિતિમાં હું તમને ચાહત. ચાહું છું એ જ રીતે. સૌરભથી સંતુષ્ટ હોત. મારી યાચના તે સ્થિતિમાં પણ કેવળ સૌરભ માટે હોત. હું કામના ન કરત. કામના કરવી એ તો સ્વાર્થને સૂચવે છે. કામનાવશ બીજાના સ્વાતંત્ર્યને ભૂલી જાય છે. સમર્પણમાં નારીના ચારિત્ર્યનું ઉન્નયન જોવામાં આવે છે તે સાથે હું સહમત થાઉં છું. પણ સમર્પણ શેનું ? સ્વાતંત્ર્યનું કે અહંનું ? બીજાના સ્વાતંત્ર્યનો સંપૂર્ણ સ્વીકાર એટલે પ્રેમ. સ્વામી-સ્વામિની જેવા શબ્દોનો અધ્યાસ મને ગમતો નથી. કારણ કે એ સૌરભશૂન્ય શબ્દો છે... અહીં શરીર અને શરીરના સંબંધ વિશે સ્પષ્ટતા કરવાની રહે. હું મૌન પાળીશ જેની સાથે નિસ્બત નથી તે અંગે વાત કરવી સાવ અપ્રસ્તુત લેખાશે.

હાં, હું પેલા પાગલ માણસ વિશે વાત કરતો હતો. જેના પરથી વ્યવહારગત ઔપચારિકતાનાં આવરણ સરકી જાય છે તેને આપણે પાગલ કહીએ છીએ.

પાગલ હોવાનો કેવો આનંદ હશે! એ તો એ જ જાણે. અહીં રાજસ્થાનમાં હોઉં અને મને મીરાં યાદ ન આવે તેવું બને? ઘાયલની વેદના અને પાગલની પ્રસન્નતા સરખાં હશે. પેલા પાગલને જલની તૃષા હતી. એની સાથે અહીં હું ઉદયનને સરખાવતો નથી, મને સરખાવું છું. અલબત્ત, પાગલની સચ્ચાઈ ઉદયનમાં મારાથી વધુ છે. પત્રના આરંભમાં તમારી પાસે મેં જે યાચના કરી છે તેને ઢાંકવા જ જાણે આ બધું લખી રહ્યો ન હોઉં!'

અમૃતાએ ઊંચું જોયું. અનિકેત અનિશ્ચિયને જીવે છે અને ઈચ્છે છે કે હું નિશ્ચયને જીવું. યાચના કરે છે! શા માટે મને આમ મોટી બનાવી દેવા માગે છે? સૌરભનો એ શો અર્થ ઘટાવે છે? આ કાયાને અવગણીને, ભૂલીને એ વાત કરી શકતો હશે? એના અંતર્દ્વન્દ્વનું આ સ્વરૂપ તો એ કહે છે તેથી વધુ સૂચવે છે. પણ એ મારા પક્ષે જાણે કશા અંતર્દ્વન્દ્વનો સ્વીકાર કરી શકતો નથી. કારણ કે મને એ કાયા નહીં, કલ્પના માને છે. એને હું કેવી રીતે હવે કહી શકું કે...

એણે પત્ર આગળ વાંચવા માંડ્યો —

'એલિયટના કાવ્ય 'મરુભૂમિ' ની પંક્તિઓ અહીં અનેકવાર યાદ આવી. પેલા પાગલની છાયાના પ્રભાવથી અનવસ્થા છવાઈ ગઈ હતી. ગાડી ઊપડી. 'મરુભૂમિ'ના છેલ્લા સર્ગનું વર્ણન યાદ આવ્યું. મૃત્યુ પછી પુનરુત્થાન પામેલા ઈશુની યાત્રાનું અને યુદ્ધોત્તર વાસ્તવિકતાનું એ વર્ણન તમે વાંચજો. ઉદયનને કહેશો તો રસપૂર્વક તમને સંભળાવશે. એને એ કાવ્યખંડ અતિ પ્રિય છે. જીવનનો વિનાશ, જીવનનો અભાવ અને જીવનના સંભવનો અભાવ... પર્વતની ફરતે ફૂંકાતો રેતાળ રસ્તો, ત્યાંથી પસાર થતું વિચારશૂન્ય ચિત્ત, મૃત પર્વતનું મુખ, તેમાંના થૂંકી ન શકે તેવા બીભત્સ દાંત, શાંતિને સ્થાને વંધ્ય શુષ્ક ગર્જના, તરડાઈ ગયેલાં ખોરડાંનાં બારણાં થકી અપમાનજનક ધુરકિયાં કરતા લાલ ઉદાસ ચહેરા... આ કલ્પનોને યાદ કર્યા પછી મેં આંખ સામે સાચવી રાખ્યાં. ગાડીની ગતિમાં આવતા થડકાઓ સાથે એ કલ્પન વિખેરાતાં ગયાં. પછી તો દેખાવા લાગ્યું કે આ રણવિસ્તારમાં પણ જીવન છે. આશ્ચર્ય થાય એટલાં સુપુષ્ટ અને ઘાટીલાં શરીર છે અહીંના લોકોનાં. એક

સ્ટેશન પર એક યુવતી જોઈ. કદાચ એના મોટાભાઈને જોઈને નજીક જઈને એણે મસ્તક નમાવ્યું. પેલાએ એના માથે હાથ મૂક્યા. કેટલો ઊંચો હતો એ! પ્રચંડ લાગતો હતો. એનું શરીર સુબદ્ધ લાગતું હતું. મને લાગ્યું કે માણસ હારે નહીં તો જેમ વધુ સહન કરે તેમ વધુ વિકાસ પામે.

પોકરણથી જેસલમેર સુધી બસ રસ્તે જવાનું હોય છે. જમીન ઓછી રેતાળ, વધુ ખડકાળ. પાકી સડક છે. વચ્ચે ક્યાંક ક્યાંક ગામ પણ આવે. ગામ એટલાં બધાં નાનાં લાગે કે જાણે રચાતાં રચાતાં રહી ગયાં હોય. એમનો આકાર બંધાયો ન હોય. ઘરના જુદા જુદા આકારોમાં એક વિશેષ ગમ્યો. ગોળાકાર ઘરનું છત પણ ગોળાકાર. પેલી શિખરવાળી ગરમ ટોપી માથે મૂકીને કોઈ બાંકો જુવાન શોભતો હોય છે ને! કયાંક પથ્થરના ધાબાવાળું પણ ઘર. અહીંના લોકો માટે એ પ્રગતિ હશે, પણ આપણી આંખોને એવાં મકાન જુનવાણી લાગે.

પીલુ, બાવળ, બોરડી, આકડો, આકડાનાં ઝાડ! જોયો છે ને આકડો? છોડરૂપે જ જોયો હશે. પારિજાતનાં વૃક્ષો જેવડા આકડા જોયા. આકડાનાં ફૂલોનો પરિચય છે ને? જાણે કે અર્ધવિકસિત લઘુતમ કમળ!

ભ્રમજન્ય આનંદ ભલે ક્ષણિક હોય, એ પણ એક અનુભવ છે. હું જેસલમેરના કિલ્લાના દક્ષિણ કાંગરેથી નીચેની વેરાન ભૂમિને આંખમાં ભરીને પાછો વળ્યો હતો. જૈનમંદિર પાસેનો જ્ઞાનભંડાર ખોલાવીને બહુ ઓછા સમયમાં પ્રાચીન ગ્રંથો જોઈને બહાર આવીને ઊભો હતો. આ ભંડાર વિશે સાંભળ્યું હતું એવું કંઈ લાગ્યું નહીં. ઘણા ગ્રંથો ખરીદાઈને બહાર ચાલ્યા ગયા છે. અન્યત્ર અપ્રાપ્ય એવું બહુ ઓછું હવે અહીં બચ્યું છે તે વિશે વિચાર કરતો ઊભો હતો ત્યાં બાજુમાંથી પસાર થતી એક કન્યા ધ્યાન ખેંચતી ગઈ. એ પસાર થઈ ગઈ પછી જ મને એના આગમનનો ખ્યાલ આવ્યો. એની પીઠ જોતાં સાદશ્ય બળે ભ્રમ થયો. અમૃતા તો નહીં હોય? નહીં તો આ રીતે મારું ધ્યાન કેમ ખેંચાય? પણ અમૃતા અહીં સુધી આવે? હું અહીં હોઈશ તેમ માનીને આવે? હું જાણી ગયો હતો કે આ ભ્રમ છે છતાં તમને યથાર્થ રૂપે સ્વીકારવા હું ઉદ્યત થયો હતો. કન્યાને એની પીઠ પાછળની દષ્ટિનો ખ્યાલ આવી

ગયો હશે. એના ઝૂકેલા ચહેરા પર સૌમ્ય દર્પ અને અવ્યક્ત લજ્જાનું સૌંદર્ય હતું. અભિરામ ગ્રીવાભંગ... મને થયું કે એનો ચહેરો કેમ મેં પૂર્ણતયા જોયો નહીં. ડાબા કપોલની કાંતિ પરથી હું અનુમાન કરી રહ્યો હતો. કેટલાકના સૌંદર્યનો ખ્યાલ તો એમની છાયા જોઈને પણ આવી જાય. હું જોતો જ રહ્યો અને એ અદશ્ય થઈ ગઈ. મને લાગ્યું કે એની ગતિમાં સૌદર્યનો સંચાર જરૂર છે. અમૃતાની ગંભીર સ્ફૂર્તિ નથી. એને જોઈને તત્ક્ષણ તો મને લાગ્યું કે અમૃતા અદ્વિતીયા નથી. પણ પછી ભૂલ કબૂલ કરવી જ પડી.

આ કિલ્લો બારમી સદીનો છે. એના કોટને લોક 'પરકોટા' કહે છે. મહારાવળ જેસલજીએ આ નગર વસાવેલું. જૈનોએ આ નગરના વિકાસમાં ઘણો રસ લીધો છે. હમણાં ઉલ્લેખ કર્યો તે જ્ઞાનભંડાર જૈનસાહિત્યનું સંગ્રહાલય છે. બદલાતા વાતાવરણથી કશી ઈજા ન થાય કે કાળતત્ત્વનો કશો ઘસારો ન પહોંચે એ રીતે પુસ્તકો વરસોથી અહીં સચવાયાં છે. ભોમિયાને પૂછ્યાા વિના તો ભંડાર નજરે ચડે જ નહીં. મંદિરની પૂર્વ તરફ એક નાની બારી છે. એ જ ભંડારનું પ્રવેશદ્વાર. જેમાં થઈને સાચવીને એક માણસ પ્રવેશ કરી શકે. રણ પ્રદેશની વચ્ચે જૈનોએ પુસ્તકો સાચવવાની યોજના કરી, જ્યાં વિદેશી આક્રમણોનો સંભવ ઓછામાં ઓછો. જે સ્થળે તમે એકવાર અવશ્ય આવો, તમે આવો, ઉદયન આવે. શિયાળામાં આ તરફની મુસાફરી વધુ અનુકુળ રહે.

મારા સહકાર્યકરો સાથે જોધપુરમાં પહેલી વાર વાતચીત થઈ. મેં અહીંના લોકજીવન વિશે લખવાનું પણ માથે લીધું. અત્યારે અમે આઠ જણ છીએ. બીજા ચાર જણ વધશે. જે છે તે મજાના માણસો છે, કોઈકને પ્રવાસનો શોખ છે, કોઈ ગૃહજીવનમાં રાહત અનુભવવા ઈચ્છતા હતા, કોઈક દારૂબંધીના વિરોધી હોવાથી તો કોઈક એક સાથે અનેક કારણોથી આ કાર્યમાં જોડાયા છે. એક ભાઈએ રણપ્રદેશના વિકાસ માટે સારું સૂચન કર્યું — રાજસ્થાનની રાજધાની જેસલમેર થવી જોઈએ. એમ થતાં આ પ્રદેશની સમૃદ્ધિમાં ઝડપી વિકાસ જોવા મળશે. હા, બહારના તત્ત્વોનો અહીં સંપર્ક વધી જાય તે અહીંના લોકોને કદાચ ન ગમે. વરસો

પહેલાં મહારાવળની કુંવરીનાં લગ્ન હતાં ત્યારે પોકરણથી જેસલમેર સુધી રેલવેલાઈન નાંખવાની વાત થયેલી. અહીંના લોકોએ ના પાડી. બહારના બહુ માણસો અહીં આવતા થયા તો વહુવારુઓ, કન્યાઓની ચિંતા કરવી પડે. એમણે યોજના અટકાવી.

અહીંના માણસો પશુપાલન, ખેતી, ઉપરાંત ચોરીનો ધંધો પણ કરે છે. મહારાવળે ત્રીજા ધંધામાં કંઈક સુધારો સૂચવેલો. દૂરથી એક મોટી ટોળી આવી અને મહારાવળને ઉપાડી ગઈ. આ પ્રમાણે મેં સાંભળ્યું છે. સંભવે છે એ લોકવાયકા હોય. પણ એમાં લોકોની શક્તિનો પડઘો જરૂર સંભળાય છે. અમુક ગામ તો અહીં ડાકુઓનાં વસેલાં હોય. જે યુવક એકવાર પણ ધાડ પાડી ન લાવ્યો હોય એનું લગ્ન ન થાય. જે માણસ ધાડ પાડવા ન જાય એને ‘બકરી’ કહેવામાં આવે.

અહીંના કોઈ કોઈ ગામને નામ નથી હોતું. નીચેથી મળી આવતું પાણી સુકાઈ જાય તો ઉચાળા ભરવા પડે. નવો વસવાટ શોધવો પડે. પાણીનો પ્રશ્ન કેવો ઉગ્ર છે! સ્ટેશન પર ગાડીના એન્જિનમાંથી કાઢી નાંખવામાં આવતું ગરમ પાણી લેવા માટલાં લઈ લઈને દૂર દૂરથી સ્ત્રીઓ દોડતી આવે. એ ગરમ પાણીનો રંગ ઘેરા લીલા રંગનો લાગે. એકવાર બસ રસ્તે આવતી એક ઝૂંપડાકેન્ટિનના શિથિલબંધ ટેબલ પર ભરેલા ગ્લાસમાં લીંબુનું શરબત દેખાતાં મેં પીવાની ઈચ્છા કરી. જવાબ મળ્યો: સાહેબ, આ તો પાણી છે. જેસલમેરનું પાણી સારું, પથ્થર પણ સારા. માણસો સારા. પથ્થરની કલાકારીગરી વારંવાર જોવી ગમે. નગરની દક્ષિણ દિશામાં લશ્કરી છાવણી. સદા ધબકતો ભૂમિભાગ. પશ્ચિમ દિશામાં ખંડિયેર. પથ્થરોનો રંગ પીળો — ચીકાશ પડતો પીળો.

કોઈક વાર તો બબ્બે ત્રણ ત્રણ વરસ સુધી વરસાદનું ટીપું પણ ન પડે. ઉપર મેઘાચ્છાદિત ગગન વહેતું રહે. નીચેની અવાચક ભૂમિ નીરખતી રહે. વાદળ પથભૂલ્યા પથિકની જેમ નિરાશ છતાં આગળ વધવાની ઉતાવળમાં હોય. ધરતીની કામનાઓ ધધકતી રહે. હવે બોરિંગ કરવા વિચારાયું છે. પ્રશ્ન કેવળ પાણીનો નથી અમૃતા! આ ધરતી સદંતર કુંઠિત રહીને જાણે ખારી થઈ ગઈ છે. ઉપરથી વરસે તે

પાણી પણ એના તૃપ્ત અણુઓના સ્પર્શથી ખારું થઈ જાય. પણ પાણીએ પોતાના ભોગે પણ વરસવું જ રહ્યું, અમૃતા! વરસવું જ રહ્યું. ઉદયન ભલે ન માને. આપણે તો માનવું જ પડશે કે 'હોવું' પૂરતું નથી. હોવામાંથી આગળ વધીને કંઈક થવું ઘટે. આ વિસ્તરવાની પ્રક્રિયામાં અસ્તિત્વને પ્રમાણી જોવું.

છેલ્લે પ્રણામ નિવેદિત કરીને વિદાય લઉં છું.

અનિકેત

પત્ર વાંચી રહ્યા પછી અમૃતાને લાગ્યું કે પોતે તો અહીં આ મકાનમાં છે. ક્યાં ક્યાં પહોંચી ગઈ હતી! અનિકેતનું સંવેદન પત્ર દ્વારા એના માટે પણ સંવેદ્ય બની ગયું.

પાલનપુરમાં હાથોહાથ મળેલ પત્રનો ઉત્તર પણ બાકી છે. આ પત્રને પ્રથમ વાર વાંચ્યો તે દિવસ ઉત્તર લખવો શરૂ કર્યો હતો. અશ્રુએ વ્યવધાન ઊભું ન કર્યું હોત તો ઉદયન આવે તે પહેલાં એ પૂરો થઈ ગયો હોત. અનિકેતના પત્રમાં એણે પોતાને શોધી હતી. એણે પોતાનો પત્ર વાંચવો શરૂ કર્યો —

'પ્રિય અનિકેત,

તમારો પત્ર વાંચતી હતી ત્યારે તમે શબ્દમાં મૂકેલી ગતિમાં હું ભળી ગઈ હતી. હા, જ્યાં જ્યાં તમે મારો ઉલ્લેખ કરી લેતા હતા ત્યાં હું વિખૂટી પડી જતી હતી. તમારા પત્રનું વર્ણન આસ્વાદ્ય હતું. તેથીય મને તો વધુ રસ એ બધે અનુભવાતી તમારી ઉપસ્થિતિમાં પડ્યો. અભાનપણે કયાંક કયાંક હું પણ તમારી સાથે સંકળાઈ જતી હતી. એ પત્રમાં ત્રણ પાત્રો હતાં — અનિકેત, રેગિસ્તાન, અમૃતા. એક ચોથું પાત્ર પણ હતું. પણ એ નેપથ્યે રહીને તમારી પાસે કેટલુંક બોલાવતું હતું, હું એને વચ્ચે નહીં લાવું. એ એના બલથી જ વચ્ચે આવી જાય છે.

તમારા જતાં અહીંની આબોહવા બદલાઈ ગઈ. ઘર કે બહાર હું તો આગુંતુકા બની બેઠી છું. અતડી લાગું છું. એકલી થઈ ગઈ છું. 'છાયા' છોડીને તમારા ઘરમાં — ના, તમારા મકાનમાં રહું છું. નોકરી કરું છું. આજ સુધી વારસાગત ધનસંપત્તિના

આશ્રયમાં નિશ્ચિંત હતી. મારા વિચારો અને મારા વર્તન સામે બત્તી ધરવામાં આવી. મેં આશ્રય છોડ્યો. દાયિત્વ સ્વીકાર્યું. પોતાનું સમગ્ર દાયિત્વ સ્વીકારીને જીવું છું અને સ્વાધીનતા અનુભવી રહી છું એવી ખુમારીમાં એકલતાનું દુઃખ સહી રહી છું. સમયની સાથે દુઃખ પણ વીતી જશે અને પછી નવારૂપે એ શરૂ થશે.

ઉદયન વારંવાર મળવા આવે છે. જાણે કે મારો સંરક્ષક ન હોય! પણ કામ શત્રુનું કરે છે. થોડાક કટાક્ષ, થોડાક પ્રહાર, જતાં જતાં મર્મવિદારક સ્મિત... કોણ જાણે એ મારામાં એવી શી નબળાઈ જોઈ ગયો છે કે મને આમ સંતાપ્યા કરે છે ! મારી મુગ્ધતાને દૂર કરીને તે પછી શું પરિણામ આવે છે તે જોવા એ મને પ્રયોગ તરીકે ઘટાવી રહ્યો હોય એમ લાગે છે. 'મુગ્ધતા' એના મુખે સાંભળું છું ત્યારે મને એ અપશબ્દ લાગે છે. એને મુગ્ધ કહી શકું એ સ્થિતિએ પહોંચી જવાની આકાંક્ષા જાગે છે. પણ મને વિશ્વાસ છે કે એ મને કોઈ પણ સ્થિતિમાં છંછેડ્યા કરવાનો. કહે છે — 'ઘર છોડ્યું, હવે ઉછીની લીધેલી શ્રદ્ધાઓ છોડ. સાવ નિરાલંબ બની જા. પોતાની શક્તિમાંથી જ આલંબન ઊભું કર. પરંપરાગત ભાર ફગાવી દઈને ચિત્ત ખાલી કર. પછી વિચાર કર. તદ્દન નિરાશ્રિત અને પોતાના તરફ નિર્મમ થઈ ને વિચાર કર. એમ કરતાં તને લાગશે કે life begins on the other side of despair. આપણે વાતચીતમાં કોઈ સૂત્રનો ઉપયોગ કરીએ તો મોં કટાણું કરીને બાજુમાં જોઈ રહે છે. પરંતુ એના મુખેથી એક સૂત્ર મેં હમણાં ત્રીજી વાર સાંભળ્યું — 'I think, therefore I am'. મેં એને ટકોર કરી, તો કહેવા લાગ્યો, 'આ સૂત્ર નથી, સત્ય છે, એક માણસની આ તો આત્મકથા છે.' હું કહું છું કે વિચારમાં આપણી સમગ્રતા આવી જતી નથી. એ વિના વિલંબે કહી દે છે — 'વિચાર વિના સમગ્રતા સમજી ન શકાય.' એનામાં બીજાની ધારણાઓનો છેદ ઉડાડવાની તર્કશક્તિ છે. તેની સાથે હું સંઘર્ષ અનુભવું છું, સંવાદ નહીં. તેથી મારી અભિલાષા તમારા ભણી... આ ચોખવટ કરવા જેવી ન હતી. શા માટે ચોખવટ ? તમને ચાહીને મેં કંઈ ગુનો કર્યો નથી હું તમને ચાહું છું તે વસ્તુસ્થિતિ છે. અને એ કોઈ આકસ્મિકતા પર આધારિત નથી. એ મારી વરણી છે. — freedom of choice.

વરણી. મારી વરણી માત્ર પસંદગી નથી. તમારી સમક્ષ કે તમારા સ્મરણથી હું વિવશતા અનુભવું છું. પરવશ બની જાઉં છું. તેથી તમારી વરણી મારા માટે અનિવાર્ય બની ગઈ છે. કોઈક નિગૂઢ તત્ત્વે પણ મને પ્રેરી હોય એમ લાગે છે. પરમ દિવસે વી. પી. માર્ગ તરફ વળી અને વરસાદ તૂટી પડ્યો. ક્ષણ પહેલાં ખબર ન હોય અને એ અનરાધાર વરસવા લાગી જાય છે. માર્ગ પરથી બાજુમાં ખસીને બચવાનું મને સૂઝ્યું નહીં. વસ્ત્ર ભીંજાઈ ગયાં. અંગાંગને આર્દ્રતા નિબિડતાથી સ્પર્શી ઊઠી. વરસાદની અજસ્ર ધારાઓ આક્રોશપૂર્વક જાણે કે મારી અલગ એવી હયાતીનું મર્દન કરવા રત બની ઊઠી. એક ક્ષણ પૂરતું તો મને એવું લાગ્યું કે હું અનિકેતને ઘેર જઈ રહીં છું. એમ માનવાથી મને ગમ્યું કે ભલે આ ગગન લક્ષાતીત ધારાઓ બનીને વરસી રહે અને મારી સલામત અલગતાને ઓગાળી નાંખે. હું હવાની લહરી બનીને આ ધારાઓ વચ્ચેના અવકાશમાં ફરકી ઊઠું. બધું સભર સભર થઈ જાય અને વાતાવરણમાંથી એક અદૃશ્ય આકૃતિ બનીને તમારા ગવાક્ષદ્વારે છવાઈ જાઉં. એવી કલ્પિત અનુભૂતિથી પણ હું મુક્તિ અનુભવી રહી હતી. અને એ સ્થિતિમાં મેં સિક્કાનગરના પ્રવેશદ્વારે પગ મૂક્યો. મકાનોના વચ્ચેના ખાલી મેદાને મને આવકારી. તમારા ઘરમાં પગ મૂક્યો તે પહેલાં અનુભવેલી મુક્તિનું તિરોધાન થઈ ગયું હતું અનિકેત ! તમે જ્યાં હો ત્યાં કેવળ ભાવના બનીને ઊડી આવું અને તમારો પરિવેશ બનીને તમારા સંગે સહયાત્રા કરું. હું જાણું છું કે આ રીતે વિગલિત બનાવાની મારામાં શક્તિ નથી છતાં આ મારી સ્વયંપ્રભૂત આરત છે. તમે કહો છો કે પ્રેમ એટલે સામાની સ્વતંત્રતાનો સ્વીકાર. તો તમે મને સ્વતંત્રતા આપો. તમે જોશો કે મારું અસ્તિત્વ ધૂપ બનીને તમારા ગતિશીલ પરિવેશને સુગંધિત કર્યા કરશે. સૌરભ પામવામાં તો તમને વાંધો નથી. જો મને અનુમતિ નહીં આપો તો હું માનીશ કે તમે મને મરુભૂમિના ગગનમાં રઝળતી વાદળી બનાવી મૂકવા ઇચ્છો છો.'

તે દિવસ પત્રને અમૃતાએ અહીં અટકાવ્યો હતો. એને લાગ્યું કે ભાષા રોમાન્ટિક બની રહી છે. અનિકેતને આ બધું વધારે પડતું લાગશે. તો શું કરું ? પત્ર જતો કરું ?

મૌન પાળું? પોતે કહેવા માગે છે તે સૂક્ષ્મ છે. છતાં અપાર્થિવ તો નથી. પત્રની ભાષામાં તો આ બધું ભિન્ન અર્થ ધારણ કરી બેસે છે. જે શબ્દથી ગેરસમજ થવાનો સંભવ હોય તે ન ઉચ્ચારાય તે જ ઇષ્ટ.

તેથી એણે પત્ર અટકાવ્યો.

હવે ઉત્તર આપવો જરૂરી છે? પાલનપુરના નિવાસે એણે સામે બેસીને મારાં અશ્રુ જોયાં છે. છતાં સમજવાનું બાકી રાખ્યું હશે? ત્યાં બાલારામ નદીના પ્રવાહ વચ્ચે ઉદયનને કહેવા જેવું મેં કહી દીધું ત્યારે એણે કહ્યું — તમે તમારું અપમાન કર્યું છે. એ મને શું માને છે? 'સ્વર્ગીય,' 'દેવી', 'મમતામયી' જેવાં વિશેષણોથી નવાજીને સંતોષવા બેઠો છે. પણ એ શબ્દોથી મને સમજાવી દેવા માગે છે. સ્વર્ગીય! પણ સ્વર્ગ તો છે મૃત્યુ પછીની અવસ્થા... એ કહે છે તેથી અનુભવે છે તો જુદું જ. માંસલ સૌંદર્યની તૃષા એની આંખોમાં ચમકી ઊઠી હતી. એના શ્વાસમાં અકળાતી હિંસ્ર ગંધને હું પારખી ન શકું એવી અબોધ છું? એના વિમુખ થવા જતા ચહેરાની કોઈ એક રેખા બધું કહી દે છે. એની આંખનો અસમાધાનકારી ખૂણો કશુંય અવ્યકત રહેવા દેતો નથી. અને છતાં કહ્યા કરે છે — 'મને સૌરભથી સંતોષ છે...' દૂર જવાથી આવા ઉદ્‌ગાર એના માટે સહજ બની ગયા છે. પણ એ માત્ર ઉદ્‌ગાર છે. એ કેવળ વાણી છે. એના લોહીનો લય તો કંઈક બીજું જ કહે છે. એ શા માટે પોતાને સંતાપી રહ્યો છે?

વિકાસ — ઉન્નયન... એ સિદ્ધ ન થાય એવું તો નથી પણ યૌવનના આરંભે જ આમ વિદેહીની કક્ષાએ વિચારવું...

સાડા આઠ વાગ્યા હતા. એ કાર લઈને નીકળી. સાગરના બદ્ધ કિનારે પહોંચી. બાળકના ચિત્રમાં રંગ અને રેખાઓની અબદ્ધ સ્થિતિની જેમ માણસો સમુદ્ર પરના અંધારા તરફ મુખ કરીને, મુંબઈથી વિમુખ થઈને બેઠાં હતાં. યુગલો, એકલાં, અને પરિવારોને વટાવતી અમૃતા સમુદ્ર તરફ જઈ રહી હતી.

'આન્ટી.'

અમૃતાએ નાના ભત્રીજાનો અવાજ ઓળખ્યો. એ થંભી. બાબો પહોંચી ગયો. અમૃતાએ એને ઉછાળીને તેડી લીધો. છાતી સરસો ચાંપીને ચૂમી લીધો. મોટી ભાભી અને એમનાં બંને બાળકો આજે છેક અહીં સુધી આવ્યાં છે તે જોઈને અમૃતાને આશ્ચર્ય થયું. બાળકો માસીને ઘેર ગયાં હતાં, ગિરગાંવ. મોટાભાઈ કંપનીના કામે બહાર ગયા છે.

ભાભીને નજીક આવતાં જોઈને અમૃતા એમની નજીક ગઈ. બધાં મોડે સુધી બેઠાં. ઘણી વાતો થઈ. અમૃતા રમકડાં પહોંચાડી ગઈ તે પછી ભાભીને ઘણું આશ્વાસન મળેલું. પોતાને લીધે અમૃતાએ ઘર છોડયું એમ એ માનતાં હતાં. એમણે અમૃતાને વિનંતી કરી. અમૃતાએ કહ્યું કે વિચારીશ. આજે તમે સહુ ચાલો.

તમારા મોટાભાઈ વહેલી સવારે આવવાના છે એમ કહીને એમણે રજા લીધી. નાનો બાબો અમૃતાનો હાથ છોડતો ન હતો. અમૃતા એને સાથે લઈ ગઈ. કામવાળી બાઈ પણ પરિચિત તેથી બાબાને તો ફાવી ગયું.

'આ આપણું ઘર છે ?'

'ના.'

'તમને અહીં ફાવે છે ?'

'હા.'

'એકલાં રહો છો તોપણ ?'

'હા !'

'હવે જૂહુ નહીં આવો ?'

'આવીશ.'

બાબાને સંતોષ થયો હશે, એ બે મિનિટ શાંત રહ્યો.

'આ કોનો ફોટો છે?'

'અનિકેતનો.'

'એ કોણ છે ?'

'પરદેશી.'

'એ તમને ઓળખે છે ?'

'ના.'

અમૃતા ટેબલ પરથી પત્ર લઈને વાળવા લાગી.

'કોનો પત્ર છે ?'

અમૃતા કંઈ બોલી નહીં. બાબો પ્રશ્ન ભૂલી ગયો. ટેબલ પર પડેલી પેન હાથમાં લઈને એ હથેલી પર લખવા બેઠો. એને કક્કો આવડે છે, એણે 'અનિકેત' નામ યાદ રાખ્યું હતું. 'લાવો લખું.' કહીને એણે અમૃતાની હથેલી પર લખ્યું — અનિકેત.

'ભૂલ પડી ?'

'ના.'

'શું આપશો ?'

'તારે શું લેવું છે ?'

બાબો વિચારમાં પડ્યો. કંઈ સૂઝ્યું નહીં. પછી એને એક યુક્તિ સૂઝી કે મોટાભાઈ માગશે તે હું માગી લઈશ. તેથી એણે અમૃતાને આવતી કાલે જૂહુ આવવા કહ્યું.

અમૃતા ના પાડી શકી નહીં.

મોડી રાત સુધી બાબો જાગતો રહ્યો. અમૃતાએ મોકલેલાં બધાં રમકડાં પોતે કેવી રીતે પચાવી પાડ્યાં એ અંગે એણે સવિસ્તર વાત કરી. એને માની પડખે લપાઈને ઊંઘવાની ટેવ છે. ઊંઘી જાય પછી એને ભલે ગમે ત્યાં મૂકવામાં આવે. અમૃતાના વક્ષમાં મોં દબાવીને એ ઊંઘી ગયો. તે પછી પણ એના માથા પર અમૃતા ધીરે ધીરે હાથ ફેરવતી રહી. અભાન અવસ્થામાં પણ ચીપકી રહેલા બાબાની સંપૂર્ણ

અધીનતાને એ નીરખતી રહી. જાગૃતિ સમર્પી દેવાથી મળતા વિશ્રાંતિસુખ વિશે એ વિચારી રહી. બાબાના પ્રફુલ્લ કપોલ પરની ઋજુલ તાજગી પર હાથ મૂકીને અને આંખો બિછાવીને એ અપૂર્વ સાર્થકતા અનુભવી રહી.

અનિકેતના સ્મરણથી જાગતી વ્યાકુળતા હવે ન હતી.

નિદ્રાધીન થવાની ક્ષણોમાં એ વિચારતી હતી કે આ વત્સલતા મારામાં આ રૂપે વસતી હતી તેનાથી હું આજ સુધી અણજાણ કેમ રહી? તો પછી જ્યારે વત્સલતા શિશુરૂપે અવતરીને ઉછંગને ભરી દેતી હશે તે ક્ષણોના અનુભવની ઉત્કટતામાં તો નારી માત્ર માતા બની જતી હશે. કેવી હશે એ વેદનાપ્રસૂત વત્સલતા? અને એ પ્રાપ્તિ પૂર્વેની સંક્રાન્તિકાળની અનુભૂતિઓ? અને એ પૂર્વેનું ઈંદ્રિયતર્પણ...

આજે સ્વપ્નમાં જોયેલી — ન જોયેલી સૃષ્ટિના સાહચર્યમાં ચરમ તીવ્રતાવાળો અનુભવ થયો. કમલતાલના કિનારે ઊડતા હંસની પાંખોનો લય જોતી એ ઊભી હતી. સઘન વનરાઈની છાયા ભેદીને ચંદ્રકિરણ એના કપોલની મોહક તાજગીને છતી કરી દે છે. એનું આગમન થાય છે... પોતાની કામનાઓનું નિર્બંધ પ્રગટીકરણ... સૂક્ષ્મ ભાવોન્મેષ અને માંસલ આવેગનું સાયુજ્ય... હા, એ અનિકેત જ સાચો.

દિવસો સુધી અમૃતા એ સ્વપ્નને યાદ કરતી રહી. હા, એ અનિકેત જ સાચો. પત્ર લખનાર અનિકેત તો રહસ્યનાં પરિધાન ધારણ કરીને ફરે છે. પેલો જ સાચો — સંકલ્પથી ચલિત મેરુ પર્વતનું ઝૂકવું... સરકી જતી નદીનું એકાએક એને વીંટળાઈ વળવું...

□

ઑક્ટોબરમાં એ પાલનપુર છોડીને સરસામાન સાથે જોધપુર પહોંચી ગયો. ચારેક માસ ગુજાર્યા. શાળાના વિદ્યાર્થીઓ સાથે મમત્વ બંધાયું હતું. નવમી શ્રેણીનો એક અસાધારણ તેજસ્વી વિદ્યાર્થી મનમાં વસી ગયો હતો. એક ગરીબ વિધવાનો એ પુત્ર. ચહેરા પર કશી લાચારી નહીં, વિકાસ ચમકે.

એક સાંજે શહેરની ઉગમણી ગમ એ ફરવા ગયેલો. ગિલ્લી-દંડાની રમત ચાલે. રમવાનું પડતું મૂકીને પેલો કિશોર દોડી આવ્યો. 'સાહેબ !' એણે અનિકેતનો હાથ પકડી લીધો. જક કરીને પોતાને ઘેર ખેંચી ગયો. એક નાના સુઘડ ઘરને આંગણે સૂપડામાં લીધેલા ઘઉંમાંથી કાંકરા વીણતી યુવતીએ ઊંચે જોયું. એ ઊભી થઈ. પ્રણામ કર્યાં.

યુવતી — પ્રૌઢ ન લાગે તેવી યુવતીના ચહેરા પર અનુભવેલા જીવનની સમજની ઝાંખી થતી હતી. એની આંખોમાં નારીત્વ સ્થિરત્વ પામ્યું હતું. પુત્ર અને ભાઈને એકસાથે જોઈને થતો આનંદ એના હોઠ પર ફરકી રહ્યો.

અનિકેતે જમવું પડ્યું. વાતચીતમાં એને 'બહેન'નું સંબોધન સૂઝયું. એને લાગ્યું કે આજે જીવનની અજ્ઞાત રહેલી વેદનાઓથી વાકેફ થવાની તક મળી. સંકલ્પકઠિન માર્ગ પર એ એકાકી હૃદયની યાત્રા જોઈ રહ્યો.

બહેન શિક્ષિકા છે. દસ વરસથી નોકરી કરે છે. ત્યારે બાબો બે વરસનો હતો. અનિકેતે મનોમન નક્કી કર્યું કે પોતે આ બાજુ ફરીથી આવશે તો બહેનને જરૂર મળશે.

શાળામાં છેલ્લીવાર ગયો ત્યારે હેડમાસ્તર સાથે એ એકલો બેઠો. પેલા કિશોરના નામે બારસો રૂપિયા જમા કરાવ્યા. ત્રણ વરસ સુધીમાં એ રકમ એને આપવાની છે. એસ. એસ. સી. પછી એ જરૂરી મદદ કરશે. પ્રાથમિક શાળાની શિક્ષિકાના પગારમાંથી શું બચે ? બહેનને ખોટું ન લાગે તે માટે એણે કિશોરને એક ચિઠ્ઠી આપી.

પોતાના પિતાજી સંપન્ન છે તેનો અનિકેતને વિશેષ લાભ સમજાયો. કોઈને ઉપયોગી થવાનો સંતોષ એને પહેલી વાર થયો. ઉદયનને એણે મદદ કરેલી છે પણ તેથી સંતોષ થયો નથી. તેથી એને ખર્ચ કર્યાનો આનંદ થયો છે. અમૃતા મારા મકાનમાં રહે છે પણ એ કંઈ મદદ ન કહેવાય. એ આનંદ ઉપકાર કર્યાનો નથી... કદાચ ગોપિત અભિલાષાઓ એથી સંતોષાતી હોય તો નવાઈ નહીં.

જોધપુર પહોંચ્યા પછી પેલો કિશોર અને એની માતા ફરી યાદ આવ્યાં. એણે પાલનપુરમાં એક લોકગીત સાંભળ્યું હતું —

*આજ રે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો...*
*ખળખળતી નદીઓ રે સાહેલી મારા સપનામાં...*

સહાનુભૂતિથી કોઈનાં અશ્રુ અટકાવી શકાય પણ અંતસ્રોતા વેદનાને નિર્મૂલ કરી શકાય ?કદાચ કેટલીક વેદનાઓ અપરિહાર્ય છે... વેદનાના ભારથી પૃથ્વીની ધરી સંતુલન જાળવી રહી હોય તે પણ માની શકાય એમ છે... તે દિવસે અમૃતાનાં અશ્રુ લૂછવાની ઈચ્છા થઈ પણ સંભાવ્ય સ્પર્શ મને દૂર રાખતો હતો. છેવટે તો એ સ્થિતિ પણ ન જળવાઈ...

અહીં મળીએ છીએ વિખૂટાં પડી જવા માટે જ. પ્રત્યેક આરંભ અંત તરફ જ લઈ જાય છે... આ સમગ્રતાનો સરવાળો પણ છે એક શૂન્ય. શૂન્યને પરાબિન્દુ કહો કે પૂર્ણત્વ કહો એ જ આખરી સત્ય છે. એ આખરી સત્યની પૂર્ણ પ્રતીતિ થાય અને નિર્વેદની અવસ્થા સુધી પહોંચી શકાય તો... ફક્ત જાણી લેવાથી શું વળવાનું ? જ્યાં સુધી જાણેલું રક્તવાહિનીઓના લયધબકારામાં ભળીને અ-પર થઈ ન જાય ત્યાં સુધી તો જાણેલું ભારરૂપ જ રહેવાનું.

એમ થાય છે કે આ ભારને ફગાવી દઉં. સમગ્રના સરવાળાને આટલો વહેલો સ્વીકારી લેવામાં ઉતાવળ થશે. તદ્દન નિરપેક્ષ થઈ જવું એટલે તો મરણને જીવવું. જ્યાં સુધી અમૃતા સ્મરણમાં પણ હશે, નિરપેક્ષ થવું અશક્યા લાગે છે. નમ્ર ગૌરવને ધારણ કરી રહેલા છતાં વાસ્તવમાં ઉન્મત્ત એવા એ સૌંદર્યના આહ્વાનને ઉત્તર આપવાનું મન થાય છે... પણ ઉદયન ? પ્રશ્ન આ ત્રીજાની ઉપસ્થિતિનો જ છે. બે માણસ તો પોતાની પારસ્પરિક સમજૂતીથી રહી શકે. ત્રીજાની હાજરીમાં ત્રણેએ સમાજ બનવું પડે છે. સમાજ તમામ સાપેક્ષતાઓને વ્યવસ્થિતિ આપે છે. એમાં સંકલ્પને પણ સ્થાન છે. મારા અસ્તિત્વના ગલનબિંદુ સુધી એક વાર સંકલ્પશક્તિને અજમાવી જોઈશ. અમૃતા ! હું તારા વિશે નિરપેક્ષ થવા મથીશ. તને પામ્યો છું તેથી વિશેષ પામવાની જે ઉત્કંઠા જાગી છે તેને ઓછી કરતો કરતો છેક

નિર્મૂલ કરી નાંખીશ. અને વિરતિ ગ્રહીશ. એ વિરતિ હશે મારી સફળતા. ભલે મારી મરુભૂમિમાં મરી ચિકા બની બનીને તું મારા દૃષ્ટિપથને પોતાના ભણી ખેંચી લે, હું તને મારી સંકલ્પશક્તિથી ઉપાડીને ક્ષિતિજની પેલી પાર મૂકી દઈશ. ક્ષિતિજની આડશે મરીચિકા દેખાશે નહીં. નીલ ગગનના અસીમ વિસ્તારમાં અમૃતા વ્યક્તિત્વરહિત દ્યુતિ, માત્ર દ્યૃતિ બનીને મને ઉન્નયન માટે ઈજન આપશે.

જે અમૃતા છે તેને હું મરીચિકારૂપે જોઈ શકું જ નહીં. એને દ્યુતિરૂપે જોઈશ.

આ રણપ્રદેશમાં દેખાતી મરીચિકાઓ તો ભ્રમજન્ય છે પરંતુ એ વાસ્તવિક બની જાય તો ? જે દેખાય છે તે અસ્તિત્વ ધારણ કરે તો ? આકર્ષણ જગાવતું એ ઊર્મિલ જલ, એ વનરાઈનો શાશ્વત ગોષ્ઠિસમારંભ, એ હરિતિમાનું નિત્યનૂતન ઐશ્વર્ય...

જે ભ્રામક છે તે વાસ્તવિક બની જાય તો ?

ટપાલ આવી.

અનિકેતના મદદનીશનો પત્ર હતો. પત્ર લાંબો હતો અને એમાંનું વર્ણન ઉપરછલ્લું હતું. બિકાનેર નજીકનો વરસાદ પૂર્વેનો સુક્કોભઠ વિસ્તાર વરસાદ પછી કેવો લીલોછમ થઈ ગયો તે જોઈને થયેલા આનંદનું વર્ણન હતું. પત્રમાં ભાષાકીય ભૂલો એટલી બધી હતી કે સાચું શું એ જ શોધવું પડે ! છતાં એમણે કેટલાક કાવ્યાત્મક શબ્દપ્રયોગ કર્યા હતા. અનિકેતને લાગ્યું કે ભાઈસાહેબે બે મુલાકાત લીધી લાગે છે. એમના પત્રનો થોડાંક વાક્યોમાં સંક્ષેપ કરીને એમને ખોટું ન લાગે એ રીતે એ સંક્ષેપ એમને મોકલાવ્યો. વર્ષા પહેલાંનો એ સ્થળ પર વીંઝાતો 'દારુણ સૂનકાર' જલસિંચન પછી 'હરિત શાંતિ'માં પરિણમ્યો હતો. જલના અભાવે અને જલના પ્રભાવે એક જ સ્થળનાં કેવાં બે તદ્દન વિરોધી સ્વરૂપ ! ધરતીને માતા કહેવામાં આવે તે યોગ્ય જ છે. સૂકી ધરતી પણ બીજ સાચવે છે. ઋતુ આવે કે બીજ અંકુરાઈ ઊઠે છે. વરસાદ પછી કેવું મબલખ ઘાસ ! બીજો કોઈ રંગ નથી એટલો આ લીલો રંગ પ્રાસન્નેય છે.'

એક ઢળતી બપોરે અનિકેત અહીંના વનસ્પતિશાસ્ત્રના અધ્યાપક સાથે મંડોર સુધી ફરવા ગયો હતો. રસ્તામાં આવતા એક મકાન વિશે વાત નીકળી. એ ખાલી હતું. ભાડે મળી શકે તેમ હતું. મકાનની આગળ સુકાઈ ગયેલો બાગ હતો. વૃક્ષો હતાં. નવો બાગ રચવાની શકયતા હતી. રણપ્રદેશની મુસાફરીમાં પ્રાપ્ત થયેલી સંશોધન માટેની સામગ્રી પર અહીં નિરાંતે કામ કરી શકાય. જોધપુર છોડતાં પહેલાં આ મકાન રાખીને જ જવું.

એ મકાનને ખરીદી લેવામાં આવે તોપણ શું ખોટું? ઑફિસ પણ ત્યાં શરૂ કરી શકાય. અને હવે સંયોજક તરીકેની જવાબદારી ઉપાડી લેવાની છે. ચર્ચા- વિચારણા માટે બધા સંશોધકોએ અવાર-નવાર મળવું જ જોઈએ. સમસ્યાઓના ઉકેલ જલદી મળે. અને આ રણ કંઈ ભયંકર નથી, અસાધ્ય નથી.

એ ઊભો થયો. બહાર નીકળવા સજ્જ થવા લાગ્યો. દર્પણ સામે ઊભા રહીને એણે પ્રતિબિંબ જોયું. ‘સહેજ સુકાયા હશો, પણ તેથી ચહેરાની ચમક ઘટી નથી. તમારો વર્ણ તપ્તકાંચન લાગે છે.’ — અમૃતાએ કહ્યું હતું. અમૃતાના સ્મરણ સાથે એણે દર્પણમાં જોયું. પોતાના પ્રતિબિંબની પ્રસન્નતા વધી ગઈ હતી.

નવું સરનામું જણાવવા એણે ઉદયનને પત્ર લખ્યો. નવેમ્બરમાં જોધપુરથી નીકળી જવું. પોકરણને કેન્દ્રમાં રાખીને કામ કરવું, જમીનના પ્રકાર, ત્યાં મળી આવતી વનસ્પતિનો પરિચય, પાણીની શક્યાતા અને મળી આવતા પાણીના ગુણધર્મો તપાસવા. એ દષ્ટિએ સઘળા પ્રદેશનો સર્વે કરવો. જીપ કયાં સુધીમાં આવી જશે?

અમૃતાને પત્ર ન લખવો.

એ મને ભૂલી શકશે?

મને માફ કરી શકશે?

એને પત્ર ન લખવો. અંતરાલનો અનુભવ થયા કરશે. અવકાશ વિસ્તારતો જશે પછી સ્મરણોની ઉત્કટતા પણ શમી જશે. એ મને ભૂલી શકશે. અને ઉદયન ત્યાં છે જ. ઉદયનનો પ્રભાવ એના પર કયાં ઓછો છે? એટલું જ નહીં ઉદયનનું પ્રચ્છન્ન

વર્ચસ પણ એના ચિત્ત પર છે. એનાથી વ્યકત થતી પ્રતિક્રિયાઓ સ્પષ્ટ કરે છે કે એ વર્ચસમાંથી છૂટવા મથી રહી છે. કોઈક વાર એની ગમગીની સૂચવે છે કે વિગતનાં સ્મરણોના ભારથી દબાઈને પોતાને સજા કરવા માગતી હોય એમ એ ઉદયન પ્રતિ અભિમુખ થવા મથી રહી છે... પરંતુ એમ થઈ શકતું નથી. કારણ કે અનિકેત છે... મારું ચાલે તો એમના વિશ્વમાંથી છટકી જાઉં, મારી વેદના લઈને. પણ છટકીને કયાં જાઉં? અહીં સુધી તો આવ્યો! આ તો માત્ર ભૌગોલિક અંતર થયું. આ બહિર્સૃષ્ટિમાં સ્થાનાન્તર કરવાથી નહીં ચાલે. આ દશ્યમાન છે તે તો માત્ર ભૌતિકતા છે. એનો પરિત્યાગ કરવાથી અમૃતાથી દૂર થઈ શકાયું નહીં. અવાન્તર ભૂમિમાં પણ સંવેદન તો પૂર્વવત્ રહ્યું. એના સ્મરણની વેદનાથી મુકત થઈ શકાયું નહીં. ચિંતકો સાચું કહે છે — આ આખો પ્રશ્ન આંતરિક છે. મુંબઈ રહ્યો ત્યારે એની નજીક રહીને જ એ બધાથી મુક્ત થઈ ગયો હોત તો ઊગરી ગયો હોત. શ્રી રમણ મહર્ષિએ યોગ્ય જ કહેલું — The trouble now is due to your seeing the world outside yourself and thinking there is pain in it. But both the world and the pain are within you. If you turn inwards there will be no pain. અંતર્મુખ થવું. મારું વિશ્વ મારી ભીતર વસે છે... પરંતુ એ વિશ્વમાં તો જાણે અમૃતા વસે છે. એમાં બીજું કશું હોતું નથી ત્યારે પણ એ તો હોય છે જ. એની સ્વપ્નિલ છબીના દષ્ટિક્ષેપ માત્રથી નીરવ શાંતિમાં લહેરાઈ ઊઠું છું. નિસ્તરંગ ચિત્તની અવસ્થા કેમ કરીને પામું? વાંચેલું બાજુ પર રહી જાય છે. અસ્તિત્વ સાથે એનું સાયુજ્ય રચાતું નથી. Unconscious awareness ! અકૃત્રિમ જાગૃતિ! અભાન સંવિત્તિ! કેમ કરીને પામું? અભાન જાગ્રતિ સુધી — સભર મૌન સુધી પહોંચવાની મથામણ કરવી જ રહી. મૌનથી માતબર અહીં કશું નથી. બધા કોલાહલ મૌનમાં પરિણામીને જ મોક્ષ પામે છે.

'બાબુસાહેબ! ચાય લે આઉં?'

ખુલ્લા બારણામાં હસતા ચહેરે ડોકાઈને હોટલના નોકરે કહ્યું. અનિકેતનો એ જૂનો નોકર હોય એટલી લાગણીથી એ બોલ્યો.

'લે આઓ.'

'ઔર કુછ ?'

'લે આઓ.'

'કયા ?'

'કુછ નહીં.'

અનિકેતને ખ્યાલ આવ્યો કે પૂરતા ધ્યાન વિના જ એણે નોકરને જવાબ આપ્યા. તેથી એ એની સામે જોઈને બોલ્યો —

'સુનો, દો કપ ચાય લે આઓ. યહાં બૈઠ કર એક તુમ પીના.' નોકર ગયો. અનિકેત ઊભો થયો.

એકાએક એક સ્વર એના સ્મરણમાંથી લયરૂપે વહી આવ્યો. કેવળ સ્વર! સ્થળકાળથી મુક્ત. કયાં સાંભળેલો એ સ્વર ?... હા, શાંતિનિકેતનથી કલકત્તા પાછા ફરતાં ગાડીના ડબ્બામાં એક કન્યાના કંઠે વાતાવરણમાં પ્રસરતું એ ગીત... શબ્દો શું હતા ? રવીન્દ્રનાથનું એ ગીત હતું ? શબ્દો ? શબ્દોને પાછળ મૂકી દઈને સ્મરણે કેવળ સ્વર આપ્યો ! લયાન્વિત સ્વર !

એ રૂમમાં આંટા લગાવવા લાગ્યો. ગીતનો લય ગુંજી ઊઠયો. શબ્દો ધીરે ધીરે વહી આવ્યા —

'આમિ ચિનિ ગો, ચિનિ તોમારે ઓગો વિદેશિની !'

એ બજારમાં ગયો. ગયો હતો એટલી ઝડપથી પાછો આવ્યો. ચા આવીને ઠંડી થઈ રહી હતી. એને ઠંડી ચા બહુ ગમી.

‘હું આકાશમાં કાન માંડીને તારું ગીત સાંભળું છું. મેં મારા પ્રાણ તને જ સોંપી દીધા છે.’

અનિકેત આખું ગીત ગાઈ ગયો. એક વાર, બે વાર. એને થયું કે વેરાનમાં એકલો હોઈશ ત્યારે ગાઈશ. હું એકલો જ સાંભળી શકું એ રીતે ગાઈશ. રણમાં રવીન્દ્રનાથનો સ્વર ! મરુભૂમિ પર સુંદરનો આશીર્વાદ ! એ ફરીથી ગાવા લાગ્યો—

*‘ભુવન ભ્રમિયા શેષે આમિ એસેછિ નૂતન દેશે,*
*આમિ અતિથિ તોમારિ દ્વારે ઓગો વિદેશિની.’*

— ભુવનનું ભ્રમણ કરીને અંતે હું નૂતન દેશે આવ્યો છું. હું તવ દ્વારે અતિથિ છું, હે વિદેશિની !

હું તને જાણું છું, જાણું છું હે વિદેશિની !

# નિરુત્તર

*મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી એની મુક્તિ નથી.*

—મો. ક. ગાંધી

# એક

સમુદ્રની નજીક અને એકબીજાથી દૂર.

તે દિવસ સમુદ્રથી દૂર અને એકબીજાની નજીક બેઠાં હતાં.

તે દિવસ કારને પાર્ક કરીને મરીન ડ્રાઇવ પર ઊછળતા જળના સંગે સંગે અમૃતા ચાલી રહી હતી. પાછળથી આવીને ઉદયને હાથ પકડીને અમૃતાને રોકી હતી. પંદરેક મિનિટ મોડો પડ્યો હતો તેથી અમૃતા નારાજ હતી. એને મનાવવી પડેલી. આજે ક્રોસિંગ આગળ આંખ મળતાં અમૃતાએ વિવેક બતાવ્યો હતો અને જૂની ટેવ પ્રમણે ઉદયન કારમાં બેઠો હતો, પણ પાછળની સીટ ઉપર.

તે દિવસ આષાઢ બેઠો હતો.

આજે આસો માસની એક સાંજ છે.

બીજાં ત્રણ વરસ વચ્ચે વીતી ગયાં છે.

સમુદ્રનાં મોજાં થકી ઊડતાં જલબિંદુ એકબીજા સાથે ટકરાઈ ટકરાઈને વીખરાઈ જાય છે. પોતાના અંશોને હવામાં મૂકીને એ જલબિંદુ નજીક બેઠેલાંના ચહેરા સુધી પહોંચે છે.

તે દિવસ હવાનો સ્પર્શ એમને આર્દ્રતાનો અનુભવ કરાવતો હતો. આષાઢના આક્રમક મેઘે નગરના ઉકળાટને જમીનદોસ્ત કરીને રસ્તાઓ પર વહાવી દીધો હતો.

આજે સમુદ્રનાં ઊછળી આવતાં જલબિંદુમાંથી એક ઉદયનની આંખમાં પડ્યું અને ખારાશ આંજી ગયું. છીછરું ફીણ આગળ કરીને શિથિલ ગતિએ મોજાં આગળ વધે એવી જગાએ આજે એ બેઠાં ન હતાં. મોજાંની સીમા જાણ્યા વિના એ બેઠાં હતાં. સમુદ્ર સ્થળથી બંધાયેલો હોય છે, કાળથી પ્રભાવિત. આ વસ્તુ અમૃતા જાણે છે. એ

તો જૂહુના સમુદ્રને નજીકથી ઓળખે છે તેથી દૂર જ બેસત. પરંતુ એ છેક અહીં સુધી ચાલ્યો આવ્યો. અમૃતા એને અનુસરતી હતી.

'તે દિવસ' ઉદયનને યાદ આવ્યો છે —

'ઉદયન !' પાલવનો છેડો હાથમાં લઈને એ બોલી હતી.

'શું !' પોતાને ડિસ્ટર્બ કરવામાં આવ્યો હોય એ રીતે એ બોલ્યો હતો. કદાચ બોલ્યો પણ ન હતો, ફક્ત હાજરી પુરાવી હતી.

'હું તારું ઋણ કેવી રીતે ચૂકવીશ ?'

'આવા શબ્દો ક્યાંથી વીણી લાવે છે તું ? ઋણ શેનું ? એ શબ્દ મને ગમતો નથી.'

'તો શું ગમે છે ?'

'નજીકથી સાંભળવા મળતા, માત્ર હું જ સાંભળી શકું એટલા ધીમા સ્વરની હલક. એ મને ગમે છે.'

'તું તો પાછો ઉપકાર વધારવા લાગ્યો.'

'જો પાછો ઉપકાર ! બીજાની પ્રશંસા સાંભળીને જે ફૂલી જાય એનો આત્મવિશ્વાસ ડગુમગુ કહેવાય. એને દૃઢ કર્યા વિના નહીં ચાલે.'

બોલતાં બોલતાં એણે અમૃતાની હથેલી ગ્રહીને બલપ્રયોગ કર્યો હતો. પવનના આઘાતથી નમી જતી કદલીની જેમ અમૃતા દબાતો હાથ ખેંચવા ઝૂકી ગઈ હતી. ઉદયને હાથ છોડયો ન હતો, છેવટે હવામાં ઉછાળ્યો હતો.

'જો તું આમ પજવ નહીં. તું આવો નિષ્ઠુર પુરુષ કેમ છે ?'

'વાહ ! કેવો વ્યતિક્રમ ! હમણાં ઉપકારી કહ્યો, હવે નિષ્ઠુર !'

'દુભાયા વિના તું પોતાને બરોબર પ્રગટ કરી શકતો નથી. તેથી જ મેં તને નિષ્ઠુર કહ્યો. બાકી સાચું કહું ? બસ કહી જ દઉં ઉદયન ? તારા એવા નિષ્ઠુર આઘાતથી

જે દર્દ જાગે છે ને, જે દર્દ! તે મારા અંતસ્તલને એકસામટું ઝંકૃત કરી જાય છે. તારો આઘાત મારામાં દુઃખને સ્થાને આવી વિરોધી લાગણી કેમ જન્માવે છે ?'

'એનો જવાબ શબ્દોમાં ન અપાય. એ જવાબ માટે આજે તું ભલે તત્પર થઈ હોય પણ હજી તારી સજ્જતા ઓછી છે. જોજે ઘેર જઈને, તારી આંખોની બિલોરી ઝાંયમાં નરી મુગ્ધતા તરવરે છે !'

'તું મારી વાતને જુદી રીતે ઘટાવી રહ્યો છે. હું કંઈક બીજું કહેતી હતી.'

'બનાવટ ન કર.'

'જો પાછો અવિશ્વાસ પર આવી ગયો. પોતાની આદતથી તું આટલો બધો લાચાર કેમ છે ? બસ અવિશ્વાસ, ડગલે ને પગલે અવિશ્વાસ. હું બીજું જ કહેતી હતી. હું તારા સ્પર્શ માટે આતુર નથી.'

'એમ ?'

અમૃતાની ભુજા પકડીને એણે નજીક ખેંચી. બીજી ક્ષણે એ દૂર ખસીને બેઠો. તેથી પોતાને છોડાવીને ઊભી થવા ઉત્કંઠિત થઈ ગયેલી અમૃતા પછી એમ જ બેસી રહી.

'એક શરત છે ઉદયન !'

'શેની શરત ? શા માટે ?'

'તને એટલી પણ ખબર નથી કે શરત કશુંક જીતવા માટે હોય છે.'

'મને હારવામાં રસ હોય તો ?'

'હારવાનું ગૌરવ અનુભવવાનો તને શોખ છે.'

'કબૂલ. કહે તારી શરત.'

'તારે સુધરવાનું છે.'

'કઈ બાબતે ?'

'એકથી વધારે છેઃ ૧, તું સહુને અવગણે છે. ૨, તું પોતાના વિશે થોડું વધારે ધારે છે. ૩, તું સામાને સાંભળતો નથી. અને એને સુધારવા માગે છે. ૪, તું કોઈની સિદ્ધિથી વિસ્મય પામતો નથી. સઘળું શંકિત નજરે જુએ છે. અને છેલ્લી વાત કે...'

'એ પણ હું માની લઉં અને તારા આદેશ પ્રમાણે સુધરી જાઉં. પણ મને એ જાણવાની છૂટ છે ખરી કે એમ કરવાથી હું શું હાંસલ કરવાનો છું ?'

'અમૃતા !'

'એટલે કે તું મારા વ્યક્તિત્વને ગીરો મુકાવીને પછી પોતાની સાથે મને પરણાવી દેવા માગે છે ? તારા જેવી અગણિત અમૃતાઓને હું આવા શરતી મામલામાં હારી જવા તૈયાર છું. અમૃતા, તારો અભિગમ બાલ્યાવસ્થામાં જ શોભે એવો છે. તું શીખેલું, બલ્કે સાંભળેલું બોલે છે. તું મને સુધારવા માગે છે એટલે કે મારામાં ક્ષતિઓ જુએ છે. તું મારું આવું મૂલ્યાંકન કરવા લાગીશ તે જાણતો હોત તો તારા બૌદ્ધિક વિકાસમાં રસ લઈને સમય ન બગાડત. તને તો હયાતી સાથે નિસ્બત જ નથી. સદા ઉપરછલ્લી બાબતોથી દોરવાતી રહે છે. તું મને સમજતી નથી, અમૃતા. નથી સમજતી અને મને આશા છે કે તું નહીં સમજે.'

'સમજતી ભલે ન હોઉં, ચાહું છું. એથી પ્રેરાઈને તારામાં કશી અપૂર્ણતા જોઈને એને ચલાવી લેવા હું રાજી નથી. તારી પ્રશંસા કરવાનું હું શરૂ કરું તો મારું વક્તવ્ય આપણી જિન્દગી જેટલું લાંબું ચાલે. પણ જવા દે એ વાત. તને લાગશે કે હું પાછી તને ખુશ કરવા બેસી ગઈ. એમ કરવાનો આજે ઈરાદો નથી. આજે તો હું તને એક વાત કહીશ જ — તું સહુને સુધારવાના મનસૂબા ધરાવે છે. તારા લેખોમાં, તારાં વકતવ્યોમાં સુધારકના અસંતોષના પડઘા હોય છે. પણ તારે સુધારવું નથી. તું શાંત નથી, ધીર નથી. આપણને બીજાં પર આટલું બધું અકળાવાનો શો અધિકાર છે, ઉદયન! બધાયને નગણ્ય માનીશ તો તું જીવીશ શું ? લડી લડીને દર વર્ષે, કોઈક વાર વરસમાં એકથી વધારે વાર તું નોકરી છોડે છે. આ બધું બરોબર છે ?'

'તું પોતાની સલામતીની ચિંતાથી મને સુધારવા માગે છે ! હવે સમજ્યો !'

અને એ ઊભો થઈ ગયો.

'તો જા, આ તને છોડી દઈને ચાલ્યો.'

અમૃતાએ દોડી જઈને એને પકડી પાડ્યો હતો. મનાવ્યો હતો. એના ખભા પર હાથ મૂક્યો હતો. એના નાક ઉપર ટકોર મારી હતી. પોતાને ન ભાવતાં પણ ઉદયનને ભાવે છે માટે તળેલાં કાજુ લઈને ખૂબ ખૂબ ખાધાં હતાં પછી ઉદયનના બુશશર્ટનાં બન્ને ગજવાં ભરી દીધાં હતાં. ઉદયનની રુચિ પ્રમાણે કારને પચાસ-સાઠેક માઈલની ઝડપે ચલાવીને નરીમાન પોઈન્ટ સુધી આંટો લગાવીને એને મલબાર હિલ પર પહોંચાડ્યો હતો.'ગુડનાઈટ' કહીને એ છૂટી પડી હતી.

□

આજે હજી અમૃતા એકે હરફ બોલી નથી. બેસી રહી છે. આકાશમાં સમસ્ત નગરથી ઉપેક્ષિત એવા પાંડુર ચંદ્રને કોઈક વાર જોઈ લે છે, તો કોઈક વાર એના પર છવાઈ જતાં વાદળને જોઈ રહે છે. વરસી ચૂકવાથી વાદળ સાવ શ્રમિત લાગતાં હતાં. ચાંદનીના આગમનથી વિવેકી અંધકાર સમુદ્રના પેટાળમાં જઈને પોઢ્યો છે. એ જાગશે તો પોતાના ભણી ધસી આવશે એવું વારંવાર એને લાગ્યા કરે છે.

'અમૃતા, હું આવતી કાલે મદ્રાસ જાઉં છું. દક્ષિણમાં થોડુંક રોકાઈશ. પછી ઇંદોર જઈશ. જયપુર, દિલ્હી, લખનૌ અને કલકત્તામાં મળીને ચારેક માસ ભારતમાં રહીશ. પછી જાપાન જવાનું થશે. આ મારો કામચલાઉ કાર્યક્રમ છે.'

'મારી કોઈ મદદ ખપ લાગે તેમ હોય તો કહે. હું તને કેવી રીતે ઉપયોગી થઈ શકું ?'

'મને છિન્નભિન્ન કરવામાં.'

'તારી પ્રતિક્રિયાનું કારણ મારાથી અજ્ઞાત નથી. અને એનો મારી પાસે ઉપાય પણ નથી.'

'તું સાચું બોલવા તૈયાર થાય તો ઉપાય હું બતાવું.'

'તારો આ વક્ર અને સંશયગ્રસ્ત ઉદ્‌ગાર અસહ્ય છે ઉદયન. હવે મારો ઉપહાસ કરવાનું તું છોડી દે. મને મારી હાલતમાં છોડી દે. તારા આરોપોથી હું દિગ્ભ્રાન્ત બની જઈશ. કૃપા કરીને તું મારી ઉપેક્ષા કર. મારી મુશ્કેલી છે કે હું તારી ઉપેક્ષા કરી શકતી નથી અને તને સ્વીકારી પણ શકતી નથી. અનિર્ણયભરી અરાજકતામાં જીવું છું. તારી પ્રતિક્રિયાઓને હું સમજું છું પણ…'

'સમજતી હોત તો મને સ્વીકારી શકત.'

'ના. કદાચ તને સમજું છું તેથી જ સ્વીકારી શકતી નથી. જે મૌગ્ધ્યમાં તારા વિના મને અન્ય કશું દેખાતું ન હતું. તેને વીતી ગયે તો વરસો થયાં. આજે હું તટસ્થતાપૂર્વક તને જોઈ રહી છું. ધરી વિનાના ચક્રની ગતિએ તું આગળ વધ્યે જાય છે. મને જીવનમાં કેવળ ગતિ અભિપ્રેત નથી. મને આનંદ પણ અભીષ્ટ છે. હા, કેવળ સુખનો નહીં, વેદનાનો આનંદ પણ હું વાંછું છું. તું દુઃખ અને વેદનામાં અંતર જોતો નથી. તું સંઘર્ષપ્રિય છે. એની સામે પણ મને વાંધો નથી, પણ તારા સંઘર્ષની મને કશી ફલશ્રુતિ દેખાતી નથી. તારો સંઘર્ષ લક્ષ્યરહિત છે અથવા તારા સંઘર્ષનું લક્ષ્ય છે સંઘર્ષ. કોઈને કશું ન ગણવાની વૃત્તિના મૂળમાં અશ્રદ્ધા રહેલી છે. તેં વાંચ્યું છે પણ એવું કે જેથી તારી અશ્રદ્ધા જ વિસ્તરી. અલબત્ત એ બધું વાંચીને પણ અનિકેત પોતાની ધરીને સાચવી શક્યો. એની જેમ મને પણ લાગે છે કે દુનિયા અસુન્દર નથી. આપણા મૌગ્ધ્યને ટકાવી રાખે એવું પણ એનામાં છે ખરું… આજ સુધીના મારા સાહચર્યની તારા વ્યક્તિત્વ પર કશી અસર થઈ નથી. તો પછી… તારી સાથે જોડાયા પછી મારે વિમાસવાનું જ હોય તો… જવા દે આ વાત, તને બહાનું લાગશે. પણ મારી વિનંતી છે કે તું મારા અનિશ્ચયને સમજવાનો પ્રયત્ન કર. જે સ્વીકારવાથી — જે પામવાથી હું 'અમૃતા' ન રહું, તે પામવાથીય શું? તેને પામીને હું શું કરવાની?'

ઉદયન ઊભો થયો. સમુદ્ર તરફ ચાલ્યો. વાતાવરણમાં છવાઈ રહેલી લવણતા એના શ્વાસ દ્વારા ઊંડે ને ઊંડે ઊતરી રહી હતી. એનું શરીર પણ ત્વચાનાં છિદ્રો દ્વારા વાતાવરણમાં લવણતા શોધી રહ્યું હતું. રક્તમાં કાતિલ બળતરા જાગી ઊઠી હતી.

વંટોળમાં ફસાઈ ગયેલા પંખીની જેમ એની જિજીવિષા તરફડી ઊઠી. પોતાની પાંખોની શક્તિ ગુમાવી બેઠેલું પંખી પાંખ બીડીને ઊંડી ખાઈમાં પડી જવા ઇચ્છે તેમ ઉદયનને પોતાનો ભાર ફેંકી દેવાનું મન થયું. એને થયું કે પાછા વળતા મોજાને આ શરીર સોંપી દઉં. અથવા સામેથી ધસી આવતા મોજા ભણી દોડી જાઉં. મોજાંની ગતિ ગ્રહીને એમના નીચેની સ્થિતિમાં સરકી જાઉં. અતલ નીરના અંધકારમાં ઊતરીને સમાપન પામું. અને સમુદ્ર બની જાઉં. અમૃતા ભલે બહાર રહે અને મારા કાંઠે ફેંકાઈ ગયેલા શબને જોઈને પોતાના અંતર્દ્વંદ્વને ક્ષણિક અશ્રુની અંજલીમાં ઓગાળીને, થોડાક દિવસ મારું સ્મરણ કરીને પછી નિર્વિકલ્પ વરણી કરી શકે. શબ એને સોંપીને મારા પ્રાણ વડવાગ્નિમાં ભળી જશે. પછી એ વડવાગ્નિ મોજામાં ઊછળીને ફણિધરની જેમ કિનારા પર ભલે માથું પટક્યા કરે.

નિર્ણય કરવા એ ઊભો રહ્યો અને પછી તો ઊભો જ રહ્યો. આ તો પલાયન થશે. નિર્ણય ન કરી શક્યો. વિચારશક્તિ મંદ પડતી ગઈ અને આખરે વિચારશૂન્ય બનીને એ ઊભો રહ્યો. સમુદ્રની સતત તરંગલીલાના સ્પર્શથી સજીવન લાગ્યા કરતો ઘેરે ઘેરો સૂનકાર એની આંખોમાં ઝિલાવા લાગ્યો. કાળો અને અનંત અવકાશ એના ચિત્તમાં છવાતો રહ્યો. પૂતળું બનીને એ ઊભો હતો. અમૃતા બાજુમાં આવીને ઊભી હતી.

હાથ પકડીને એણે ઉદયનને પાછો લીધો. ચોપાટી વટાવીને એ મરીનડ્રાઈવના બાંધેલા સાગરકાંઠા પરના ફૂટપાથ પર ચાલતાં રહ્યાં. ઉદયન થાક્યો હોય એમ ઊભો રહ્યો. પાળ પર બેસી ગયો.

અમૃતાએ એના ખભે હાથ મૂક્યો.

'સાથે વીતેલા સમયના દોષે મારે સહન કરવું જોઈએ એમ તું માનતો હોય તો કહે. તને મારી અનિવાર્યતા લાગતી હોય તો કહે. હું મારો ભોગ આપવાનો સંકલ્પ આ સમુદ્રની સાક્ષીએ કરવા તૈયાર થઈ છું.'

ખભા પરથી હાથ ફગાવી દઈને એ ચારેક ફૂટ ઊંચી પાળ પર ઊભો થઈ ગયો. અમૃતાથી એની ઊંચાઈ ઘણી વધી ગઈ.

અમૃતાએ એનો હાથ પકડ્યો.

‘અરે છટ્, દયા ન ખપે મને. જા વેરાનમાં જઈને વરસ. ભોગ આપવા માટે એ ઉચિત સ્થાન છે. આત્મનિર્ધારિત નિયતિ તરીકે હું એકલતાને અપનાવી લઈશ. હું તારા વિના જીવીશ અમૃતા ! તારા સ્મરણ વિના પણ.’

અને એ નીચે ઊતરવા ગયો. ક્ષણાર્ધ તો એને લાગ્યું કે પોતાનો ભાર સમુદ્ર તરફ ઝૂકવા માગે છે. એના અંતરવ્યાપી અંધકારમાં વિદ્યુતરેખાઓ ચમકી ઊઠી, કડાકા થયા. એ સંતુલન જાળવીને ફૂટપાથ પર ઊતર્યો. ચાલ્યો.

ચાલ્યો ગયો.

અમૃતા એમ જ ઊભી હતી.

હવે અમૃતા પાછળ ફરીને એને જોવા માગે તોપણ એ દેખાય તેમ ન હતો. એ ચાલી રહ્યો હતો. પોતાના શરીરને ઊંચકીને, પોતાની ચારેકોર ફરતા રહેતા પડછાયાને ખેંચતો ધકેલાતો એ ચાલી રહ્યો હતો.

અમૃતા કાર લઈને એને પહોંચી વળવા ગઈ. મલબાર હિલ જઈને એના રૂમ પાસે જઈને તાળું જોઈને ઊભી રહી. ધીમે ધીમે દાદર ઊતરી. રસ્તા પર પણ એને જોવા ઇચ્છતી રહી. એ ન આવ્યો.

સિક્કાનગર ન જતાં એ જૂહુ ગઈ.

□

જીપ આવી જશે. અમૃતાએ અનિકેતને જણાવવાનું વિચારીને છોડી દીધું. એ અહીં આવીને લઈ જાય. એને સમાચાર આપવામાં આવે તો જરૂર આવે. પણ મુંબઈ આવે અને અહીં પોતાના ઘર સુધી ન આવે તો... અને એને કશું યાદ ન રહે અને અહીં સુધી સીધો ચાલ્યો આવે તો... અહીં એકાન્તમાં એની દૃષ્ટિનો સ્પર્શ હું

જીરવી શકું? અહીં આવે તો જોવા મળે કે એ ક્યાં સુધી દૂરત્વ જાળવી શકે છે? અને એને દૂરત્વ જાળવવું યાદ ન રહે તો? પોતાનામાં શક્તિ નથી એનાથી દૂર રહેવાની... ના. હવે તો એ ન આવે એ જ ઉચિત છે... ના, એ તો નિરપેક્ષ જ રહે, આ તો મારું આરોપણ છે, મારી કામનાઓનું એના પર આરોપણ છે. નિરપેક્ષતા એનું લક્ષ્ય છે. અહીં આવે તોપણ એ એકાન્તને વશ ન થાય. એના સ્પર્શથી એકાન્ત સીમાહીન વિસ્તાર પામે.

તોપણ જીપને અહીંથી છોડાવીને એને જોધપુર પહોંચતી કરીશ. ઉદયન અહીં હોત તો અમે બંને જીપ ચલાવતાં જોધપુર જાત. શું હવે ઉદયન મારી સાથે આવે?

જીપ મળ્યા પછી અનિકેત આભાર માને છે. બીજું કંઈ લખતો નથી. પોતાની ડાયરીના પહેલા પાને લખે છે—

'સમયને માણી રહું સ્વાદમુક્ત.'

અમૃતાની અધ્યયન-નિષ્ઠા અને કાર્યશીલતાની પુરાતત્ત્વમંદિરના સંચાલક નોંધ લે છે.

અનિકેત જીપમાં અઠવાડિયાનો પ્રવાસ કરી આવે છે.

તમામ કેલેન્ડરો પરથી પાનાં ફાટતાં રહે છે. અમૃતા અને અનિકેતનાં કેલેન્ડર પરથી એક સાથે પાંચ-પાંચ દસ-દસ પાનાં ફાટતાં રહે છે. સમયને એ પાનાંના ઓછા થવા સાથે સીધો સંબંધ નથી. એ પોતાની ગતિએ વહેતો રહે છે. અમૃતા જાણે છે કે સમય નિસ્સંગ છે.

અનિકેત પ્રયત્ન કરે છે. સમયથી નિસ્સંગ થવા.

જોધપુરથી મંડોર જતા માર્ગ પરના મકાનમાં હવે એ ગોઠવાઈ ગયો છે. આરામના સમયે એ બેઠો હોય છે ત્યારે અવારનવાર એ એક પંખીયુગલને જોઈ રહે છે. ગુલમહોરની ડાળી પર ચાંચથી આઘાત કરતાં એ પંખી થાકતાં નથી. બંગાળી શીખતાં 'સુનીતિસુધા' નામની પાઠમાળામાં આ 'કાઠઠોકરા પાખી'ની એણે વાર્તા વાંચેલી. નવપરિણીત યુવકને એની ભાગિની કહે છે કે ઘરમાં બળતણ વિના

મુશ્કેલી પડે છે. યુવક વરવેશે જ નીકળી પડે છે. વનમાં જઈને વૃક્ષને કુહાડાથી આઘાત કરે છે. વૃક્ષ ઘાની વેદનાથી સમસમી ઊઠે છે અને એને એની પત્ની સાથે પંખી થઈ જવાનો શાપ આપે છે. યુવક સામો શાપ આપે છે. અને ત્યારથી વરવધૂ જેવાં એ પંખી વૃક્ષોને કોતર્યાં કરે છે. અને મનુષ્ય તરીકે જીવવાની છિનવાઈ ગયેલી તકનો આ રીતે બદલો લીધા કરે છે.

એણે જોયું — પંખીયુગલ ગુલમહોરને કોતર્યાં કરે છે. એમના માથે કલગી છે. એમનાં પીછાં યૌવનપ્રિય રંગોથી ચમકે છે.

એમની ચાંચના આઘાતથી થતો અવાજ અનિકેતનાં કર્ણમૂલને સજગ રાખે છે.

દિવસો પછી એ એ જ રીતે વિરત બેઠો હોય છે.

ટક્ ટક્ ટક્...

ટક્ ટક્ ટક્

પંખીની ચાંચમાંથી લીલા કાષ્ટનો ટુકડો પડે છે.

એ જોઈ રહે છે.

એને ખ્યાલ આવે છે પંખી બે નથી, એક જ છે. બીજું ક્યાં ગયું ? એ વૃક્ષ નીચે જઈને જુએ છે. બીજું દેખાતું નથી.

એ અવાજ કરે છે.

પંખી ઊડી જાય છે. એની પાછળ ઊડનાર નથી.

એ આભો બનીને ઊભો છે. પેલા એકને ઉડાડી મૂકવાનો એને રંજ છે. લીંબડાની ડાળ પરથી પાન ખરે છે. આંગણાની બહારની પીલુડી પર બે કાગડા લડી રહ્યા છે.

કાઠઠોકરા પાખી પાછું આવે છે.

ટક્ ટક ટક...

ટક ટક ટક...

અમૃતાની સામે પડેલા પુસ્તકનાં પાનાં ફરે છે. પવન છે. એ ઊભી થાય છે. બારીના પડદા પાડી દે છે.,

‘તાકલા - માકન.’ એક રણ. ભૂગોળવેત્તા સ્વેન હેડિનની આત્મકથાનું એક પ્રકરણ એની સામે ખૂલી ગયું છે. એ વાંચે છે.

મુસાફરની સામગ્રી ખૂટતી જાય છે. રેતના ટેકરા પરથી ઊતરતાં ઊંટ બેસી જાય છે. જ્યાં પહોંચવાનું છે તે સ્થળ કેટલા દિવસે આવશે તેની ખબર પડતી નથી. પાણી ખૂટી ગયું છે. સાથીઓને અને સામગ્રીને છોડીને મુસાફર આગળ વધે છે. સૂર્યના તાપથી બચવા રેતમાં ખાડો કરીને ધડ સુધી શરીરને રેત નીચે રાખે છે. એની નજીક અને એની દૂર એક માત્ર સૂનકારનો જ આભાસ છે. મુસાફરનું શરીર સુકાઈ ગયું છે. ને થાકી ગયું છે એનું શરીર. છતાં એ ઘસડાતો રહે છે. હવે મુસાફર સ્વેન હેડિન નથી, અનિકેત છે. રેતના બસો બસો ફૂટ ઊંચા ઢગ વચ્ચે છ ફૂટની આકૃતિને અટવાતી જોઈને અમૃતા પુસ્તક વાંચવાનું બંધ કરે છે.

હમણાં હમણાં એવી આદત પડી ગઈ છે કે કામનું આયોજન કર્યા વિના એ નીકળી પડે છે. કોઈ કોઈ વાર આજુબાજુ જોયા વિના જ એ જીપને ઝડપથી હંકારી મૂકે છે. જોવાનું ભૂલી જાય છે. ખાડાટેકરાવાળા રસ્તે એને ઊછળતી, નમી જતી જીપને જોવાનું ગમે છે. પાછળની સીટના ઊછળવાથી થતો અવાજ એને સદી ગયો છે. રેતમાં જીપનાં વ્હીલ ખોડંગાઈ જાય છે ત્યારે એ સ્ટિયરિંગ વ્હીલ પર માથું મૂકીને આરામ કરે છે. પથરાળ માર્ગે જીપને વાંકીચૂકી ગતિ આપવાની રમત એણે શરૂ કરી છે. કોઈકવાર સવારે આરામ કરે છે, બપોરે કામ કરે છે.

એક ડોસાને એણે લિફ્ટ આપી હતી. એમણે પૂછેલું —

‘અહીં શું શોધો છો ?’

‘જે નથી તે.’

અમૃતાએ ના ન પાડી. બે શોધછાત્રાઓ સાથે એ ઉદયપુર, એકલિંગજી, નાથદ્વારા થઈને ચિતોડગઢ પહોંચી. કેસરિયા રંગની માટી પર સંધ્યાને ઢાંકીને સૂર્ય જવા લાગ્યો. તે પછી એમણે નીચે ઊતરવાનો વિચાર કર્યો.

'તમારા જૂહુના દરિયાથી આપણે અઢારસો પચાસ ફૂટની ઊંચાઈએ ઊભાં છીએ, દીદી.'

'હું.'

'દીદી, એણે કહ્યું એથી પણ વધુ ઊંચાઈએ આપણે હમણાં હતાં. વિજય- સ્તંભના નવમા માળે ચડીને તમે દૂર દૂરનું કશુંક જોવા મથતાં હતાં ત્યારે સમુદ્રની સપાટીથી ૧૮૫૦+૧૨૨ ફૂટની ઊંચાઈએ આપણે હતાં. મને આશ્ચર્ય થાય છે દીદી કે બધા સમુદ્રની ઊંચાઈ સરખી અને પર્વતોની ઊંચાઈ જુદી જુદી.'

દીદીએ ઉત્તર આપ્યો નહીં. તેથી બીજી છાત્રા બોલી —

'પર્વતો ઊંચા છે તેથી જ તો નદીઓ એમના તરફથી સમુદ્ર ભણી દોડે છે. અને સમુદ્રની લવણતામાં શોષાતી રહે છે. દીદી, આ વિજયસ્તંભ વિશે શું માનવું છે? ટોડ આ વિજયસ્તંભને કુતુબમિનાર કરતાં રચના અને કલામાં ચડિયાતો માને છે. ફર્ગ્યુસન રોમના 'ટાવર ઑફ ટ્રેજન' કરતાં આને સ્થાપત્યની ઊંચી અભિરુચિનું પ્રતીક માને છે.'

'હું'

'કેમ કંઈ બોલ્યાં નહીં?'

'હું રોમ સુધી ગઈ નથી. ફક્ત ફોટાઓ પરથી શો ખ્યાલ આવે? ફોટોગ્રાફી પણ એક કલા હોવાથી એમાં મૂળ વસ્તુ વધતા-ઓછા અંશે પણ નવવિધાન પામે જ. ચાલો, હવે આપણે નીચે ઊતરી જઈએ.'

'ઊતરતાં તો વાર નહીં થાય. માઈલેક જેટલો રસ્તો છે. ચાલો, હરીફાઈ કરીએ. કોણ વહેલું ઊતરે છે?'

‘તમારે વહેલું ઊતરવું હોય તો અહીં ગોમુખી કુંડ પાસે સીધું ઉતરાણ છે. હિંમત હોય તો ચાલો.’

‘ચાલો દોડો.’

‘સાચવજો, નહીં તો સહેજ લપસ્યાં તો શોધ્યાં નહીં જડો.’

અનિકેત જેસલમેરથી દક્ષિણ-પશ્ચિમમાં સાઠ માઈલ દૂર જઈને મયાજલાર ગામની સીમમાં રોકાયો છે. અહીંના માણસો એને ગમ્યા છે. આમેય માણસો અહીં ભાગ્યે જ દેખાય છે. માઈલોના માઈલો સુધી કોઈ ચહેરો ન દેખાય. અને પછી જોવા મળે તો હોય જવાંમર્દ. પહાડ જેવા ઊંચા માણસો. મૈત્રી અને દુશ્મનાવટ અપવાદ રાખ્યા વિના નિભાવે. સ્ત્રીઓની રક્ષા કરે, સ્ત્રીઓ સુંદર. બાળકો વધુ સુંદર.

અનિકેતની જીપની ત્રણ બાજુ રેતની ટેકરીઓ છે. એક ટેકરી પર બાવળની કાંટ્યા છે. વચ્ચેની સમતલ ભૂમિ પર એક ખીજડો છે. ભોમિયો મયાજલાર ગામમાં ગયો છે.

અમૃતાનો પગ ખસી જાય છે. એ પથ્થરને બાથ ભીડી લે છે. બેસીને એ ઊતરતી જાય છે. ઊભી થાય છે. એના પગમાં ફરીથી બેદરકારી દેખાય છે. ઝડપથી ઊતરવા લાગે છે. ઊભી રહે છે. છાત્રાઓ પહોંચે ત્યાં સુધી એ ઊભી રહેશે. ઢોળાવની ડાબી બાજુ એક વૃક્ષનાં પાંદડાં ફરકે છે —

મીરાંબાઈ અને પદ્મિનીના મહેલ વચ્ચે અવકાશ ફરકી ઊઠે છે. એક કૃશકાય વૃદ્ધાના હાથમાં ખખડી ગયેલો તંબૂરો છે. બાજુમાં મંજીરા પડ્યા છે. ભજનની નાની નાની પુસ્તિકાઓ પડી છે. દીવો બળે છે. દીવેટ કાળી પડી ગઈ છે. મંદિરનાં પગથિયાં —

તળાવ વચ્ચે પદ્મિનીનો મહેલ. બાજુમાંના રાજપ્રસાદના ગુંબજની ચારે દિશાઓમાં ગોઠવેલા મોટા આયના. એક આયનામાં પદ્મિનીના મહેલનો ખાલી ઝરૂખો.

મીરાંબાઈના મંદિર અને પદ્મિનીના મહેલ વચ્ચેનો અવકાશ હવે ફરકતો નથી. વચ્ચે એક જૂનું જર્જર કાલિમંદિર છે. તામ્રવર્ણી માટી પર ઊતરતો અંધકાર — મહાકાલનો કૃપાપ્રસાદ...

‘ચાલો.’

નોંધવા જેવું આજે કંઈ જણાયું નહીં. ડાયરીના કોરા પાના પર એ રેખાઓ દોરી રહ્યો છે. કોઈ આકૃતિ ઊપસતી નથી. જીપની પાછલી સીટ પર પૂરતો આરામ નહીં મળે.

રેતની ટેકરી પર એ ચડવા લાગ્યો. તારકોના આછા આછા અજવાળામાં રેત પર પવનથી રચાતી ડિઝાઈન દેખાય, છતાં એ જોઈ શકે છે. ટેકરીની ટોચ પર થોડોક ભાગ સમતલ છે. ત્યાં બેઠા પછી એને રેતમાં ખૂંપી ગયેલાં પોતાનાં પગલાં દેખાય છે. એને દૂરનો અંધકાર પણ હવે દેખાય છે. કલાકેક બેસી રહ્યા પછી એ સૂઈ ગયો. બૂટ કાઢીને ઉશીકું કર્યું. ટેરી-વૂલનું કાળું પેન્ટ અને ક્રીમ કલરનું વૂલન શર્ટ પહેર્યું છે. હમણાં ચશ્માં નથી પહેરતો. આંખનો નંબર એકમાંથી અડધો થઈ ગયો છે. ઊંઘના અણસાર વરતાયા. એણે પડખું બદલ્યું. ઊંઘી ગયા પછી ચત્તો થઈ ગયો.

અમૃતા ગેલેરીમાં બેસીને વાંચતી હતી. રૂમમાં આવીને એણે લાઈટ કરી. છાત્રાઓ ઊંઘી ગઈ હતી. બંને પ્રવાસમાં એક જ બેડિંગ રાખે છે. ચીપકીને ઊંઘી ગઈ છે. શાલ ઓઢી છે.

બારણું બંધ કર્યું. સ્ટોપર ધ્યાનથી વાસી. બારીઓને સળિયા છે. એ સૂઈ ગઈ. થાક વરતાયો. ઠંડી છે. બારીઓ બંધ કરું ? એ ઊભી ન થઈ.

એ ઊંઘમાં લાંબા શ્વાસ લે છે. પૃથુલ વક્ષ શ્વાસથી ભરાતાં શર્ટનાં બટન તંગ થાય છે... આ શ્વાસને સૂંઘતો સૂંઘતો એક સર્પ આવી રહ્યો છે. કદીય ઉતાવળ કર્યાનો અનુભવ ન હોય તેવી અતિ મંદ ગતિથી એ આવી રહ્યો છે. એ કરડતો નથી.

અનિકેતના પેન્ટના રંગ કરતાં એની ત્વચા ઝાંખી છે, પણ સુંવાળપને કારણે એ ચમકે છે. કાપડ પર એ ધીમેથી સરકે છે. કશો અવાજ થતો નથી.

અનિકેતની છાતી પર પહોંચ્યા પછી એ મોં ઊંચું કરે છે. જોઈ રહે છે. કહે છે સાપને આંખ નથી હોતી.

અનિકેત શ્વાસ લે છે અને સાપનો ઉચ્છ્વાસ એમાં ભળે છે. અનિકેતના ઉચ્છ્વાસમાં એને રસ નથી. અનિકેત ફરી શ્વાસ લે છે. સાપનો ઉચ્છ્વાસ એમાં ભળે છે. આ ક્રમ જળવાઈ રહે છે. ચોતરફનો અંધકાર વધુ ઘેરાય છે. અનિકેતનાં ફેફસાંમાં નશો છવાતો જાય છે. સાપ ઉતાવળથી ટેવાયેલો નથી. એ નિશ્ચિંત છે.

બેટરીની લાઈટ... સાપને બેસી રહેવાનું ફાવ્યું નહીં.

લિસોટો જોઈને ભોમિયો એ તરફ ધસ્યો. સાપ ધીરે ધીરે જતો હતો. ભોમિયો પહોંચે તે પહેલાં એને દર મળી આવ્યું.

એણે અનિકેતનો હાથ પકડીને નાડીનો ધબકાર માપ્યો. રાહત અનુભવી. અનિકેતને જગાડયો. સાથે લાવ્યો હતો તે દૂધ આપ્યું. બેડિંગ લઈ આવ્યો. એના પર ગરમ કાંબળો પાથર્યો. નીચે ચારે ખૂણે ડુંગળી મૂકી. અનિકેત સૂઈ ગયો.

ભોમિયો કલાકેક બેસી રહ્યો. પછી એણે અનિકેતના કપાળ પર હાથ મૂક્યો. એ બેફિકર બનીને ઊભો થયો. લોકગીતની એક પંક્તિ એના હોઠ પર ફરકી ઊઠી.એ જીપમાં જઈને ટૂંટિયું વાળીને સૂઈ ગયો. આગળની સીટ પર તાલ દઈને એ ગાવા લાગ્યો.

અમૃતા જાગે છે. ચાર શતક પૂર્વેનો સમય એની સંવિતમાં વર્તમાનકાળ બને છે — ‘અંસુવન જલ સીંચ સીંચ પ્રેમ બેલ બોઈ.’

એ પડખું બદલે છે —

એ પડખું બદલે છે —

એક નાનુંસરખું સરોવર. એની ફરતે પથ્થરથી બાંધેલો રસ્તો. રસ્તાની સરોવરવાળી કિનાર પર નાળિયેરી અને ખજૂરીનાં વૃક્ષો. એમની વચ્ચેની શાંતિમાં અવાચક નીહાર. પૂર્વ બાજુએ પાંચ લીંબડી.એ પાંચેયની સરખી છાયા. છાયામાં મંજરીની ઝર ઝર મહેક. એ મહેકની બંને બાજુ ઉટજ, જેમનાં નામ ઉત્તરાયણ અને દક્ષિણાયન.

સૂર્યના ઉદય-અસ્તનાં બદલાતાં સ્થાનને અનુરૂપ રહેવા એ વારાફરતી બંને ઉટજમાં રહે છે. ગ્રહપતિની ગતિને સાથ આપવાનો એને શોખ છે. દક્ષિણ કુટિર સામે અશ્વત્થ. ઉત્તર કુટીર સામે વટવૃક્ષ, જેની વડવાઈઓ ધરતીને અડી નથી પણ એક શાખા પર દર્ભરજ્જુથી બાંધેલા ઝૂલા પર એ બેસે છે ત્યારે એના પગ ધરતીને અડકે છે.

એ ઝૂલા પર બેસે છે ત્યારે પશ્ચિમ તીરના ફુલ્લ કુસુમિત ઉપવનમાંથી કેવડાની સુગંધ પવનની પાંખ પલાણીને સરોવરને ઓળંગતી એના નેત્રરાગને સ્પર્શી રહે છે.

સરોવરની દક્ષિણે એક ડુંગર છે, જેની ઊંચાઈને એની દૃષ્ટિ અનાયાસ આંબી શકે છે. ઉત્તર બાજુ શિલ્પમંડિત અતિથિગૃહ છે. એના પટાંગણમાં યજ્ઞવેદી છે. વેદીના પથ્થર ઉપર શ્લોકનું એક ચરણ કોતરેલું છે — વિદ્યયા અમૃતમ્ અશ્નુતે.

પ્રાતઃકાલીન નીહાર અને સંધ્યાકાલીન સુવર્ણરેણુ એને રમ્ય લાગે છે. પ્રદોષકાળ પહેલાં એ પ્રતિદિન તાડપત્ર પર લખાયેલ ઉપનિષદ્ હાથમાં લઈને ઊભો હોય છે. એક શ્લોક વાંચે છે અને પછી પોતાના વિશ્વને નીરખતો શ્લોકનો અર્થવિસ્તાર કરે છે. એક શ્લોક વાંચ્યા પછી એ ઊભો છે. સામે વાયવ્ય તરફ ધૂળની ડમરીઓ ઊડી રહી છે. નજીક ને નજીક આવી રહી છે. એ ધ્યાનને કેન્દ્રિત કરે છે. એક કાળો અશ્વ આવતો દેખાય છે. એના મસ્તક ઉપર ધ્વજા ફરકે છે, ગળે બાંધેલી ઘંટડી રણકે છે. અશ્વની પાછળ પાછળ આવે છે એક ઊંટ. એની આકૃતિ પ્રચંડ છે. એનાં અંગો પર તમામ શણગાર છે. ઉપર બેઠેલો પુરુષ સરોવર જોઈને ઊભો થાય છે અને ભવાં ખેંચે છે. કેડ પર હાથ મૂકીને ભ્રમર નીચી કરે છે. એનું ખેંચાયેલું બખ્તર સશબ્દ ચમકે છે.

એણે રાજાશાહી ફેંટો બાંધ્યો છે. એ ફેંટાના છોગલાને સ્થાને સાપની ફણા શોભે છે, એમાં લીલા રંગનો હીરો તગે છે. એના કાનમાં વીંછીના કાંટાના આકારનાં કુંડળ ઝળહળે છે. એની આંખોના નેપથ્યે રોકવામાં આવેલો ઝંઝાવાત પેલા પ્રચંડ ઊંટની હલકમાં પ્રગટ થઈ જાય છે,

આગંતુકને જોઈને એણે ઉપનિષદ્ પોતાના વેત્રાસન પર મૂક્યું. અને એ સામે ગયો. અશ્વ ઊભો ન રહેતાં એની કેશવાળી પકડીને એણે રોક્યો, અને મસ્તક પરથી ધ્વજા ઉપાડી લીધી. અશ્વ આગળના બે પગે કૂદ્યો અને હણહણતો ડરાવવા ગયો. એણે ખરી પાસેથી અશ્વનો પગ પકડી લીધો અને એક આંચકે વળ દઇને ઉછાળ્યો. અશ્વ ઊંધો વળતો ઊંટના પગ પાસે જઈ પડ્યો.

ઊંટ પર ઊભા થયેલા પુરુષના હોઠ ખૂલ્યા અને એમાંથી ઘનઘોર અવાજ પ્રગટયો —

'એ...' પર્વતો વચ્ચે પડઘાઈને મેઘ કોઈ મોટી શિલા તોડી નાંખે. અવાજ થાય. પછી એ શિલા રળતી — રવડતી નીચે સ્થિર થાય અને શાંતિ જન્મે. શાંતિના અનુભવ પછી એ બોલ્યો —

'કોણ છે તું ? આ તપોભૂમિમાં પશુ પર બેસીને પ્રવેશવાનો નિષેધ છે.'

'હું ભસ્માસુર છું.'

'એનો તો કયારનોય નાશ થઈ ગયો. આવું છળ ન આચર.'

'હે અબોધ યુવક ! તું તપોવનકાળમાં જીવે છે તેથી તું મને નથી ઓળખતો. હું ભસ્માસુર છું. યંત્રોના અવાજો આકાશમાં એકત્રિત થયા અને એમાંથી મારો જન્મ થયો. ભગવાન કાલપુરુષની મારા માથે છત્રછાયા છે.'

'હું તપોવનકાળમાં જીવું છું તેમ કહીને ઉપહાસ કરનારનું સાહસ હાસ્યાસ્પદ છે. હે આગંતુક, હું સમગ્ર સમયમાં જીવું છું. હું શાશ્વતીનો દૂત છું. અહીં જે કંઈ છે તે સકલ ઈશ્વરમય છે. અહીં આશ્રય જોઈતો હોય તો નીચે ઊતરવું પડશે. આ ધરિત્રીનો પ્રત્યેક કણ મધુમય છે. હું અહીં ઊછર્યો છું તેથી કોઈની અવમાનના

કરતો નથી. અતિથિરૂપે આવવું હોય તો સ્વાગત કરવા ઉદ્યત છું. આક્રમણકારીને પરાભવ આપવાની શક્તિ મારા બાહુઓમાં સંચિત છે.'

પાછળ હતો તે રથ છેક નજીક આવી ગયો. રથ પર કોઈ સારથિ ન હતો. ચાર સ્વેત અશ્વો સ્વયંનિયંત્રિત લાગતા હતા. રથ ફરતે મખમલી આવરણોથી ઢંકાયેલો હતો. આગળનો પડદો હાલી ઊઠ્યો અને એને ખેસવતો એક હાથ બહાર આવ્યો.

'અમૃતા ? !'

એ હાથ અમૃતાનો હોય એવું એને લાગ્યું. એ આગળ વધ્યો.

ચહેરો પ્રગટ થયો.

એ ક્ષુબ્ધ થઈ ઊઠ્યો. પડદો ફરી છવાઈ ગયો. મેઘાચ્છાદિત શાંત ગગનમાં એકાએક વીજક્ષેપ થાય અને પછી આકાશ અનુભવે એવી ગંભીરતા ચહેરા પર ઉપાડતો એ પેલા પુરુષ કને ગયો.

'આપ ભસ્માસુર ન હોઈ શકો. કોણ છે આપની સાથે આ... આ રહસ્યમયી રૂપસી કોણ છે ? યંત્રોના પ્રતિનિધિક સ્વરૂપ સાથે આવી સજીવ ઉપસ્થિતિ ?'

'એ મારી જ ઉપલબ્ધિ છે. એ મારી શિષ્યા છે. મારી સાધનાનો આનંદાંશ એણે ગ્રહણ કર્યો છે. એણે જ મને આ તરફ વાળ્યો. હું એનું વચન ઉથાપતો નથી. કેમ કે એ મારી એકમાત્ર શિષ્યા છે.'

'ભસ્માસુરની શિષ્યા આ ? અખિલ સૌંદર્યનો સાર ?'

'હે મુગ્ધ યુવક, એ માત્ર સુંદર નથી, વિદુષી પણ છે.'

રથ આગળ વધ્યો. એની નજીક આવતાં ચોતરફ આવૃત મખમલ અદશ્ય થઈ ગયું.

એ ચહેરામાં સૃષ્ટિના તમામ ચહેરાઓનું સૌંદર્ય હતું. પણ સૃષ્ટિના ચહેરાઓમાં તો કશુંક માનવીય તેથી પરિચિત તત્ત્વ હતું. આ ચહેરો સૃષ્ટિના ચહેરાઓમાંનો કોઈ એક ન હતો. બધાથી કંઈક વિશેષ હતો. એનું સ્મિત અધર, કપોલ અને નયનમાં એક સાથે પ્રગટતું હતું. એ સ્મિતને અનુભવતાં પણ એને ન ફાવ્યું. કદાચ એ

અનુભવ પ્રાપ્ત કરી શકવા માટેની સજ્જતા એની ઓછી હતી. એ ચહેરાને ચહેરો કહેવા કરતાં અનંત સૌંદર્યનું કલ્પન કહેવામાં સત્યની વધુ નજીક રહેવાશે એવું એને લાગ્યું.

'અતિથિ માટે આપના પ્રાંગણમાં સ્થાન નથી કે રાજર્ષિ ?'

'હું રાજર્ષિ નથી. સાધક છું. આપ અતિથિ હશો તેની મને ખબર ન હતી. મેં માન્યું કે આ તો આક્રમણ થઈ રહ્યું છે !'

'ઓહો ! એટલે તમે વિક્ષુબ્ધ થઈ ગયા હતા ? ડરી ગયા કે શું ?'

'ડરને હું જાણતો નથી. વિક્ષુબ્ધ થઈ ગયો હતો એમ પણ આપ કહો છો. મેં આપને જોયાં ન હતાં. અને જોયાં ત્યારે આશ્ચર્ય થયું જે એટલું બધું તીવ્ર અને સબળ હતું કે...'

'આશ્ચર્ય શેનું ? માનવીને જોઈને આશ્ચર્ય ! તમે એકાન્તવાસી લાગો છો.'

'પ્રત્યેક સાધકે પોતાનું એકાન્ત સુરક્ષિત રાખવું પડે. આપ માનુષી હશો તેમ માની લઉં છું કેમ કે સકલ માનવલોકને મેં જોયો નથી. આજથી એક મનુષ્ય તરીકે હું ગૌરવ લઈશ કે મેં એક એવા ચહેરાનું દર્શન કર્યું છે જે માનવરૂપે જ મને દેખાયો હતો.'

'બસ કરો સાધક, મારે તમારી સ્તુતિ નથી જોઈતી, આતિથ્ય જોઈએ છે. તમારી પાસે કોઈ વિદેશિની માટે સ્થાન હોય તો ઉપકૃત કરો.'

'ઉપકૃત તો હું થઈશ. પધારો. મારા કલ્પિત સદ્ભાગ્યને આજે સાક્ષાત્ થતું જોઈશ. પધારો.'

એ આગળ થયો. એમને અતિથિગૃહ સુધી પહોંચાડ્યાં. પુરુષ અંદર ચાલ્યો ગયો. અને એણે શંકરની સ્તુતિ આરંભી.'

'તમારું નામ ?'

'અનિકેત.'

'અનિકેત ? એક જ સ્થળે રહેનાર ! સુંદર નામ છે તમારું. અનિકેત ! !'

'તમારું નામ જાણવાનો લોભ રોકી શકતો નથી.'

'મારે નામ નથી. એ મને "કન્યા" કહે છે. પણ તમે મને નામથી સંબોધવા માગતા હો તો આપો એક નામ. તમારી આ સૃષ્ટિ જોઈને તમારી અભિરુચિ વિશે ઊંચો અભિપ્રાય બંધાયો છે. તમે આપશો તે નામ હું સ્વીકારીશ.'

'અમૃતા. નારીમાત્રને એ એક જ નામ હોઈ શકે.'

'ભલે.'

'તો હું જાઉં ?અનુજ્ઞા મળે તો.'

'જેવી તમારી ઇચ્છા. પણ આમ ઉતાવળ કરવાને કારણ ન હતું.'

'એ તમારી પ્રતીક્ષા કરતા હશે.'

'ના, એ કોઈની પ્રતીક્ષા કરતા નથી... મને પ્રશ્ન થાય છે કે આ મરુભૂમિ વચ્ચે તમે આટલું બધું જલ કેમ કરીને એકઠું કર્યું ? આ સરોવર તો સંસ્કૃતિ સમું નિર્મલ છે.'

'મારી સાધના ચાલે છે અને એનું જલ વધતું જ જાય છે.'

'એમાં સ્નાન કરવાની મનાઈ હશે.'

'ના.'

'તો, રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થાય અને ચાંદનીની નિરંધ્ર વર્ષાથી ધરાતલ આનંદિત થઈ ઊઠે ત્યારે હું સરોવર વચ્ચે હોઉં તો કેવું સારું !'

'આ સરોવર કૃતાર્થ થશે.'

'તો મારી રક્ષા કરવા તમે કિનારે બેસી રહેજો. મારી પાછળ પાછળ એક ઘોડેસવાર આવતો હોય છે. એ મને એકલી જુએ તો ઉપાડી જાય. જોકે હું માનું છું કે એ રસ્તો ભૂલી ગયો છે, મને શોધી નહીં શકે.'

‘હું જરૂર આવીશ. અહીં સંપૂર્ણ શાંતિ હોય છે તેથી મારી કુટીરમાં બેઠો બેઠો પણ હું તમારો પદરવ સાંભળી શકીશ. જુઓ પેલી હંસના આકારની નૌકા છે ને ? તેનાં લંગર છોડીને હું એમાં બેસીશ. તમે સરોવરના જલને બહુ ઝોલે ન ચડાવતાં, નહીં તો મારી નૌકા ડોલી ઊઠશે.’

‘તમે તો અતિ સાવધ પુરુષ લાગો છો. તમારું અંગસૌષ્ઠવ જોતાં તો તમે નિર્ભીક લાગો છો. પછી આવી સાવધતા શા માટે ? અચ્છા, હું જાઉં.’

‘ભોજન માટે ફળફળાદિ મોકલું છું.’

‘ભલે. અમારા સેવકોને ફળ ગમે છે.’

અનિકેત જમતો હતો ત્યારે એને લાગ્યું કે આ અવિવેક થઈ રહ્યો છે. યજમાન તરીકે પોતે પોતાનો ધર્મ બજાવતો નથી. અતિથિ સાથે જ જમવું જોઈએ.પણ કન્યા ? એ અમૃતા તો નથી ને ?

બીજો પ્રહર આરંભાઈ ચૂકયો. પદરવ સંભળાતાં એનું વાતાવરણ સૌરભભર્યું બની ગયું.એ પ્રતીક્ષા કરી રહ્યો હતો. ગયો. સરોવરમાં દેખાતી કિનારા પરનાં વૃક્ષોની પ્રતિચ્છાયાઓને પણ સ્પર્શવા માગતી હોય તેમ ચાંદની ઊંડે ઊતરી રહી હતી. ચીનાંશુક ધારણ કરીને એ સામે કાંઠે ઊભી હતી. એનાં વસ્ત્રોનો રંગ ચાંદનીમાં ભળી રહ્યો હતો.તેથી એનાં અંગો પર સોનચંપાની આભાદ્યુતિ ઝલકતી હતી. એ પંખિનીની વિધિથી સરોવરમાં ઊતરી. સરોવરના જલમાં પ્રવેશેલી ચાંદની એકાએક બહાર આવી અને સપાટી પર લહેરાઈ ઊઠી. અનિકેતની ચારે ગમનું સ્થિર મૌન ડોલી ઊઠ્યું.

જલતરંગ... કન્યાની ક્રીડાથી લયાન્વિત જલનું સ્થિર નૌકા સુધી પહોંચવું... શાંતિ... એના પ્રકંપિત શ્વાસનું જલની શીતળતામાં નિરુપદ્રવી ભાવે ભળી જવું... કન્યાના તરવામાં હાથ-પગની તાલબદ્ધ હલકનું દેખાવું... અનિકેતની આંખોમાં જલનૃત્યમાં વિશિષ્ટ હાવભાવનું સમાવું... અગ્નિ ખૂણામાં જઈને કમલદંડ તોડીને હાથમાં

ગ્રહીને અનિકેત ભણી એનું આવવું... કન્યાના દૃષ્ટિસ્પર્શનું એકાએક ઓળખાઈ જવું... એનું બોલી ઊઠવું — આમિ ચિનિ ગો ચિનિ તોમારે ઓગો વિદેશિની !

અનિકેતના કંઠથી સરોવર અને સમગ્ર રણદ્વીપ આંદોલિત થઈ ઊઠયાં. બીજો પ્રહર પૂરો થાય ત્યાં સુધી સરોવર ઊર્મિલ બની રહ્યું. એક દ્વિધા અનિકેતના મનમાંથી ભૂંસાતી ન હતી. આ અમૃતા તો ન હોય ? આ અંગો... એક જ ચીનાંશુકથી ઢંકાયેલાં અંગો... એ અંગો જોઈને જાગતો અનુરાગ... એનાં લોચનનો પ્રતિભાવ... આ અમૃતા ન હોય તો બીજું કોણ ? એ છદ્મવેશે મારી કસોટી કરવા આવી હોય તો નવાઈ નહીં.

'અમૃતા !'

'કહો.'

'તમે અમૃતા જ છો ને ?'

'હા જ તો, તમે જ નામ આપ્યું છે ને !'

'મેં આપેલું નામ બાદ કરીને જવાબ આપો. તમે અમૃતા જ છો ને ?'

'હું તો હું છું. એ મને કન્યા કહે છે. પેલો મારી પાછળ પડેલો ઘોડેસવાર મને શું કહેતો હશે તેની ખબર નથી. તમે અમૃતા કહો છે. તમે મને જે રીતે ઓળખવા માગતા હો તે રીતે ઓળખો.'

'હે નારી ! તું મને ક્ષિતિજ જેવી રહસ્યમય અને અપ્રાપ્ય લાગે છે. હું જેમ જેમ તારી નિકટ આવતો જઈશ તેમ તેમ તું વધુ ને વધુ વિદેશિની બનતી જશે એ જાણું છું.'

'તો હું નિકટ આવું.'

એણે હાથ લંબાવીને એને ઊંચકી લીધી. નૌકાને આપોઆપ ગતિ મળી ગઈ, જાણે એ હંસરૂપા બની ગઈ ન હોય ! અનિકેતના બાહુમાં પોતાને અવશભાવે સોંપી દેતી એ નતનયન ઊભી હતી. આ સ્પર્શ તો પરિચિત છે. તો શું પોતે છેતરાયો ? આ અમૃતા જ છે ? નૌકાની ગતિને કેમ કરીને રોકવી ? અને આ એણે પહેરેલું વસ્ત્ર પણ

ભીંજાઈને હવે તો એનાં અંગોને આવૃત કરવાને સ્થાને વધુ સંમોહક રીતે છતાં કરે છે. કામનાઓને વધુ ઉદ્દીપ્ત કરે છે. અનાયાસ પ્રાપ્ત થયેલો આશ્લેષ અસહ્ય બનતાં એના શરીરના કોષેકોષ ગતિ પ્રાપ્ત કરવા ઇચ્છતા હતા.

'એક સેવાકાર્ય કરશો ?'

'આજ્ઞા કરો.'

'મારાં વસ્ત્ર વટવૃક્ષ નીચેના તમારા ઝૂલા પર લટકે છે. જરા બહાર જઈને લઈ આવશો ? આવાં ભીનાં અને તમારા સ્પર્શથી ખસી ગયેલાં વસ્ત્રોમાં હું બહાર નીકળું તો જોઈને અહીંની નિસર્ગશ્રીને અરુચિ થશે.'

એ નૌકા કૂદીને પાણીમાં પડ્યો. તરીને કાંઠે ગયો. વસ્ત્ર લઈ આવીને ઊભો રહ્યો. કન્યા પગથિયાં ચડતી બહાર આવી. અનિકેતે જોયું કે નૌકા પોતાને સ્થાને જઈને સ્થિર થઈ ગઈ છે. કન્યાના અગાંગનું લાવણ્ય... એનાં ચરણોનો ગતિલય... શ્રોણીભારાત્ અલસગમના...

ક્ષણમાત્રમાં નવાં વસ્ત્ર ધારણ કરીને એ સામે આવી. એણે વિદાય લીધી. એ કંઈક પૂછવા જતો હતો પણ અવાચક રહી ગયો. ઉટજમાં જઈને મનને મથતો રહ્યો. સંધ્યાકાળે હાથમાં લઈને ઊભો હતો તે ઉપનિષદની સહાયથી પણ એ પોતાના વીખરાયેલા ચિત્તભાવોને કેન્દ્રિત કરી ન શક્યો. ત્રીજો પ્રહર પૂરો થાય ત્યાં સુધી અનિદ્રાથી પીડાતો એ શય્યા પર પડખાં બદલતો રહ્યો. આખરે ઊભો થયો અને અતિથિગૃહ તરફ વળ્યો.

'ગાડીનો સમય થઈ ગયો દીદી !'

એ સસંકોચ આગળ વધી રહ્યો હતો. પહોંચીને જોયું તો અતિથિગૃહ ખાલી. ખાલી. યજ્ઞવેદી પરથી ઢળી પડેલા પથ્થર પર પગ ટેકવીને એ ઊભો રહ્યો બધું જ ખાલી ખાલી. ઉપવનમાં ગયો. કશો સંચાર ન હતો. બહાર નીકળીને દક્ષિણ તરફ વળ્યો. એણે ધ્યાનથી જોયું — પગલાં કઈ તરફ લઈ જાય છે ? હા, આ અશ્વનાં પગલાં, આ ઊંટનાં. આ રથચક્રના ચીલા... એ ચાલ્યો. ઝડપથી ચાલ્યો... દોડ્યો. દૂર-સુદૂર

નજર પહોંચતી હતી. કશું દેખાતું ન હતું. રસ્તો સારો ન હતો. રેતની ઊંચી ઊંચી ટેકરીઓ ઓળંગીને આગળ વધવાનું હતું. ઊભા ઊભા ચાલી શકાતું ન હતું. બેસી બેસીને શરીરના વજનના આશ્રયે ઘસડાવું પડતું હતું. પગમાં બરછટ પથ્થરોની ધાર વાગવાથી ચાલતાં ન ફાવે તેવી ઈજાઓ થતી હતી. પણ એ તો ઊભો થઈને, બેસીને, નમીને, ઊભો થઈને આગળ ચાલ્યે જ જતો હતો. ન હતાં પંખી, ન હતાં વૃક્ષ, ન હતી પાણીની કોઈ નિશાની, ન હતો દિવસઃ હતી કેવળ રાત. પાછલા પ્રહરની રાત. જે સૂર્ય ઊગવાનો ભ્રમ પણ જગાવતી ન હતી. એ ચાલ્યો જતો હતો.

ચીમળાઈને સુકાઈ ગયેલું એક ઝાડવું જોઈને આશા બંધાઈ. એના પગ નીચે કંઈક ખખડ્યાં. એણે નમીને જોયું — ચાંદીના સિક્કાઓની ઢગલી. જોયું ન જોયું કરીને એ આગળ વધ્યો. તૂટેલી દીવાલ પર ચીતરાયેલી આકૃતિઓએ એનું ધ્યાન ખેંચ્યું. છેલ્લા પ્રહરના ઉજાસમાં એ બધુંય બરોબર જોઈ શકતો હતો. એક ખાડા તરફ એ વળ્યો. અંદર ઊતર્યો. લાકડા જેવું કંઈક પગને વાગ્યું. હાથમાં પકડીને એને એક તરફ ફેંકવા ગયો. એક આખું હાડપિંજર ઊંચું થયું. એની પાંપણ કંપી ઊઠી. છતાં ધ્યાનથી જોઈ લીધું. નાની મોટી ખોપરીઓ સાજી અને તૂટેલી અવસ્થામાં પડી હતી. એ આગળ વધ્યો. ઘણી બધી વસ્તુઓ એને રોકવા મથતી હતી. 'અમને પણ ઓળખતો જા, પ્રવાસી! અમે પણ છીએ.' રણ વચ્ચેના આ મૃત નગરની ક્ષણિક મુલાકાતને ભૂલવા મથતો એ આગળ વધ્યે જતો હતો.

હવે તો કોઈનાં પદચિહ્ન ન હતાં. જેના પર ચાલી રહ્યો છે તે માત્ર ધરાતલ હતું, માર્ગ ન હતો. એના ચાલવાથી નવી કેડી રચાય તેમ પણ ન હતું. રણવાસી પવન રેત પરની તમામ નિશાનીઓ ભૂંસી નાંખીને મનફાવતી રેખાઓ રચે છે. એ જાણતો હતો છતાં ચાલતો જ રહ્યો. જેમ દિશા ભૂલી ગયો હતો તેમ શા માટે ચાલી રહ્યો છે તે પણ ભૂલી ગયો છે. જેને શોધવા નીકળ્યો છે તેને ભૂલીને પણ એ ચાલી રહ્યો છે. એની નિરપેક્ષ ગતિ અટકે તેમ નથી. હમણાં દોડવા લાગશે, હમણાં દોડવા લાગશે એવું સૂચવતા એના પગ ઉપર શરીર લઈને એ ચાલી રહ્યો છે.

ભોમિયાએ જોયું કે બાબુજી પોતાની આદતથી વિરુદ્ધ સૂઈ રહ્યા છે. એને પોતાને જોઈને નાસી ગયેલો સાપ યાદ આવ્યો. એણે અનિકેતને જગાડયો. જાગ્યા પછી પૂર્ણપણે જાગતાં વાર લાગી.

□

'આજે તો હું જવાનો હતો. જોધપુરમાં તારા સરનામા પ્રમાણે તને શોધવા મથ્યો. મકાન જડ્યાં. એક ચામાચિડિયાએ કહ્યું કે તું નથી. પોસ્ટમાં જાણ્યું કે તું જેસલમેર ગયો છે. ત્યાં ડાકબંગલામાં રોકાયો હશે. અહીં આવ્યો તો કોઈ તારા વિશે કશું ન જાણે. ત્રણ દિવસ થઈ ગયા. આજે જવાની તૈયારી કરી રહ્યો હતો ત્યાં જીપનો અવાજ સાંભળ્યો.'

'સારું થયું કે તું રોકાયો, આપણને મળ્યે ઘણો સમય થઈ ગયો કહેવાય.'

ડૉકટરને મળીને બંને આવી રહ્યા હતા. અનિકેતને ભોમિયાની વાત પરથી લાગ્યું કે સાવચેતીનાં પગલાં લેવાં સારાં. જોકે એણે કહ્યું હતું કે સાપ આખી રાત છાતી પર બેસી રહે તો જ એના ઝેરની અસર થાય. ચિંતા કરવા જેવું કંઈ ન હતું છતાં એણે અસાવધ રહેવાનું સ્વીકાર્યું નહીં અને જેસલમેરથી નીકળ્યે પણ દિવસો થયા હતા. એ અહીં આવ્યો. બંને થોડીક વાર બેઠા. ડૉકટરને મળવા ગયા. અનિકેતની તબિયત બરોબર હતી. ઉદયનને થયેલી ઉધરસ માટે દવા આપી. પણ એ એનો ઉપયોગ કરશે જ એની અનિકેતને ખાતરી નથી.

'કેવું લાગ્યું જેસલમેર ?'

'જૂનું-પુરાણું.'

'ગમ્યું કે નહીં ?'

'થોડા ફોટા પાડી લીધા. સાલમસિંહની હવેલીની બાંધણી વિશિષ્ટ લાગી. એના ઉપરના બે મજલા તો કહે છે કે ઉતારી લીધા છે. એના પાંચમા મજલાનું સ્થાપત્ય ધ્યાન ખેંચે છે. એકદંડિયા મહેલનો આભાસ કરાવે છે. લોખંડના ઉપયોગ વિના ઉપરનો વિસ્તાર કુશળતાપૂર્વક ટકાવ્યો છે. નગરથી લગભગ વાયવ્ય તરફ એકલી

અટૂલી એ હવેલી ઝૂર્યા કરતી હોય એમ લાગે છે. મેં એની અટારીઓ પર વધુમાં વધું સમય ગાળ્યો અને મારી સહાનુભૂતિ પ્રગટ કરી. મને લાગે છે આપણે પથ્થરો અને માણસોમાં બહુ ભેદ કરવો ન જોઈએ. પદાર્થવિજ્ઞાન તો કહે છે કે પદાર્થનું શક્તિમાં અને શક્તિનું પદાર્થમાં રૂપાંતર કરી શકાય છે. મને લાગે છે કે આપણે પણ સંવેગશૂન્ય થઈને એક વસ્તુ તરીકે જીવવું જોઈએ. અન્યની નજરે તો આપણે સદા ઑબ્જેક્ટ જ હોઈએ છીએ ને ?'

અનિકેતે સ્ટવ બંધ કરીને ચા ગાળવી શરૂ કરી. બે કપ અને એક ગ્લાસ ભરીને ચા ગોઠવી. સામે બેઠો.

'આગળ બોલું ?'

'હા, આપણે બીજા માટે તો ઑબ્જેક્ટ જ હોઈ શકીએ, સબ્જેક્ટ નહીં. શક્તિનું પદાર્થમાં રૂપાંતર થઈ શકે માટે જે સચેતન છે તેને પદાર્થવત્ માની લેવાય નહીં. પણ, તારું વલણ હું સકારણ સમજું છું. આગળ ચાલ.'

'દીવાન નથમલની હવેલીનું શિલ્પ નોંધપાત્ર છે. દક્ષિણ તરફનો પેલો ટેકરો ઉપરથી અડધા કપાઈ ગયેલા મોટા પિરામિડ જેવો લાગે છે. ધૂળમાં એનું વ્યક્તિત્વ ઢંકાઈ ગયું છે. ખંડિયેર બન્યા વિના આ નગર ટકી રહ્યું છે એનું મને તો ભારે આશ્ચર્ય છે.'

'તને આશ્ચર્ય થવા લાગ્યું એ સારી નિશાની છે.'

'આશ્ચર્ય કેમ ન થાય મિત્ર ! કલ્પનાતીત અનુભવો થયા છે. તું જાણે છે મુંબઈમાં "અમૃતા" નામની એક છોકરી છે — યુવતી થવા છતાં એ છોકરી છે. એના ગુમાનનો પાર નથી. એ એક દિવસ મારી જ આંખે જોતી હતી અને આજે મને ત્રીજા નેત્રથી જોવા લાગી છે. સારું છે કે તું એને ઓળખતો નથી.'

'કિલ્લા પરનાં જૈનમંદિર જોયાં ? જ્ઞાનભંડાર ?'

'જૈન અને મંદિર અને ભંડાર અને અજ્ઞાન અને ગંદકી અને અંધકાર બધું જ જોયું. મોકળાશ અને સંકડાશ — બંનેનો અનુભવ કર્યો. કોટના છેક ઉપરના પથ્થર પર ઊભા રહીને નજર ઢાળી અને ચોતરફનો વંધ્ય વિસ્તાર જોયો. સારું છે કે અહીં

વરસાદ પડતો નથી નહીં તો આ બધા પીળા પથ્થર સાવ કાળા પડી ગયા હોત. સિંદૂરિયા રંગી પથ્થરો મલિન થઈ ગયા હોત.'

'લે ચા. ઠંડી થવા આવી.'

ઉદયને ચા લઈને બાજુ પર મૂકી. અનિકેતે બહાર જોયું-

'સમયની કેવી ઝડપી અસર છે ! ક્ષણ પહેલાંની ગરમી કેવી અદશ્ય થઈ જાય છે !'

'અહીં ત્રણ દિવસ બેધ્યાનપણે ગુજારવાથી Boredom ઓછું થયું. લોકોને હસતા મલકાતા એકબીજાના કાનમાં કંઈક કહેતા, તાલી દઈને કૂદતા જોઉં છું ત્યારે મને વિચાર આવે છે કે જો આ બધા માણસ છે તો હું માણસ નથી અને હું માણસ છું તો આ બધા માણસ નથી. એક જ જાતિમાં આટલો બધો તફાવત ન હોઈ શકે. મને લાગે છે કે મારા માથામાં સીસું ભરેલું છે. સમય સીસું બની બનીને એમાં એકઠો થતો રહ્યો છે. ઇચ્છા થાય છે કે આગમાં મૂકીને એને ઓગાળી દઉં... ગઈ કાલે રાજકીય શ્મશાનભૂમિ જોવા ગયેલો. સૂર્યાસ્ત પછી બધું ધીરે ધીરે નિષ્પંદ થઈ ગયું. ચારે તરફ નીરંધ્ર અંધકાર સ્થિર થયો. પછી શ્મશાનમાંથી ઊભો થયો. શ્મશાન મારી સાથે આવતું હોય તેમ લાગ્યું. મને આનંદ થયો.પછી વિચાર આવ્યો કે આ ભૂતપ્રેત મને કેમ કદી દેખાતાં નથી ? એમને ન જોયાનો વસવસો રહી ગયો છે.'

'તને એ પોતાનામાંનો ગણીને... ના ના, તારા ચિત્તને ભયશૂન્ય જાણીને એ દેખા દેતાં નહીં હોય. તને સખત શરદી થઈ છે. આ દવા લઈશ ?'

દવા આપી. ઉદયન સૂઈ ગયો. એના કપાળ પર, ગળા પર છાતી પર બામ ઘસીને અનિકેતે એને ઊંઘવા કહ્યું. પાંચેક મિનિટ આંખો દાબી રાખીને એ બેઠો થયો.

'કેમ ?'

'ઊંઘી લીધું.'

'એટલી વારમાં ?'

'તેં ક્યાં સમયમર્યાદા બાંધી આપી હતી. ? અને મને લાગે છે કે મને કંઈ થયું નથી. અલ્યા, જોધપુરમાં તેં મંડોરના રસ્તે મકાન કેમ રાખ્યું ?'

'એક દિવસ મંડોર જતાં જાણ્યું કે એ મકાન મળી શકે તેમ છે. મંડોર સુધી ફરવા જવું હોય તોપણ દરરોજ જઈ શકાય. બહુ સારું સ્થળ છે એ. ચોતરફ પર્વતભૂમિ અને વચ્ચેના ભાગમાં વૃક્ષો અને બાગ. લોકોનું એ પ્રિય સ્થળ છે.'

'હું પણ ત્યાં ગયેલો. સાંજવેળાએ ગયેલો. ઘોડાગાડીવાળાએ ભલામણ કરી. સામાન્ય માણસોમાં મને વિશ્વાસ, તેથી હું ગયો. એની વાત ખોટી ન હતી. ત્યાંનું સિચ્યુએશન વ્યક્તિત્વવાળું છે. વૃક્ષો પણ ખેંચી રાખે એવાં છે. પણ ભીડ ભારે હતી. રોકાવાનું મન ન થયું. કાચી અવસ્થાનાં લોકો સલામત સ્થળ શોધવા આવતાં હોય એવું લાગ્યું. વળી, ઊંચાં ઊંચાં દેવળ જેવાં લાગતાં મકાનો વિશે જાણ્યું કે આ તો રાજાઓની સમાધિઓ છે. ત્યારે તો હું સો ટકા કંટાળ્યો. ઘોડાગાડીવાળો મને મંડોર પાસેનું શરાબનું કારખાનું બતાવવા લઈ ગયો. તું જાણે છે કે અમુક સ્થળે જવાય અને અમુક સ્થળે ન જવાય એવું હું માનતો નથી. ઘોડાગાડીવાળાએ ગાંજો ફૂંક્યો હતો. એણે કહ્યું — 'સાહેબ, લે ચલૂં ?' હું શા માટે ના પાડું ? હું તો કારખાનું જોઈને પાછો વળ્યો. મને લાગ્યું કે સાહિત્યની પ્રક્રિયા શરાબ ગાળવાની પ્રક્રિયાને મળતી આવે છે. મૂળ વસ્તુ વરાળ બનીને પછી આકાર ગ્રહણ કરે. પેલાની ઈચ્છા હશે કે સાહેબની સાથે એને પણ પીવા મળશે. પણ મને એમ જ પાછો વળતો જોઈને એ નિરાશ થયો, બલ્કે ભોંઠો પડયો.

'તને પીવાની ઇચ્છા પણ ન થયેલી ?'

'ઇચ્છા થાય તો તારી જેમ એને હું ભાગ્યે જ રોકું. લોકો કહે છે કે શરાબ પીવાથી નશો ચડે છે અને નશાના વર્ચસમાં જાગૃતિની સત્તા રહેતી નથી. સ્મરણોથી મુક્તિ મળે છે. હું પણ કેટલુંક ભૂલી જાઉં તો રાહત અનુભવું — સુખી થાઉં. પરંતુ સુખી થવા માટે કેટલુંક ભૂલવા માટે નશાનો આશ્રય લઉં એટલો બધો હું નિર્બળ નથી.'

પવન સાથે આછી આછી ધૂળ ઊડી આવતી. અનિકેત જોઈ રહ્યો.

'શું વિચારે છે ?'

'દક્ષિણે, અહીંથી દસ માઈલ દૂર જેસલમેરની જૂની રાજધાની છે, લોદ્રવા. આખું નગર નિઃશેષપણે ધૂળ બની ગયું છે. લોકો કહે છે કે ધૂળમાં દટાઈ ગયું છે. ત્યાંનું જૈનમંદિર સલામત છે. મંદિર પાસે એક કલ્પવૃક્ષ છે. તને જીપમાં સવારે ફેરવી આવીશ.'

'તો અત્યારે જ ચાલ ને ! સૂર્યાસ્તને હજી વાર છે. વાર ન હોય તોપણ શું ? વિનાશને તો અંધારામાં જ જોવો સારો, બલ્કે વિનાશમાં તો જોવું પણ શું? એને તો અનુભવવાનો હોય. એની સંનિધિમાં પોતાનું નિરીક્ષણ કરી લેવું અને આશ્વાસન મેળવીને આગળ વધવું.'

ડ્રાઈવિંગ ઉદયને કર્યું. સમ નામના ગામ તરફ પાકી સડક વળી ગઈ. પછીના ખરબચડા રસ્તે ઉદયને જીપ ચલાવવામાં બેકાળજી ભરી હિંમત દાખવી. અનિકેત ઊંડે ઊંડે મલકાતો હતો — એ માનતો હશે કે હું એને ખામોશીથી જીપ ચલાવવા સૂચવીશ. પણ એને ક્યાં ખબર છે કે હું...

ઉદયને બ્રેક મારી. સામે મોટો પથ્થર હતો. એણે જીપને રિવર્સમાં લઈને રસ્તે પાડી. કહ્યું —

'મને એમ કે આવો સારો પથ્થર તૂટી જાય તે બરોબર નથી.'

લોદ્રવા પહોંચીને પાંચેક મિનિટ મંદિરમાં ફરીને પાણી પીને, પૂજારીને એક રૂપિયો આપીને ખંડિયેરની હાલતમાં ટકેલાં ચારપાંચ મકાન વચ્ચેથી પસાર થતાં ઉત્તર-પશ્ચિમ તરફ ગયાં. એક ઊંચી અને ખંડિત દીવાલ પર જઈને બંને બેઠા. કેમેરા વાપર્યો. પછી ઉદયને પાછળ તરફ નજર કરી.

'અલ્યા, આપણી પાછળ પણ મંદિર જેવું કંઈક લાગે છે. તોબા આ મંદિરોથી તો. જ્યાં જાઓ ત્યાં મંદિર, ચાલ, ઊઠ અહીંથી.'

સૂર્યાસ્તની ધૂસર ચમક ઓસરતી રહી. પછી ચમક વિનાની ધૂસરતા વરતાવા લાગી. પછી ધૂસરતા કાળી પડવા લાગી. જુદી જુદી દિશાઓ અંધારું લઈને એકઠી થઈ.

‘અમૃતા કેમ છે હમણાં ?’

‘મુંબઈ તરફથી તો તું આવે છે. હું તો ક્યારનોય એનાથી દૂર છું.’

‘તદ્ દૂરે તદ્ અન્તિકે !’

ઉદયન ઊભો થયો. અનિકેતે હાથ પકડીને એને બેસાડ્યો.

‘ઉદયન ! તને નથી લાગતું કે મારે કારણે તારું અહિત થયું છે ?’

‘નથી લાગતું.’

‘ખરેખર ?’

‘મારું અહિત તું શું કરી શકે ભલા ? ઈશ્વર પણ મારું અહિત કરી શકશે એવું હું માનતો હોત તો એનું અસ્તિત્વ કબૂલત નહીં ? હિત-અહિતનો વિચાર કર્યા વિના, પોતાની જાતને બચાવવાની જરા સરખી પણ ગણતરી કર્યા વિના હું જીવું છું.’

‘પણ એક વિપરીત પરિસ્થિતિરૂપે તારી સામે મારાથી ભાગ ભજવાયો હોય એવું મને લાગે છે. હું તારી ક્ષમા માગું છું.’

‘મારે પણ તારી ક્ષમા માગવી જોઈએ. મેં તારી સાથે અમૃતા વિશે સ્પર્ધાનો ભાવ અનુભવ્યો છે. અને તેથી એને સમજવામાં પણ મેં ઉતાવળ કરી છે... હવે લાગે છે કે હું એને સમજી નહીં શકું. મારે હવે એને ભૂલવી છે. કારણ કે એ યાદ આવે છે ત્યારે મને વ્યગ્રતાનો અનુભવ થાય છે. મારે એને ભૂલવી છે... પણ એ ધુમ્મસ બનીને મારા ચિત્તમાં છવાઈ ગઈ છે.’

‘ચાલ, ઊઠીએ. બહુ મોડું થયું.’

'આ રેતી મને વતનનો સ્પર્શ આપે છે. એના માટે વધુ મમતા જાગે એ પહેલાં જવું જ રહ્યું, ચાલ.'

અનિકેતે મંદ ગતિએ જીપ ચલાવી: ઉદયન કહે છે કે એ મારા ચિત્તમાં ધુમ્મસ બનીને છવાઈ ગઈ છે... ધુમ્મસ બનીને છવાઈ ગઈ છે.

## બે

અમૃતા અવારનવાર જૂહુ જઈને સ્વજનોને મળતી હતી. આગ્રહ થાય તો ત્યાં જ રોકાતી હતી. પોતાના પહેલાંના રૂમમાં જઈને બેસી રહેતી હતી. આગાશી પર ગોળ ગોળ આંટા લગાવતી હતી. સમુદ્રને સાંભળતી હતી. પુરાતત્ત્વ મંદિરમાં ધ્યાનથી કામ કરતી હતી. દરરોજ ઊંઘતી હતી. અનિયમિત રીતે મરીન ડ્રાઈવ પર ફરવા જતી હતી. સાહિત્ય વાંચતી હતી. એને વહેમ હતો કે હવે એનાથી કંઈક લખાઈ જશે તેથી જેની સાથે ઘણા સમયથી ફરવા નીકળી ન હોય તેવી કોઈ સખી મળી આવે તો ચલચિત્ર જોવા જતી હતી અને સખીના મુખેથી એ ચિત્રની સમીક્ષા ધ્યાનપૂર્વક સાંભળી રહેતી હતી. હીંચકા પર બેસીને ઝૂલતી રહેતી હતી. જે થઈ શકે તે સઘળું કરતી હતી. કશાયની ઉપેક્ષા કરતી ન હતી. અને કશીય ઉતાવળ વિના એક પછી એક દિવસો પૂરા કરતી હતી.

કોઈના તરફ અણગમો રાખીને અતડા રહેવાની જરૂર લાગતી ન હતી. ખાનગી એકાન્તની શોધ એણે છોડી દીધી હતી. હળીમળીને રહેતાં ખમચાતી ન હતી. છૂટાં પડતાં આભાર માનવાનો વિધિ અચૂક પાળતી હતી. ન ગમે એવું કોઈથી બોલી જવાય તો એ માઠું લગાડતી ન હતી. એ સમજી ચૂકી હતી કે કોઈના પર ખોટું લગાડવાનો એને અધિકાર નથી. સ્વતંત્રતા માટે સંઘર્ષમાં ઊતરી હતી. હવે એને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ચૂકી હતી. એ જાણતી હતી કે પોતાને અભીષ્ટ હતી તે સ્વતંત્રતાનો અર્થ થાય છે — નિસ્સંગ એકલતા.

એ સહુના સંગે જીવતી હતી અને પૂર્વપરિચિત સહુ કોઈ એને અણજાણ લાગતું હતું. સહુના સંગે એ એકાકિની હતી. એની એક માત્ર સખી હતી રિક્તતા. રિક્તતાની સખી તરીકેની યોગ્યતા એ વધુને વધુ કેળવી રહી હતી.

લખવાની ઇચ્છા થઈ — એક આખો યુગ પલટાઈ ગયો છે.

એના ચહેરા પર અમુખર ઉદાસી છવાયેલી રહેતી હતી. એમાં મોટે ભાગે પરિવર્તન થતું નહીં. હા, કોઈક વાર એ ઉદાસી ઘેરી થઈને પોપચાં પર એકત્રિત થતી અને એનાં દીર્ઘ લોચનને ઢાંકી દેતી. આંખોની પ્રશંસા પામેલી ચમક હવે નિસ્પંદ સફેદી બની ચૂકી હતી. દર્પણમાં જોઈ રહી હોય ત્યારે આંખની સફેદીનો રંગ ઝાંખા પડેલા કાચને મળતો આવતો.

એને પ્રતીતિ થઈ ચૂકી હતી કે પોતે ઇચ્છે છે તેવી પોતાની જિન્દગી બની શકે તેમ નથી. એટલું જ નહીં, પોતે નહોતી ઇચ્છતી તેવી પણ હવે પોતાની જિન્દગી બની શકે તેમ નથી.

અનિર્ણયજનિત વિફળતાએ ઉદાસીનું રૂપ ધારણ કર્યું હતું. ઉદાસી યથાસમય ગમગીનીનું રૂપ ગ્રહણ કરતી અને ગમગીની પથારીનો આશ્રય શોધતી.

સૂર્યાસ્ત પછી બારીમાંથી નીચે નજર કરીને કશુંય ન જોતી હોય એમ એ ઊભી રહેતી.

ઑફિસમાં બપોરે એકલી બેઠી બેઠી પાણીના ખાલી પ્યાલા તરફ જોઈ રહેતાં એ થાકતી ન હતી :

જાગ્રત થવાનું મૂલ્ય ચૂકવવું પડશે. જાગ્રત થનારને સુખ દેખાશે નહીં. સુખી થવા માટે મારે વંચના વહોરવી પડે. અને વંચના એટલે મૃત્યુ. પણ મૃત્યુ એટલે વંચના નહીં. મૃત્યુ — અંતિમ વાસ્તવિકતા, નિશ્ચિત નિરર્થકતા. સહુએ એમાં પાછા વળવાનું છે. જીવન અર્થશૂન્ય છે. એમ નહીં હોય તો એમ હશે કે જે નિરર્થક છે તેનો જીવનરૂપે સાક્ષાત્કાર થાય છે.

જાગૃતિને સહુથી પહેલું દેખાય છે મૃત્યુ. એક નિરર્થકતાનું એક અર્થશૂન્યતામાં પરિણમવું — જીવન અને મૃત્યુ.

All men are obliged to do if they are to escape a meaningless life. આ અર્થહીન જિન્દગીથી પલાયન કરવાનું મળે તો સહુ કોઈ ઉપકૃત થાય.

અનિકેતે આ નિરર્થકતાને સમજીને પલાયન સ્વીકાર્યું હશે? કે પછી એણે જે સ્વીકાર્યું છે તે પલાયન નથી? અવાન્તર સ્થિતિ છે?

ઉદયન આ નિરર્થકતાને અર્થ આપવા ઝઝૂમે છે? તો પછી આટલી બધી અસ્વસ્થતા શા માટે? વ્યગ્રતા શા માટે? ઉપેક્ષા શા માટે? કે પછી આ બધા એના વિશેના મારા ભ્રમ છે?

આજ સુધી જીવનની જે વ્યાખ્યાઓ સાંભળી, જે તત્ત્વજ્ઞાન વાંચ્યાં, જે રહસ્ય જાણ્યાં તેમને અને હું જીવું છું તે જીવનને કશો સંબંધ છે? જેને હું પ્રેમ માનતી હતી તે તો વ્યતીતનો વિષય લાગે છે. કેટલાક વીતી ગયેલા પ્રસંગોમાં જ એની હયાતી હતી. હવે એની પ્રતીતિ નથી. અર્થાત્ સંતત સમયમાં એનું અસ્તિત્વ નથી. તેથી જે ચિરંજીવ નથી એ પ્રેમ નથી. અને જે પ્રેમ નથી તે સકલ મારા માટે અર્થશૂન્ય છે. હું પ્રેમ ન બની શકું તો અર્થશૂન્ય રહીને શું કરું?

મને કોઈએ અન્યાય કર્યો નથી. સ્વતંત્ર છું. સંપન્ન છું. તંદુરસ્ત છું. મારી સ્થિતિ કોઈ પણ સ્ત્રી માટે ઉત્તમ કહેવાય. તો પછી ઉત્તમ સ્થિતિએ પહોંચ્યા પછી દરેકને અર્થશૂન્યતાનો અનુભવ થતો હશે? આ નિસ્સંગતા, આ એકલતા, ઉદાસીનતાભર્યું આ મૌન મેળવવા હું આગળ વધી રહી હતી? મારી વરણી પણ નિર્દોષ રહી ન શકી. એકને હું વ્યગ્ર અને ત્રસ્ત કરી બેઠી, બીજાને તટસ્થ અને નિસ્પૃહી બનવા પ્રેરી બેઠી. અને હું રહી સૂકી નદીની જેમ અતૃપ્ત.

બંને કાંઠાઓ વચ્ચેની નદી આજે સૂકી છે.

નદી હવે અંતઃસ્રોતા છે. નિસ્સંગ છે. વાસ્તવિક અર્થમાં એકલી છે.

મારે અર્થશૂન્યતાને જીવવાની છે? કે આ મારી અતૃપ્તિનો પ્રતિઘોષ છે? હું અસમર્પિતા છું તે કારણે તો આ અર્થશૂન્યતા પ્રતીત નથી થઈ રહી ને? અનાઘ્રાત યૌવનનો ભાર અસહ્ય બનતાં — વાંછિતના અભાવથી પીડાતા સકળ કોશોની આ અસ્તિત્વ સામે ફરિયાદ તો નથી ને? નિસ્સંગતાની વેદના સહન ન થવાથી તો આ બધું માની લેવા પ્રેરાઈ નથી ને?

જ્યાંથી આ ગ્રીષ્મ સુધી આવી છું તે શિશિરમાં પાછા જવાનું હવે શક્ય બને? શિશિરમાંથી વસંત સુધી પહોંચવા માટે સમય સિવાય અન્ય કોઈના સાથની જરૂર નથી. સંગહીન વસંત પણ સહજ ભાવે ગ્રીષ્મ સુધી પહોંચી શકશે. પરંતુ ગ્રીષ્મ ઋતુ કેવળ સમયના પરિણામથી વર્ષામાં પરિણમી શકશે નહીં. મેઘનું આગમન થવું જોઈએ. સ્નિગ્ધગંભીર ઘોષ કરીને એક તરફ વહી જાય તેવો મેઘ નહીં, જે અનરાધાર વરસી રહે તે મેઘ. જે આકાશની અવહેલના કરીને ધરતીને આવરી લે. મેઘ વિના ગ્રીષ્મઋતુ વર્ષામાં પરિણમતી નથી. પછી ધરિત્રીના અંતરંગમાં એક પ્રક્રિયા શરૂ થાય અને એ અંકુરિત થવા લાગે. જલસિક્ત ધરિત્રીની એ વેદના કેવી હશે? મારા આ સ્પંદનહીન કોષોની અપરિવર્તનશીલ સ્થિતિ... શું આ જ મારી નિયતિ છે?

'તો અહીં આવવામાં શો વાંધો છે?' સ્વજનોએ અનેક વાર કહ્યું છે. 'અને નોકરી કરવાની શી જરૂર છે?' અધ્યયન કરો અને લખો, પુરસ્કાર — રૉયલ્ટી તો એમાંથી પણ મળશે.'

'ના હમણાં તો કંઈ લખવું નથી. એમાં ઉતાવળ નહીં કરું પણ અહીં રહેવા આવીશ.'

'ક્યારે?' હાજર હતાં તે સહુએ એક સાથે પૂછ્યું હતું.

'જે દિવસ લાગશે કે હવે તો જવું જ પડશે તે દિવસ સ્વાભિમાનનો મુદ્દો મને નડશે નહીં.'

સહુ નિરુપાય શાંત રહ્યાં હતાં.

એ સહુની મારા તરફની મમતા ઊંડી છે.

તો જાઉં ?

એ સામાન તૈયાર કરવા લાગી. તે દિવસ બાબાએ આગ્રહ કરીને અનિકેતની છબી હાથમાં લીધી હતી. પછી એ છબીને ફરીથી ન ટીંગાડતાં કબાટમાં પુસ્તકો પર મૂકી હતી. આજે પુસ્તક ખેસવતાં એ છબી નીચે પડી ગઈ. કાચ ફૂટી ગયો. ટુકડા એકઠા કરીને એણે સ્વસ્થતાપૂર્વક ફેંકી દીધા. કાચ વિનાની છબીને પુસ્તકો ભેગી મૂકી દીધી. એને હાથમાં લઈને ધ્યાનપૂર્વક જોઈ રહેવાની ઇચ્છા ન થઈ. વસંત માત્ર સમયના સંગે જ ગ્રીષ્મમાં પરિણમી શકે છે.

સિક્કાનગરનું અનિકેતનું મકાન આજથી ખાલી છે.

□

પાંચમી એપ્રિલે દિલ્હીથી એ જાપાન જવા ઊપડશે, અનિકેત દિલ્હી આવ્યો હતો. એણે આપી શકાય એટલો બધો સમય આપ્યો. આજ સુધી ભારતમાં ફર્યો. જુદા જુદા પ્રદેશો વિશે લખાણ કર્યાં. એણે એના કેટલાક અનુભવો વિશે લખ્યું નહીં, એના માટે એ બધા નોર્મલ હતા. જેમ કે — એક બીમાર કામદારને સ્થાને એને હવે વધુ રજાઓ મળી શકે તેમ ન હતી માટે એની ટિકિટ પર પૂરતી કાળજીથી પાંચ દિવસ કામ કર્યું હતું અને એને ઘેર પાકીટ ભૂલતો આવ્યો હતો.. હૈદરાબાદમાં એક વૃદ્ધા નર્તકીને ઘેર અઠવાડિયા સુધી પેઈંગગેસ્ટ તરીકે જમીને એની કથની સાંભળી હતી અને માતા થવાની એની કામના કેવી રીતે ધૂળમાં મળી તે જાણીને એ સુખી માણસો પર રોષે ભરાયો હતો... વિવેકાનંદ રોકથી આગળ વધીને કન્યાકુમારીના સમુદ્રમાં સ્નાન કરતી વેળા એ ડૂબતાં ડૂબતાં બે વાર બચ્યો હતો, અથવા બે વાર ડૂબ્યો હતો. અને તે પછી પણ મોડે સુધી નાહ્યો હતો..પોંડીચેરીથી મુદ્રાસ જતી ગાડીમાં ગાળો બોલતા એક દારૂડિયાને વચમાં સ્ટેશન આવતાં બાવડાં પકડીને સાચવીને પ્લેટફોર્મ પર ઉતારી દીધો હતો અને એ ચડવા ગયો ત્યારે એક સિગારેટ આપીને એને નીચે રાખ્યો હતો..મદુરા નજીક એક બસમાં ટિકિટ વિના મુસાફરી કરતા એક છોકરાને માર મારવા જતા કંડકટરને ફટાફટ બે લાફા લગાવી દીધા હતા અને છાપામાં એનો ફોટો છાપવાની ધમકી આપીને કેમેરો બતાવ્યો હતો...

કલકત્તામાં મજૂરોની હડતાલ જાણીને એમના ભેગો ભળીને સૂત્રો બોલવા લાગ્યો હતો. ચાલતાં ચાલતાં પાછળથી કોઈના પગની આંટી ભરાતાં એ નીચે પડી ગયો હતો અને એને નોંધપાત્ર વાગ્યું હતું છતાં અશ્રુવાયુ ન છૂટયો ત્યાં સુધી એ સરઘસ સાથે રહ્યો હતો અને પોલીસોના કહેવાથી ખટારામાં બેસીને થાણા સુધી ગયો હતો. ત્યાં જઈને પોલીસધર્મ ઉપર એણે એક વ્યાખ્યાન આપ્યું હતું અને એને મળીને ઉપરી અધિકારી પ્રસન્ન થયા હતા... લખનૌના એક ફૂટપાથ પર કવ્વાલીની મહેફિલમાં સવારના પાંચ સુધી સજગ હાજરી આપી હતી અને ઊંઘ આવતાં વચ્ચે બે વાર નાચ્યો હતો. એક શાયર થવા માગતા નવજવાનને પાંચ મિનિટમાં એક બેહતરીન કવ્વાલી રચી આપી હતી... નવેમ્બરથી માર્ચ સુધીના ગાળામાં એ ત્રણ વાર મુંબઈ ગયો હતો. ત્યાં સમુદ્રકિનારે ફરવા ગયો ન હતો. કોઈને મળ્યો પણ ન હતો.

એને સ્વપ્ન આવે છે ખરાં પણ એ ટૂંકાં હોય છે. એની માન્યતા છે કે સ્વપ્નની સૃષ્ટિ પર આપણું નિયંત્રણ નથી તો પછી એમનો સંબંધ આપણી સાથે કેવી રીતે જોડી શકાય ? સ્વપ્ન આવ્યું હોય તો ભૂલી જવાય તે જ યોગ્ય. કારણ કે એ કદીયે મૂળ રૂપે યાદ આવતું નથી. યાદ કરવા જતાં એમાં કલ્પનાના અંશો ઉમેરવા પડે છે. એક તો સ્વપ્ન પોતે જ વાયવ્ય અને એમાં ઉમેરાતી કલ્પના પણ વાયવ્ય ! ફાલતુ, બેકાર માણસને તો નકકરતા સાથે લેવાદેવા હોય.

જાપાનમાં એ પાંત્રીસ દિવસ રોકાયો. તેમાંના તેર દિવસ એણે હીરોશીમામાં ગાળ્યા. કેટલાં માણસોનો સંહાર થયો હતો તે એ જાણતો હતો. પણ અહીં આવીને જાણ્યું કે એ આંકડો સાઠ હજારનો નથી પણ સ્ત્રી-પુરુષ-બાળકો મળીને એંશી હજારનો છે અને એ બધાં વિસ્ફોટ સાથે જ ખતમ થયેલાં. વધારે ઊંડા ઊતરતાં એણે જાણ્યું કે સંહારનો આંકડો જેમ વધુ મોટો રાખીએ તેમ સત્યની વધુ નજીક રહેવાશે. એક લાખ માણસો ઘાયલ થયાં હતાં. અઢી લાખ માણસોની વસ્તીવાળો બંદર વિભાગ અગ્નિની જ્વાળાઓથી ભસ્માવશેષ થયો.

મૃતકોની સંખ્યા મેળવવા પોતે કેવી ચોકસાઈ કેળવી રહ્યો છે અને તે પણ આટલાં વરસ પછી! એ પોતાની આ કુશળતા પર હસી પડયો. એને યાદ આવ્યું — આલ્બેર કામૂના ‘પ્લેગ’માં ડૉક્ટર રિયોનું કહેલું એક વાક્ય એને યાદ આવ્યું... ‘પણ હવે આપણે મરણના આંકડા રાખીએ છીએ. તમારે માનવું પડશે કે આનું નામ પ્રગતિ છે.’ એક સારા પ્રસંગે, વરસો પહેલાં એણે અમૃતાને કામૂની ત્રણ નવલકથાઓ ભેટ આપી હતી. તેમાં ‘પ્લેગ’ જોઈને એ ચિડાઈ હતી. એના ચિડાવા પર આજે ઉદયન ફરી હસ્યો.

એને લાગ્યું કે આ આખો હીરોશીમા કાંડ હાસ્યાસ્પદ છે. ‘પ્રગતિ, પ્રગતિ, પ્રગતિ,... આ તમારી પ્રગતિની ફલશ્રુતિ! ભલા, દોડો છો શા માટે? જરા પહેલાં નજર પોતાના ભણી તો કરી લો, જુઓ તો ખરા કે તમે છો શું?’

માનવજાતિના વિકાસનું એક સીમાચિહ્ન—આ એક હત્યાકાંડ’, આપણા વિકાસનું પ્રતીક. ઈ. સ. ૧૯૪૫, ૬ઠ્ઠી ઑગસ્ટ, સવારના આઠ અને પંચાવન મિનિટે એક ઉગ્ર પ્રકાશનો દુર્દાન્ત ચમકારો. અને પછીની દારુણ અશાંતિ.

પ્રકૃતિએ પણ આટલા વેગે કદી કોઈ પ્રલય કર્યો હશે કે કેમ તેની શંકા છે. વરસોનાં સંશોધન અને પ્રયોગો પછીની સિદ્ધિ! આ સિદ્ધિ? આ સંશોધન-કાર્યમાં એકલા અમેરિકન વૈજ્ઞાનિકો ન હતા, જુદા જુદા દેશોના ચુનંદા વૈજ્ઞાનિકો કામે લાગ્યા હતા, એમાં જાપાની પણ હતા.

ઈ.સ.૧૯૪૫, ૬ઠ્ઠી ઑગસ્ટની સવાર. વીસમી સદીની બે મોટી શોધોની સમન્વિત ઉપલબ્ધિ! આઈન્સ્ટાઈને કહ્યું કે પદાર્થનું શક્તિમાં રૂપાંન્તર કરી શકાય અને એથી ઊલટું શક્તિનું પદાર્થમાં રૂપાંન્તર કરી શકાય. એનું નામ સાપેક્ષતાનો સિદ્ધાંત અને બીજો સિદ્ધાંત આવ્યો નીલ્સ બોરનો પરમાણુ-સિદ્ધાંત! પરમાણુ જે એના ગ્રીક અર્થ પ્રમાણે અવિભાજ્ય હતો, હવે વિભાજ્ય બન્યો. સૂર્યની પરિક્રમા કરતા અન્ય ગ્રહોની ગતિ. એ ગ્રહમાળા જેવું જ આ સૂક્ષ્મદર્શકયંત્ર વડે જોઈ શકાતા પરમાણુનું વિશ્વ. Nucleus પરમાણુનું કેન્દ્ર. એની ફરતે ઈલેકટ્રોનની વ્યસ્ત પરિક્રમા. કેટલા

નાના કણની કેવી અસાધારણ શક્તિ! દસ કરોડ પરમાણુ એક બીજાને અડે તે રીતે ગોઠવવામાં આવે તો એક ઈંચ જગા રોકે..

તો આ પ્રોટોન અને ઈલેક્ટ્રોનમાં જે સ્વતઃ એવી ઘનાત્મક અને ઋણાત્મક વિદ્યુત છે તે કોના પ્રતાપે? કોણે એ શક્તિ ત્યાં મૂકી છે? એ આત્મનિયંત્રિત ગતિ કોની છે?

તો હું જેને જડ પદાર્થ કહું છું તેના લઘુતમ ઘટકની શક્તિ મારાથી ઘણી વધારે કહેવાય.

પરમાણુમાં છે તે કઈ શક્તિ? એની પોતાની જ? પદાર્થની જ એ પ્રક્રિયા કે આસ્તિકો જેને ચૈતન્ય કહે છે તે જ આ? આ ચૈતન્ય પેલા ઈશ્વરના અસ્તિત્વને પુરવાર કરી ન બેસે. માટે ઈશ્વરને નકારવા આ પદાર્થના વિજ્ઞાનને જાણવું પડશે.

આ ઘટનાને ઈશ્વરેચ્છાનું પરિણામ માની લઉં તો બધું સરળ બની જાય. નિમિત્ત માત્રં ભવ સવ્યસાચી! તો શું પેલો હીરોશીમા પાયલોટ માત્ર નિમિત્ત હતો? ના. ઈશ્વર હોય અને એ પ્રયત્ન કરે તોપણ આ યુદ્ધ મહદ્ અંશે ધર્મ્ય હતું. તેથી શ્રી કૃષ્ણે એને યુદ્ધની અનિવાર્યતા સમજાવી અને વિશ્વરૂપદર્શન કરાવ્યું. પણ આ તો યુદ્ધ નથી, છેતરપિંડી છે. એક પક્ષે તો સંપૂર્ણ સલામતી છે. આ તો થઈ રાજનૈતિક રમત. અહીં દોષિત માણસ છે. આને પેલા પરમ ચૈતન્યની લીલા કહીને આખો દોષ એના માથે ઢોળી દેનારા આસ્તિકો પણ કેવા! આ કારણે તો ઈશ્વર માટે સહાનુભૂતિ જાગે. પરમ ચૈતન્ય! એના વિશે વિચારવું પડશે? જો એ હોય તો આપણને શો વાંધો છે? જેને ભૌતિક ઘટના કહું છું તેને ચૈતન્યનો આવિષ્કાર કહીશ.

આજે એ પ્રસન્ન હતો. એને લાગ્યું કે પોતાની સંચિત અભાવાત્મકતા ઓછી થઈ રહી છે. એને ઠેર ઠેર નજાકતનું દર્શન થવા લાગ્યું. એક હોટલના નૃત્યહોલમાં સહૃદય પ્રેક્ષક તરીકે એણે સારો એવો સમય ગાળ્યો. એક ચલચિત્ર જોયું. એણે જોયું કે હીરોશીમાના નાગરિકો પ્રસન્ન છે. કોઈ ઉદાસ નથી. કઈ શક્તિના બળે

પેલી ઘટનાની મૂર્છામાંથી એ મુક્ત થયા ? કોઈને પૂછું કે બંધુ, પંદર વરસ પહેલાંની ઘટનાને આમ આટલી સરળતાથી કેમ કરીને વીસરી શક્યા ?

બીજાં શહેરોમાં હોય છે તેવી વિલાસની સામગ્રી અહીં લેશમાત્ર ઓછી નથી. એવા જ રાગરંગ, એવી જ લીલા.

એવી મોટી ઘટનાને પચાવી શકનારા લોકોની સહનશક્તિ અને સ્વસ્થતા સ્તુત્ય છે. આ બધા મસ્તરામ ફરે છે એમાંના કોઈનું સ્વજન પેલી મહાન હૉસ્પિટલમાં નહીં હોય ? પણ પોતાનું સ્વજન પીડાતું હોય માટે પોતે પણ નિઃશ્વાસ નાંખ્યા કરવા એ કયો ધર્મ ?

આ હત્યાંકાંડથી સહુથી વધારે દુઃખી તો થયો નિમિત્ત બનનારો પેલો પાયલોટ ઈથર્લી. નીરોની જેમ બળતા નગરને જોઈને એણે વાંસળી ન વગાડી. એ અશોકની જેમ સાચો માણસ નીકળ્યો. એ ન્યાયાલય પાસે ગયો. કહ્યું કે હું એંશી હજારનો હત્યારો છું મને સજા કરો. મને પ્રાયશ્ચિત કરવાની તક આપો. પરંતુ કોણ સાંભળે ? એના પરાક્રમની પ્રશંસા થઈ રહી હતી. એણે અવકાશયુદ્ધના ક્ષેત્રમાં નવો વિક્રમ સ્થાપ્યો હતો. અભિનંદન આપવા માટે એની સામે હાથ લંબાતા હતા. જ્યારે એનું અસ્તિત્વ ડામાડોળ હતું. એણે પોતાની ધરી ગુમાવી હતી. એને પાગલખાનામાં સુરક્ષિત રાખવામાં આવ્યો. એની માન્યતા પ્રમાણે આ જમાનાના સહુથી મોટા જલ્લાદ તરીકેનું વર્ષાસન મેળવીને એ જીવી રહ્યો છે. એના મુખે આજનો જાગ્રત માણસ પોતાને પોતાના જ વ્યંગથી આહત કરવા માગે છે. આ આત્મઘાત નથી તો શું છે ? ઈ. સ. ૧૯૫૦માં ટ્રુમેને હાઈડ્રોજન બૉમ્બ બનાવ્યો ત્યારે એણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કરેલો. અનિકેતને આ માણસ વિશે જાણવાનું ગમશે. એને લખું ? એ કહેશે આ માણસના પ્રાયશ્ચિતમાં રહેલા માનવજાતિ માટેના પ્રેમના બળે ત્રીજું વિશ્વયુદ્ધ નહીં થાય. એને પત્ર લખું ? પણ એ કદાચ જાણતો જ હશે. એને લાગશે કે ઉદયને કેટલુ મોડું જાણ્યું ! એને એમ લાગે તો એ સાચું હશે. એને લખીશ. રેડિયો-એકિટવનો ભોગ બનેલાંની હૉસ્પિટલ વિશે તો મારે એને લખવું જ રહ્યું.

ઉદયન એ હૉસ્પિટલમાં ચાર દિવસ સતત ગયો. પાંચમા દિવસે ડૉક્ટરે ન આવવા વિનંતી કરી. એ દિવસ એ એક દરદી પાસે ઊભો રહીને વાતો કરતો હતો. એ દરદી લગભગ એની જ વયનો હશે. એ ભાષાશાસ્ત્રનો વિદ્વાન હતો અને હિન્દી સારી રીતે જાણતો હતો. વિસ્ફોટ પછી આઠ વરસે એના શરીરમાં વિકૃતિ આવી હતી. વનસ્પતિ અને ખોરાકમાં એકરૂપ થઈ ગયેલ રેડિયો સ્ટ્રોન્શિયમે એના શરીરમાં પ્રવેશ કર્યો હતો. પાંચ વરસથી એ આ હૉસ્પિટલમાં છે. ભવાં અને પાંપણો ખરી પડવાથી એનો ચહેરો કુરૂપ થઈ ગયો હતો. એનો ચહેરો જોઈને ઉદયનને આઘાત લાગતો હતો છતાં દરરોજ એની પાસે જઈને એ ઊભો રહેતો હતો. એ માણસના પગને તળિયે કાળા ફોલ્લા થયા હતા. એના હાથપગની આંગળીઓના નખ ખરી પડયા હતા. નખ વિનાનાં ટેરવાં પરથી જાણે પ્રવાહી બનીને માંસ ઝમી આવવા મથતું હતું. એ આપમેળે પડખું પણ બદલી શકતો ન હતો. પરંતુ એની ચેતના મૂર્છિત થઈ ન હતી. એ કોઈની સાથે ભાગ્યે જ વાત કરતો હતો. ઉદયને એનું એક પુસ્તક મેળવીને વાંચ્યું હતું. તે માટે અભિનંદન આપ્યાં. એનો શિથિલ હાથ સાચવીને હાથમાં લઈને ઉદયને અભિનંદન આપ્યાં. તે પછી પેલા માણસની વાચા રોકી રોકાઈ નહીં. ઉદયનને લાગ્યું કે માણસ મારો પ્રશ્ન સહી શકે તેમ છે તેથી નિર્મમ થઈને એણે પૂછયું —

'તમને આશા છે કે તમે સાજા થશો ?'

'ના,'

'તો કેમ કરીને જીવી રહ્યા છો ?'

'મોતની સજા પામેલો માણસ જીવે એ રીતે.'

'માફ કરજો બંધુ, તમને મારાથી ન પૂછવા જેવું પુછાઈ ગયું. આદતોથી મજબૂર છું.'

'માફ કરવાની વાત જ નથી મિત્ર! હું તો એક બલહીન વિવશ પ્રાણી છું. મારી જિહ્વા હજી કામ કરે છે તેથી લાગે છે કે હું માણસ છું. પડખું બદલવા માટે પણ બુરખો પહેરીને ફરતા પરિચારકની મદદ લઉં છું. અને તમારો આ સહૃદય

સ્પર્શ !... આશા અને ભવિષ્યથી વંચિત માણસને જિન્દગીનો આવો સ્પર્શ ક્યાંથી ? હું કેવળ વર્તમાનને જીવું છું. જીવું છું એમ પણ કેમ કહી શકું ? એટલું જ કહી શકું કે જીવતો છું. મારા જેવો માણસ કોઈને માફ કરવાનું ગૌરવ કેવી રીતે અનુભવી શકે ? અને છતાંય તમારો ભાર હળવો થતો હોય તો કહી દઉં છું કે જાઓ, મેં તમને માફ કર્યા. આ પરમાણુશક્તિનો આવો વિઘટનાત્મક ઉપયોગ શોધનારા વૈજ્ઞાનિકોને પણ મેં માફ કરી દીધા છે..અમારો ભોગ લેવાયા પછી જો નવા બનેલા હાઈડ્રોજન બૉમ્બ અને કોબાલ્ટ બૉમ્બનો ઉપયોગ થવાનો ન હોય તો અમારો ભોગ સાર્થક છે. અને એંશી હજારનો વિનાશ એ સમગ્ર વિશ્વક્રમમાં બહુ મોટી ઘટના નથી. તમે તો ભારતીય છો. મહાકાળ તમારે ત્યાં તો દેવતા કહેવાય છે. તમારી બાજુમાં ડૉકટર ઊભા છે. હું માનું છું અને ઈચ્છું છું કે એ તમને હવેથી અહીં ન આવવા સમજાવી શકશે.

પોતાના દરદીને બોલવામાં સુખ મળી રહ્યું છે એ જોઈને ડૉકટર શાન્ત ઊભા હતા. એ ઉદયનને પોતાના રૂમમાં લઈ ગયા. બેસાડ્યો. કલાક સુધી ઉદયનના પ્રશ્નોના ઉત્તર આપ્યા. પછી એને પ્રયોગશાળામાં લઈ ગયા. ડૉકટર અમેરિકન હતા અને છેલ્લાં દસ વરસથી આ હૉસ્પિટલમાં માનદ સેવાઓ આપતા હતા. એમણે પોતાના લેખો ઉદયનને ભેટ આપ્યા. ઉદયને અનુવાદ કરવાની સંમતિ મેળવી લીધી.

જાપાનનો પ્રવાસ પૂરો કરીને ઉદયન દિલ્હી પહોંચ્યો તેની બે દિવસ પહેલાં એનો એક 'વિજ્ઞાનની અપૂર્વ સિદ્ધિઓ' નામનો સચિત્ર લેખ અંગ્રેજી અખબારમાં પ્રગટ થયો હતો. દિલ્હી ખાતેની પોતાની સંસ્થાની ઑફિસે જાપાન વિશેનું લખાણ સોંપીને એ અમદાવાદ ઊપડયો.

ગાડીમાં એને એક વૃદ્ધ સાહિત્યકારનો ભેટો થઈ ગયો. એમની ષષ્ઠીપૂર્તિ ઊજવાતી હતી તે વર્ષે ઉદયને એમની મર્યાદાઓ પર એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો હતો. એક પરિસંવાદમાં ઉદયન વક્તા હતો અને એ અધ્યક્ષ હતા. ઉદયને વિષયાન્તર ન લાગે એવી કુશળતાથી પ્રમુખશ્રીની સાહિત્યિક પ્રતિષ્ઠાની ઝાટકણી કાઢી નાંખી હતી. પરંતુ ઉપસંહારમાં પ્રમુખ તરીકે એમણે ઉદયનની જાગૃતિની અને પરિશીલ-

નથી કેળવાયેલી અભિરુચિની પ્રશંસા કરી હતી. ઉદયનનો લેશમાત્ર વિરોધ ન કર્યો કે પોતાનો બચાવ પણ ન કર્યો. એથી તો ઉદયન વધુ અકળાયો હતો. એમની સ્વસ્થતાથી ત્રાસી ઊઠયો હતો. આ ઘટનાને બે-અઢી વરસ થયાં. તે પછી મળવાનું થયું નહીં. ઉદયન કદી કોઈ મુરબ્બીને મળવા જતો નથી. તેથી એમને ઘેર પણ ગયેલો નહીં. એની એક વાર્તાનું એમણે પોતાના સામયિકમાં પુનર્મુદ્રણ કર્યું હતું. વર્તમાન ભારતીય સાહિત્ય નામના પુસ્તકમાં ગુજરાતી પર લખ્યું હતું અને ઉદયને વાર્તામાં આણેલા નવા વળાંકની ધ્યાન ખેંચે એવી ચર્ચા કરી હતી. ઉદયનને એમણે એ પુસ્તક ભેટ આપ્યું —

'હું તો તમને મારા વિરોધી માનતો હતો.'

'તેથી શું ?'

'તમારે મારો વિરોધ કરવો જોઈએ.'

'એમ ! વિરોધ એ તમારી પેઢીની ખાસિયત છે. આજના યુગસંદર્ભને જીવનાર અને જાણનાર સાહિત્યકારના ચહેરા પર એકાદ પણ અહંજન્ય વિરોધની રેખા ન દેખાય તો મને આશ્ચર્ય થાય. એ તો નવી પેઢીની એક લાક્ષણિકતા છે. તમે જે અર્થ અને મૂલ્ય જગતને આપવા મથો છો તેને જગત સ્વીકારી રહેશે તે પછી વળી નવાં અર્થ અને નવાં મૂલ્ય લઈને આવનાર પેઢી તમારો વિરોધ કરશે. તેથી મૂલતઃ આ વિરોધ નથી. સંવાદની એક વિશિષ્ટ પ્રક્રિયા છે.'

'તમારો મુદ્દો વિચારવા યોગ્ય છે... હું સિગારેટ પી શકું ? તમને વાંધો ન હોય તો..'

'ખુશીથી પીઓ.'

પાંચેક મિનિટ મૌન.

'થોડાક દિવસ પહેલાં તમારો એક લેખ જોયેલો. તે પરથી લાગ્યું કે તમે જાપાન ફરી આવ્યા છો, મજાનો દેશ છે કેમ ?'

'તમે પણ જાપાન ગયા હતા કદાચ, મેં એ સમાચાર વાંચેલા.'

'હા. હું ગયેલો. સારું એવું ત્યાં રોકાયો હતો.'

'હીરોશીમા ગયેલા ?'

'હા. એ વિસ્ફોટનો ઈતિહાસ સાચવી રાખ્યો છે તે મ્યુઝિયમમાં જોયેલો એક પદાર્થ મને પણ હજુ યાદ છે. માણસના પગનું હાડકું અને મકાનની દીવાલનો ચૂનો વિસ્ફોટની જ્વાળાઓના પ્રભાવથી એક થઈ જઈને ગઠ્ઠો થઈ ગયેલાં, એ ગઠ્ઠો એ આખી ઘટનાનું રહસ્ય કહી શકે તેમ છે.'

'મને ત્યાં સાચવી રાખેલું ઊંચા મકાનનું લોખંડના સળિયારૂપે બચેલું હાડપિંજર યાદ રહી ગયું છે. આપણી સિદ્ધિઓનું ખાલીપણું અને આપણી ઊંચી આકાંક્ષાઓની પોકળતા એમાં મને દેખાઈ. હીરોશીમા આજના લેખકની અશ્રદ્ધાનું ઊગમસ્થાન છે.'

'એમ તો કેમ કહેવાય ? હું તો કદાચ એથી ઊલટું કહું. તમને ખ્યાલ હશે જ કે હીરોશીમાના નગરપતિએ એક વાર કહેલું — જો પરમાણુ બૉમ્બ કોઈની ઉપર પણ પડવાનો જ હતો, તો ભલે અમારી ઉપર પડયો. જો બીજા કોઈની ઉપર ભવિષ્યમાં કદી પણ પરમાણુ બૉમ્બ ન પડે, તો ભલે તે અમારી ઉપર પડયો.'

'હા. જાણું છું. ત્યાંના એક ભાષાતત્ત્વવિદ્ દરદીએ પણ એવા ભાવાર્થનું જ કહેલું.'

અને તત્ક્ષણ એ દરદીના સ્મરણથી અકળાઈ ઊઠ્યો. એની આંખ સામે આખી હૉસ્પિટલ ઊભી થઈ. એ આર્ત પરંતુ અશબ્દ વેદના... એ શબવત્ શરીરોમાં બુઝાવા આવેલી આંખો... માનવ શરીરનાં એ છિન્ન વિદીર્ણ અંગો... એ અનંત-સૂનકાર... મોતની સજા પામેલું જીવન. ઉદયન સમસમી ઊઠ્યો હતો. એ ઊભો થયો. ગાડીનું બારણું ખોલીને બહાર જોવા લાગ્યો.

□

જૂન અને જુલાઈનો સમય કેન્દ્ર સરકાર સાથેના પત્ર-વ્યવહારમાં ગયો. સંસ્થાને આપવા કબૂલેલી રકમમાં કાપ આવી રહ્યો હતો. હવે સંસ્થાનું સંચાલન અનિકેતે કરવાનું હતું તેથી એણે જહેમત ઉઠાવીને અધિકારીઓને પ્રતીત કરાવી આપ્યું કે

આ સંસ્થાને પૂરતી મદદ આપવી જરૂરી છે. ઉદયને પણ આ અંગે પ્રત્યક્ષ-પરોક્ષ મદદ કરી.

અનિકેત એ અંગે નિશ્ચિંત થઈને કામ કરવા લાગ્યો. પણ એ નિશ્ચિંતતા બહુ ટકી નહીં. સહકાર્યકરો એકબીજા વિશે ફરિયાદ કરવા લાગ્યા હતા. એણે બેઠક બોલાવીને નમ્રતાપૂર્વક કહ્યું કે આ પ્રકારની ફરિયાદ હું સાંભળીશ નહીં. કોઈના પર અવિશ્વાસ રાખીને હું એનો સાથ મેળવી શકું નહીં. પોતાને કંઈ મુશ્કેલી હોય તો એ અંગે જરૂર ચર્ચા કરવા આવવું. પણ આ કક્ષાએ આત્મનિરીક્ષણને સ્થાને અન્યની ચિંતા કરવી શોભે નહીં. આકલન કરવામાં અનુકૂળતા રહે એ માટે હવે હું દરેક સંશોધકનું કામ જાણવા ઇચ્છું છું. દરેકની પાસે ત્રણ ત્રણ દિવસનો સમય માગું છું. આપ સહુ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે જણાવશો.

સંસ્થાના મકાન માટે એણે સિચ્યુએશન જોવાનું શરૂ કર્યું. પિતાજીને લખ્યું કે ત્યાંથી બની શકે એટલી મદદ મોકલે. ભારતવાસી મિત્રોને પણ લખે. જેટલો લોકફાળો થશે એટલી મદદ સરકાર આપશે એવું નકકી થયું છે. સરકારે પૂર્વનિશ્ચિત યોજનામાં કાપ મૂકવાનું નક્કી કરીને એને જરા બેચેન કર્યો હતો તે કારણે પણ કોઈ સૂક્ષ્મ પ્રતિક્રિયા જાગી હોય અથવા એને એમ જ સૂઝયું હોય. પણ એણે લોકફાળાની ઘણી મોટી રકમ એકઠી કરી બતાવવાનું નક્કી કર્યું.

એણે પોતાના સહકાર્યકરોનું કામ જોયું અને એમનો નિકટ પરિચય પ્રાપ્ત કર્યો. એમનો સ્તર એણે જાણ્યો. ચિંતા થઈ. આ સહકાર્યકરોનો ઉત્સાહ કેવી રીતે વધે તે શોધી કાઢવું પડશે. એવું મનોમન નક્કી કરીને દરેકમાં જે કંઈ અતિ અલ્પ પણ સારું હતું તે તરફ એમનું ધ્યાન ખેંચ્યું. અને વિકસાવવા કહ્યું. તમારું જે આ કામ છે ને, એ કક્ષાએ બધું થવું જોઈએ. તમારા સહયોગ માટે આભાર ! આ કામમાં સ્વેચ્છાએ જોડાય એવા માણસો ક્યાં છે ?

એણે આ અંગે દ્વૈમાસિક પરિસંવાદની યોજના વિચારી, અને દેશના આ વિષયના ખ્યાતનામ વિદ્વાનોનો લાભ લેવાનું નક્કી કર્યું. એક સચિત્ર ત્રૈમાસિક શરૂ કરવાની પણ જાહેરાત કરી.

ઉદયનનો પત્ર હતો. એ સિલોનનો પ્રવાસ અધૂરો મૂકીને મુંબઈ આવી ગયો છે. કામમાં ચેન પડતું નથી. શરીર ભારે ભારે લાગે છે. બરડા નીચે દુખે છે. તેથી સપ્ટેમ્બર આખો રોકાઈને આરામ કરવો અને લખવું. આરામ વિના લાંબા લાંબા પ્રવાસ કર્યા કરવાથી આમ થયું હશે. એવું લખીને ચિંતા ન કરવા એણે જણાવ્યું હતું.

મુંબઈ છોડ્યો સવા વરસ જેટલો સમય થયો. આથી અધ્યાપકો, વિદ્યાર્થીઓ, નવાં પ્રગટ થયેલાં પુસ્તકોથી દૂર રહી જવાશે. મુંબઈ જવું જોઈએ. પણ, પણ શું ? જવું જ જોઈએ.

નમેલી સાંજે એ પરસાળમાં બેઠો હતો. ગુલમહોરના ચોકમાં આવીને લક્કડખોદ પંખી આવીને બેઠું હતું. એ એકલું જ હતું. એની ચાંચ સ્થિર હતી. અનિકેતને થયું — એ કેમ બેસી રહ્યું છે ? એ ચાંચના ઘા કરે અને અવાજ થાય તો વાતાવરણમાં કંઈક સંચાર અનુભવાય. પણ પંખી બેસી રહ્યું હતું. એની ચાંચ ઊપડતી ન હતી.

મોડી રાત્રે એણે પોતાનાં જૂનાં લખાણ કાઢ્યાં. સાચવવા જેવું હોય તે રાખીને બીજું ફાડીને ફેંકી દેવાનું નક્કી કર્યું. એક પછી એક લેખ હાથમાં લેવા લાગ્યો. ફાડી ફાડીને ફેંકી દેવા લાગ્યો. ઝીણવટથી જોવા જતાં એને કશુંય સાચવવા જેવું ન લાગ્યું. એક વાર્તા જે ઉદયનને ગમેલી તે પણ આજે એને વાગ્મિતા-પ્રચુર લાગી. પ્રગટ કરી ન હતી તેથી એનો આમૂલ નાશ કરી શકાયો. થોડાંક અધૂરાં ગીત પડ્યાં હતાં. તે પણ જરા વિલંબ કરીને પછી ફાડી નાંખ્યાં. કાગળના ટુકડા એકઠા કરીને બહાર ફેંકવા ચાલ્યો. છાપાના લાંબા કાગળમાં બધા ટુકડા એકઠા કર્યા હતા. બહાર જતાં પવનની ઝાપટ વાગી. કેટલાય ટુકડા ઊડીને આંગણામાં ફેલાઈ ગયા...

હવે લખવું ? ન લખવું ? અહ્‌વાનનો અનુભવ થશે તો ઉત્તર આપ્યા વિના ચાલવાનું નથી. પણ આજકાલ બહિર્વિશ્વ કંઈક ઓછું સંવેદ્ય લાગે છે.

અને લખીનેય શું ? લખવા યોગ્ય સ્ફુર્યું હોય તે પણ ન લખાતાં વિસ્મૃત થઈ જાય તોપણ શું ? કેટલા ઓછા માણસોને આ પ્રવૃત્તિમાં રસ છે ? જેમને રસ છે તેમાંના

પણ કેટલા ઓછા આપણી રચના વાંચી શકવાના ? જે લોકો વાંચે તેમાંના પણ કેટલા પામવાના? તો તો, આ કીર્તિની વાત કેટલી ભ્રામક છે? અને આજનો વિશ્વસંદર્ભ જોતાં સાહિત્ય દ્વારા અમર થવાની વાત કોઈ જાગ્રત માણસથી થઈ શકે તેમ નથી. નિરપેક્ષ થવું જ રહ્યું. પોતાની કૃતિના પરિણામ વિશે નિરપેક્ષ થવું પૂરતું નથી. કૃતિ રચવાની કામનાથી પણ નિરપેક્ષ થવું. તો જ કદાચ કંઈક લખાશે, જે કંઈક હશે. જેનું મારાથી નિરપેક્ષ એવું અસ્તિત્વ હશે, કૃતિને બહાને પોતાને સ્થાપવા મથનારો બેચેન રહેવાનો. બેચેન હોય એ નિરપેક્ષ ન થઈ શકે અને નિરપેક્ષ થયા વિના છુટકારો નથી. આખરે તો અનંતમાં ભળી જવાનું છે. અંતિમ વાસ્તવિકતા તરીકે નાછૂટકે પણ નિરપેક્ષતાને સ્વીકારવાની છે તો પહેલાંથી જ સાવધ કેમ ન થવું?

જગતમાં પૂર્ણાહુતિનો મહિમા શા માટે હશે? એટલા માટે કે પૂર્ણાહુતિ અથવા મૃત્યુ અંતિમ વાસ્તવિકતા છે. મૃત્યુને પામીને માણસ અનંતમાં ભળે છે. મૃત્યુને જાણ્યા વિના જીવનને પ્રમાણી શકાય નહીં. અને મૃત્યુનું જ્ઞાન એટલે નિરપેક્ષતાનું જ્ઞાન..પણ એ નિરપેક્ષતાની હું તો વાતો કર્યા કરું છું. એને જાણું છું ખરો? આજ સુધી તો પોતાની નિષ્ફળતાને જ જાણી શકયો છું.

એ ઊભો થયો. આકાશમાં સફેદ વાદળ છવાયેલાં હતાં. આ વર્ષે વરસાદ ઓછો થયો. હા, સહુ કહે છે કે આ વર્ષે વરસાદ ઓછો થયો.

## ત્રણ

એક પ્રયોગખોર લેખકની વાર્તા પ્રગટ થઈ હતી. એણે ઉપર લખેલું કે આ લઘુકથા છે. ઉદયન, અમૃતા અને અનિકેતે એ વાંચી હતી. ત્રણે જણ એ સામયિકનાં ગ્રાહક હતાં. લઘુકથા શરૂ થાય તે પૂર્વે એક ફકરો કૌંસમાં લખ્યો હતો —

(મને લાગે છે કે તમામ લેખકોએ આદિકાળથી આરંભીને આજ સુધી આવવું જોઈએ. આપણી 'આજ'ને ઓળખવા માટે એની પાછળના સમગ્ર સમયને પચાવી

પાડવો જોઈએ. પ્રાચીન ભારતીય સાહિત્યમાં જે રૂપક મળે છે તે બધા પર નવેસરથી લઘુકથાઓ લખાવી જોઈએ.વચ્ચે આવીને પશુઓની ભાષામાં પંચતંત્ર રચવું જોઈએ. એનાં એ પાત્રો, અભિનય આજનો. મેં તાજેતરમાં જે લઘુકથા લખી છે તે તમને સહુને વાંચવાની તક મળે એટલા માટે પ્રગટ કરાવું છું. એની નકલ કરવાની સહુ કોઈને છૂટ છે... એવા જૂના વિષયવસ્તુ પર કોપીરાઈટ ઊભો કરવાનો મને હક નથી. આ કથા હવે સાર્વજનિક છે.)

એ પણ એક જમાનો હતો. જયારે માનવો નગણ્ય હતા. દેવ અને દાનવના બે સમૂહ હતા. જે દેવોનો સમૂહ હતો તેમાં બધા જ દેવ હતા. પ્રત્યેક દેવ સંપૂર્ણ દેવ હતો. એ દેવમાં દેવત્વની સહેજે ક્ષતિ ન હતી. જે સમૂહ દાનવોનો હતો તેમાં બધા જ દાનવો હતા. પ્રત્યેક દાનવ સંપૂર્ણ હતો. એ દાનવમાં દાનવત્વની સહેજે ક્ષતિ ન હતી.

ત્યારે માનવો માત્ર બે હતા. એકનું નામ अ હતું. બીજાનું નામ उ હતું, એ બંનેના સ્વભાવમાં ભેદ હતો, પરંતુ બંને ઉત્સાહી અને મહત્ત્વાકાંક્ષી હતા. તેથી પ્રવાસ કરતા કરતા છેક સુમુદ્ર-કિનારે ગયા અને કાલકૂટ નામનું ઝેર નીકળ્યું, તે ફળફળાદિ, ફૂલ છોડવાઓ અને વનસ્પતિનો નાશ કરવા લાગ્યું. તે જોઈને તેઓ પરમ તપસ્વી એવા મહાદેવ પાસે ગયા અને એમની ખુશામદ કરવા લાગ્યા. એમની ખુશામદ પર મહાદેવ સ્મિત કરતા હતા પણ દયાથી પ્રેરાઈને એ કાલકૂટ આરોગી ગયા. એમનો કંઠ નીલ થઈ ગયો. તેથી એમની શોભા ઓર વધી.

अ અને उ મહાદેવ તરફ આકર્ષાયા. પાસે ગયા. એ માની બેઠા કે હલાહલ પણ મહાદેવજીએ પીધું છે તો અમૃત નીકળશે ત્યારે પણ એનો પ્રસાદ એમને જ ધરાવવામાં આવશે. કાલકૂટ પીતાં જે નીચે પડી ગયું તે વીંછી, સર્પ આદિને પ્રાપ્ત થયું. તેમ આ બેદરકાર તપસ્વી અમૃત પીતાં પીતાં પણ કંઈક તો ઢોળશે અને આપણને ખપ પૂરતું મળી જશે. એમણે પરસ્પર નક્કી કર્યું કે અમૃત માટે લડવું નહીં. જેના તરફ એ ઢળે એ એનો અધિકારી.

પેલી બાજુ સમુદ્રમંથનનો કાર્યક્રમ ફરીથી શરૂ થયો હતો. ઝેર પીધા પછી શંકર નિદ્રાધીન થયા હતા તેથી કૈલાસ પર્વતથી પણ ઊંચા એમના ખભાઓ પર ચડીને બંને સમુદ્રમંથનનું વિરાટ દૃશ્ય જોવા લાગ્યા. તે દરમિયાન उ ની ઈચ્છા થઈ કે શંકરનું ત્રીજું નેત્ર કેવું છે તે જરા તપાસી લેવું જોઈએ. પણ अ એ અંગે તટસ્થ રહ્યો. એણે સમજાવ્યું કે કોઈનાં છિદ્ર જોવાં નહીં. એ ભલે બંધ રહે. વળી, શંકરનું આ ત્રીજું નેત્ર હિંસક કહેવાય છે. ઊંઘમાં પણ એ ખૂલે તો નાહક ભોગ બની જવાય.

अ અને उ દેવ અને દાનવોનો ઉત્સાહ જોઈ રહ્યા હતા. બંને જમણે-ડાબે ખભે ઊભા હતા ત્યાં ભગવાન શંકરને લાગ્યું કે આ લોકો નિદ્રામાં ડખલ પહોંચાડી રહ્યા છે. એકે જણ ઝબકીને નીચે ન પડી જાય એવા શાંત સ્વરે એમણે કહ્યું — તમારે ત્યાં સુધી જવું હોય અને બધું નજીકથી જોવું હોય તો હું ભાઈ વિષ્ણુને કહું. ગરુડ મોકલીને તમને ત્યાં પહોંચાડી દેશે. अ અને उ સમજ્યા કે મહાદેવજી આશુતોષ શા માટે કહેવાય છે. એમની કૃપાથી, માપી ન શકાય એટલા ઓછા સમયમાં એ લોકો સમુદ્રમંથનના સ્થળે પહોંચી ગયા.

‘અલ્યા, આમાં દેવો કયા ?’

‘એટલી વારમાં ભૂલી ગયો ? જોને આ વાસુકિનું પૂછડું પકડીને થાક ન લાગે એ રીતે ખેંચી રહ્યા છે.’

‘આ દાનવો પહેલાં કરતાં કંઈક મંદ પડ્યા લાગે છે. વાસુકિનો મુખભાગ એમણે પકડયો છે તેથી એનાં નેત્રોમાંથી, મુખમાંથી અને શ્વાસમાંથી નીકળતી ઝેરી જ્વાળાઓથી એમની કાંતિ નાશ પામી છે.’

‘જોયું ને ? તારો ઈશ્વર પણ કેવો પક્ષપાતી છે ?’

‘ના. એ તો ન્યાયી છે. જો તો ખરો, દાનવો તરફ મંદરાચળ નમેલો છે. ભગવાન કાચબો બનીને પોતાની પીઠ પર આ મેરુના ભારેખમ રવૈયાને ટેકવી રહ્યા છે. એના ઘસાતાં કાચબાની પીઠને તો કોઈ ખણતું હોય તેવું જ લાગતું હશે.’

'અલ્યા જો, નહીં તો રહી જઈશ. આ દાનવોની પેલી પાછળની જોડીએ કહલ આરંભ્યો છે. જો, પેલાએ પાછળ ઊભેલાના બાલ પકડયા અને એને પાણીમાં ડુબાડ્યો. પરંતુ સમુદ્રના પાણીમાં ખારાશની ઘનતા હોવાથી એ અનાયાસ બહાર ઊછળી આવ્યો. અને એણે પોતાના હરીફને ભેટું મારીને આકાશમાં ઉછાળ્યો. આકાશની હવા બહુ પાતળી હોવાથી એના આધારે એ ટક્યો નહીં અને પોતાના સ્થાને આવી ગયો. એટલી વારમાં તો બંને જણા વેરભાવ ભૂલી ગયા અને સહુની સાથે હોંકાટો કરીને નેતરું ખેંચવા લાગ્યા. અંદરોઅંદર એ લોકો લડે છે ખરા, પરંતુ એમનું જૂથબળ ભારે કહેવાય.'

'મને એમના તોફાનમાં રસ નથી. નાહક લડે છે.'

'પણ આ દેવોને તો એકબીજામાં લડવા જેટલો પણ રસ નથી. માપસર બળ લગાડીને ગણતરીપૂર્વક કામ કર્યા કરે છે.'

'આપણે એક તરફ ઊભા રહીને જોયા કરીએ તે શોભે નહીં, ચાલો દેવો ભેગા જોડાઈ જઈએ.'

'ના, મને તો દાનવો તરફ આકર્ષણ છે. એ લોકો પોતાના કામમાં વધુ સક્રિય લાગે છે.'

'એક પ્રશ્ન થાય છે. આ વાસુકિનું નેતરું કરીને આ લોકો આટલી બધી ખેંચતાણ કરે છે તો પછી ખરબચડા રવૈયા સાથે ઘસાતાં એની ત્વચા પર બળતરા નહીં થતી હોય ?'

'તું ભોળો છે. બધા સાપ સુંવાળા હોય છે અને આ તો એમનો રાજા. આમ ખેંચવાથી એનો ઝેરનો ભાર હળવો થતો હશે. સારું, ચાલ જોડાઈ જઈએ.'

अ અને उ જોડાઈ ગયા. એ લોકો નિષ્ઠાપૂર્વક પોતાની શક્તિ અજમાવવા લાગ્યા. મંથનનો વેગ વધતાં એમાંથી કામધેનું ગાય નીકળી. દૂર તાકીને ઊભેલા બ્રહ્મવાદી ઋષિઓ એને દાનમાં લઈ ગયા. अ અને उ ને ગાયમાં રસ ન હતો. એ લોકો ભેંસનું દૂધ પીતા હતા. પછી ચંદ્ર જેવો ઉજજવળ ઉચ્ચૈઃશ્રવા ઘોડો નીકળ્યો. એ अ

ને ગમ્યો પરંતુ બલિરાજાએ એનો કાન પકડીને પોતાના તરફ ખેંચી લીધો. પછી ઐરાવત હાથી નીકળ્યો. એને જોઈને જ ઇંદ્રે પોતાનો દાવો ઘોષિત કર્યો. अ અને उ ને લાગ્યું કે ભલે આમાંથી ગમે તે નીકળે આપણા ભાગે કંઈ આવવાનું નથી. 'ખાઓ અને ખાવા દો'નો સિદ્ધાંત અહીં પૂર્ણપણે પ્રવર્તે છે.

વાસુકિના શ્વાસના પ્રભાવે उ ની કાંતિ ઝાંખી પડી રહી હતી. તેથી ગુસ્સે થઈને એણે વાસુકિના મોં પર ચૂંટી ખણી. વાસુકિએ ઉગ્ર ફુત્કાર કર્યો. उ વધુ ગુસ્સે થયો. જેમાં ઝેર સંચિત હોય છે તે મુખ્ય દાંત એણે બટાક દઈને તોડી નાખ્યો. अ દેવોની સાથે આડી-અવળી વાતે ચડી ગયો હતો.

ભગવાન શંકરે પોપચાં બંધ કરીને ઘેનમાં જ જાયું તો એમને अ દાનવોની કતારમાં અને उ દેવોની કતારમાં દેખાયો. એમણે એક વાર આંખો ચોળી લીધી અને ફરીથી જોયું તો उ દાનવોની કતારમાં અને अ દેવોની કતારમાં દેખાયો. મનોમન કહ્યું કે આ બધો ભ્રમ છે. એ લોકો ગમે તેની કતારમાં ઊભા રહે. કશો ફેર પડતો નથી. એ કંઈ ઓછા કેવળ દેવ કે કેવળ દાનવ છે? એ તો માનવ છે. એમને ફાવે ત્યાં ઊભા રહે. અને આંખો બંધ કરતાં પહેલાં એમણે નજર કરી તો अ અને उ બંને એમને સરખા દેખાયા. જેવો अ તેવો उ અથવા જેવો उ તેવો अ.

એવામાં તો ધમાલ મચી ગઈ. દેવો હોહા કરવા લાગ્યા. કેટલાક શક્તિશાળી દૈત્યો ધન્વંતરિના હાથમાંથી ઝૂટવીને અમૃતકુંભ લઈને નાસી ગયા. કેટલાક નિર્બળ દાનવો પણ દેવોની જેમ મુખ વકાસીને રહી ગયા. એ દુર્બળો અદેખાઈથી કહેવા લાગ્યા — દેવો પણ હકદાર છે, કેમ કે એમણે પણ સમાન પરિશ્રમ કર્યો છે. પણ એમની વાત હવામાં જ રહી ગઈ.

उ દેવોના ટોળા પાસે ગયો. એ બધા એકમતીથી દૈત્યોની નિંદા કરતા હતા. તે સાંભળીને એણે કહ્યું — તમે દૈત્યો વિશે જેમતેમ બોલો છો પણ તમારામાંથી કોઈને તક મળી હોત તો બીજાનો વિચાર કરવાના હતા? તમારે અમૃત પીને જીવવું છે તો એમને એવી ઇચ્છા ન થાય? તમે એ માટે એમનાથી વધુ યોગ્ય હો તો યોગ્યતા પુરવાર કરી બતાવો.

अ આવીને શાંત ઊભો હતો. એણે अ ને એક તરફ લઈ જવા ઇચ્છ્યું. उ જોવા માગતો હતો કે હવે આ દેવો શું કાવતરું વિચારે છે. પણ अ એને આગ્રહપૂર્વક ખેંચી ગયો અને કહેવા લાગ્યો —

'જો ભાઈ, એ દેવો અને દાનવો છે, લડ્યા કરશે. આપણે ચાલો આપણી ભૂમિ પર. ભગવાન શંકરને તે પહેલાં મળતા જઈએ. આ બધાઓએ એમને ઝેર પાયું પણ અમૃત પ્રાપ્ત થયું છે તેના તો સમાચાર પણ ન આપ્યા. પરંતુ ભગવાન શંકર તો બધું જાણે છે. એ તો મનોમન હસી લઈને સમાધિ ધારણ કરી લેવાના. મને લાગે છે કે દેવો અને દાનવોના વર્ગ-સંઘર્ષથી એ કંટાળ્યા છે. એમને એકે બાજુ ન્યાય લાગતો નથી તેથી અળગા રહે છે. એમના હાથમાં અમૃતકુંભ મૂકવામાં આવ્યો હોત તો સમગ્ર ધરતીના હૈયામાં અમી વળત. ચાલ આપણે એમને મળી- ને જઈએ. દેવોના કે દાનવોના — કોઈના જૂથમાં આપણે ભળવું નથી. અને અમર થવા માટે કોઈની સાથે લડવું નથી.'

'ના, તારે જવું હોય તો જા. મને તો એમના આ સંઘર્ષમાં રસ છે. હું પણ કંઈ અમર થવા માટે લડવા ઈચ્છતો નથી પરંતુ ન્યાય માટે હું સક્રિય રહેવા ઇચ્છું છું.'

अ ભગવાન શંકર પાસે ગયો.

उ પેલા ઝઘડામાં રસ ધરાવતો હતો. એટલું જ નહીં, એનું મન પણ પેલા કુંભ તરફ વળેલું હતું. મેં પણ મંથનમાં ફાળો આપ્યો છે. તેનું ફળ મને કેમ ન મળે? એ મોહિનીના હાથમાં અમૃતકુંભ જોઈને વસ્તુસ્થિતિ સમજી ગયો. દેવો અને દાનવોની એ સભામાં એ પ્રવેશી શકે તેમ હતું નહીં. એક ગવાક્ષમાંથી ડોકિયું કરીને મોહિનીની લીલાને એ જોવા લાગ્યો.

તૃષ્ણાથી યુક્ત મનવાળા તે દૈત્યો ઉન્નત નાસિકાયુક્ત મુખવાળી મોહિનીને જોઈ રહ્યા. કેટલાક દેવોની નજર પણ નવયૌવનથી ખીલેલા સ્તનભાગ સુધી પહોંચી જતી હતી. उ એ જોયું મોહિનીના કેશપાશમાં ખીલેલાં મલ્લિકાપુષ્પની માળા કોઈને વેણીની યાદ આપે છે. કોની વેણીની યાદ આપે છે? એણે પ્રયત્ન કર્યો પણ યાદ ન

આવ્યું. એ મોહિનીની સુંદર ભુજાઓ પરના બાજુબંધને જોઈ રહ્યો. એનાં નેત્ર ઉદ્વિગ્ન બનવા લાગ્યાં હતાં. ત્યાં તો સૂર્ય અને ચંદ્ર વચ્ચે દેવવેશ ધારણ કરીને ઘૂસી ગયેલો રાહુ અમૃત પીતાં પીતાં છતો થઈ ગયો. ચંદ્રે ચાડી ખાધી અને સુદર્શન ચક્રથી એનું મસ્તક છેદાઈ ગયું. उ સમજી ગયો કે આ બધું આમ જ ચાલવાનું. ચાલ अ ને જઈને વાત કરું.

ભગવાન શંકર अ ના પ્રશ્નનું સમાધાન કરી રહ્યા હતા. એમણે કહ્યું કે દેવ કે દાનવ જેને અમૃત મળે તેને જીવનતત્ત્વ મળશે. અહીં દેવો કે દાનવોની યોગ્યતાનો પ્રશ્ન નથી. પ્રશ્ન છે મોહિનીરૂપ ધારણ કરી રહેલા ચૈત્યન્યની વરણીનો, એને માયારૂપે જોનારા પણ ત્યાં છે. અને શ્રદ્ધાથી જોનારા પણ ત્યાં છે.

'તો ભગવાન, મને આશીર્વાદ આપો કે હું એનાથી નિરપેક્ષ થઈને મારી પોતાની શ્રદ્ધા પર જ જીવી શકું.'

'હે યુવક ! તું નિર્ભ્રાન્ત થઈને પોતાની શ્રદ્ધાને પામી શકીશ તો પછી તારે એવા કોઈ બાહ્યા અમૃતની જરૂર નથી. તને લાગશે કે એ તારા હૃદયમાં વસે છે. એ શ્રદ્ધાજન્ય અમૃતનું બીજું નામ પ્રેમ છે. હા, સાથે સાથે તારે જગતમાં જેની સત્તા કયાંક કયાંક જોવા મળે તે માટે ઝેરને પણ ઓળખવું રહ્યું. એ કોઈક વાર પીવું પડે તો તે માટે સજ્જ રહેજે. મારા અનુભવ પરથી તને કહું છું કે એમાં આવશ્યકતા છે માત્ર અભય રહેવાની. તું તારા અંતસ્થ અમૃતને ઓળખતો હશે તો ઝેરને સહેલાઈથી પચાવી શકશે. અને જે પચાવી શકે તેના માટે ઝેર આરોગ્યવર્ધક છે. આ તો મેં મારો મત કહ્યો, નિર્ણય તારે કરવાનો છે.'

'પરંતુ દાદા, એક પ્રશ્ર છે.' દોડતા આવવાને કારણે ઝડપથી શ્વાસ લેતાં લેતાં उ બોલ્યો.

'મેં મારો મત अ ને કહ્યો છે. એને પૂછી લેજે.'

'પરંતુ...'

'તને મારા વચનમાં સંશય છે ? ભલે, પૂછી લે.'

'માણસને એમ લાગે કે મારા હૃદયમાં અમૃત નથી વસતું. તેમ છતાં એને ઝેર પી લેવાની સલાહ આપવામાં આવે તો એણે શું કરવું ?'

'પી લેવું. જો વિશ્વાસથી અને ભયરહિત થઈને એ પી લે તો એના માટે ઝેર ઝેર રહેતું નથી.'

'ઝેર ઝેર જ રહે. વિશ્વાસની એવી શી અસર થાય કે ઝેરમાં પરિવર્તન થઈ જાય ? દાદા, તમે તમારી મહાનતાનો લાભ લઈને અમને બકાવો છો. તમે એ મોહિનીને એક વાર જોશો તો અમને આ રીતે બકાવવા નહીં બેસો.'

उ વતી अ ક્ષમા માગીને ચાલ્યો. બંને જણા થોડી વાર સુધી મૂંગા મૂંગા ચાલતા રહ્યા. પછી अ उ ને ઠસાવવા માટે એકની એક વાત વારંવાર કહેવા લાગ્યો —

'તારામાં અમૃત વસે છે. તું ભલે ના પાડે. પણ હું જાણું છું કે તારામાં અમૃત વસે છે. એક દિવસ તને એની પ્રતીતિ થશે.'

'બસ હવે રહેવા દે, બહુ થયું. મારા વિશેની અન્ય કોઈની માન્યતાને હું માન્ય રાખતો નથી. મને બીજું કોઈ શું સમજે ? હું એકલો છું.'

એટલું કહીને એણે अ ને આગળ જવા દીધો. અને પોતાનો રસ્તો જડી આવતાં એ પૂરવેગે ચાલવા લાગ્યો.

## ચાર

અનિકેત બૉમ્બે સેન્ટ્રલના પ્લેટફૉર્મ પર પગ મૂકતાં જ જુએ છે કે ભીડ નથી. કોઈ સમારંભમાં જનારા અનામંત્રિતની મનોદશા સાથે એણે શહેરમાં પગ મૂક્યો. ટેક્સીવાળાએ પહેલાં સાંભળ્યું — 'સિક્કાનગર' અને પછી સાંભળ્યું — 'મલબાર હિલ.' ટેક્સીવાળાએ માન્યું હશે કે આ અતિથિ હશે અને કયા યજમાનને ત્યાં જવું તેનો નિર્ણય કરી શક્યો નહીં હોય.

અનિકેતને ખબર ન હતી કે અમૃતા હવે સિકકાનગર છોડી ગઈ છે. એને ખબર હતી કે અમૃતા રહેતી હોય ત્યાં ન જવાય. અને તેથી એ પોતાને ઘેર ન ગયો.

હાથ અડતાં જ ઉદયનના રૂમનું બારણું ખૂલી ગયું. રૂમના માયૂસ ખાલીપણામાં એણે પગ મૂકયો.

બહાર સર્વત્ર સમય સવારનો હતો. ઉદયનના રૂમની સવારનો રંગ સાંજ જેવો હતો.

દીવાલને અઢેલીને એ બેઠો હતો. એ પૂર્ણપણે સ્થિર હતો.

અનિકેત આવ્યો તે એણે જોયું કે નહીં, અનિકેતને ખબર ન પડી.

ઉદયનનો હાથ ઊંચો ન થયો. એના હોઠ ફરક્યાા નહીં. એની પાંપણ ચમકી નહીં, એના ચહેરાની કોઈ રેખાએ ઊંડે ઊંડે પણ કશું વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો નહીં.

બારણાથી બે કદમ આગળ વધીને અનિકેત ઊભો રહ્યો. પગ દ્વારા વીજળીનો કરંટ લાગે અને એના હાથમાંથી સૂટકેસ પડી જાય એમ એના દેહમાં જડતાનો આંચકો આવી ગયો.

અનિકેતને આમ આશ્ચર્યમૂઢ થતો જોઈને પણ ઉદયન ફરક્યાો નહીં.

આ ઉદયન નથી એમ કહેવું ખોટું હતું અને આ ઉદયન છે એમ માનવું સહેલું ન હતું. મીણના ઓગળવા આવેલા પૂતળાની જેમ ઉદયન લોચા જેવો પડ્યો હતો. એની દૃષ્ટિ સાવ અચેતન હતી. એના હોઠને ખૂલવાનો અભ્યાસ ન હોય એ રીતે બિડાયેલા હતા.

'હું આવ્યો છું. તે ઉદયનને એવું જ લાગે છે કે જાણે હું નથી આવ્યો.' અનિકેત વિચારી રહ્યો.

પોતાને જોઈને અનિકેત દિઙ્મૂઢ થઈ ગયો છે તે જોઈને ઉદયનને આશ્ચર્ય ન થયું. એના ચહેરા પર છવાયેલી વિરતિ પૂર્વવત્ રહી. બારીમાંથી વહી આવેલો પવન એના ચહેરાને સ્પર્શ કર્યા વિના ખુલ્લા બારણે બહાર નીકળી ગયો. અનિકેતે બારણું બંધ કર્યું.

ઉદયનની પાસે જઈને એ બેઠો. જે તરફ પહેલાંથી એ જોઈ રહ્યો હતો તે તરફ જ હજી એ જોઈ રહ્યો હતો. હજી પણ જે નથી તે જ એને દેખાઈ રહ્યું હતું. અનિકેત સરકીને એની વધુ નજીક ગયો. હાથથી પકડીને એનું મોં પોતાના તરફ કર્યું. એનું ધડ એમ જ રહ્યું, ગરદન વળી અને એનો ચહેરો અનિકેતની સમ્મુખ થયો. આંખો પૂર્વવત્ ખુલ્લી જ હતી. અનિકેતને આજે મિત્રની આંખો વધુ મોટી અને વધુ ખાલી લાગી. મોટાં મોટાં વૃક્ષોની ડાળી નીચે લથડી ગયેલા લટકતા માળા, પંખીઓના ઊડી જવાને કારણે લાગે તેથી પણ વિશેષ ખાલીખમ આંખો જોઈને અનિકેતને ભયનો અનુભવ થયો. એણે ઉદયનનો હાથ હાથમાં લીધો. કંઈક કહેવા એના હોઠ ખૂલ્યા અને ઉદયને એકાએક હાથ ખેંચી લીધો. અનિકેતના સ્પર્શથી એની ત્વચાએ ઠંડીનો કંપ અનુભવ્યો હતો.

'ઉદયન ?'

પૂર્વવત્ સ્થિતિ.

'ઉદયન, તને આ શું થયું ?'

ઉદયને નીચું જોયું.

'કેમ કંઈ બોલતો નથી ?'

એણે અનિકેતના સામું જોયું.

'ઉદયન તારી આ દશા ?'

'તું કશું બોલ નહીં. એમ જ બેસી રહે. તારા જેવા સ્વસ્થ માણસે આમ બેચેન થવું ન જોઈએ. અનિકેત ! તું મારી સામે પેલી આરામખુરશી લાવ, અને એમાં બેસ. રાત્રે ગાડીમાં પૂરતો આરામ મળ્યો ન હોય તો ઊંઘી જા. કે પછી જાગતો જાગતો મારા તરફ નજર રાખ. આપણે વાત ન કરીએ. ફક્ત આપણે નજીક હોઈએ. અત્યારે -હાલ તો હું માત્ર એટલું જ ઈચ્છું છું કે આપણે સૂનકારને જાળવી રાખીએ. બે માણસો વચ્ચે એકાન્ત કેટલું ટકી શકે છે તે જાણી લઈએ.'

'પરંતુ તને થયું છે શું ?'

'મને કંઈક થયું છે ખરું. શું થયું છે તે જાણતો નથી. હું દુઃખી છું કે કેમ તેની પણ મને ખબર નથી. પણ હું નિબિડભાવે અનુભવી રહ્યો છું કે હું છું. વિચાર કરી શકું કે જે છે તેને કંઈક તો થતું જ રહે છે.'

'આટલો નિર્મમ થઈને વાત ન કર.'

'નિર્મમતા શેની, જે મને સહજ છે તેને તું એવું નામ ન આપ. તું જાણે છે કે પોતાને દુઃખી માનીને અથવા જાહેર કરીને હું કોઈની અનુકંપા ઈચ્છતો નથી. હું જાણું છું કે તું અનુકંપાશીલ નથી, પ્રેમાળ છે. આજે તો હું પ્રેમ પણ નથી ઈચ્છતો. હાજરી ઈચ્છું છું. કોઈ એવી ક્ષણ આવે છે કે મને મારી પોતાની હાજરી ઓછી લાગવા માંડે છે. ત્યારે એમ થાય છે કે કોઈ મારી પાસે હોય તો સારું. વિચારવું ઓછું પડે.'

'હા, કોઈ હોય તો સારું.'

'મેં તને પત્ર લખ્યો ત્યારે મેં માન્યું હતું કે તું થોડા દિવસમાં આવી જશે. પણ તું આવ્યો નહીં. આવવાની ઈચ્છાને તેં રોકી હોય તો તેનું કારણ પણ સમજી શકાય એમ છે. એ કારણ ખોટું પડ્યું. તું તો આવ્યો, બહુ મોડો આવ્યો. મેં તારી રાહ જોવાનું છોડી દીધું તે પછી તું આવ્યો.'

'પણ પત્રમાં તેં કશું ગંભીર લખ્યું ન હતું.'

'યાદ નથી શું લખ્યું હશે. રહી ન શકયો ને મેં તને પત્ર લખી દીધો. એકાએક હું અકળાઈ ઊઠયો હતો અને અશબ્દ રહેવું દુઃસહ થઈ ગયું હતું. બીજા કોને યાદ કરું ? તને પત્ર લખી દીધો. તે વખતે લખ્યો. હવે લખવાનો હોત તો ન લખત. હવે તો પેન હાથમાં પકડવી ગમતી નથી. તું મારા એ પત્રને લીધે જ આવ્યો ?'

'હા.'

'તો તારો આભાર. મિત્ર પણ જ્યારે આભાર માને ત્યારે એ આભારનું મૂલ્ય ઘણું હોવું જોઈએ. તો મિત્ર, આજે તું આવ્યો તેની મારા પર ભલે કંઈ પણ અસર પડી

ન હોય. તું બેત્રણ દિવસ મારી સાથે રહીશ તો તારા સાહચર્યની મારા પર ઘણી અસર પડશે.'

પુસ્તકોના ઘોડા પરથી એક ગરોળી ઊંચે ગઈ. એક જંતુ જાગ્રત થાય તે પહેલાં એને મોંફાડમાં એણે ઉપાડી લીધું. એની રાખોડી પીઠમાં સંચાર થયો. એ પાછી વળીને પુસ્તકોના ઘોડા પાછળ સરકી ગઈ.

એ ઊભો થયો. ઉદયને કહ્યું હતું તે રીતે આરામખુરશી નજીક લાવીને એમાં બેઠો.

'આજે હું તને કોઈ સારા ડૉક્ટર પાસે લઈ જાઉં.'

'બે દિવસ પહેલાં હું ત્રણ ડૉક્ટરોને મળી આવ્યો છું. ત્રણેયના મતમાં પચાસથી સાઠ ટકા અંતર છે. મને તો ઈચ્છા થયેલી કે એક પછી એક એમ બધા ડૉક્ટરોની મુલાકાત લઈ આવું. એમને ભળતા રોગોનાં કયાં કયાં નામ આવડે છે તે જાણું. કેવા આત્મવિશ્વાસથી એ નિદાન કરે છે, તે જોઉં. પરંતુ થાક લાગતો હતો. ત્રણથી સંતોષ માનીને પાછો વળ્યો.'

'શું કહ્યું એમણે ?'

'ચોક્કસપણે કશું કહી શકાય નહીં. હું એમની મુશ્કેલી સમજી શક્યો. નિદાન કરવા માટે કંઈક તો ધારીને ચાલવું પડે છે. કાર્યકારણ સંબંધ ન જડે તો સાદૃશ્ય પરથી ચાલવું પડે છે. એક ડૉક્ટરે લાંબા સમય સુધી સ્ક્રિનિંગ કર્યું અને કહ્યું કે એક કિડની નબળી પડી ગઈ છે. ક્યારે કામ કરતી બંધ થાય તેની ખબર નહીં. કિડની બગડે તેનાં કારણ હું સમજી શકું છું. ખાવાપીવાની પદ્ધતિ સાથે એને સંબંધ હોઈ શકે. પણ લોહીમાં આવી રહેલી વિકૃતિનું કારણ...'

'એ અંગે કોઈએ કંઈ ન કહ્યું ?'

'કહ્યું કે લોહીમાં એવો રોગ જાગી રહ્યો છે જેનું નામ પાડી શકાય તેમ નથી. રોગનું વ્યક્તિત્વ હજી બંધાયું નથી. મને લાગ્યું કે તો તો પછી રોગને ઓળખી શકાય તેવી સ્થિતિ આવે ત્યાં સુધી મારે રાહ જોવી જોઈએ. મારે રોગને સહાયક પણ થવું જોઈએ. તેથી બે દિવસથી કંઈ ખાધું નથી. આ રૂમની બહાર ગયો નથી. રોગને

અનુકૂળ થઈને એનો રસ્તો સરળ કરી રહ્યો છું. એના વિકાસમાં રસ લઈ રહ્યો છું કારણ કે એને ઓળખવા માગું છું. આશા રાખું છું કે નિકટના ભવિષ્યમાં એનું વ્યક્તિત્વ પૂર્ણપણે પ્રગટ થશે. વીતી ગયો તે યુગમાં કેટલાક લડવૈયા પોતાની પાસે બે તલવાર રાખતા. શત્રુ સામો મળે અને એ અશસ્ત્ર હોય તો એક એને આપતા. હું એ લડવૈયાનું અનુકરણ કરી રહ્યો છું. રોગ સજ્જ થઈ ને મારી સામે આવે તે પછી હું એની સાથે લડી લઈશ.'

અનિકેતને પોતાના કાન વિવશ લાગ્યા. ઉદયન બોલે તે બધું સાંભળવું પડતું હતું. એણે નિષ્ક્રિયતા અનુભવી. રૂમના વાતાવરણના અણુ અણુમાં ઠંડી નિષ્ક્રિયતાનો ભાર હતો. એ ઊભો થયો. ફરવાને બદલે અહીં-તહીં ઊભો રહેવા લાગ્યો. પાકા નાળિયેરનાં છોતરાં ઉતારવા માટે પોચો ભાગ શોધવા એને ગોળ ગોળ ફેરવવું પડે તેમ અનિકેત પોતાના મૌનનો છેડો શોધતો હતો.

તો લગભગ એક માસથી એની તબિયત સારી નથી. આ સ્થિતિમાં પણ આમ એકલો રહે છે. એણે નોકર રાખવો જોઈતો હતો પણ નહીં રાખે. એ અંગે પહેલાં એની સાથે વાત થયેલી છે. 'કોઈ માણસને પોતાના નોકરરૂપે જોવો તે મારાથી સહન ન થાય. અને મારામાં બીજાઓને એ રૂપે જોવાની ટેવ પડી જાય તો પછી હું મને માફ ન કરી શકું.' એના કથનમાં સંભવ છે થોડી અતિશયોક્તિ હોય પરંતુ એણે નોકર રાખ્યો નથી તે હકીકત છે. નાના કે મોટાનો ભેદ કર્યા વિના સહુની સાથે એ એક ભૂમિકાએ વર્તે છે. 'સ્વામી અને સેવક... માણસ અને માણસ વચ્ચે એ વ્યવહાર શોભે નહીં'... પણ કોઈ આપણું કામ કરે તેથી એને નોકર જ માનવો એવું કોણે કહ્યું ? બાકી, કાર્યભેદ તો રહેવાનો જ. અત્યારે ઉદયન સાથે ચર્ચા કરવાનો સમય નથી. તેથી અનિકેતે પોતાના ચિત્તમાં ચાલતો સંવાદ પણ શાંત પાડ્યો. હવે તો ઉદયન જે છે તે છે. એને એ સ્વરૂપે સ્વીકારી લેવામાં મિત્ર તરીકેનું મારું દાયિત્વ રહેલું છે. એક વાર એ તંદુરસ્ત થઈ જાય અને અમૃતા...

ઉદયનના પલંગની બારી કને જઈને એ ઊભો. બારીમાં ટીપી નાંખેલાં બે રમકડાં પડ્યાં હતાં.

'આ શું ઉદયન ?'

'ભંગાર.'

'શેનો ભંગાર ?'

'ભંગાર પરથી મૂળ આકૃતિની તું કલ્પના નહીં કરી શકે ?'

અનિકેત એ ટીપી નાંખેલાં રમકડાંને હાથમાં લઈને જોવા લાગ્યો. અત્યારે તો ડૂચારૂપે જ એમને ઓળખી શકાય તેમ છે. એણે બંને હાથ કામે લગાડ્યા. પતરાંના રંગબેરંગી ટુકડા અને એકએક બબ્બે ઈંચના સળિયા એમાંથી બહાર ખેંચીને એ મૂકવા લાગ્યો. કલ્પના વડે એ ટુકડાઓનું સંયોજન કરીને રમકડાંની સર્વાંગપૂર્ણ આકૃતિ એ રચી શક્યો નહીં, કશો આકાર ઊભો થયો નહીં.

'લાવ મારી પાસે.'

હાથમાં લઈને ઉદયને બધા ટુકડાઓને રસપૂર્વક જોયા.પછી એમનું બે ભાગમાં વિભાજન કર્યું. ગોઠવવા લાગ્યો. સફળતા મળશે એવું માન્યા વિના. અનિકેત એની પાસે જઈને બેઠો.

'હવે તો સાંધા મળી શકે તેમ નથી. મારી ભાષા પરથી તને ખ્યાલ આવી જશે. આ ટુકડાઓ પહેલાં સ્પુટનિક નામના રમકડાનાં અંગ હતા. ચાવી આપવાથી અવાજ થતો હતો. એમાંથી સ્પુટનિક છૂટતો હતો. વચ્ચે ધાબું આવી જવાથી માથું પટકીને એ નીચે પડતો હતો. અહીં પલંગ પર જ પડતો હતો તેથી હાથથી ઉપાડીને હું એને ફરી ગોઠવતો હતો, ચાવી આપતો હતો અને ફરી અવાજ થતો હતો. એ રમકડું પારકું હતું અને મારા માટે ખરીદાયું ન હતું. ભૂલથી અહીં રહી ગયેલું. ત્યારે ભૂલથી કે ભૂલ વિના પણ ઘણું અહીં રહી જતું હતું. હું પણ કશો વિચાર કર્યા વિના સઘળું ભૂલી જઈને મારી આંગળીઓની ક્રિયા જોઈ રહેતો હતો. ચાવી, અવાજ, ઊછળવું, ભટકવું, પટકાવું... એકવિધતા નભી રહી હતી, ત્યાં સ્પુટનિક મારા તરફ છૂટયો અને માથામાં વાગ્યો. મારા સુપ્ત મગજે વિસ્ફોટનો અવાજ સાંભળ્યો. આખી ઘટનાનું રહસ્ય ખૂલી ગયું. મને થયું કે ખેલ પૂરો થયો. હવે રમી રહ્યા... કશું સૂઝતું

ન હતું... સમય જતો હતો. એને હાથમાં લઈને દબાવવા લાગ્યો. એ તોડી શકાય એવું લાગ્યું. પણ એમ ન કરતાં બૂટ વડે એને ટીચવા લાગ્યો. એનો ડૂચો કરી નાંખ્યો, જેથી ઓળખાય નહીં.

બોલવાથી થાક લાગ્યો હોય તેમ ઉદયને દીવાલનો ટેકો લીધો. અનિકેત જીર્ણ અવશેષોને એકઠા કરીને ફેંકી દેવા માટે હાથમાં લેવા લાગ્યો.

'ફેંકી ન દેતો.'

'કેમ ?'

'બીજા રમકડા વિશે તો તેં જાણ્યું જ નહીં.'

'મારે નથી જાણવું, તું આરામ કર. આરામની જરૂર છે.'

'આરામ કરવો હોય તોપણ એ કંઈ ઓછો સુલભ છે? પડી રહેવાથી આરામ મળતો હોય તો એ મને વધારે પડતો મળ્યો છે... તું આટલા સમય પછી આવ્યો છે અને તારી જિજ્ઞાસા અસંતુષ્ટ રહી જાય તે મને ન પાલવે.'

એ ડાબી તરફ ઢળીને સૂઈ ગયો.

'એ ચગડોળ હતું.'

એણે આંખો દાબી.

'મારે બાળપણ પણ હતું.'

એણે ઊંચે જોયું. સપાટ છત દેખાઈ. ચૂનાની સફેદી એની આંખોમાં ફેલાઈ.

'શામળાજીના મેળામાં જાઉં ત્યારે ચકડોળ પર તો બેસું જ.'

એ બેઠો થયો.

છત્રીના આકારના ચકડોળ કરતાં રેંટની ગતિએ ફરતા ઊંચા ચકડોળ પર બેસવાનું હું વિશેષ પસંદ કરતો... છેક ઊંચે પહોંચું ત્યારે મારા ચહેરા પર સ્મિત ફરકે. બધું

મને મારાથી નીચે દેખાય. મારી સામેના ડુંગરાના જંગલમાં સૂસવતો પવન શ્વાસમાં ભરીને હું નીચે ઊતરું.'

અનિકેતે બધા ટુકડા ફેંકી દીધા હતા.

'એ રમકડું ચાલુ કરીને હું જોઈ રહેતો. એ ફર્યા કરતું. એની બેઠકો પર ચોંટાડેલા માણસોને વીણી વીણીને હું એક તરફ મૂકવા લાગ્યો. એક જ માણસ વધ્યું. પછી ચાવી આપી. ચકડોળ શરૂ થયું. એની ગતિ બદલાઈ ગઇ હતી. એને અટકતાં વાર ન લાગી. બેલેન્સ રહ્યું ન હતું. છતાં મારી ઈચ્છા હતી કે ચકડોળે ચાલવું જોઈએ. ચાવી આપતો રહ્યો. સ્પ્રિંગ તૂટી ગઈ. પછી મારી આંગળીઓનાં ટેરવાંથી હું એને ફેરવતો રહ્યો, ફેરવતો રહ્યો. આંગળીઓ થાકી ગઈ તેથી બૂટ હાથમાં લીધો. એને પણ ટીપી નાંખ્યું. પછી નિશ્ચિંત થઈને સૂઈ ગયો… તારા શબ્દોમાં કહું તો આરામ કરવા લાગ્યો.'

અનિકેતે સૂટકેસમાંથી રણપ્રદેશનાં અને એની આજુબાજુનાં પ્રાકૃતિક દશ્યોના ફોટોગ્રાફ બહાર કાઢ્યાા. સૂઈ રહેલા ઉદયનની પાસે મૂક્યાા. એ સ્નાન કરવા ગયો. વસ્ત્ર બદલીને તૈયાર થઈને એ સામે આવીને ઊભો.

'ઉદયન, હું એકાદ કલાકમાં આવી જઈશ. જેટલો વહેલો આવી શકીશ, આવીશ. આજે બે ફિઝિશ્યનોનો સમય માગીને એમને અહીં જ બોલવું છું. તારે હવે નિષ્ક્રિય રહેવાનું છે. તારે તારામાં સહેજે રસ લેવાનો નથી. જે થાય તે થવા દેવાનું છે. ભવિષ્ય અંગે વિચાર આવે અને આશા જાગે તો તેને રોકવાની નથી. તારે પ્રયત્નપૂર્વક કશાયમાં શંકા કરવાની નથી. ઉદયન, તારે માનવું જ પડશે. દરેક માણસે જીવવું જોઈએ. તેથી તારે જીવવું પડશે. તું એક એવો માણસ છે. જેનું સંકલ્પબળ એને કોઈ પણ સ્થિતિમાં જિવાડે.'

'હું હું.'

'અચ્છા, હું કલાક-પોણા કલાકમાં આવી જાઉં છું.'

'એક વાત.'

‘કહે.’

‘તું અમૃતાને મળવાનો ?’

‘સિક્કાનગર જાઉં છું. એને મળવા જ જાઉં છું. કેમ ?’

‘એને મારા વિશે કંઈ કહેવું નહીં.’

‘તો શું એ જાણતી નથી ?’

‘હું ઘણા વખતથી એને જાણતો નથી તેથી એ મારા વિશે જાણે છે કે નહીં તેની મને ખબર શી પડે ? પણ હવે એ જાણે અથવા ન જાણે, સરખું જ છે.’

‘એ અંગે હું તારી સાથે ચર્ચા નહીં કરું.’

‘પણ સાંભળતો જા, તું મારો મિત્ર હોય તો અમૃતા સાથેની વાતચીતમાં મારા નામનો ઉલ્લેખ પણ થવો ન જોઈએ.’

અનિકેત ટેબલ પર બેઠો.

ઓથાર.

‘કેમ રોકાઈ ગયો ?’

‘એ પૂછે કે ક્યાં ઊતર્યો છે તોપણ તારું નામ ન દઉં ? ખોટું બોલું ?’

‘ભલે, એને મારા વિશે જે કહેવું હોય તે કહેજે. અને એના ચહેરા પર શી પ્રતિક્રિયા વ્યક્ત થાય છે તે યાદ રાખીને મને કહેજે. અથવા એમ કર. એને અહીં જ બોલાવી લાવ. હું જોઉં કે એ કેટલી સુખી છે. એને સુખ સદી ગયું છે કે નહીં તે જોઉં. જરૂર બોલાવી લાવજે.’

‘ભલે.’

‘એક બીજી વાત.’

‘શી ?’

‘મને મારી એક ધારણામાં વહેમ ગયો છે. ઈશ્વર વિશેની ધારણામાં.’

‘એટલે તું ઈશ્વરને સ્વીકારવા લાગ્યો ?’

‘ના, પરંતુ પહેલાં હું એનામાં નહોતો માનતો તે માન્યતામાં હવે હું નથી માનતો. મારી ધારણા તૂટી છે. હવે હું નાસ્તિક નથી કે આસ્તિક પણ નથી, સંશયાત્મા છું. અને તું જાણે છે પેલો શ્લોક संशयात्मा...’

‘એવું કેવી રીતે બન્યું ?’

‘જાપાનમાં, પરમાણુ વિશે વિચારતાં મને એ લાગ્યું. પણ જવા દે એ વાત, ઈશ્વર હોય કે ન હોય તેથી કશો ફેર પડતો નથી. એ ન હોય તો એનો મને અફસોસ નથી અને એ હોય તો એની સામે મને વાંધો નથી.’

‘ઈશ્વર તો નિર્બળનું બળ છે. તારા જેવો બળવાન માણસ ઈશ્વર વિના કદાચ ચલાવી શકે. હું જાઉં, નહીં તો તું કંઈક બોલીશ. આરામ કર.’

‘જલદી આવજે. તારી ગેરહાજરી હું કેટલો સમય સહી શકીશ તેની મને ખબર નથી.’

અનિકેત સિક્કાનગર પહોંચ્યો. વેગભર્યો દાદર વટાવી ગયો. ઘંટડી રણકી. લૉક ? એ ક્યારથી અહીં નથી રહેતી ? નીચે આવી ગયો. કાર પડી ન હતી. કોને પૂછવું ? જૂહુ તો નહીં ઊપડી ગઈ હોય ને ? ત્યાં જાઉં ? ઉદયને કહ્યું છે કે એને બોલાવી લાવજે. બોલાવી લાવું અને એ કંઈ કહી બેસે તો ? લાગે છે એવું કે અમૃતા એને ઘણા સમયથી મળી નથી. ઉદયન કંઈક સ્વસ્થ થાય પછી જ એને બોલાવવી જોઈએ.

પડોશીને ઘેર જઈને એણે ફોન જોડ્યો. બે ડૉક્ટરોને એક સાથે બોલાવવા હતા. સમય ગોઠવાતાં વાર થઈ. બપોરના બે વાગ્યે બંને આવી શકશે.

એણે ‘છાયા’નો પણ નંબર જોડ્યો. અમૃતા છે ? અમૃતા હતી. એને બોલાવવામાં આવી. એણે અનિકેતે કહ્યું તે બધું સાંભળ્યું. એને ખબર ન હતી. ક્યારે આવો છો ?

અમૃતાએ ઉત્તરમાં કહ્યું — તમે કહો ત્યારે. ત્રણેક વાગ્યે આવો. બે વાગ્યે ડૉક્ટરો આવવાના છે. અમૃતાએ હા પાડીને ફોન મૂકી દીધો હતો.— તમે કહો ત્યારે. ત્રણેક વાગ્યે આવો. બે વાગ્યે ડૉક્ટરો આવવાના છે. અમૃતાએ હા પાડીને ફોન મૂકી દીધો હતો.

કેમ એનો સ્વર સાવ નિષ્કંપ હતો ?

ઠીક ઠીક ચાલ્યા પછી એને ટેકસી રોકવાનું સૂઝયું. એનો પહેલાંનો નોકર એક હોટલમાં કામ કરતો હતો. એ તરફ થઈને એ નીકળ્યો. ઉદયન બીમાર છે એ જાણીને એ મેનેજરની રજા લઈ આવ્યો અને આગ્રહપૂર્વક અનિકેતની સાથે થઈ ગયો.

ઉદયનનું મુખ દીવાલ તરફ હતું. એણે પદરવ સાંભળ્યો. બે માણસો છે, પણ એમાં અમૃતા નથી. બીજું કોણ છે તે જોવા એણે પડખું બદલ્યું. અમૃતા નથી. તે એને પહેલાં દેખાયું પછી એણે અનિકેતના નોકરને ઓળખ્યો. ઉદયનને આ સ્થિતિમાં જોઈને એ ગળગળો થઈ ગયો.

ફળ જોઈને ઉદયન નિરાશ થયો. એણે માની લીધું કે હવે અનિકેત ખાવાનું કહેશે. અને મારે ખાવું પડશે. એણે જોયું કે કયાં કયાં ફળ છે. ઘાસ જેવાં લાગશે કે પછી કોણ જાણે કેવાં લાગશે.

નોકર ખૂટતી સામગ્રી લઈ આવ્યો અને ચા બનાવી.

ચા તરફ એને પક્ષપાત છે. છતાં એણે કશો રસ બતાવ્યો નહીં. બે દિવસ પછી ચાનો સ્વાદ શી ખબર કેવો લાગશે ?

અનિકેત સામે આવીને બેઠો. પેન્ટના ગજવામાંથી એણે સિગારેટનું પેકેટ કાઢ્યું. ઉદયનની પ્રિય સિગારેટ.

ઉદયનના ચહેરાની રેખાઓમાં ઉત્સુકતા સ્ફુરી આવી. અનિકેત હાથમાં એ પેકેટને ફેરવતો રહ્યો. સહુએ ચા પીધી. અનિકેતે ઉદયનના મોંમાં સિગારેટ મૂકી અને સળગાવી. એણે પોતે પણ સળગાવી. ઉદયનના હોઠ પર હળવું સ્મિત જાગ્યું. એણે

મનોમન નોંધ લીધી — 'હું જાણું છું જનાબ, આપ મને કંપની આપવા મોં કડવું કરી રહ્યા છો. બાકી આ જન્મારામાં આપને સિગારેટ પીતાં આવડવાની નથી.' અનિકેતના આ પ્રયત્નમાં એને દેખાવ ન લાગતાં, ઊંડો સદ્ભાવ લાગ્યો.

'અનિકેત, એક આ સિગારેટ પીવા પણ હું જીવવાની ફરજ બજાવવા તૈયાર થાઉં એમ છું.'

અનિકેતે લાંબો પફ લીધો. એને ઉધરસ આવી. વિના ફૂંક્યે પણ સિગારેટમાંથી નીકળતી ધૂણીને એ જોઈ રહ્યો. એની આંખમાં ધૂણી પહોંચવાથી પાણી આવ્યું.

રૂમની સફાઈ થઈ. બારીઓના પડદા ધોવા માટે નોકરે ખોલી લીધા. રૂમની ઝાંખપ બહાર ગઈ અને ઉજાસ અંદર આવ્યો. વાતાવરણમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું.

ઉદયને અનિચ્છાએ સ્નાન કર્યું. અનિચ્છા હોવા છતાં સ્ફૂર્તિ અનુભવી. અશક્તિ ઓછી થઈ હોય તેમ લાગ્યું. હા, સ્નાન વખતે ગરમ પાણીનો સ્પર્શ કંઈક જુદો જ લાગતો હતો. એણે બાજુમાં પડેલી ઠંડા પાણીની ડોલમાં હાથ મૂક્યો. ઠંડું પાણી વધારે ઠંડું લાગ્યું. ઠંડું કે ગરમ ન લાગે, પાણી માત્ર પાણી જ લાગે એવી સ્થિતિ એ ઊભી કરી શક્યો નહીં. બેચેની અનુભવી રહ્યો. હા, હું બીમાર છું તો પછી કંઈક તો અવનવું લાગવું જ જોઈએ ને ! એને સમાધાન મળી ગયું. એ બહાર આવ્યો.

પલંગ સ્થળાંતર પામ્યો હતો. ચાદર બદલાઈ ગઈ હતી. એણે વાતાવરણને સૂંઘી જોયું.

'મારું હતું તે બધું તમે લોકોએ છીનવી લીધું. ક્યાંથી લાવ્યા આ વાતાવરણ ?'

અફસોસ વ્યક્ત કરતો એ પલંગ પર બેઠો. ત્યારે પળવાર તો એને લાગ્યું કે પોતે ખાસ બીમાર નથી. આમ માનવા પોતે લલચાયો છે, વસ્તુસ્થિતિ એને તરત પ્રતીત થઈ. તોપણ ભ્રમમાં રહેવા એણે ઈચ્છ્યું.

ધૂપસળીઓ સળગી રહી હતી.

ઉદયને સિગારેટ સળગાવી.

ત્રણે જણે બપોરે હળવો નાસ્તો કર્યો. અનિકેતે નોકરને રજા આપી. એણે ઉદયનને તબિયત સાચવવા વિનંતી કરી. ગયો.

ઉદયન ઊંઘી ગયો.

અનિકેતની આંખો ભારે હતી. એ જાગતો હતો.

પોણા બે વાગ્યા. તે પછી ઘડિયાળના કાંટાઓ તરફ એ જોઈ રહ્યો. ડૉક્ટર સમયસર આવ્યા. મુવિંગ એક્સ-રે પણ લેતા આવેલા. પાંત્રીસ મિનિટ સુધી તપાસ અને પ્રશ્નોત્તરી ચાલી. પોતાને ગંભીર રાખી શકે એવા ડૉક્ટરોને પણ ઉદયનના ઉત્તરોથી વચ્ચે વચ્ચે હસવું પડતું હતું. અને ગંભીર થવા જેવી બાબતો પર હસવું પડતું હતું. પેશાબ, લોહી, ઝાડો વગેરેની તપાસની પણ વ્યવસ્થા કરી લીધી.

ડૉક્ટરો અનિકેતને સાથે લેતા ગયા.

ઉદયન બ્લેડ લઈને નખ કાપવા બેઠો.

અનિકેત બે મિનિટમાં પાછો આવ્યો.

'અરે, હું તને કહેવાનું ભૂલી ગયો. દવા લઈને આવું છું.'

'દવા કે વસિયાતનામાનો કાગળ, જે લાવે તે.'

'પોતાના પર આમ વ્યંગ કરી શકવાની તારી તાકાતની હું પ્રશંસા કરું છું.'

'બસ હવે, બકાવ્યા વિના જા.'

'અમૃતા ત્રણેક વાગ્યે આવશે. હું આવું ત્યાં સુધી એને રોકી રાખજે. મારે એની સાથે વાત કરવી છે.'

'તને સામી મળે તો સાથે લઈ જજે. અથવા પાછી વાળજે. હમણાં એ અહીં ન આવે તો સારું.'

'કેમ? સવારમાં તો એને બોલાવવાની તેં રજા આપી છે. સારું, મને મળશે તો હું એને પાછી વાળીશ. પણ અહીં આવી જ જાય તો એને પાછી વાળવાનું કામ તું કરતો નહીં. અતિથિને પાછાં વાળવામાં શોભા નથી.'

'તું જા, નીચે ડૉક્ટરો તારી રાહ જોતા હશે.'

'અચ્છા, સૂઈ જા.'

ડૉક્ટરોએ ઉદયન વિશે અનિકેતને ઘણા પ્રશ્નો પૂછ્યા. એ બધા પ્રશ્નો પૂછવા જરૂરી હશે એવું અનિકેતને લાગ્યું નહીં. લોહી અને પેશાબની તપાસનો રિપોર્ટ મળ્યો તે પછી અનિકેતની હાજરીમાં જ ચર્ચા થઈ.

'એક કિડની લગભગ કામ કરતી નથી, ક્ષાર બાજી ગયા છે.' અનિકેત જાણે કે પોતાના શરીર વિશે સાંભળી રહ્યો હતો —

'જેને પથરી કહે છે...'

'ઘણી પથરીઓ બાઝી ગઈ છે.'

'બીજી કિડની નબળી પડવા લાગે તો મુશ્કેલી.'

'પણ ડૉક્ટર, પહેલાં કિડનીનો ઉપચાર કરવો છે કે લોહી સુધારવાનો પ્રયત્ન કરી જોવો છે ? એક તો કિડની જેવો ગંભીર રોગ અને તે ઉપરાંત લોહીના રોગનો ખ્યાલ ન આવે.

'મિસ્ટર અનિકેત, તમારા મિત્ર ભારે બેદરકારીથી જીવતા લાગે છે. કિડની આટલી બધી બગડે અને એની એમને ખબર ન પડે એવું બને ?'

'અત્યારે મારાથી એને ઠપકો આપી શકાય તેમ નથી. એના રોગનો ઈલાજ ઉત્તમ રીતે થાય એ જ મારે તો હવે જોવાનું છે.'

'પ્રયત્ન કરી જોઈએ.'

'પ્રયત્ન કરી જોઈએ એટલે શું એનું લોહી સહેલાઈથી સુધરે એવું રહ્યું નથી ?'

'તમે એમની ચામડી નથી જોઈ? કેવી ઝાંખી પડી ગઈ છે? મારાં આટલાં વરસની કેરિયરમાં આ જ એક એવો રોગ છે. જેના નિદાનમાં હું આટલો ખમચાઉં છું.'

બીજા ડૉક્ટરે પણ એ જ કહ્યું, બીજા શબ્દોમાં.

અનિકેત શાંતિપૂર્વક એમની વાત સાંભળી રહ્યો.

'આ પેલાગ્રા તો નથી. સૂર્યના તેજના સંપર્કમાં આવે તેટલા જ ભાગ કાળા પડી ગયા હોય તેવું નથી. સઘળી ચામડી ઝાંખી પડી ગઈ છે. ચામડી જાણે શરીર પર ઉપરથી લગાડેલી હોય તેમ લાગે છે.'

'એ હીરોશીમામાં ઠીકઠીક રોકાયા છે. તો એ વસ્તુ ધ્યાનમાં રાખીને પણ આપણે વિચારવું જોઈએ.'

'હું પણ એ જ કહેવા જતો હતો કે રેડિયો-એક્ટિવની અસરથી એગ્રેન્યુલો સાઈટોસીસ થાય તેવું ન બને?'

'એમ માનીને ચાલવું મુશ્કેલ છે. એક ક્યુબિક મિલિમીટરમાં આમ બાર હજાર જેટલા શ્વેતકણોનું પ્રમાણ જોતાં લ્યુકોસાઈટોસીસની મને તો શંકા જાય છે.'

'પણ ફેફસાં નીરોગી છે, એનું શું?'

'આપણે એમ કરીએ તો? દરદીને હૉસ્પિટલમાં દાખલ કરાવીને વધુ તપાસ અને પ્રાયોગિક ઉપચાર ચાલુ કરીએ. તે દરમિયાન આપણે મિત્રોને પૂછી શકશું. વિદેશમાં પણ પૂછીએ. આજે તો રેડિયો-એક્ટિવના પ્રભાવથી થતા રોગો પર સંશોધન-કાર્ય ઠીક ઠીક થઈ રહ્યું છે.'

'મને પણ એ જ એકમાત્ર ઉપાય લાગે છે.' બીજા ડૉક્ટર બોલ્યા —

'અનિકેતભાઈ, તમારા મિત્રને મોટી હૉસ્પિટલમાં, બની શકે તો આજે જ દાખલ કરાવી દો. અમે ફોન પર ભલામણ કરી દઈએ છીએ. તમે જઈને સ્પેશિયલ રૂમની સગવડ મેળવી લેજો. છ વાગ્યા સુધીમાં એમને ત્યાં પહોંચાડી દો. હમણાં કિડની તરફ લક્ષ્ય આપીએ.'

‘જરૂર.’

‘આ જો લ્યુકેમિયાના આરંભની પ્રક્રિયા હોય અને થોડા સમયમાં લ્યુકેમિયા થઈ જાય તો પછી આપણા હાથમાં કશું નહીં રહે.’

‘લ્યુકેમિયા ?’

‘હા, એ લગભગ પ્રાણઘાતક રોગ છે. લોહીના શ્વેતકણ એક ક્યુબિક મિલિમીટરમાં વીસથી પચાસ હજાર જેટલા થઈ જાય.’

‘જેને લોહીનું કેન્સર કહે છે, તે જ ?’

‘હા, દરદીનો રેઝિસ્ટન્સ પાવર સાવ ઘટી જાય. જેટલો સમય એ જીવે તે પણ એના માટે અસહ્યા થઈ જાય. નાનીનાની વસ્તુઓ એના માટે કષ્ટદાયક બની જાય.’

ડૉક્ટરો સાથેની વાતચીત અનિકેતના મનમાં ઘોળાયા કરતી હતી. કિડની તો એક પણ ચાલુ હોય ત્યાં સુધી વાંધો નથી આવતો પણ આ લોહીના રોગને આ લોકો ઓળખી શકતા નથી ? હું ઘણો મોડો આવ્યો. મને શી ખબર કે એની આ સ્થિતિ થઈ હશે ? એને પ્રતીત કરાવવું પણ મુશ્કેલ છે કે એ સહેલાઈથી સાજો થઈ જશે. પણ પ્રયત્ન કરી જોઉં. એને લાગે કે જીવી શકાય એમ છે અને જીવવાની કામના એ અનુભવે તો જ આશાસ્પદ પરિણામ આવે. જરૂર પડે તો એને વિદેશ પણ લઈ જવો...

સાડા પાંચ વાગ્યે એ પહોંચ્યો. ડૉક્ટરોએ શું કહ્યું એ અંગે ઉદયને કંઈ પૂછ્યું નહીં. વાત કેવી રીતે શરૂ કરવી તે અનિકેતને સૂઝતું ન હતું. આખરે, મોટી હૉસ્પિટલમાં દાખલ થવાનું છે એ એણે કહ્યું. ઉદયને સાંભળીને પડખું બદલ્યું.

અનિકેત નજીક આવ્યો.

‘બીજો કોઈ રસ્તો નથી, હૉસ્પિટલમાં દાખલ થવું જ રહ્યું.’

‘એક બે દિવસ તારી સાથે શાંતિથી વીતશે એવું હું માનતો હતો. જ્યારે તેં તો મારી પાસે સલામત હતી એટલી શાંતિને પણ દૂર કરવાની પેરવી શરૂ કરી દીધી.

અઠવાડિયા પહેલાં હું જનરલ હૉસ્પિટલ પાસેથી પસાર થયો હતો. ત્યારે મને હીરોશીમાની હૉસ્પિટલ યાદ આવી હતી. કોણ જાણે કેમ, પણ હવે હૉસ્પિટલના સ્મરણથી મારા શ્વાસમાં મૃત્યુની ગંધ ભળવા લાગે છે. હૉસ્પિટલમાં રહેવું અને ભોંયરામાં રહેવું એ બંને સરખી સહનશક્તિ માગી લે. જીવતા રહેવા માટે આ બધી શી ખટપટ ? જવા દે યાર, આ બધી ધમાલ નાહક છે. જોઈએ, આ શરીરમાં શું શું પરિવર્તન આવે છે, ક્યા સ્વરૂપે મૃત્યુ આવે છે, કેવી મમતાથી એ મને લઈ જાય છે, ગ્રહણ કરવાની એની પ્રક્રિયા શી છે તે જોઈએ.'

'એ પ્રક્રિયા નથી, પરિણામ છે, અને એ તારાથી ઘણું દૂર છે, એટલું બધું દૂર છે કે મને કલ્પનામાં પણ દેખાતું નથી. થોડાક દિવસમાં તું સ્વસ્થ થઈ જશે. તે પછી આપણે તારા આ રૂમમાં નિરાંતથી બેસીશું અને કલાકો સુધી વાતો કર્યા કરીશું.'

'મને લઈ જ જવો છે ? કોઈ વિકલ્પ નથી ?'

'જવું જ રહ્યું.'

'તો આવતી કાલે લઈ જજે. આજે તો મને અહીં જ પડ્યો રહેવા દે. મને હૉસ્પિટલમાં બધું પારકું પારકું લાગે છે. અને દરદી બનીને જઈશ તે સ્થિતિમાં તો મને પાંજરાપોળમાં દાખલ થયાનો અનુભવ થશે.'

'સ્પેશિયલ રૂમની વ્યવસ્થા મળશે. તારો આ રૂમ છે તેવો જ એ રૂમ હશે. બદલાશે ફક્ત દીવાલો. પણ તેથી શો ફેર પડી જવાનો છે ? ડૉક્ટરો ઈલાજ કરશે. પરિચારિકાઓ સેવા કરશે. તું જોયા કરજે. તું જાગતો હશે ત્યાં સુધી આપણે વાતો કર્યા કરશું. તું ઊંઘી જઈશ ત્યાં સુધી હું જાગતો હોઈશ.'

'ઊંઘ આવતી નથી. કાલે સાંજ વેળાએ બેઠો હતો. તું આવ્યો ત્યાં સુધી એમ જ બેસી રહેલો. બેઠાં બેઠાં જે ઊંઘ આવી હોય તે. સિગારેટ ખૂટી ગઇ હતી. લેવા જવાની ઇચ્છા હતી પણ પગ નીચે મૂકવાની તૈયારી ન હતી. પછી તો સિગારેટને ભૂલી ગયો અને વિચારતો વિચારતો રાતને વાગોળતો રહ્યો. સવારે જોયું તો રાત વીતી ગઈ હતી. અને એને સ્થાને તું આવી પહોંચ્યો હતો. પહેલાં તો મને લાગ્યું કે

તું નાહક આવ્યો છે. પછી એવું લાગ્યું કે સારું થયું. તારી સાથે વાત કરી શકાશે. પરંતુ તું તો આવ્યો એવો જ ડિસ્ટર્બ કરવા લાગી ગયો. હવે પણ ઘર છોડાવવા બેઠો છે. તું તો મિત્ર છે કે દુશ્મન ?'

'એ બધું નક્કી કરવાનું બીજા કોઈને સોંપીશું. હવે તારે તૈયાર થવાનું છે. કહે, સાથે શું શું લઈ જવું છે ?'

'આ રૂમમાંથી મને લઈ જાય છે એટલું ઓછું છે કે બીજું પણ અહીંથી લઈ જઈને તારે રૂમને વેરાન કરી મૂકવો છે ?'

'ઉદયન, તારી સામે હું મજબૂર છું. સમય જાય છે. કહે, સાથે શું શું લઈ લેવું છે ?'

'તને યોગ્ય લાગે તે. હવે હું તારો શરણાર્થી હોઉં એ રીતે માનીને તું ચાલ.'

આમ તેમ તે બોલતો હતો. ઊભો થતો ન હતો. અનિકેત નારાજ થઈને બારી બહાર જોઈ રહ્યો.

ઉદયન ઊભો થયો. બાથરૂમમાં ગયો. મોં ધોવા પાણી હાથમાં લીધું. પાણીનો સ્પર્શ... જ્ઞાનતંતુઓની ઝણઝણાટી...

એણે મુઠ્ઠી વાળી અને નખમાં દેખાતો લોહીનો રંગ જોયો. કંઈ સમજ ન પડી. એણે હાથ વાળીને મસલ જોયો. કંઈ જ સમજ ન પડી.

ડૉક્ટરોએ કહેલું એ લોહી જ નાદુરસ્તીનું કારણ છે. પણ એને જોઈ શકાતું નથી. એનો રંગ કેવો હશે ? એણે નવાં કપડાં પહેર્યાં અને માથું હોળવા લાગ્યો. દાઢી વધી હતી. આ વાળને બીમારીની અસર થતી નથી. એ તો વધ્યા જ કરે છે... પણ આ લોહી... બહાર વહેતું જોવા મળે તો કેવું દેખાય ? એનો રંગ, એનો પ્રભાવ, એની ઉષ્ણતા...

'વેરી ગુડ !' ઉદયનને પેન્ટ અને બુશશર્ટમાં સજ્જ જોઈને અનિકેત બોલ્યો.

'હું પણ તૈયાર થઈ લઉં. સામગ્રી તૈયાર કરી દીધી છે, કપડાં બદલી લઉં.'

એ બાથરૂમમાં ગયો. ઉદયન બારી પાસે જઈને ઊભો. એણે બ્લેડ જોઈ. એ પલંગમાં સૂઈ ગયો. એણે બ્લેડ હાથમાં લીધી. બારી પર પડેલું પાકા બાઈન્ડિંગનું એક વજનદાર પુસ્તક લીધું. એને ગાદલા પર મૂક્યું. તેના પર બ્લેડ ઊભી કરી અને જમણા હાથથી પકડી રહ્યો. ડાબા હાથને ઊંચો કર્યો અને મસલ ચડાવવા પ્રયત્ન કર્યો. પછી હાથને બ્લેડ પર ગોઠવ્યો. પડખું બદલ્યું. શરીરનું વજન બ્લેડ પર આવ્યું. અડધા ઉપરાંત એ ડાબા હાથના મસલમાં ઘૂસી ગઈ. દાંત દાબીને એણે ચીસને રોકી રાખી. મોં ખૂલી ગયું પણ કશો અવાજ ન થયો. પગ પાસે પડેલી શાલ એણે હાથ ઉપર નાંખી. મોં પર પણ ઓઢી લીધું. પછી મોં ખુલ્લું કર્યું.

અનિકેત કપડાં બદલીને જ બાથરૂમ બહાર આવ્યો. માથું ઓળી લીધું.

'કેમ પાછો સૂઈ ગયો ?'

ઉદયન કંઈ બોલ્યો નહીં.

અનિકેતે શાલ ખેંચી લીધી.

'આ શું ??'

ચાદર ભીની થઈ ગઈ હતી.

આટલું બધું લોહી ? એને થયું કે તમ્મર આવશે કે શું ?

બ્લેડ હાથમાં ઘૂસી ગઈ હતી. અનિકેતે પકડીને એક આંચકે ખેંચી કાઢી, અને સાથે જ લોહીની છોળ ઊડી. ઉદયન બ્લેડ ખેંચાતી વેળા મૌનને જીરવી શક્યો નહીં. એનાથી ચીસ પડાઈ ગઈ.

અનિકેત હતબુદ્ધિ થઈ ગયો. શું કરવું ? કંઈ સૂઝતું ન હતું.

એણે બે હાથરૂમાલ લીધા. એક ઉપર એક બાંધી દીધા. લોહી એમને ભેદીને ટપકવા લાગ્યું. બંધ તૂટી ગયા પછી પ્રવાહને વશમાં લેવો મુશ્કેલ હોય છે. એક નસ કપાઈ ગઈ હતી.

'તેં આ શું કર્યું ?'

'મારે મારા લોહીનો રંગ જોવો હતો. એનો પ્રવાહ જોવો હતો. એ પ્રવાહમાં કોઈ રોગ તરતો દેખાય તો એને ઓળખી લેવો હતો. તે ઉપરાંત મને વારંવાર લાગ્યા કરતું હતું કે અંદર જાણે બધું ઠરી ગયું છે. પરંતુ આનંદની વાત છે કે ધાર્યા કરતાં પણ એનો પ્રવાહ વધુ છે. ભલે વહી જાય. નકામું છે. તેં શા માટે રૂમાલ બાંધ્યા ? વહી જવા દે. એને સાચવ્યાથી કંઈ ફાયદો નથી. હું જાણું છું કે એ નકામું છે.'

'બીમારીમાં પણ તું આવું સાહસ કરી બેઠો ?'

અનિકેતે એક સફેદ નેપકિન શોધીને ઉદયનના ઘા ઉપર બાંધી દીધો. પછી દોડતો દોડતો નીચે ગયો. ટેકસીને રસ્તા પર ઊભી રાખીને ઉદયનને બોલાવી લાવવા ઉપર દોડયો. ત્રણત્રણ, ચારચાર પગથિયાં એકી સાથે ચડતો હતો, લિફ્ટનું બટન દબાવ્યું.

'ઉદયન !'

ઉદયન પાટો ઢીલો કરવા પ્રયાસ કરતો હતો પણ એની આંગળીઓ કામ આપતી ન હતી. ઉપર બાંધેલો નેપકિન પણ પલળી ગયો હતો. કાળાશ પડતું બનીને લોહી ટપકતું હતું.

હૉસ્પિટલમાં પ્રવેશ મળતાં જ લોહી બંધ કરવાનું ઈન્જેકશન અપાયું. પાટો બંધાયો. અત્યાર સુધીમાં પાંચથી સાત રતલ લોહી વહી ગયું હશે એવું ડૉકટરોએ કહ્યું. લોહીને વહેતું બંધ કરવું પણ સહેલું ન હતું. આ વિશિષ્ટ કેસની હવા હૉસ્પિટલમાં ફેલાઈ ગઈ.

વિઝિટે આવેલા બંને ડૉકટર આ સમાચાર જાણીને મળી ગયા. જે થયું તે ખરું. તેની કોઈ ચિંતા કરવા જેવી નથી. એમણે સહાનુભૂતિ બતાવી.

એમનું આશ્વાસન ઉદયનને થયું તે કરતાં અનિકેતને વધુ ઉપયોગી થયું.

'લોહી આપવું પડશે.'

એવું ન બને કે ઉદયનના શરીરમાં છે તે બધું લોહી દૂર કરીને નવું આપવામાં આવે? બાળકોના કેસમાં એ શક્ય બન્યું છે પણ બાકીનાંઓ માટે તો તબીબીવિદ્યા આ બાબતે સજ્જ થઈ શકી નથી.

ઉદયને જોયું — એના પગ તરફ, ખાટલાની જમણી બાજુએ કંઈક ઊભું કરવામાં આવી રહ્યું છે.

બ્લડ ટ્રાન્સફ્યુઝન સેટ.

અનિકેત ઈચ્છતો હતો કે ઉદયનને લોહી આપવામાં આવે ત્યારે પહેલી બાટલી ચડાવવામાં આવે તે મારા લોહીની હોય. મેચિંગ થતું હતું. પરંતુ એ તો સવારે જ બ્લડબેંકમાં લોહી જમા કરાવી શકશે.

ઉદયનના પડખે અનિકેતે આખી રાત ગાળી.

સવારે ઉદયનને ચા પાઈને એ બ્લડબેંકમાં ગયો.

આનંદની વાત છે કે ઉદયનના અને મારા લોહીનાં ગ્રુપ જુદાં નથી.... ત્રીજી બાટલી ચડાવવામાં આવી છે. ચોથી કે પાંચમી મારા લોહીની હશે... મિત્રને આ રીતે ઉપયોગી થઈ શકાય તેથી મોટી આપણા સ્વાસ્થ્યની સાર્થકતા કઈ? મિત્રને અને અન્ય કોઈને પણ એ ઉપયોગી થઈ શકે, એની ઉપયોગિતા તો સરખી જ હોય... શ્રી ડબલ્યૂ કલેન નામની વ્યકિતએ સન ૧૯૪૯ માં એકસો ત્રીસ વાર આપીને કુલ સાઠ લિટર લોહી બ્લડબેંકમાં જમા કરાવ્યું હતું.! એક સરોરાશ માણસના શરીરમાં હોય છે તેના કરતાં બાર ગણું લોહી એમણે એક જ વરસમાં દાનમાં આપ્યું હતું... નાના નાના માણસો પણ કેવા મોટા હોય છે! પોતાનું લોહી કોઈ અણજાણ વ્યકતિની જિન્દગી બચાવી લેવામાં નાનો સરખો પણ ભાગ ભજવે એ કેવી મોટી ઘટના કહેવાય! સુખી થવા માટે ઈશ્વરે કેટલી બધી તકો આપી છે! તે દિવસ મને કેટલો બધો આનંદ થયેલો? ચાર વરસ થયાં. લોહી આપવાનો એ બીજો પ્રસંગ હતો. મેં ચારસો પચાસ સી. સી. લોહીનું દાન કર્યું. બ્લડબેંકના ચાર્જમાં હતા તે ડૉકટરે કહ્યું હતું કે ચારસો પચાસ સુધી લેવામાં વાંધો ન હોય, પરંતુ અમે અહીં

સાડા ત્રણસો સી. સી. થી વધારે લેતા નથી... અનિકેતે આગ્રહ કરીને સાડા ચારસો સી. સી. લોહી આપ્યું હતું. જે વિદ્યાર્થીને અકસ્માત થયો તેનાં માતુશ્રી આભાર માનવા આવેલાં. આવી નાની બાબતમાં પણ માણસો કેવી કૃતજ્ઞતા અનુભવે છે !

આજે એણે ઈન્ચાર્જ ડૉકટરને કહ્યું કે પાંચસો ચાલીસ સી. સી. લેવા વિનંતી છે. ડૉકટરે કહ્યું કે આટલું તો વધુમાં વધુ લઈ શકાય, અમે કદી લીધું નથી. અને દાનમાં કોઈ વધુ આપતું પણ નથી. ચાર વર્ષ પહેલાં રેકોર્ડમાં નોંધાયા પ્રમાણે એક પ્રોફેસરે પોતાના વિદ્યાર્થી માટે સાડા ચારસો સી. સી. આપેલું. ડોનેશનમાં. તેથી આગળ કોઈ ગયું નથી. હા, વેચનારા તો વધુ આપી જાય છે. અને એમની પાસેથી અમે શા માટે પાંચસો સી.સી.થી ઓછું લઈએ ?

અનિકેતને થયું કે પાંચસો ચાળીસથી પણ થોડુંક વધુ આપીને પોતે વિક્રમ નોંધાવી શકશે. પણ વિક્રમ નોંધાવવા પોતે આવ્યો નથી. મિત્ર માટે આવ્યો છે. અને વિક્રમ નોંધાવવો એ તો છીછરો અહં સંતોષવાનું નિમિત્ત બને. આ બધું તો ભૂલાઈ જવું જોઈએ. ઘટનાઓ ભૂલાઈ જાય, એમની ફલશ્રુતિરૂપે કેવળ આનંદ જ શેષ રહે... લાગે છે કે ઉદયન બચી જશે.

'ડૉકટર સાહેબ, પાંચસો ચાળીસ સી. સી. લો, ઓછું લેવાની જરૂર નથી. મારી તબિયતને આંચ નહીં આવે.'

લોહી અપાઈ રહ્યું હતું ત્યારે ઉદયનની નજર વારંવાર બ્લડ ટ્રાન્સફ્યુઝન સેટની ઊંધી લટકતી બાટલી પર પહોંચી જતી હતી. એ રંગ એને ગઈ કાલે પથારીમાં ઢોળાયેલા રંગ સુધી લઈ જતો હતો.

લોહી આપવાની ક્રિયા ખૂબ ધીમી હોય છે.

ઉદયન અકળાતો હતો. અકળામણ વ્યકત કરતો ન હતો. મોડી રાત્રે એક ક્રૂર તરંગ એને સૂઝી આવેલો — પગ લંબાવીને જોરથી પાટુ મારીને લોહીની ઊંધી લટકતી બાટલીને તોડી નાખીને નાસી જાઉં. અનિકેતને જોકું આવે કે તરત હું છટકી જાઉં.

નાસતો નાસતો ઘૂસી જાઉં પારસીઓના ટાવર ઑફ સાઈલન્સમાં. શોધનારા શોધ્યા કરે. અને ત્યાં પક્ષીઓને પ્રાપ્ત થયું હોય એક જીવતું શબ...

પરંતુ એમ કરવાની પોતાનામાં શક્તિ નથી. કદાચ એટલી સાહસવૃત્તિ પણ નથી. અને આ અનિકેત? એની નજર ચુકાવીને ક્યાં હાલી શકાય એમ પણ છે? આ માણસને જેમ જેમ નિકટતાથી જોવાનું બને છે, એ વધારે સુંદર લાગતો જાય છે. અને અમૃતા !...

એના કૉટને હાલી ઊઠેલો જોઈને અનિકેતે પૂછ્યું —

'શું ? કોઈ તકલીફ ?'

'ના.'

'સિગારેટ પીવી છે ?'

'લાવ્યો છે તું ?'

'હા, સળગાવી આપું ?'

'ના. ચાલશે. એનાથી રાહત મળે છે. હવે રાહતની જરૂર નથી. ડૉક્ટર વગેરે કોઈ આવે અને જુએ તો હસે — આ માણસમાં આટલું પણ નિયંત્રણ નથી ?'

લોહી ભેગાં જ ઈન્જેકશન નાંખવામાં આવતાં હતાં.

સવારના ચારેક વાગ્યે ઉદયને અનિકેતને સૂઈ જવા કહ્યું હતું. આરામખુરશીમાં સંપૂર્ણ આરામ મળે છે. એમ કહીને એ ઊભો થયો ન હતો. ઉદયન વચ્ચે વચ્ચે આંખો દાબી રાખતો હતો જેથી અનિકેતને લાગે કે દરદી ઊંઘે છે. પણ ઊંઘનારની અભાનતાને અનિકેત ઓળખે છે.

અનિકેત બ્લડબેંકથી પાછો આવ્યો તે પછી, આશરે સાડા નવ વાગ્યે ઉદયનને ઠંડી લાગવા માંડી. ઠંડી દુઃસહ બનતી ગઈ. બહારનું લોહી અંદર પ્રવેશ કર્યા પછી સહેલાઈથી ભળતું ન હતું. એની ઉષ્ણતા ઓછી પડતી હતી.

એની સહનશક્તિ તૂટી ગઈ. એણે ટૂંટિયું વાળી લીધું. એનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. એક પછી એક એમ, બેત્રણ વસ્તુઓ ઓઢાડવામાં આવી. અનિકેત સોય મૂકી હતી તે હાથ પકડી રહ્યો. બે નર્સ પણ મદદે આવી ગઈ હતી.

ઈન્જેકશન આપવામાં આવ્યું.

લોહી અંદરથી દાઝવા લાગ્યું હોય તેમ એને લાગ્યું.

પાંચેક મિનિટમાં રાહત થઈ ગઈ. એ ચત્તો સૂઈ ગયો. એને શ્વાસ ચડી ગયો હતો. તે હવે સપ્રમાણ થયો.

એ બ્લડ ટ્રાન્સફ્યુઝન સેટ સામે જોઈ રહ્યો. બાટલીના લટકતા મુખ સાથે જોડાયેલી ટ્યુબ પર એણે નજર ટેકવી. ટ્યુબની વચ્ચે સફેદ પારદર્શી ભાગ હતો. તેમાં ઉપરથી ઊતરતું લોહી ટપકતું હતું.

એના ટપકવાનો અવાજ થતો ન હતો. માત્ર એનાં ટીપાં દેખાતાં હતાં. આ લોહી કોનું હશે ? મારા શરીરમાં અત્યારે જે પ્રવેશ કરી રહ્યું છે તે લોહી કોનું હશે ? કોઈ એક જ માણસનું હશે કે ઘણા માણસોનું એક થયેલું હશે ? કેવા હશે એ માણસોના ચહેરા ? કેવા હશે એમના વિચારો ? શું એમાંનો કોઈ એવો નહીં હોય જેને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મેં કોઈ વાર મૂર્ખ કહ્યો હોય ? સંભવ છે કોઈ એવો પણ હોય જેનો મેં તિરસ્કાર કર્યો હોય. અને આજે એમની ભલાઈથી જીવીને હું એમનાથી પરાજય પામી રહ્યો છું. શું આ પરાજય છે કે પ્રતીતિ ? હું એકલો છું તે હવે કયા હિસાબે કહી શકીશ ? એક માણસે જીવવું જ હોય તો કેટકેટલાંનું અવલંબન સ્વીકારવું પડે છે !

એ ચહેરા ! પોતાની સજીવ સંપત્તિનું દાન કરીને સમષ્ટિમાં જઈને ભળી જતા એ ચહેરાઓ ! એ ચહેરાઓને કલ્પના વડે હું આકાશમાં અંકિત કરી શકતો નથી. એમને ધરતી પર જોઈ શકું છું. પણ હું એમને કઈ નજરે જોતો આવ્યો છું ?

આંખો બીડીને પડી રહું છું તોપણ આ માનવલોકનો ગંભીર કોલાહલ મારા ચિત્ત સુધી પહોંચે છે. અનેક ચહેરાઓની સુરખી એક થઈને મારી આંખોને અરુણાઈથી

આંજવા ઈચ્છે છે. એ ચહેરાઓની આંખો ભિન્ન લાગે છે, પણ એમનામાં જે ચમકે છે તે અભિન્ન લાગે છે, વ્યાવર્તક લાગે છે... આ ટપકતું દેખાય છે તે લોહીમાં — એના એક બિન્દુમાં કેટલા માણસોના રક્તના અણુઓનો ગતિસંચાર સ્થિર થયેલો હશે ? કેટલાય હૃદય-ધબકારાની અસર એ શાન્ત થઈ ગયેલા કણોમાં હશે.

હું એકલો છું એમ કહેવું અતિશયોક્તિભર્યું લાગે છે. મારું એકાન્ત પણ એવું નથી જ્યાં હું એકલો રહી શકતો હોઉં, ત્યાં પણ કેટકેટલું વહી આવે છે ! આ સૃષ્ટિમાં જે કંઈ છે તે બધું પરસ્પર સંકળાયેલું છે એમ કહેનાર અનિકેત સાચો નીકળ્યો.

‘અનિકેત તું સાચો નીકળ્યો. હું એકલો નથી. અહીં કોઈ એકલું નથી. સહુ એકમેકથી સંકળાયેલું છે. હું વિચાર કરતો જાઉં છું ને આ વસ્તુ નવા અર્થો આપે છે અને એ બધા અર્થ અસ્તિવાચક છે. અને અનિકેત, ઈશ્વર હોય તો તો પછી આ આખો પ્રશ્ન જ નિર્મૂલ થઈ જાય છે. હું વિચાર કરીશ, ના કેવળ વિચાર નહીં. મારી સંવિત્‌ને ઢંઢોળીશ, મારા સમગ્રના કોઈ અંશને પણ પ્રતીતિ થાય કે ઈશ્વર છે તો...’

એકલતાનો ભાર હળવો થતાં ઉદયન નિદ્રાધીન થયો.

□

અનિકેત સેલાઈન સેટ તરફ જોઈ રહ્યો હતો. રબ્બરની ટ્યુબ વચ્ચેના પારદર્શી ભાગમાં ટપકતું પ્રવાહી વેગ પકડી રહ્યું હતું. એણે ઊભા થઈને ટ્યુબની ચાકી કડક કરી અને ટીપાંનું પ્રમાણ મેળવ્યું. એણે સરળ કામ માટે નર્સને બોલાવવી જરૂરી માની નહીં.

સાંજનો સમય છે.

હોટલમાં ફોન કરીને એણે પોતાના જૂના નોકરને બોલાવી લીધો છે. અવારનવાર બહાર જવાનું થાય છે. એક માણસ હાજર જોઈએ જ.

અમૃતા અડધા-પોણા કલાકમાં આવશે.

એ બ્લડબૅંકમાં હતો ત્યારે અમૃતા ઉદયનના રૂમમાં આવી પહોંચેલી. ગઈ કાલે વિઝિટે ગયેલા ડૉક્ટરોનાં નામ સાંભળીને એ કેસની ગંભીરતા સમજી ગઈ હતી. ત્રણ વાગ્યે મલબાર હિલ ગઈ અને પાંચ વાગ્યે પાછી ગઈ. આજે સવારે ફરીથી ગઈ. રૂમને તાળું ન હતું. એણે આજુબાજુ પૂછ્યું. દવાખાનામાં ગયા હોય તેવી ધારણા છે — ઉત્તર મળ્યો. રૂમ બંધ કરીને ચાવી લઈને એ હૉસ્પિટલ ગઈ. એને જોઈને ઉદયને આંખો બંધ કરી લીધી હતી. ડૉક્ટરને મળીને ગઈ કાલવાળી ઘટના અને રોગના ઉપચાર વિશે જાણ્યું. અનિકેતની પાછળ પાછળ એ પણ રક્તદાન માટે ગઈ. એણે કહ્યું હતું. — જેટલું લઈ શકાય એટલું લો. ડૉક્ટરે ત્રણસો સી. સી. લોહી લીધું હતું. અમૃતા સ્વસ્થ હતી.

ત્યાંથી સ્પેશિયલ રૂમના વિભાગ તરફ જતી હતી ત્યારે એ રસ્તામાં એક થાંભલો પકડીને ઊભી રહી ગઈ હતી. શરીરમાં કશી અશક્તિ ન હતી. પરંતુ એને પોતાની મનોભૂમિ પર ઉદયનની ચિતા ખડકાતી હોય તેમ લાગ્યું. ચિતા રચાઈ ગઈ અને એકાએક ભભૂકી ઊઠી. તમ્મર આવશે કે શું ? એમ લાગતાં એ રસ્તાની એક તરફ ખસીને થાંભલો પકડીને ઊભી રહી ગઈ હતી.

ત્યાંથી ચાલી ત્યારે ભૂતકાળ એની નજીક આવી જવા લાગ્યો હતો. એક વાક્ય એને વારંવાર સંભળાવા લાગ્યું —

‘અમૃતા, ઉદયનની ભ્રમણ-ગતિનું ન્યુક્લિઅસ કયું છે જાણો છો ? વિચારજો.’

ડૉક્ટરે આરામ કરવા કહ્યું હતું. એને લાગ્યું કે આરામ જરૂરી છે. એ ઘેર ગઈ. સૂઈ ન શકી. આંટા લગાવતી રહી. અગાશી પર ગઈ. સમુદ્રને સાંભળવા લાગી.

પેલો ગુલાબનો છોડ ન હતો. કૂંડું પણ ન હતું. એણે તપાસ કરવાનું છોડી દીધું હતું.

એણે અનિકેતને ફોન પર વાત કરી. ત્યાં રોકાઈ શકાય એવી તૈયારી સાથે એ આવશે.

અનિકેત ઈન્જેક્શન લેવા ગયો છે; હજુ એક બોટલ લોહી આપવું પડશે. બ્લડ ટ્રાન્સફ્યુઝન સેટ ચડાવવામાં આવ્યો છે.

અમૃતાએ રૂમમાં પગ મૂક્યો. બે નર્સ અને અનિકેતનો નોકર ઉદયનની ફરતે ઊભા છે. એનું શરીર ધ્રૂજી રહ્યું છે. એના મોંમાંથી સિસકારા નીકળી જાય છે. કોઈવાર એના દાંત ખખડી ઊઠે છે.

અમૃતા જોઈ શકતી નથી. આંખે અંધારાં આવે છે. એ પાછી પડી જાય છે. દીવાલનો ટેકો લે છે. બેસી પડે છે. મુખ ઊંચું રાખીને બેસવાનો પ્રયાસ કરે છે. હજી રૂંધામણ ઓછી થઈ નથી. એ દીવાલનો ટેકો લઈને ઊભી થાય છે. બહાર આવે છે. આખી લૉબી ખાલી હતી, હવા ન લાગી. એ પશ્ચિમ તરફના છેડે ગઈ. બેચેની ઓછી થઈ. સૂર્ય ડૂબવા લાગ્યો છે. સંધ્યાના ગેરુઆ રંગો નીચે મુંબઈ નગરીનાં મકાનોની ઉપરનો રંગ પુરાણાં વૃક્ષોની બરછટ છાલને મળતો આવતો હતો.

ઉદયનને આરામ થઈ ગયો હતો. અનિકેત આવ્યો તે પછી થોડી વારે એ વાત કરવા લાગ્યો. આ છેલ્લો સેટ છે એ જાણીને એણે છુટકારાનો દમ ખેંચ્યો. એણે અનિકેતને 'આજે તો તારે ભોજન કરવું જ જોઈએ' એમ આગ્રહપૂર્વક કહ્યું. અનિકેત બહાર આવ્યો.

સામેથી આવતી અમૃતાએ પ્રણામ કર્યાં.

'કેમ છે એને ? ધ્રુજારી બંધ થઈ ગઈ ?'

'હા. ચાલો જમી આવીએ. એણે મને આજ્ઞા કરી છે કે મારે જમવું જ. તમે સાથ આપી શકશો ? જઈ આવો એક વાર એની પાસે. હું અહીં ઊભો છું.'

અમૃતા પાંચેક મિનિટમાં પાછી આવી.

કંઈ બોલી નહીં.

લિફ્ટ ઊતરી રહી હતી. ઉતારુઓની આંખો નમેલી હતી.

કાર, હૉસ્પિટલનો દરવાજો, રોડ, સૂનકારની ગતિ.

'હું દિલગીર છું અનિકેત, તમે મને ઘણું કહ્યું હતું પણ મને મારી મર્યાદાઓ નડી.'

અનિકેત કારના બારણાના કાચમાં જોઈ રહ્યો હતો. સામે જોવા લાગ્યો.

‘દોઢેક માસ પહેલાં મેં ઉદયનને પ્રિન્સેસ સ્ટ્રીટમાં જોયો હતો. પણ હું એને ન મળી.’

‘હજુ પણ બહુ વિલંબ થયો નથી. જોકે શો નિર્ણય કરવો એ તમારી સ્વતંત્ર વરણીનો પ્રશ્ન છે.’

‘તમે કોઈ ક્રૂર શબ્દ ઉચ્ચારશો તોપણ હું સાંભળી રહીશ.’

‘હું તમને ક્રૂર શબ્દ ન કહી શકું. એ મારો અધિકાર નથી. અને એમ કરવાથી ફાયદો પણ નથી. હું તો એ જ વિચારી રહ્યો છું કે જોતજોતામાં શું થઈ ગયું ?’

‘તમને આશા નથી કે...’

‘હું ?’

અમૃતાનો પ્રશ્ન સાંભળીને અનિકેત ઝબક્યો. એને લાગ્યું કે પોતે અત્યાર સુધી તંદ્રાવસ્થામાં જ બોલ્યો હતો. એ હવે અમૃતા તરફ વળીને એની સામે જોઈને બોલ્યો જેથી અમૃતાને વિશ્વાસ બેસે —

‘જરૂર આશા છે, આશા શું, વિશ્વાસ છે, હું તો જે કંઈ થઈ ગયું તેની વાત કરતો હતો.’

‘હા, જે વીતી જાય છે તેના વિશે જ વાત કરી શકાય છે. તેના વિશે વાત કરવામાં જોખમ પણ નથી.’

‘તમે જોખમ ઉઠાવવામાં માનો કે નહીં ?’

‘અનિકેત મને આવો પ્રશ્ન પૂછે છે ? તમે પોતાને પૂછીને એનો ઉત્તર મેળવી લો.’

હોટલમાં એ બંને અડધો કલાક બેઠાં. ભોજનની ઇચ્છા ન હતી. હળવો નાસ્તો અને ચા મંગાવ્યાં.

‘એ એના મનની સૃષ્ટિને વશવર્તી છે. દવાઓ એના શરીરને સાચવી લેશે પણ એનું મન મારા કે એના હાથમાં નથી. જેના હાથમાં છે તે એની સૃષ્ટિમાં આજે અનુપસ્થિત છે. અને એ કારણે એ વિક્ષુબ્ધ છે.’

અમૃતાએ ખુરશીનો ટેકો લીધો.

'જેની સાથે જીવવાનું હોય તે અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલું હોવું જોઈએ એવી એની માન્યતાએ એને વસમી સ્થિતિમાં મૂકી દીધો. અભીષ્ટ હતું તેથી જુદું જ પરિણમ્યું.'

'હા જુદું જ પરિણમ્યું.'

અમૃતાએ પાણીનો પ્યાલો અનિકેત તરફ ખેસવ્યો. બીજો પ્યાલો હાથમાં લીધો. હોઠ નજીક લાવીને પીધા વિના જ પકડી રહી.

'એ ભાવના અથવા વાસનાને માણસના તત્ત્વસ્વરૂપથી અલગ માને છે. તાત્ત્વિક થવા માટે તટસ્થ થવું પડે અને એને લાગ્યું કે તમારું આલંબન છે મુગ્ધતા. મુગ્ધતા અને સમજને એ પરસ્પર વિરોધી માને છે.'

'હા.'

પીધા વિના જ અમૃતાએ પ્યાલો ટેબલ પર મૂકી દીધો. અવાજ થયો.

'તમે એના તરફ આકર્ષાયેલાં રહ્યાં ત્યારે અને પછીથી એના મત પ્રમાણે મારા વિશે અતિરિક્ત ભાવુક બનતાં રહ્યાં ત્યારે પણ એણે માની લીધું કે તમે તૃષ્ણાથી દોરવાઓ છો, તમારું સંકલ્પબળ સ્વતંત્ર નથી. મુગ્ધતા છે ત્યાં લગી સ્વતંત્રતા નથી. અને તમને સ્વતંત્ર જોવા અને સ્વ-તંત્ર થયેલાં પામવા એ ઇચ્છતો હતો. તમારા તરફના એના વ્યવહારની ભૂમિકા આ છે.'

'ભૂમિકા સમજવાથી કશું વળ્યું નથી અનિકેત! એણે જાગ્રત કરીને મને વૈફલ્યનો અનુભવ કરાવ્યો. એણે મને મારી તુચ્છતા પણ સમજાવી.'

'એનું તમારી સાથેનું કેટલુંક વર્તન તમને અરુચિકર લાગ્યું હશે. એ વર્તન ભલે ગમે તેવું રુક્ષ હોય પરંતુ રખે માનતાં કે એનામાં બચી રહેલા પ્રાણીસ્વભાવના એ પ્રત્યાઘાત છે. એ તો એના અસ્તિત્વની સમગ્રતાનું પ્રગટીકરણ હશે.'

'પુરુષના પ્રાણી-સ્વભાવની કોઈ નારીને સૂગ ન હોય. તમારામાં એ નથી? રહેવા દો મારે તમારા ઉત્તરની રાહ નથી જોવી. ઉદયનની સામે મારે કેટલુંક કહેવાનું હતું...'

'કોઈ પણ માણસ વિશે ઘણું કહી શકાય. પણ અમૃતાના મુખે ઉદયન વિશે એવું કશું સાંભળવાની મારી તૈયારી રહી નથી. હવે તો હું એને એ છે તે રૂપે સ્વીકારી ચૂક્યો છું. એણે આમ વર્તવું જોઈએ, તેમ કરવું જોઈએ એવા આગ્રહો રાખીને આજ સુધી મેં એની સાથે વ્યવહાર કર્યો છે. મને લાગે છે કે એ મારી ભૂલ હતી. કદાચ તમારી પણ. becoming અને being બનવું અને હોવું, એ બેમાં હવે મને લાગે છે કે 'હોવું' પર્યાપ્ત છે, સ્વયંસંપૂર્ણ છે. કંઈ થઈ બેસવાનું છે જ નહીં, જે છે તેને જ જાણવાનું છે. છેલ્લા ચારેક માસથી પ્રતિદિન મારી સામે એક શબ્દનો વિભાવ સ્પષ્ટ થતો ગયો છે : નિરપેક્ષતા. આજે એમ કહેવામાં સાહસ નથી કે બીજા પાસે અપેક્ષા રાખવી એ આપણા જ કોઈક અભાવનું સૂચક છે. બીજાને સુધારવાની હઠ આપણી અપૂર્ણતાની ચાડી ખાય છે'.

'હું સાંભળીશ, તમે બોલો. મારે અહીં કશો ઉત્તર આપવાનો રહેતો નથી. હું મારી સાથે પુનર્વિચારણા કરવા લાગી છું. તમે બોલશો તો મારે વિચારવું નહિ પડે, બોલો.'

'તો, હવે બોલવાનું રહેતું નથી.'

એ બંને પાછાં આવ્યાં ત્યારે ઉદયન ઊંઘી ગયો હતો. બંનેને સરખો આનંદ થયો. અનિકેત બહાર આવ્યો. બે સામસામી લોબી વચ્ચે અને સ્ટોરરૂમમાં અને નર્સરૂમની પાસે દરદીઓના ખબર પૂછવા આવનારાં માટે બેસવાની વ્યવસ્થા છે. એકબે માસથી માંડીને એક-બે વરસ જૂનાં સામયિકો પડ્યાં છે. અનિકેત અવારનવાર ત્યાં બેસે છે.

અમૃતા આવીને સામે બેઠી.

'સાચે જ ઊંઘે છે કે પગરવ સાંભળીને ઊંઘી ગયો છે ?' મેં એના કપાળ પર હાથ મૂક્યો. એને આરામ હોય તેમ લાગે છે.

અમૃતાએ જોયું: અનિકેતના જમણા હાથે જ્યાંથી લોહી લેવામાં આવ્યું છે, પટ્ટી ઊખડી ગઈ છે. એણે બાજુમાંથી પસાર થતી નર્સને બોલાવી. નર્સને એ ભાગ ઊપસેલો લાગ્યો. એ નવી પટ્ટી બનાવી લાવી, લગાવીને ચાલી ગઈ. અમૃતાને એથી સંતોષ થયો ન હોય તેમ એ ઊભી થઈ. એણે પટ્ટીને બરોબર દબાવી. સ્પર્શ દ્વારા એણે જાણવા પ્રયાસ કર્યો કે સોજો છે કે નહીં. આંશિક સંતોષ લઈને એ પોતાની જગ્યાએ બેઠી.

મૌન.

ટિપાઈ પર પડેલાં સામયિકોમાંથી એક અનિકેતે ઉપાડ્યું. હવે જે ટિપાઈ પર સહુથી ઉપર હતું તેના પર અમૃતાની નજર સ્થિર થઈ. પૂંઠું સુંદર હતું એ. ટાઈટલ-પેજ હતું. એક શિશુની અદ્‌ભુત છબી હતી. અમૃતાએ એ સામયિક હાથમાં લીધું. છબી એની નજીક આવી. એને લાગ્યું કે આ તો હૂબહૂ બાળક છે, ચિત્ર નથી. ફોટોગ્રાફ થ્રી ડાઈમેનશન્સનો ન હતો છતાં એની દૃષ્ટિએ બાળકને સર્વ દિશાઓથી નીરખ્યું. એની દૃષ્ટિ ઉછંગ બની રહી. એને લાગ્યું કે અનિકેત કંઈક બોલવા ઈચ્છે છે. સામયિકને ખોળામાં મૂકીને એણે સામે જોયું.

'પ્રેમની તૃપ્તિ કરતાં એક માણસની જિન્દીગી માટે કરેલો ત્યાગ વધુ મોટી પ્રપ્તિ છે. તમને શું લાગે છે?'

'પ્રપ્તિ કે તૃપ્તિ માટે તો નહીં પણ સંબંધોની સંગતિ જાળવવા એ જાપાન ગયો તે પહેલાં હું સજ્જ થઈ હતી. પ્રેમનું સ્થાન મેં વરણીને આપવાનું નક્કી કર્યું હતું. આજે તો છએક માસ થવા આવ્યા. એને અતિ ત્રસ્ત જોઈને મેં એને કહ્યું હતું, સમુદ્રની સાક્ષીએ કહ્યું હતું કે હવે હું અનિશ્ચયમાંથી મુક્ત થઈ જવા માગું છું. મને ફાવી તે ભાષામાં મેં એને મારી વાત કહી. મારી વરણીની ભૂમિકા સ્પષ્ટ કરી. અને પરિણામ વિપરીત આવ્યું. એને મારા શબ્દો બિનશરતી ન લાગ્યા. એ મારી અવહેલના કરીને ચાલ્યો ગયો. આજે લાગે છે કે તે દિવસ એની ક્ષમા માગવા હું એની પાછળ પાછળ દોડી ગઈ હોત તો કેવું સારું. થોડો સમય શૂન્યમના ઊભી રહી અને આખરે ગઈ. પણ ગઈ ત્યારે એ એને ઠેકાણે ન હતો. તે પછી કોઈક વાર મારી

અસ્મિતાને તો કોઈક વાર એની ઉપેક્ષાને દોષ દેતી રહી છું. વચ્ચે તો એક સ્થિતિ એવી આવી હતી કે જ્યારે હું તમારા કે ઉદયનના સ્મરણથી કશુંય અનુભવતી ન હતી. કદાચ એ નિર્વેદની નહીં, નિરાશાની સ્થિતિ હતી.'

તો અમૃતા ઉદયનને સ્વીકારવા તૈયાર થઈ હતી? પોતે પણ એમ જ ઈચ્છતો રહ્યો છે... તો પછી અમૃતાનો નિર્ણય જાણીને આજે આશ્ચર્ય કેમ થયું? નવજાત લાગણીઓનું અનિકેત પૃથક્કરણ કરી રહ્યો.

'ગઈ કાલે તમારા કહેવા પ્રમાણે ત્રણ વાગ્યે હું ગઈ. બે કલાક સુધી બેસી રહી. એ બોલ્યો જ નહીં. કંઈક પૂછું તો એ રીતે જોઈ રહે કે જાણે બહેરો છે. હું એની પાસે જઈને બેઠી. જડવત્ પડી રહ્યો. હું એની પાસે છું કે દૂર છું, એની સામે જોઈ રહી છું કે દૂર જોઈ રહી છું, ઊભી છું કે રૂમમાં આંટા લગાવું છું તે કશાયથી જાણે કે એ વાકેફ થવા માગતો જ ન હતો. મારી ઉપસ્થિતિની એણે નોંધ જ ન લીધી. જાણે કે હું નથી એ જ એના માટે વાસ્તવિક્તા હોય તેમ એ પડી રહ્યો.'

એક લાંબો નિઃશ્વાસ લઈને, પોતાના રીસ્ટ — વૉચની ચેન ખેંચીને એણે મૂકી દીધી. એક બંગડીને ચેન ઓળંગાવીને આગળ લાવતાં એ બોલી —

'પાંચ વાગવા આવ્યા. હું મેજના ખાનામાંથી એના લખાણની ફાઈલ બહાર કાઢીને પાનાં ફેરવવા લાગી. મને આશા હતી કે એ મને કંઈક કહેશે. એણે કંઈ ન કહ્યું. મેં એના સામું જોયું. એ મારી સામે જ જોઈ રહ્યો હતો. એની નજર મને ખાલીખમ લાગી. એમાં શતાબ્દીઓનો સૂનકાર સ્થિર થયેલો લાગતો હતો. હું પણ એની સામે જ જોઈ રહી. એણે આંખો ન બીડી. હું સહી ન શકી. મારી આંખોના ખૂણા ભીંજાઈ ગયા. એણે પડખું બદલ્યું. દીવાલ સામે જોઈને અવાજમાં ઉપેક્ષાનો કાકુ ઉમેરીને એ બોલ્યો —

'મારી તબિયત વિશે જાણી લીધું હોય તો હવે તું જા. એ માટે બે કલાક ઓછો સમય ન કહેવાય હું આભાર માનું તેની રાહ જોતી હોય તો લે આભાર પણ માની લઉં છું. અનિકેતની રાહ જોતી હોય તો એ હવે આવતો હશે. રસ્તામાં સામો મળી

જશે. અહીં મારી હાજરીમાં કદાચ તું એની સાથે મોકળા મને વાત નહીં કરી શકે. અનિકેત સારો માણસ છે. એ મારો મિત્ર છે માટે હું એનાં વખાણ નથી કરતો, સાચે જ તારી પસંદગી ધન્યવાદને પાત્ર છે. હું તો હવે ખોવાયેલો માણસ કહેવાઉં.'

મેં કહ્યું કે ખોવાયેલાને જ શોધવા નીકળવાનું હોય છે. મેં વરણી કરી લીધી છે. અને મારી વરણી ભૂલભરેલી હોય એવું મને નથી લાગતું. તેં નામ બોલવામાં ભૂલ કરી.

હસવાનો પ્રયત્ન કરીને એ બોલ્યો —

'જોજે, એવું સ્વચ્છંદી વલણ અપનાવી બેસતી, નહીં તો સૌભાગ્યતિલક કરવા પહેલાં જ વિધવા બની બેસશે. તને ખબર નથી કે આજે હું કેટલો બધો ખુશ છું. પૂર્ણાહુતિ પ્રસંગે આવનારને પણ આખો પ્રસંગ જાણવા મળે છે. તું નથી જાણતી તે કથા તને અનિકેત કહેશે. હું તો એટલું જ કહીશ કે આજે હું શા માટે ખુશ છું — અનિકેતના ખભાનો ટેકો મળશે તેથી સ્મશાનમાં પણ હું શાનથી જઈશ. મૃત્યુ પ્રસંગે આપણને સમજનાર અને ચાહનાર એક માણસ એના સમગ્ર અસ્તિત્વ સાથે આપણી પાસે આવીને ઊભો હોય તેથી વધુ શું જોઈએ? તેં તો જોયું ને? તારા વિના હું આજ સુધી જીવી શક્યો અને હવે તારા વિના મરી પણ શકીશ. હું તારા ઈશ્વરને પ્રર્થના કરું છું કે એ તારું ઘમંડ સાચવે અને તું જીવે છે એ રીતે જીવવામાં મદદ કરે. હું મારા ઈશ્વરને ઓળખવા હવે મથું છું પણ એનો ચહેરો મારી સમક્ષ હજી પૂર્ણપણે પ્રગટ થયો નથી. ત્યાં સુધી હું એને પ્રર્થના નહીં કરું.'

એની પાસે જઈને મેં એના હાથ પકડી લીધા. મારાં આંસુથી એ દાઝી ઊઠ્યો હોય તેમ એણે હાથ ખેંચી લીધા અને બોલ્યો —

'મને બે રોગ થયા છે. એક બેકાળજીથી અને બીજો સાહસથી. પૂરતી ખાતરી કરીને બેઠો છું. અનિકેત નાહક ધમાલમાં પડ્યો છે.'

એ હસવા પ્રયાસ કરતો હતો. હોઠ ખેંચવાથી એની બીમારીની ગંભીરતા છતી થતી હતી. પાંચેક મિનિટ સુધી બોલવાનું રોકી રાખીને એ ફરીથી હસ્યો. મને લાગ્યું કે એ રડી પડશે કે શું? પણ મેં એને રડતો જોયો નથી. એ બોલવા લાગ્યો —

ડૉક્ટરો પણ કેવા ભોળા હોય છે? મારી હાજરીમાં એમણે કશી ચર્ચા ન કરી. હું હીરોશીમામાં જે જોઈજાણીને આવ્યો છું તેની એમને ખબર નથી. આ રોગમાં તો હું એમને માર્ગદર્શન આપી શકું તેમ છું. એ લોકો તો આત્મવિશ્વાસનો ભાર લઈને ગયા, પણ મારે તને કહેવું જોઈએ. જૂની દોસ્તીનું કરજ ચૂકવવા પણ કહેવું જોઈએ. હીરોશીમામાં હું એટલા માટે નહોતો રોકાયો કે હું પણ રેડિયો- એક્ટિવનો ભોગ બનું. હું જિજ્ઞાસા સંતોષવા માટે રોકાયો હતો. એક વાર્તાની સામગ્રી એકઠી કરવાનો લોભ સેવી રહ્યો હતો. અને વિશેષ તો ત્યાંના ઉદાહરણના આધારે આધુનિક વિશ્વની સિદ્ધિઓ પર વ્યંગ કરીને મને આજ સુધી થયેલા અન્યાયનું વેર વાળવા માગતો હતો. પછી તો જે થયું તે થયું. હું એને વહેલું રોકી શક્યો હોત પણ તું જાણે છે કે હું આળસુ માણસ છું. પછી તો જે જોયું હતું તેમાં મન પરોવીને પડી રહેવા લાગ્યો. ન થયો પસ્તાવો કે ન રહ્યો અફસોસ. હવે તું જા. એ આવી પહોંચશે તો પાછો તને અહીં રોકી રાખશે. તું 'છાયા'માં રહેવા ચાલી ગઈ ? હદ છે. સાવ અબળા જ રહી. હવે તું જા. મારે એકાન્ત જોઈએ છે. તું હોઈશ ત્યાં સુધી હું બોલ્યા વિના રહી નહીં શકું. જા.'

હું બારણા સુધી પહોંચું ત્યાં સુધી એ બોલતો રહ્યો — જા, જા, જા. છેલ્લે ખોખરા અવાજે ખડખડ હસીને બોલ્યો — જા જા રે જા... મેં પાછળ નજર કરીને જોયું તો એના હોઠ પરનું ફિક્કું સ્મિત શમી ગયું હતું. એની આંખો વધારે ખુલ્લી અને સંપૂર્ણ ખાલી લાગતી હતી. એના કપાળ પર પડેલી કરચલીઓમાં એની સઘળી શારીરિક અશક્તિ અંકાઈ ઊઠી હતી. મારા ખસવાથી એની નજીક વિસ્તારેલા અવકાશમાં મને એ અસહાય દેખાયો. મને થયું કે એની પાસે દોડી જાઉં અને એને ખોળામાં લઈ લઉં. એને પાલવમાં ઢાંકી દઉં. મૃત્યુની છાયા પણ એને ન દેખાય એ રીતે મારા ગોપિત માતૃત્વની મમતામાં એને સંતાડી દઉં, પણ મારાથી એક પગ બારણા બહાર મુકાઈ ગયો હતો. પછી આવીશ એમ નક્કી કરીને ઘેર ચાલી ગઈ... હું જરા જોઈ આવું, એ ઊંઘે છે કે જાગી ગયો છે?'

અમૃતા ગઈ.

હું ધારતો હતો તે કરતાં એ વધુ દૃઢ અને ઊર્જસ્વી નીકળી. હું એનો પથપ્રદર્શક બનવા જતો હતો! જે સ્વયં રહસ્ય-નિકેતન છે. તેને હું એની પ્રપ્તિનું રહસ્ય સમજાવવા લાગ્યો હતો!

રવિબાબુએ પ્રપ્તિ અને અપ્રપ્તિ વિશે બોલતાં આકાશ અને પંખીના રૂપકથી ઉચિત જ કહ્યું છે કે પંખી આકાશને જાણે છે માટે જ તે જાણે કે આકાશને પાર કરી શકાતું નથી.

નારીહૃદયના મર્મકોષને જાણ્યા વિના જ ઘણુંબધું કહેવાયું છે.

એ આવે એટલે એને કહી દઉં — અમૃતા, તું સ્વતઃપ્રકાશિત છે. હું તને સલાહ આપીને તો મારા જ સંભ્રમના આચ્છાદનને દૂર કરી રહ્યો હતો. આજે હું મારો સમગ્ર વિશ્વાસ તને નિવેદિત કરું છું.

અમૃતા આવી.

પરિચયના પ્રારંભમાં એના ચહેરા પર વરતાતી હતી તેવી તટસ્થ ગરિમા જોઈને અનિકેતને આછો સંતોષ થયો. હા, ત્યારે બંને વચ્ચે ઔપચારિકતા અને એકબીજાના સામે જોવામાં અતિરિક્ત સજગતા પ્રવર્તતી હતી. એનું સ્થાન વિશ્વાસજનિત સજગતાએ લીધું હોય તેમ લાગ્યું.

અનિકેતને દુષ્કર લાગતું હતું તે અમૃતાના પ્રતાપે સહજ થઈ ગયું. એ સામે બેઠી તે પછી એને રહસ્ય-નિકેતનનું દર્શન થયું. જે સૌંદર્ય કામ્ય લાગ્યું હતું તે નિગૂઢ ઐશ્વર્યનું કારણ બન્યું.

અવિરત મથામણથી પણ નિરપેક્ષતા દૂર-સુદૂર રહી જતી હતી. આજે અમૃતાના પ્રંજલ દૃષ્ટિક્ષેપમાં સંતર્પક નિરપેક્ષતાનું એને દર્શન થયું. વિનિત નયને એ વિચારી રહ્યો — હવે મારે સૃષ્ટિનો માયા અને સત્યમાં ભેદ કરવો નહીં પડે. હવે સુન્દરને માયારૂપે નહીં, સત્યરૂપે જોઈ શકાશે. અમૃતા પ્રતિ જાગી હતી તે સ્પૃહામાંથી મુક્ત થવા માટે જ નિરપેક્ષ થવાનો ઉદ્યમ આદર્યો હતો. હવે તો સકળને સૌંદર્યના

પાર્યાયરૂપે ઓળખી શકાશે, કશાયની ઉપેક્ષા કરવી નહીં પડે. હવે વિભાજન કર્યા વિના સમગ્રને એક માનીને અખંડ પ્રપ્તિનો આનંદ અનુભવીશ.

આંખો બીડીને, પીઠ ટેકવીને એ બેસી રહ્યો.

અમૃતાને લાગ્યું કે એ આરામ કરે છે. એ ફોન કરવા ગઈ. આવતી વખત ઘેર વાત તો કરતી આવી હતી. છતાં કહી આવી કે હું અહીં જ રોકાઈશ. ઉદયનને સારું છે.

એ પાછી આવી તોપણ અનિકેતની આંખો બંધ હતી. એક તરફ ઝૂકેલા ચહેરા પર થાક અને સંતોષની સંમિશ્ર ઝાંખી થઈ.

એ ઉદયન પાસે ગઈ, સેલાઈન સેટ પાસે ઊભી રહી. ટપકતા પ્રવાહીને જોઈ રહી ઉદયનના કપાળ પર હાથ મૂક્યો. એના ઉશીકા પાસે બેઠી.

ડૉકટર છેલ્લી વિઝિટે આવ્યા. એમની સાથેની વાતચીતમાં અમૃતાની આશા વધુ દૃઢ બની. ડૉકટરની પાછળ પાછળ મૅટ્રન આવ્યાં. એમના ગયા પછી નર્સોએ ચાળા પાડ્યા. અમૃતાને એમની માસૂમ નાદાનિયત જોઈને સુખ થયું.

'Choiceless awareness.'

આંખો ખૂલી ત્યારે અનિકેતના હોઠ પર આ શબ્દો ફરકી ઊઠ્યા.

'એ ઊંઘે છે, ઘણા દિવસ પછી ઊંઘવા પામ્યો હોય એમ ઊંઘમાં ડૂબ્યો છે.'

'હા એ ઘણા દિવસ પછી જ ઊંઘે છે.'

મધ્યરાત્રિની શાંતિ છે. ક્યારેક કોઈ નર્સને બોલાવે છે. ક્યારેક નર્સ પોતે જ આંટો લગાવી આવે છે. આવતાંજતાં અનિકેત નજરે પડે છે.

'આ તમારા મકાનની-ઘરની ચાવી.'

'એને આટલા દિવસ સાચવ્યું માટે આભાર.'

'એમ કહીને તમે તો મારે માનવાનો છે તે આભારને બેવડો કરી મૂક્યો.'

'ઠીક છે એ તો બધું. ગયાં છો ત્યાં હવે ફાવી ગયું હશે.'

'ફાવી જશે, "છાયા" મારું ઘર હતું અને આજેય છે. પરંતુ "હતું" અને "છે" વચ્ચેનો અવકાશ હજી પુરાયો નથી. એક જ સ્થળનો ફરીથી આશ્રય મેળવવા જતાં જે પોતાનું જ હતું તે નવું લાગવા માંડ્યું. જૂના સાહચર્ય સાથે પોતાને જોડતાં વાર થઈ. તૂટેલાને સાંધવું પડે છે, એ એકરૂપ થઈ શકતું નથી. વારંવાર લાગે છે કે એકલી છું. હારીને પાછી આવી છું. કોઈવાર એમ પણ લાગે છે કે ભૂલ ટૂંકાવીને આવી છું. ત્યારે શાંતિ મળે છે. ભરતી અને ઓટ વચ્ચેની સમુદ્રની સ્થિતિ જોઈ લેવાનું ગમે છે. ગગનનો નીલ અવકાશ આંખોને આમંત્રી રહે છે. એના પ્રતિબિંબને અંતરતમમાં ઉતારી લઉં છું. હમણાં સુધી સાગરના અતલ નીરના અંધકારમાં કોઈ છીપનું હાસ કલ્પી શકાતું ન હતું. હવે અપેક્ષાઓનું બળ ઘટી ગયું છે અને આશા છે કે સંકલ્પના બળે મારી રિક્તતાને ગગનના નીલ વિસ્તારને સોંપી દઈશ. બોલો મારી તૈયારી કેવી છે ? પાર ઊતરી જઈશ કે નહીં ?'

'નિ:શંક, નિ:શંક.'

'સાચે જ ?'

ઉત્તરમાં અમૃતાને અનિકેતનું સ્મિત પ્રપ્ત થયું. કેળવેલી અવિચળતા કંપી ઊઠી. દૃષ્ટિને નિષ્પંદ કરતાં સમય થયો.

'તમે ઘેર જઈને આરામ કરો એવી મારી વિનંતી છે.'

'કેમ, અહીં રોકાવાનો મારો હક મંજૂર નહીં રાખો ?'

'મારા હક પણ હવે તો મેં તમને સોંપી દીધા છે. ફક્ત વાત એટલી જ છે. કે ઉદયન અત્યારે ઊંઘે છે. એ જાગે અને તમને જોઈને બોલવા લાગે તો તમને દુ:ખ થાય.'

'નહીં થાય.'

'મને હમણાં જ વિચાર આવ્યો. એ તમારી પ્રતીક્ષા કરતો હોય ત્યારે તમે પાછાં ન જવા આવો. ત્યાં સુધી મુલાકાત લેતાં રહો. હું મને અસહજ હોવા છતાં થોડોક અભિયન કરતો રહીશ અને અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરીશ. એક વાર જો એ પ્રતીક્ષા કરતાં શીખે...'

'પણ એની મક્કમતાને તો તમે જાણો છો. મને ભય છે કે મને આવતીજતી જોઈને એની મક્કમતા દૃઢ થતી જશે. અને મોડું થાય તે પછી હું આવીશ તો એનો શો અર્થ?'

'તો શું થવું જોઈએ? તમે જ કહો.'

'થનારને થવા દો. અભિનયની વાત છોડો. એવું બધું પકડી પાડવામાં એ નિષ્ણાત છે. મને લાગે છે કે ઉદયન સાથેનો આપણો વ્યવહાર આજ સુધી ચાલુ રહ્યો છે તે જ ભૂમિકાએ પ્રગટ થવા દો. સચ્ચાઈથી જ એ પ્રભાવિત થશે. વળી, એ મારી પ્રતીક્ષા કરે — હું જાણતી હોઉં અને એ મારી પ્રતીક્ષા કરે એવું આયોજન મારું ગૌરવ તો જરૂર વધારે પરંતુ મારે પક્ષે તો દંભ જ પોષાય... એ પ્રતીક્ષા કરતાં શીખે એ એના માટે ઇષ્ટ હોય તોપણ હવે તો મારામાં ધીરજ નથી. હું પર્યુત્સુક છું. મેં સંકલ્પ કરી લીધો છે. મારા સમગ્રને હોડમાં મૂકવા હું સજ્જ થઈ ચૂકી છું.'

અનિકેત ઊભો થયો.

'હું ઉપકૃત થયો અમૃતા. તમે કૃતાર્થ થશો. દૃઢ વિશ્વાસથી કહેવાયેલું તમારું છેલ્લું વાક્ય સાંભળીને મને લાગે છે કે મારું કર્તવ્ય પૂરું થયું. મારી વ્યગ્રતા દૂર થઈ. હું હવે Choiceless awarenessના એરિયામાં પ્રવેશ કરું છું. મારી તમને શુભેચ્છા કે આ પહેલાં તમને જે શૂન્યરૂપે દેખાયું હોય તે હવે અનંત બનીને મળો. આપણું શૂન્ય અનંત બનો. અનંતનો અનુભવ મુક્તિદાયક છે અને એ જ સાચી સ્વતંત્રતા છે.'

□

દિવસો સુધી તો એ વાંકું જોતો રહ્યો પણ એને ખ્યાલ ન રહ્યો અને એક દિવસ ઉપેક્ષાનો દુર્ગ તૂટી પડ્યો. એ દિવસ અનિકેતના બહાર જવાનો હતો. કદાચ એ દુર્ગ ન હતો, પડદો હતો.

એને એહસાસ થયો કે અમૃતાની ઉપેક્ષા સહજતયા થઈ શકતી નથી. એ માટે પ્રયત્ન કરવો પડે છે. એટલે કે આ ઉપેક્ષા સ્વયંભૂ નથી. અમૃતા સાથેના વ્યવહારમાં સજગ રહેવાનું એણે છોડી દીધું.

હવે અમૃતા નજીક હોય તો એને લાગતું હતું કે અમૃતા નજીક છે. અમૃતા આવવાની હોય તો એને યાદ રહેતું હતું કે અમૃતા આવવાની છે. અમૃતા પોતાના વિશે ઉદયન સાથે વાતો કર્યા કરે છે. ઉદયન સાંભળી રહે છે.

ડૉક્ટરે રજા આપી તે પછીના ત્રીજા દિવસે અનિકેત જોધપુર જવા ઊપડ્યો. અમૃતા એને વિદાય આપવા સ્ટેશન સુધી જઈ શકી ન હતી. ઉદયન જવા તૈયાર થવા લાગ્યો હતો. અમૃતાએ એનાં મોજાં કાઢીને ફેંકી દીધાં હતાં અને એને બૂટ પહેરતો અટકાવ્યો હતો. ડૉક્ટરે જે સૂચનાઓ આપી છે તેનો પૂરતો અમલ થવો જોઈએ. ડૉક્ટરે વિનયપૂર્વક ઠીક ઠીક સમય સુધી અમૃતા સાથે ચર્ચા કરી હતી. એમણે આશ્ચર્ય સાથે કહ્યું હતું કે લોહી વહી ગયું તેનું લાભદાયક પરિણામ આવ્યું. નવું લોહી ઉમેરાતાં અશુદ્ધિઓની ઘનતા ઓછી થઈ અને ઉપચાર-ઈલાજને સરળતાથી કામયાબી મળી.

અમૃતાએ એ વિશે ઉદયનને કહ્યું. એણે સિગારેટની ધૂણીને અમૃતા તરફ વાળતાં કહ્યું કે એમાં તને આશ્ચર્ય થાય છે? એમ જ થાય, બીજું શું થાય ? એટલુંય સમજતી નથી. જેમ એક મૃત્યુ પછી નવો જન્મ થાય છે તેમ જુનું લોહી દૂર થતાં નવું શુદ્ધ લોહી પ્રવેશ્યું. આટલું તો તારે ડૉક્ટરના સમજાવ્યા વિના પણ સમજી લેવું જોઈતું હતું.

'પણ એ પ્રયોગનું પુનરાવર્તન ન કરતો.'

'પુનરાવર્તન શા માટે કરીશ? હવે તો એ પ્રયોગને વટાવી જઈશ,'

'તારામાં આવી વિઘટનાત્મક શક્તિ ક્યાંથી આવી છે?

'આ આખો યુગ જ વિઘટનાનો છે અમૃતા! ૧૯૪૫ના પરમાણુ-વિસ્ફોટ પછીના જગતમાં વિઘટનની શક્તિનું વર્ચસ્ છે.'

'મારા જાણવામાં આવ્યું છે તે પ્રમાણે તો પરમાણુ-શક્તિ વિઘટન અને સંયોજન-, બંને કરી શકે છેઃ ફિશન અને ફ્યુઝન બંને, ખરું ને ?'

સંયોજન અથવા સાયુજ્યનો ક્રમ પછી છે. તે પહેલાંના વિઘટનમાં જ સઘળું સમાપ્ત થઈ જાય તો નવાઈ નહીં.'

'અનિકેતના કહેવા પ્રમાણે તારામાં પરિવર્તન આવ્યું છે જ્યારે હું જોઉં છું કે...'

'મારામાં પરિવર્તન આવ્યું છે એ જાણ્યા પછી તું મારા પર મહેરબાની કરવા આવી છે?'

અમૃતાએ ઉદયનનો કાન પકડીને સહેજ આમળ્યો. અને એને પોતાને જ વેદના થઈ. એણે જોયું કે કાનની બૂટને પુરાઈ જવા આવેલો છેદ છે.

'આ શું ઉદયન ?'

'ત્યાં ભિલોડા બાજુ નાનાં છોકરાંના કાન વીંધવામાં આવે. ભીલ લોકો કાને મરચીઓ અને વાળીઓ પહેરે. મારે પણ કાનમાં એવું બધું પહેરવું હતું. પણ છેદ વિના ક્યાં પહેરું ? મેં હઠ પકડી. બાપુજીએ તો ધમકાવી કાઢેલો પણ પછી મા માની ગઈ. કાન વીંધાવવામાં આવ્યા. મેં ત્રણચાર વરસ સુધી કાને સોનાનાં લવિંગિયાં પહેરેલાં. એક દિવસ ભિલોડાથી ઈશાન તરફ બેએક માઈલ દૂર દોસ્તદારોની ટુકડીમાં નહાવા ગયેલો ત્યાં રમતાં રમતાં મારામારી થઈ ગઈ. તેમાં એક લવિંગિયું તૂટી ગયું. બધા એક સાથે હસી પડ્યા. હું અકળાઈ ઊઠ્યો. બીજા કાનમાં બચ્યું હતું તેને કાઢીને પણ પાણીમાં ફેંકી દીધું. બધા ભોંઠા પડ્યા. અને છાતી કાઢીને હું ઘેર ચાલ્યો.'

અમૃતા દીર્ઘ સમય સુધી કંઈ બોલી નહીં. ઉદયને જોયું કે એ પૂર્ણપણે હાજર નથી, ડૂબેલી લાગે છે.

'અમૃતા !'

‘હં ?’ એ ઝબકી ઊઠી. પછીના સમયમાં એ કંઇક કહેતાં ખમચાતી હોય તેમ લાગ્યું.

‘કેમ કંઈ બોલી નહીં ?’

‘શું બોલું ?’

‘તું કહેવા જેવું કંઈક વિચારી રહી હોય એવું લાગે છે.’

‘અનિકેતે મને વાત કરી હતી કે ઉદયન આવતા અઠવાડિયે કામ પર જોડાઈ જવા માગે છે. ત્યાં સુધીની જ એણે રજા લીધી છે.’

‘હા, કેમ ?’

‘તું હમણાં લાંબી રજા લઈ લે અથવા નોકરી છોડી દે તો શો વાંધો ?’

‘રજા લઈને શું કરું ? પડી રહું ? મને લાગ્યા કરે કે હું બીમાર છું. અને આજે તો મને લાગે છે કે હું સાજો થઈ ગયો છું. આ થોડાક દિવસ લખવા માગું છું. પછી પ્રવાસે જઈશ. નોકરી છોડી દેવાની તું સલાહ આપે છે ? આ નોકરી છોડી દઉં તો હવે મને કોણ રાખે ? મારા જેવા કુખ્યાત માણસોની સેવાઓની કોને જરૂર લાગે ?’

‘હું નોકરી કરું જ છું. તારું ખર્ચ પણ નીકળી જશે.’

‘તું મને શું સમજે છે ?’

‘સાચવવા જેવો.’

‘ઉદયન સુરક્ષિત રહેવા ટેવાયેલો નથી. અને કોઈની મહેરબાની તો એને કદાપિ ન ખપે. એ કોઈનો આશ્રિત તો કદાપિ ન બને. એ તો દયા થઈ. અને આર્થિક દયા ? નિકૃષ્ટતમ વસ્તુ હું સ્વીકારું ?’

‘તારું આરોગ્ય પૂર્વવત્ થઈ જાય તે પછી હું નોકરી છોડી દઈશ. ત્યારે તારી પાસે જમા થયેલી એવી મારી મહેરબાનીને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ચૂકવી દેજે.’

‘એવા કોલકરાર મને ન ફાવે.’

શાંતિ. શાંતિ. અથવા ઉદાસ નીરવતા.

‘તારે હવે જવું જોઈએ, મોડું થશે.’

‘નોકર આવે પછી જાઉં’

‘તુ એને નોકર ન કહે, અનિકેતને પૂછી ન લીધું એનું નામ શું છે ?’

‘એ આવે એટલે એને જ પૂછી લઈશ.’

‘અનિકેત એને કોઈ કોઈ વાર મેનેજર કહેતો હતો.’

‘અચ્છા !’

અમૃતા હસી પડી.

‘મેં ઘણા સમયથી ફિલ્મ જોઈ નથી, તું કંપની ન આપે ઉદયન ?’

‘સીધી રીતે વાત કરને ! તું મને કંપની આપવા માગે છે. મને ફિલ્મ બતાવીને મારું મનોરંજન કરવા ઈચ્છે છે.’

‘તું કહે તે સાચું. બોલ કયો શો અનુકૂળ આવશે?’

‘કોઈ પણ. ભીડ ઓછી રહેતી હોય તે શો વધુ ફાવે. હા, કોઈ વેવલી ફિલ્મ પસંદ ન કરતી. કૃતક કરુણતાઓથી હું કંટાળી જાઉં છું.’

અમૃતાએ ત્રણ-ચાર ફિલ્મોનાં નામ દીધાં. પાત્રોને સ્થાને કાર્ટૂન ચિત્રો પર આધારિત એક અંગ્રેજી ફિલ્મ જોવાનું ઉદયને પસંદ કર્યું.

‘પણ એ ફિલ્મ બાળકો માટેની નહીં હોય ?’

‘તેમ હોય તો વધુ સારું. યુવાનીને ઘેર મૂકીને જઈ શકાય. અમૃતા, સાચું કહું ? આપણે લોકોએ બાળપણથી આરંભીને નવેસરથી જીવવાનું શરૂ કરવા જેવું છે. જે વીતી જાય છે તેને સુધારી શકાતું નથી. નવા આંક માંડવા માટે આખી પાટી ભૂંસવી પડે છે. માનવજાત માટે પણ જતે દહાડે આમ જ કહેવાનું રહેશે.’

‘જે ભૂંસી શકાય તેવું ન હોય તેને રંગી શકાશે. અચ્છા હું જાઉં.’

‘પહેરેગીર આવી ગયો છે! ભલે, તું જા. આવજે. તેં મારી ઘણી સેવાચાકરી કરી. આભાર માનું છું.’

‘બસ હવે.’

‘કેમ નહીં સ્વીકારે ?’

‘ના.’

‘તો તું જલદી જલદી બીમાર પડ, તારી સેવા કરી લઉં.’

‘જેવી તારી શુભેચ્છા ! અચ્છા, શુભ રાત્રિ !’

‘... રાત્રિ.’

અમૃતા દરરોજ મોડી રાત સુધી બેસી રહે છે. જાણે કે ઊઠવાની એની ઈચ્છા જ ન હોય. ઉદયન આગ્રહ કરીને વળાવી આવે છે. આ પ્રમાણે ચાલતું રહે છે અને અઠવાડિયું પૂરું થઈ જાય છે. ઉદયનના સૂચનથી બંને જણ સમુદ્ર-કિનારે જાય છે. મરીન ડ્રાઈવના ફૂટપાથ પર એ ચાલી રહ્યાં છે. કિનારાથી બંધાયેલો સમુદ્ર શાંત છે. ધીરે ધીરે, દૂર દૂર અને ઊંડે ઊંડે એનો અવાજ છે.

‘હું આવતી કાલે પૂના જાઉં છું.’

અમૃતા થંભી જાય છે. એના ખભે હાથ મૂકીને કહે છે —

‘ના, હું તને ક્યાંય જવા દેવાની નથી.’

‘તને ઊંઘતી મૂકીને ચાલ્યો જઈશ. અલબત્ત તું તારે ઘેર ઊંઘતી હશે, હું મારે ઘેર જાગતો હોઈશ.’

‘તારે નથી જવાનું.’

‘તું જાણે છે કે કોઈ જતું હોય અને એને આમ ના પાડવી એ અપશુકન કહેવાય.’

‘હવે તું ક્યારથી મોટો શુકન-અપશુકનમાં માનનારો થઈ ગયો ?’

'પણ સાંભળ. નોકરીનો સવાલ છે. અને મેં સ્વેચ્છાએ ત્યાં જવાનું સ્વીકાર્યું છે. હવે એક દિવસમાં મારા વતી બીજા કોઈને મોકલવાનું કેવી રીતે બને? મને રસ પડે એવો સેમિનાર છે. પત્રકારોનો સેમિનાર છે. મારી સંસ્થાના પ્રતિનિધિએ એમાં જવું જ જોઈએ. પૂનામાં ચારેક દિવસ રોકાઈશ અને ત્યાંથી ત્રણેક દિવસ મ્હૈસુર જઈ આવીશ. આઠ-દસ દિવસમાં પાછો. સમજી?'

'મેં મ્હૈસુર જોયું નથી, તારી સાથે આવવું છે.'

'જુઠ્ઠી! વૃંદાવન બાગના ફોટોગ્રાફ કોણ પાડી લાવેલું?'

'હું ભૂલી ગઈ પણ મારે તો આવવું જ છે.'

'તું પેલા સેમિનારની ચર્ચામાં બોર થઈ જાય. તને ન ફાવે.'

'એ, પ્લીઝ, ઉદયન, લઈ જા ને!'

'તને મારા પર વિશ્વાસ નથી? હું સાચું જ કહું છું કે તને ન ફાવે. તું અમારા પત્રકાર મિત્રોનો સ્તર જાણીને દુઃખી દુઃખી થઈ જાય. એક આદર્શ કેશકર્તન કલાકેન્દ્રમાં ચાલતી ચર્ચાઓના સ્તરથી એમની ચર્ચાનો સ્તર સહેજ જ ચડિયાતો હોય છે. તે ઉપરાંત એક બીજા કારણે પણ તું ન આવે એ અમારા હિતમાં છે. તું ત્યાં હાજર હોય તો સેમિનારની ચર્ચાઓ ચાલતી હોય એટલી વ્યવસ્થિત પણ ન ચાલે. તારા જેવા શ્રોતાને જોઈને વક્તાઓને વધુ બોલવાનું પ્રેત્સાહન મળે. અને બાકીના પેલાને સાંભળે નહીં, તને જ જોઈ રહે.'

'કેમ, પત્રકારોમાં બહેનો નથી હોતી?'

'હોય છે. જેમના દર્શન-માત્રથી સંયમનિગ્રહની શક્તિ વધે.'

અમૃતા હસી પડી.

એની દંતપંક્તિની ચમકતી ધવલતા અને અધરોષ્ઠની સુરખીની ઉગ્ર મોહકતાથી પોતાને લલચાતો જોયા પછી પણ, અને કદાચ એ કારણે પણ એણે સાથે આવવા અમૃતાને અનુમતિ ન જ આપી.

દવા અને ઈન્જેકશન લેવા અંગે અમૃતાએ વારંવાર કહ્યું. એણે વચન આપ્યું કે નિયમિત રહીશ. સરનામું પણ આપતો ગયો જેથી અમૃતાને વિશ્વાસ ન રહે તો કોલ દ્વારા કહી શકે. દસમા દિવસે પાછા આવી જવાનું એણે કહ્યું હતું.

એ સાતમા દિવસે પાછો આવી ગયો.

અનિકેતનો પત્ર આવીને પડ્યો હતો.

નોકર બહાર જવા તૈયાર હોય એમ લાગ્યું.

'કહાં ચલે મેનેજર ?'

'અમૃતાદીદીને કહેવા.'

'હું પાછો આવી ગયો હોઉં અને એને ખબર પડી ન જાય એવું બને ? જાઓ દોસ્ત, સિગરેટ લે આઓ. હમ આમનેસામને બૈઢકર પીએં.'

મેનેજરને બીજા દિવસે ઉદયનની યુક્તિનો ખ્યાલ આવી ગયો. ઉદયન બપોરે ઊંઘતો હતો ત્યારે એ ભાડે ટેકસી કરીને અમૃતાને કહેવા ગયો. અમૃતા રજા લઈને આવી પહોંચી.

ઠપકો આપવા એ તમતમી રહી હતી. પણ એને ઊંઘતો જોઈને ઠંડી પડી ગઈ. એની આંખો ખૂલી ત્યાં સુધી એ ખામોશ રહી.

'તને જાણીને આનંદ થશે કે મેં રાજીનામું આપી દીધું છે.

'સાચે જ ! બહુ સારુ કર્યું.'

'ડૉકટરોનું કહેવું છે કે...'

'કે ?'

'મારે આરામ કરવો. સુક્કી હવાવાળા સ્થળે રહેવા જવું. ભિલોડાની હવા સૂકી હોવી જોઈએ. તે ઉપરાંત એ મારું વતન છે. હું ત્યાં જઈશ.'

'ડૉકટરે બીજું તો કંઈ નથી કહ્યું ને ?'

'ક્યા ડૉક્ટરે ? હાં હાં, બીજુ કંઈ નથી કહ્યું. અને કહ્યું હોય તો મને યાદ નથી. મને પણ લાગે છે કે મારે હવે વિરામ કરવો જ રહ્યો.'

અમૃતાએ માની લીધું કે ઉદયને 'આરામ'ને બદલે 'વિરામ' શબ્દ ભૂલથી વાપર્યો છે.

'તો ક્યારે જવું છે ? રિઝર્વેશન-ટિકિટ લઈ આવું ?'

'ઉતાવળ નથી. હું સ્ટેશન બાજું જઈશ ત્યારે લેતો આવીશ'

'તું થાકેલો લાગે છે, અશક્ત લાગે છે.'

'એ તારો ભ્રમ છે. દેખાય તે યથાર્થ ન પણ હોય. હજી તો તારા ગળે ટૂંપો દઈ શકું એટલું પૌરુષ મારામાં છે. પરંતુ હું અશક્ત નથી તે સાબિત કરવા માટે એમ કરવાની મને જરૂર લાગતી નથી.'

ઉદયનના કથનનું તાત્પર્ય સ્પષ્ટ થતાં અમૃતાના હૃદયમાં જ્વાળાઓ ભભૂકી ઊઠી.

તો શું એ મને દૂર રાખવા માગે છે? મને સ્વીકારવામાં એ મારો વિનાશ સમજે છે? મને અલગ રાખવા જ ઈચ્છે છે ? પણ હું એને એકલો મૂકીશ તો ને ? જોઉં છું મારાથી કેવો છટકે છે !

એ સ્ટેશન પહોંચી. ગુજરાત મેઈલમાં આવતી કાલનું પ્રથમ વર્ગનું રિઝર્વેશન મેળવી લીધું.

ઘેર ફોન કરીને એણે સમાચાર આપ્યા. પુરાતત્વ-મંદિરમાં જઈને એક માસની રજા મૂકી. એ મંજૂર ન થાય તો રાજીનામું સ્વીકારી લેવા વિનંતી કરી. બેંકમાં જઈ આવી. એની વાત ન માનીને અનિકેતે હોસ્પિટલનું બધું જ બિલ ચૂકવી દીધું હતું. તે એને ગમ્યું ન હતું. પણ હવે ઉદયન માટે અનિકેતે ખર્ચ કરવાનું હોય નહીં.

હવે એ બધો સમય ઉદયનની સાથ`જ રહેશે. અનિકેતના નોકરને જોધપુર જવા સૂચવ્યું.

ઘેર ગઈ. બધાંને મળી શકાયું નહીં. કપડાં અને અન્ય સામગ્રી લઈ આવી.

ઉદયન તૈયાર થતો ન હતો. એનું માનવું હતું કે બંનેએ ત્યાં જવાની જરૂર નથી. તારું કંઈ આરોગ્ય બગડ્યું નથી. અને એ સ્થળે કોઈ મુંબઈવાસીને ફાવે તેવું પણ નથી.

અમૃતાએ બહુ કહ્યું તે પછી એ બોલ્યો : કાં તો તું જા, કાં તો હું જાઉં. તું મારી સાથે શોભે નહીં.

અમૃતાએ એને મૂઢ કહ્યો. હેંગર પરથી કપડાં લાવીને એના પર ફેંક્યાં. મોજાં લઈને એના પગે ચડાવી દીધાં. બૂટ પહેરાવીને દોરી જોરથી બાંધી દીધી. એનો હાથ પકડીને એને બારણા બહાર લઈ ગઈ. તાળું માર્યું અને ચાવી પોતાની પર્સમાં મૂકી દીધી.

'મારી સામે હવે તારું કંઈ ચાલવાનું નથી, સમજ્યો ! તારા સમયનાં સૂત્રો હવે મારી પાસે છે.'

અમૃતાએ ઉતાવળ ન કરી હોત તો ગાડી ઊપડી જાત.

મુંબઈ પાછળ પડતું ગયું. સાન્તાક્રૂઝ સ્ટેશનનાં પાટિયાં અમૃતાએ બારીના કાચ થકી વાંચી લીધાં. ગાડીની ગતિ હવે ઓછી ન હતી.

પ્રકાશનો એક લિસોટો એને આકાશમાં દેખાયો.

વળાંક આવતાં દેખાતું હતું કે ગાડીના એન્જિનની લાઈટ રોશનીના ભાલાની જેમ અંધકારને તીવ્ર વેગે ભેદીને આગળ વધ્યા કરે છે.

ઉદયન વાંચે છે.

અમૃતા જોઈ રહી છે કે ઉદયન ફક્ત પુસ્તકમાં જોઈ રહ્યો નથી, વાંચે છે. એ વાંચતાં વાંચતાં જ ઊંઘી ગયો. એ જાગ્યો ત્યારે ગોળીઓ અને પાણી આપીને અમૃતાએ ઊંઘવા માટે પૂર્વતૈયારી કરી.

અમદાવાદમાં ખાસ રોકાવાનું બન્યું નહીં.

શામળાજીથી બસ બદલવાની હતી. વચ્ચે સમય હતો. અગિયાર વાગ્યા હતા. તાપ હતો. શરદ ઋતુનો તડકો ઉદયનને માથું ચડાવે છે.

બસમાંથી ઊતરેલાં પેસેન્જરો મંદિર જોવા ગયાં. બીજી બસમાં સામાન ગોઠવાઈ ગયો તે પછી ઉદયન મંદિરની સામેના ડુંગરા તરફ ગયો. એણે અમૃતાને મંદિરની મુલાકાત લઈ આવવા કહ્યું. અમૃતા ગદાધર કૃષ્ણના આ મંદિર વિશે જાણતી હતી. એણે ઉદયનને સાથે આવવા કહ્યું.

ઉદયને જણાવ્યું કે મને કોઈ પણ ગદાધારીમાં રસ નથી. બધી જ ગદાઓ હવે તૂટી જવી જોઈએ.

અમૃતા એકલી ગઈ.

એ સહેજ ઊંચાણવાળા ભાગમાં ગયો. ખાખરાના થડને ધક્કો દઈને એક મોટો પથ્થર પડ્યો હતો. ઉદયન એના પર જઈ થડને ટેકો દઈને બેઠો. ખાખરા પર બેઠેલું એક નાજુક પંખી ઊડી ગયું.

અમૃતા પંદરેક મિનિટમાં આવી ગઈ. મંદિર કેવું લાગ્યું ? શું શું જોયું ? ભગવાનને પ્રણામ કર્યા કે નહીં, કેમ જલદી આવી, આવો તેવો કોઈ પ્રશ્ન ઉદયને પૂછ્યો નહીં.

અમૃતાએ પણ ન બોલીને જ કહેવાનું પ્રગટ કર્યું. એ પાસે જ ઊભી હતી. ઉપર મધ્યાહ્નનો સૂર્ય તપતો હતો. એની સામે જોઈ શકાય તેમ ન હતું તેથી જોનારે અમૃતાની છાયા સામે જોયું. આ છાયા ધરતીમાં સમાઈ જવા મથી રહી છે. એને ખેંચીને પોતાની સંનિકટ લાવી શકાય તેમ નથી. અમૃતાના બેસવાથી બે છાયાઓ વચ્ચેનો અવકાશ સંકોચ પામ્યો. આ અવકાશ બે તસુ જેટલો હોય કે દોરાવા હોય પણ અલગતાને સાચવી રાખવા સમર્થ છે.

‘અમૃતા, એ સર્વવિદિત વાત છે કે...’

‘કેમ અચકાયો ?’

‘આગળ શું બોલવું તે સૂઝ્યું નહીં, કદાચ હું મને જ કહી રહ્યો હતો. તારું નામ બોલાઈ ગયું તેથી મારો સ્વર તૂટી ગયો.’

‘ચાલ બસ ઊપડવાનો સમય થયો.’

‘આપણને મૂકીને એ ઊપડી જાય અને પથભૂલ્યાં આપણે આ ડુંગરાઓમાં ભટક્યા કરીએ તો કેવું સારું !’

‘ચાલ. ડ્રાઈવર આ તરફ જોઈને હોર્ન વગાડે છે.’

ઉદયને બસમાં બેસીને સિગારેટ સળગાવી. અમૃતાએ બસમાં લખાયેલી સૂચના તરફ એનું ધ્યાન ખેંચ્યું. એણે જવાબ આપ્યો કે આ મારી જન્મભૂમિ છે. અહીંના નિયમો હું જાણું કે આ બસનું પતરું ?

‘જો પેલી આદિવાસી કન્યાઓ જાય છે.’

‘એ તો આપણા જેવી જ છે.’

‘આપણા જેવી નહીં, તારા જેવી. જોકે એમ પણ કેવી રીતે કહી શકાય? હું ક્યાં એમને ઓળખું છું?’

વાડ વિનાનાં ખેતરો, ડુંગરાઓ વચ્ચેનાં ખડતલ મેદાન, સાગ અને ખાખરાનાં વૃક્ષોથી દૂર દૂર લગી સંકળાયેલી સંતુષ્ટ ધરતી, પાંદડાં પર પોષણ પામ્યાની તૃપ્તિ, હવાનો અંતરસ્પર્શી ઉમળકો... અમૃતાને લાગ્યું કે આ આખો ને આખો પ્રદેશ એને સ્વીકારી રહ્યો છે.

‘ઉદયન, આપણો દેશ કેવો હર્યોભર્યો છે !’

‘અનિકેત ગયો છે. ત્યાં જઈને જોઈ આવ, પછી આવાં વિધાન કર.’

ડુંગરને ચીરીને રોડ બનાવ્યો હોય તેમ લાગ્યું. બે બાજુની ભેખડોના ખરબચડા અવયવો જોઈને એની દૃષ્ટિ આકાશ તરફ છટકી જવા માર્ગ શોધવા લાગી. બંને તરફનાં ઊંચાણ આ રસ્તા પર નમી રહ્યાં હોય એમ લાગ્યું. એણે નીચું જોઈ લીધું.

ફરી પાછી વનરાજી, ઝાડને છાંયડે વાગોળતા બળદ, ચલમ પીતા ખેડૂતો અને ક્યાંક ક્યાંક ચરતી ભેંશો.

'આ અમારી હાથમતી નદી.'

'કયાં ?'

'જોતી નથી, બસ શેના ઉપર થઈને પસાર થઈ રહી છે?'

અમૃતાએ જોયું કે પુલ છે. પણ નીચે નદી નથી, નાના નાના પથરા અને કાંકરાઓથી છવાયેલો વિસ્તાર છે.

'પાણી કેમ નથી ? ચોમાસામાં પણ આમાં પાણી નથી ટકતું ?'

'પાણી છે, હું જોઈ શકું છું કે પાણી છે,'

'તું પ્રામાણિક ભાષામાં બોલે છે ?'

'હા, હું પાણી જોઈ શકું છું કારણ કે આ નદી છે. અમૃતા તને પાણી નથી દેખાતું પણ મને દેખાય છે. કારણ કે હું જાણું છું કે આ અંતઃસ્રોતા છે.'

અંતઃસ્રોતા...

'ભિલોડા બહુ જૂનું ગામ છે. અને છતાં એ ગામ જ રહ્યું છે. શહેર બની શક્યું નથી. કારણ કે એની નદી નજીક આવીને અંતસ્રોતા બની જાય છે, અને દૂર જઈને પ્રગટ થાય છે.'

અમૃતાએ ભરબપોરે ભિલોડામાં પ્રવેશ કર્યો.

'અમારા ગામને પશ્ચિમ તરફ ભાગોળ છે. ભાગોળનું કોઈ વિશિષ્ટ સ્વરૂપ નથી, કદાચ તને બધું વીખરાયેલું લાગશે. આ ભાગોળની ધૂળ, જો પેલી થોરની વાડ, આ તરફ અંગ્રેજી નિશાળ સામે પોલીસ-સ્ટેશન. આ ગુજરાતી નિશાળ. જો હવે સામે છે તેને આશ્રમ કહે છે. આમ વળવાનું છે, દક્ષિણ તરફ, હજી દૂર છે ઘર.'

ખડકીના દરવાજાને તાળું હતું.

ચાવી ? યાદ નથી આવતું ચાવી કોને આપી હતી ?

'તોડો તાળું તોડો, ઘર મારું છે.'

'સૂટકેસ વગેરે સામાન ઉપાડીને આવેલા મજૂરોએ તાળું તોડતાં વાર ન કરી. હથોડી લઈ આવ્યા, પાનું લઈ આવ્યા અને ધડ્ ધડ્ ધડ્...અમૃતાની આંખોમાં એ ધબકારાઓનો પ્રતિધ્વનિ કંપી રહ્યો, એના હૃદય-ધબકારમાં ભળતો ગયો.

દરવાજો ખૂલ્યો. દીવાલો વચ્ચે ઘરનું આંગણું દેખાવાને સ્થાને અમૃતાને ઘાસ દેખાયું. ઘાસ લીલું હતું, ઘાસ સૂકું હતું, ઘાસ આંગણાને ઢાંકીને પથરાયું હતું. એના ઉપર પગ મૂકીને ચાલવા જતાં અવાજ થયો. કેમ આવા નગણ્ય અવાજો પણ સંભળાય છે ?

બે ખાટલા ઊભા કરેલા હતા. ઉદયને ઢળાવ્યા. અને એકમાં એણે લંબાવી દીધું. મેડાની સાફસૂકી કરીને પાણી ભરીને જવા માટે ગજવામાંથી પૈસા કાઢીને આપવા લાગ્યો. લેનારને વધારે પડતા હતા. નહીં લો તો કામ કરવા દેવામાં નહીં આવે એવી ધમકી આપીને એણે પૈસા આપી દીધા.

શામળાજીથી ભિલોડા વચ્ચે જોયેલા ડુંગરા અમૃતાના ચિત્તમાં ડોલતા હતા. એ ડુંગરાઓ વચ્ચેનું આકાશ મધ્યાહ્નનું હતું. નદીમાં પથરા અને કાંકરા હતા. જળનો પ્રવાહ એણે કલ્પી જોયો...

એ થોડુંક બેઠી અને ઊભી થઈ. એક બારણું દાદરાનું હતું, જેને ખોલીને મજૂરો મેડા પર ગયા હતા અને સાફસૂફી કરવા લાગ્યા હતા. બીજું બારણું એણે ખોલ્યું. ચોકડી, પાણિયારું, પાણિયારા પરના ગોખમાં સરસ્વતીની છબી એની આગળ આડી પડેલી ધૂપદાની, ગોખના ઉપરના ભાગમાં કરોળિયાનું જાળું...એ પછીતવાળા ખંડમાં ગઈ. એક ચામાચીડિયું ઊડ્યું. આંટા લગાવવા લાગ્યું. એકવાર તો અમૃતાના કાન નજીકથી પસાર થયું. એની કર્કશ અને બિહામણી પાંખ જોઈને અમૃતાથી ચીસ પડાઈ ગઈ. એ બહાર દોડી આવી. ઉદયન આંખો દાબીને પડ્યો હતો.

એ ખાટલા પર બેઠી. બારણાંની સાખ પરની કલાકારીગરી જોવા લાગી. નજર ઉપર ગઈ. ટોલ્લા પર ચકલીનો માળો હતો. કેટલાંક તરણાં એક તરફ નીચે લટકતાં હતાં.

ઉદયને આંખો ખોલી. એના ખાટલાથી પાંજઠ પર વળગણી દેખાઈ. એ બેઠો થયો. બુશશર્ટ કાઢીને એણે વરગણી પર ફેંકયું. વરગણી ઝૂલી ઊઠી. ઝૂલતી રહી. એ જોતો રહ્યો. સૂઈ ગયો અને એણે આંખો દબાવી.

અમૃતા મેડા પર ગઈ. મેડીનો મૉડી પરનો ભાગ ઉપરથી ખુલ્લો હતો, લગભગ અગાશી જેવો. તે સિવાય બે ઓરડા હતા. કચરો વળાઈ રહેવા આવ્યો હતો. શ્વાસ લેતાં ફાવતું ન હતું. એ દાદર ઊતરવા લાગી. એને અતડું લાગ્યું.

બે દિવસ સુધી એને અતડું અતડું લાગ્યું. ત્યાં સુધીમાં બધું બરાબર ગોઠવાઈ ગયું હતું. જૂનો સ્ટવ ઉદયને મારીમચડીને ચાલુ કર્યો છે, તોપણ વચ્ચે કોક કોક વાર ભભકી ઊઠે છે. એણે અમૃતાને દૂર બેસવા ચેતવણી આપી રાખી છે.

ભિલોડા જોયું. જોવાની ઈચ્છા હતી જ. વરસો પહેલાં એ ઈચ્છા એણે પ્રગટ પણ કરેલી. એણે ઉદયનને કહેલું — ત્યાં જઈને એ ગરબો ઘૂમશે. ભીલકન્યાઓની સાથે ભળીને કેડ પાછળ હાથ બાંધીને એ નાચશે, ઉદયન ગમે તેટલો દૂર ઊભો હશે તોપણ જોઈને મોહી જશે...આજે તો એ ઇચ્છા માત્ર તરંગ લાગે છે. ઉદયનને એની યાદ આપવાનો કશો અર્થ નથી. એને હવે એવા કોઈ તરંગની કે એવા કોઈ પ્રસંગની યાદ આપવામાં ન આવે તેમાં જ અભિપ્રય છુપાયેલો છે.

જોઉં છું કંટાળી જતાં હજી કેટલી વાર કરે છે...જરૂર કંટાળશે...એના કંટાળવાનો સહેજ અણસાર મળે કે એને બસમાં બેસાડી આવું...કંટાળશે જરૂર કંટાળશે. આટલી બધી મુશ્કેલીઓ એણે જિન્દગીમાં કદી વેઠી નથી. વેઠે શું જોઈ પણ નહીં હોય, કદાચ એણે કલ્પી પણ નહીં હોય...જરૂર કંટાળશે. એને વળાવી આવીશ અને ઘેર આવીને ખડખડાટ હસી પડીશ...'ગઈ!' આંગણાનું ઘાસ કંપી ઊઠશે...બારણાં બંધ કરીને ઊંઘી જઈશ...

'ઉદયન, તારું ગામ બહુ ગમ્યું. આ ચોતરફ ડુંગરાઓ અને એમની ભેગી થયેલી હથેલીઓમાં વસેલું ગામ! ડુંગરાઓ પણ કેવા ગંભીર અને મક્કમ દેખાય છે! જાણે પરમ વિજેતાની છાવણીમાં ખેંચાયેલા નીલ તંબુઓ! આ અગાશી પર હું દર સંધ્યાએ ઊભી રહીશ તો થોડા દિવસમાં કવિ બની બેસીશ...ઉદયન તેં કવિતા લખી હશે જ.'

'પહેલાં લખતો હતો, બાળપણમાં, પણ એનાથી કંઈ વળ્યું નહીં એટલે જતી કરી.'

'તું ઘણો સંયમી કહેવાય, બાકી આવા, સૌંદર્યનો અનુભવ કોણ જતો કરે ?'

'એ, જરા માપસર બેસ ને! મારા ઓશીકા પાસે બેસી પડે છે તેથી મને રૂંધામણ થાય છે.'

અમૃતાએ જવાબ આપવા માટે ઉદયનનો કાન ખેંચ્યો અને એની બૂટ જરા દબાવી. એણે હાથ લઈ લીધો તે પછી પણ લાલાશ ઓછી ન થઈ. એ જોઈને એ બેચેન થઈ ગઈ.

એને દવા આપવાનો વખત થયો. એ ઊભી થઈ.

ઉદયન દવા લેવામાં અનાકાની કરતો નથી.

એક પછી એક સાંજ વીતે છે.

ગઈ સાંજે ઉદયન દીવાસળીની પેટી લઈને આવતો હતો. રસ્તામાં વૃદ્ધ ગતિએ આવતી બે પડોશી સ્ત્રીઓ એના વિશે જ વાત કરતી હતી — 'ભઈલો બૈરું તો જબરું લાયો.' ઉદયને સાંભળ્યું હતું. ઘેર આવીને મેડા પર ધીમે ચડવાનું ભૂલી જવાથી શ્વાસ ચડ્યો હતો. એ સૂઈ જઈને આરામ કરી રહ્યો હતો. છતનાં નળિયાંની બિલકુલ માથા પરની લાઈન સામે એ જોઈ રહ્યો. એક લાઈનમાં નળિયાં ગણીને બીજી લાઈનનાં નળિયાં ગણવા લાગ્યો. ગણી રહ્યો ત્યારે પહેલી લાઈનનાં કેટલાં થયાં એ ભૂલી ગયો હતો.

આજે વહેલી સવારથી એ વાંચવા બેઠો હતો. હમણાં જ એણે પુસ્તક ખાટલા નીચે મૂકી દીધું. અમૃતા પોસ્ટ-ઑફિસે ગઈ હતી. એ આવી એવી ઉદયનની સામે બેસી ગઈ અને જમણા પગની પાની હાથમાં લઈને દબાવવા લાગી.

ઉદયને નજર કરી. બોલ્યો નહીં.

'કાંટો વાગ્યો છે. અહીંના કાંટા બહુ મજબૂત હોય છે!'

ઉદયન નિરુત્તર.

'ચંપલની બાજુમાં થઈને શૂળ ભોંકાણી. ખેંચવા જતાં તૂટી ગઈ.'

ઉદયને ગરદન વાળીને દીવાલ તરફ જોયું.

પાની દબાઈ-ચોળાઈને લાલચોળ બની ગઈ હતી.

'ઉદયન !'

ઉદયને સામે જોયું. દૃષ્ટિ પ્રશ્નાકુલ લાગતી હતી પરંતુ ચહેરામાં તો જાણે ઠાંસી ઠાંસીને મૌન ભર્યું ન હોય !

અમૃતા ઊભી થઈ. કાંટો કાઢવા કંઈક સાધન શોધવા લાગી. સોય તો ક્યાંથી હોય? ઉદયનના હજામતના સામાનમાંથી એણે બ્લેડ લીધી. પહેલાં બેઠી હતી તે જ સ્થળે આવીને બેઠી.

બ્લેડ વાગશે તો પાકશે, એનો ઘા ઝેરી હોય છે — કહેવાનું મન થયું પણ એ ન બોલવામાં સફળ થયો. બ્લેડના ખૂણાથી કાંટા કનેનો ભાગ દબાવ્યો. કાંટો આપમેળે બહાર ઊપસી આવ્યો.

'હાશ !'

'એક વાર હાશ કહી દેવાથી છુટકારો થઈ જવાનો નથી. અહીં રહેવું હશે તો ઘણા કાંટા વાગશે. અમૃતા, આ પ્રદેશ તારો નથી અને તારું અહીં કામ પણ નથી. પાછી જા.'

‘તું ડર બતાવીશ એમ મારી હિંમત વધશે.’

‘તો તને ડરાવવા માટે શું કરવું ?’

‘જે થઈ રહ્યું હોય તે થવા દે. પોતાના દાયિત્વનો ભાર હળવો કર. મને લાગે છે કે તું કશાક ડરથી ઘેરાયેલો છે તેથી જ મને પણ ડરાવવા ઈચ્છે છે. ઉદયન, તું કેમ ભૂલી જાય છે કે તેંજ મને નીડર બનાવી છે.’

‘તારી નીડરતા સાચી હોય તો મને અહીં રહેવા દઈને જા. તારી હાજરીને કારણે મારે સભાન જીવવું પડે છે, જે મને નાપસંદ છે. તું જા, મારે મારી રીતે જીવવું છે.’

‘હવે શું જાઉં ? હવે તો તારે માની લેવું પડશે કે હું તારા પંથની જ પ્રવાસી છું. તારી દિશા એ જ મારી દિશા.’

‘પછી તને એમ ન લાગે કે ઉદયને ચેતવી ન હતી.’

‘તું કોને ચેતવવાની વાત કરે છે ઉદયન ? બહુ થયું હવે બસ કર. તું એટલું પણ નથી સમજતો કે તર્ક-વિતર્કની મદદથી કોઈ છાયાને શરીરથી અલગ કરી શકતું નથી ?’

‘કોઈને છાયા બનાવી દેવાનું દુષ્કર્મ મારાથી નહીં થઈ શકે.’

એ અંદર ગઈ. પછીતની બારીના સળિયા પકડીને ઊભી રહી. સૃષ્ટિને નીરખી રહી. કંથેરના ઝાંખરા પર અપરાજિતા વેલનાં વાદળી રંગનાં ફૂલ એ રીતે છવાયાં હતાં તે કંથેરનું ઝાંખરાપણું ઢંકાઈ ગયું હતું. બબ્બે, એકએક એવાં અનેક વૃક્ષો તરફ નજર વારાફરતી જતી હતી. પાંદડાંની સઘનતાથી સાન્ત્વન આપતાં વૃક્ષો કેવળ ઉપર ઉપરથી ઘેરાયેલાં લાગ્યાં. ડાળીઓ વચ્ચેનો અવકાશ એને પ્રતીત થયો, એકાએક એની કલ્પનામાં કંપી ઊઠ્યો. એકલ લટકતો પંખીનો કોઈ ખાલી માળો... વૃક્ષોના ઓઠે પડી જવાથી પોતાની હાજરીને દાખવતી અંતસ્રોતા હાથમતી...નાના સરખા પેલા શ્મશાનનો પરિચય કરાવતી તૃણરહિત ભૂમિ...સૂરજના તાપમાં ચળકવા લાગેલું તળાવનું આછોતરું પાણી...

એને લાગ્યું કે પેલી પારની સઘળી સૃષ્ટિ સંદર્ભરહિત બની ગઈ છે. એક દશ્યને બીજા દશ્ય સાથે સાંકળી શકાતું નથી. જાણે કે ત્યાં કશોક અપરિહાર્ય વિચ્છેદ પ્રવર્તે છે.

યાદ આવ્યું કે અગિયાર વાગ્યે તો ઉદયને શાળામાં જવાનું છે. ઉદયનની ના હોવા છતાં આચાર્યશ્રીના આગ્રહને ટેકો આપીને અમૃતાએ વાર્તાલાપ રખાવ્યો હતો.

'ઉદયન, જવાનું છે.'

'હા, જવાનું છે.'

'તૈયાર થા.'

'મારાથી પણ તને વધુ ઉતાવળ છે?'

'જો ઘડિયાળમાં, સમય થયો. કોઈ બોલાવવા આવતું હશે.'

'તું ક્યાં જવાની વાત કરતી હતી?'

'શાળામાં. તું શું સમજ્યો?'

'કંઈ નહીં. પણ જવા દે ને, મને કંઈ રસ નથી. વિદ્યાર્થીઓને ખપ લાગે એવું કહેતાં મને નહીં ફાવે. મારું માને તો તું જા.'

'હું તારી સાથે આવીશ.'

'આચાર્યશ્રી ખબર વિના તારો પણ પરિચય આપવા બેસશે અને નથી એવું કહી બેસશે તો ?

'તો સાંભળનારા સાચું માનશે, તું નાહક ચિંતા કરે છે. ઊભો થા, તૈયાર થા, ચાલ.'

અમૃતાએ હાથ પકડીને એને બેઠો કર્યો. એમ કરવાની જરૂર ન હતી એવું સૂચવતો એ ઊભો થયો. તે પછી અમૃતાના માર્ગદર્શન પ્રમાણે એ તૈયાર થવા લાગ્યો. કશો વિરોધ કર્યો નહીં. અમૃતાએ જોયું કે બે છાત્રો બોલાવવા આવી રહ્યા છે. એમને આવકાર આપીને એ એમની સાથે વાતે વળી.

વિદ્યાર્થીઓ આગળ આગળ ચાલતા હતા. અમૃતાના માનવા પ્રમાણે ઉદયન ચાલવું જોઈએ તેથી વધારે ઝડપથી ચાલી રહ્યો છે.

મહેમાનોને જોઈને વિદ્યાર્થીઓ ઊભા થયા. ઉદયનને એ ન ગમ્યું. શ્રેષ્ઠતાવાચક વિશેષણોથી ઉદયનનો પરિચય આપવામાં આવ્યો. એ બોલવા ઊભો થયો.

'મિત્રો !'

તમને મળવાની તક મળી તે બદલ આભારી છું એવું કંઈ બોલ્યા વિના, એટલું બોલી શકાય એટલો સમય એ અશબ્દ રહ્યો.

'તમે સુખી છો. કારણ કે પ્રકૃતિની જુદાઈ જીરવવાનું તમારે ફાળે આવ્યું નથી. તેથી તમારા ચહેરા પર નવજાત પલ્લવોની સુરખી છે. ઊંચી ઈમારતોના પડછાયા નીચે પડખેનો કર્કશ કોલાહલ સ્વીકારી લઈને વાંકીચૂકી ગતિએ ચાલવું અને પ્રકૃતિનો મલકાટ આખાંમાં ઝીલીને ચાલવું એ બે સ્થિતિમાં બે જુદી દુનિયાઓ વચ્ચે હોય એટલું અંતર છે. હું મારા અભ્યાસકાળ દરમિયાન એ બંને સ્થિતિઓમાંથી ગુજર્યો છું. એકનો મેં મુકાબલો કર્યો છે, અને બીજીએ મને એ મુકાબલો કરવાની તાકાત આપી છે. અહીં ભણ્યો, શહેરમાં ભણ્યો. બીજા શબ્દમાં કહું તો અહીં ઊછર્યો, ત્યાંના તાપમાં આકાર પ્રપ્ત કર્યો. અહીંની તરફદારી કરીને હું એવું કહેવાનું સાહસ હરગિજ નહીં કરું કે શહેરમાં વિકાસ કરવો શક્યા નથી. પરંતુ એટલું કહેવાનો અનુભવ તો મને છે જ કે શહેરમાં પ્રલોભનોનો પાર નથી અને એકેએક પ્રલોભન જિન્દગીભરનું બંધન બની શકે તેવું હોય છે.

હું ભણતો તે દિ' આ ડુંગરા આજે છે તેટલા આછા ન હતા. આમાંના કેટલાક પર તો અભેદ્ય જંગલોનાં કવચ હતાં. એમને ભેદીને આગળ વધનારની સાહસશક્તિ વિકસે. આ મેદાન પણ આજે દેખાય છે એવાં ખામોશ ન હતાં. કોઈ પણ વાહન માટે ત્યારે એ પારદર્શી ન હતાં. ડુંગરા પર ચડીને તમે નજર ઢાળો તો તમારી આંખ ઠરે. એ અડાબીડ જંગલને પવન પણ ઉપરથી જ અડપલાં કરી શકે. આજે તો અહીંથી શામળાજી જવા માટે પાકી સડક તૈયાર છે. ત્યારે તો કેડી પણ ઠેર ઠેરની

સઘન ઘટાઓમાં સંતાઈ જતી. તેથી દરેક માણસે પોતાનો માર્ગ મોકળો કરીને ચાલવાનું રહેતું. અને એ ખોટું ન હતું. એ રીતે ચાલવાથી વટેમાર્ગુને જોખમ ખેડવાનું બળ મળતું.

મને આશા છે કે કપાઈ ગયેલાં જંગલ ફરીથી ઘેરાઈ ઊઠશે. પણ ત્યાં સુધી તમે રાહ જોઈને બેસી ન રહેતા. આ મેદાનોમાં, આ ડુંગરાઓ પર ચાલજો. ઠોકર લાગવાનો ભય રાખ્યા વિના દોડજો અને નિર્ભીક થજો. શરીરમાં હોય એટલું બળ ક્રિયાશીલ રહે તો નિરાંતે ઊંઘ આવે. અને વહેલી સવારે આંખો ખૂલે ત્યારે સ્ફૂર્તિનો અનુભવ થાય અને એ રીતે પોતાના પગ પર પોતાનું વજન ઉપાડીને ચાલવાની આદત પડે.

તમારા ભેગા આદિવાસી કિશોરો ભણે છે. તે જોઈને હું હરખાઉં છું. ખેતરના ખૂણે આગવું અને એકલું ઘર બાંધીને રહેવામાં એમની નીડરતા છતી થાય છે. લગ્નની પસંદગી જાતે કરવાની અને તે પછી કોઈના આશ્રયે રહેવાનું નહીં એ બાબતથી પણ એમનું ગૌરવ કરવાનું મન થાય. નગરવાસીઓ નિર્ભીકતા અને સ્વતંત્રતા પર ભલે આકર્ષક ભાષણો કર્યા કરે એ મૂલ્યો જીવે છે તો આ લોકો. મારું માનો તો તમારે અહીં રહેવા જેવું છે. અને જે લોકો અહીંથી શહેરમાં ભરતી થયા છે એમના માટે પણ હવે પાછા વળવાનો સમય પાકી ગયો છે.

મને તમારા આચાર્યશ્રીએ વાર્તાકાર કહ્યો છે. તમને રુચે એવી વાર્તા લખતાં હજી હું શીખ્યો નથી. પ્રયત્ન કરું—

આપણા ગામની પશ્ચિમે આવેલા ડુંગરા પર સાંજ પડે કે એ લટાર મારતો. એ એક ભીલ બટુક હતો. બરોબર છે, તમે જોવા લાગ્યા છો તે ડુંગરાનો જ હું ઉલ્લેખ કરી રહ્યો છું. ભાગવતમાં કહ્યું છે કે ઈશ્વરે મહાકચ્છપનું રૂપ ધારણ કરેલું. સમુદ્રમંથન વખતે મેરુ પર્વતને ડૂબતો અટકાવવા એમણે એ અવતાર લીધેલો. આ ડુંગરાની પીઠ પર આકાશ છે. અને એ ડુંગર પણ મહાકચ્છપની જેમ સ્થિતિસ્થાપક છે, સમધારક છે. તમને તો આ ડુંગરની આ તરફની જ બાજુ દેખાય છે. પેલો ભીલ બટુક પેલી ગમનો રહેવાસી હતો. સાંજ ટાણે એ આ આ તરફ આવીને થોડી વાર

ઊભો રહેતો. આ ભાગોળ અને પેલી બાજુની ભાગોળથી પ્રવેશતા ખેડૂતોને જોઈ રહેતો. કાંકરેજ બળદની જોડી સાથે આવતો રેલ્લો ખેડૂતના હાથમાંથી રાશ મુકાવી દઈને પોતાના તોફાની કૂદકાઓથી પાણિયારીઓને ગભરાવી મૂકે તે દશ્ય જોવાનું એને પસંદ પડતું. પણ એટલાથી જ એને સંતોષ ન હતો. એ આખી તળેટી પર નજર બિછાવતો. ગામનાં ઊંચાંનીચાં છાપરાં પર ફરકતા સંધ્યાના સ્મિત ભેગું એ પોતાનું સ્મિત પણ ઉમેરતો. સલામત ગતિથી ચાલવાનું એ શીખેલો જ નહીં. એ સદા ખેલતો કૂદતો જ ચાલે. ચંદ્ર ઊગે ત્યાં લગી ચાલ્યા કરે. તમે જાણો છો કે આપણા દેશમાં ચંદ્ર ન ઊગે તે દિવસ તારા પણ અજવાળું પૂરે છે.

એક દિવસ એને શું સૂઝયું તે ચાંદ ઊગ્યો તોપણ એ ચાલતો રહ્યો. ચાલતો જ રહ્યો. દૂર લગી પહોંચી ગયો. મારગમાં કેસૂડાંનું વન આવ્યું. વસંતપંચમી પછી પ્રકૃતિમાં આવતા પરિવર્તન વિશે એ જાણતો ન હતો. પણ તેથી વસંત ઋતુ એનાથી અળગી રહે તેવું તો ન જ બને ને! અને તે દિવસ તો ચંદ્ર પણ પૂનમનો હતો. આકાશના રૂપેરી સરોવરમાંથી ચાંદનીની છોળો ઊડી રહી હતી. દિવસે દેખાતાં લાલચટક કેસૂડાં અત્યારે ઘેરો ગુલાબી રંગ ધારણ કરીને નિદ્રાના મહાસાગરમાં તરતાં હતાં. ઉપર ચેતનાનું સરોવર અને નીચે વિશ્રાંતિનો મહાસાગર. તમે હેરત પામતા લાગો છો. પણ હવે ધ્યાનથી જોજો. રાત્રે આપણી આ શ્યામલ સંતોષી ભૂમિ મહાસાગરના જળનો રંગ ધારણ કરે છે. અને એના ઉપર હવાના સ્પર્શથી લહેરાઈ ઊઠતો શીતળ અંધકાર મહાસાગરનાં મોજાંનો અનુભવ કરાવે છે. એ ભીલ બટુકને આ અનુભવ પહેલાં થયેલો નહીં. તેથી આજે એ હર્ષઘેલો થઈને તાનમાં આવી ગયો હતો. ઊછળતો-કૂદતો આગળ વધી રહ્યો હતો. ડુંગરાની ધારે ધારે કેસૂડાંના વનનો વાસંતી મહિમા નિહાળતો નિહાળતો એ આગળ વધ્યો. રાયણના વન વિશે તો એ પહેલાંથી જાણતો. એમાં દાખલ થવા એ લલચાયો નહીં. એ આગળ વધ્યો. એણે કોઈ દિશા નક્કી કરેલી નહીં. તેથી એ સીધી રેખાની ગતિમાં આગળ વધી રહ્યો છે એવું રખે માનતા.

તમારામાંથી જે કિશોર ખેડબ્રહ્માથી અંબાજી ગયા છે તેમણે પોશીના પટ્ટો જરૂર જોયો છે. જે નથી ગયા તેમણે પણ ત્યાંના પારિજાતના વન વિશે જરૂર સાંભળ્યું હશે. આપણા ભીલ બટુકે પારિજાતના વનમાં પગ મૂક્યો. પારિજાતનાં ફૂલ ઝાકળની જેમ સતત ઝમતાં હોય છે. એમના ખરવાનો કોઈ અવાજ નથી. અબોધ શિશુની આંખોમાંથી આંસુ સરે તેમ એ ખરતાં હોય છે. ધરતી પર સફેદ મખમલી ગાલીચો રચાય છે. ધરતી જેમ વર્ષાના જળને પોતાના રુદિયામાં સમાવી લે છે તેમ પારિજાતનાં પુષ્પોથકી નીતરતી સુગંધને પણ પોતાના અંતરિયાળે ગ્રહી લે છે. અને એનું તનબદન મઘમઘી ઊઠે છે. પેલો ભીલ બટુક એ પારિજાતના વનની ધરતી પર છવાયેલી સુગંધિત શુભ્રતાને સ્પર્શવા ચાહે છે, લલચાય છે. બેસી જાય છે. નમીને કપોલ ધરે છે. કપોલને, હથેલીઓને, પગની પાનીઓને પુષ્પોનો ઋજુલ સ્પર્શ આનંદ આપવા લાગે છે. આનંદની પળો વીતતી જાય છે અને એ બટુક કિશોર બની જાય છે, એટલું જ નહીં, એના હોઠ પર યુવાવસ્થાની આરંભિક સુરખી જાગી આવે છે. એ ઊભો થાય છે. ચાલવા લાગે છે. સામે આવેલી શિલા પર ચડવા નમીને હાથનો ટેકો લે છે. શિલાની શીતળ શાંતિ એને બેસવા પ્રેરે છે. એ જમણી બાજુ જોઈને બેસવા જાય છે ત્યાં તો એને શું દેખાય છે? તમે નૃત્ય કરતી કોઈ અપ્સરાની છબી જોઈ છે ? એક પગ શિલા પર અને બીજો ઊપડેલો, એના સુકોમળ હાથની નાજુક અંગુલિઓએ રચી હતી પૂર્વાનુરાગની કોઈ મુદ્રા, એના લોચનમાં ઝૂકી આવી હતી સ્વપ્નલોકના પ્રવેશદ્વારના તોરણની ચંચળતા' એના કપોલ પર સ્ફૂરી ઊઠી હતી અરુણોદયની આભા, એના હોઠમાં બિડાયું હતું સુધીર મૌન...

યુવક આભો જ બની ગયો. જિજ્ઞાસુ હતો. સ્વસ્થતા પ્રપ્ત થતાં પૂછી બેઠો—

'તમે પારિજાતના વનમાં વિહાર કરવા આવેલાં કોઈ પરી છો?'

'ના'

'તો શું કોઈ મહાશિલ્પી એકાન્તવાસનું વ્રત લઈ ને પોતાની સાધનાનું પરિણામ અહીં મૂકી ગયો છે?'

'ના. પ્રતિમા તો નિષ્પ્રણ હોય.'

'તો પછી હે સ્થિર લાવણ્ય, હું જોઉં છું તે સ્વપ્ન ન હોય તો ઉત્તર આપો.'

'હે પાન્થ, તમે પળવાર રોકાઈને મારા વિશે લક્ષ આપ્યું તે માટે કૃતજ્ઞ છું. હું ઉત્તર ભણી જઈ રહી છું. આ મારી સાહજિક ગતિ છે. એનો પરિચય પ્રપ્ત કરવાને સ્થાને તમે તો આશ્ચર્ય પામી બેઠા.'

'તો બંને પગ ધરતી પર મૂકો. હવામાં ચાલવામાં મને વિશ્વાસ નથી. હું ધરતીનું ફરજંદ છું.'

એક માણસ સભાગૃહના બારણે આવીને ઊભો હતો. અમૃતાએ એને ઓળખી લીધો. કેટલોક સરસામાન લેવા ગઈ કાલે એણે એને અમદાવાદ મોકલ્યો હતો. ખડકી બંધ જોઈને કોઈને પૂછીને એ અહીં આવ્યો હતો. અમૃતા ચાવી આપીને પાછી આવવા ઊભી રહી. પરંતુ એમ ન કરતાં એની સાથે સાથે ગઈ. આવેલો સામાન જોઈ તપાસીને ગોઠવવા લાગી. કામ પતી ગયું તે પછી ઉદયનની રાહ જોવા લાગી. ઘર ખુલ્લું મૂકીને એ શાળા તરફ ગઈ. છેક પહોંચી. હજી વાર્તા ચાલુ હતી. બહાર ઊભી ઊભી અકળાવા લાગી. છેવટે સભાગૃહમાં પ્રવેશવા તત્પર બની. અને તે ક્ષણે વાર્તા પૂરી કરીને ઉદયન બેસી ગયો. ઘેર પહોંચીને એને એ વાર્તા વિશે જ પૂછવા એણે મનમાં ગાંઠ વાળી. પણ ઉદયનનું વલણ જોઈને એ પૂછવાનું ભૂલી ગઈ.

તે પછી દિવસો વીતી ગયા.

અમૃતા માને છે કે ઉદયનનું સ્વાસ્થ્ય સારું છે. ઉદયન કશી ફરિયાદ કરતો નથી. બેઠો હોય છે, સૂતો હોય છે, કોઈવાર આંટા લગાવતો હોય છે. હવે આંટા લગાવવા માટે એને આ નાનો ઓરડો કે એની આગળની સાંકડી અગાશી પણ ફાવે છે.

કોઈ કોઈ વાર એને કેડ પાછળ દુખી આવે છે. તો કોઈ વાર લાગે છે કે રુધિરાભિસરણ સ્થગિત થઈ ગયું છે. પણ એ જાણે છે કે એમ થાય નહીં. હા, કેડ નીચેનું દર્દ આંખોને ઊંડે ખેંચી જાય છે...પણ તેથી શું ? એ તો જૂનું અને પરિચિત

દર્દ છે. પચી ગયું છે. અમૃતાને એ વિશે કહેવાનું હોય નહીં. અને કહેવાનું તો એને હોય જેને ખબર પડતી ન હોય.

અમૃતા ઘરને દિનપ્રતિદિન વધુ ને વધુ સજાવી રહી છે. શું કોઈ ઉત્સવની તૈયારી કરી રહી છે ?

વાતાવરણમાં સજીવતા વરતાય છે.

અમૃતાની હરેક તજવીજમાં બંધાવું ઉદયન માટે ફરજિયાત બની ગયું છે. તો શું એ થાકવાની નથી ?

ઉદયનની ધારણાઓ ખોટી પડવા લાગી છે.

એને પરાસ્ત કરવા શું કરું ?

સાંજ પડી.

'કેમ તૈયાર થવા લાગ્યો ?'

'ઘરમાં ગોંધાઈ રહેવું નથી. ફરવા જવું છે.'

'કઈ તરફ !'

'ભવનાથ જવાની ઇચ્છા છે.'

'એ ક્યાં નજીક છે ? ચાર-પાંચ માઈલ દૂર છે. ત્યાં પહોંચીને પાછા વળતાં અંધારું થઈ જાય.'

'કેમ અંધારાથી ડરે છે ? પણ હું તને કંઈ સાથે આવવા કહેતો નથી.'

'જોઉં છું તું મને મૂકીને કેવો જાય છે!'

'તો ચાલ, તને પણ લઈ જાઉં. હું જીપ લઈ આવું. ગામમાં બે જીપ ભાડે મળે છે.'

'હું આવું છું. બે મિનિટમાં તૈયાર થઈ જાઉં.'

નીકળ્યાં.

ડ્રાઈવર જીપ તૈયાર કરવા લાગ્યો. પંદર મિનિટમાં તૈયાર થઈ જશે.

'જા, પેલું જૈન-મંદિર જોઈ આવ. કીર્તિસ્તંભ પણ જોવા જેવો છે.'

'ચાલ તું સાથે.'

'સાથે સાથે સાથે, જરાક તો કેડો મૂક. તું જાણે છે કે મંદિરરૂપે ઓળખાતાં એ જીર્ણ મકાનોમાં મને રસ નથી.'

'પ્લીઝ...'

...

'મંદિર ઘણું મોટું કહેવાય.'

'કબ્રસ્તાન મોટું હોય કે નાનું, કશો ફેર પડતો નથી.'

'કબ્રસ્તાન ?'

'હા, કબ્રસ્તાન. ઈશ્વરનું કબ્રસ્તાન. નિત્શેની ઘોષણા સાચી લાગે છે.'

'ઈશ્વર માણસના વિશ્વાસમાં જીવે છે. અને માણસની સાથે એ મંદિરમાં પ્રવેશ કરે છે. માણસની ગેરહાજરીમાં મંદિરોને તું કબ્રસ્તાન કહે તો મને વાંધો નથી. ચાલ, આ કીર્તિસ્તંભ પર ચડીએ.'

'તું આગળ થા.'

પ્રવેશદ્વારમાં પગ મૂકતાં જ જૂનુંપુરાણું અંધારું ભેટી પડ્યું. પહેલા મજલાના વચ્ચેના ભાગમાં સંખ્યાતીત ચામાચીડિયાંની પાંખો ફફડવા લાગી. અમૃતા એ તરફ બેધ્યાન બનીને દાદર ચડવા લાગી.

એણે નાક દબાવી દીધું. ભૂતકાળની ગંધ અમૃતાને વળગી પડી હતી. ચોતરફની અંધતામાં એ આંખો બંધ કરીને પગથિયાં ચડે કે ખુલ્લી રાખીને પગ ઉપાડે, એ સરખું જ હતું. ઉદયન કશુંય અનુભવ્યા વિના પાછળ પાછળ આવી રહ્યો હતો.

'આ છત નવું બનાવેલું લાગે છે.'

‘હા, પહેલાં એ સાત મજલા ઊંચો હતો. આક્રમણકારી સૈનિકોથી બચવા બે રાજકુમારીઓ ભિલોડામાં આવીને આ કીર્તિસ્તંભના છેલ્લા મજલે જઈ સંતાઈ હતી. ઈનામ જાહેર થવાથી બાતમી મળી. આતતાયીઓને આગળ વધતા જોઈને રાજકુમારીઓએ ઉપરથી પડતું મૂક્યું અને વિજેતાઓને પોતાનાં શબ ભેટ આપ્યાં. તે પછી કોઈ રાજકુમારી આવું ન કરે એ દીર્ઘદષ્ટિથી ગામજનોએ એના ઉપરના મજલા ઉતારી લીધા. અને બુઠ્ઠા થયેલા કીર્તિસ્તંભ પર આવું ગોળ છત બાંધ્યું.’ ગામનાં છાપરાં પર શૂન્ય દષ્ટિએ જોઈને એ આગળ બોલ્યો —

‘નદી અને કીર્તિસ્તંભ — ગામની બે મુખ્ય સંપત્તિઓ શાપિત છે.’

અમૃતાને ગામની રચના ગમી. ફરતે ડુંગરાઓ અને વનશ્રી, વચ્ચે વસેલું સ્તબ્ધ ગામ.

‘ગામની વસ્તી વધતી નથી?’

‘ઘટે છે.’

જીપનું હોર્ન વાગ્યું.

ઉદયને ડ્રાઈવરના સાથે આવવાની જરૂર ન જોઈ.

અમૃતાએ સ્ટિયરિંગ વ્હીલ પર હાથ મૂક્યાા.

‘રસ્તો બતાવશે ?’

‘અહીં બહુ રસ્તા છે જ નહીં. પહેલાં પશ્ચિમમાં, પછી દક્ષિણ ભણી.’

નેળિયામાં થઈને પસાર થવાનું આવ્યું ત્યારે ડ્રાઈવિંગ ઉદયન કરવા લાગ્યો. ઉદયન તરફ લક્ષ્ય રાખવાની સાથે સાથે એ સામે આવીને પાછળ પડી જતાં વૃક્ષોને જોઈ લેતી. કોઈ વિશાળકાય મહુડો, કોઈ ડાળ કપાયેલ કણજી, કોઈ ઘટાદાર રાયણ, લીંબડા અને આંબલીના ઉછેરાઈ રહેલા ફણગા, ઝેંઝી, ટીંબરું અને આંબળાની કોઈ અપવાદરૂપ હાજરી, મહુડાને પણ ટપી જાય એવો અર્જુન-સાદડ, ખેતરના શેઢે

કાપીને થપ્પીઓ ગોઠવેલી સાગની ડાળીઓ, એ ડાળીઓ પર સુકાઈ ગયેલી લાંબી લાંબી મંજરીઓ...

'નદી?'

'હં, ઇન્દ્રાસણી.'

'પેલું ગામ?'

'ભઉં'

'પર્વતના ચરણોમાં કેવું લપાઈ ગયેલું લાગે છે!'

'લપાઈ ગયેલું એટલે? અહીંના માણસો તો રસ્તામાં ઊભેલા વાઘ-દીપડાને હાથ વડે બાજુ પર ધકેલીને એમની દરકાર કર્યા વિના આગળ જતા હોય છે.'

'એમ ?'

'તો શું હું તને બકાવું છું?'

'મંદિર ?'

'હા, ભવનાથ. જો, એની ધજા કેવી ઝાંખી પડી ગઈ છે?'

જીપ ઊભી રહી.

'આ ચ્યવન ઋષિનો કુંડ. ભલા માણસને ઘરડે ઘડપણ જવાન થવાની લાલસા જાગી. પહેલાં અહીં આમળાં સારાં થતાં. નવરા માણસને કામ શું? જંગલમાંથી આમળાં વીણી લાવીને, એમને છૂંદી છૂંદીને, લસોટીને, ભાતભાતના મસાલા નાંખીને મહાશય આરોગતા રહ્યા. વજન વધાર્યું અને પોતાને જવાન તરીકે ઓળખાવવા લાગ્યા. હું ભિલોડા ભણતો ત્યારે અહીં અવારનવાર આવતો. મેળામાં તો આવું જ. એક વાર મારે મિત્રો સાથે મતભેદ પડેલો. એ બધા કહે કે આ કુંડમાં સ્નાન કરવાથી યૌવન પાછું મળે. મેં કહ્યું કે આપણા જેવા છોકરા આમાં સ્નાન કરે તો જતે દહાડે યૌવન પ્રપ્ત કરે ખરા, બાકી હાડકાં ઘરડાં થઈ જાય પછી તો

ખોખરાં બની જાય છે. અને જવાનીની વ્યાખ્યા જ એ કે એકવાર ગયા પછી એ આવે નહીં, જ્યારે ઘડપણ એકવાર આવે પછી જાય નહીં. એક ઉર્દૂ કવિએ આ વ્યાખ્યા આપી છે. બરોબર છે? તારે મહાદેવજીનાં દર્શન નથી કરવાં? આ પ્રદેશનું ધાર્મિક સાર્વભૌમત્વ એમની પાસે છે.'

'ચાલ પાછાં જઈએ.'

'અહીંથી હાથમતી સુધી નથી જવું? ઈન્દ્રાસણી અને હાથમતીના બંધ બંધાવાના છે અને આ મંદિર એમાં ડૂબવાનું છે.'

'હેં ?'

'એમાં આંચકો શેની અનુભવે છે? જાણે વીજળીનો કરંટ ન લાગ્યો હોય ! અહીં મોટું સરોવર થશે. કેટલાંય ગામડાં ખાલી કરાવાશે. મંદિરને બચાવી લેવા પૂજારીઓએ ઊહાપોહ કરાવરાવ્યો છે કારણ કે એમના માટે તો ભરણપોષણનો સવાલ છે. નવું મંદિર સ્થાપીને એની પ્રતિષ્ઠા વધારતાં વાર લાગે. આ તરફ આવ. એક ખાલી થયેલું ગામ બતાવું.'

'સાવ તાજું ખંડિયેર.'

'એ ખંડિયેરનું આયુષ્ય બહુ ઓછું છે. એ પાણીમાં ડૂબી જશે.'

'સરોવર તો ભરાવવાનું હશે ત્યારે ભરાશે અને એનું જળ ધરતીને પલ્લવિત પણ કરશે પરંતુ અત્યારે આ જે ખાલી થઈ રહ્યું છે...'

'બહુજનહિતાય, અમૃતા...જો ને, દેવોએ પણ ખસવું પડે છે ને !'

'કોણ જાણે કેમ આ વનશ્રી વચ્ચે પણ આજે મને ચેન પડતું નથી. માથું દુઃખે છે. ઉદયન, મને પાછી લઈ જા. હાથમતી સુધી નથી જવું.'

ઉદયને જીપ ઉપાડી. પહેલાં અહીં માર્ગ ન હતો. મોજણી કરવા આવનાર ઈજનેરોના પ્રતાપે આ માર્ગ બન્યો હતો. ડુંગરાની પડખે પડખે જીપ પસાર થતી હતી. ખાખરા અને સાગનાં પાન પાછળ અદશ્ય બનેલા પાષાણ કોઈવાર દેખાઈને

અમૃતાની આખોમાં પ્રતિબિંબ પાડતા હતા. સાગનાં લીલાંછમ અને મોટાં મોટાં ચંદ્ર જેવાં પાંદડાં જોતી ન જોતી એ વિવશ બનીને ઉદયનની પાસે બેસી રહી હતી. ઉદયન હાથમતી તરફ હંકારી રહ્યો હતો.

'ભિલોડામાં નદીનો પટ ઊંચાણવાળો છે. અહીં એને અનુકૂળ સ્થિતિ મળી જતાં કેવી વહી રહી છે! જોકે ભારે વરસાદ હોય છે ત્યારે તો ત્યાં પણ છલકાય છે.'

જીપને મૂકીને ઉદયન ચાલતો ચાલતો નદી-કાંઠે પહોંચ્યો. આ કાંઠે નદી નમેલી હતી. એ બેઠો. અમૃતા ઊભી રહી.

'એક દરખાસ્ત મૂકું?

'શી?'

અમૃતાએ નદીથી વિમુખ થઈને ઉદયન સામે જોયું.

'આવ બેસ. તેં કદી ન સાંભળી હોય એવી વાત કરવી છે. ધીરજ ધરીને સાંભળ. જો, આ નદીમાં પૂરતું પાણી તો નથી પણ જે છે તે સ્વચ્છ છે. તારા શબ્દોમાં કહું તો નિર્મલ છે. એમાં પૂર વખતે તણાઈ આવે છે એમાંનું કશું નથી. કોઈ પંખીની પાંખ, કોઈ સ્ત્રીનું અધોવસ્ત્ર, કોઈ પશુનાં શિંગડાં, કોઈ ઝાડનાં મૂળ, કોઈ ખેડૂતના હળની દાંડી - કશું નથી. તેથી તું એને વિક્ષિપ્ત થયા વિના જોઈ શકીશ. જોઈ લે. મને એની ગતિ આકર્ષક લાગે છે. તું રજા આપે તો અત્યારે હું સાવ થાકી ગયો છું છતાં જરા મહેનત કરીને મારા શરીરને એના પ્રવાહમાં મૂકી દઉં. જેથી મને ગતિ મળે. રોજબરોજ મારી ગતિ ક્ષીણ થતી જાય છે. મારાથી આ શરીરનું વજન હવે નહીં ઊપડે. અને જો ગતિશૂન્યતા આવી જશે તો હું કયા મોંએ તારી સામે જોઈ શકવાનો? તું રજા આપે તો આ પ્રવાહમાં વહી જાઉં. અમૃતા, આપણો તો સંબંધ એવો છે કે તારે મને રજા આપવી જોઈએ એટલું જ નહી, એ પ્રવાહ સુધી મને પહોંચાડવામાં તારે મદદ કરવી જોઈએ.'

'કૃપા કરીને કશું બોલીશ નહીં, ચાલ ઘેર જઈએ.'

'તું મદદ નહીં કરે?'

'મદદ તો બહુ નાની વસ્તુ છે. તને સાચવીને ઘરે લઈ જઈશ.'

'અમૃતા, આ યોગ્ય સ્થળ છે. હું આભારી થઈશ.'

અમૃતાએ એનું મોં દબાવી દીધું.

'તારી હથેલીની દીવાલથી મને જે દેખાઈ રહ્યું છે તે દેખાવું બંધ નહીં થાય. સારું, મદદ ન કરતી, રજા આપ.'

'મને તારી વાતમાં રસ નથી, તું સ્વાર્થી છે.'

'સ્વાર્થી?'

'હા, આત્મઘાતક સ્વાર્થી હોય છે, હું તારી પાસે — મારી સમગ્રતા સાથે તારી પાસે છું છતાં તને આત્મહત્યાનો વિચાર આવે છે?'

'આત્મહત્યા શેની? માણસ પરસ્થિતિઓ કે જગત સામે હારી જઈને પછી છાનોછૂપો બદલો લેવા માગે અને પોતાને જગત બહાર ફેંકી દે તો આત્મહત્યા કહેવાય. હું તો રાજીખુશીથી વહી જવા માગું છું. સ્થિતિ મટી જઈને ગતિ બનવા ઈચ્છું છું. આજે હું જેને જીવી રહ્યો છું તેને તું જીવન કહે છે ? આ જડતા મરણ નથી તો શું છે? હું મરણને જ જીવી રહ્યો છું. મને મરણનો લેશમાત્ર મોહ નથી, પરંતુ આ ગતિશૂન્યતાને હું બેહદ નાપસંદ કરું છું અને તેથી તારી પાસે આશા રાખું છું કે તું મને સમજવાનો પ્રયત્ન કરે,

'ગતિ મેળવવા માટે તારે નદીનો આશ્રય લેવાનો હોય નહીં. હું તારો ભાર વહીશ. જે દિવસ નારી પોતાના અસ્તિત્વની નિરર્થકતા પ્રમાણે છે તે દિવસ તેની આંખોમાંથી આવી અસંખ્ય નદીઓની ગતિશીલ વેદના ઉદ્‌ભવવા લાગે છે. તું જો મારી આજ લગી કરતો આવ્યો છે તેવી ઉપેક્ષા જ કરતો રહેશે તો તને એ વેદનાની સજલ ગતિ પણ જોવા મળશે. હા, એ દિવસ નહીં આવે એવી મને આશા છે. હું મને નિરર્થક સ્વીકારી શકું તેમ નથી. જે ગતિનો તું અભાવ અનુભવી રહ્યો છે તે તો ભ્રમ છે. તારા એ ભ્રમને હું દૂર કરી શકીશ. તારા અવકાશમાં મારી જિન્દગી

ઉમેરીને તને ગતિ આપવા હું તારી સાથે આવી છું. મને માન, ઉદયન, મને માન. શું તારે મન મારું પ્રયશ્ચિત હજી પૂરું થયું નથી ?'

'એ તો આડવાત થઈ. મારી સામે મુખ્ય પ્રશ્ન તને માનવાનો જ છે. પોતે હોવું અને બીજાને માનવું એ બે વચ્ચે હું મેળ બેસાડી શકતો નથી. બીજાને માનું તો પછી પોતાની સત્તાનું શું? નિજ અને ઈતર વચ્ચે આજે હું અનહદ અવકાશ અનુભવી રહ્યો છું.'

'શું હું પણ તારા માટે ઈતર છું?'

'શું એમાં તને શંકા છે?'

'શંકા હતી ત્યારે હતી, હવે તો હું કૃતસંકલ્પ છું.'

'તો સંકલ્પને સિદ્ધ કરવાનો પુરુષાર્થ કરી જો. જો તું મારા પર નિયંત્રણ મેળવી શકે તો હું માની જઈશ કે હા, તારું સંકલ્પબળ મારાથી મોટું છે.'

'હું તારા પર નિયંત્રણ મેળવવાની અપેક્ષાથી પ્રેરાઈને આવી નથી. મેં તો મારું પોતાના પરનું નિયંત્રણ પણ તને સોંપી દીધું છે.'

'એ આદાન-પ્રદાનનો સમય — એ સંમોહક સંધિકાળ વીતી ગયો. ફક્ત તારો અને મારો જ નહીં, સમગ્ર માનવજાતિનો પણ. આજ તો વિચ્છેદ સિવાય અન્ય કશાયની મને પ્રતીતિ નથી. મારા લોહીના કણોમાં વિચ્છેદ-પ્રક્રિયા નિરંતર ચાલી રહી છે.'

'આત્મ-નિરીક્ષણ કરી શકે તો તું જાણી શકે કે તું મારી સાથે કેવો નિર્મમ થઈ રહ્યો છે.'

'નિર્મમ તો તું છે કે જેથી આત્મવિલોપનના મારા હકની આડે આવે છે. મારી સાથે દોડી આવી અને મને મુક્ત ન રહેવા દીધો.'

'તારી મુક્તિ છીનવી લેવા નથી આવી, તારો સંશય છીનવી લેવા આવી છું.'

'હું તને મારો સંશય સોંપી દેવા તૈયાર છું, અલબત્ત મારી ખુશીથી, તું છીનવી લેવા આવી છે માટે નહીં. અને તું ઈચ્છે છે એ શરતે પણ નહીં, તને એકલીને પણ નહીં,

આપણી સમક્ષ આ જે કંઈ દશ્યમાન જગત છે તે સમગ્રને હું મારો સંશય સોંપી દેવા તૈયાર છું. એટલે કે દેહરૂપે ઓળખાતું મારું જીવન સોંપી દેવા તૈયાર છું. જ્યાં સુધી આ સંશય છે ત્યાં સુધી હું છું.'

એ ઊભો થયો. નદી તરફ ચાલ્યો. અમૃતાની સામેનું આકાશ નીચે ધસી આવ્યું. એ ઊભી થઈ અને ઉદયનની સામે થઈને ઊભી રહી.

'એ પ્રવાહ ભલે દૂર રહે. એની વચ્ચેનું અંતર તારે કાપવાનું નથી. તારે જે અંતર કાપવાનું છે તે મારી વચ્ચેનું. તારે પોતાની જિંદગીનું નહીં, અહંનિષ્ઠાનું વિલોપન કરવાનું છે. મરણ વડે તું મુક્ત નહીં થઈ શકે, પરાભવ પામીશ. અને હવે તારો પરાભવ એ તારા એકલાનો પરાભવ પણ નથી, મારો છે, અનિકેતનો છે. આ વનશ્રી પર વાદળાં સુવર્ણની આભા પાથરી રહ્યાં છે તે તારા માટે નવણ્ય છે ? એ વાદળની પેલી પારનું નીલ ગગન તને અનંતનો અનુભવ નથી કરાવી શકતું ?'

'અનંત નહીં, શૂન્ય.'

'અને તારે મન શૂન્ય એટલે જે રિક્ત છે તે.'

'તું જે કહે તે. શબ્દો બદલાવાથી કશો ફેર પડતો નથી. તું જેને અનંત કહે છે તે ખાલીપણાનો આકાર નથી તો બીજું શું છે?'

'અને આ તારા ચરણને રોકી રહેલા આ તૃણના અંકુરો? પેલા ઘાસ પર લચેલાં ફૂલોની રંગભરી ઝૂલ, તારી સામે નમી રહેલી આ ધરાકદંબની ડાળી અને આ તને રોકીને સાક્ષાત્ ઊભી છે તે—શું આ બધુંય તારે મન અર્થશૂન્ય છે ?'

'એ બધું ભલે ખાલીપણાનો અનુભવ નથી કરાવતું, પારસ્પરિક અલગતા સૂચવે છે. તને એ બધું જીવનપ્રેરક ભલે લાગે. મારા માટે તો એ છે દશ્યમાન ભ્રમ, વાસ્તવિકતાનું મિથ્યા રૂપ, સૌંદર્યના વેશે છલના !'

'અમૃતા પણ છલના ?'

'મને લાગે છે કે એમ કહેવાથી મારાથી કશી ભૂલ થતી નથી. કદાચ હું તો એમ પણ કહી શકું તેમ છું કે તું કેવળ મારા માટે જ છલના નથી, તું પોતાની સાથે પણ છલ કરી રહી છે. તું સહાનુભૂતિથી પ્રેરાઈને આવી છે, પોતાની અનિવાર્યતાથી પ્રેરાઈને નહીં. અને એક મરણોન્મુખ માણસ વિશે કોણ અનિવાર્યતા પ્રમાણી શકે ? મને વહેમ છે કે તું ત્યાગનું ગૌરવ પામવાના દંભને વશ થઈને આવી છે. આનાથી તો તું ન આવી હોત તો સારું. તું મને ચાહતી હોય તો મને એનો અનુભવ કેમ ન થાય? પરંતુ હું જાણું છું કે એમાં તારો દોષ નથી. પ્રેમ છે જ ક્યાં કે એનો અનુભવ થાય ? જે માત્ર કલ્પના છે તેની પ્રતીતિ કેવી રીતે થઈ શકે? અમૃતા, માની જા. તારા પ્રયત્નોથી આપણી વચ્ચે પ્રેમ અસ્તિત્વ ધારણ કરી શકે તેમ નથી.'

અમૃતાની ગરદન ઝૂકી ગઈ હતી. એનું શરીર આધાર શોધવા લાગ્યું. હવાના એક મંદ મોજાએ એને ચોતરફનું ખાલીપણું સાવ નજીક આણી આપ્યું. એ બેસી પડી. આકાશના દૂર રાખેલા ખાલીપણાનો અને ધરતીની અવગણેલી એકલતાનો સામટો ભાર એના માથે તોળાયો.

ઉદયનના અર્થશૂન્ય હાસ્યના પડઘા અમૃતાના કર્ણમૂલને આઘાત કરી રહ્યા. અમૃતાથી દૂર જઈને એ ઊભો રહ્યો. કેડ પર હાથ મૂકીને એ ડુંગરા તરફ જોઈ રહ્યો. વરખડાનું એક ઠૂંઠું ઝાડ પાંગરી રહ્યું હતું. કોઈએ ગયા ગ્રીષ્મમાં એની બધી ડાળીઓ કાપી નાંખી હતી. એણે ગણતરી કરી જોઈ. કપાઈ ગયેલી ડાળીઓ સાત હતી. જ્યારે આ નવા ફૂટેલા ફણગા અસંખ્ય હતા.

ડુંગરાની છાયા નદી સુધી વિસ્તરી હતી. છાયા નીચે વહેતું જળ અને સુવર્ણ- રંગી કિરણોથી ચમકતું જળ મનોહર વિરોધ રચતું હતું. પોતાના મનોભાવોમાં એકાએક આવેલું પરિવર્તન જોઈને ઉદયનને આશ્ચર્ય થયું.

અમૃતા હારીને મુંબઈ ચાલી જાય તો કેવું સારું ! એના ગયા પછી બચ્યું હોય એટલું એ ખેલદિલીપૂર્વક જીવી લેશે. કશી ચિંતા તો ન રહે. રેડિયો-એક્ટિવની અસર જો અમૃતાને થઈ તો... તો મારી મૈત્રીની એના તરફની વફાદારીનું શું ? કેવી ભોળી છે! પોતાનો ભોગ આપીને મને ઉગારી લેવા મથે છે ! મારા શરીરની આંતરિક સ્થિતિને

એ જાણતી નથી, ભ્રમમાં જીવે છે. એ સ્વાયત્ત રહી શકે તેમ હોત તો હું મારા કોશોમાં ચાલતા વિઘટન વિશે એને કહેત અને વસ્તુસ્થિતિથી વાકેફ કરત. ખેર, નારાજ કરીને પણ એને પાછી વાળી શકું તો ઓછું નથી. હવે તો એ મારાથી દૂર રહે એમાં જ એનું હિત છે.

હોઠ પર વક્ર સ્મિત રચીને એ અમૃતા પાસે ગયો—

'કેમ, સત્યનો ભાર સહી ન શકી ?'

મુખ ઊંચું કરીને એણે ઉદયનના સામું જોયું. જોઈ રહી. ઉદયને જોયું કે અમૃતાની ખુલ્લી આંખો ખાલી નથી. એમાં સજળતા જાગી આવી છે.

'તું કહે તે કબૂલ. તું કહે તે સાચું. તું જેને સ્વીકારે તે અસ્તિત્વ, તું જેને નકારે તે શૂન્ય.'

'તારી મજબૂરીનો કશો લાભ મારે લેવો નથી. એવો લોભ મેં કદી સેવ્યો નથી.'

'તો તું મને ભગાડી દેવાની ખેવના કેમ રાખે છે ? તું જે બધું બોલે છે તે બધું બોલવા અંતઃકરણથી પ્રેરાયેલો હોય છે કે મને દૂર કરવા બોલે છે ?'

'હું બોલતો હોઉં છું ત્યારે સત્ય બોલું છું એવું માનીને બોલતો હોઉં છું. પણ તારે એ સ્વીકારી લેવું એમ મેં ક્યારે કહ્યું ? સત્ અને અસત્‌ના મેં કરેલા ભેદ આખરી છે એવો દાવો કરવાની બેવકૂફી હું નહીં કરું. મને લાગે છે હું સત્-અસત્‌ને ઓળખવા કરતાં ચલિતને સરળતાથી પામી શકું છું. ચલિત સાથેનો મારો સંબંધ હું જાણી શકું છું. ચાલ, ઊભી થા. હમણાં તો તું મને ગતિ આપવાની વાત કરતી હતી. ક્યાં ગઈ તારી મહેચ્છા ? તું તો સ્થિર પણ રહી ન શકી !'

ભીની પાંપણ ઊંચકીને એ ઊભી થઈ. ઉદયનના ખભે હાથ મૂક્યો. આધાર ગ્રહણ કર્યો અને જમણા હાથ વડે વેલની જેમ એને વીંટળાઈ વળી. ડૂસકાંની સાથે અશ્રુધારાને વેગ મળ્યો. એકે અશ્રુ વ્યર્થ ન ગયું. ઉદયનનું બુશશર્ટ ભીંજાઈ રહ્યું હતું. કાપડના તાણાવાણામાં અશ્રુજલ ભળી ગયું.

અમૃતાની પીઠ પર પહોંચવા હાથ ઊપડ્યો. પણ એણે રોક્યો. રોકાયેલો હાથ શ્રમિત લાગ્યો. જાણે કે જોજનનું અંતર કાપવાનું હોય અને તે ગજા બહારનું હોય તેમ હાથ પાછો પડ્યો. ઉદયન પોતાના એ નિષ્ફળ હાથને જોઈ રહ્યો. તટસ્થ ભાવે જોઈ શક્યો. પછી નવેસરથી હાથ ઉપાડીને અમૃતાના માંસલ ખભા પકડીને એણે નિર્વેદસભર સ્પર્શ આપ્યો. બોલ્યો—

'કોઈ કોઈને બચાવી ન શકે. ભલે એક અને એકનો સરવાળો બે થતો હોય પણ બેની સંખ્યા થવાથી પ્રત્યેકની એકલતામાં કશો ફરક પડતો નથી. સંભવ છે કે એ બેવડાઈ પણ જાય.'

ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના એ ચાલ્યો. અમૃતા એને અનુસરી. સ્ટિયરિંગ વ્હીલ પકડીને બેઠેલા ઉદયનને એણે બાજુમાં ખસેડ્યો. જીપ ચાલુ કરી અને અશબ્દ સ્થિતિને તીવ્ર ગતિમાં બદલી નાંખી. હાથમતીના કાંઠે લચેલી વનરાજિ પાછળ રહી ગઈ. ભવનાથનું મંદિર અને ચ્યવન ઋષિનો કુંડ એના ધ્યાન બહાર ગયાં. ઈંદ્રાસણીનો ક્ષીણ પ્રવાહ જીપનાં વ્હીલને પસાર થતાં જોઈ રહ્યો, નેળિયું ગયું, સડક આવી. ભિલોડાની ભાગોળ સુધી પહોંચતાં અધારું સામે મળ્યું. જીપને પહોંચતી કરીને એ ઉદયનની પાછળ પાછળ ચાલી આવતી હતી ત્યારે ગામની શેરીઓનો અંધારિયો અવકાશ એના સંગે સંગે ચાલી રહ્યો હતો. ખડકીનાં બારણાં ખૂલવાના ચિચુડાટથી એ અવકાશમાં તરડો પડી. પરંતુ એ ઘરની મેડીમાં પહોંચી ત્યાં લગી તો એ સંધાઈ ગયો હતો.

ફાનસ સળગાવ્યું. એનું અજવાળું ઓછું પડ્યું. ચીમની સળગાવી. કંઈક ચેન પડ્યું. રસોઈ બનાવવા બેઠી.

'ભૂખ નથી.'

'જાણું છું.'

'મારા માટે કંઈ ન બનાવતી.'

'ઉપવાસ તો નથી ને ?'

‘છે અને નથી.’

‘તો બસ આરામ કર. વિચાર ન કરતો. આરામ કર.’

‘તારું ચાલે તો મારા વિચારચક્રને તાળું મારીને ચાવી સંતાડી દે, ખરું ને?’

‘આવ મારી પાસે બેસ. તે દિવસ વિદ્યાર્થીઓને કહી હતી તેવી કોઈ કલ્પિત વાર્તા કહે. તું બહુ સારો વાર્તાકાર છે. અડધી-આખી સંભળાવી દે. અથવા આજે આપણે જોઈ તે પ્રકૃતિનું વર્ણન કર. હું સાંભળીશ. આ પ્રદેશ તારી માતૃભૂમિ હોય તેવો જ લાગે છે. હું તો એકાદ વાર જોઈ જવા માટે પણ તલસતી હતી. કેવું સદ્‌ભાગ્ય કે મને અહીં રહેવાની આવી સુંદર તક મળી!’

જેટલા દિવસ પછી એ દિવસ આવ્યો હતો તેટલા દિવસ તે પછી વીતી ગયા.

અંધારું ઝાંખું પડી ગયું હતું કેમ કે હવે ચંદ્ર ઊગવા લાગ્યો હતો, અને ઉત્તરોત્તર મોડો આથમતો હતો.

પાણીનો પ્યાલો અને ગોળી લઈને અમૃતા આવી ઊભી. ઉદયન એક જરઠ ખુરશીમાં બેઠો હતો. એણે ગોળી લીધી અને ખુરશીના હાથા પર મૂકી. એને પુસ્તકથી ટીચવા લાગ્યો. ગોળી સરકીને નીચે પડી ગઈ. અમૃતા બીજી ગોળી લઈ આવી. ઉદયને હાથ ધર્યો. અમૃતાએ ન આપી. એના મોંમાં મૂકવાની એની ઇચ્છા હતી. ઉદયન હોઠ બીડી રહ્યો હતો. અમૃતાનો હાથ આગળ વધ્યો. એની અંગુલિઓના સ્પર્શથી ઉદયનના હોઠ ખૂલી ગયા. પાણી પીને એણે અમૃતાને નખશિખ નિહાળી—

‘હું ગોળીનું આવરણ તોડીને એના અંતસ્તત્ત્વથી વાકેફ થવા ઈચ્છતો હતો.’

‘તારા ચિત્ત પર ચડેલા વ્યામોહના આવરણને તોડવાની મને તો જરૂર લાગે છે.’

‘પણ તું એમ કરી શકતી નથી, કેમ?’

‘તારે એમાં મને સહાયક થવું જોઈએ એમ તને નથી લાગતું?’

‘અમૃતા, તું સામે પૂર તરવાની વાત કરે છે.’

‘હું એમ કરી શકું તેમ હોઉં તો તને શો વાંધો છે?’

‘વાંધો કેમ ન હોય, હું માણસની શક્તિઓની સીમાઓથી પરિચિત છું.’

‘પણ સીમાઓને લક્ષમાં રાખીને આગળ વધી શકાતું નથી.’

‘હવે હું તને કેવી રીતે વાસ્તવિકતાથી જ્ઞાત કરાવું? જવા, દે, પણ કોઈવાર કહીશ. હજુ એ સાંભળવા તું પૂરતી સજ્જ નથી.’

આકાશમાંથી ઊતરી આવેલી ચાંદનીએ બહારના ઝાંખા-પાંખા અંધારાને એમની મેડીના એ ઓરડા સુધી ધકેલી દીધું. ઉદયનની આંખોના ખૂણાઓમાં, એના પગના નખમાં, એની ફાઉન્ટનપેનના આગળ પડેલા ઉપરના ખોખામાં એ અંધારાએ સ્થાન શોધ્યું. અમૃતાના વક્ષ સાથે તો એ કયારનુંય ધબકવા લાગ્યું હતું.

એણે દીવાલની ખીંટી પર લટકતું ફાનસ ઉતાર્યું. દીવસળી લઈ આવી અને ઉંબરા પર બેઠી. ફાનસનો ગોળો કાઢયો. સાફ કર્યો.

દીવાસળી ચાંપી અને ગોળો ચડાવ્યો. ફાનસ સળગ્યું તે પછી થોડી ક્ષણો સુધી એનું અજવાળું વધતું ગયું. અમૃતાએ એની દિવેટ માપસર કરી. ફાનસ ભભકવા લાગ્યું. એણે દિવેટ ઊંચી કરી. ફાનસ ભભકતું રહ્યું. દિવેટ નીચી કરી. ફાનસ ભભકતું રહ્યું. એટલું જ નહી દિવેટ નીચેનો બધો ભાગ સળગવા લાગ્યો.

‘આ કેમ ભભકે છે?’

અમૃતાએ ઉદયનને એ રીતે પૂછ્યું કે જાણે એના ભભકવાનું કોઈ કારણ એ સમજી શકી ન હોય.

‘એને અડતી નહીં. છે એમ જ રહેવા દે. જોઈએ શું થાય છે? કેવું અધીરાઈથી ભભકે છે! મધુરમ્ આસામ્ દર્શનમ્!’

અમૃતા અકળાઈ ઊઠી હતી. એ ફાનસને ફૂંકવા લાગી. એની ફૂંકનું કશું ચાલતું ન હતું.

ઉદયન ખાંસતો હોય એવા અવાજે હસતો ઊભો થયો—

*'ઈશ્કસે તબિયતને જીસ્તકા મજા પાયા*
*દર્દકી દવા પાઈ, દર્દે લા દવા પાયા.'*

એણે એક લાંબી ફૂંક મારી. ફાનસ હોલવાયું નહીં. એણે ફાનસને નીચે મૂકી દીધું. અને પાણિયારા પાસે પડેલી ડોલ લઈને આવ્યો. ફાનસ પર ઊંધી ઢાંકી દીધી. એ હોલવાય તે પહેલાં જ રૂમમાં અંધારું છવાઈ ગયું. ફાનસ ભભકતું હતું ત્યારે રૂમમાં અંધારુ અને અજવાળું એકબીજા પર અધિકાર મેળવવા તરફડી રહ્યાં હતાં. આટાપાટાની રમત ચાલી રહી હતી.

'તેં જોયું ને ! ખનીજતેલમાં કેવી આગ છુપાયેલી હોય છે !'

અમૃતાએ ઉદયનના ખભે હાથ મૂક્યો. એટલું જ નહીં એ એની સંનિકટ સરકી ગઈ. ઉદયને ગજવામાંથી લાઈટર કાઢ્યું. સિગારેટ સરગાવી. અને એક લાંબો કશ ખેંચીને અમૃતાના મુખને ધૂણીથી ઢાંકી દીધું. પોતાની અને અમૃતાની વચ્ચે ધૂમ્રપટ રચીને એ અગાશી તરફ ગયો. એના હાથમાં સળગતી સિગારેટ અંધારામાં સાવ જુદી પડતી હતી. કાળા અવકાશમાં એ એક ચિનગારી ધ્યાન ખેંચતી હતી.

અમૃતાએ ચીમની સળગાવી. તે પછી સાફ કરીને ફાનસ સળગાવ્યું. થોડી વાર સુધી એની સામે સચિંત નજરે જોઈ રહી.

નિષ્ક્રિય રહેવાની સજા ભોગવતો કોઈ ખેડુ અરણ્ય વચ્ચે એકદંડિયા મહેલ પર ગુપ્તવાસ ભોગવતી કોઈ રાજકુમારી આખા ઉપવનમાં અલગતા ભોગવતી સોનચંપાની મુકુલિત કળી, અવિરત વહી રહેલી શૂન્યતાને ટકાવી રહેલા બે કાંઠા, સાગની સુકાઈ ગયેલી મંજરી, શિરીષપુષ્પના દબાઈ ગયેલા તંતુ, હવામાં ઊડી રહેલ પતંગિયાની પાંખ... અમૃતાના ચિત્તપટલ પર શું શું અંકિત થઈ ગયું ! કશું જ ટક્યું નહીં. જાણે કે હવામાં અંગુલિઓએ પાડેલી છાપ...શૂન્યશેષ સૃષ્ટિનો ક્ષણિક અભિસાર. ગતિ અને વિરતિ

એ ઉદયન કને જઈને ઊભી રહી.

ઉદયનને શું સૂઝ્યું હતું કે એ આજે વારંવાર ગાલિબની પંક્તિઓ ઊંડા અવાજથી બોલ્યે જતો હતો—

*શમા હર રંગમેં જલતી હૈ સહર હોને તક.*

એ ઊભો થયો. અંદર ગયો. ખાટલા પર બેઠો. રેતનું મકાન ઢળી પડે તેમ એ ખાટલામાં ખૂંપી ગયો. આંખો દાબી લેવાથી ઊંઘ ન આવી. એ ઊભો થયો અને ગોખલામાં પડેલો અનિકેતનો પત્ર લઈને વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં નીચે લખાયેલા અનિકેતના નામ સુધી એ પહોંચે તે પહેલાં એના અનિશ્ચયભર્યા હાથે એ પત્રને ફાડી નાંખ્યો.

અમૃતા ઊભી હતી. ત્યાં જ ઊભી હતી. જાણે કે એના ચરણમાં જડતા સ્થિર થઈ ગઈ છે, જે થાકનો અનુભવ થવા દેતી નથી.

ઉદયને અગાશી ભણી નજર કરી. કશુંય ન જોતી ઊભેલી અમૃતાની પીઠ જોઈ. જોતો રહ્યો. એને થયું કે મારી આંખોને કેમ કંઈ થયું નહીં? કેમ હજી એ અમૃતાને ઓળખી શકે છે?

એ સૂઈ ગયો. અમૃતા ઊભી છે. — દૂર દૂરથી આવતો કૂતરાના ભસવાનો આછોતરો અવાજ... ઘરના આંગણામાં સાવ સુકાઈ ચૂકેલાં તરણાં...ચાંદનીમાં કાળા લિસોટા પાડતી ચામાચીડિયાંની પાંખો... સ્મશાન પાસેની આંબલીની ડાળ પરથી વાતાવરણમાં પ્રસરતો ઘુવડનો ઘેરો અવાજ... શીમળાના રૂના ઊડતા રેસા...

ઉદયન બેસતો હતો તે ખુરશીમાં એ બેસી પડી. એનો ચહેરો આકાશ પ્રતિ ઊંચકાયો. ગામના ઈશાન ખૂણા પર ખરતા તારાનું હોલવાઈ જવું...

એ ઊભી થઈ અને પોતાની પથારીમાં ન જતાં ઉદયનના ખાટલા તરફ વળી ઊંઘી ગયો હશે એમ માનીને એ કાળજીપૂર્વક પાંગત પર બેઠી. સાચવીને દીવાલ સુધી સરકી અને ટેકો લીધો.

એણે ઉદયનના પગ ખોળામાં લીધા પગ પર ચોંટેલા ધૂળના અજાણ્યા કણ એણે ફાનસના અજવાળામાં જોયા. પાલવ વડે એણે ઉદયનના પગ સાફ કર્યા. એણે

પાયા પાસે પડેલા કાગળના ટુકડા જોયા. એક નાનો ટુકડો હાથમાં લીધો. અક્ષર ઓળખ્યા - 'નિકેતનાં વંદન' જૂનો પત્ર આજે વાંચવાનું ઉદયનને કેમ મન થયું હશે ?

દીવાલનો સંપૂર્ણ આધાર લઈને એણે પોપચાં ઢાળી દીધાં.

ઉદયનના પગ ખસીને દૂર ગયા. એ ઝબકી ઊઠી. સ્વપ્ન તૂટી ગયું હોય એમ એણે આંચકો અનુભવ્યો. એણે જોયું — ઉદયન હાથનો ટેકો લઈને બેઠો થઈ રહ્યો છે. એણે આંખો બીડી દીધી. આવી સ્થિતિમાં અમૃતાને બેઠેલી એણે કદી જોઈ ન હતી. અમૃતાના ચહેરાને ઢાંકી રહેલી એક લટને ખેસવીને એ સંપૂર્ણ ચહેરાને જોઈ રહ્યો.

નિમીલિત નયને અમૃતાએ અનુભવ્યું કે એક વીણાના તાર યુગોથી બજાવનાર અંગુલિઓની પ્રતીક્ષા કરી રહ્યા છે.

ઉદયન એ સંપૂર્ણ ચહેરાને જોઈ રહ્યો. વિશ્વની કોઈ અધૂરપ આ ચહેરા પાસે ફરકી શકે તેમ નથી.

સમર્પણ...એકત્વ...પ્રેમ. કહે છે કે પ્રેમ મૃત્યુને જીતી જાય છે. અમૃતા છે છતાં હું પ્રેમને નકારું છું. એણે અમૃતાની ચિબુક ગ્રહીને ચહેરાને પોતાની સંમુખ કર્યો. એને લાગ્યું કે પોતાના ઉષ્ણ શ્વાસથી આ ચહેરાનું સૌંદર્ય કરમાઈ જશે.

બીજી વાર એ ખાટલામાં ખૂંપી ગયો. રેતનું મકાન ઢળી પડે તેમ.

અમૃતાની આંખો ખૂલી ગઈ. એણે જોયું કે ચંદ્રનાં કિરણો બારી બહાર વિગલિત બનીને ચાંદની રૂપે છવાઈ ગયાં છે. જાણે કે એ કિરણોને ચંદ્ર અને ધરતી સાથે સરખો સંબંધ ન હોય !

એક પડખે સૂઈ ગયેલા ઉદયન પાસે જગા હતી. અહીંથી પોતાની પથારી સુધી જવાનો એકલતાભર્યો રસ્તો કાપવો દોહ્યાલો લાગ્યો. ઉદયનની પાસે હતી તે જગા એને પોતાની લાગી. ફક્ત પોતાની જ નહીં એક સાથે બંનેની અથવા બંનેની એક જગા.

પડખું બદલવું એને એક ઊંચા પર્વતને ઓળંગીને સામી પાર જવા જેવું લાગ્યું. પરંતુ એણે એ સાહસ કર્યું. એણે પોતાની વિમુખતાને દૂર કરી. એણે જોયું — આ અમૃતાને તો એણે જોઈ જ ન હતી. અમૃતા મિથ્યા નથી, સૌંદર્ય છે. શરીર નથી, પ્રેમ છે. જો પ્રેમ ન હોય તો એવું બીજું કયું વિધેયાત્મક સત્ત્વ જગતના ક્રમને સાતત્ય અર્પી શકે? પ્રેમને સ્થાને બીજી કોઈ સંજ્ઞાનો પ્રયોગ કરીને પણ આ સત્ત્વનો એકરાર તો કરવો જ રહ્યો.

અમૃતા સૌંદર્ય છે.

હું ઓળખી શક્યો ન હતો.

અમૃતા પ્રેમ છે.

આજે હું પામી શક્યો છું.

એણે અમૃતાનો હાથ ગ્રહ્યો અને પોતાના કાન પર એની હથેલી દબાવી. ભસતા કૂતરાનો અવાજ કે ઘુવડના અવાજમાં ઘૂંટાયેલો ભય પોતાને સંભળાય નહીં એ માટે એણે અમૃતાની હથેલીથી પોતાનો કાન દબાવી રાખ્યો. એને લાગ્યું કે સકળ કોલાહલ શમી ગયા છે અને નિષ્ઠુર સમય પણ એના શરણે આવ્યો છે.

અમૃતાના હૃદય-ધબકારામાં સહજતા ન હતી. ઉદયનના શિથિલ હાથમાં નવું બળ પ્રગટ્યું અને એણે અમૃતાને વક્ષ નિકટ ખેંચી લીધી. એના ચિત્તના શૂન્ય ગગનમાં વસંતના આખરી દિવસના પ્રતઃકાળની અરુણાઈ છલકાઈ ઊઠી. એણે ભુજબંધમાં અમૃતાને જકડી લીધી. અમૃતા પોતાને ભૂલી ગઈ. સૂર્યના ઉદય પછી જેમ અરુણાઈ પોતાને ભૂલી જાય...

પણ આ શું ?

ઉદયને પડખું બદલી લીધું. ઊભો થયો. ગોખલામાં અધૂરી લખેલી પડેલી વાર્તાના કાગળ ગોઠવ્યા. અને આગળ લખ્યું—

'હે ઋજુલા ! રાજમાર્ગ પરથી હું છેલ્લી વાર પસાર થતો હોઉં ત્યારે તારા ગૌરવનત ભાલ પર સૌભાગ્યતિલક જોતો જાઉં. તારા મુખે ઉચ્ચારાયેલા 'પ્રેમ' નો અર્થ લઈને હું જઈશ. એ હશે મારી ચરમ તૃપ્તિ. તું તો જેને સંબોધીને એ શબ્દ બોલીશ તેના હૃદયમાં એનો અર્થ સ્વયં પ્રભવશે. કૃતજ્ઞ છું ઋજુલા ! હવે તારા દૃષ્ટિપથમાંથી મારી છાયા નામશેષ થાય છે, ચિરવિદાય ઋજુલા, નમસ્કાર.'

એને લાગ્યું કે વાર્તા પૂરી થઈ. એને તૃપ્તિ થઈ. હવે એ કોઈ વાર્તા નહીં લખે.

## પાંચ

ફરજ પર પહોંચી જવાની ઉતાવળ ન હતી. એમ કરવાની ઇચ્છા પણ ન હતી. ઉદયનને એ સંપૂર્ણ સ્વસ્થ થયેલો જોઈને જવા માગતો હતો. રોકાઈ જવું જરૂરી લાગતું હતું. પણ એમ કરી ન શક્યો. એમ કરવા જતાં અમૃતા એક તરફ રહી જાય તેવો ભય જાગતો હતો. તેથી એ પોતાની લાગણીઓ વિશે નિર્દય બનીને ચાલ્યો ગયો.

જોધપુર પહોંચ્યા પછી અઠવાડિયું થયું. પત્ર દ્વારા ઉદયનનો સંપર્ક રાખવો જરૂરી લાગ્યો. પણ ઉદયનને કહી શકાય એવું એકે કારણ જડતું નથી. કયા બહાને પત્ર લખવો તે હજી સૂઝતું નથી. ત્યાં એના નોકરનો પત્ર આવ્યો કે ઉદયન સાહેબ ભિલોડા ગયા છે. અને અમૃતાજી પણ એમની સાથે ગયાં છે. અનિકેતે માની લીધું કે થોડાક દિવસ માટે ત્યાં ગયાં હશે. ત્યાં વધુ રોકવાનું શું પ્રયોજન હોઈ શકે? અને ત્યાં વધુ રોકાવું એમને ફાવશે પણ નહીં. એણે નોકરને લખ્યું કે ત્યાં જ રોકાઈ જા. ઉદયન અને અમૃતા પાછાં આવી જાય પછી મને જણાવજે. હું આવી જઈશ. નોકરનું થોડા સમય પહેલાં લગ્ન થયેલું તે બાબત ખ્યાલમાં આવી હોય અને તેથી અનિકેતે એને જોધપુર આવવા ના પાડી તેવો પણ સંભવ છે.

એણે ઉદયનને લખ્યું—

'હે પ્રત્યક્ષ સૃષ્ટિના પ્રવાસી, જેને તું તારી ઈન્દ્રિયો થકી પ્રમાણી શકતો નથી. તેને પણ અસ્તિત્વ હોઈ શકે. તે કેવળ અ-ભાવ નથી. જે દેખાતું નથી તે પણ હોય છે બલ્કે છે. તેથી સમગ્ર ભાવમયતાને તારામાં પ્રતિફલિત થવા દે. મમત્વથી પ્રેરાઈને કશાયને નકારતો નહીં. મિત્રની હેસિયતથી એ માટે તને આજીજી કરું છું. અમૃતાના આછા આછા સંપર્કને પરિણામે થોડુંક એની વેદના વિશે પણ જાણું છું. જોજે તારી સભાનતાથી અવરોધ પામીને એ અસમર્પિતા ન રહે. એની ઉપસ્થિતિમાં જે થાય તે થવા દે. તારી સભાનતાને અને તારા દર્દને, તારા દર્દની સભાનતાને અને સભાનતાના ભારને વિરાટમાં વિસ્તરવા દે. નિષ્ક્રિય રહીને સક્રિયતા સિદ્ધ કરવાનો એ જ એકમાત્ર માર્ગ છે કે વિજેતા બનવાની અભીપ્સા છોડીને, પોતાના આગવા એવા સ્વાતંત્ર્ય માટેની હઠ છોડી દઈને સમગ્રનો યોગ સ્વીકારવો. કારણ કે તૃપ્તિ તો સીમિત સ્વાતંત્ર્યમાં નહીં, નિઃશેષ મિલનમાં છે. આ મિલનેચ્છાનો પ્રરંભ પોતાની નિકટ હોય તેનાથી થાય.

'માનું છું કે નવું વાતાવરણ મેળવવા તું ભિલોડા ગયો છે. નવું નહીં. પૂર્વપરિચિત મમતા અને તાજગીથી સભર તારા વતનની વનશ્રીને ન જોઈ શકવાનો મને વસવસો છે. ત્યાં દોડી આવવાનું મન થાય છે. અહીં રણની સરહદે જીવનારો માણસ તારા ડુંગરાઓના નિસર્ગદત્ત ઐશ્વર્યને જોવા તલસે તો તારે એની મુગ્ધતાને માફ કરવી જોઈએ. આમેય તું જાણે છે કે આપણી સંસ્કૃતિનો સ્રોત વનમાંથી પ્રભવ્યો છે. આપણા મહાન દેશનું હૃદય વનશ્રીની છાયામાં ઊછર્યું છે. મને બરોબર યાદ છે કે તેં કહેલું કે ભિલોડા પાસેના મઉ ગામે ચ્યવન ઋષિનો આશ્રમ છે! કદાચ એ પણ તેં જ કહેલું કે આજે ઈડર છે ત્યાં જ પૂર્વે કણ્વ ઋષિનો આશ્રમ હતો. આ બાબત કેવી આનંદદાયક છે કે આપણા તપસ્વીઓ વનવાસી હતા! વનોએ ભારતને શું શું આપ્યું છે! ચાલો, અમને એથી પણ સંતોષ છે કે ભિલોડાની વનશ્રીએ અમને એક વીર્યવાન્ યુવક તો આપ્યો છે!

હું મારા વિશે કશું નહીં લખું તો તને પત્ર અધૂરો લાગશે. તને લખ્યું એમાં મારા વિશેનું પણ સમાવિષ્ટ છે. છતાં જુદો પ્રયાસ કરું—

આ મકાન રાખ્યે વખત થયો. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ... કેટકેટલી ઋતુઓ વીતી ગઈ! પરંતુ આ મકાનના પશ્ચિમ આંગણના ખૂણે વિકસતા એક વૃક્ષને મેં આજે જ ઓળખ્યું. એ રુદ્રાક્ષ છે, જેનું ફળ સુકાઈ જતાં એની માળા બનાવીને સાધુઓ પહેરતા. મેં એને પાણી પાવા માટે એના થડની ફરતે ક્યારો કર્યો. પાણી ભરીને હું એ છલોછલ ક્યારાને જોઈ રહ્યો. લેલાંને તું જાણતો હોઈશ. બહુ ગરબડિયાં પક્ષી છે, કોઈથી ખમચાય નહીં. કોણ જાણે ક્યાંથી ઊડી આવ્યાં અને ચાંચ ભરીભરીને પાણી પીવા લાગ્યાં. તૃપ્ત થઈ ગયાં. પછી તો ચાંચમાં પકડીને જલબિંદુને પડતું મૂકે. જલમાંથી વિખૂટું પડ્યું હોય તે બિન્દુ ફરી જલ બની જાય! એ રમતથી એમને સંતોષ થયો ન હોય તેમ એમણે તો ક્યારાના પાણીમાં સ્નાન કરવા ઝંપલાવ્યું. પાંખો પલાળીને પાળ ઉપર આવે અને આનંદથી કંપી ઊઠે. પાંખો ફફડાવે. હું તો કામકાજ ભૂલીને એમને જોઈ રહ્યો. ભાઈ, એમને ઉડાડી મૂકવાનું આપણું ગજું નહીં. આપણે તો રહ્યા પ્રેમી માણસ. પ્રેમના માધ્યમથી પ્રણ સુધી અને પ્રણના પરિચયથી સત્ય સુધીની યાત્રા કરવાના અભિલાષી જીવને તો આવો છલોછલ ભરેલો ક્યારો, એની પાળ પર લીલા કરતાં લેલાંની ખુશી વૃક્ષની છૂપી ડાળી પર ફૂટી આવેલી કૂંપળ, પવનથી ચલિત થઈ ગયેલી તરુલતાની મુકુલિત કળીઓ, સાંજ ટાણે ખજૂરીનાં પાંદડાંનો શ્રમિત મર્મર ધ્વનિ, ઉષાની નિત્યનૂતન અરુણાઈ, દૂરવાસી વિહંગ-વૈતાલિકનો ઉત્સાહી સ્વર, મને છોડવો માનીને મારા ખભે આવી બેઠેલું ભોળું પતંગિયું, રત્નગુંજાની શીંગ સુકાઈને ફાટતાં એનાં બીજનો સુંવાળપભર્યો, રક્તિમ વર્ણ... સઘળું સંતર્પક બની રહે છે.

વારંવાર કોઈ અનાહત સ્વર મારા અંતસ્તલમાં જાગી આવીને ઈંગિત કરી જાય છે કે આ સકળ સૃષ્ટિ મારો નીડ છે. હું મારા આ નીડને નાનો બનાવી દેવા માગતો નથી. નિજત્વને બૃહદમાં ભાવિત કરવાનાં અવનવાં માધ્યમ શોધી રહ્યો છું. તેની પૂર્વશરત રૂપે નિર્વેદ અને આનંદ વચ્ચે સમાધાન કરાવી લીધું છે.'

આ પત્ર અમૃતાએ પણ વાંચેલો. એણે અનિકેતને જણાવ્યું હતું કે ઉદયન અનિશ્ચિત સમય સુધી અહીં રોકાવા માગે છે. એની તબિયત તો સારી લાગે છે પણ એના મનની ગતિનો ખ્યાલ આવતો નથી.

શો ઉત્તર આપવો ? આગળના પત્રમાં લખ્યું છે તેથી જુદું કહેવાનું કંઈ છે નહીં. અને હવે મારે કંઈ કહેવાનું હોય નહીં.

ગીતની કોઈ પંક્તિ હમણાં એના કંઠમાં જાગી નથી. સ્વરતંત્રીઓની પ્રકૃતિ બદલાઈ ગઈ લાગે છે. હવા સૂકી અને પાતળી છે. એમાં ઠંડી સાંગોપાંગ ભળી ગઈ છે. હવે એની અસર વધશે.

ઉદયન એની સાથે જોધપુર રોકાયો ત્યારે જે જે સ્થળોની મુલાકાત લીધી હતી તે સ્થળોએ જવાનું થતું ત્યારે ઉદયન અચૂક યાદ આવતો. એવું શું છે. કે ઉદયન આમ યાદ આવે છે ?

એણે ડૉકટરોને મુંબઈ પત્ર લખ્યો. એ લોકો એમના મિત્રોને પૂછવાના હતા એનું શું થયું ? કોઈ પણ પ્રકારની ક્ષતિ એના શરીરમાં રહી જવા ન પામે. જરૂર પડ્યો વિદેશ પણ લઈ જવો.

અનિકેતની વાણીનો સ્વભાવ બદલાયો છે. એ આજકાલ ગીતના લયમાં ઢળી શકે તેમ નથી. કોઈ સહકાર્યકર મળવા આવે છે ત્યારે એને સાહેબનો સદ્ભાવ ઓછો થઈ ગયાનો વહેમ જાય છે.

અનિકેતને લાગે છે કે એ બધી ઉષ્મા અતિરિક્ત હતી.

સમયને રંગી શકાતો નથી. જે રંગ હોય છે તે તો વાદળના છે. સવારનો સમય સાંજનો સમય, એમનો સમય... સમય તો કોઈનો નથી. અને એના ભેદ પાડી શકાતા નથી. સવાર અને સાંજમાં અહીં શો ફેર છે ? પાસેના ખેતરના ખીજડાની ડાળે લટકતો સુગરીનો માળો સદા એકસરખો દેખાય છે. એ માળાને નજીક રહીને દીર્ઘ સમય સુધી જોઈ શકાય છે. માળામાં શાંતિ છે. માત્ર શાંતિ, બીજું કંઈ નહીં. એ માળાની રિક્ત શાંતિના સાધર્મ્યવાળી એક શાંતિ એની આખોમાં સ્થિર થઈ રહી

છે. ધૂળની ડમરીમાં ઊડી આવતું કોઈ કાંતિહીન પીંછું ધ્યાન ખેંચ્યા વિના જ એને અડકીને સરકી જાય છે.

મોડી રાતે મકાન પાછળ થઈને એક શરાબી જૂની ફિલ્મોનાં ગીત ગાતો ગાતો પસાર થાય છે. અનિકેત માને છે કે નજીક આવીને એ સાવ ધીમે અને બેપરવાહીથી પસાર થાય છે. એના અવાજમાં વિફળતાના દર્દનો નશો હોય છે. અનિકેત ઊભો થઈને એને સાંભળવા બારી નજીક જાય છે.

કોઈ વાર રાત પછી એને સાંજનો જ સીધો અનુભવ થાય છે. અને ત્યારે સમયની પાછળ ન પડી જવાય એટલા માટે એ મંડોર તરફ ફરવા જાય છે. રસ્તાની બે બાજુનાં વૃક્ષોના થડ પર કરેલા સફેદ અને કાળા પટ્ટા એનું ધ્યાન ખેંચે છે.

અમુક જ સ્થળ સુધી જઈને પાછા વળવું એવો નિયમ એણે રાખ્યો નથી. કોઈ વાર દૂર સુધી પણ જઈ આવે છે.

એનું કામકાજ બરાબર છે. એણે પોતાના તપાસ-નિબંધનાં ત્રણ પ્રકરણ લખી દીધાં છે. પરિસ્થિતિનું યથાતથ આલેખન કરવા સુધી એ પહોંચ્યો છે. હવે સમસ્યાઓનું સ્વરૂપ સમજી રહ્યો છે.

મુંબઈ લખેલા પત્રોનો ઉત્તર નથી. બેમાંથી એકે ડૉકટરે ઉત્તર આપ્યો નથી. એમને ફરીથી લખું ? કે પછી હું જ હીરોશીમાના ડૉકટરને પુછાવું તો શું ખોટું ? મારું વર્ણન સાવ ખોટું તો નહીં જ પડે. કયા પ્રકારની અસર થઈ છે અને હવે એનો શો ઉપાય છે એટલું જાણવા મળે તો ઉપચાર જલદી શરૂ કરાવી શકાય.

એણે પત્ર લખ્યો. ઉદયન દુરસ્ત થઈ જાય. એ લોકો સુખી થાય. બસ. પછી તો હું છું અને મરુભૂમિ છે. બહુ વિશાળ પ્રદેશ છે. ફર્યા કરીશ, વાંચ્યા કરીશ, લખવા જેવું લખીશ. કામ પૂરું થતું જશે તેમ મોકળાશ અનુભવતો જઈશ. બસ એ બચી જાય. ડૉકટર કહેતા હતા કે રેડિયો-એક્ટિવનો અમુક માણસ પર શો પ્રભાવ પડશે અને કેવું પરિણામ આવશે તે વિશે કશું ચોક્કસ કહી શકાતું નથી. શરીરની સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રક્રિયાનું જ્ઞાન પ્રસ્તુત કરવા છતાં વિજ્ઞાન કહી શકતું નથી કે માણસ

પર રેડિયો-એક્ટિવનો પ્રભાવ ફક્ત આ પ્રકારનો જ હોઈ શકે. પરિણામ પ્રક્રિયાને વટાવી ગયું.

ઉદયન સાથે એક વરસ નોકરી કરવાનો પ્રસંગ મળેલો. તે પછી બીજા વર્ષે એને કારણે અમૃતાનો પરિચય થયો. ઉદયનના છૂટા થવાનું કારણ સમજવા કોઈ તૈયાર ન હતું. ઉદયન વર્ગ લેતો હતો. આચાર્યશ્રી અમથા જ લટાર માળવા નીકળ્યા હતા. ઉદયનના વર્ગ પાસે થઈને પસાર થતાં એમની બારી દ્વારા અંદર ઘૂસેલી આંખે એક વિદ્યાર્થીને જરાક આરામથી બેઠેલો જોયો. પિરિયડ પૂરો થતાં એમણે વિદ્યાર્થીને બોલાવ્યો અને દંડ કર્યો. ઉદયનને કોઈ વિદ્યાર્થીએ એ સમાચાર આપ્યા. ઉદયને પેલા વિદ્યાર્થીને બોલાવીને કહ્યું કે તું દંડ ન ભરતો. કહેજે કે તે પિરિયડ જેમનો હતો તે અધ્યાપકને વિદ્યાર્થી નિરાંતે બેસે એ સામે વાંધો નથી. વાત આગળ વધી. વિદ્યાર્થીએ કહ્યું કે સાહેબ, તમે શા માટે કલેશમાં ઊતરો છો? હું દંડ ભરી દઈશ. પરંતુ ઉદયન પોતાની વાતમાં સ્પષ્ટ અને દૃઢ હતો. એણે દંડ માફ કરી દેવા આચાર્યશ્રીને સાફ સાફ શબ્દોમાં સંભળાવી દીધું. આચાર્યશ્રી માન્યા નહીં. પરિણામે સંઘર્ષ થયો. ઓછામાં પૂરું આચાર્યશ્રીની જિજ્ઞાસા ન હોવા છતાં ઉદયન એમને સમજાવવા બેઠો હતો. એણે કહેલું કે વર્ગની સઘળી જવાબદારી અધ્યાપકની છે. બહારનું કોઈ તત્ત્વ અધ્યાપકની અનુમતિ વિના પ્રવેશી ન શકે. તો પછી બહાર ફરતા માણસથી વર્ગમાં બેઠેલા વિદ્યાર્થીનો દંડ થઈ જ કેવી રીતે શકે? દરેક માણસે પોતપોતાનું કાર્યક્ષેત્ર સમજી લેવું જોઈએ. તે ઉપરાંત દંડ કરવો એ સો ટકા અશૈક્ષણિક પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીના વિકાસમાં આ પ્રવૃત્તિનો કશો ફાળો હોઈ શકે નહીં, આચાર્યશ્રીના વિકાસમાં પણ નહીં. ભય કદી શિક્ષણનું સાધન બની શકે નહીં.. વિદ્યાર્થી બોલાયેલું ગ્રહણ કરતો હોય તો પછી એ કરોડરજ્જુ ખેંચીને બેસે કે પાટલી પર પગ મૂકીને બેસે તેની સાથે અધ્યાપકને કશી લેવાદેવા નથી... આ ચર્ચાએ ઉગ્ર રૂપ ગ્રહણ કર્યું અને કેટલાક અધ્યાપકોએ આચાર્યશ્રીને મળીને ઉદયનની ઉદ્દંડતા વિશે પોતાનો અભિપ્રાય આપ્યો. વિનયન વિભાગનો તો એકેય અધ્યાપક ઉદયન સાથે સહમત ન હતો. વિજ્ઞાન વિભાગનો એક અધ્યાપક

આચાર્યશ્રીને આ પ્રશ્ન વિશે મળ્યો હતો અને સવિનય કહ્યું હતું કે સાહેબ, આ મુદ્દા પર કોઈ પણ અધ્યાપક રાજીનામું આપે તે કૉલેજ માટે ગૌરવપ્રદ નથી. અને ઉદયનના અધ્યાપનની પ્રશંસા થાય છે, એ પ્રતિભાશાળી સર્જક છે. દોષ એના પક્ષે. નથી. અને માનો કે એનો દોષ હોય તોપણ કોઈને આવો માણસ ખોવો પાલવે નહીં. આચાર્યશ્રીએ વિદ્યાર્થીનો દંડ માફ કર્યો હતો.

ઉદયન બીજા વર્ષે રોકાયો ન હતો પણ અનિકેત સાથે એનો પરિચય વધતો ગયો. પેલો પ્રસંગ શકવર્તી બની ગયો. એમાં બંનેએ એકબીજા પ્રતિ આકર્ષણ અનુભવ્યું. અનિકેતને લાગ્યું કે આ માણસ શક્તિપુંજ છે. એની સાથે ઊભા રહેવું જોઈએ. આવા માણસોની નિર્ભીકતાને લીધે જ સમાજનો સ્તર સુધરતો હોય છે. એ સમાધાન નથી કરતો અને સમાધાન ન કરનારના પક્ષે મોટે ભાગે સચ્ચાઈ હોય છે. સુખી થવા માટે એણે કદી સમાધાન કર્યું નથી. એ પોતાના વિચારો માટે આગ્રહી છે અને આગ્રહોને જીવે છે.

એ પ્રસંગને યાદ કરીને અનિકેત આજે ઉદયનના જીવનબળ વિશે વિચારતો રહ્યો. તે વખતના ઉદયનના આત્મવિશ્વાસ માટે એને આજેય આશ્ચર્ય થયું. એ આત્મવિશ્વાસ ક્યારેય ઓછો થયો નથી. મારા અમૃતા સાથે વધતા પરિચયને એ દર્શકની હેસિયતથી જોતો રહ્યો. એણે મને વહેલો સાવધ કરી દીધો હોત તો કેવું સારું ! પણ તો તો મને એનો પરિચય ન થાત.

અમૃતા હવે સાચી દિશામાં છે.

પોતાનું બેંક બેલેન્સ કેટલું હશે ? અનિકેતે તપાસી જોયું. પહોંચી વળાય તેમ ન હોય તો પિતાજીની મદદ લેવી. ધનનો આથી સારો ઉપયોગ શો હોઈ શકે ? જાપાન કે બીજા કોઈ દેશમાં એને લઈ જવો પડે તો લઈ જવો. લોહીમાં વિકૃતિ આવી હતી તે જોતાં લ્યુકેમિયા થાય તેવો સંભવ ખરો અને આ લ્યુકેમિયાની પૂર્વાવસ્થા હોય તો ?

હીરોશીમાથી પણ કશો ઉત્તર નથી. પણ આઠદસ દિવસ તો થાય જ. એક બે દિવસમાં ઉત્તર આવવો જોઈએ.

એ આ ક્ષણે મકાનના ધાબા પર આંટા લગાવી રહ્યો છે. આકાશ સ્વચ્છ છે. અનાવૃત નીલિમા નિજમાં નિમગ્ન હતી. સમુદ્રના અને આકાશના રંગમાં સામ્ય છે કે પછી આકાશના દર્પણમાં સમુદ્રનું પ્રતિબિંબ પડતું હશે ? પણ પ્રતિબિંબ તો ફક્ત સમુદ્રનું જ કેમ, રણનું પણ પડે.

એણે જોયું કે ગતિ વધી ગઈ છે. ધીમે ધીમે આંટા લગાવતો હતો. હવે ઉતાવળે ચાલવા લાગી ગયો છે.

કામવાળી બાઈ આવી. રસોઈયો બહાર ગયો હતો. એણે ધાબા પરથી જ કહ્યું — 'મારે જમવાનું નથી.'

પોસ્ટમૅન દેખાયો.

'તાર.'

અનિકેત ધીરે ધીરે દાદર ઊતર્યો.

અમૃતા લખે છે—

'ઉદયન પોતાના તરફ કશું ધ્યાન આપતો નથી. મારું માનતો જ નથી. તમે આવો અથવા કંઈક લખો. એના ઉપચાર બાબતે હવે વિલંબ ન થવો જોઈએ.

ઉફ્...

બેઠકરૂમમાં જઈને એ સોફા પર પકડાયો.

એ અમારા પ્રયત્નોની સામે જ છે તો શું થઈ શકશે? શું આ પ્રયત્નોમાં અમને નિષ્ફળ બનાવીને બદલો લેવા માંગે છે ? સંભવ છે અમૃતાને તિરસ્કારતો પણ હોય. અમૃતા સફળ થશે એવો વિશ્વાસ તો છે પણ ઉદયનને કેવળ અમૃતા સામે જ વાંધો નહીં હોય. એનું શરીર જેનું ભોગ બન્યું છે તે ઘટના વિશે એ નિરંતર વિચાર્યા કરતો હશે. એનો વિદ્રોહ હશે. માનવજાતિના આસન્ન ભૂતકાળ સામે, રચાઈ રહેલા ઇતિહાસ સામે.

એ યુદ્ધ માણસની ભૂલ હતી. અનિવાર્યતા પ્રમાણ્યા વિના જ એ ખેલાયું હતું. તેથી એ 'યુદ્ધ' ન હતું, ભૂલ હતી. ભૂલનું પરિણામ ભૂલ કરનાર નહીં, નિર્દોષો ભોગવશે. આધુનિક જગતમાં યુયુત્સુવૃત્તિને પ્રબળ કરવામાં નિત્શેનો ફાળો ઓછો નથી. પણ ઉદયન કદીય નિત્શે વિશે ઘસાતું બોલ્યો છે? પણ એ અંગે ઉદયન સાથે ચર્ચા કરવાનો અવસર રહ્યો નથી.

અમૃતાના કહેવાનો અર્થ એ થયો કે ઉદયન આત્મહત્યા તરફ... તો એ મારો મિત્ર નથી. જે માણસ પોતાનો પણ મિત્ર નથી એને એનો મિત્ર કેમ કરીને સાચવી શકે? એણે મુંબઈ શા માટે છોડ્યું? ત્યાં ભિલોડામાં શું દાટ્યું છે? મેં પણ ભૂલ કરી, મારે એની સાથે જ રહેવું જોઈતું હતું. એને જીવનની માયા લગાડીને અહીં આવ્યો હોત તો વધુ સારું.

... અહીં રહીને પણ એ તો થઈ શકે. એ જો એમ માનતો હોય કે અમૃતા સહાનુભૂતિથી પ્રેરાઈને આવી છે તો? એને પરાભવ પ્રતીત થયો હોય તો? સંભવ છે શરીર પ્રત્યે એ બેદરકાર બને. શરીર! શરીરને સાચવ્યા વિના બીજું કશું સાચવી શકાય તેમ નથી. શરીર હોય ત્યારે ભલે અનેક અશરીરી હયાતીઓનો અનુભવ થાય. શરીર માત્ર માધ્યમ નથી. એ સામયિક ભલે રહ્યું, એ નગણ્ય નથી. ફક્ત આત્માએ જ જીવવાનું નથી, શરીરે પણ જીવવાનું છે. બલ્કે આત્મા છે જ, અનાદિ અને અનંત. એણે તો ફક્ત હોવાનું હોય છે. જીવવાનું તો હોય છે શરીરે. આત્માએ શરીર જીવે એ માટે નિમિત્ત બનાવાનું હોય છે... કેમ આજે વિચારણાનો પ્રવાહ ઊલટી દિશામાં વહે છે? અથવા અહીં દિશાઓનો પ્રશ્ન જ નથી. કેન્દ્ર છે અને ત્રિજ્યાઓના વિસ્તાર છે, શરીર ત્રિજ્યા છે. એનું વર્તુલ જેટલું મોટું એટલું પેલા કેન્દ્રિત સત્ત્વનું વિશ્વ મોટું.

ઉદયનને શું લખવું? મારો ઉદ્દેશ એ પકડી પાડશે તો? એમ નહીં થાય એની ખાતરી શી? તો હું એને ઉપયોગી થઈ શકું તેમ નથી? તો સાચે જ કહેતો રહ્યો છે તેમ એ 'એકલો' છે? ના, અમૃતા પણ છે. અને હવે એ બે નથી. બે ન રહેતાં એક

બને... 'એકલો' હોય તે પણ 'એક' બની શકે... લખી જોઉં, ફાવે છે કે નહીં, મારી આવડતની કસોટી કરી જોઉં—

'પ્રિય બંધુ,

'જે કામ લઈને બેઠો છું તેમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તું વારંવાર યાદ આવે છે. તારી સલાહ લેવા દોડી આવવાનું મન થાય છે. સહકાર્યકરોમાં બે તો એવા છે જેમનાં કાર્યક્ષેત્ર જુદાં જ લાગે છે. વિચારું છું કે એમની સાથે થોડો પ્રવાસ કરું. એમને સમજવાનો વિશેષ પ્રયાસ કરું.

એક માનસશાસ્ત્રીએ કહ્યું છે કે જેનામાં will to power હોય તેવા પુરુષને સ્ત્રી ચાહે. તારા અને અમૃતાના સંયોગનું રહસ્ય હું આ વિધાનમાં જોઈ શકું છું. હું મુંબઈથી નીકળ્યો તે દિવસે અમૃતાએ કહ્યું હતું — સૂર્યમંડળમાંથી સૂર્યને બાદ કરી શકાય નહીં, મારા વિશ્વનો સૂર્ય એ છે, એ જ હતો. પ્રતીતિ થતાં વાર થઈ. હા, તેનો પણ લાભ છે. સમગ્રતયા પ્રતીતિ થઈ.

હું તો મૂળથી જ ભાવુક માણસ રહ્યો છું. તારી તુલનામાં સાહિત્ય અને કળાઓનો મારો પરિચય નહીંવત્ કહેવાય, છતાં હું એ વિશે બોલતો રહ્યો છું. આજે મારી એ ચેષ્ટાઓ મને બાલિશ લાગે છે. બાળપણથી જ પ્રકૃતિ તરફ પ્રેમ અને તેથી વનસ્પતિશાસ્ત્ર તરફ વળ્યો પછી અન્ય વિજ્ઞાનો અને એમના તત્ત્વજ્ઞાન તરફ વળ્યો. પરંતુ ઊંડે ઊતર્યા વિના જ પાછો વળ્યો. વિજ્ઞાન અધૂરાં લાગે છે એવું મેં પહેલાં કહેલું. આજે કહું કે મારું ગજું ઓછું પડ્યું. મૂળથી જ રહ્યો હું ભાવુક જીવ. પાછો વળ્યો. ભાવુકતાને હું શ્રદ્ધા માનવા લાગ્યો. એવી શ્રદ્ધાથી માણસ માની લે છે. સંશયથી એ પામી શકે છે. મને લાગે છે કે આપણા બેના અભિગમોમાં તારો બલવત્તર અને નક્કર છે. આજે મોડો મોડો પણ હું તને નવાજું છું...

અનિકેત અટકી ગયો.

આવી બનાવટ? ભલે ને એનાથી ઉદયનને ગમે તેટલો ફાયદો થવાનો હોય, પણ અસત્યનો આશ્રય લઈ શકાય નહીં. કોઈ પણ અસત્ય કદાપિ સવાઈ સત્ય ન થઈ

શકે. ઉદયનનું મેં જે સ્વીકાર્યું નથી તે આજે એને પ્રસન્ન કરવા સ્વીકારું? એવી ખુશામત એને પચશે પણ ખરી? મારાથી આવું વર્તન થઈ શકે નહીં.

એણે કાગળના ફાડીને ચૂરા કરી દીધા. એટલા નાના નાના ટુકડા કરી દીધા કે કાગળની હયાતી હતી તે પણ ખ્યાલ ન રહે, ભૂતકાળ પણ ભૂંસઈ જાય.

હા, સવાલ ભૂતકાળને ભૂંસવાનો જ છે.

અમૃતાએ તાર કર્યો એનું કારણ નાનું નહીં જ હોય. એ જો વિમુખ જ રહેવાનો હશે તો અમૃતાની હવે શી સ્થિતિ? એ કૃતસંકલ્પ છે. ...આ બધામાં દોષ મારો જ છે. આ વિષચક્રનું કેન્દ્ર હું છું. મારું જીવન અન્ય સાથે કેટલું બધું સંકળાયેલું છે? ઉદયન એકલો જ બની રહેશે? આ તો એની હઠ છે. એની હઠને તોડવાનું સામર્થ્ય અમૃતામાં નથી? મારામાં પણ નથી? ભિલોડા જાઉં? એને પ્રતીત કરાવી આવું કે તારી એકલતાથી તને મુક્તિનો અનુભવ નહીં થાય. તારી એકલતા સ્વયંસર્જિત વિસંવાદમાંથી જન્મી છે. એમાંથી બહાર આવ. આ તો જડતા કહેવાય. આજુબાજુ નજર કર. તું એમ નહીં કરે તો હું માનીશ કે તું નાસ્તિક છે, સ્વાર્થી છે. અમૃતાએ તારા માટે જે ત્યાગ કર્યો છે તેનું મૂલ્ય સમજી જો.

હું આમ વિચારું છું તેનું કારણ એ તો નહીં હોય કે મને અમૃતા માટે પક્ષપાત છે? અને એના તરફ સૂક્ષ્મ અસંતોષ છે?

શું મારે હજી એના માટે — એમના માટે કંઈ ત્યાગવાનું રહે છે? હજી કંઈ અવશિષ્ટ રહી ગયું હશે તો એને પણ ત્યાગીશ.

આજે જ ભિલોડા જવા ઊપડી જાઉં?

કે પછી હીરોશીમા લખેલા પત્રના ઉત્તરની રાહ જોઉં? એક બે દિવસ રાહ જોઉં.

□

બે તરફથી પવન હતો. અથવા બે પવન હતા. એકબીજાને સ્પર્શ્યા વિના એ પવન પસાર થઈ જતા ન હતા. સૂનકાર ન હતો. સંઘર્ષ હતો.

ઉદયન બે હતાઃ એક નિર્ણય, એક દેહ.

એ કુરુક્ષેત્ર હતું.

અમૃતા એ કુરુક્ષેત્રની ધરતી, દિશાઓ અને આકાશ હતી.

અમૃતા એક અને અખંડ હતી.

ઉદયન બે હતા. એ બેમાંથી એકેય કેન્દ્રિત ન હતો. બંને વીખરાયેલા હતા. એટલું જ નહીં, એ બંનેના અંશો એકમેકમાં ભળી રહ્યા હતા. કઈ પળે એ બંને એક બની જશે તે કહી શકાય તેમ ન હતું. એમ બની શકે તેમ હતું. કારણ કે અમૃતા હતી.

અમૃતા માત્ર નિમિત્ત ન હતી, કામ્ય પરિણામ પણ હતી. ડુંગરે ડુંગરે દવ લાગ્યો હતો. જળના બિંદુએ બિંદુએ વડવાનલ પ્રગટ્યો હતો. ઉચ્છ્વાસની બાષ્પમાં વિદ્યુતના પ્રગટ્યાની સંભાવના હતી.

એ શ્વાસની મદિર સૌરભ, એના સ્પર્શની વશીકરણ શક્તિ, એના આશ્લેષનું દૃઢ નિયત્રંણ...

એની પોપચાં ઢળેલી આંખો જાણે પ્રલયના પૂરમાં સઢ ઓઢીને તરતી બે નૈયા...

બે ઉદયનનું સાયુજ્ય સિદ્ધ થવાની ક્ષણે, આજ સુધી વિદ્રોહ કરતાં અટકી ગયેલા કોષોમાં નવજાગૃતિ આવી જતી હતી. સમગ્ર જીવૈષણાનું તીવ્ર વેગે રૂપાંતર શરૂ થઈ જવા લાગતું હતું. પણ ત્યાં એક ઉદયનની પ્રતિરોધક શક્તિ કામયાબ થતી હતી. અને એક ક્ષણ બીજી ક્ષણમાં કશો ઇતિહાસ રચ્યા વિના વિલીન થઈ જતી હતી.

આજ સુધી જેને સ્વપ્નની જેમ સાચવી હતી, તેને ભડકે બળતી ચિતાનું સૌભાગ્ય સોંપવું પાલવે નહીં. જે ગઈ કાલ સુધી સ્વયંપ્રભા હતી તે પારિજાતના પુષ્પની જેમ સહેલાઈથી ખરી પડવા રાજી થઈ છે. શા માટે ? પતંગ જેના માટે હોમાવા તૈયાર છે તે તો છે માટીનું એક કોડિયું. એ શા માટે હોમાય ? એના માટે તો આવતી કાલ છે.

તો પછી આ વસંતલ ઉન્માદથી છલકાતું વાતાવરણ જિવાયા વિના જ વીતી જશે? એને જીવવામાં કશું સ્ખલન ન હતું - મિલન હતું. એને એ અભીષ્ટ હતું. તો પછી

એક ઉદયન શા માટે બે બનીને સંઘર્ષ કર્યા કરે? અને બન્ને ઉદયન વસ્તુતઃ તો એક છે.

તો પછી શા માટે કામના અને નિર્ણયનો સંઘર્ષ? શા માટે એ સંઘર્ષમાં ભોગવવી પડતી યાતના?

અમૃતાના વક્ષની ઉષ્મા ગ્રહણ કરી રહેલી એની ઉત્તપ્ત આંખોને એકાએક એક ચિત્ર દેખાતું હતું. સ્મરણમાં એ ચિત્ર સંપૂર્ણ સચવાઈ રહ્યું હતું. હીરોશીમાની એ હૉસ્પિટલના ડૉકટરે એ ચિત્રનો પરિચય આપ્યો હતો. ડૉકટર પોતાના અંતસ્તલના તળિયેથી બોલતા હતા : આ ચિત્ર એક બાળકનું છે. એક યુવાન માની કૂંખે એ અવતર્યું હતું. જન્મ પામ્યા પછી એ લાંબા સમય સુધી શ્વાસ લેતું રહ્યું હતું. એને હાથ ન હતા. પગ ન હતા. એ માત્ર એક વિચ્છિન્ન આકાર હતો. એના એક છેડે થોડોક જુદો ઊપસેલો ભાગ હતો. એ ભાગ મસ્તકનો હતો. કારણ કે ત્યાં બે પાસેપાસે નાનાં છિદ્રો હતાં. એ છિદ્રો વડે એ શ્વાસ લેતું હતું. ભલે દેખાય, પરંતુ હકીકતમાં તો એ નિર્જીવ માંસનો લોચો ન હતો. એક બાળક હતું. ડૉકટરે પરિચય પૂરો કરતાં પણ કહ્યું હતું. મિસ્ટર ઉદયન, આ એક બાળકનું ચિત્ર છે. ઉદયનના ગળે વાત ઊતરતી ન હતી. ડૉકટર ઉપહાસ કરતા હોય તો કેવું સારું! પણ ડૉકટર પાસે ઉપહાસ કરવા સમય ન હતો. એમની દેખરેખમાં ઘણા દરદીઓ હતા. અને એ દરદીઓ હતા એટલાં જ દર્દ હતાં. એમણે થોડા શબ્દોમાં ઉદયનની શંકાનું સમાધાન કર્યું : આ બાળક એની માતાના ઉદરમાં હતું. ત્યારે જ રેડિયો-એક્ટિવનો ભોગ બન્યું હતું. પૃથ્વી પર આવવા પહેલાં જ એ મનુષ્યની સિદ્ધિઓનો વારસો લઈને આવ્યું હતું. કારણ કે વારસો તો માગ્યા વિના પણ મળે છે.

એ ચિત્ર જ્યારે જોયેલું ત્યારે દેખાયેલું તેથી પણ વધારે સ્પષ્ટ અને સુરેખ બનીને આ વખતે દેખાયું હતું. પેલા દેહધારીનું બળ તૂટી ગયું હતું. અને નિર્ણયે પડખું બદલાવ્યું હતું. ઉદયન એક બનીને ઊભો થયો હતો.

અભિનિષ્ક્રમણ.

અવાન્તર સ્થિતિ સુધી એ પહોંચી શક્યો.

કોષેકોષમાં જાગેલા સ્પંદ એને નવા રૂપે ઓળખાવા લાગ્યા અને એક જીવન- શૂન્ય ભાવિની છાયામાં એણે વિશ્રાંતિનો શ્વાસ લીધો. છેલ્લી વાર્તા પૂરી કરીને એ મુક્ત થયો. ચેતનાનો સંચાર હવે કેવળ નાભિમાં જ અનુભવ્યો. એની અનુભૂતિ પરમાણુની પ્રક્રિયામાં તદ્રૂપ બની — ન્યૂટ્રોન અને પ્રેટ્રોન. ઘનાત્મક અને ઋણાત્મક શક્તિઓની સમતુલા. કેન્દ્રની ફરતે ગતિ કરતા ઈલેકટ્રોન...પદાર્થનું શક્તિમાં રૂપાંતર અને વિસ્ફોટ...ના, હું અમૃતાનો વિનાશ નહીં કરું. એને અસંપૃક્ત રાખવામાં હું મારી સમગ્ર શક્તિ કામે લગાડીશ.

તારાથી ભલે વિલંબ થયો અમૃતા. હું વિલંબ નહીં કરું.

પરમ દિવસે પીઠમાં અસહ્યા દર્દ જાગ્યું હતું. ચાલવાની તાકાત ન હોવા છતાં હું આંગણામાં આંટા લગાવતો રહ્યો માટે? ડૉકટરો કહેતા હતા કે કિડની આ દવાઓથી નહીં સુધરે તો ઑપરેશન કરવાથી તો સુધરશે જ. પણ લોહી સુધરે તેમ છે ? લ્યુકેમિયા વિશે મેં જે કંઈ જાણ્યું હતું તેવું બધું અનુભવી રહ્યો છું. ચારસો રોએંટજન શરીરમાં પ્રવેશે પછી આશા ઓછી. મારા શરીરમાં વધુ પ્રવેશ્યાં હોવાં જોઈએ. અનિકેત લખે છે કે ડૉકટરોએ અને એણે તદ્વિદોને પુછાવ્યું છે. પણ આ ડૉકટરોના વર્ણનથી કોઈ વિદેશી તદ્વિદ સાચું નિદાન કરી શકશે ? આ ચામડીને એની ચમક પાછી મળશે? આ બાહુઓને એમનું બળ પાછું મળશે ? ઠંડી ગરમીના સામાન્ય ફેરફારને સહી ન શકતું શરીર હવે દિશાશૂન્ય મજલો પાર કરવાની પૂર્વશક્તિ પ્રપ્ત કરી શકશે ?

ના.

બીજા એક અઠવાડિયા પછી એણે પોતાને વધુ વિશ્વાસપૂર્વક કહ્યું—

ના.

હું રુગ્ણ છું.

અમૃતા ભલે હકીકતનો ઈન્કાર કરે.

જે સામે છે તેને ન જોવાથી જોનારનું કંઈ ચાલવાનું નથી.

જે છે તે તો છે જ.

હું રુગ્ણ છું.

હવે સહુ જાણશે. જે કોઈ જાણશે તે દયા ખાશે. ઉજ્જડ ખેતરમાં ઢળી પડેલા ચાડિયાને જોઈને જાગતા મનોભાવ મને લોકોની આંખોમાં જોવા મળશે.

અમૃતા ન જ ગઈ.

એને કેટકેટલી વાર કહ્યું કે દૂર રહે, દૂર, રહે. પણ ભૂલી જાય છે. આ રોગ વિશે એને માહિતી આપી, મેં જે રીતે વર્ણન કર્યું તે પરથી તો ગમે તેવા સ્વજનના ચિત્તમાં પણ આતંક છવાઈ જાય. કદાચ માતા હોય તે પણ ગભરાઈ જાય. પરંતુ આ નારી તો માતૃત્વની સીમાઓને પણ ઓળંગી ગઈ. એ આટલી બધી અભય ક્યારથી થઈ ગઈ ? ટોળટીખળમાં કોઈ વાર પારસીઓના ટાવર ઑફ સાયલન્સનો ઉલ્લેખ સાંભળતાં જે ભયથી છળી પડતી તે મારા વાતાવરણમાં પ્રણવાયુ બનીને ભળી ગઈ છે. એ મારી સાથે અહીં ન આવી હોત તો બે-પાંચ દિવસ લગી અંધારિયા મકાનમાં ચામાચીડિયાં ઊડતાં રહેત અને એમની સંખ્યામાં એક પ્રેતનો ઉમેરો થાત.

અનિકેતના પત્રમાંથી એક વાક્ય એણે બે વાર વાંચ્યું — પ્રેમ મૃત્યુને જીતી જાય છે.

પ્રેમ!

ઇચ્છા થાય છે એના ઉછંગમાં માથું મૂકીને રડી લઉં. એને સમજ્યા વિના જે અવહેલના કરી બેઠો તે માટે પ્રયશ્ચિત કરી લઉં. પણ ક્યાં છે વિદાય! દસે દિશાઓમાં પ્રેમ બનીને એ વ્યાપી ગઈ છે.

એને છેતરીને ક્યાંય છટકી શકાય તેમ નથી.

હવે સંકોચાતો સંકોચાતો કેન્દ્રમાં એકઠો થઈને સુકાઈ જઈશ.

અનિકેત ન આવે તો સારું.

અથવા એ ભલે આવે. એનો પદરવ સંભળાય તે પહેલાં તો... ના, મારાથી એ નહીં થઈ શકે. અમૃતાની ઉપસ્થિતોનો અનાદર મારાથી નહીં થઈ શકે. મૃત્યુનો પણ મોહ શો ! એ ભલે મંથર ગતિએ આવે. કદાચ અમૃતાની સત્તાને ઉવેખીને આગળ વધવાની એનામાં તાકાત નથી. પ્રેમથી મૃત્યુને જીતી શકાય છે ! શ્રી અરવિંદ કહે કે અનિકેત, અમૃતાના મૌનમાં એથીય ઉચ્ચતર સૂત્રો ઘૂંટાઈ રહે છે.

પીઠને કોરી ખાતી વેદના જીરવતો પડ્યો હોઉં છું અને એક એક ક્ષણમાં યુગોનાં દર્દના પિરામિડ આંખો પર તોળાતા જોઈ રહ્યો હોઉં છું ત્યારે એ સામે આવીને ઊભી રહે છે તો એનું અપરિવર્તનશીલ સ્મિત કાળા અભ્રપટને વિદ્યુત્‌ગતિએ ચીરી નાંખે છે.

મેં દવા ફેંકી દીધી તે અંગે કંઈ બોલી નહીં. એક જ દિવસમાં એણે અમદાવાદથી દવા મંગાવી લીધી.

કશું બોલતી નથી. સામે આવીને ઊભી રહે છે. હાથ લંબાવે છે.

વારંવાર પડખાં બદલવાની ઈચ્છા થાય છે. જાણે કે ચામડી ઘસાઈ ગઈ છે. હવે ચામડીનું અંદરનું પડ બહાર આવશે ? અને દૂઝવા લાગશે ? હાથની કોણીના ઉપરના ભાગે આ શું થયું છે ?

હવે બધો સમય શર્ટ પહેરી રાખું છું. એક દર્દ શરીર પર ઠેર ઠેર વ્યક્ત થવા લાગ્યું છે. બીજું તો સદી ગયું છે. ઈયળ બનીને એ કિડનીને કોરી રહ્યું હશે. સારું છે, ઑપરેશન કરાવવું નહીં પડે. સમય આવ્યે સવાલ ઊકલી જશે.

સમય, સ્થળ અને અમૃતા.

સમય સ્થળને ભુલાવી દે છે.

અમૃતા સ્થળ અને સમય બંન્નેને ભુલાવી દે છે.

અને આ દર્દ ? સકળને અમૃતા સિવાયના સકળને. પરંતુ આજે તો અમૃતા જ સકળ બની ગઈ છે. તેથી સકળને ભુલાવવા મથતા દર્દ અને સકળને આશ્રય આપી બેઠેલી અમૃતા વચ્ચે સંઘર્ષ છે.

દર્દ અને અમૃતા.

અમૃતા અને સકળ.

સ્થળ અને સમય.

સ્થિતિ અને ગતિ.

ગતિ અને વિરતિ.

વિરતિ અને વિલયન.

શૂન્ય થકી મહાશૂન્ય ભણી—

□

પરોઢ સુધી તીખી વેદના એના મર્મકોષોને વિદારતી રહી. આ વેદના અતૃપ્ત ઝંખનાની વેદના ન હતી. ઝંખના હોય ત્યાં વેદના ન હોય, દુઃખ હોય આ દુઃખ ન હતું. પરોઢ સુધી જાગવાથી એનાં દીર્ઘ લોચનને ખૂણે જે રંગ પ્રગટી આવ્યો હતો તે વેદનાનો હતો.

આ છેલ્લા પ્રયાસને પણ એણે વિફળ બનાવી દીધો !

તો હવે એની સામે ધરવા મારી પાસે શું શેષ રહ્યું છે?

અનિકેત સૌરભની વાત કરતો હતો.

ઉદયન આખા ફૂલને ઓળખતો હતો.

કયાં ગઈ એ ઝંખના ?

શું એ નથી જાણતો કે પ્રત્યેક પુષ્પ પોતાની પાંદડીઓને, પોતાની સૌરભને વિગલિત કરી દઈને પોતાના સૌંદર્યને ફલિત થયેલું જોવા માગે છે? એને ખબર

નથી પડતી કે અમૃતા એકલી સ્વીકૃતિથી સંતુષ્ટ નથી ? શું મારે તેને કહેવું પડશે કે નારી તૃપ્ત થવા ઇચ્છે છે, એ આધાન ઇચ્છે છે...

હજીય એ માનતો લાગે છે કે હું પાછી જઈશ.

મુંબઈથી પત્ર આવ્યો છે. સહુ મજામાં છે. મને મારી દિશા સૂઝી આવી છે તે જાણીને એમને આશ્વાસન મળ્યું હોય તેમ લાગે છે. હું અહીં સુખી છું તે જાણીને એમને આનંદ થયો છે. આનંદ કેમ ન થાય? સ્વજનો છે.

પુરાતત્ત્વમંદિરના નિયામકશ્રીએ વધુ રજાઓ પણ માન્ય રાખી! એટલું જ નહીં, અનિયતકાળ સુધી રજા પર રહેવાની એમણે છૂટ આપી! એમની ઉદારતા, એમનો સદ્‌ભાવ જાણું છું. અભ્યાસીઓ ઓછા છે. તેથી હું એમની સંસ્થા છોડી જાઉં એ એમને પસંદ નહીં હોય. પરંતુ હું હવે ઉદયનને એકલો મૂકીને એક ક્ષણ પણ અળગી થવા તૈયાર નથી. આ બધું એમને કેવી રીતે સમજાવું?

ઉદયન હમણાંથી ઘરબહાર નીકળતો નથી. ખાટલામાં પડ્યો રહે છે. કોઈ વાર ચત્તો કોઈ વાર ટૂંટિયું વાળીને ખુલ્લી આંખે પડ્યો રહે છે. એની ફાઉન્ટનપેનને ઉંદર અવાવરા ખૂણામાં ખેંચી ગયા. બહુ શોધી ત્યારે જડી. ખોખાને કોરીને શાહી પી ગયા હતા.ઠેર ઠેર દાંત બેસાડ્યા હતા.

રાત્રે એ ઊંઘી ગયો હોય છે. અને કોઈ દોડતો ઉંદર અમૃતાની છાતી પર થઈને પસાર થાય છે તો એ બેબાકળી બની જાય છે. પછી એને ઊંઘ આવતી નથી. ઉંદરના દાંતનો કટ કટ અવાજ અને ઘડિયાળના મશીનનો અવાજ એને એકસરખો લાગે છે. ઉંદરને કાળનું પ્રતીક માનનારે વિવેક બતાવ્યો છે. ઉંદરના દાંત સાચે જ ક્રૂર હોય છે.

આજે વહેલી સવારે ઉદયને ખાટલાની ઈસ પર હાથ પછાડ્યો. અમૃતા એની પાસે દોડી ગઈ. એક ઉંદરે ઉદયનના કાન પર દાંત બેસાડ્યા હતા.

અત્યારે એ ઉંદરોને પકડવાનું પાંજરું લઈને આવી રહી છે. આખો દિવસ એ ઉંદરોના તરખાટ વિશે વિચારતી રહી હતી. એમની ગતિ અને એમના દાંત...

કાળને પણ પીંજરામાં પૂરવો પડશે. ઉદયનની બીમારીનો ઈલાજ થાય ત્યાં સુધી સમય રોકાઈ જાય તો... એ કેમ કરીને સંભવે ? સમયને કયાં સંવેદન છે ? પાણી તો કોઈનું પ્રતિબિંબ પણ ઝીલે છે, હવા તો એકબીજાના શબ્દોને પહોંચાડવાનું કામ કરે છે... પણ આ સમય? ઓછું કરવા સિવાય એને બીજું કંઈ ફાવ્યું નથી.

કોઈ પણ પદાર્થને કોતરી ખાતા ઉંદરના દાંત... આજે આ પીંજરામાં પુરાઈ જશે?

ગામના મુખ્ય રસ્તેથી એ શેરી તરફ વળી. બાજરીના છોડની એક સૂકી પાંદડી પવનની ઠોકર વાગતાં ઊડી આવી અને અમૃતાના પગ પર પડી. એને અવગણીને અમૃતા આગળ વધી. પાછળ નજર કરીને જુએ છે તો પેલી પાંદડીને પવનની બીજી ઠોકર વાગે છે અને એ ઊછળે છે. રેત પરથી હવામાં અને હવામાંથી રેત પર. ઊડતી, આથડતી, રોકાતી, ઠોકર ખાતી જાય છે.

ડાબી તરફના ઘરના આંગણામાં પડેલી કોલસાના કોથળાની થપ્પી નજરે પડે છે. ઉપરના કોથળાના મુખભાગને જેના વડે સાંધેલો તે સૂતળીના દોર તૂટી ગયા છે. તેથી કોલસા બહાર ધસી આવ્યા છે. એમનો કાળો કરકરો રંગ અમૃતાની કીકીઓને વાગે છે. એ આગળ વધે છે.

એના જમણા પગના ચંપલની એક પટ્ટી તૂટી ગઈ છે. સાચવીને ચાલે છે. ધૂળના સંપર્કથી એની પાનીઓની ચમક ઝંખવાઈ ગઈ છે.

આથમતા સૂર્યનાં કિરણો ઊંચાંનીચાં મકાનોનાં એકરૂપતા વિનાનાં છાપરાં પર અંતિમ ક્ષણો ભોગવી રહ્યાં છે.

રજોટાયલી સાંજ હવામાં ઊડી રહી છે. સૂર્યનાં કિરણોએ રજકણોને ડૂબતી ઝાંયથી રંગ્યાં છે.

ખડકીના પથ્થરની બરછટ સાખ સાથે એક ભેંશ સ્થૂલ ગરદન ઘસી રહી છે. એનાં શિંગડાં કમાડને ભટકાય છે. અવાજ થાય છે. અમૃતા અટકે છે. છોકરો આવીને ભેંશને સોટી મારે છે. ભેંશ આળસ ખંખેરીને આગળ વધે છે. કમાડ ખોલે છે. ચુપકીદીથી પ્રવેશ કરે છે. આંગણાનાં સુકાઈને દબાઈ ગયેલાં તરણાં પર ચાલવાથી

હવે એમનો પૂર્વવત્ હાહાકાર સંભળાતો નથી. એ પોતાની સ્થિતિને પામી ગયાં છે. હવે માટીમાં ભળી જવા લાગ્યાં છે.

આંગણાની જમણી દીવાલના ગોખલામાં મુકાયેલા લાકડાના ચોકઠાને ઊધઈ ચડી છે.

દાદર પર ચઢતા પગ અવાજથી ડરતા હોય છે. તેમ જાળવીને આગળ વધે છે.

ક્યાં ગયો ઉદયન? ખાટલો ખાલી છે. બેબાકળી બનીને એ અગાશી તરફ દોડી જાય છે. ઉદયન ઉતાવળથી શર્ટ પહેરવા લાગી ગયો. શું કરતો હતો એ? એની નજીકમાં દર્પણ પડ્યું હતું.

શર્ટ પહેરી લે એ પહેલાં અમૃતાને ઉદયનની પીઠ પર જમણી બાજુ એક કાળું ચાઠું દેખાય છે. દર્પણ વડે એ પોતાનાં ન દેખાતાં ચાઠાં જોઈ રહ્યો છે?

ઉદયન એની સામે જુએ છે. એ ભોંઠી પડી જાય છે.

ફાનસ સળગાવે છે. ફાનસના ગોળામાં એક તરડ પડી છે તેથી એ કાળજીથી ફાનસ સળગાવે છે.

ઉદયન ખાટલા સુધી પહોંચીને એમાં ઢળી પડે છે. એણે અમૃતાને કહી દીધું છે કે આ દેહનો ભાર હવે ઊપડતો નથી.

દવા લેવા એ ગોખલા પાસે ગઈ. હાથ લંબાવ્યો. કંઈ ન હતું. ફેંકી દીધી હશે? હવે એને શું કહેવું?

અને એના શરીર પર પડેલું પેલું ચાઠું? એની આંખે સોજા આવ્યા છે. એના હોઠ કાળા પડવા લાગ્યા છે.

ઉદયને બપોરે પણ ખાધું ન હતું. અમૃતાએ ચા બનાવી હતી. બેઠા થવાની ઇચ્છા ન હતી. પણ અમૃતા પકડીને બેઠો કરશે એ ભયથી એ મહામહેનતે બેઠો થયો હતો. ચા પીને સૂઈ ગયો હતો. અમૃતાએ સિગારેટ લાવી આપી હતી. મોંમાં મૂકીને

દીવાસળી સળગાવતી અમૃતા સામે એણે જોયું હતું અને સિગારેટ ફેંકી દીધી હતી. અમૃતા સમજી શકી ન હતી.

ભરબપોરે એ અગાશીમાં જઈને ઊભી હતી. એણે આજુબાજુનાં મકાન જોઈને એમના ખાલી હોવા વિશે વિચાર્યું હતું. આ ગામની વસ્તી વધતી નથી, ઘટે છે. લોકો મુંબઈ અને અમદાવાદ જેવાં શહેરોમાં ચાલ્યા જાય છે. જેણે શિક્ષણ મેળવ્યું તે તો પાછો આવતો જ નથી. બેઉ બાજુનાં ઘર ખાલી છે કે પછી આ બધાં ઉદયનનાં તો નહીં હોય ને ? એણે વેચ્યાં હોય તો પછી એમાં કેમ કોઈ રહે નહીં ? કે પછી જેમને રહેવાની જરૂર ન હોય તે લોકો જ ખરીદવા શક્તિમાન હોય છે? જે હોય તે પણ ઉદયને વેચ્યાં હોય તો કોઈક તો આ લાઈનમાં રહેવું જોઈએ ને! આ બધાં એનાં જ હશે. દરેકનાં નેવાં એકસરખાં છે. દરેક સરખું ખાલી છે. હા, આ એક મકાનમાં અમે બે જણ છીએ... તેથી જોકે ખાલીપણામાં કશો ફેર પડ્યો નહીં હોય...

તે દિવસ રાત્રે અંધારામાં એ ક્યાં ગયો હતો? મેં એને ન પૂછ્યું હોત તો સારું. એણે કેવો જવાબ આપ્યો - અમૃતા; મારી રીતે નહીં મરું. તું ઇચ્છે છે તે રીતે મરીશ. તું આટલે સુધી આવી છે અને ખેલ ટૂંકમાં પતી જાય એ બરાબર નથી. તારી અને અનિકેતની એક સલાહ છેવટે મેં માની લીધી છે. હું ભવિષ્યમાં માનવા લાગ્યો છું. એની પ્રતીક્ષા કરવાનું મેં શરૂ કર્યું છે. મારા ભવિષ્યને — મારા મરણને ઓળખવાની દિશામાં મેં ગતિ કરી છે. હવે હું એને પ્રપ્ત કરવા પ્રયત્ન નહીં કરું તોપણ એ આવશે એવી મને શ્રદ્ધા છે.'

એટલું બોલીને એણે આંખો બીડી લીધી હતી. મુઠ્ઠી વાળીને આંગળીઓના નખનો રંગ જોઈ રહ્યો હતો. દીર્ઘ સમય સુધી કશું બોલ્યો ન હતો.

એમ લાગે છે કે આજે પણ એ કશું નહીં બોલે.

પીંજરામાં થોડાંક બિસ્કિટ નાંખીને એને ઉંબરા પર મૂક્યું. ઉદયનના ખાટલા પાસે પથારી કરીને એ સૂઈ ગઈ.

હમણાંથી એણે કંઈ વાંચ્યું નથી.

સવાર, ઉદયન, સાંજ, ઉદયન, રાત, સવાર, ઉદયન...

સમય અને ઉદયન. અથવા સમય પણ નહીં, માત્ર ઉદયન. એની આંખોમાં ખંડિયેરોના ઇતિહાસના પડછાયાઓની અવરજવર, અમુખર હોઠ, હોઠ પર કાળી ગમગીની...

ગામલોકોની દિવાળી પૂરી થઈ ગઈ. પણ પેલી ભાગોળમાંથી હજી આદિવાસી યુવતીઓનાં સમૂહગીત હવાની પાંખે ચડીને અહીં લગી આવી પહોંચે છે—

*ચાંદાને અઝુઆળે ઊં તો લીલૂ લિવા ગઈતી રે*
*ચાંદાને અઝુઆળે મઈં તો ડીઠો કાળો નાગ રે*
*સાલ રે પાહ્યા સાલ...*

પડખાં બદલાય છે અને પ્રહર બદલાય છે.

ઉદયન પણ જાગતો હશે. કંઈ બોલતો નથી. એ પડખાં બદલતો નથી.

અમૃતા બેઠી થાય છે અને પથારીને ઉદયનના ખાટલાની છેક નજીક લઈ જાય છે. ઉદયન એ રીતે શ્વાસ લઈ રહ્યો છે કે જાણે એ ઊંઘી ગયો છે.

## ૭

કશાયનો એ વિરોધ કરતો નથી. તેથી એને શું ગમશે, શું નહીં ગમે તેની અમૃતા કાળજી લે છે. અમૃતાની કાળજી તરફ એ બેધ્યાન છે, ઉદાસીન છે. એના ગમાઅણગમા શમી ગયા છે. પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ, સત્ય-મિથ્યા, અસ્તિત્વ-અનસ્તિત્વ કશાયનું વિશેષત્વ એ અનુભવતો નથી કારણ કે એ એમ કરવા માગતો નથી. ભેદરેખાઓનો એ લોપ ઇચ્છે છે.

મુખ લૂછતી લૂછતી અમૃતા ઉદયન પાસે ગઈ. એની આંખો બંધ હતી. અમૃતાને લાગ્યું કે એ કંઈક વિચારી રહ્યો છે. કેટલાક દિવસથી હજામત કરી શકાઈ નથી.

દાઢી ફણગાઈ ઊઠી છે. પરંતુ વિષાદ ફણગાઈ ઊઠ્યો છે એમ કહી નહીં શકાય. એના ચિત્તમાં વિષાદને ઝીલી શકે એવું કોઈ કેન્દ્ર સક્રિય નથી. પોતાને નહીંવત્ માનીને જે કંઈ છે તેની શરણાગતિ એણે સ્વીકારી લીધી છે.

અમૃતા આવીને ગઈ તે પછી એને પોતાના સંવેદનની ચકાસણી કરવાનું મન થયું. નિષ્ક્રિયતાનું સાતત્ય ઉવેખીને કશીક ક્રિયાત્મકતા અનુભવવાની ઘણા દિવસ પછી આજે લાલસા જાગી. લોપી દીધેલી ભેદરેખા જાગી અને એણે ડાબા હાથના કાંડા પરથી એક વાળ પકડીને ખેંચ્યો. એ મૂળ સાથે બહાર નીકળી આવ્યો. બીજો વાળ ખેંચ્યો.

અમૃતા આવી.

'આ શું કરે છે ?'

'મને થયું કે આમ સદંતર નિષ્ક્રિય થઈને સમયમાં ભળી જાઉં એ વસ્તુ મારા ઉપદ્રવી સ્વભાવને અનુરૂપ નથી. મારે કંઈક કરવું જોઈએ. સાહજિકતાનું ઉલ્લંઘન કરવું જોઈએ. કાયમી થઈ ગયેલા દર્દથી ટેવાઈ ગયો છું. બાલ ખેંચવાથી જુદા જ પ્રકારનું દર્દ અનુભવું છું. મારાં બે મુખ્ય દર્દથી આ ઘણું નાનું તેથી નગણ્ય છતાં ભિન્ન પ્રકારનું છે. અજાણ્યું છે. તેથી હું એનો અનુભવ કરી શકું છું. અજાણ્યાને મળવાથી આનંદ થાય છે.'

'મારી એક વાત માનીશ ?'

'તારું શું નથી માન્યું ? કહે.'

'મારાથી એક પણ વધુ દિવસ હવે અહીં રહી શકાય તેમ નથી. તને આ સ્થિતિમાં જોઈ રહેવાની મારામાં સહનશક્તિ નથી. ચાલ, આપણે મુંબઈ જઈએ.'

'મુંબઈ બહુ દૂર છે. અમૃતા, આપણો દેશ એવડો મોટો છે કે આપણને દૂરનું પણ દૂર નથી લાગતું, નજીક લાગે છે. પણ એક સંવેદનશૂન્ય માણસને તો દૂર હોય તે દૂર જ લાગે, નજીક હોય તે જ નજીક લાગે છે. સંવેદન ન હોય તો પછી એ શેની મદદથી દીર્ઘ અવકાશને સભર કરીને બે બિન્દુઓને સાંધી શકે ?'

'ઉદયન !!'

'તારે મને જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જા. મુંબઈ આવવામાં વાંધો નથી. વતનનો મોહ પણ શા માટે ? માટી બધે સરખી છે. આગ સર્વત્ર વ્યાપેલી છે. તારામાં શક્તિ હોય તો મને મુંબઈ સુધી પહોંચાડ. પણ પછી ત્રિશંકુની જેમ વચ્ચે જ...'

ઉદયનના હોઠ પર વ્યક્ત થવા મથતું સ્મિત નિષ્ફળ ગયું.

'કેમ આમ જડવત્ ઊભી છે ? જો, મારી ચામડી પર કેવા ભિન્ન ભિન્ન આકાર અને રંગ ઊપસવા લાગ્યા છે ? તારા વિધાતાની સૃષ્ટિ સાચે જ અદ્‌ભુત છે, અમૃતા !'

અમૃતા ઊભી રહી ન શકી. બે હાથે મોં દાબીને ખાટલાની ઈસ પર ઢળી પડી. ઉદયને શક્તિ એકઠી કરીને પગ ખેંચી લીધા. ડૂસકાં લીધા વિના રડતાં ટેવાઈ ગઈ હતી. પરંતુ આજે એ આઘાત પર કાબૂ રાખી શકી નહીં. ડૂસકાં સાંભળીને જાગી આવતો આ અવાવરા ઘરનો સૂનકાર એને ભયાવહ લાગતો, પણ આજે એ બધું જ ભૂલી ગઈ. ભલે ને શાપિત સૃષ્ટિનો સકળ ભેંકાર આવીને એને વીંટળાઈ વળે, એને ભાન રહ્યું નહીં.

'બસ ? આ જ તારો અંતિમ ઉપાય છે ? ચાલ, માની જાઉં છું.'

'સાચે જ ?'

'હા, તારી ઇચ્છા છે તો થોડી વધુ દવા ખાઈશ, જા. પહેલાં પણ તું જેમને બે વાર બોલાવી લાવી છે એ ડૉકટરને બોલાવી લાવ. એમને પોતાના વિષયનું થોડું પણ જ્ઞાન હશે તો હું માનું છું કે મને અહીંથી લઈ જવાની એમને જરૂર નહીં લાગે.'

'તારે હવે બોલવાનું નથી.'

'તારા જેવી અનુભવરહિત કન્યાને સંબોધીને બોલવું પણ બેકાર છે. તેં કદી કોઈ મરતા માણસને જોયો છે ?'

'મને માત્ર જીવનનો જ અનુભવ છે.'

‘એ પૂરતું નથી અમૃતા, જરા ધ્યાનથી જો, You are facing my death.’

‘I knew it since long and my faith will turn it into life.’

‘Being your friend, I must give you advance consolatation.’

‘તમારો તાર છે.’ પોસ્ટમૅનનો અવાજ.

અમૃતા તાર લઈ આવી.

‘સુંદર સમાચાર. જાપાન જવાનું છે. પોતાના ખર્ચે એ બોલાવે છે. પ્રવાસની વ્યવસ્થા માટે મથી રહ્યો છું. ઉદયન પ્રસન્ન હશે. અનિકેતનાં પ્રણામ.’

એણે ઉદયનને તાર સંભળાવ્યો અને નીચે જોયા વિના ઉત્સાહથી ચાલી.

‘જોજે, તારો પગ સાચવ. પેલી કાચની કણી પડી છે. ઉપાડીને ફેંકી દે. હવે મારે એના તરફ જોઈ રહેવું નથી.’

‘અમૃતાને કાચની એકાદ કણી વાગે તેની ચિંતા ન થઈ. એણે ઉંબરા પર ખાલી પડી રહેલું પીંજરું પણ એમ જ રહેવા દીધું. હતી તેવા જ વેશે જીપ માટે કહી આવી. અને ડૉકટરને બોલાવી લાવી. ડૉકટરે તપાસ કરી. દરદીને જલદી કોઈ સારી હૉસ્પિટલમાં ખસેડવામાં એમણે સાથ પુરાવ્યો. એ પણ અમદાવાદ આવવા તૈયાર થયા.

ઘર ખાલી કરતાં વાર ન થઈ.

ઉદયને જીપમાં બેઠા પછી એક વાર ઘરનાં નેવાં ભણી જોઈ લીધું. મોભ લગી પહોંચાડી શકે એટલી નજરને ઊંચકી શક્યો નહીં.

જીપ ઊપડી. એ બેઠો રહી શકશે નહીં. અમૃતાએ જોયું. એણે ગામની ભાગોળે જીપ ઊભી રખાવી. બેડિંગ ખોલીને, ઓશીકું મૂકી આપ્યું અને એને ચાદર ઓઢાડી.

‘હવે આંખો પાછળ તરફ રહેશે, બરોબર છે. તું સુજ્ઞ છે.’ ડ્રાઈવર સાચવીને જીપ ચલાવતો હતો. છતાં અમૃતા સૂચના આપ્યા વિના રહી શકી નહીં.

ઉદયનને યાદ આવ્યું. બાળપણમાં એ કુતૂહલભરી આંખે જોઈ રહેતો : ડાઘુઓ ભાગોળે આવીને નનામીનું મુખ બદલતા.

કશીય મમતા ન રહી જાય.

હું કેટલો ભાગ્યશાળી છું! સગી આંખે મારી નનામીને પસાર થતી જોઈ રહ્યો છું. પણ જેણે જોવું જોઈએ તેની હજી તૈયારી નથી !

ડાબી તરફની સીટ પર અમૃતા બેઠી છે. સૂર્ય એની બાજુ છે. એની છાયા કાચમાંથી આવતા પ્રકાશને કારણે ઉદયન તરફ ઢળેલી છે. પણ છેક સુધી પહોંચી શકતી નથી.

જીપ ધ્રૂજે છે. ડ્રાઈવર પાસેની સીટ પર બેઠેલા ડૉક્ટર પૂછે છે. ડ્રાઈવર કહે છે : Vibration થાય છે. ત્રીસેક માઈલથી ઝડપ વધી જાય છે પછી આ ધ્રુજારી બંધ થઈ જાય છે. વળાંક આગળ ગતિ ધીમી કરવી પડે છે તેથી Vibration શરૂ થઈ જાય છે.

ચઢાણ-ઉતરાણ, આંચકા, થડકા અને પેલી ધ્રુજારી વખતે કોઈક વાર તો ઉદયનને જોઈને અમૃતાનું હૃદય જાળમાં સપડાઈને ખેંચાતી માછલીની જેમ અધ્ધર થઈ જાય છે.

ઉદયન પાસેના કાચની બારી બહારની પ્રકૃતિ પર તાપ છવાઈ રહ્યો છે. કોઈ ઘટાદાર વૃક્ષ, કોઈ ડુંગરો, મુખ્ય રસ્તા તરફ વહી આવતી કોઈ કેડી, કોઈ ખેતરને શેઢે ઊભેલા બળદ, તળાવમાં બેઠેલી ભેંશો, સડકની નજીક ચરતું કોઈ ગધેડું, આકાશમાં ઊડી જતું કબૂતરોનું ટોળું... જે કંઈ દેખાય છે, પલકવારમાં પાછળ પડી જાય છે. આખું દૃશ્ય એક ટપકું બનીને એની કીકીમાં ક્ષણ સુધી ટકી રહે છે અને પછી આંખોની અચંચળ સફેદીમાં ફેલાઈ જાય છે. એક આકાશ જ એવું છે જે ટપકું બનીને આંખમાં સમાઈ જતું નથી. એ દૂરનું દૂર રહે છે.

આકાશ આજે નિરભ્ર છે, રિક્ત છે. એની રિક્તતા ઉષ્ણ છે. કોઈક વાર સૂર્યનાં કિરણો કાચમાંથી પસાર થઈને ઉદયનના શરીર પર ઓઢાડેલી ચાદર પર ચમકતું

ધાબું પાડે છે, ઉદયનને નથી ગમતું. પણ એ અણગમો વ્યક્ત થતો નથી. તેથી અમૃતા અણજાણ રહી જાય છે. સ્વયંસૂઝથી જ કોઈવાર કિરણની ગરમીને એ પોતાના ખભા પર ઝીલી લે છે. પણ રસ્તાની દિશા વારંવાર વળ ખાતી રહે છે. વળાંક આવે છે તેવી જ જીપમાં ધ્રુજારી આવી જાય છે.

ઉદયન અમૃતા સામે જુએ છે. પોતાનું સ્થાન છોડીને એ ઉદયનની સીટ પાસે પડેલા વ્હીલ પર બેસી જાય છે. હમણાં તડકાનું ધાબું પડતું હતું તે ગમતું ન હતું. હવે એ તડકાને રોકતી અમૃતાની છાયા પડે છે. એ પણ એને પસંદ નથી. તડકો કે છાયા કશુંય એનાથી સહન થતું નથી.

જીપમાંથી નીચે ઊતરીને તલાવડીને તીરે વડની છાયામાં બેસવાનું મન થાય છે. એમ કરી શકાય તેમ નથી. એટલું જ નહીં એમ કરવાની ઇચ્છા પણ પ્રગટ કરી શકાય તેમ નથી. અમૃતા માની બેસશે કે હું એની સામે વિઘ્ન ઊભાં કરી રહ્યો છું.

દહેગામ પહોંચતાં અમૃતાને લાગ્યું કે હવે તો છેક પહોંચી જવાયું. એણે ડ્રાઈવરને થોડીક સૂચનાઓ આપી. ડૉક્ટરે હૉસ્પિટલમાં જગા મેળવી આપવામાં મદદ કરી.

ત્રીજા મજલે નવા સ્પેશિયલ રૂમમાં ઉદયનને પહોંચાડવામાં આવ્યો. પોતાનું શરીર બીજા ઉપાડી લે તે એને અજીબ લાગ્યું.

સારવાર શરૂ થઈ. કપડાં બદલાવવામાં આવ્યાં. નર્સે કપડાં ધોબીને ન સોંપતાં ડૉક્ટરને જોવા માટે રાખી મૂક્યાં.

ઉદયને પાણી માગ્યું, અમૃતાએ લાવી આપ્યું.

'જીપમાં બહુ મુશ્કેલી પડી, હવે તો આરામ થયો હશે.'

'થાકનો અનુભવ થઈ શકતો હોય તો પછી આરામનો પણ અનુભવ થાય ને !'

આગળ બોલવાનું સૂઝયું નહીં. સમય થતાં ડૉક્ટરો આવ્યા. તપાસ ચાલી ગયા પછી ઉદયનને કહીને એ ટેલિફોન માટે ગઈ. જોધપુર અને મુંબઈના અર્જન્ટ ફોન માટે એ નંબર આપી આવી. મોટાભાઈ વિમાનમાર્ગે આવી જાય. પૈસા લેતા આવે

અથવા અહીં એમના વેપારી મિત્ર પાસેથી લઈ આપે, અનિકેત જાપાન જવાનું કહે છે. ફોરેન એકસચેઈન્જનું શું? કે એ બધી વ્યવસ્થા કરવામાં એ પડ્યો હશે? કદાચ ઍરનું રિઝર્વેશન મેળવવા પણ પ્રયત્ન કરી રહ્યો હોય. એને પણ ટ્રન્ક કોલ કરી લઉં. એ અમને લેવા ભિલોડા જશે તો બહુ સમય બગડશે.

અમૃતા આવી ત્યારે ઉદયન એની પ્રતીક્ષા કરતો હતો. પાંચેક મિનિટ માટે એ દૂર ગઈ હતી. ઉદયનને અમૃતાની અનુપરિસ્થિતિનું ભાન થયું અને એને લાગ્યું કે પોતે સંવેદનશૂન્ય નથી થઈ ગયો. એણે જોયું કે વારંવાર લૂછવાથી એના નાકની સોનચંપક ત્વચા ગુલાબી બની ગઈ છે. આ સંપન્ન પરિવારની કન્યા, વિચારે અને સંવેદને પણ સંપન્ન કન્યા એવી મારા જેવા એક ખાનાબદોશ માટે બરબાદ થવા તૈયાર થઈ! મારી કૃતક ઉપેક્ષાથી એ હતપ્રભ ન થઈ અને છેવટે એ ક્ષણે એણે મને લાવી મૂક્યો કે મને એની અનુપસ્થિતિ વરતાઈ. મેં એની પ્રતીક્ષા કરી. અને પ્રતીક્ષા કરવી એટલે જીવનની કામના કરવી. મને આનંદ થાય છે કે હું એને બચાવી શક્યો છું કારણ કે એના પ્રેમની મને પ્રતીતિ થઈ છે. અમૃતા!!

એણે હાથ ઊંચો કર્યો. અમૃતા એની નિકટ વહી આવી.

‘હું તને નવાજું છું અમૃતા અભિનંદન. તારો વિજય થયો.’

‘હું શું જોઉં છું? ઉદયનની આંખમાં આંસુ?’

‘સાચે જ? તો તો અભિનંદન મને મળવાં જોઈએ.’

‘મળશે, જરૂર મળશે. તું થોડાક દિવસમાં સાજો થઈને એક પ્રસંગે અનેકનાં અભિનંદનનો અધિકારી થઈશ.’

‘એ તો ઠીક છે. અનિકેતને આવતાં કેટલો સમય થશે?’

‘ટ્રંક કોલ માટે હું નંબર આપી આવી છું.’

‘નંબર જોડાય તો એને કહેજે કે જલદી આવે. હું એની પ્રતીક્ષા કરું છું.’

‘જલદી આવશે. જાપાન જવા માટેનું બુકિંગ મેળવવવામાં રોકાયો લાગે છે.’

'તો એને કહી દેજે કે જાપાન તો મેં જોઈ લીધું છે. આજે જ મારા સ્મરણમાં ત્યાંનાં સઘળાં ચિત્રો તાજાં થયાં છે. હવે ત્યાં જવાની જરૂર નથી.'

'તારા ઉપચારના બહાને અમને જાપાન જોવાનું મળશે. ત્યાંના લોકોનો પરિચય એ બાબતમાં મળે છે કે એમણે લખ્યું — અમારા ખર્ચે મોકલો.'

'મને લાગે છે તેં હમણાં ડૉક્ટરની વાતો સાંભળી નથી.'

'શી ?'

'લ્યુકેમિયા; અને વધુમાં કિડનીનું કામકાજ બંધ !'

અમૃતાના માન્યામાં ન આવ્યું. એ મુખ્ય ડૉક્ટરની કેબિન તરફ દોડી ગઈ. ડૉક્ટરે એની સાથે સમભાવપૂર્વક વાતો કરી. એમણે કહ્યું કે કિડની કામ કરતી શરૂ થઈ જાય તો જાપાન લઈ જવાથી બીજી વિકૃતિઓનો ઇલાજ કદાચ થઈ શકે. અમૃતાએ ફરી તપાસ કરવા કહ્યું. ડૉક્ટરો વિરોધ કર્યા વિના ઊભા થયા. એકસરેનું મશીન પણ મંગાવ્યું. અડધો કલાક સુધી તપાસ ચાલી.

અમૃતાને થયું કે ઉદયનની દાઢી વધી ગઈ છે હજામત થાય તો એનો ચહેરો ફ્રેશ લાગે. ગમગીની ભૂંસાઈ જાય.

ડૉક્ટરે ઈન્જેક્શન લખી આપ્યાં. આ પહેલાંનાં ઈન્જેક્શન હૉસ્પિટલમાંથી આપવામાં આવ્યાં હતાં તે પણ મંગાવ્યાં. પર્સ લઈને અમૃતા બજારમાં જવા તૈયાર થઈ. ત્યાં ભિલોડાના ડૉક્ટર આવ્યા. પાછાં વળતાં પહેલાં ઉદયનના સમાચાર જાણતા જવાની ઇચ્છા થઈ હતી. એમણે અમૃતાને સાથ આપ્યો. સેલાઈન સેટ ગોઠવવામાં આવ્યો. એમાં ઈન્જેક્શન નાંખવામાં આવ્યાં. ઉદયનને શુભેચ્છા આપીને એમણે અમૃતાની રજા લીધી.

રાતના દસ વાગ્યે એણે જાણ્યું કે જોધપુરમાં ફોન ઉપાડનાર કોઈ નથી. મુંબઈનો ફોન વહેલો જોડાઈ ગયો હતો. મોટાભાઈ ઘેર આવે કે તુરત એમને અમદાવાદ મોકલવામાં આવશે એવો ભાભીએ દિલાસો આપ્યો હતો.

ડૉકટર છેલ્લી વિઝિટે આવ્યા ત્યારે અમૃતા એમને પહેલાં પૂછ્યાા હતા તે જ પ્રશ્નો પૂછી બેઠી. ડૉકટર આડ વાત કરતા હોય તેમ બોલ્યા — કોઈ વાર કિડની જાતે જ ચાલુ થઈ જાય છે. ઈશ્વર એમને બચાવી લે એવી મારી પ્રર્થના છે.

અમૃતાએ ઈન્જેકશન માટે પૂછ્યું. શહેરમાંથી એમના મિત્ર ડૉકટરોને બોલાવીને પૂછવાનું હોય તો ફી ગમે તેટલી આપી શકાશે એ પણ એણે કહ્યું.

ડૉકટરે લોહીની તપાસનો રિપોર્ટ વાંચ્યો. એ અંગે કશું બોલ્યા નહીં. એમણે ઉદયનને બીજી વાર એક પ્રશ્ન પૂછયો.

'છેલ્લી વાર કયારે પેશાબ થયેલો ?'

'સવારે એ માટે હું બેઠો હતો.'

'કેટલો પેશાબ થયો હશે ?'

'થયો હતો કે નહીં એ મને યાદ નથી. ઘણા દિવસથી એ આખું ખાતું અનિયમિત થઈ ગયું છે તેથી હું એના તરફ બેધ્યાન થઈ ગયો છું.'

ડૉકટર આ દરદી સામે જોઈ જ રહ્યા. એમણે કેસ-રિપોર્ટમાં લખેલી જન્મતારીખ જોઈ.

'હું તમારા માટે ઈશ્વરને પ્રર્થના કરું છું.'

'પણ મારે ઈશ્વર છે કે નહીં તેની મને ખબર નથી. છતાં સંભવ છે પ્રર્થનાના પ્રભાવથી ઈશ્વરનો જન્મ થાય. આભાર ડૉકટર, તમારા પ્રેમ માટે આભાર. સવારે આપણે જરૂર મળીશું.'

નર્સ પાસે ડૉકટરે બ્લડપ્રેશર માપવાનું યંત્ર માગ્યું.

નોંધ કરી. અમૃતાને બીજાં ઈન્જેકશન લખી આપ્યાં. ગયા. બે મિનિટમાં પાછા આવ્યા. એમને ખ્યાલ આવ્યો કે આ યુવતી એકલી છે. અત્યારે ખુલ્લી રહેતી દવાની દુકાન દૂર છે. એમણે અમૃતાને કહ્યું કે હું માણસને મોકલું છું. એ લઈ આવશે. તમે અહીં જ રોકાઓ. હું રાત્રે બે વાગ્યે આવી જઈશ.

ડૉક્ટર ગયા.

અમૃતા ઊભી છે. એનું મુખ નમી ગયું છે. સેલાઈન સેટની ટ્યુબમાંથી ઔષધ ટપકી રહ્યું છે.

ઉદયને સંકેતથી ખુરશી બતાવી.

અમૃતા બેઠી. પચ્ચીસ વર્ષનો થાક એકસામટો એની ચેતનાને આવરી રહ્યો.

'અમૃતા !'

ઉદયનના સ્ફીત અવાજમાં પણ એને પોતાનો થાક વરતાયો. એ ઊભી થઈને એની પાસે ગઈ.

'તારી પાસે કાગળ હશે.'

'ડાયરી છે.'

'લાવ.'

અમૃતાએ ડાયરી શોધી કાઢી.

'હું શું કરું ? તારા હાથમાં જ રાખ. પેલી ખુરશીને મારી નજીક ખેંચી લાવીને બેસ. હવે તારે મારી સાવ નજીક રહેવું પડશે કારણ કે તું સાંભળી શકે એટલા જ અવાજથી હું બોલી શકીશ. બે વાક્ય બોલતાં મને શ્વાસ ચડી આવે છે. એ અંગે કશું લખતી નહીં. ઉચ્ચારણ અસ્પષ્ટ રહી જાય તોપણ મને વિશ્વાસ છે કે તું એને શુદ્ધરૂપે લખી શકીશ. તારી સમજમાં મને શ્રદ્ધા છે. તો ચાલ, લખ.'

'પણ... તારે આરામ કરવાનો છે.'

'પછી આરામ કરીશ. અને જે લખાવું છું તે પણ આરામ માટે જ છે.'

'શું લખાવવું છે ?'

'વસિયતનામું.'

અજ્ઞાત ભવિષ્યનો ભાર એના માથે તોળાઈ રહ્યો. એ કેવળ ભાર ન હતો. એમાં ભવિષ્યહીનતાનું ભાન પણ હતું.

એણે શૂન્ય દષ્ટિએ પેન ખોલી. લખવાનું શરૂ કર્યું —

'હું એકરાર કરું છું કે હું મારા સમયને જીવ્યો છું. એ બાબતે મને કશો અસંતોષ નથી. કારણ કે હું અસંતોષને જીવ્યો છું. હું મારા યુગથી કદી વિખૂટો પડ્યો નથી. એણે મને સંપૂર્ણ સાથ આપ્યો છે.'

ક્ષણ વાર આરામ કરીને એ આગળ બોલ્યો—

'પ્રત્યક્ષ વિશ્વમાં માનનારો હતો. પરંતુ હું આંખો બંધ કરતાં શીખ્યો તે પછી મેં અનેક વિશ્વ જોયાં. મારા દશ્યમાન વિશ્વનો વિસ્તાર થયો. જે પ્રસંગોને હું અન્યાયકર્તા માનતો હતો તે મારા સ્મરણપટ પર કાળાં ટપકાં બનીને અંકિત થઈ ગયા હતા. એક અન્ય હયાતીની સંનિધિમાં એ કાળાં ટપકાં ઓગળી ગયાં છે... જે પ્રત્યક્ષ જગતને હું સમક્ષ રાખીને ચાલતો હતો તે બે વાર બદલાયું. એટલે કે પ્રત્યક્ષ જગતનો મારો વિભાવ બે વાર બદલાયો છે. જે બદલાય છે તે જગત નહીં પણ મારો વિભાવ હોય તો જગતે મને અન્યાય કર્યો છે એ પણ હકીકત નહીં, મારો વિભાવ છે. આખરે મારા મિત્રની વાત સાચી નીકળી. જેની વાત સાચી નીકળી તે મારો મિત્ર છે એ બાબત મારા માટે ઓછી મગરૂરીની નથી. એણે કહ્યું હતું કે સાચું વિશ્વ તો મારી અંદર વસે છે. જે બહાર દેખાય છે તે તો વાસ્તવમાં પેલા અંતર્નિહિતનું મૂર્ત કલ્પન છે. આજે હું પ્રત્યક્ષ થનારનો નહીં પણ દષ્ટિનો ભરોસો કરું છું.'

નર્સ આવી. એણે સેલાઈન સેટ તરફ નજર કરી. ઉદયનના માથે હાથ મૂક્યો અને ચાલી ગઈ.

'યંત્રો સામે ઘણા બળાપા કાઢતો રહ્યો છું. આજે હું જોઉં છું કે યંત્રો મારો ઉપચાર કરી રહ્યાં છે. મારી સામે જે લટકે છે તે પણ મને બચાવવા માટે છે. યંત્રો નિર્દોષ છે. એમણે પોતાની આગવી કોઈ સંસ્કૃતિ રચી નથી. જે કંઈ રચાયું છે તે મારું — માણસનું કામ છે. જો હું પોતાને સાચવી શકું તો યંત્રો કે એમના નામે આરોપાયેલી સંસ્કૃતિ મને શું કરી શકવાની હતી ?

હું માનતો હતો કે ઈશ્વર નથી. કોણ જાણે કેમ આ ઈશ્વર હમણાં હમણાં મને વારંવાર યાદ આવે છે. હું એને નકારતો રહ્યો તેમ એ મારી વધુ ને વધુ નિકટ

આવતો ગયો. છેવટે અમૃતાની ઓઠે આવ્યો. આજે ઈશ્વર અંગેની મારી સમગ્ર માન્યતાઓને હું જૂની જાહેર કરું છું, એમના વિશે હું સાશંક છું. ઈશ્વરના અસ્તિત્વ વિશે મારા અગ્રજો સાશંક થયા હતા. એમણે કહી પણ દીધું કે ઇશ્વર નથી. મને એમનો વારસો મળ્યો. મને લાગે છે કે ઇશ્વર નથી એવી ધારણા પરત્વે સાશંક થવાનો સમય હવે આવી ગયો છે.

પરમાણુની પ્રક્રિયાને સમજવા જતાં મને પ્રશ્ન થયો. આ ગતિ કોની? આ સચેતનતાનું રહસ્ય શું? આ એક ભૌતિક ઘટના છે એવો ઉત્તર મેળવવા હું ગયો. પણ તેથી સંતોષ ન થયો. બુદ્ધિ અને તર્ક મને સંતોષી ન શક્યાં. પોતાની ઈન્દ્રિયોથી અનુભવી ન શકાય એવું પણ અહીં ઘણું હશે, હશે જ. એ ન ભોગવેલી સંપત્તિનો વારસો આપ સહુ માટે હું ખુલ્લો મૂકતો જાઉં છું.'

ઉદયન ખમચાયો. અમૃતાએ એની સામે જોયું. હજી પૂરું નથી થયું એ સૂચવવા સ્મિત પ્રગટ કરવા મથ્યો. અમૃતાને એ દેખાયું નથી તે જોઈને આગળ બોલ્યો—

'પ્રેમ નથી એવું મેં કહ્યું હતું જ્યારે મને લાગ્યું કે અમૃતા નથી, એનું નિજત્વવાળું કોઈ અસ્તિત્વ નથી, તેથી એ સંખ્યાતીત માણસોની જેમ અનસ્તિત્વ ભોગવે છે. એવું માનવામાં હું મારા પોતાના અસ્તિત્વથી જ દૂર હતો. જાગૃતિમાં ન હતો, ભ્રમવશ હતો. હું જેને "પ્રેમ" કહેતો હતો તે પ્રેમ ન હતો, પ્રેમનો ભ્રમ હતો. પ્રેમના ભ્રમમાં પણ પ્રેમનો આંશિક સ્વીકાર છે. કદાચ પ્રેમનો સમગ્રતયા સ્વીકાર કરવો દોહ્યાલો છે. એ તો કોઈક અનિકેત કે કોઈ અમૃતાથી જ થઈ શકે. મારા જેવાને તિવાચક બની ગયેલા માણસનું એ કામ નહીં. પરંતુ જેમ સફળતાનો અનુભવ હોય છે તેમ નિષ્ફળતાનો પણ અનુભવ હોય છે. કદાચ એ વધુ નિબિડ હોય છે. એ આધારે કહી શકું છું પ્રેમના અભાવ કરતાં પ્રેમનો ભ્રમ સારો. કારણ કે ભ્રમ એ નકાર નથી. ભ્રમ હતો. તેથી જ તો હું પ્રેમ સુધી પહોંચ્યો.'

અમૃતાના હૃદયમાં શેષ અભિલાષા જાગી — ઉષા બનીને એની આંખોમાં ઊગી આવું અને એના ચિત્તને અરુણ આલોકથી ભરી દઉં. એનાં અંગોના અણુ અણુને

અભિનવ તેજથી છલકાવી દઉં... મારું સ્વાસ્થ્ય એને આપી શકી હોત તો... કદાચ સાધના ઓછી પડી...

'આજે મને કશાયની સામે ઇતરાજી નથી. પરંતુ આભાર તો હું બે વ્યક્તિઓનો જ માનીશ. એક અનિકેતનો જેણે મને સમજવા પ્રયત્ન કર્યો. હું એને મિત્ર કહીશ. બીજો આભાર અમૃતાનો, જેને કારણે હું પોતાને સમજવા મથ્યો, જેણે મારી સકળ ઇતરાજીઓને પોતાની અતુલ સહનશીલતા દ્વારા વિલીન કરી. ઉપેક્ષા દૂર કરીને એણે મારામાં અપેક્ષા જન્માવી. એની ઉપસ્થિતિમાં મને અનનુભૂત જાગૃતિ પ્રપ્ત થઈ. અને તેથી જ મરણના શરણે જઈને જિન્દગી સામેનો છેલ્લો વિદ્રોહ કરી લેવાની કામના શમી ગઈ. મારે આ બધું કહેવું પડે છે તે એક વિવશતા છે. સમય મળ્યો હોત તો જીવી બતાવત. પરંતુ હવે જીવી બતાવવાનો અસંતોષ પણ શા માટે ? અમૃતાના સમુદાર સાન્નિધ્યમાં હું એક સંપૂર્ણ જિન્દગી જીવ્યો છું. હું એને શું કહું ? મિત્ર? ના. કારણ કે મને અભિપ્રેત છે તે અર્થની સંપૂર્ણતા એ શબ્દમાં વ્યક્ત નહીં થાય. હું એને અમૃતા કહીશ... અમૃતા !

'મૃત્યુ પછી કોઈ પણ રીતે ટકી રહેવામાં મને રસ નથી. રસ હોય તો એ ઉચિત પણ નથી. મૃત્યુ સાથે મારું દાયિત્વ પૂરું થાય છે. તેમ છતાં મારું આ શરીર, જેને ત્યારે સહુ શબ કહેશે તે તબીબી વિદ્યાના વિદ્યાર્થીઓને ખપ લાગે તેમ હોય તો ભલે તેમ થાય. અગ્નિદાહ દ્વારા પંચભૂતોમાં ભળી જઈને મહાશૂન્યમાં એકરૂપ થઈ જવું મારા માટે આવશ્યક નથી. વળી, મૃત શરીરના કેટલાક અવયવો પ્રદર્શનમાં મુકાશે તો તે સામે પણ મને વાંધો નથી. તે સમયે રોગગ્રસ્ત માણસ પર દયા ખાતા દર્શકોને જોઈને અકળાવા માટે હું નહીં હોઉં. આજ પહેલાં મારી અકળામણ ક્ષીણ થઈ ગઈ છે.

'મેં જે કંઈ લખ્યું છે તે પ્રગટ થતાં સર્વ જનોનું થઈ ગયું છે. તેથી મારા કોઈ લખાણને રદ કરી શકવા હવે હું અસમર્થ છું. અને એને રદ કરવાનો મોહ પણ શા માટે? પરંતુ હા, એ લખાણોને એકઠાં કરીને, એમને સજાવી મારું સ્મારક

બનાવવાનો પ્રયત્ન ન થાય તે જોવું. કીર્તિ દ્વારા અમર થઈને કોઈના સ્મરણનો બોજો બનાવા હું ઇચ્છતો નથી. એ અંગે વધુ સ્પષ્ટ થાઉં—

રેડિયો-એકિટવનો ભોગ બનીને હું બીજા વિશ્વયુદ્ધના અંતને જીવ્યો છું. હીરોશીમા જેનું ભોગ બન્યું તે તો કદાચ યુદ્ધ પણ ન હતું, કપટ હતું. ત્યાંના લક્ષાતીત માણસો આજે પણ એ કપટનું પરિણામ ભોગવે છે. રુગ્ણ થયા પછી હું એ અણજાણ અને અણદીઠ બાંધવો સાથે એકાત્મતા અનુભવી શક્યો છું. એટલા બધા માણસો સાથે હું આત્મીયતા અનુભવી શક્યો તેથી મને જીવનની સમગ્રતા પ્રપ્ત થઈ છે.

'જે લોકો માનવજાતિના ઇતિહાસમાં હારેલા ઓળખાય છે, જેમના વિનાશની વાતો જોવા મળે છે, તેમના સુધી પણ હું હીરોશીમાના અનુભવ પછી વિસ્તર્યો છું. આજે પણ આ પરમાણુ-વિસ્ફોટના પ્રયોગો ચાલી રહ્યા છે. એ દાયિત્વહીન વિસ્ફોટને પરિણામે ઊંચા આકાશમાં રચાતાં સ્થિર અશ્લીલ વાદળોને જોઈને કવિતા લખીને તિરસ્કાર વ્યક્ત કરતા, રૂઢિચુસ્તો દ્વારા અસામાજિક અને બેવકૂફ કહેવાતા એ કવિઓને મેં પુરસ્કાર્યા છે. હું એમના આક્રોશને જાણું છું. પરંતુ બીમાર પડ્યા પછી મેં યુદ્ધખોર કહેવાતા કોઈ પર કડવા અને તીખા વ્યંગ કર્યા નથી. હું કોઈને નિબિડભાવે તિરસ્કારી શક્યો નથી. મેં જોયું કે સમય અનંત છે. અને સમય એ જ ભવિષ્ય છે. ચિરંતન સમયના સંદર્ભમાં જેમને ઘણી મોટી માની હતી તે ઘટનાઓ સાવ નાની વરતાઈ છે. માણસ ભવિષ્યમાં માનતો થાય તો ભવિષ્ય એટલું બધું મોટું છે કે બીજું કંઈ એને સંતાપી ન શકે. હું જેમને તિરસ્કારતો હતો તેમનામાં અને મારામાં ઘણું મળતાપણું હતું. એ પણ માણસો જ હતા. માણસ માણસ સાથેનો સંબંધ ઉદ્વેગરહિત થઈને સમજવો જ રહ્યો. એમ કરી શકનાર એકલો નહીં રહે. જે માણસ પોતાને એકલો માને છે તેના ભીતરમાં પણ ઓછામાં ઓછું એક વિશ્વ તો વસે છે જે.'

રાતના પોણા બે વાગ્યા છે. અમૃતાએ ડાયરી બંધ કરી. ઠેકાણે મૂકી. એણે હિંમત એકઠી કરીને ઉદયનને કહેવા વિચાર્યું કે તારું આ 'સરવૈયું' તારી આત્મકથાની

ભૂમિકારૂપે મૂકી શકાશે. તારે તો બહુ લાંબું આયુષ્ય ભોગવવાનું છે, તું જે જીવ્યો છે એ તો એની ભૂમિકા જેવું કહેવાય.

ઉદયનને કહેવા એના હોઠ ખૂલે છે ત્યાં એનો રહ્યો સહ્યો ભ્રમ પણ તૂટી ગયો. ઝડપથી ચાલતા શ્વાસને કારણે એનું મોં ખૂલી ગયું હતું. એ હાંફતો હતો. પાંચેક મિનિટના પ્રયત્ન પછી બળ એકઠું કરીને એ બોલ્યો—

'મને લાગે છે કે આ બધું મેં તારા માટે અને અનિકેત માટે લખાવ્યું છે. આપણે અનેક બાબતોની ચર્ચા કરતાં રહ્યાં છીએ. અને મોટે ભાગે ચર્ચાને અધૂરી મૂકીને ઊઠી ગયાં છીએ. મને થયું કે આજે હું મારી તમામ અધૂરી ચર્ચાઓને સમેટી લઉં. આમ કરવાનું એક બીજું પણ કારણ છે. બાળપણથી માંડીને ગઈ કાલ સુધીનાં અનેક સ્મરણો હલ્લો લઈને આવી રહ્યાં હતાં. અને સતાવવા લાગી જતાં હતાં. તને લખાવવામાં ધ્યાન પરોવીને મેં એમની સામે કિલ્લેબંધી કરી છે. અને છતાંય કેટલાંક તો કાંગરા ઓળંગીને વચ્ચે આવી પડયાં છે. મારો વિચારપ્રવાહ વિક્ષુબ્ધ થઈ ઊઠ્યો હશે. તે ઉપરાંત કાગળ પર ઠેર ઠેર તારાં આંસુથી ભીંજાઈને મારા શબ્દો અને તારા અક્ષર ફેલાઈ ગયા હશે. અનિકેતને વાંચવામાં મુશ્કેલી પડે તો મારા વતી તું એ શબ્દને ઓળખી બતાવજે. બનતાં સુધી તો એ આવે ત્યાં સુધી હું હોઈશ..પણ પેલો પ્રશ્ન, તારો પ્રશ્ન...'

ડૉક્ટર આવ્યા. એમણે ઉદયનના માથે હાથ મૂક્યો. સેલાઈન સેટની સોય મૂકવામાં આવી હતી ત્યાં લાલ ઘેરા ડાઘ પડી ગયા હતા. એમણે નર્સને સોય પગમાં મૂકવાની સલાહ આપી. લોહીનું દબાણ માપ્યું. નાડીનો ધબકાર માપ્યો. એ અંગે કશું બોલ્યા વિના, કદાચ કશુંય વિચાર્યા વિના જ એ ચાલ્યા ગયા.

ઉદયનના શ્વાસ ટૂંકા અને ટૂંકા થતા જાય છે. બબ્બે મિનિટે ચહેરો સ્થિતિ બદલે છે.

અનિકેતને કહેજે કે...

અવાજ આગળ નીકળ્યો નહીં. અવાજ અવાજ ન રહેતાં શ્વાસ બની ગયો હતો. શ્વાસ અને ઉચ્છ્વાસ વચ્ચે કોઈ યતિ ન હતો. વેગથી ચાલતા ચક્રના આરા જેમ

જુદા દેખાતા નથી, જેમ પંખાના પંજા ગતિ મળતાં જુદા દેખાતા નથી, તેવું જ એના શ્વાસોચ્છ્‌વાસ વિશે.

ઉદયન જાણી ગયો કે પોતાને હવે સ્વર નથી. છતાં આખું ભીતર એક વાક્ય કહેવા ઊમટી રહ્યું છે, એક વાક્ય, બસ એક વાક્ય...

અનિકેત અહીં હોત તો એને સંકેતથી સમજાવી શકત. અને એક સંકેત ત્રીજા માણસ સુધી તો કેવી રીતે પહોંચી શકે, જે હાજર નથી તેને કંઈ પહોંચાડવું હોય તો ભાષા જોઈએ.

નર્સ આવી. લોહીનું દબાણ માપી ગઈ... પેલો પ્રશ્ન...

અનિકેતને કહેજે કે... શું?... અમૃતા એ વાક્યના ઉત્તરાર્ધમાં શબ્દો ગોઠવવા લાગી. પણ શબ્દોના આંકડા મળતા ન હતા.

દૂરના દાદર પર ઝડપથી ચડતાં પગલાંનો અવાજ સંભળાયો. અનિકેત હશે? ઝડપ તો બરોબર પણ આ અવાજ... છતાં એણે બારણા બહાર જઈને જોયું.

છાપાંવાળો.

‘છાપું જોતા જોતા ડૉક્ટર આવ્યા. એમાં ઉદયનના સમાચાર છપાયા હતા. જાણીતા વાર્તાકાર, વિદ્વાન અને પત્રકાર... બીમારીના સમાચાર. ઈશ્વર એમને દીર્ઘાયુષ્ય બક્ષે...

ડૉક્ટરે છાપું અમૃતાને આપ્યું અને બ્લડ-પ્રેશર માપ્યું. એમણે નોંધમાં જોયું. પહેલી નોંધમાં લખેલો આંકડો ઉત્તરોત્તર ઘટી રહ્યો હતો. પણ આ કક્ષાએ આંકડો ઘટી જાય અને દર્દી જીવે એ તબીબીવિદ્યાના નિયમોથી સાવ ઊલટું હતું. પ્રત્યક્ષ જોવા ન મળ્યું હોત તો આ દૃષ્ટાંત એમના માન્યામાં ન આવત. સાઠ, પંચાવન, ચાલીસ... આ શું ?

શરીર ખૂબ ઠંડું પડી ગયું છે. લોહીમાંથી ઝેરને જુદું પાડવાની ક્રિયા હવે ચાલુ ન થઈ શકે. ડૉક્ટર પાછા વળ્યા. બે વૃદ્ધ સાહિત્યકારો સામા મળ્યા. ડૉક્ટરે એમને

ગુડમોર્નિંગ પાઠવી. એમની સાથે ડૉક્ટર પાછા આવ્યા. ઉદયને એમને પ્રણામ કરવાનો પ્રયત્ન કર્યો.

બંને વૃદ્ધો ભગ્ન ગતિએ પાછા વળ્યા અને બારણા બહાર જઈને ઊભા રહ્યા. એમના હાથમાં લટકતી નેતરની સોટીઓ સ્થિર હતી... પેલો... પ્રશ્ન...

દાદર પર દઢ પગલાંનો નક્કર અવાજ...

એ ભિલોડા પહોંચ્યો ત્યારે પ્રભાત થઈ ગયું હતું. ઉદયનનું ઘર શોધતાં વાર થઈ ન હતી. ખડકી ખુલ્લી હતી. બધાં બારણાં ખુલ્લાં હતાં. એ દાદર પર ચડી ગયો હતો. ઉંબરા પર ઊંધા પડેલા પીંજરામાં એક ઉંદર દોડાદોડ કરી રહ્યો હતો... અનિકેત પાછો વળી ગયો હતો. ગામની ફરતે વિશ્રાન્ત ડુંગરાઓ પર છવાયેલો પ્રસન્ન ઉજાસ એને દેખાયો ન હતો. એને જાણવા મળ્યું. 'ગઈ કાલે અમદાવાદ ગયાં.' ગતિનો આંક બતાવતું મીટર તૂટી જશે તો ? એને એવી કોઈ ચિંતા થઈ શકે તેમ ન હતી. ઢોળાવ અને ચઢાણ આવતાં પણ ગતિ ઓછી થતી ન હતી. મોજાની ધાર પર ઊછળતી નાવની જેમ જીપ ચઢાણ ઓળંગી જતી હતી. વળાંક આગળ સડકની સીમાને વ્હીલ ભૂસી નાંખતાં હતાં. આજુબાજુની રમણીય સૃષ્ટિ એને દેખાતી ન હતી. જીપના કાચમાં પણ એનું પ્રતિબિંબ ઝિલાઈ શકે તેમ ન હતું. અનિકેતને માત્ર પોતાની દિશા દેખાતી હતી.

નવા ડૉક્ટર ડ્યુટી પર આવ્યા. નાડી પકડાતી ન હતી. લોહીનું દબાણ ત્રીસ હતું. અમૃતા બારી પાસે ગઈ અને એણે ભીની થવા લાગેલી આંખોને લૂછી નાંખી. અને ઉદયનના ડાબા પડખે જઈને ઊભી રહી. ડૉક્ટરે લોહીનું દબાણ ફરી માપ્યું, નવું મશીન મંગાવ્યું. માપ્યું. અઠ્ઠાવીસ... એમણે આશ્ચર્યથી નર્સ સામે જોયું. હેડકી... પહેલી... પાંચમી... સાતમી... પેલો પ્રશ્ન...

દાદર પર દઢ પગલાંનો નકકર અવાજ સંભળાયો હતો તે દ્વાર સુધી આવ્યો. ડૉક્ટર સ્તબ્ધ થઈ ગયા. આ કોણ આમ ભાન વિના પાગલની જેમ ધસી આવ્યો?

ઉદયનના હાંફતા છતાં નિર્વિકાર ચહેરા પર એકાએક ગજબની ચમક ધસી આવી. એનું મસ્તક ઊંચું થયું અને હાથ ઊંચકાયા અને... અને... અનિકેત ભોંઠો પડીને એક ડગલું પાછો પડી ગયો.

સેલાઈન સેટની ટ્યુબના પારદર્શી ભાગમાં ટપકતું ઔષધ અટકી ગયું.

આ પ્રમાણે તે દિવસ સવારના સાડા આઠ વાગ્યે અમૃતા, અનિકેત અને કેટલાક અણજાણ ચહેરાઓની નિષ્ક્રિય ઉપસ્થિતિ વચ્ચે ઉદયન મૃત્યુ પામ્યો.

એ પછી તો—

ત્રણ ફૂટ પહોળા ખાટલાની બે બાજુએ સામસામે પરંતુ દૃષ્ટિશૂન્ય હોય તેમ અનિકેત અને અમૃતા ઊભાં હતાં. એમની વચ્ચે જે અવકાશ હતો તેની વચ્ચે એક જિન્દગી શબ બનીને પડી હતી.

□

## સમીક્ષા

સ્ત્રીપુરુષના પ્રેમસંબંધમાં સ્વાતંત્ર્યને લગતા પ્રશ્નોનું નિરૂપણ કરતી આ કથા છે. એમાં ત્રણ પાત્રો છે : બે પુરુષ અને એક સ્ત્રી.

નાયિકા અમૃતા ડૉક્ટરેટ પામે છે, તે પ્રસંગે એને અભિનંદન આપવા એના બે મિત્રો ઉદયન અને અનિકેત એને ઘેર આવે છે, અને એ ત્રણે વાત કરતાં હોય છે, ત્યાંથી કથાનો આરંભ થાય છે. એ શરૂઆતના વાર્તાલાપમાં જ ત્રણે પાત્રોના સ્વભાવની વિભિન્નતાનો આપણને અણસાર મળી રહે છે. ઉદયન ચાલુ વર્તમાન કાળને જ માને છે. એને મન એ કદી પૂર્ણ થતો જ નથી. અને ભૂતમાં એને રસ નથી. જે મૃત છે તેની સાથે એને નિસ્બત નથી. એના વિશે અનિકેતે (પૃ. ૧૦૫) અને એણે પોતે વસિયતનામામાં સાચું જ કહ્યું છે કે, એ પોતાના સમયને, તેના અસંતોષને નિષ્ઠાપૂર્વક જીવ્યો છે. (પૃ. ૪૬૮). અનિકેત વ્યતીત અને ભવિષ્ય બંનેમાં માને છે. વર્તમાન એને મન ભ્રમ છે. માણસે વિગતને ટેકે અને અનાગતની પ્રતીક્ષામાં જીવવાનું હોય છે. માણસનાં બે ચરણઃ એક સ્મૃતિમાં, બીજું શ્રદ્ધા વિશે. જ્યારે અમૃતા સમયનું વિભાજન કરતી નથી. એને મન એ શક્યા નથી. કારણ, સમય તો શાશ્વત છે.

વાતનો વિષય બદલાતાં એક જગ્યાએ ઉદયન કહે છેઃ ‘આપણે પોતાના અસ્તિત્વને વફાદાર રહીએ તે જરૂરી છે.’ ત્યારે અનિકેત કહે છે : ‘મારું લક્ષ્ય પણ વફાદારી છે. કેવળ પોતા તરફની નહિ, સમગ્ર તરફની.’ (પૃ. ૪).

અમૃતાનું મન આ બે વચ્ચે ઝોલાં ખાય છે. એ નિર્ણય નથી કરી શકતી કે કોને વરવું ? આ પહેલા જ દશ્યમાં લેખકે ગુલાબના છોડ ઉપરનાં બે ફૂલોમાંથી કયું લેવું એની મૂંઝવણને વિષે એના ચિત્તની દ્વિધા વ્યંજિત કરી છે, અને કદાચ એ પાના ઉપર જ આખી કથાનું સૂચન થઈ ગયેલું જોઈ શકાય.

અમૃતા શ્રીમંત પિતાની એકની એક દીકરી છે. એને બે ભાઈ છે. બંને પરણેલા છે. કથા શરૂ થાય છે ત્યારે એનાં માતા-પિતા અવસાન પામી ચૂક્યાં હોય છે. અને એ

પોતાનાં ભાઈભાભીઓ સાથે પૈતૃક નિવાસ ‘છાયા’માં રહેતી હોય છે. ઉદયન સામાન્ય સ્થિતિનો તેજસ્વી વિદ્યાર્થી, એ શાળામાં હતી ત્યારથી એને અભ્યાસમાં મદદ કરતો આવ્યો છે. અને એની મદદથી જ એ પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવી શકી છે. કથા શરૂ થાય છે ત્યારે ઉદયન કોઈ કૉલેજમાં ગુજરાતીનો અધ્યાપક છે. એ પહેલાં અને પછી એ ફ્રી લાન્સ જર્નાલિસ્ટ હોય છે. અનિકેત મુંબઈની કોઈ કૉલેજમાં વિજ્ઞાનનો અધ્યાપક છે.

અમૃતા, ઉદયન અને અનિકેત ત્રણે સ્વાતંત્ર્યવાદી છે. ઉદયન અમૃતાને મેળવવા ઈચ્છે છે, પણ તે પોતે સમજણી અને આત્મનિર્ભર થાય અને સ્વેચ્છાએ એનો સ્વીકાર કરે એવું ઇચ્છે છે. કારણ, એ માનતો હતો કે, ‘સમજથી નજીક આવેલાં સાથે રહી શકે. પ્રેમ તો આકસ્મિક કહેવાય. જે આકસ્મિક છે, જેના ઉપર મારું નિયંત્રણ નથી તેને પામવાથી શું?’ (પૃ. ૪૬) કમલા પાર્કમાં પણ એણે કહ્યું હતુંઃ ‘પ્રેમ એક મોહક અવાસ્તવિકતા છે... તું મને સદા અવાસ્તવિકતાની મૂર્તિ જેવી લાગે છે.’ (પૃ. ૧૪૧). અને આથી જ અમૃતાને અનિકેત તરફ ઢળેલી જુએ છે ત્યારે પણ એ કહે છે : આજે એ સમજ દ્વારા અનિકેત તરફ ઝૂકી હોય તો મને શો વાંધો હોઈ શકે? એ મને સમજે એમ હું ઈચ્છું તોપણ એ મને સ્વીકારી લે એમ તો કેવી રીતે ઇચ્છું?’ (પૃ. ૪૬). આથી જ અમૃતા વિશેની લાલસા તીવ્ર હોવા છતાં એણે કદી એના ઉપર દબાણ કરવાનો, એના મૌગ્ધ્યનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો નથી. પાછળથી અનિકેત પ્રત્યે ઢળેલી અમૃતા બાલારામમાં, માથામાં વાગે એ રીતે જ્યારે ઉદયનને કહે છેઃ ‘જો, આંખો ફાડીને જોઈ લે, સ્પષ્ટ શબ્દોમાં સાંભળી લે. હું અનિકેતને ચાહું છું, અનિકેતને જ, તને નહીં.’ ત્યારે એ કહે છેઃ ‘એક સુંદર નારીના મુક્ત સાન્નિધ્યમાં પોતાને નિયંત્રિત રાખીને, તારી સ્વાધીનતાને વિકસાવીને, તારા નિર્માણમાં મેં શો ફાળો આપ્યો છે તે અંગે વિચારી જો...તને તારા નારીત્વની નિર્ભ્રાન્ત પ્રતીતિ થાય ને મારી મૈત્રીની અનિવાર્યતા તું સ્વસ્થ સમજ દ્વારા પ્રમાણે તેવી સ્થિતિ સર્જાય તે પછી જ આપણે જોડાઈએ એમ મેં માન્યું હતું.’ (પૃ. ૨૨૩).

‘હવે હું તારો ત્યાગ કરું તે આજ લગી તારા કૌમાર્યને બચાવી રાખવામાં મેં જે ત્યાગ કર્યો છે તેની તુલનામાં કંઈ નથી.’ (પૃ, ૨૨૨).

ઉદયન સ્વાતંત્ર્યવાદી હોવા છતાં એનું પોતાના વ્યક્તિત્વનું ભાન અને તેને જાળવવાની કાળજી એટલી ઉત્કટ છે કે બીજાના વ્યક્તિત્વની એ ઉપેક્ષા કરતો લાગે છે. પાલનપુરમાં રોષમાં ને રોષમાં એ અમૃતાનો કબજો ચીરી નાંખે છે, ત્યાર પછીની ચર્ચામાં કહે છે કે, હું માણસે પોતાનાં પશુસહજ કર્મોને છુપાવવા કરેલી અંધકારની સગવડને વિર્દીણ કરવા માગું છું. ત્યારે અમૃતા પૂછે છે : ‘બીજાને ભોગે, કેમ?’ એટલે એ જવાબ આપે છેઃ ‘હા, મારા સંવેગ પ્રબળ હશે તો તારો ભોગ લેશે. જ, તારા પર નિયંત્રણ ભોગવશે. પ્રેમમાં બીજાની સ્વતંત્રતા જોખમાય છે જ.’ (પૃ. ૧૯૭).આગળ જોયેલી કમલા પાર્કની વાતચીત દરમ્યાન જ અમૃતા એને પ્રસન્ન રહેવાનું કહે છે. ત્યારે પોતાને માટે એ શક્યા નથી એવો એ જવાબ આપે છે. છેવટે અમૃતા કહે છે : મને મેળવવી હોય તો તારે પ્રસન્ન થવું જ રહ્યું’ ઉદયન કહે છેઃ ‘બસ, સીધી ચેતવણી? આને તું પ્રેમ કહે છે?’ (પૃ. ૧૪૩). એ જ રીતે પાલનપુરમાં અનિકેત સાથેની વાતચીત દરમ્યાન એ કહે છેઃ ‘હું જાણું છું કે અમૃતાને મારી અમુક ભાષા, મારું અમુક વર્તન વગેરે વગેરે નથી ગમતું. એને ગમું એવો થવામાં મને વાર લાગે તેમ નથી, પરંતુ હું છું તેમ જ રહીશ. એને ગમવા માટે હું મારામાં પરિવર્તન લાવું એ તો બજારુ સમજૂતિ થઈ. એ શક્યા નથી.’ (પૃ. ૧૭૪). પાલનપુરથી પાછા ફર્યા પછી સમુદ્રતટે એક દિવસ અમૃતા અને ઉદયન વચ્ચે થયેલી જે ચર્ચાને પરિણામે એ અમૃતાની અવહેલના કરીને ચાલ્યો છે, તે પ્રસંગ સાંભરે છે. જેમાં અમૃતાએ એને અમુક સુધારા કરવા કહ્યું હતું. એણે પૂછ્યું હતું... એમ કરવાથી હું શું હાંસલ કરવાનો છું?’

‘અમૃતા!’

‘એટલે તું મારા વ્યક્તિત્વને ગીરો મુકાવી પછી પોતાની સાથે મને પરણાવી દેવા માગે છે ?... તું મને સમજતી નથી.’

‘સમજતી ભલે ન હોઉં, ચાહું છું.’

ઉદયન હૉસ્પિટલમાં પડયો હોય છે ને અમૃતાએ એની વરણી કરી લીધી હોય છે, ત્યાર પછી એની સાથેની વાતમાં અમૃતા કહે છે: ‘અનિકેતના કહેવા પ્રમાણે તારામાં પરિવર્તન આવ્યું છે, જ્યારે હું જોઉં છું કે...’

‘મારામાં પરિવર્તન આવ્યું છે એ જાણ્યા પછી તું મારા પર મહેરબાની કરવા આવી છે?’ (પૃ. ૩૯૨).

એને કોઈની દયા કે મહેરબાની ખપતી નથી. (પૃ. ૧૧૭, ૩૦૧, ૩૯૩). પોતાની હોય એટલી જ શક્તિઓથી મળેલો વિજય એને ખપે છે. (પૃ.૭૬). એના સ્વભાવની ત્રીજી ખાસિયત તે આત્મનિર્ભરતાનો આગ્રહ છે. અમૃતામાં એને એનો અભાવ જણાય છે એ એને અસહ્યા લાગે છે (પૃ. ૧૭૫). પાલનપુરમાં કબજો ફાડવાને પ્રસંગે (પૃ. ૧૯૪), બાલારામમાં અમૃતાએ પોતે અનિકેતને જ ચાહે છે એમ જણાવ્યા પછી (પૃ, ૨૨૨)અને મુંબઈમાં એ હૉસ્પિટલમાં પડ્યો હોય છે, ત્યારે મળવા આવેલી અમૃતાને એ તેની આ નિર્બળતાની જ યાદ આપે છે (પૃ. ૩૯૩). ભિલોડા ગયા પછી પોતાની માંદગીની સ્થિતિથી અમૃતાને વાકેફ કરતાં રોકનાર પણ અમૃતાની સ્વાયત્ત રહેવાની શક્તિનો અભાવ જ છે (પૃ. ૪૨૭, ૪૩૦). મુગ્ધતાની એની ચીડ પણ એટલી જ ઉગ્ર છે. અને તે વારંવાર વ્યક્ત કરી લગભગ કથાના અંત સુધી એ અમૃતાને અકળાવતો રહે છે.

અમૃતા પણ સ્વાતંત્ર્યને પોતાના જીવનનો પ્રણ સમજે છે. વારે વારે એ પોતાના સ્વાતંત્ર્યનો, પોતાના આત્મનિર્ણયના હક્કનો, પોતાની વરણીનો પ્રશ્ન ઊભો કરે છે. પૃ. ૪૯ ઉપર ઉદયન સાથેની વાતચીતમાં એ કહે છે: ‘તને સમજવું એટલે તારી મહેચ્છાઓને આધીન થવું.’ એના બે પુરુષો સાથેના નિકટ સંબંધ માટે એને ઠપકો આપતાં કુટુંબીજનોને લખેલા બીજા પત્રમાં એ કહે છે: ‘મારે સંપત્તિ નથી જોઈતી, સ્વતંત્રતા જોઈએ છે.’ (પૃ. ૮૩). અમૃતા જો ગરીબ ઘરની કન્યા હોત તો પોતે તેને અપનાવી લઈને તેના કુટુંબ ઉપર ઉપકાર કરવાની વાત ઉદયન કરે છે, ત્યારે પણ એ પ્રશ્ન ઉઠાવે છે.: ‘તું એકાએક મને અપનાવી લે તો મારી પસંદગીનું શું?’ (પૃ. ૧૧૬). એ જ વાતચીત દરમ્યાન ઉદયન જ્યારે એમ કહે છે કે ‘તને પ્રપ્ત કરવાની

સ્પર્ધામાં હું એની (અનિકેતની) સાથે ઊતરવા તૈયાર હતો. મારે પોતાની યોગ્યતા પુરવાર કરીને વિજેતા બનવું હતું. અને મને વિશ્વાસ હતો કે...'ત્યાં અમૃતા બોલી ઊઠે છેઃ 'તું તો એવી રીતે વાત કરે છે કે જાણે તમારા બંનેની સ્પર્ધા માટે હું માત્ર નિમિત્ત હોઉં... તમારા બંન્નેની ચડસાચડસીમાં મારા માટે વરણીની સ્વાધીનતા જેવું કશું હોય જ નહીં!' (પૃ. ૧૧૭). એ જ વાતચીતમાં એ અંતે જઈને કહે છેઃ '... હું પોતાની રીતે પોતાને અને અન્યને સમજવા સ્વતંત્ર નથી?... (સમાજમાં) પણ તારા અને અનિકેત જેવા માટે જેટલી સ્વતંત્રતા છે તેટલી પણ મારા માટે તો નથી જ... ઉદયન અને અનિકેત પણ મારા સમગ્ર વ્યક્તિત્વને સ્વીકારવાને બદલે મને મુખ્યત્વે નારીરૂપે જ ઓળખતા — જોતા રહ્યા છે... પુરુષ તરીકે નહિ પણ મનુષ્ય તરીકે તું આત્મનિર્ણયનો હક ભોગવે છે એ સ્થિતિમાં મને મૂકી શકે તેમ છે?... તું મને ચાહે છે એવું કહીને અને પ્રગટ કરીને શું ઉપયોગિતાપ્રેરિત આત્મવંચનાનો આશ્રય નથી લેતો ? અને એમ હોય તો બતાવ, મારી સ્વતંત્રતા પછી ક્યાં સલામત છે? (પૃ.૧૧૯). આ કથાના પહેલાં ખંડને 'પ્રશ્નાર્થ' એવું નામ આપ્યું છે તે આ ઉપરથી. પાલનપુરથી પાછા ફરતાં અમદાવાદની કૉલેજમાં ભાષણ કરતાં વિદ્યાર્થિનીઓ આગળ પણ એ કહે છેઃ '.. પૂજ્ય બનવા કરતાં સ્વતંત્ર થવાનું નારી વધુ પસંદ કરે છે, પણ એને પૂછે છે કોણ?... આ બાધિતપણું નારીને આત્મનિર્ણયના માર્ગે વધતાં અટકાવતું રહ્યું.'(પૃ. ૨૬૨).

ઉપર કહ્યું તેમ, અનિકેત પણ સ્વાતંત્ર્યવાદી છે, પણ આ બે કરતાં એનો ઝોક જરા જુદો છે. આપણે જોઈએ. ઉદયન એને પૂછે છેઃ'તને કોઈની સાથે પ્રેમનો અનુભવ થાય તો એને પ્રપ્ત કરવા તારામાં અભિલાષા જાગે કે નહિ?' એ જવાબ આપે છેઃ'...પ્રેમ પ્રપ્ત થતો હોય છે, અભિલાષા જાગે માટે તે અંગે કશો પ્રયત્ન કરવાનો હોતો નથી...પ્રેમીને પ્રપ્ત કર્યા વિના પણ પ્રેમ પ્રપ્ત થઈ શકે.'(પૃ. ૪૭-૮). એ જ વાતચીત દરમ્યાન એ વળી કહે છેઃ 'અમૃતા પ્રત્યે મને કશો સ્વાર્થ નથી, પણ હું એના સૌંદર્ય વિશે, એની સમજ વિશે, એની શાલીનતા વિશે ઊંચો અભિપ્રય ધરાવું છું...મને એના માટે આદર છે...એની ઉપેક્ષા કરવાનું મારામાં સામર્થ્ય નથી.'(પૃ.

૪૮-૯). અમૃતાને પાલનપુરમાં આવ્યા પછી લખેલા પત્રમાં એણે લખ્યું હતું.:'...હું સૌરભથી સંતુષ્ટ છું. પુષ્પને અધિકારમાં લેવાની ઉત્કંઠા સેવતો નથી. અહીં તમે ન પૂછો તેવા એક પ્રશ્નનો જવાબ આપું. ઉદયન ન હોત તો?...તે સ્થિતિમાં હું તમને ચાહત. ચાહું છું એ જ રીતે. સૌરભથી સંતુષ્ટ હોત... હું કામના ન કરત. કામના કરવી એ તો સ્વાર્થને સૂચવે છે. કામનાવશ બીજાના સ્વાતંત્ર્યને ભૂલી જાય છે. સમપર્ણમાં નારીના ચારિત્ર્યનું ઉન્નયન જોવામાં આવે છે...પણ સમપર્ણ શેનું? સ્વાતંત્ર્યનું કે અહંનું? બીજાના સ્વાતંત્ર્યનો સંપૂર્ણ સ્વીકાર એટલે પ્રેમ' (પૃ. ૨૭૨-૩).

પાલનપુરમાં અમૃતા અને અનિકેત પણ સહુના જેવાં જ ઊંડાં ચતુર... વ્યભિચારી નીકળ્યાં એમ ઉદયન કહે છે, ત્યાર પછી મહાપરાણે રોષ રોકી તેને ક્ષમા કરી અનિકેત કહે છેઃ 'હું પોતાને માટે સ્વાતંત્ર્ય માગું છું તેની સાથે સાથે વિશ્વ સમગ્રનો સ્વાતંત્ર્યનો હક્ક સ્વીકારું છું.' (પૃ. ૨૦૪). 'માણસનો વ્યવહાર બે દિશામાં છે. એક પોતાના તરફનો અને બીજો અન્ય તરફનો. પહેલી દિશામાં વર્તન પરત્વે તું સ્વતંત્ર છે. બીજી દિશા ગ્રહણ કરી હોય ત્યારે અન્ય સકળના સ્વાતંત્ર્યને પણ સ્વીકારવાનું હોય છે... તું મને અને અમૃતાને હમણાં જે ઈલકાબ આપી બેઠો તેનું કારણ આ બીજી દિશામાં તું ભાન નથી રાખતો એ છે.' (પૃ.૨૦૪)

સંશોધન માટે મુંબઈથી નીકળવા પહેલાં વાતચીતમાં અમૃતા જ્યારે કહે છે કે વરણી કરવી મારે માટે દુષ્કર કાર્ય છે, અને મને એકલી રહેવાનો વિચાર આવે છે, ત્યારે અનિકેત કહે છે કે, એ તો જવાબદારીમાંથી પલાયન થયું એથી ભાવસૃષ્ટિ ન બદલાય. પોતે બદલાઈએ એ જ એક માર્ગ છે. અમૃતા પૂછે છે : 'બદલાઈ જવા માટે શું કરવું? ... તમે ઈચ્છો છો તેવો સંકલ્પ કરું?' જવાબમાં અનિકેત કહે છે : 'હું આદેશ ન આપી શકું. દરેકની અંગત સ્વતંત્રતાને હું સ્વીકારું છું. (પૃ. ૧૦૬).

અનિકેત આફ્રિકામાં વેપાર કરતા શ્રીમંત પિતાનો પુત્ર છે. વિજ્ઞાનનો અભ્યાસી છે. આદર્શવાદી છે અને પોતે સ્વીકારેલા અધ્યાપનકાર્યને અનુરૂપ જીવન ગાળવા મથે છે. પિતાએ એને માટે મર્સિડિસ કારનો ઑર્ડર નોંધાવી દીધો હતો પણ એણે ફોન

ઉપર તરત જ ના પાડી દીધી હતી — 'અધ્યાપક જેવા માણસને કાર ખપની નથી.' (પૃ. ૧૧૮) ઉદયને જ એનો અમૃતા સાથે બે વરસ પહેલાં પરિચય કરાવ્યો હતો. અને અમૃતા પૃ. ૧૧૫ ઉપર એને કહે છેઃ 'તમને મેં જોયા તે પહેલાં હું મારા ભવિષ્ય અંગે વિચારતી ત્યારે મારી એ ભાવસૃષ્ટિના કેન્દ્રમાં ઉદયન હતો. તે પછી પણ ઉદયન મારી સૃષ્ટિની બહાર નીકળી ગયો નથી. તેથી જ તો તમારા પરિચય પછી હું દ્વિધાગ્રસ્ત રહી છું. મેં જોયું કે વરણી કરવી એ એક દુષ્કર કાર્ય છે.' ઉદયનની પ્રચંડ ગતિ અમૃતાને આકર્ષે છે, પણ એ ગતિ એને દિશાશૂન્ય લાગે છે; એના સંઘર્ષો સામે એને વાંધો નથી. પણ એ સંઘર્ષો એને લક્ષ્યહીન લાગે છે. એ બીજાની જે ઉપેક્ષા કરે છે તેની પાછળ એને અશ્રદ્ધા દેખાય છે. (પૃ. ૩૦૦). એની પડછે અનિકેતના હૃદયની ઉદારતા, નિરપેક્ષતા અને સામાના સ્વાતંત્ર્ય માટેનો આદર એને ગમે છે. ઉદયન સ્નેહને બદલે વિચારને જ મહત્વ આપે છે એનો ઉલ્લેખ કરી અમૃતા એક પત્રમાં લખે છે : 'તેની સાથે હું સંઘર્ષ અનુભવું છું સંવાદ નહિ. તેથી મારી અભિલાષા તમારા ભણી... શા માટે આ ચોખવટ ? તમને ચાહીને મેં કોઈ ગુનો કર્યો નથી. ...એ કોઈ આકસ્મિકતા ઉપર આધારિત નથી. એ મારી વરણી છે.' (પૃ. ૨૮૦).

અનિકેત પણ એના પ્રત્યે આકર્ષાયેલો છે; પણ ઉદયન-અમૃતાના સંબંધમાં પોતે આડખીલીરૂપ છે એમ સમજી એ મુંબઈ છોડી રાજસ્થાનમાં રણને અંગે સંશોધન કરવા ચાલ્યો જાય છે. વિદાય પહેલાં એ અમૃતાને કહે છેઃ 'અમૃતા હું તને ચાહું છું... પણ જાઉં છું. કેવળ અધ્યયન માટે નથી જતો. અહીંથી દૂર પણ જાઉં છું.' (પૃ. ૧૦૩). 'જે ગુમાવવાનું છે તેનો અભાવ જીરવીને હું મારા મનને વાળવા મથીશ... હું ઉદયન ઉપર ઉપકાર કરવા ધારું છું એવું પણ નથી... આપણા પરસ્પર વિશેના ભાવ આગળ વધીને સ્થૂળ પ્રપ્તિની કામના કરે તો નવાઈ નહીં પરંતુ આ ક્ષણે મારો તમારા તરફનો જે ભાવ છે. તેમાં અભિલાષાને સ્થાન નથી.' (પૃ. ૧૦૪). 'મને પ્રતીતિ છે કે ઉદયન તમને ચાહે છે બલ્કે વાંછે છે.' (પૃ. ૧૦૫). એની એવી ગણતરી હતી કે પોતે દૂર જતાં ઉદયન-અમૃતા વચ્ચેનું ફ્રાચર દૂર થશે અને એ બે

પરસ્પર નિકટ આવશે અને પોતે પણ અમૃતા વિશેના અભિલાષથી મુક્ત રહી શકશે. પણ આમાંની એકે ગણતરી સાચી ન પડી.

બે પુરુષો સાથેના સંબંધને કારણે કુટુંબીજનો તરફથી ઠપકો મળતાં અમૃતા ઘર છોડીને અનિકેતના મકાનમાં રહેવા લાગી. પણ ઉદયન સાથેનો એનો સંબંધ સુધર્યો નથી. કૉલેજની નોકરી છૂટી જતાં એ ફરી પત્રકાર બન્યો. થોડા સમય પછી દિલ્હી જતાં રસ્તામાં એ અનિકેતને ત્યાં પાલનપુર ઊતરે છે, મુંબઈના સમાચાર આપે છે. અને પોતે દિલ્હીથી પાછો આવે ત્યારે અમૃતા પણ હોય તો સારું કહી પોતે જ તેને પત્ર લખી નાખે છે. પત્ર મળતાં જ અમૃતા આવી પહોંચે છે, અને નિરપેક્ષતાનો આદર્શ સેવતા અને વાતો કરતા અનિકેતને સમજાય છે કે નિરપેક્ષ થવું કેટલું કઠિન છે. અમૃતા આગળ તે કબૂલ કરે છેઃ ‘હું માનતો હતો તે કરતાં મારી નિર્બળતાઓ વધુ મોટી નીવડી... હવે મને લાગે છે કે મારો નિર્ણય નહીં, અમૃતા જ મને બચાવી શકે.’ (પૃ. ૧૯૨).

અનિકેત ફળ-નાસ્તો લેવા ગયો હતો એવામાં મોડી પડેલી ગાડીમાંથી ઊતરી ઉદયન આવી પહોંચે છે, અમૃતાની આંખ દબાવવાનું અડપલું કર્યા પછી રોષથી ભભૂકી ઊઠી અમૃતાને પકડીને હચમચાવી નાખી તેના મોઢા ઉપર એક તમાચો ચોઢી દે છે, અમૃતા પટકાઈ પડે છે... ‘કેવી નાદાન! મેં તો મજાક કરી હતી. પત્ર મળતાં જ દોડી આવી? રાહ જોઈને જ બેઠી હશે. કોને મળવા દોડી આવી ? ખબર ન હતી કે તું આટલી બધી કમજોર હશે..’ અમૃતા મૂંગી રહી. ઉદયને તેને એક હાથે પકડી ઊભી કરી, કંપતે અવાજે કહ્યુંઃ ‘આજે એમ થાય છે કે તારી છાતી ચીરીને જોઉં કે તારા હૃદયમાં કોનું પ્રતિબિંબ છે?’ અને આગળ વધીને બે હાથે પકડીને અમૃતાનું બ્લાઉઝ ચીરી નાખ્યું. (પૃ. ૧૯૫). બન્ને વચ્ચે ઉગ્ર ચર્ચા જામે છે. અનિકેત આવી તેમને શાંત પાડે છે. પણ વળી ચર્ચા નીકળતાં ઉદયન એ બંનેને વ્યભિચારી કહે છે. (પૃ. ૨૦૩)

બીજે દિવસે ત્રણે જીપમાં બાલારામ જાય છે. ત્યાં ઉદયન ભારે ધિંગામસ્તી કરે છે, અમૃતાને ધક્કો મારે છે. તે કૂદીને, પાણીમાં ઊભેલા અનિકેતને ગળે બાઝી પડે છે

અને કહે છેઃ 'હું અનિકેતને ચાહું છું તને નહિ,' અને અનિકેતને ગાલે ચુંબન કરે છે. અનિકેત આ અવિચારી કૃત્ય માટે એને ઠપકો આપે છે, અને અમૃતા પણ ખાતરી આપે છે કે 'એનું પુનરાવર્તન નહિ કરું.' (પૃ. ૨૨૧)

પાલનપુર ગયા પછી એ વાતવાતમાં અનિકેતને કહે છે: 'આજે ઈચ્છા થઈ આવે છે કે સ્વજનો સાથે રહેવા ચાલી જાઉં. મારે સ્વાતંત્ર્ય નથી જોઈતું, સંવાદિતા જોઈએ છે, સ્નેહ જોઈએ છે.' (પૃ. ૨૩૨) એના માનસમાં આવવા માંડેલા પલટાની આ શરૂઆત છે. મુંબઈ પહોંચ્યા પછી એક દિવસ અચાનક દરિયાકાંઠે કુટુંબીજનોનો ભેટો થાય છે, બધાં સાથે એ હેતથી વાતો કરે છે. અને છૂટાં પડતી વખતે નાનો બાબો એની ભેગો જ આવે છે, અને રાતે એની છાતીમાં માથું ઘાલીને સૂઈ જાય છે. ત્યારે એને પોતાનામાં રહેલા માતૃત્વનું પ્રથમ ભાન થાય છે. (પૃ. ૨૮૪).

એ ઉદયન અને અનિકેત વિશે વિચારે છેઃ'અનિકેતે કહ્યું કે ઉદયન સાથે મારો ભૂતકાળ એ રીતે ગૂંથાઈ ગયો છે કે...તો શું ઉદયન ન હોત તો હું જે છું તે ન હોત? એ હજી મને મુગ્ધા માને છે...એ મારા વિશે શું માને છે એની મેં સદા પરવા કરી છે. એના તરફ બેપરવા બની શકું તેમ નથી. તો શું કરું? આજ સુધી એનો મને સાથ મળ્યો છે...તો શું એના સાથનું મારે લગ્નરૂપે વળતર આપવાનું છે? અનિકેત આ બાબતમાં જુદો છે...એ મને મેળવવા ઇચ્છતો નથી. ચાહે છે...મારી જેમ એ તૃષાતુર નહીં હોય? એનો ત્યાગ પોઝ હશે ? એના ત્યાગમાં પ્રેમીની નિરપેક્ષતા છે. ડૉળ નથી. એનું વર્તન જોઈને લાગે છે કે સામાની સ્વતંત્રતાનો સંપૂર્ણ સ્વીકાર એટલે જ સ્નેહ, જ્યારે ઉદયન? એ તો સ્નેહને સ્થાને વિચારને મૂકે છે.'(૨૬૫).

અનિકેતના પત્રના જવાબમાં લખેલા પણ રોકી રાખેલા પત્રમાં એ લખે છે : 'તમે કહો છો કે પ્રેમ એટલે સામાની સ્વતંત્રતાનો સ્વીકાર. તો તમે મને સ્વતંત્રતા આપો. તમે જોશો કે મારું અસ્તિત્વ ધૂપ બનીને તમારા ગતિશીલ પરિવેશને સુગંધિત કર્યા કરશે. સૌરભ પામવામાં તો તમને વાંધો નથી.' (પૃ. ૨૮૧). એને વિચાર આવે છે. 'એ કહે છે તેથી અનુભવે છે તો જુદું જ. માંસલ સૌંદર્યની તૃષા એની આંખોમાં

ચમકી ઊઠી હતી. એના શ્વાસમાં અકળાતી હિંસ્ર ગંધને હું પારખી ન શકું એવી અબોધ છું?... અને છતાં કહ્યા કરે છે મને સૌરભથી સંતોષ છે.' (પૃ. ૨૮૧).

આ બાજુ અનિકેત પોતાનું મન તપાસે છેઃ 'જ્યાં સુધી અમૃતા સ્મરણમાં હશે ત્યાં સુધી નિરપેક્ષ થવું અશક્યા લાગે છે. નમ્ર ગૌરવને ધારણ કરી રહેલા છતાં વાસ્તવમાં ઉન્મત્ત એવા એ સૌન્દર્યના આહ્વાનને ઉત્તર આપવાનું મન થાય છે... પણ ઉદયન ? પ્રશ્ન આ ત્રીજી ઉપસ્થિતિનો જ છે... અમૃતા !હું તારા વિશે નિરપેક્ષ થવા મથીશ. તને પામ્યો છું તેથી વિશેષ પામવાની જે ઉત્કંઠા જાગી છે, તેને ઓછી કરતો છેક નિર્મૂળ કરી નાખીશ.' (પૃ. ૨૮૭).

અમૃતાને પત્ર ન લખવો એવો એ નિર્ણય કરે છે અને એમ ધીમે ધીમે એ સ્મૃતિમાંથી ભૂંસાઈ જશે એવી આશા રાખે છે. વળી 'ઉદયન ત્યાં છે જ...ઉદયનનું પ્રચ્છન્ન વર્ચસ પણ એના ચિત્ત પર છે...એ વર્ચસમાંથી છૂટવા મથી રહી છે. કોઈ વાર એની ગમગીની સૂચવે છે કે...પોતાને સજા કરવા માગતી હોય એમ એ ઉદયન પ્રતિ અભિમુખ થવા મથી રહી છે...પરંતુ એમ થઈ શકતું નથી, કારણ કે અનિકેત છે...મારું ચાલે તો હું એમના વિશ્વમાંથી છટકી જાઉં...ક્યાં જવું? અંતર્મુખ થવું. મારું વિશ્વ મારી ભીતર વસે છે...પરંતુ એ વિશ્વમાં તો અમૃતા વસે છે.' (પૃ. ૩૯૦).

મુંબઈમાં સાગરતટે ઉદયન અને અમૃતા બેઠાં છે. ઉદયન પોતાનો પ્રવાસ- ક્રમ જણાવે છે : ચાર માસ દેશમાં, પછી જાપાન. ઉદયનનાં વાગ્બાણથી ત્રાસીને અમૃતા કહે છેઃ 'મારી મુશ્કેલી એ છે કે હું તારી ઉપેક્ષા કરી શકતી નથી અને તને સ્વીકારી પણ શકતી નથી. અનિર્ણયભરી અરાજકતામાં જીવું છું... કદાચ તને સમજું છું તેથી જ સ્વીકારી શકતી નથી... આજ સુધીના મારા સાહચર્યની તારા પર કશી અસર થઈ નથી. તો પછી તારી સાથે જોડાયા પછી મારે વિમાસવાનું જ હોય તો... જવા દે આ વાત... જે સ્વીકારવાથી, જે પામવાથી હું “અમૃતા” ના રહું તે પામવાથીય શું?' (પૃ. ૩૦૦).

ઉદયનને થયું કે પાછાં વળતાં મોજાંને શરીર સોંપી દઉં. પણ વળી થયું કે એ તો પલાયન થશે. તે નિર્ણય ન કરી શક્યો. અમૃતાએ પાસે જઈ ખભે હાથ મૂકી કહ્યું : 'સાથે વીતેલા સમયના દોષે મારે સહન કરવું જોઈએ એમ તું માનતો હોય તો કહે. તને મારી અનિવાર્યતા લાગતી હોય તો કહે. હું મારો ભોગ આપવાનો સંકલ્પ આ સમુદ્રની સાક્ષીએ કરવા તૈયાર થઈ છું.'

ઉદયન શી રીતે કહે? અમૃતાનો હાથ ઝટકી નાખી એ બોલ્યો, 'અરે છટ્! દયા ન ખપે મને...હું તારા વિના જીવીશ અમૃતા! તારા સ્મરણ વિના પણ.' (પૃ.૩૦૧)એ ચાલ્યો ગયો. પ્રવાસે ઊપડી ગયો.

આ બનાવે બંનેને આત્મમંથન કરતાં કરી મૂક્યાં. ઉદયન ફરતો ફરતો રાજસ્થાનમાં અનિકેતને મળે છે. છૂટો પડતાં કહે છે :'મારે પણ તારી ક્ષમા માગવી જોઈએ. મેં તારી સાથે અમૃતા વિશે સ્પર્ધાનો ભાવ અનુભવ્યો છે. અને તેથી એને સમજવામાં મેં ઉતાવળ કરી છે. હવે લાગે છે કે હું એને સમજી નહિ શકું. મારે એને ભૂલવી છે.' (પૃ. ૩૨૪).

મુંબઈમાં એકલી પડેલી અમૃતાનું આત્મમંથન ચાલુ હતું. એને સમજાય છે કે, પોતાને અભીષ્ટ હતી તે સ્વતંત્રતાનો અર્થ થાય છે. — નિઃસંગ એકલતા. અનિર્ણયજનિત વિફળતાએ ગમગીનીનું રૂપ ધારણ કર્યું. એને થાય છેઃ 'મારી વરણી પણ નિર્દોષ રહી ન શકી. એકને હું વ્યગ્ર અને ત્રસ્ત કરી બેઠી. બીજાને તટસ્થ અને નિઃસ્પૃહી બનવા પ્રેરી બેઠી. અને હું રહી સૂકી નદીની જેમ અતૃપ્ત... હું અસમર્પિતા છું તે કારણે તો આ અર્થશૂન્યતા પ્રતીત નથી થઈ રહી ને? અનાઘ્રાત યૌવનનો ભાર અસહ્યા બનતાં વાંછિતના અભાવથી પીડાતા સકળ કોશોના અસ્તિત્વ સામે આ ફરિયાદ તો નથી ને ?' (પૃ. ૩૨૯).

આ જ એની ઝંખના ભિલોડામાં આર્ત ચીસરૂપે પ્રગટ થાય છેઃ 'એને ખબર નથી પડતી કે અમૃતા એકલી સ્વીકૃતિથી સંતુષ્ટ નથી ? શું મારે તેને કહેવું પડશે કે નારી તૃપ્ત થવા ઇચ્છે છે, એ આધાન ઈચ્છે છે.' (પૃ. ૪૫૦). પણ ઠેઠ સુધી એ ઈચ્છા

અતૃપ્ત જ રહે છે. અસ્તુ. એ કુટુંબીજનો સાથે રહેવા જાય છે અને વિદ્યાર્થિનીઓ સાથે રાજપૂતાનાને પ્રવાસે ઊપડી જાય છે.

ઉદયન દેશમાં ફરીને જાપાન ગયો. ત્યાં પાંત્રીસ દિવસ રોકાયો. તેર દિવસ હીરોશીમામાં ગાળ્યા. ત્યાંની રેડિયો-ઍક્ટિવિટીની અસરવાળાંની ઈસ્પિતાલની અનેક વાર મુલાકાત લીધી. દરદીઓને મળ્યો. દાક્તરે મના કરી એટલે અટક્યો. પણ તે પહેલાં એને ચેપ લાગી ચૂક્યો હતો. દેશ આવી સિલોન ગયો પણ બેચેની અને શરીર ભારે લાગતાં પ્રવાસ અધૂરો મૂકી મુંબઈ આવી રહ્યો. એનો પત્ર મળતાં અનિકેત મુંબઈ આવે છે અને એની સ્થિતિ જોઈ તથા વિગતો જાણી દાક્તરોને બોલાવી તેમની સલાહથી ઉદયનને ઈસ્પિતાલમાં લઈ જવાની તૈયારી કરે છે. છેલ્લી ઘડીએ ઉદયન પોતાના બાહુના મસલમાં બ્લેડ ઘુસાડી દે છે. પુષ્કળ લોહી વહી જાય છે. અને માર માર કરતા ઈસ્પિતાલ પહોંચે છે. ત્યાં એને સતત નવું લોહી આપવું પડે છે. અનિકેત અને અમૃતા પણ શક્યા તેટલું વધુ લોહી આપે છે. પારકાની ભલાઈથી પોતાનું જીવન બચે છે એ જોતાં ઉદયનને થાય છે કે ‘આ સૃષ્ટિમાં જે કંઈ છે તે બધું પરસ્પર સંકળાયેલું છે એમ કહેનાર અનિકેત સાચો નીકળ્યો... હું એકલો નથી. અહીં કોઈ એકલું નથી.’ (પૃ. ૩૭૬).

અમૃતા વિશેની એની ગ્રંથિઓ છૂટવી બાકી છે. અમૃતાને મળવા આવેલી જોતાં એ આંખ મીંચી દે છે. અમૃતાને પણ એમ થાય છે કે મેં એનો તિરસ્કાર કર્યો તેનું આ પરિણામ છે. બીજે દિવસે એ અનિકેતને કહે છે પણ ખરી :‘તમે મને ઘણું કહ્યું હતું પણ મને મારી મર્યાદાઓ નડી.’ અનિકેત કહે છેઃ ‘હજી પણ બહુ વિલંબ થયો નથી, જોકે શો નિર્ણય કરવો એ તમારી સ્વતંત્ર વરણીનો પ્રશ્ન છે.’(પૃ. ૩૭૯).

એ વરણી એણે કરી લીધી હતી. આગલે દિવસે એ ઉદયનને મળવા આવી ત્યારે તેણે એને ધન્યવાદ આપતાં કહ્યું હતુંઃ ‘અનિકેત સારો માણસ છે, એ મારો મિત્ર છે માટે હું એનાં વખાણ નથી કરતો. સાચે જ તારી પસંદગી ધન્યવાદને પાત્ર છે. હું તો હવે ખોવાયેલો માણસ કહેવાઉં.’ ત્યારે અમૃતાએ કહ્યું હતું : ‘ખોવાયેલાને જ શોધવા નીકળવાનું હોય છે. મેં વરણી કરી લીધી છે. અને મારી વરણી ભૂલભરેલી હોય

એવું મને લાગતું નથી.' છતાં ઉદયન તેને સંભળાવે છેઃ 'તેં તો જોયું ને ? તારા વિના હું આજ સુધી જીવી શક્યો અને હવે તારા વિના મરી પણ શકીશ. ઈશ્વર તારું ઘમંડ સાચવે અને તું જીવે છે એ રીતે જીવવામાં મદદ કરે.' (પૃ. ૩૮૫). છેવટે કહે છેઃ 'તું "છાયા"માં રહેવા ચાલી ગઈ? હદ છે. સાવ અબળા જ રહી.' એમ કહીને તેને ચાલ્યા જવા કહે છે.

અમૃતા કહે છે : 'મેં પાછળ નજર કરીને જોયું તો એના હોઠ પરનું ફિકકું સ્મિત શમી ગયું હતું. એની આંખો વધારે ખુલ્લી અને સંપૂર્ણ ખાલી લાગતી હતી. એના કપાળ પર પડેલી કરચલીઓમાં એની સઘળી શારીરિક અશક્તિ અંકાઈ ઊઠી હતી. મારા ખસવાથી એની નજીક વિસ્તરેલા અવકાશમાં મને એ અસહાય દેખાયો. મને થયું કે એની પાસે દોડી જાઉં અને એને ખોળામાં લઈ લઉં. એને પાલવમાં ઢાંકી દઉં. મૃત્યુની છાયા પણ એને ન દેખાય એ રીતે મારા ગોપિત માતૃત્વની મમતામાં એને સંતાડી દઉં.' (પૃ. ૩૮૬). અનિકેત આગળ પોતાનો નિશ્ચય જણાવતાં એણે કહ્યુંઃ 'મેં સંકલ્પ કરી લીધો છે, મારા સમગ્રને હોડમાં મૂકવા હું સજ્જ થઈ છું' ત્યારે તે બોલી ઊઠે છેઃ 'દઢ વિશ્વાસથી કહેવાયેલું તમારું છેલ્લું વાક્ય સાંભળીને મને લાગે છે કે મારું કર્તવ્ય પૂરું થયું.' (પૃ. ૩૯૦).

અમૃતાના સંકલ્પ આગળ ઉદયનની વિમુખતા ટકી ન શકી. ઉદયન સારો થયો. અનિકેત પાછો ગયો અને ઉદયન થોડા દિવસ મૈસૂર ગયો અને પછી ડૉકટરે (?) સૂકી હવામાં આરામ લેવાનું સૂચવતાં હઠ કરીને અમૃતા પણ તેની સાથે ભિલોડા ગઈ.

ભિલોડા ગયા પછી શરૂઆતમાં તો ઉદયન એમ માને છે કે, અહીંના જીવનની હાડમારીથી અમૃતા જરૂર કંટાળી જશે અને હું એને વળાવી આવીને બારણાં બંધ કરીને ઊંઘી જઈશ.(પૃ.૪૦૪).પણ એની એ ધારણા ખોટી પડી. અમૃતાના પ્રેમની શક્તિ આગળ કૃતક રોષ, ઉપહાસ, તિરસ્કાર, કટાક્ષ બધાં શસ્ત્રો હેઠાં પડ્યાં અને એને ખાતરી થઈ કે એને પાછી કાઢવી તો શક્યા જ નથી. વચમાં એને આપઘાતનો પણ વિચાર આવેલો પણ નદીના પ્રવાહ તરફ જતો રોકી અમૃતાએ એને કહ્યું હતું:

'એ પ્રવાહ ભલે દૂર રહે. એની વચ્ચેનું અંતર તારે કાપવાનું નથી. તારે જે અંતર કાપવાનું છે તે મારી વચ્ચેનું. તારે પોતાની જિન્દગીનું નહીં, અહંનિષ્ઠાનું વિલોપન કરવાનું છે. મરણ વડે તું મુક્ત નહીં થઈ શકે. પરાભવ પામશે. અને હવે તારો પરાભવ તારા એકલાનો પણ નથી; મારો છે, અનિકેતનો છે.'(પૃ. ૪૨૨). જે ઉદયન પ્રેમને મોહક અવાસ્તવિકતા કહેતો હતો તે અમૃતાના પ્રેમથી પ્રભાવિત થાય છે. એક દિવસ પોતાની સોડમાં સૂતેલી અમૃતાને જોઈ એને થાય છે કે આ અમૃતાને તો એણે જોઈ જ નહોતી. અમૃતા મિથ્યા નથી, (પહેલાં એણે અમૃતાને પણ અવાસ્તવિકતાની મૂર્તિ કહી હતી.(પૃ. ૧૪૧) સૌંદર્ય છે. શરીર નથી, પ્રેમ છે.(પૃ. ૪૩૧). અમૃતા જે નિર્ભયતાથી એની શુશ્રુષા કરે છે તે જોઈને એને થાય છે કે, મારા રોગનું મેં કરેલું વર્ણન સાંભળીને તો 'કદાચ માતા હોય તે પણ ગભરાઈ જાય. પણ આ નારી તો માતૃત્વની સીમાઓને પણ ઓળંગી ગઈ...આટલી બધી અભય ક્યારથી થઈ ગઈ...ઇચ્છા થાય છે કે એના ઉછંગમાં માથું મૂકીને રડી લઉં. એને સમજ્યા વિના જે અવહેલના કરી બેઠો તે માટે પ્રયશ્ચિત્ત કરી લઉં'. (પૃ. ૪૪૮).

અને એ નિશ્ચય કરે છે કે, 'આજ સુધી જેને સ્વપ્નની જેમ સાચવી હતી તેને ભડકે બળતી ચિતાનું સૌભાગ્ય સોંપવું પાલવે નહિ.' (પૃ. ૪૪૫). 'ના, હું અમૃતાનો વિનાશ નહીં કરું. એને અસંપૃક્ત રાખવામાં હું મારી સમગ્ર શક્તિ કામે લગાડીશ.' (પૃ. ૪૪૭).

આથી એ અમૃતાને સદા દૂર રાખે છે અને અમૃતાના અંતરમાંથી પેલી ચીસ નીકળી જાય છે કે મારે શું તેને કહેવું પડશે કે નારી તૃપ્ત થવા ઈચ્છે છે? ઉદયન પોતાની તબિયતની સાચી હાલતનો એને ખ્યાલ આવવા દેતો નથી છતાં એક દિવસ અચાનક અમૃતા એની પીઠ ઉપરનું ચાઠું જોઈ જાય છે અને ડૉકટરની મદદથી જીપમાં એને અમદાવાદ લઈ આવે છે. ડૉકટરો ઉપચાર તો કરે છે પણ કારી વાગતી નથી. એ અંત સમજી જઈ અમૃતાને પોતાનું વસિયતનામું લખાવે છે. અને અનિકેતની પ્રતીક્ષા કરતો પડ્યો હોય છે ત્યાં તે માર માર કરતો દાદરો ચડીને આવે છે 'ઉદયનના હાંફતા છતાં નિર્વિકાર ચહેરા પર એકાએક ગજબની ચમક

ધસી આવી, એનું મસ્તક ઊંચું થયું અને હાથ ઊંચકાયા. અને... અને ... અનિકેત ભોંઠો પડીને એક ડગલું પાછળ હઠી ગયો... ત્રણ ફૂટ પહોળા ખાટલાની બે બાજુએ સામસામે પરંતુ દષ્ટિશૂન્ય હોય તેમ અનિકેત અને અમૃતા ઊભાં હતાં. એમની વચ્ચે જે અવકાશ હતો તેની વચ્ચે એક જિંદગી શબ બનીને પડી હતી.' (પૃ. ૪૭૩)

આ કથાનાં ત્રણે પાત્રોનો અલ્પાધિક પ્રમાણમાં ભ્રમનિરાસ થાય છે. અમૃતાને વરણીના હકનો—સ્વાતંત્ર્યનો ધખારો હતો. તેને સમજાય છે કે કેવળ સ્વાતંત્ર્ય પૂરતું નથી, સંવાદિતા અને સ્નેહ પણ જોઈએ. (પૃ. ૨૩૨). એ સદા સ્નેહ ઉપર ભાર મૂકનારી અને ઉદયન સુધરે એવી ઈચ્છા સેવનારીએ એવા ને એવા ઉદયનને સ્વીકારી લેવાનો અંતિમ નિર્ણય અનુકંપાથી પ્રેરાઈને લેવો પડે છે. ઉદયનને સમજાય છે કે, સ્વતંત્ર વ્યક્તિત્વ એ જ ચરમ સત્ય નથી. સંસારમાં બધાં પરસ્પર સંકળાયેલાં છે. કોઈ એકલું નથી. જીવવા માટે પણ માણસને અનેકની જરૂર પડે છે. (પૃ. ૩૭૬). પ્રેમ ભ્રમણા નથી. મૌગ્ધ્ય નિર્બળતા નથી. પ્રેમ મૃત્યુ ઉપર પણ વિજયી નીવડે છે. (પૃ. ૪૩૦, ૪૪૮). અનિકેતને સમજાય છે કે પોતાની નિરપેક્ષતા કેટલી કાચી હતી અને સાચી નિરપેક્ષતા સિદ્ધ કરવી કેવી કઠિન વાત છે.(પૃ. ૩૪૨). વળી એને એ પણ સમજાય છે કે બીજા પાસે અપેક્ષા રાખવી એ પોતાના જ કોઈ અભાવનું સૂચક હોય છે.(પૂ. ૩૮૧). એ પ્રેમીમાંથી પ્રેમ બનવાની મહેચ્છા સેવે છે, બીજી રીતે કહીએ તો એ આત્મવિસ્તાર કરી ભૂમાની સાધના કરવા મથતો માણસ છે, એટલે ઉદયનના પ્રમાણમાં એનું ચિત્ત વધારે સ્વસ્થ, નિર્મળ અને કડવાશથી મુકત રહી શકયું છે. ત્રણે પાત્રો સંનિષ્ઠ હોવા છતાં ત્રણેને પોતાના ગ્રહો અથવા આગ્રહોને કારણે આકરી તાવણીમાંથી પસાર થવું પડે છે,અને ત્રણે અંતે જતાં વિશુદ્ધતર બની બહાર પડે છે.

કથામાં ઘટના બહુ ઓછી છે. પાત્રોના માનસમાં ચાલતું મંથન કે આવતા પલટા એ જ નિરૂપણનો મુખ્ય વિષય છે, અને એ કાર્ય બને એટલી સૂક્ષ્મતાથી થઈ શકે એ માટે લેખકે અનેકવિધ યુક્તિઓનો ઉપયોગ કરેલો છે. કયાંક સીધું કથન, તો કયાંક પાત્રમુખે આત્મકથન, કયાંક બીજાં પાત્રો દ્વારા કોઈ પાત્રના વ્યવહારનું પૃથક્કરણ

તો ક્યાંક પત્રો દ્વારા માનસવ્યાપારોનું ઉદ્‌ઘાટન, તો ક્યાંક સ્વપ્ન, વાર્તા કે પાત્રના વ્યાખ્યાન દ્વારા સૂચન — એમ નાનાવિધ ઉપાયો વડે એમણે પાત્રોના માનસવ્યાપારને પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કર્યો છે. અને કથા ઘટનાવિરલ હોવા છતાં વાચકના ચિત્ત ઉપર પકડ જમાવી શકે છે, અને ઠેઠ સુધી પહોંચ્યા વગર જંપવા દેતી નથી, એ એમને મળેલી સફળતા દર્શાવે છે. કથામાં આવતાં વર્ણનો — સાગરનું, રણનું, સ્થળોનાં અને વિવિધ પ્રદેશોનાં બધાં આસ્વાદ્ય અને પ્રતીતિકર છે.

આ લગભગ પાંચસો પાનાંની કથામાં ક્યાંક પ્રસ્તાર વધારે થયો લાગે, જેમકે, રાજસ્થાનમાં ફરતા અનિકેતને આવેલું સ્વપ્ન, અને સમુદ્રમંથનની વાર્તા. પણ સમગ્ર દૃષ્ટિએ જોતાં કથા સુકલ્પિત અને સુગ્રથિત છે. લેખકની પહેલી કથા 'પૂર્વરાગ' પછી એમની શક્તિએ સાધેલો વિકાસ અહીં સ્પષ્ટ જોઈ શકાય છે. તેમાંની કચાશ ઘણી ગળી ગઈ છે, લેખકનું તાટસ્થ્ય વધ્યું છે અને પાત્રોનાં વ્યક્તિત્વ સ્ફુટ થયાં છે. આખી કથા એક પ્રકારની તૃપ્તિનો આનંદ આપે છે અને સાથે સાથે ભાવિ માટે અપેક્ષા પણ જગાડે છે. આપણે આશા રાખીએ કે લેખક ઉત્તરોત્તર ચડિયાતી કથાઓથી આપણા સાહિત્યને સમૃદ્ધ કરતા રહેશે

અમદાવાદ

- **નગીનદાસ પારેખ**

(સમીક્ષામાં આપેલા સંદર્ભોની પૃષ્ઠસંખ્યા પ્રથમ આવૃત્તિ મુજબની છે. છ આવૃત્તિઓ ક્રાઉન કદમાં પ્રગટ થઈ હતી.)

■